ચોથી શ્રેણી

પુસ્તકઃ ૧૮

ગુરુવાર, તા.૨૪મી જુલાઈ ૨૦૧૪
શ્રાવણ ૨, ૧૯૩૬ શાકે

થી

શુક્રવાર, તા. ૨૫મી જુલાઈ, ૨૦૧૪
શ્રાવણ ૩, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક. ૧૮)** **ચોથી શ્રેણી**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **તા. ૧૭મી જુલાઇ,૨૦૧૪ / આષાઢ ૨૬, ૧૯૩૬ શાકે** | **ઢ ૨૬, ૧૯૩૬ શાકે** | |
| **પહેલી બેઠક** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૧ | ૫૩ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૫૪ | ૭૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૭૧ | ૧૩૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૭ | ૨૪૧ |
| તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬) | ૨૪૨ | ૨૪૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૪૪ | ૨૫૫ |
| બિનસરકારી સંકલ્પો | ૨૫૬ | ૨૭૦ |
| **તા. ૨૧મી જુલાઇ, ૨૦૧૪ / આષાઢ ૩૦, ૧૯૩૬ શાકે** | | |
| **પહેલી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૧ | ૨૮૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૮૭ | ૩૫૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૫૮ | ૪૬૫ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૪૬૬ | ૪૯૨ |
| **બીજી બેઠક** | | |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૯૩ | ૪૯૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૯૬ | ૫૦૦ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૧૪ | ૫૦૧ | ૫૦૧ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૪ | ૫૦૨ | ૫૦૨ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયક,૨૦૧૪ | ૫૦૩ | ૫૦૩ |
| ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૫૦૪ | ૫૦૪ |
| ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયક,૨૦૧૪ | ૫૦૫ | ૫૦૫ |
| ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૫૦૬ | ૫૦૬ |
| ગુજરાત મોટર વાહન (ઉતારૂ વેરા) (સુધારા) વિધેયક, ૨૦૧૪ | ૫૦૭ | ૫૦૮ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ | ૫૦૯ | ૫૧૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૧૭ | ૫૭૫ |
| હાજરી પત્રક | ૫૭૬ | ૫૮૧ |

**પહેલી બેઠક**
**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર તા.૨૪મી જુલાઈ ૨૦૧૪**
**શ્રાવણ ૨, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, • (xxxxxx)

અધ્યક્ષશ્રી : અત્યારે આ ન હોય. અગત્યનું ગમે તેટલું હોય,અત્યારે આ બધું કામ અગત્યનું છે. રિસેસમાં આવીને મને મળજો. બેસી જાઓ. (અંતરાય) કોઇ સવાલ જ નથી. અત્યારે એ સવાલ ન ઊઠાવાય. તમે આટલા સિનિયર સભ્ય છો. તમે બેસી જાઓ છો કે નહીં? કોઇ સવાલ જ નથી. હું તમને કાયદેસરનો જવાબ આપીશ. નિયમ પહેલાં વાંચો, ૧૧૬ની નોટિસ કેવી રીતે દેવાય?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : (xxxxxx)

અધ્યક્ષશ્રી : પહેલાં તમે બેસી જાઓ. આટલા સિનિયર સભ્યને ખબર નથી પડતી? તમને એનો જવાબ મળી જશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : (xxxxxx)

અધ્યક્ષશ્રી : નહીં, કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી.. ચર્ચામાં લાગણી વ્યક્ત કરજો.. રાઘવજીભાઇ જે શબ્દો બોલ્યા છે એ તમામ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા અને હજુ બોલે એ પણ રદ કરવા. દંડકશ્રીની સાથે તમે મારી ચેમ્બરમાં આવજો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : (xxxxxx)

અધ્યક્ષશ્રી : આ તમને છેલ્લી નોટિસ આપું છું. તમે તમારી જગ્યા ઉપર બેસી જાઓ. કોઇ સવાલ જ નથી. હું છેલ્લીવાર કહું છું. તમને જે કોઇ બાબતમાં અન્યાય થયો હોય એના માટે મારી પાસે આવજો. અત્યારે ચર્ચા કરી શકાય નહીં.. તમે બેસી જાઓ. હું તમને નિયમ સમજાવી દઇશ. એક મિનિટ, તમે બેસો છો કે નહીં? દંડકશ્રી એમને બેસવાનું કહો. દંડકશ્રીને ભેગા લઇને મારી પાસે આવજો, માનનીય શ્રી નીતિનભાઇ પટેલ..

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : (xxxxxx)

અધ્યક્ષશ્રી : એક મિનિટ. દંડકશ્રી આપશ્રીએ કાંઇ કહેવું છે? કોઇ સવાલ નથી. તમને પૂરેપૂરો ન્યાય મળે એના માટે હું બેઠો છું અને સાંભળીશ. તમે વાજબી વાત નથી કરી. કોઇ સવાલ જ નથી. તમારી વાત જ મહત્વની છે અને આ બધી નકામી છે? આ હાઉસમાં બધી મહત્વની જ વાત થાય છે. સુમેળભર્યા વાતાવરણમાં બધું થયું છે. માનનીય રાઘવજીભાઇને અડધા દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. કોઇ સવાલ જ નથી. તમને મેં ૧૫ વાર વિનંતી કરી. હવે કોઇ સવાલ જ નથી. એમની સાથે જે સભ્યો વેલમાં આવ્યા છે તેવા શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા અને શ્રી હર્ષદભાઇ રીબડીયાને પણ સસ્પેન્ડ કરવામાં આવે છે. ત્રણેય સભ્યશ્રીઓને અડધા દિવસ માટે રિસેસ સુધી સસ્પેન્ડ કરવામાં આવે છે. આ તમામ સભ્યોને બહાર લઇ જવામાં આવે અને તેઓશ્રી જે કોઇ શબ્દો બોલ્યા છે એ તમામ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે અને રેકર્ડ ઉપરથી દૂર કરેલા શબ્દો છાપામાં પણ ન આવવા જોઇએ એનો પત્રકાર મિત્રો ખાસ ખ્યાલ રાખે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક :–૩૯

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યની સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૨૩,૭૯,૪૧,૦૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂ.૧૧,૫૭,૮૬,૮૯,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર–૪૦**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૭૦,૨૧,૬૪,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૧,૦૪,૬૦,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૪૦ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંકઃ ૪૦ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૮૫**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનો સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૨૦,૧૯,૮૮,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૮૫,૫૩,૧૯,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૮૬**

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૫૨,૭૧,૮૬,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૪,૯૪,૦૮,૭૧,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૮૭**

શ્રી નીતિનભાઇ ૨. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૧,૨૧,૧૭,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૪૬,૦૫,૦૦,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કરમશીભાઇ વિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરુભાઇ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગેંદાલભાઇ મો. ડામોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેશકુમાર અ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **ગુરૂવાર, તા. ૨૪-૭-૨૦૧૪ (પહેલી બેઠક ) (દસમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં ૩૯** | |
| ૧ | ૨૨૧૦–તબીબી ...આરોગ્ય<br>૦૧– શહેરી ...એલોપથી<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩,૪૦,૭૧,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં.૧૧ થી ૧૩ | ૧૦૦ | ર્ડાકટરો અને સ્ટાફની ઘટ નિવારી વારંવાર થતી બદલીઓ રોકી આરોગ્યલક્ષી કામગીરી ઉપર થતી ગંભીર અસરો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. અનિલ જોષીયારા |
| ૨* | –– " –– | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓ અને ર્ડાકટરોની દવાખાનાઓમાં સતત નિયમિત હાજરી રહે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૩* | –– " –– | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં રખાતી ખાનગી સુરક્ષા એજન્સીઓની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૪ | –– " –– | ૧૦૦ | સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પાર્ક થતા આડેધડ વાહનો તેમજ ચા નાસ્તાની લારીઓ સત્વરે દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૫* | –– " –– | ૧૦૦ | પૂરતા ટેકનિશિયનોના અભાવે હોસ્પિટલની અદ્યતન મશીનરીઓનો પૂરતો ઉપયોગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |
| ૬ | ૨૨૧૦–તબીબી ...આરોગ્ય<br>૦૧– શહેરી ...એલોપથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>૦૧– HLT–૨–સિવિલ....વહીવટ<br>રૂ. ૨,૮૪,૨૧,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૨૦ – ૨૧ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૭* | -- " -- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સફાઇ માટે અપાતી દવાઓ/ફીનાઇલનો જરૂરી ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૮* | -- " -- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં આર્થિક રીતે નબળા ગરીબ દર્દીઓ પ્રત્યે રાખવામાં આવતો ભેદભાવ દૂર કરી સારવાર આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૯ | -- " -- | ૧૦૦ | રોગી કલ્યાણ સમિતિઓ દ્વારા ઉઘરાવેલ ફી નો યોગ્ય હિસાબ રાખી આ રકમનો દર્દીઓની જરૂરીયાત મુજબ ખર્ચ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવીદ પીરજાદા |
| ૧૦* | ૨૨૧૦-તબીબી ...આરોગ્ય<br>૦૧- શહેરી ...એલોપથી<br>૧૧૦-હોસ્પિટલ અને દવાખાના<br>૦૧- HLT-૨-સિવિલ....વહીવટ<br>રૂ. ૨,૮૪,૨૧,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૨૦ - ૨૧ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓની પથારીની સ્વચ્છતા અને પથારીઓની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૧* | -- " -- | ૧૦૦ | હોસ્પિટલોની અદ્યતન મશીનરીઓની સમયસર મરામત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઇ વાઘેલા |
| ૧૨* | -- " -- | ૧૦૦ | ગંભીર બિમારીઓ/અકસ્માતના કેસોમાં દર્દીઓને સત્વરે પૂરતી સારવાર મળી રહે તે માટે તમામ સિવિલ હોસ્પિટલોને અદ્યતન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ |
| ૧૩* | ૨૨૧૦-તબીબી ...આરોગ્ય<br>૦૧- શહેરી ...એલોપથી<br>૨૦૦-અન્ય...યોજનાઓ<br>૦૧- શાળા-સેવાઓ<br>રૂ. ૧૧,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૪૫ | ૧૦૦ | શાળા આરોગ્ય કાર્યક્રમમાં નિષ્ણાત ડૉકટરોને હાજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ |
| ૧૪* | ૨૨૧૦-તબીબી ...આરોગ્ય<br>૦૨- શહેરી...પધ્ધતિઓ | ૧૦૦ | આયુર્વેદિક ડૉકટરોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૧–આયુર્વેદ<br>૦૧–HLT–૨૦–<br>આયુર્વેદ...કચેરી<br>રૂ. ૬,૦૩,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૪૭–૪૮ | | | |
| ૧૫* | –– " –– | ૧૦૦ | આયુર્વેદિક દવાખાનાઓમાં પૂરતી અને શુધ્ધ દવાઓ નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જસુભાઇ બારડ |
| ૧૬ | –– " –– | ૧૦૦ | શહેરોમાં આયુર્વેદિક દવાખાનાની સંખ્યા વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પૂનમભાઇ પરમાર |
| ૧૭* | ૨૨૧૦–તબીબી<br>...આરોગ્ય<br>૦૬– જાહેર આરોગ્ય<br>૧૦૪– ઔષધ નિયમન<br>૦૧–HLT–૪૫–<br>ખોરાક...તંત્ર<br>રૂ૯ ૩૦,૧૬,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૧૦૬, ૧૨૮–૧૨૯ | ૧૦૦ | ખાદ્ય ચીજોમાં કરવામાં આવતી ભેળસેળ સત્વરે પકડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતભાઇ ચૌધરી |
| ૧૮* | –– " –– | ૧૦૦ | લોહીનું યોગ્ય પરીક્ષણ કર્યા બાદ જ દર્દીઓને લોહી ચઢાવવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૯ | –– " –– | ૧૦૦ | હલકી ગુણવત્તાવાળી માવાની મીઠાઇઓના વેચાણ અંગે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ |
| **માગણી નં ૪૦** | | | | |
| ૨૦* | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૧–ગ્રામીણ<br>....સેવાઓ<br>રૂ૯<br>૨,૬૯,૯૭,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૧૫૧ | ૧૦૦ | ગ્રામીણ પરિવાર કલ્યાણનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૨૧ | ૨૨૧૧–પરિવાર કલ્યાણ<br>૧૦૧–ગ્રામીણ<br>....સેવાઓ<br>રૂ૯ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ડૉકટરોની સમયસર હાજરી અને દર્દીઓને જરૂરી સવલતો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૨,૬૯,૯૭,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પા.નં. ૧૫૧ | | | |
| ૨૨* | -- " -- | ૧૦૦ | ગ્રામીણ દવાખાનાઓમાં ડોકટરો/દવાની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી કામીનીબા રાઠોડ |
| ૨૩* | -- " -- | ૧૦૦ | ગ્રામીણ દવાખાનાઓને અદ્યતન સુવિધાઓથી સજ્જ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી. કે. રાઉલજી |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં ૮૫** | | |
| ૨૪ | ૨૨૧૬- આવાસન<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્ય ખર્ચ<br>૦૧-<br>રહેણાંકના.....મરામત<br>રૂ. ૧,૪૦,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧)<br>પા.નં.૪૩ થી ૪૭ | ૧૦૦ | સરકારી મકાનોના મરામતના કામો સત્વરે હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૨૫ | -- " -- | ૧૦૦ | સરકારી મકાનોના મરામતની કામગીરી માટે જરૂરી સામગ્રી પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |
| | | **માગણી નં ૮૬** | | |
| ૨૬* | ૩૦૫૪- માર્ગ અને પુલ<br>૦૪- જિલ્લા....માર્ગો<br>૩૩૭- માર્ગ...<br>કામો(કે.પુ.યો.)<br>રૂ. ૯,૪૩,૯૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.. ૨૨<br>પા.નં.૬૧ - ૬૨(ભાગ-૧)<br>પા.નં.૨૨ - ૪૬(ભાગ-૨) | ૧૦૦ | રસ્તા વિહોણા ગ્રામ્ય વિસ્તારોમાં પાકા રસ્તાઓની કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ |
| ૨૭* | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોને તાલુકાના મુખ્ય મથક સુધીના રસ્તાઓ સાથે જોડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૮* | -- " -- | ૧૦૦ | બિસ્માર રસ્તાઓની મરામત અંગેની કામગીરી સત્વરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરુ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯ | -- " -- | ૧૦૦ | મંજૂરી આપેલ નવા રસ્તાઓની કામગીરી માટે નાણા ફાળવણીમાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૩૦* | -- " -- | ૧૦૦ | ચોમાસા દરમ્યાન વરસાદથી ધોવાતા રસ્તાઓનો સમયસર સર્વે કરી મરામત કામ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૧ | ૫૦૫૪– માર્ગ......જોગવાઈ ૦૧– રાષ્ટ્રીય....માર્ગ ૩૩૭– માર્ગ..... કામો રૂ. ૨૩,૨૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨ પા.નં.૩૫૯ –૩૬૦(ભાગ–૧) | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરી માર્ગની મરામતની કામગીરી નિયમિત થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| **માગણી નં ૮૭** | | | | |
| ૩૨ | ૨૨૧૭– શહેરી વિકાસ ૦૧– રાજ્ય......વિકાસ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૬,૮૧,૭૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૨ પા.નં.૪૯ થી ૫૨(ભાગ–૧) | ૧૦૦ | ગાંધીનગરના સમગ્ર સેક્ટરોમાં નિયમિત પૂરતા પ્રેશરથી પાણી આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩૩ | ૨૨૧૭– શહેરી વિકાસ ૦૧– રાજ્ય......વિકાસ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૬,૮૧,૭૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૨ પા.નં.૪૯ થી ૫૨(ભાગ–૧) | ૧૦૦ | સેક્ટરોના આંતરિક માર્ગો ઉપર રેડિયમવાળા અધિકૃત બમ્પો મૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કાંતિભાઈ ખરાડી |
| ૩૪ | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના નવ વિકસિત તેમજ અન્ય સેક્ટરોના આંતરિક માર્ગ પર થઈ રહેલા સરફેસીંગની કામગીરીમાં લેવલીંગ જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઈ પટેલ |
| ૩૫ | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના જાહેર બગીચાઓમાં થતી ગંદકી તેમજ અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૩૬* | -- " -- | ૧૦૦ | ગાંધીનગરમાં રેનબસેરા બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રમેશભાઈ ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ | -- " -- | ૧૦૦ | દરેક સેક્ટરોને ફરતે સળંગ પાકી દિવાલો બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| ૩૮* | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના દરેક સેક્ટરોમાં સ્ટ્રીટ લાઇટો નિયમિતરૂપે ચાલુ હાલતમાં રાખવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. મીતેષ ગરાસીયા |
| ૩૯ | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના દરેક સેકટરોમાં જાહેર બગીચાઓને અદ્યતન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૪૦ | -- " -- | ૧૦૦ | ગાંધીનગરના નવા સેકટરોમાં રંગમંચ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંન્દ્રીકાબેન બારીયા |
| ૪૧ | -- " -- | ૧૦૦ | સમગ્ર સચિવાલય સંકુલ પરિસરને અદ્યતન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેશકુમાર પટેલ |
| ૪૨* | -- " -- | ૧૦૦ | સમગ્ર સચિવાલય સંકુલ પરિસરમાં વિભાગ/કચેરીઓમાં સામાન્ય રીતે એક રૂમમાં એક કરતા વધુ પંખાઓ ફરતા હોય છે, તેના બદલે એ.સી મૂકી વીજળીની બચત કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભોળાભાઇ ગોહેલ |

***        આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

**અધ્યક્ષશ્રી :** હવે માગણીઓ અને કાપ દરખાસ્ત બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા(ભિલોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ એ સમગ્ર રાજ્યની જે પ્રજા છે એના આરોગ્ય અને સુખાકારીની સેવાઓ નજીકના સ્થળે સહેલાઇથી મળી રહે એના માટે કામ કરતો વિભાગ છે. એના માટે આપણી પાસે વર્ષોથી સબ સેન્ટરો છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે. સી.એચ.સી. છે, જિલ્લા લેવલે હોસ્પિટલો છે અને જનરલ હોસ્પિટલો છે. પરંતુ સેવાઓ મળે છે એ કેવી રીતે મળે છે એના માપદંડો છે. એ માપદંડો પરથી આપણને ખબર પડે કે ગુજરાતમાં કેવી સેવાઓ છે. એના માટે જન્મદર ૨૧.૧ છે અને મૃત્યુ દર ૬.૬ છે જે આપણે હજુ પણ નીચે લાવી શક્યાં નથી. એમાંય ગ્રામ્ય કક્ષાએ મૃત્યુ દર એના કરતાં વિશેષ છે. બાળ મૃત્યુ દર ૩૮ છે એ પણ ઘણા રાજ્યો કરતાં ઊંચો છે એ પણ નીચે લાવી શક્યા નથી. માતા મૃત્યુ દરની આપણે સવિશેષ ચિંતા કરીએ છીએ પરંતુ આજે એમાં આપણે કેરાલા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તામિલનાડુ એ રાજ્યો કરતાં આપણે પાછળ છીએ એટલે કે છઠ્ઠા ક્રમે છીએ. આ માપદંડ પરથી ખબર પડે કે આપણે નંબર વન નથી.

આપણે ગયા વખતે પી.એચ.સી. અને સી.એચ.સી.ની વાત કરી હતી કે ૫૦ નવા પી.એચ.સી., ૧૦ સી.એચ.સી. અને ૪૦૦ પેટા કેન્દ્રો ચાલુ કરીશું એવી માનનીય મંત્રીશ્રીએ ગૃહમાં વાત કરી હતી. એમાંથી કેટલા કરી શક્યા? આજે પણ આપણી પાસે વસતિના ધોરણે ૧૨૯૪ પેટા કેન્દ્રો બાંધવાના બાકી છે. ૧૯૨ પી.એચ.સી. બાકી છે અને ૫૨ જેટલા સી.એચ.સી. બાકી છે અને સૌથી વિશેષ એમાં ખોટ હોય તો એ ટ્રાયબલ વિસ્તારમાં છે. ટ્રાયબલ વિસ્તારમાં સૌથી વધુ ૬૫ પી.એચ.સી. અને ૪૧ સી.એચ.સી. ખૂટે છે. મારી માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે આના ઉપર સૌથી વધુ કોન્સન્ટ્રેટ કરે. જો આપ પેટા કેન્દ્રોને

કોન્સન્ટ્રેટ કરશો તો ગામડાના લોકોને સૌથી નજીકમાં સારી આરોગ્યની સુવિધાઓ મળી રહેશે. આપણી પાસે જે ૭૬૭૪ પેટા કેન્દ્રો છે, આપણી પાસે ૧૮ હજાર ગામો છે એટલે અઢી ગામ દીઠ એક પેટા કેન્દ્ર મળી શકે એમ છે. આ પેટા કેન્દ્રો તરફ છેલ્લા ઘણા સમયથી કોઇ જોતું નથી. સરકારના કોઇ અધિકારી, ડિસ્ટ્રીક્ટ હેલ્થ ઓફિસર ત્યાં જોવા જતા નથી. દર માસે મિટિંગ પણ કરવામાં આવતી નથી. મારી આપને વિનંતી છે કે તમે આ પેટા કેન્દ્રો તૈયાર કરો. આ પેટાકેન્દ્રો એવું હતું કે પહેલાં ગામડાના છેવાડે પેટા કેન્દ્રો બંધાતા હતા ત્યાં આજે વસતિ થઇ ગઇ છે. એનો સ્ટાફ ત્યાં કાયમ રહે તો ત્યાં ડિલિવરીઓ પણ થશે અને ઘણી બધી આરોગ્યની સેવાઓ મળી શકશે.

તબીબી અને જાહેર આરોગ્યમાં આપણે મોટી મોટી જાહેરાતો કરીએ છીએ પણ પછી અંદાજો સુધારી દેવામાં આવે છે. ગયા વખતે પ્લાનમાં ૧૨૪૪ કરોડ ૯૮ લાખનું આયોજન કરેલું પછી અંદાજો આપણને ખબર પડી કે નહીં વાપરી શકીએ એટલે ઘટાડી દીધા અને ૨૬૮ કરોડનો ઘટાડો કરી દેવામાં આવ્યો. લોકોના આરોગ્ય અને સુખાકારી માટે આપણે પહેલાં આયોજન કરીએ છીએ અને પછી એમાં ફેરફાર કરી નાખવામાં આવે છે. આના કારણે ગ્રામીણ વિસ્તારમાં સૌથી વધારે નુકસાન ગયું છે. ગ્રામ્ય વિસ્તારમાં તમે અંદાજો મૂક્યા હતા એ વધારે હતા એટલે પછી લગભગ અડધા કરી નાખ્યા છે. આના કારણે ગ્રામીણ વિસ્તારમાં આરોગ્યની સેવાઓનો જે લાભ મળવો જોઇએ એ મળી શકતો નથી. એમાં પણ આયુર્વેદિક અને હોમિયોપેથિક સેવાઓ માટે આપણે જે પ્લાનીંગ કર્યું હતું એમાં પણ લગભગ ૫-૫ કરોડ જેટલો ઘટાડો કરી નાખ્યો છે. તબીબી ખર્ચ થાય છે એ જે આપણે તબીબી વિભાગોમાં એ ખર્ચ પણ આપણે પૂરો કરી શકતા નથી. એમાં ઘણી બધી બચત રહી જાય છે. મારી પાસે આંકડા છે પણ મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ ખર્ચ છે એ પૂરેપૂરો કરો. સાહેબ, આદિજાતિ વિસ્તારમાં પણ એવી રીતે ઘણાં પૈસા છે એ બચતમાં જાય છે. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ બચત ના રહેવી જોઇએ અને પૂરેપૂરી રકમ એ વિસ્તારમાં વપરાય અને એનો લાભ જે દર્દીઓને મળે એવી મારી વિનંતી છે.

ગઇ વખતે મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી ચીફ મિનિસ્ટર્સ સર્વીસીસ ઓફ એક્સપર્ટ યુનિટ યોજના. સાહેબ, આ યોજના બરાબર છે કે બધાને સવલત મળી રહે. પરંતુ આ કેમ થયું? શા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તાલુકા લેવલે સી.એચ.સી.માં ડોકટરો હાજર રહેતા નથી? હું તમને ૧૯૯૦ ની વાત કરું. આપ તો હતાશ થઇ ગયા છો એમ મને લાગે છે. તમે નક્કી કરી લીધું છે કે, આ જગ્યાઓ તો ભરાવાની નથી. કારણ કે આપે એમ કહ્યું કે, હું ૧૯૯૦માં હતો તે વખતે પણ આ જગ્યા ખાલી રહી હતી એની બધા વાત કરતા હતા. આજે પણ આની આ જ પરિસ્થિતિ છે. સાહેબ, હતાશ અને નિરાશ થવાની જરૂર નથી. આમાં ઘણાં વિકલ્પો આપણી પાસે છે એટલા માટે કહું છું કે, આ સી.એમ.સેતુ સાથે અત્યારે તમારી પાસે જે ડોકટરો એમ.બી.બી.એસ. બહાર પડે છે, બોન્ડેડ એમ.બી.બી.એસ. છે એને તમે તાલુકા મથકે ફરજિયાત ભરો. કદાચ જો એનાથી પણ ના ભરાય તો જે ડોકટરો રિટાયર્ડ થયા છે એમને પણ ત્યાં મૂકો. અમારા વખતે ટીકુ કમિશનનો અમલ કરેલો એના લીધે ઘણાં ડોકટરો નોકરી ઉપર આવેલા અને તેનાથી ઘણો લાભ થયેલો. તે વખતે કમિશ્નર હતા અત્યારે અહીંયા સભ્ય છે આર.એમ.પટેલ સાહેબે ઘણી બધી ઇન્સેન્ટીવ આપેલી તો મારી વિનંતી છે કે આવા ડોકટરોને તમે ઇન્સેન્ટીવ આપો તો આ જગ્યા ભરાશે. આ જગ્યાઓ ક્યા લેવલે ખાલી છે એ પણ તમારે જોવાની જરૂર છે. કારણ કે પી.એચ.સી.માં મોટાભાગની ડોકટરોની જગ્યાઓ ખાલી નથી. અત્યારે જે જગ્યાઓ ખાલી છે એ સી.એચ.સી.માં છે અને તાલુકા લેવલની હોસ્પિટલ અને અમદાવાદ કે એવી સિવિલ હોસ્પિટલોમાં છે. આ જગ્યાઓ કેમ ખાલી રહે છે? ગામડામાં કોઇને રહેવું નથી અને શહેરોમાં બીજા ડોકટરોની સરખામણી જુએ છે કે પેલા ડોકટરને વધારે કમાણી છે તો હું કેમ અહીંયા સરકારમાં રહું? આના માટે વિકલ્પ એ છે કે તમે એના માટે યોજના કરો, ઇન્સેન્ટીવ આપો અને હું તો ત્યાં સુધી કહું છું કે આવા જે ડોકટરો છે એમના માટે પહેલા એક યોજના હતી કે, હોસ્પિટલનો ટાઇમ પૂરો થઇ જાય પછીના સમયમાં એવા લોકોને પ્રેકટીસ કરવાની છૂટ આપવામાં આવતી હતી. એ વિકલ્પ હતો અને એના લીધે મોટાભાગની જગ્યાઓ ભરાયેલી હતી, કોઇ મુશ્કેલી નહોતી તો આવા જે વિકલ્પો છે એ શોધીને જગ્યાઓ ભરાય એવો આપ પ્રયત્ન કરો એવી મારી વિનંતી છે.

આજે સાહેબ, એક ચિંતા એવી છે કે એકસીડન્ટ ખૂબ થાય છે. બીજા બધા રોગચાળા હશે કદાચ એમાં એટલા બધા લોકો નહિ મરતા હોય પણ એક્સીડન્ટથી આજે બહુ જ માણસો મરે છે. ગયા વખતનો આંકડો કહું તો સાહેબ ૮૦૦૦૦ માણસો મરી ગયા હતા. આટલા બધા માણસો મરતા હોય ત્યારે આ ટ્રોમા સેન્ટરની આપણે સવિશેષ ચિંતા કરવી જોઇએ અને એમાં સૌથી વધુ સ્પેશ્યલાઇઝ ડોકટરો કેમ કરીને મળે? કારણ કે જ્યારે એક્સીડન્ટ થાય છે ત્યારે તાત્કાલિક સારવાર ના મળવાના કારણે આ જે દર્દીઓ છે એને પછી મરણને શરણ થવું પડે છે. આપણી પાસે ૧૦૮ એમ્બ્યુલન્સ છે. આ ૧૦૮ એમ્બ્યુલન્સની ગામડા લેવલે શું હાલત છે? કદાચ એની આપને ખબર નહિ હોય. કારણ કે ગામડામાં એ લોકો હોસ્પિટલમાં નથી બેસતાં. કોઇ જગ્યાએ બેસે છે અને એના લીધે સમયસર પહોંચી શકતા નથી. મારી તો મિનિસ્ટરને એ પણ વિનંતી છે કે, આ જે ૧૦૮ના માણસો છો એ લોકો જે તે તાલુકાની હોસ્પિટલમાં જ બેસે તો તેથી તાત્કાલિક કોઇ જરૂરિયાત ઊભી થાય તો ત્યાં પહોંચી શકે એવી મારી વિનંતી છે.

સાહેબ, આપણે હેલ્થ માર્કેટ માટે હબ ઊભું કરવાની વાત કરી હતી અને એમ.ઓ.યુ. કર્યા હતા. લગભગ ૧૬૨૪૯.૯૧ કરોડના એમ.ઓ.યુ.ની જાહેરાત કરી હતી. શું થયું સાહેબ? એનો કોઇ સુધારો, કારણ કે, આપણને ગમશે કે મેડિકલ વિઝન આવે એમ આપણે ઈચ્છીએ છીએ. પરંતુ એમાં કોઇ સુધારો-વધારો થતો નથી અને એટલા માટે મારી વિનંતી છે કે આમાં આપણે કાંઇક રસ લઇને આગળ વધીએ. મારે સાહેબ આ ગરીબ માણસની વાત કરવી છે. આપણે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, બી.પી.એલ. યોજના, મા અમૃત્તમ યોજના અને બે લાખની આવક સુધીના મધ્યમ અને ગરીબ વર્ગને આપણે આ યોજનાનો લાભ આપવાનો હતો. સાહેબ, આપણે આ શાના માટે કરવું પડે છે? કેમ આ કરીએ છીએ? આપણે પહેલા બી.પી.એલ.નું ધોરણ હતું તે તમામને પહેલા ફ્રી સેવા હતી. હું તો ત્યાં સુધી કહું કે હું જ્યારે સરકારમાં સિવિલ સર્જન હતો ત્યારે આવા કોઇ દર્દીઓ પાસે કોઇ પૈસા લેવામાં આવતા નહોતા સાહેબ. સાહેબ શિક્ષણ અને આરોગ્ય એ એવી બાબતો છે કે મફત મળવી જોઇએ. આજે નથી મળી શકતી અને એના લીધે આજે શું થાય છે કે ત્યાં તમારા બી.પી.એલ. કાર્ડ નથી એટલે કેસ કાઢો ત્યાંથી ચાલુ કરી છેક લેબોરેટરી, એક્સ-રે અને ઓપરેશન થાય ત્યાં સુધી સમય બગડે છે. એક તો સમય બગડે છે, પૈસા જાય છે અને એના લીધે દર્દીઓને હેરાન થવું પડે છે. મારી વિનંતી છે કે પહેલા બી.પી.એલ.ને મફત સારવાર મળતી હતી તેમ એક તો આ બધું જ છોડી કાઢી નાંખો કે બી.પી.એલ. તમામને કાંઇ કાર્ડ નહિ, મા અમૃત્તમ કાર્ડ નહિ કે સ્વાસ્થ્ય વીમા પણ નહિ સરકાર મફત સારવાર આપે સાહેબ.

બીજું એક સાહેબ કદાચ તમે નહિ કરી શકતા હોય તો આ જે બે લાખનો આંકડો છે એમાં કોઇક વધારો કરો એવી મારી વિનંતી છે. કારણ કે, આ કાઢી નાખશો તો જ. કારણ કે, સેવા આપવી એ આપણી ફરજ છે અને એ ના આપી શકીએ તો ઘણા દર્દીઓ પૈસાના અભાવે આ સારવારનો લાભ નહીં લઇ શકે.

સાહેબ, આજે ગઇ કાલનો આપનો એક પ્રશ્ન હતો શૈલેષભાઇનો કે, સાહેબ,આ જગ્યાઓ જે સિવિલ હોસ્પિટલમાં પણ ઘણી બધી ખાલી છે. સાહેબ, સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં વર્ગ-૧ની ૨૮ જગ્યાઓ મંજૂર થઇ છે, એમાં ૫ જ ભરેલી છે. કેટલી બધી ખરાબ દયનીય પરિસ્થિતિ છે. એવી જ કિડની ઇન્સ્ટિટ્યૂટમાં પણ છે. ગુજરાત કેન્સર રિસર્ચમાં પણ આવી ઘણી બધી જગ્યાઓ ખાલી છે, આટલી બધી જગ્યાઓ ખાલી રહે તો એના માટે આપણે ચિંતા કરવી જોઇએ. મારે તો એમ કહેવું છે કે, આપણે કલાસ-થ્રી અને નર્સિસ માટે અને બીજા કલાસ-ટુ ઓફિસરો માટે આપણે જે કેન્દ્રિકરણ કર્યું છે, જેને ટ્રાન્સફર માટે જે કેન્દ્રિકરણ કર્યું છે એ કદાચ તમને સારું લાગતું હશે પરંતુ એના માટે વહીવટકર્તા જે માણસો છે, નીચેના કમિશનર ઓફિસ અને નીચેના જે ડાયરેકટરો છે એને ખૂબ જ તકલીફ પડે છે. કારણ કે, એમને એમ વિચારવાનું થાય કે, મારે કયા વિસ્તારમાં મુશ્કેલી પડે છે. તો એ વિસ્તારમાં એ જે તે એનો કર્મચારી એ મૂકી શકે છે. પણ આજે તો શું થયું છે કે, એ જે ડાયકેરટરો હોય કે કમિશનર હોય એને કોઇ સત્તા નથી. એટલે વહીવટ સુધારવો હોય તો એમને પૂરતી સત્તા આપવી ખૂબ જરૂરી છે અને એ જો સત્તા આપીશું તો એનાથી જે ગામડામાં જે અમુક માણસો છે, જે કર્મચારીઓ છે સાહેબ રિઢા થઇ ગયા હોય છે. એમને એમ છે કે, મંત્રી સિવાય અમને કોઇ બદલવાનું નથી. એવી જે ગ્રંથી પેદા થઇ ગઇ છે, એ ગ્રંથી દૂર કરવી હોય તો તમે જે

સત્તાનું કેન્દ્રિકરણ કર્યું છે એ દૂર કરો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે તો માણસનું સ્વાસ્થ્ય, એની ઉંમર મેં ગયા વખતે કહ્યું કે, પુરુષની એઇજ છે, લાઇફ ૬૯.૨ અને સ્ત્રીની ૭૨.૫ છે. તો ઉંમર વધી છે એટલે બીજાઓમાં નોકરીની એઇજ પણ વધારો સાહેબ, હવે ૬૦ વર્ષ કરો, એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ત્રણ મિનિટ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માર્ગ અને મકાનમાં પણ બે–ત્રણ વાત કરવી છે. સાહેબ, ગયા વખતે તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ વાત કરી હતી કે, ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા તમામ આદિવાસી ગામ–ફળિયાઓને બાર માસી પાકા રસ્તાઓ કરી દઇશું. સાહેબ, ગામ –ફળિયાનો સરવે ના થયો અને એના લીધે આ ગામ–ફળિયાઓના રસ્તાઓ પાકા ના થઇ શક્યા. બીજી બાબત એ થઇ સાહેબ, કે સરકારે છેલ્લા ઘણા સમયથી ક્લબીંગ પદ્ધતિ અપનાવી છે અને એના લીધે એ થાય છે કે, ઘણા બધા કામોનું ક્લબ કરી અને એક જ કોન્ટ્રાકટરને કામો આપવામાં આવે છે. સાહેબ, પરિસ્થિતિ એ થાય છે કે, આ કોન્ટ્રાકટરો સમયસર કામ કરી શકતા નથી અને કોસ્ટ પણ વધી જાય છે. ત્યારે મારે મંત્રીશ્રીને આમાં પણ વિનંતી છે કે, તમે ક્લબ ના કરો. કારણ કે, ઘણા કોન્ટ્રાકટરો બેસી રહે છે અને એક કોન્ટ્રાકટરને ઘણું બધું ભારણ હોવાથી એ સમયસર કામ થતું નથી અને પછી કોસ્ટ વધવાથી સરકારને જ ભારણ પડે છે કે, ભાઇ એનો વધારો તમે એટલે આવી રીતે આ જે રસ્તાઓની બાબતમાં ખૂબ મુશ્કેલી પડે છે.

બીજું સાહેબ, ટ્રાયબલ વિસ્તારમાં જે રસ્તાઓ એ રસ્તાઓને ધારા–ધોરણ પ્રમાણે તમે કરતા નથી. જે એમ.ડી.આર. રસ્તાઓ, સ્ટેટના રસ્તાઓ છે અને ઓ.ડી.આર. રસ્તાઓ, જે અધર ડિસ્ટ્રીક્ટ રોડ છે. એ રસ્તાઓનું જે સ્ટાન્ડર્ડ છે કે, જે ૩.૭૫ મિટર હોય કે, ૫ મિટર હોય કે, ૭ મિટર હોય કે, ૧૦ મિટર હોય, એના સ્ટાન્ડર્ડ પ્રમાણે. સાહેબ, બીજે કદાચ તમે કરતા હશો પણ ટ્રાયબલ વિસ્તારમાં મેં માર્ક કર્યું છે કે, આ રસ્તાઓ એના સ્ટાન્ડર્ડ પ્રમાણે કરવામાં આવતા નથી.

સાહેબ, બીજી બાબત એ છે કે, આ જે રસ્તાઓ છે, એમ.ડી.આર., ઓ.ડી.આર. અને જે રસ્તાઓ છે એમાં મારી વિનંતી છે કે, તમે એને સ્ટેટ હસ્તક રાખો. કારણ કે, અત્યારે આપણા મોટાભાગના જે રસ્તાઓ છે એ જિલ્લા પંચાયત હસ્તક છે, ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારના. આ જે જિલ્લા પંચાયત હસ્તક રસ્તાઓ હોવાના કારણે આ રસ્તાઓને સમયસર એને ડામર થતો નથી. સાત વર્ષનું આપણું જે કાંઇ ધોરણ હોય અથવા તૂટી ગયા સુધીનું તો એ બેમાંથી એક પણનું આપણે એનું પ્લાનીંગ કરી શકતા નથી.

સાહેબ, બીજી વાત એ છે કે, આપણે જે નોન–પ્લાનના રસ્તાઓ છે. આપણે એમ માનીએ છીએ કે, નોન–પ્લાન એટલે નોંધાયેલો નથી, અને એ રસ્તો આપણો છે નહીં પણ ગુજરાતની વસ્તી છે, ગુજરાતના ગામડાઓને એ રસ્તો જરૂરી છે, એ ગામને એ રસ્તો જરૂરી છે. તો શું કામ એ રસ્તાને આપણે ડામર કરતા નથી? આપણે એમ કહીએ છીએ કે, આ નોન–પ્લાનનો રસ્તો છે. મારી વિનંતી છે કે, પ્લાન હોય કે, નોન–પ્લાન, અથવા તો એક કામ કરો કે, હવે સમગ્ર ગુજરાતમાં જેટલા આવા નોન–પ્લાનના રસ્તા હોય એને પ્લાનમાં ફેરવી નાખો. કોઇક એવો રસ્તો કરો કે જેથી એ રસ્તાને સમયસર ડામર કરી શકાય. જો આ નહીં કરો તો ગુજરાતની ઘણી પ્રજાને અન્યાય થયેલો ગણાશે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા જે રસ્તાઓ છે એ રસ્તાઓને તમે પ્લાનમાં લઇ એને ડામર કરો.

સાહેબ બીજી બાબત એ છે કે, ગ્રામ્ય વિસ્તારોમાં ઘણી એવી અમારી સ્કુલો છે કે, જ્યાં સ્કુલમાં જવાની પણ મુશ્કેલી પડે છે. ઘણા દિવસો સુધી બાળકો પણ સ્કુલમાં જઇ શકતા નથી, એવા ઘણા રસ્તાઓ છે. તો આવા રસ્તાઓ અને ઘણા એવા દર્દીઓ છે કે, જે ગામડામાંથી તાલુકા મથકે પણ નથી આવી શકતા અને એનું મુખ્ય જો કોઇ કારણ હોય તો ઘણા જૂના એવા ડિપ છે એમાં ચોમાસામાં વરસાદ વધુ આવે છે ત્યારે એ આવી શકતા નથી. ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આવું સરવે કરી અને તમે એ જે રસ્તાઓની મુશ્કેલી છે, પુલની મુશ્કેલી છે એ રસ્તાઓ અને પુલની મુશ્કેલીઓ દૂર કરો. આ જે બજેટ છે એને હું સમર્થન આપી શકતો નથી.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે વિકાસની વાતો કરીએ છીએ ત્યારે આર્થિક વિકાસની સાથેસાથે સામાજિક વિકાસ થાય એ ખૂબ જરૂરી છે અને એમાં ખાસ કરીને માનવ વિકાસ થાય એના માટે રાજય સરકાર પ્રયત્ન કરતી હોય છે. મારા પહેલા જોષીયારા સાહેબે વાત કરી. ગુજરાતની અંદર આપણે અગાઉ થતું હતું એના કરતાં ઘણું સારું કામ કર્યું છે એની હું વાત કરીશ. આપણી પાસે માનવ વિકાસ માટે જન્મ સમયે આયુમર્યાદા, સાક્ષરતાનો દર, માથાદીઠ આવક આ બધા માપદંડો ધ્યાનમાં લઇને આપણે માનવ વિકાસ સૂચકાંક બનાવ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે આયુષ્યની મર્યાદા ૨૦૦૧માં પુરુષોની ૬૨.૯ હતી એ ૨૦૧૨માં ૬૭.૨ થઇ છે. એવી જ રીતે સ્ત્રીની ૬૫.૬ હતી એ ૭૧.૬ થઇ છે એટલે જોષીયારાસાહેબ, આપના વખતમાં જે વિકાસ થયો એના કરતા બમણો, ત્રણ ગણો વિકાસ આ સમયમાં થયો છે. સાક્ષરતાનો દર ૨૦૦૧માં ૬૯ ટકા હતો એ ૨૦૧૧માં ૭૮ ટકા થયો છે. માથાદીઠ આવકની અંદર દેશમાં ૬૭૮૩૯ રૂપિયા વાર્ષિક આવક જે માથાદીઠ ચાલુ ભાવે એની સામે ગુજરાતમાં ૯૬૯૭૬ રૂપિયા માથાદીઠ આવક છે. આ બધું એટલા માટે થયું છે કે રાજય સરકારે સામાજિક વિકાસ અને માનવ વિકાસ ઉપર ભાર મૂકયો છે. ૨૦૧૪-૧૫નું બજેટ રજૂ કરવામાં આવ્યું છે એમાં ૭૧૩૩૦કરોડની જે ફાળવણી કરી છે એમાં ૩૪૭૮૧કરોડ સામાજિક સેવાઓ માટે એટલે કે ૪૮ ટકા જેટલી રકમ સામાજિક સેવાઓ માટે ફાળવવામાં આવી છે. શિક્ષણ માટે ૨૨૭૭૪કરોડ અને આરોગ્ય માટે ૭૨૩૦કરોડની ફાળવણી સૂચવવામાં આવેલી છે.

માનનીય સભ્યશ્રીએ જન્મદર, મૃત્યુ દર, માતા મરણ દર અને બાળ મરણ દરની વાત કરી પણ હું કહેવા માગું છું કે આ તમામ ક્ષેત્રે ખૂબ સારો વિકાસ આ રાજય સરકારે કરેલો છે. આપના વખતમાં જન્મ દર ૪૦ હતો એક હજારની વસ્તીએ એ ૨૦૦૧માં ૨૪ થયો અને આજે ૨૧ ટકા છે. મૃત્યુ દર જે ૧૬.૨ હતો ૨૦૦૧માં એ ૭.૮ થયો અને આજે ૬.૬ છે. આ લોકો જે ચિંતા કરે છે માતા મૃત્યુ દરની એમાં ૨૦૦૧માં એક લાખની વસ્તીએ ૨૦૨ હતો એ ૧૨૨ થયો છે અને બાળ મરણ દર જે છે એ ૧૦૦૦ની વસ્તીએ જે ૬૦ હતો એ ૩૮ થયો છે. આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનની દિર્ઘદ્રષ્ટિના કારણે બેટી બચાવો આંદોલન કરવામાં આવ્યું એના કારણે ૨૦૦૧માં ૮૯૦ જેટલું જે જાતિનું પ્રમાણ હતું હજાર પુરુષોએ એ અત્યારે ૯૦૨ થયું છે. સંસ્થાગત પ્રસુતિ ૯૬.૪ટકા થઇ છે જયારે જોષીયારા સાહેબ મિનિસ્ટર હતા ત્યારે એ લગભગ ૪૦-૫૦ ટકા હતી એ અત્યારે ૯૬.૪ ટકા અને ફકત ઘરેલુ હવે ૩.૬ ટકા જ રહેલું છે.

આજે પેટા કેન્દ્રોની આદિવાસી વિસ્તારની વાત કરી તો મારે એમને કહેવું છે કે આ વર્ષે સુધારેલા બજેટમાં આદિવાસી વિસ્તારમાં ૩૭૭ પેટા કેન્દ્રો માટેની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. ગુજરાત જે છે એ અગ્રેસર છે. ઘણીબધી બાબતોમાં પ્રથમ છે. રકતદાનમાં પ્રથમ છે, દેહદાનમાં પ્રથમ છે. ચક્ષુદાનમાં પ્રથમ છે. કીડની ટ્રાન્સપ્લાન્ટમાં પ્રથમ છે અને તમારી સરકારે યુ.પી.એ સરકારે સીકલ સેલ માટે પ્રાઇમ મિનિસ્ટર એવોર્ડ પણ આ ખાતાને આપેલો છે.ભારત સરકારની જનની સુરક્ષા સ્કીમની સામે આપણે ચિરંજીવી યોજના, ઇ-મમતા અભિયાન, બાળસખા, મીશન બલ્લમ સુખમ, કસ્તુરબા પોષણ સહાય, મુખ્યમંત્રી અમૃતમ યોજના, ૧૦૮ સેવા, ખિલખિલાટ આ બધા કાર્યક્રમ એક નવા અભિગમ તરીકે આપણે રજૂ કરેલા છે. મારે કહેવું છે કે બાળ શાળા આરોગ્ય કાર્યક્રમ છે, એમાં રાજ્યના ૧.૫ કરોડ બાળકો લગભગ આખા કુલ વસ્તીના ૨૫ ટકા લોકોને આવરી લીધેલ છે. એમાં નવજાત શીશુ, ૬ વર્ષના આંગણવાડીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, શાળાએ ન જતા બાળકો, માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિકના ૧૮ વર્ષ સુધીના બાળકો આજે ગ્યાસુદીનભાઇ નથી, મદરેસાના બાળકોનો પણ આમાં સમાવેશ કરેલ છે. જ્યુવેનાઇલ જસ્ટીસ, આશ્રમ શાળા, બહેરા મૂંગા વિકલાંગોની શાળાના આ તમામ બાળકોને આમાં આવરી લઇએ છીએ. શાળા આરોગ્ય કાર્યક્રમમાં ફકત તપાસ કરવામાં આવતી નથી, પણ સંપૂર્ણ સારવાર કરવામાં આવે છે. સંદર્ભ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. વિનામૂલ્યે ચશ્માં આપીએ છે. મહત્વની બાબત એ છે કે હૃદય, કીડની, કેન્સર જેવી ગંભીર બીમારીમાં વિનામૂલ્યે સારવાર આપીએ છીએ. કીડની પ્રત્યારોપણ કરીએ છીએ. સુપર સ્પેશ્યાલિસ્ટની સેવાઓ, કોકિલિયર ઇમ્પ્લાન્ટ અને લિવર ટ્રાન્સ્પ્લાન્ટ આવી બધી બાબતોને આવરી લેવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ૧ કરોડ ૪૯ લાખથી

વધારે બાળકોને સારવાર કરવામાં આવી છે. એ ઉપરાંત ૧૪ લાખ જેટલા બાળકોને સંદર્ભ સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે. ૯૯૬૪૧ બાળકોને વિનામૂલ્યે ચશ્માં આપવામાં આવ્યાં છે. મહત્વની બાબત એ છે કે ૫૬૬૬ જેટલા બાળકોને હૃદય માટે ૨,૧૬૧ બાળકોને કીડની માટે, ૧૪૮૫ બાળકોને કેન્સર માટે ૨૬ જેટલા બહેરા હતા એમને કોક્લિયર ઇમ્પ્લાન્ટ, અને ૨ લીવર ટ્રાન્સ્પ્લાન્ટ પણ કરવામાં આવેલ છે. ૨૦૧૪-૧૫ ના વર્ષમાં શાળા આરોગ્ય માટે ૧૪.૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આખા અઠવાડિયા સુધી ગ્રામ્ય કક્ષાએ જુદા જુદા કાર્યક્રમો લેવામાં આવે છે. એમાં સફાઇ શાળા આરોગ્ય દરમ્યાન શિક્ષણ જાગૃતિ લાવવા માટેના પ્રયત્ન કરીએ છીએ.

રાજય સરકારે રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમાનો અમલ કર્યો છે. બી.પી.એલ. કુટુંબના ૫ સભ્યોને ૩૦,૦૦૦ સુધીનું સ્વાસ્થ્ય વીમાનું કવર પૂરું પાડીએ છે. એની અંદર બાંધકામ ક્ષેત્રના કામદારો, રેલ્વે પોર્ટરો,બીડી વર્કરો, અને જે લોકોએ ૧૫ દિવસ માટે કામ કર્યુ હોય તેવા મનરેગાના શ્રમિકોને આવરી લેવામાં આવ્યા છે. ૧૦૯૦ જેટલા પ્રોસિજરો માટે સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે. ૫૧ જેટલા પ્રોસિજરો મહિલાઓને લગતી બીમારી માટેના છે. આ સેવાઓ ૧૪૩૨ જેટલી નોંધાયેલી સંસ્થાની અંદર આરોગ્ય સંસ્થાઓ જેમાં ખાનગી સંસ્થાનો પણ સમાવેશ થાય છે અને એના દ્વારા આપવામાં આવે છે. ૧૮ લાખ ૭૬ હજાર કુટુંબોને સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જે લોકો કેસ લેસ સારવાર મેળવી શકતા હોય છે. અત્યાર સુધીમાં ૧૩ લાખ થી પણ વધારે દાવાઓ રજૂ કરવામાં આવ્યા છે. અને એમાં ૮૦.૪૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવેલી છે. મને કહેતા આનંદ થાય છે કે જે દાવાઓ રજૂ કર્યા છે એમાં ૩૮ કરોડથી વધુ રકમ મહિલા લાભાર્થીઓને ચૂકવવામાં આવી છે. ૩૦ કરોડથી વધારે રકમ આવતા વર્ષ માટે સૂચવવામાં આવેલી છે. રાજય કામદાર વીમા યોજના તેનો અમલ કર્યો છે. ૭માં ભાગની રકમ ગુજરાતના કોન્ટ્રીબ્યુશન તરીકે આપીએ છીએ. ૮ લાખ ૩૭ હજાર કામદારો એમાં નોંધાયેલ છે. રાજય સરકારે ૧૦૩ જેટલાં દવાખાનાં સ્થાપેલા છે. ૮ જેટલી હોસ્પિટલો કરવામાં આવેલ છે. જેમાં સુપર સ્પેશ્યાલિસ્ટ સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત ખાનગી આરોગ્ય સંસ્થાઓ એમાં પણ T e r t i a r y c a r e ની જોગવાઇ કરેલી છે. મારું સૂચન છે કે આપણે ઇ.એસ.આઇ.માં ૧૫૦૦૦ ની આવક એમાં ૧૦ થી વધારે કામદારોને આવરી લીધેલ છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આરોગ્ય અને હેલ્થના..

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે.

શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા ગુજરાત રાજયનું માર્ગ અને મકાન વિભાગના બજેટ માટેની માગણી નં.૮૫, ૮૬ અને ૮૭ જે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત કરવા ઊભો થયો છું. હમણાં ભાઇશ્રી અનિલભાઇ જોષીયારાએ વાત કરી કે ગુજરાત રાજયને આખા દેશમાં મોડલ રાજય તરીકે સ્વીકાર કર્યો છે. મિત્રો આ સ્વીકાર એમને એમ થતો નથી. તેનું વિઝન, રોડ-રસ્તા, ઇલેક્ટ્રીક પાવર, પીવાનું પાણી આ તમામ વસ્તુઓ...

અધ્યક્ષશ્રી : આ તો જસાભાઇ તમને જૂનું યાદ કરાવે છે. વાંધો નહીં.

શ્રી જસાભાઇ ભા. બારડ : મારે એક વાત કરવી છે કે હું જ આ જ વિધાનસભાગૃહમાં ૨૦૦૦-૨૧૦૦ જેટલા મતથી જીતીને આવતો હતો. આ વખતે સોમનાથ દાદાએ આ વખતે નરેન્દ્રભાઇની આગેવાની નીચે ૨૬ હજાર મતે જીતીને આવ્યો છું. મારે આ ગુજરાત રાજયના ઇન્ફ્રાસ્ટ્રકચર અને વિઝનની વાત કરવી છે. ૧ લાખ ૧૩ હજાર ૭૧૬ કિલોમિટર લંબાઇનું રાજયવ્યાપી નેટવર્ક ધરાવતું આ રાજય તે પ્રથમ રાજય છે. ૩૮૪૨ કિલોમિટર નેશનલ હાઇવે ધરાવે છે. ૧૭૮૪૬૪ કિલોમિટરના રાજય ધોરીમાર્ગ ધરાવે છે. ૨૦૫૬૪ કિલોમિટરના મુખ્ય માર્ગો જિલ્લા સાથે જોડાયેલા છે. ૭૧૪૪૬ કિલોમિટરના ગ્રામ્ય માર્ગો આ રાજયના ગામડાં સાથે જોડાયેલા છે. ૧ લાખ ૦૬ હજાર ૯૪ બ્રિજ, મેજર, માઇનોર બ્રિજ આ રાજયમાં બનાવવામાં આવેલા છે. ૨૧૬૧ કરોડના ૬૬ અન્ડરબ્રિજ તથા ઓવર બ્રિજ આ રાજયએ મંજૂર કરેલા છે. કોઇ રાજયના આર્થિક વિકાસ અને ઔદ્યોગિક વિકાસ સાથે સાથે સામાજિક સેવાઓની કલ્પના સાથે રાજયના જે તે મુખ્યમંત્રી અને આજના મુખ્યમંત્રીએ ૨૦૨૦ સુધીનું ઇન્ફ્રાસ્ટ્રકચરનું જે આયોજન કરેલ છે અને તેના આધારે રોડ રસ્તાની પરિસ્થિતિ છે તેની આપના દ્વારા વાત કરવી છે. નેટવર્ક અને ગુણવત્તા અને વિશ્વ સ્તરે બી.ઓ.ટી.ની નીતિ

અપનાવનારું આ પ્રથમ રાજય છે. મારે વાત કરવી છે કે ૨૦૦૧–૦૨ ની અંદર જે રોડની સ્થિતિ હતી તેમાં છ માર્ગીય અને ચાર માર્ગીય રોડ ૩૯૪ કિલોમિટરની હતી. તે માર્ચ ૨૦૧૪માં ૧૪૪૦ કિલોમિટરની થઇ છે. તેનાથી આગળ વધીને વાત કરવી છે કે ૧૦ મીટર પહોળાઇ ધરાવતા રસ્તા ૨૦૦૧માં ૧૩૨ કિલોમિટર હતા તે આજે માર્ચ ૨૦૧૪માં ૩૮૪૧ કિલોમિટર એટલે ૩૦ ગણો વધારો કરવામાં આવ્યો છે.

આપને વાત કરવી છે કે આયોજન વગર મોડલ રાજય બનતું નથી અને દેશ આખો તેને સ્વીકારતો નથી. સ્વીકારે છે ત્યારે તેનું આયોજન અગાઉથી જ થતું હોય છે. ૨૦૦૪ની અંદર પ્રગતિપથ નામની યોજના જાહેર કરી, ગુજરાત રાજયમાં આદિજાતિ વિસ્તાર, દરિયાઇ વિસ્તાર, ઔદ્યોગિક એકમોને જોડતા ૯ કોરીડોરની કામગીરી જે પૂર્ણ કરી છે તેમાં આયોજન નથી કર્યુ પણ તે પૂર્ણ પણ કરવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તારથી માંડીને દરિયાકિનારે છેક સોમનાથ સુધી ૮૦ થી ૧૦૦ કિલોમિટરની ઝડપે આપણે વાહન લઇ જઇ શકીએ તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આપના દ્વારા ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની વાત કરવી છે કે ૨૦૦૫ની અંદર ૧૩૨ નગરપાલિકાઓમાં ૭૫૦ કિલોમિટરના રોડ રસ્તા બનાવ્યા છે તે નમૂનેદાર બનાવ્યા છે. ત્યારે આ નગરપાલિકા વિસ્તારમાં ૫૭૫ કરોડ રૂપિયા ખર્ચીને કામ પૂર્ણ કર્યું છે. મારે વાત બીજી એ કરવી છે કે, જેમાં નગરપાલિકાઓ નથી અને ૫૫ નગરપાલિકા સિવાયના તાલુકા હતા એ તાલુકામાં ૨૦૧૦ અને ૨૦૧૧માં વિકાસપથ યોજનામાં આ બાકી રહેતા ૫૫ તાલુકાઓમાં પણ એ કામગીરી પૂર્ણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારા સાહેબ કહેતા હતા ત્યારે મારે વાત કરવી છે કે આ દેશની અંદર, આખા હિન્દુસ્તાનની અંદર આપણા ગુજરાત રાજયમાં એકમાં જ એવું છે કે, ૫૦૦ની વસતિ ધરાવતું કોઇ પણ શહેર, ગામ કે પરું રોડ રસ્તાથી વંચિત નથી. આવનારા બે વર્ષમાં જે બજેટમાં જોગવાઇ કરી છે એમાં ૨૫૦ કુટુંબ એ આદિવાસી કુટુંબો હોય કે સામાન્ય નાગરિક હોય એ એક પણ પરું કે ગામડું બાકી નથી રહેવાનું. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, અમદાવાદમાં રોડ રસ્તા થાય, પણ મારે કહેવું છે કે, સુવર્ણ જયંતિ વર્ષ દરમ્યાન બોર્ડર વિસ્તાર મધ્યપ્રદેશ હોય, મહારાષ્ટ્ર હોય, રાજસ્થાન હોય આ બોર્ડરના વિસ્તારના સરહદી ગામોમાં ૪૦૧ ગામડાંઓને જોડતા એક નમૂનેદાર રસ્તા બનાવવાનું કામ આ રાજય સરકારે પૂર્ણ કર્યું છે અને તેથી ગુજરાત ઓળંગીને રાજસ્થાન કે મહારાષ્ટ્રમાં પગ મૂકો તો તુરત ખ્યાલ આવે કે ગુજરાત રાજયની હદ પૂરી થઇ છે એવી પ્રતીતિ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા મારા મત વિસ્તારની વાત કરવી છે અને માનનીય જોષીયારાજી હું આપને કહેવા માગુ છું કે, મારા મત વિસ્તારના કામો જે થયા છે અને જે કંઇ કામગીરી થઇ છે એટલે જ લોકો સમર્થન આપે છે. હમણા જૂનાગઢમાં તમને કહું કે સપાટો બોલાવી દીધો. અમને પણ ખબર ન હતી કે આટલી સીટો મળશે. ૪૧ સીટો ભારતીય જનતા પાર્ટીને મળી અને એમાં બે જણા તો બસપા વાળાને ટીકીટ અમે ન આપી શક્યા એટલે બસપામાં લડીને જીતીને પાછા ભાજપમાં આવી ગયા એટલે ૪૩ સીટો થઇ ગઇ. ગાંધીજીની પ્રતિમા સમક્ષ પ્રતિજ્ઞા લઇ લીધી કે અમે તમારા ભેગા છીએ. મારે મારા મત વિસ્તારની વાત કરવી છે કે, મારા મત વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૩૧૦૫ લાખનો જે ખર્ચ કરી અને આ રોડ અને બિલ્ડીંગના જે કામો તત્કાલીન માર્ગ અને મકાન મંત્રી અને આજના મુખ્ય મંત્રીએ જે કામો કર્યા છે એ નમૂનેદાર છે. વેરાવળ–સોમનાથ રોડ ૩૩૦ લાખનો ખર્ચે તેમજ વેરાવળ–તાલાલા રોડ ૫૫૦ લાખના ખર્ચે એમ કુલ ૩૧૦૫ લાખનો ખર્ચ કરી અલગ અલગ કામો પૂર્ણ કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે રોડ રસ્તા સિવાયની પણ વાત કરવી છે. કલેકટર ઓફીસ હોય, એના કર્મચારીઓના રહેણાંકના મકાન હોય, આઇ.ટી.આઇ. સ્કૂલ હોય, આધુનિક કોલેજના કામ હોય, એમાં વેરાવળ મૂકામે ૩૧ કરોડ રૂપિયા કર્મચારીઓના આવાસ માટે મંજૂર કર્યા છે, કોડીનાર મૂકામે સેવા સદનના કામ માટે ૫૮૩ લાખ મંજૂર કર્યા છે. ગર્લ્સ પોલિટેકનીક હોસ્ટેલ માટે ૫૩૮ લાખ રૂપિયા મંજૂર કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન સોમનાથના સાનિધ્યમાં જે મોડેલ સ્કૂલ નક્કી કરી છે એના માટે ૬૮૬ લાખ અને ગર્લ્સ સ્કૂલ અને હોસ્ટેલનું ૨૩૪ લાખનું કામ મંજૂર કર્યું છે. આમ સૌરાષ્ટ્રનો જે વિકાસ અને સૌરાષ્ટ્રના વિકાસમાં જે વિસ્તાર વાઇઝ વિકાસ થયો છે એની વાત કરું તો રાજકોટ તથા ભાવનગરને જોડતા રસ્તા ૧૫૯.૯૦ કી.મી.ના થાય છે એ ૪૪૧ કરોડ રૂપિયાના કામો ચાલુ છે અને એ કામગીરી પૂર્ણ થવામાં છે.

જ્યાંથી હું આવું છું સોમનાથથી, સોમનાથની બાજુમાં ૨૦ કી.મી. મારું વતન છે. ત્યાંથી આવું તો અત્યારે સાડા સાતથી આઠ કલાક થાય છે, પુંજાભાઇને કદાચ નવ કલાક થતાં હશે. હમણાં ચાર મહિનામાં આ નીતિનભાઇ પટેલે જાદુ કરીને અને જે ફોરલેન બનાવ્યો છે એનું ઉદઘાટન ચાર મહિનામાં થવાનું છે. પાંચ કલાકની અંદર અમારી એન્ટ્રી ગાંધીનગર મુકામે થશે એ આ રાજ્ય સરકારની ઉપલબ્ધી છે એને કોઇ રોકી નહિ શકે.

શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગનું જે બજેટ લઇને આવ્યા છે તેમાં હું પૈસામાં કે રૂપિયામાં કે આંકડામાં નહિ પડું, પણ વગર પૈસે, વગર બજેટે તમામ વિભાગ ભેગા થઇને કાર્ય કરે તો ગુજરાતની જનતાની આપણે સારામાં સારી સેવા કરી શકીએ એવી પરિસ્થિતિ છે આપણી. કોઇપણ રાજ્યની પ્રજાનું સ્વાસ્થ્ય સારું છે તેના ઉપર રાજ્યના વિકાસનો આંક નક્કી થવો જોઇએ. મોટા મોટા બિલ્ડીંગ બનાવીએ, વિદેશથી મશીનો લાવીએ, સારી સારી સુવિધા કરીએ, દરેક સરકારે પોતાની રીતે પોતાના બજેટના પ્રમાણમાં આરોગ્ય વિભાગને મજબૂત કર્યું જ છે એમાં ના નથી. પણ એકવીસમી સદીમાં જ્યારે આપણે જઇ રહ્યા છીએ. રોગો જે રીતે માથું કાઢી રહ્યા છે એવા સંજોગોમાં આપણે રોગો ઉપર અંકુશ મેળવવાની બાબતમાં બજેટ વાપરીએ છીએ પણ મારું માનવું છે કે, રોગો થાય જ નહિ એવી પરિસ્થિતિ સર્જીએ તો એ સમાજની બહુ મોટી સેવા ગણાશે. જેમકે પહેલાં આપણે કહેતા હતા કે પાંચ કરોડની ગુજરાતની મારી જનતા, હવે આપણે બોલીએ છીએ કે છ કરોડની મારી જનતા તો એ એક કરોડની જે વસતિ વધી તેના માટેના જે પ્રશ્નો ઊભા થયા, તો એના માટે વસતિ વધારો રોકવા માટે આપણે કડક પગલાં કેટલા લીધાં, કેટલા કાયદા બનાવ્યા અને આપણે એની ઉપર શું પગલાં લીધા એ વિચારવાની તાતી જરૂર છે. જે રોગો અમુક છે એ સેક્સ આધારિત છે શું આપણે સેક્સનું શિક્ષણ આપી શકીએ છીએ? તેટલા નિડર થઇ શકીએ છીએ. જેનાથી પ્રજાને એનું જ્ઞાન મળે, એઇડ્સ ના થાય, ગુપ્ત રોગો ના થાય, બળાત્કારો ના થાય અને લગ્નનું વિચ્છેદન ના થાય. આ તરફ પણ આપણે હવે જવું પડશે. માત્રને માત્ર એક્સપાયર ડેઇટની દવાઓ જે પ્રજાની અંદર જાહેરમાં વેચાય છે એને અને નકલી દવાઓનું જે ઉત્પાદન થઇ રહ્યું છે એને આપણે શું ના રોકી શકીએ? જનતાએ આપણને ૧૮૧ જણાને ચૂંટીને મોકલ્યા છે વિધાનસભામાં એના માટે આપણે કડક કાયદો ના બનાવી શકીએ? એના માટે આપણે કડક સજા ના કરી શકીએ? એને જેલના સળીયા પાછળ નાંખીને દાખલો ના બેસાડી શકીએ? પણ આપણી નૈતિક તાકાત હોવી જોઇએ. એ તાકાત આપણે કેળવવી પડશે.

આપણે બધા ખાનગી દવાખાનામાં દાખલ કરેલા આપણા સગાવ્હાલાની ખબર કાઢવા જઇએ છીએ શું એ ખાનગી દવાખાના બિસ્માર નથી, એની અંદર આવેલા ઓપરેશન થિયેટરો ગંદા નથી? એના માટેની તપાસ કરીએ છીએ આપણે? એને રોકીએ છીએ આપણે, એની ઉપર કાયદેસર પગલાં લઇએ છીએ આપણે? એ પણ લેવા માટેની આપણે નૈતિક હિંમત કેળવવી પડશે. ઇંગ્લીશ દારૂ વેચાય છે એની ના નથી પણ મારું કહેવું એમ છે કે, જે દેશી દારૂ વેચાય છે, જે નવસારમાંથી બને છે જે ખાતરમાંથી બને છે અને ગરીબ પ્રજા, જે મજૂર વર્ગ છે એ આ દારૂ પીવે છે અને લઠ્ઠાના રૂપમાં પીવે છે એમનું આરોગ્ય બગડે છે શું કડકાઇથી આપણે એ રોકી શકીએ તો પ્રજાના આરોગ્યની માત્રા સારી ના થઇ શકે? એના માટે આપણે નૈતિક હિંમત કેળવવી પડે. એ વિભાગને પણ આની અંદર ભેળવીએ આપણે કે જો દેશી દારૂ બંધ થાય આપણે પોલીસ ખાતાને કહીએ કે દેશી દારુ બંધ કરાવો તો એ એમ કહેશે કે બિચારો એ ગરીબ છે તો પાછો એ ચોરીઓ કરશે દારૂ નહિ વેચે તો. આટલા બધા નમાલા થઇ ગયા છીએ આપણે? દેશી દારૂ જે તમામ પ્રજા પીવે છે એનાથી એમના આરોગ્ય પર બહુ મોટી અસરો થાય છે માટે આપણે દવાખાના મોટા ખોલવા પડે છે. માટે ડોકટરોની ભરતી કરવી પડે છે, માટે ૧૦૮ ચલાવવી પડે છે. આપણે જો આ બધાની અંદર જાગૃકતા લાવીએ. કાયદા કડક કરાવીએ, સજા કરાવીએ, દેશી દારૂના અડ્ડા બંધ કરાવીએ તો ઘણી સેવા પ્રજાની અને સમાજની કરી શકીશું. ગામડા અને શહેરોની અંદર જે હોટેલો ચાલે છે. હાઇવે ઉપર જે હોટલો ચાલે છે તેના રસોડાની તપાસ કરી આપણે ? તેની અંદર વાસી ખોરાક વેચાતો હોય તેની તપાસ કરી આપણે ? તેની અંદર ખોરાક જે પીરસે છે દાલફ્રાય વિગેરેમાં ઘાણા નાંખે બરાબર અને તે લોકો ખાય છે એ રસોડાની જો તપાસ કરાવીએ,

વાસી ખોરાક પ્રજા ખાય નહીં તો આરોગ્ય બગડે નહીં અને આરોગ્ય બગડે નહીં તો દવાઓની ફેક્ટરીઓ નાંખવી ના પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મૂળમાં જવાની જરૂર છે, આપણે અભિગમ બદલવાની જરૂર છે. આપણે એકવીસમી સદીમાં જવાની વાત કરતાં હોઇએ તો આ બધું કરવામાં બજેટની જરૂર જ નથી. આની અંદર જે આપણી પાસે તંત્ર છે, જે અધિકારીઓ છે તેમણે તપાસ કરવાની જરૂર છે અન્ડર ગ્રાઉન્ડ જે ચાલતું હોય એ બંધ થાય તો બહુ મોટી વસ્તુ છે. બધી જગ્યાએ ખુમચાઓ ચાલે છે, ખુલ્લે આમ ખુલ્લી વસ્તુઓ વેચાય છે, ડીસો ધોવાતી નથી અને તે લોકો ખાય છે તો શું આરોગ્યને નુકસાન નથી થતું ? આરોગ્યને આપણે ઘણું મોટું નુકસાન કરી રહ્યાં છીએ. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ આપણી પાસે નથી? તે શું કરે છે? કેટલા લોકોને પકડયા? સજા કરીને તેણે કેટલા દાખલ બેસાડયા? એકાદ બેને તો સજા કરાવો જેથી કરીને પ્રજામાં જાગૃતિ આવે. કેસો કરીએ છીએ પણ છૂટી જાય છે. શાથી છૂટી જાય છે? પેપરો જ પોલા કરીએ છીએ આપણે. આ બધી વસ્તુઓ ઉપર જો ઘ્યાન આપીશું તો હું માનું છું કે રોગને આપણે મૂળમાંથી કાઢીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બજારમાં ખુલ્લેઆમ કોહેલી કેરીઓ વેચાય છે, કોહેલા કેળા વેચાય છે અને તે ખરીદે છે ગરીબ લોકો. કેરીઓની કિંમત અમારા પેટલાદ માર્કેટમાં ઉંચી હોય પણ નાનો માણસ ગરીબના છોકરાને કેરી ખાવી હોય તો કોહેલી કેરીઓ ખરીદે છે. શું આપણી પાસે સેનેટરી વિભાગ નથી ? આપણામાં તેને બંધ કરાવવાની તાકાત નથી ? કેરીઓ પકવવા, કેળા પકવવા પાવડરનો ઉપયોગ થાય છે ત્યારે આપણે તેનો નાશ કરીએ છીએ પણ પકવનારને સજા કરીએ છીએ ? તેને સજા કરવા પાછળ કાયદામાં કોઇ કડકાઇ કે નવા નિયમો બનાવ્યા આપણે ? આક્ષેપો કરીએ છીએ, કાપ દરખાસ્તો મૂકીએ છીએ ભેગાં થઇને આવા કાયદાઓ બનાવીએ, કડક કાયદાઓ બનાવીએ અને મોટી સજા થાય તો એ કાયદાથી લોકો ડરશે, ખોટાં કામ કરતાં અટકશે.

માનનીય અધ્યક્ષશ્રી, નકલી દૂધ, નકલી ઘી, ખુલ્લા માર્કેટમાં ભેળસેળવાળી વસ્તુઓ વેચાય છે. આપણે શું ચેકીંગ કરીએ છીએ? કેમ નથી કરતા? શાના કારણે નથી કરતા? આપણે તંત્રને એકટીવ કરીને ઘણું કામ આપણે કરી શકીએ એવા છીએ. આપણે લગ્નમાં જઇએ છીએ જગમાંથી બિસ્લેરીનું પાણી પીએ છીએ પણ તેની ઉપર આઇ.એસ.આઇ.નો માર્કો હોય છે? ખુલ્લેઆમ બિસ્લેરીના નામે પબ્લિકને લૂંટવામાં આવે છે, પાણીજન્ય રોગો થાય છે તેની ઉપર પણ નિયંત્રણ આવવું જોઇએ. પ્લાસ્ટીકની કોથળીઓ ઉપર આઇ.એસ.આઇ.માર્કો મારેલો હોય છે પણ તે ડુપ્લીકેટ વેચાય છે. પ્લાસ્ટીકની કોથળીઓમાં પાઉચ વેચાય છે તે ગરીબ લોકો પીવે છે. આપણે તો બોટલોનું પાણી પીએ છીએ. એ ગરીબ લોકો જે પાણી પીવે છે તે નળનું સીધુ આવે છે તેનું કોઇ ચેકીંગ જ નથી, કોઇ સીસ્ટમ જ નથી. ખાલી માર્કો મારી દે છે અને તે આપણે પીએ છીએ. પ્લાસ્ટીકનું ડુપ્લીકેટ તેનાથી આરોગ્યને બહુ મોટું નુકસાન થશે. આપણે તેને રોકવું પડશે. ગામડાંની અંદર ઉકરડાં ખુલ્લેઆમ વસ્તીની નજીક હોય છે. નગરપાલિકાના કચરાઓ નાંખવાની જગ્યાઓ નથી, કોર્પોરેશનો પાસે જગ્યા નથી ખુલ્લેઆમ કચરો નાંખીએ છીએ. તેનાથી શું પ્રદુષણ બગડતું નથી? આપણે તે શ્વાસ લઇએ તો આપણાં શ્વાસમાં તે જીવાણુંઓ આવતાં નથી? આપણું આરોગ્ય બગડતું નથી? કરોડો રૂપિયા આઝાદી પછી સ્વચ્છતા માટે ખર્ચ કર્યા, અબજો રૂપિયાનો આરોગ્ય પાછળ ખર્ચ કર્યો પણ પાયાની વસ્તુ આપણે ભૂલી ગયા. નગરપાલિકાઓ પાસે જગ્યા જ નથી અને આપણે તેને કચરો સાફ કરવાનું ફંડ આપીએ છીએ. તંત્રએ કોઇ દિવસ તપાસ કરી કે આ કચરો કયાં નાંખે છે? તેનો નાશ કયાં કરે છે? તેમાંથી કેવી રીતે જુદુ પાડે છે? શું કરે છે? આપણી પાસે આ તંત્ર નથી તે તંત્રને પણ આપણે મજબૂત કરવું પડશે. આપણે આ માટે પાણી પુરવઠાનો પણ સહકાર લઇ શકીએ.

ગામડામાં હેન્ડ પમ્પો બનાવીએ પણ તેમાં ટી.ડી.એસ.ની તપાસ કરી કે કેટલી આવે છે ? એ પાણીથી પથરીના રોગો થાય છે. હાડકાં નરમ થઇ જાય છે, હાડકાંના રોગો થાય છે. આપણે તેને એમ્બ્યુલન્સ બોલાવીને લઇ જવા પડે છે. સીસ્ટમમાં બહુ મોટો ફેરફાર કરવાની જરૂર છે. નગરપાલિકાઓનું પાણી જનતા ટી.ડી.એસ.વાળું પીવે છે. ચોખ્ખા પાણીની વાતો કરે છે આપણે અબજો રૂપિયા પાણી પાછળ વાપરી નાંખ્યા. પાઇપો ખરીદ્યા આટલી મોટી, પણ નાના નાના ગામોની અંદર હેન્ડપંપોની અંદર

ટીડીએસવાળું પાણી પ્રજા પીવે છે એના માટે તપાસ થતી નથી તો ટીડીએસવાળું પાણી ના પીવે એના માટેનું પણ તંત્ર આપણે ગોઠવવું પડશે. દરેક દવા ઉપર લખેલું હોય છે કે, કીપ ઇન કોલ્ડ – ઠંડકમાં રાખો. કેટલા મેડીકલ સ્ટોર્સની અંદર એરકન્ડીશન ચાલે છે? કેટલી ફેકટરીઓમાં કે જે ફેકટરીઓ દવાનું ઉત્પાદન કરે છે એમાં એરકન્ડીશન ચાલુ હોય છે? કેટલા દવાના ગોડાઉનમાં ઠંડકવાળા એરકન્ડીશન ચાલતા હોય છે? દવાનું ઉત્પાદન ગરમીમાં થતું હોય છે. હું મારા શહેરની એક ફેકટરીમાં ગયો, જોયું તો ટીકડીઓ પેકિંગ થતી હતી, ૪૨ ડીગ્રી હતી અને ઉપર લખેલું હતું, વાંચ્યું, એ કીપ ઇન કોલ્ડ લખેલું હતું. મેડીકલ સ્ટોર્સની અંદર ફ્રીઝ હોય છે પણ એ પોતાને ઠંડુ પાણી પીવા માટે તો આપણે સીસ્ટમમાં ફેરફાર કરવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમેરિકા ગયો હતો, ત્યાં હું ખરીદી માટે એક સ્ટોરમાં ગયો અને પછી ત્યાં બીજે દિવસે ગયો હતો તો એ સ્ટોર બંધ હતો. મેં પૂછ્યું કે કેમ બંધ છે? તો કહ્યું કે, પેકિંગવાળી કેરીઓ એણે બહાર મૂકી હતી. એના દરવાજા બહાર પેકિંગવાળી કેરીઓ મૂકી હતી. મેં કહ્યું કે, સ્ટોર કેમ બંધ કરી દીધો? તો કહે છે કે મારા અમેરિકાની પ્રજા વાયરસ એમનો લાગે અને ખાય અને પ્રજા બિમાર પડે તો જવાબદારી કોની? તો ત્યાં એટલું આરોગ્ય તંત્ર સ્ટ્રોંગ હતું. તો આપણા ત્યાં તો કુરકુરે ખુલ્લા, વેફર તાપમાં તપે આખો દિવસ. રાત્રે ઠંડકમાં આવે દુકાનમાં, વેફરો તપે, કુરકુરે તપે, અઠવાડિયું દસ દિવસ, આઉટ ઓફ ડેટ થાય, કોઇ જાતનું તંત્ર જ નથી. ખુલ્લેઆમ ખુલ્લા પડીકાંમાં બધી વસ્તુ વેચાય, આરોગ્ય બાળકોનું બગડે છે પછી તંદુરસ્ત બાળકો પાછળ બજેટ વાપરવું પડે છે પછી શાળાઓમાં આરોગ્ય તપાસ કરવા માટેના ખર્ચા કરવા પડે છે અને પછી આપણે એમને દવાઓ કરવી પડે છે, પણ બાળકોનું આરોગ્ય ના બગડે એની વ્યવસ્થા પહેલેથી કરવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કાયદો બનાવ્યો, સ્કૂલના સો મીટરની અંદર તમાકુ ના વેચાય, તો એ માટેની કેટલી તપાસ કરી? કેટલી જગ્યાએ તમાકુ નથી વેચાતી? શું દંડ આપણે કર્યો? શું સજા કરી? એ તમાકુ ખાનાર છોકરાને કેન્સર થાય એની ચિંતા કરી આપણે? એના માટેનાં પગલાં લીધાં આપણે? કેમ નથી લેતા? કાયદાઓ ઘડીએ છીએ, ઢીલા હોય તો મજબૂત બનાવીએ આપણે, સમય છે આપણી પાસે, ૨૫ દિવસ ભેગા થઇએ છીએ આપણે, થાઓને ૧૦૦ દિવસ. પ્રજાએ એ માટે આપણને ચૂંટ્યા છે, નહીં કે સમય માટે ચૂંટ્યા છે. તો મહેરબાની કરીને આવી નાનામાં નાની વસ્તુ કે જે આરોગ્યને નુકસાન કરે છે, જે આરોગ્યને તબાહ કરે છે અને પછી આપણે બજેટ વાપરીએ છીએ, પછી કર નાખીએ છીએ, પછી વેરા વધારીએ છીએ. આમ, આ સર્કલમાંથી આપણે બહાર આવતા નથી. એકબીજાના આરોગ્યની ચિંતા એ પ્રાથમિક વસ્તુ છે એને કારણે હું માનું છું કે, આ થવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગ પણ મદદ કરી શકે એમ છે. જે ખેડૂતો અનાજ પકવે છે એની અંદર ખાતરનો વધારે ડોઝ આપે છે અને જે જંતુનાશક દવાઓ વપરાય છે એ જે દવા અનાજ ઉપર છાંટવામાં આવે છે અને એ અનાજ ખાવામાં આવે છે એનાથી પણ આપણું આરોગ્ય નબળુ પડે છે. તો એ અંગે પણ તપાસ થવી જોઇએ અને પગલાં લેવાં જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્સર જેવા રોગો માટે અબજો રૂપિયા આપણે ખર્ચીએ છીએ પણ કેન્સર ના થાય એના માટેથી પ્રાથમિક કોઇ વસ્તુ આપણે કરતા નથી તો એ પણ આપણે કરવી પડે. બાળકો, નાના કુમળાં બાળકો વાનની અંદર ૨૫–૨૫ અને રિક્ષાની અંદર ૧૫–૧૫ જાય, તો એ ૧૫માંથી એકને શરદી થઇ હોય તો એના વાયરસ બાકીના ૧૪ને લાગે છે. આપણે નિયમ કર્યો છે એ નિયમ પાળીએ છીએ? નથી પાળતા. શાથી ? એ નિયમ પાળીએ તો બાકીના ૧૪ બાળકોનું આરોગ્ય ના બગડે અને શાળાઓમાં એના ટેસ્ટ ના કરવા પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ઘણી બાબતો કહેવી છે, આપ સમય આપો તો બધુ કહી શકાય અને માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ પણ આપણને મદદ કરી શકે છે. શિક્ષણની અંદર વ્યાયામના શિક્ષકો નથી. વ્યાયામ એ શરીર સુધારવા માટેની એક પ્રવૃત્તિ છે. એવા શિક્ષકોની ભરતી કરો અને બાળકોને બબ્બે પિરિયડ વ્યાયામ કરાવો. અત્યારના બાળકો ટી.વી. જુવે છે અને ઘરે બેસી રહે છે. ટ્યુશનમાં જાય છે, વ્યાયામ થતું નથી. વ્યાયામ ન થાય તો રોગપ્રતિકારક શકિત એમનામાં કયાંથી આવવાની છે? તો વ્યાયામના બબ્બે

પિરિયડ લો. વ્યાયામ શિક્ષકોની ભરતી કરો અને એ રીતે આપણે આ બાળકોને વ્યાયામ તરફ વાળીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૦ ધારાસભ્યો રહે છે. ૫૦ ટકા જુવાન છે, હજી આપણે જીમ પણ નથી ખોલી શકયા. વ્યાયામને મહત્વ આપવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે જયાં સંપૂર્ણ સ્વચ્છતા હશે ત્યાં આપણે સારું આરોગ્ય પ્રાપ્ત કરી શકીશું. આપણે આયુષ્ય વધારી શકયા છીએ, પરંતુ આરોગ્ય વધારી શકયા નથી, આરોગ્યમાં સુધારો થઇ શકયો નથી એ સુધારવું જોઇએ. આયુષ્ય વધારવું જરૂરી નથી, પરંતુ આરોગ્ય વધવું જોઇએ.

અધ્યક્ષશ્રીઃ માનનીય નિરંજનભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૪-૧૫ ના વર્ષના અનુદાનો માટેની આરોગ્ય વિભાગની માગણી નંબર ૩૯ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને અનુમોદન આપું છું અને એની ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી જોષીયારાભાઇ અને શ્રી નિરંજનભાઇએ આરોગ્યની વાત કરી છે. તો ગુજરાત સરકાર આરોગ્યની બાબતમાં ખૂબ જ કિટબદ્ધ છે. આપણા જીવનમાં આરોગ્યનું ખૂબ જ મહત્વ છે અને "સર્વે સુખેન ભવન્તુ સર્વે સંતુ નિરામયા" જે કહેવત છે ત્યારે માનનીય જોષીયારાભાઇ અને માનનીય નિરંજનભાઇને કહેવા માગું છું કે આપણા મરીજ સાહેબે કહ્યું છે કે " હું કયાં કહું છું કે આપની હા હોવી જોઇએ, પરંતુ ના કહો તેમાં પણ વ્યથા હોવી જોઇએ."

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પક્ષની સરકારે નાગરિકોના સ્વાસ્થય માટે ખૂબ જ ચિંતા કરી છે, એને પ્રાથમિકતા આપી છે. સારવાર લેનાર કયા પક્ષનો છે એવું કોઇ પૂછતું નથી એના કેસ પેપરમાં પણ એ કોલમ નથી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ એન.એ.બી.એચ..નું પ્રમાણપત્ર મેળવનાર આખા દેશમાં પ્રથમ છે. એ જ રીતે એન.એ.બી.એચ.નું પ્રમાણપત્ર મેળવનાર સોલા હોસ્પિટલ દેશમાં બીજા નંબરે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આપે જેમાં પૈસા મંજૂર કર્યા છે એમાં વડોદરા હોય, મહુવા હોય કે નવસારી હોય એને પણ એન.એ.બી.એચ. પ્રમાણપત્ર આપ્યું છે. આ પ્રમાણપત્ર એ નેશનલ હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબ અપાય છે એ ભાજપ કોઇ બોર્ડે એ બનાવ્યું નથી અને એના માટે હું મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીની જુદી જુદી વિવિધ યોજનાઓ છે. એમાં શાળા તપાસણી આરોગ્ય કાર્યક્રમ, બેટી બચાવો અભિયાન, બાળસખા કાર્યક્રમ અને ચિરંજીવી યોજનાનો એશિયન ઇનોવેટીવ એવોર્ડ પણ મળ્યો છે. ઇ-મમતા કાર્ડ આપવામાં પણ ગુજરાત પ્રથમ સ્થાને છે. એશીયાની સૌથી મોટી બ્લડબેંક હોય તો એ અમદાવાદ સિવિલ હોસ્પિટલ છે. We must be proud that we have one of the best Blood Bank in the country.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય આરોગ્ય કેન્દ્રમાં એમ્બ્યુલન્સ માટે જે પૈસા મંજૂર કરવામાં આવ્યા છે. આપણે લગભગ મે માસમાં બીજા રવિવારે વિશ્વભરમાં મારી બહેનો જયારે અહીં બેઠી છે ત્યારે આપણે મધર્સ ડે મનાવીએ છીએ , પરંતુ આપણા રાજયની ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખિલખિલાટ સેવા એ દરરોજ મધર્સ ડે ઉજવે છે એમ કહું તો ખોટું નથી. લગભગ ૧ લાખ ૪૫ હજાર માતા અને શિશુઓને આપણે ઘર સુધી મૂકવા લઇ ગયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સંવેદના કોને કહેવાય? હું ખોટા વખાણમાં માનતો નથી, પરંતુ આ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી જયારે પ્રવેશોત્સવ નિમિત્તે અમારા ધરમપુરમાં આવ્યા હતા અને ઇશ્વરભાઇ અને જીતુભાઇ જો અત્યારે હાઉસમાં હાજર હોય તો એમને કહેવા માગું છું કે ગુજરાતમાં પ્રથમ ટોલ ફ્રી ૧૦૪ ની હેલ્પ લાઇનનું લોન્ચિંગ એમણે કર્યુ છે અને જે આદિવાસી વિસ્તારમાં લેપ્ટોસ્પાઇરોસીસના રોગો હોય કે ગ્રામીણ ક્ષેત્રના રોગો હોય તો એમાં તાવ હોય તો એમને ઘેર બેઠાં સારવાર માટે આ સંજીવનીરૂપ આ હેલ્પ લાઇન બની શકશે એમ કહું તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ૨ દિવસમાં અમારા નવસારી મત વિસ્તારમાં અને નવસારી જિલ્લામાં પણ આ ટોલ ફ્રી ૧૦૪ ની સેવા ચાલુ થવાની છે. માનનીય મંત્રીશ્રી અહીં બેઠા છે એમની સંવેદનાની પણ વાત કહેવા માગું છું કે હું ભૂલતો ના હોઉં તો એમનો જન્મ દિવસ ૨૨ મી જુન, ૨૦૧૪ ના રોજ હતો અને કોઇ

પોતાનો જન્મ દિવસ ઉજવતું હોય તો એ હીલ સ્ટેશન ઉપર જાય, કોઇ સારી હોટલમાં જાય કે કોઇ બીચ ઉપર જાય, પરંતુ અમારા માનનીય આરોગ્ય મંત્રીશ્રી એમના જન્મ દિવસે દ્વારકાધીશ જતા હતા અને રસ્તામાં ખંભાળીયા આવે છે એ શહેરની મુલાકાત લઇને ત્યાં નવી બનતી હોસ્પિટલ છે ત્યાં ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરતા ગયા છે. આ સંવેદના સાથે માનનીય મંત્રીશ્રી કામ કરી રહ્યા છે. કાલે જ માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ટી.વી.માં ઇન્ટવ્ર્યુ આપીને એમ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીના દિવસો સારા આવ્યા છે અને બાળકોના દિવસો ખરાબ આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, કુપોષણ માટેની વાત કરું છું, મારા નવસારી જિલ્લાની અંદર કુપોષણના જે ૭૦૦૦ કેસો હતા, આ અંકુર પ્રોજેકટને લીધે આજે કુપોષણનું પ્રમાણ ૭૦૦ બાળકોનું થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે મેડિકલની પણ વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ વધારે આપજો, કારણ કે આપના જેવા વિદ્વાન અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન અમને છેક ફેબ્રુઆરી ૨૦૧૫ માં મળવાનું છે, કાલે છેલ્લો દિવસ છે, ત્યારે મેડિકલ કોલેજની પણ હું વાત કરીશ કે જયારે બૃહદ મુંબઇ રાજય હતું ત્યારે આપણી પાસે ફકત ૮૦ બેઠકો મેડિકલની હતી. અને હવે લગભગ ૧૧૨૫ બેઠકો છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી ક્રમાંક ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયના સામાજિક, આર્થિક અને ઔદ્યોગિક વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધાઓ અને પરિવહનની વ્યવસ્થા આ ત્રણેય સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે. અને ગુજરાતે છેલ્લા ૧૦ વર્ષમાં આ બાબતે જે કરી બતાવ્યું, હમણા હાલ જોષીયારા સાહેબે વાત મૂકી કે રસ્તાઓના રી સરફેસીંગ થતા નથી. પણ ગુજરાતમાં ૧ લાખ ૧૩ હજાર કિલોમિટર ઉપરાંતનું રસ્તાઓનું નેટવર્ક છે. એમાં છેલ્લા પાંચ વર્ષમાં ૬૫ હજાર કિલોમીટર ઉપરના રસ્તાઓના રી સરફેસીંગના કામો આપણે કર્યા છે. અને આખા દેશમાં આટલું મોટું રી સરફેસીંગ અને સુધારાનું કામ કોઇએ નહીં કર્યું હોય. છેલ્લા પાંચ વર્ષની અંદર જોઇએ તો જે રસ્તાઓની પહોળાઇ વધારવાની હતી તે પહેલા દસ મિટરના રસ્તાઓની લંબાઇ ફકત ૩૮૧ કિલોમિટર હતી, આ ૧૦ મિટર પહોળાઇ આપણે લગભગ ૩૮૦૦ કિલોમિટર સુધીના રસ્તાની પહોળાઇ વધારી શકયા છે. આ ગૌરવની બાબત છે. હું સાબરકાંઠા જિલ્લાની વાત કરું, તો શામળાજીથી રાધનપુરનો પ્રગતિ પથ જાય છે. એમાં લગભગ ૧૧૮ કરોડ રૂપિયાના ખર્ચે કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. તે સિવાય હિંમતનગરની વાત કરીએ તો ખાનગીકરણના ધોરણે આર.ઓ.બી. બાયપાસ કર્યો એમાં ૭ કરોડ રૂપિયા વાપર્યા છે. ફરીથી હિંમતનગરમાં આપણે વિકાસ પથની જે યોજના મૂકી એમાં લગભગ ૩ રસ્તાઓ જુદા જુદા હતા, એમાં ૭ કિલોમીટરમાં અંદાજે ૬ કરોડ રૂપિયા વાપર્યા છે. જાજરી જે પ્રખ્યાત મંદિર છે, તેના માટે પણ સરકારે વિશેષ કાળજી લીધી છે અને પ્રવાસીઓને આકર્ષવા માટે ગુજરાત સરકારે પ્રવાસી પથ બનાવ્યો છે. એ જ રીતે રહેણાકના મકાનોની વાત કરું તો માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે રહેણાકના મકાનો અત્યારે હાલ બની રહ્યા છે, શહેરી વિસ્તારોમાં જમીનો ઓછી છે, મર્યાદિત છે, તેથી એક કન્સેપ્ટ લાવ્યા, બહુમાળી ટાવર બનાવવા, અલગ અલગ કક્ષાઓ, ઇ–૧, ઇ–૨, અને એ. બી. સી. ડી. એવા અલગ અલગ પ્રકારના અમદાવાદમાં જ ૯૦ કરોડ ઉપરાંતના કામો પ્રગતિમાં છે. અને તે કામો પણ લેટેસ્ટ ટેકનોલોજીથી ભૂકંપ પ્રુફ, મોડયુલર ફયુચર, અને ખૂબ ઉંચી ગુણવત્તા વાળા મકાનોનું નિર્માણ ગુજરાત સરકાર દ્વારા થઇ રહ્યું છે. ગયા રવિવારે હું સાબરકાંઠા જિલ્લાના વિજયનગર મુકામે ગયો હતો. માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇએ પ્રશ્નોત્તરીમાં કહ્યું હતું કે અમારે ત્યાં સરકારી મકાનો તથા સારી ઓફિસો નથી. મેં વિજયનગર ખાતે પૂછયું કે આ મકાન કોનું છે? તો મને કહેવામાં આવ્યું કે આ તો મામલતદાર ઓફિસ છે. એક કોર્પોરેટ ઓફિસને શરમાવે તેવી મામલતદાર કચેરી હતી. આ એક ગુજરાત સરકારની કામગીરીનો નમૂનો છે.

હું મારા સાબરકાંઠા જિલ્લાની વાત કરું તો અરવલ્લી જિલ્લામાં સેવા સદન માટે ૨ હજાર લાખની જોગવાઇ કરવામાં આવી છે. જયુડિશ્યરી કવાર્ટરની વાત કરીએ તો હિંમતનગર ખાતે એનું કામ પૂર્ણ થઇ ગયેલ છે. પ્રાંત ઓફિસરનું મકાન અને નિવાસી કલેકટરના મકાનનું કામ પ્રગતિમાં છે. એ જ

રીતે વિજયનગર ખાતે જ્યુડિશ્યરીના સ્ટાફ કવાર્ટર, વડાલી ખાતે જ્યુડિશ્યરીના સ્ટાફ કવાર્ટર, ઇડર ખાતે જ્યુડિશ્યરીના સ્ટાફ કવાર્ટરનું કામ પ્રગતિમાં છે. નવા શરૂ કરવાના છે એમાં હિંમતનગર ખાતે ઇ ટાઇપના છ કવાર્ટર માટે બે કરોડનો ખર્ચ થવાનો છે. એ જ રીતે ખેડબ્રહ્માં ખાતે જ્યુડિશ્યરીના કવાર્ટર માટે ૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

આ રીતે જોઇએ તો ગુજરાતની અંદર જે રીતે કામગીરી થઇ રહી છે, નેટવર્ક, રસ્તાઓ અને ઇન્ફ્રાસ્ટ્રકચરના કામો છે એમાં ત્રણ વિભાગ છે સામાજિક, ઔદ્યોગિક અને વિકાસ. આ આ ત્રણ ક્ષેત્રના મૂળમાં જેટલા પણ અભિનંદન આપવા હોય એ ભારતીય જનતા પાર્ટીની ટીમને તથા માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને આપીએ એટલા ઓછા છે. માનનીય વિપક્ષના સભ્યશ્રીઓ જે કાપ દરખાસ્તો લઇને આવ્યા છે એ પાછી ખેંચી લે અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને અનુમોદન આપે એટલું કહીને વિરમું છું.

શ્રી શંભુજી ચે. ઠાકોર**(**ગાંધીનગર (દક્ષિણ)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી ગુજરાત પટનગર બાંધકામ યોજનાની માગણી નંબર ૮૭ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

ગુજરાતના પાટનગર એવા ગાંધીનગરની સ્થાપના ૨જી ઓગષ્ટ, ૧૯૬૫ના દિવસે જી.ઇ.બી. ના રેસ્ટ હાઉસની પ્રથમ ઇંટ મૂકીને કરવામાં આવેલ હતી. ગુજરાતનું પાટનગર ગાંધીનગર પૂજય મહાત્મા ગાંધીજીના નામ સાથે સાંકળેલ પરંતુ ગાંધીજીની ઓળખસર કોઇ સ્મારક ગાંધીનગર ખાતે નહોતું. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતના પાટનગરને ગાંધીજીના નામ સાથે સાંકળેલ છે. તેઓએ પૂજય મહાત્મા ગાંધીજીનું સુંદર સ્મારક મહાત્મા મંદિર બનાવવાનો વિચાર કર્યો અને આ મહાત્મા મંદિરમાં ગુજરાતના ગામે ગામથી માટી મંગાવવામાં આવી, આખા દેશમાંથી તથા દુનિયામાંથી જયાં જયાં ગુજરાતીઓ રહેતા હતા ત્યાંથી માટી મંગાવીને આ મહાત્મા મંદિર જે જગ્યાએ બનવાનું હતું ત્યાં લાવ્યા અને એ સ્થળે ખાત મૂહુર્ત કરવામાં આવ્યું. આજે સુંદર મહાત્મા મંદિર જે ગાંધીનગરની એક રોનક કે ઐતિહાસિક સ્મારક કહી શકાય તેવું બનાવવામાં આવેલ છે. કોંગ્રેસના ૨૫ વર્ષના શાસનમાં આ પાટનગરના વિકાસ માટે ખૂબ જ ઓછું બજેટ ફાળવવામાં આવતું હતું પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આ બજેટમાં ઉત્તરોત્તર વધારો કરીને ગાંધીનગરને સુંદર પાટનગર તરીકે ઓળખ આપી છે. આપણે જયારે ગુજરાત મોડેલની વાત કરીએ છીએ ત્યારે આ ગુજરાતના મોડેલનું પ્રતિબિંબ પાડતું હોય તો એ પાટનગર ગાંધીનગર છે. આ ગુજરાત મોડેલે સમગ્ર દેશમાં અને સમગ્ર વિશ્વમાં નામના મેળવેલ છે ત્યારે વર્ષ ૨૦૧૪-૧૫ માટે પાટનગર વિકાસ માટેની જોગવાઇ રૂ. ૨૧૮.૯૫ કરોડની કરવામાં આવી છે જે વર્ષ ૨૦૦૧ કરતાં ૧૩ ગણી વધારે છે.

રાજયના પાટનગર ગાંધીનગરનો સર્વાંગી વિકાસ થાય, તેને અદ્યતન બનાવવા માટે માર્ગ અને મકાન વિભાગ અને પાટનગર યોજના વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં ગાંધીનગરમાં આંતર માળખાકીય સુવિધાઓના કામો જેવા કે સેન્ટ્રલવિષ્ટા, રસ્તાઓ, ફૂટપાથ, પાણી પુરવઠાની યોજનાઓ, સ્ટોર્મવોટર જેવી પાઇપલાઇન માટે ઉપયોગી કામો હાથ ઉપર લીધા છે. રહેણાંક અને બિન રહેણાંકના મકાનોના વધારાના વિકાસના કામો પણ હાથ ધરવામાં આવેલ છે. ગાંધીનગરમાં પાણી પુરવઠાની પદ્ધતિ અપગ્રેડ કરવાનું કામ ૧૮.૬૨ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની કચેરી સહયોગ ભવન માટે બહુમાળી મકાનોનું બાંધકામ રૂ. ૨૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં રેલ્વે સ્ટેશનથી ચ રોડ સુધીનું સેન્ટ્રલવિષ્ટાનું કામ ફેઝ-૨ રૂ. ૨૮.૫૮ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગાંધીનગર ચરેડી ખાતે હયાત પાણી પુરવઠાનું આપગ્રેડેશન તેમજ પંપીંગ સામગ્રી પૂરી પાડવાનું કામ ૭.૯૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે. કર્મચારીઓના નાના કક્ષાના ૧૦૨૫ જેટલા મકાનોની સુધારણાનું કામ ૧૭.૩૪ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગાંધીનગરમાં 'ગ' અને 'ગ-૧' કક્ષાના મકાનોના નવીનીકરણનું કામ રૂ. ૧૩.૬૫ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. સચિવાલય સંકૂલ ખાતે વિધાનસભા અને સચિવાલય બ્લોકની વચ્ચે બે વધારાના બ્લોકનું કામ રૂ. ૨૧૭ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગાંધીનગરમાં નક્કી કરેલ નીતિ

મુજબના ઝૂંપડાવાસીઓના પુનઃસ્થાપનની કામગીરીનું કામ પ૨.૪૬ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. સચિવાલય સંકૂલમાં બ્લોકની સુધારણાનું કામ ૧૪.૨૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. ગાંધીનગર ખાતે રાજય કક્ષાની અને બંધારણીય કચેરીઓ કર્મયોગી ભવન માટે બહુમાળી મકાનોના બાંધકામનું કામ રૂ. ૮૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરના કન્વેન્શન સેન્ટર ફેઝ–૨– 'અ' 'બ'નું બાંધકામ રૂ. ૧૦૦ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. સ્ટેમ્પ ડયૂટી અને નોંધણી ભવન તથા સેટલમેન્ટ કમિશ્નરની કચેરીનું કામ રૂ. ૨૩.૪૨ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગાંધીનગરમાં ગટરનું પાણી શુદ્ધ કરવાનું કામ રૂ. ૧૫.૫૪ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. જેથી વર્ષે કરોડો રૂપિયાના પીવાના પાણીની સમકક્ષ ખર્ચ બચેલ છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ફેઝ–૨–'બ'નું કામ રૂ. ૨૬૦...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય હીરાભાઇ.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી–માર્ગ અને મકાન, માગણી નં. ૮૫ અને ૮૬ લઇને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસ માટે રસ્તાઓનું સુદ્રઢ માળખું હોવું અત્યંત જરૂરી હોય છે અને કનેક્ટિવીટી જેટલી સારી એટલો રાજયનો વિકાસ ઝડપી બનાવી શકાય છે. જેમ વ્યક્તિના જીવંત રહેવા માટે લોહીનું ભ્રમણ કરતી શીરાઓ અને ધમનીઓ જેટલી અગત્યની છે. એટલું જ અગત્યનું આ રસ્તાઓનું માળખું રાજ્યની વિકાસ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે આવશ્યક છે. ભૂતકાળમાં અને વર્તમાનમાં આ રાજ્યના રસ્તાઓના વિકાસમાં અનેક પ્રકારની કામગીરી થઇ છે અને એના કારણે ૧૯૬૦–૬૧માં ગુજરાતની સ્થાપના થઇ તે વખતે રસ્તાઓની લંબાઇ ૨૨૬૨૯ કિલોમીટરની હતી. ત્યારપછી ૧૯૯૫માં આ લંબાઇ વધીને ૭૦૬૪૯ કિલોમીટરની થઇ અને અત્યારે આ લંબાઇ ૭૭૬૯૦ કિલોમીટરની છે. આ વાત એટલા માટે કરું છું કે, ઘણી વખત સત્તા પક્ષના માનનીય સદસ્યશ્રીઓ મોટા ભાગે આ ગૃહની અંદર એવી વારંવાર ટકોર કરતા હોય છે કે, ભૂતકાળની સરકારોએ કોઇ કામગીરી કરી નથી અને જે કોઇ કામ થયું છે એ છેલ્લા દસ વર્ષની અંદર થયું છે. પણ જે સાચી વાત છે એ ગૃહમાં સ્વીકારવી જોઇએ અને કરવી જોઇએ. ભૂતકાળની સરકારોએ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ બહુ મોટા પ્રમાણમાં કર્યું છે. રાજ્યના વિકાસને ગતિ આપવી હોય ત્યારે આ માળખાકીય સુવિધાઓ ઊભી કરવાનું કામ બહુ કપરું હોય છે. નાણાકીય જોગવાઇઓ એટલી હોતી નથી. વિવિધ કરવેરા દ્વારા ઉપજ થાય, એ ઉપજનું પ્રમાણ બહુ ઓછું હોય છે. એક દાખલો આપું. ૧૯૫૦–૫૧માં કેન્દ્ર સરકારનું સંરક્ષણનું બજેટ રૂ.૧૦૦/– કરોડનું હતું અને આજે એ રૂ.૨/– લાખ કરોડ કરતાં પણ મોટું છે. એટલે સરખામણી પણ બહુ વાજબી હોવી જોઇએ. સરખામણી એવી રીતે ન કરવી જોઇએ કે બન્ને વચ્ચે બહુ મોટો તફાવત હોય અને કારણો હોય. આપણે ઘણું બધું કામ કર્યું છે. આ વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઇટ ઇઝ ધ કન્ટીન્યુઅસ પ્રોસેસ ઓફ ધ ડેવલપમેન્ટ. એટલે એ રીતે આ બધા પરિબળોના કારણે એમાં ભાવ વધારો થાય અને રાજ્યની આવક વધે અને મહેસૂલી ખર્ચ પણ વધે. ઉત્તરોત્તર આ કામ ચાલતું હોય છે.

મહત્વની વાત એ છે કે, રાજ્યની અંદર રસ્તાઓના જે કામ થયા છે અને આ કામ કરાવવાની પદ્ધતિ છે એ પદ્ધતિ બદલાવાના કારણે જે રાજ્યના નાના, મધ્યમ અને મોટા કોન્ટ્રાક્ટરો હતા એ કોન્ટ્રાક્ટરો દિવસે દિવસે બેરોજગાર બનતા જાય છે અને મોટી કંપનીઓ આ કામ મેળવવા માટે સફળ નિવડતી હોય છે. આ પરિસ્થિતિનું નિર્માણ થવાનું કારણ આપણી આ કામ આપવાની પદ્ધતિ છે. આપણે હંમેશાં એવું કહેતા હોઇએ છીએ કે, ટેન્ડરીંગ પદ્ધતિ, ઇ–ટેન્ડરીંગ પદ્ધતિ, પણ એમાં જે મોટા કોન્ટ્રાક્ટરો હોય છે એ કામ એ રીતે કરતા હોય છે કે જેથી બીજાને મુશ્કેલી પડતી હોય છે. આજે આ પદ્ધતિથી કામોના ભાગ પાડવામાં આવ્યા છે અને એના કારણે ડામર કામ અને બીએસજીનું કામ હોય છે એ બન્નેના ભાવ ઉંચા ભરે અને માટી કામ, સાઇડ સોલ્ડર, નાળા વગેરેના ભાવ નીચા ભરે. એટલે કામ એને મળે. પછી તેઓ નીચા ભાવવાળું કામ છે એ સબ–લેટ કરીને બીજાને આપી દે છે અને ઉંચા ભાવવાળું કામ એ કરે છે અને પદ્ધતિ એવી કે, આ સિમેન્ટ કોંક્રિટના રસ્તાઓ છે એનું કામ જેની પાસે પેવર પ્લાન્ટ હોય એ જ કામ લઇ શકે. એના કારણે રસ્તાઓના કામની ગુણવત્તા સચવાતી નથી. ખરેખર તો એ બાબત ધ્યાનમાં રાખવી જોઇએ કે, રસ્તાઓ

વાયેબલ છે? ફિઝિબલ છે? એની ગુણવત્તા સચવાય એવું છે કે નહીં? આ બધી બાબતો ચકાસીને જ એનું ટેન્ડર મંજૂર કરવું જોઇએ. પણ એ કામ થતું નથી. બીજી બાજુ આપણે જે ટોલટેક્સ રોડ બનાવીએ છીએ એ ટોલટેક્સ રોડની કિંમત પણ ઘણી ઉંચી હોય છે એના કારણે એ ટોલટેક્સ રોડના દર પણ ઉંચા હોય છે અને એ બોજો આ રસ્તાઓનો ઉપયોગ કરે છે એના ઉપર પડે છે એટલે આ કામમાં પણ બને તેટલા ટોલટેક્સ રોડ ઓછા થાય અને ટોલટેક્સ રોડ થાય તો બાજુમાં સર્વીસ રોડ પણ અપાય એનું પણ ધ્યાન રાખવું જોઇએ. હમણા અનિલભાઇએ એક વાત કરી કે રાજયની અંદર જે નોનપ્લાન રસ્તાઓ છે એ નોન પ્લાન રસ્તાઓ જે તે સમયે એટલા માટે બન્યા કે કેટલીક વખત ૨૦૦૦–૩૦૦૦ની વસ્તીવાળા ગામ છે અને એ જે તે વખતે બન્યા એ આગેવાનોના સૂચનોના કારણે બન્યા છે અને આજે એનું ધ્યાન રાખવામાં આવતું નથી. આ રસ્તાઓ તૂટી ગયા છે મારા જ એકલા મત વિસ્તારની અંદર ૧૨૦ કિલોમિટરના આ રસ્તાઓ છે અને એ રસ્તાઓ આજે બિલકુલ ખરાબ સ્થિતિમાં છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગમાં માગણી નંબરઃ ૮૬ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. માનવ શરીરની રચના માનવ શરીર અને રાજયની વચ્ચે જો એકમાત્ર સામ્યતા હોય તો મજબૂત શરીર, ચેતનવંતુ શરીર અને ચેતનવંતા શરીર માટે એના પ્રત્યેક અંગને લીવર હોય, કીડની હોય, ફેફસા હોય કે કોષો હોય એને પૂરતા પ્રમાણમાં લોહી ઓકસીજનવાળું પૂરતું મળે તો જ એ ચેતનવંતુ શરીર મજબૂત બની શકે અને સારી રીતે કામ કરી શકે. આવું જ રાજયનું છે. કોઇપણ રાજય હોય તો છેવાડાનો અંતિમ આદમી, છેવાડાનો માનવી ડુંગર અને જંગલ વિસ્તારમાં રહેતો માણસ એને મુખ્ય પ્રવાહ સાથે જો જોડવામાં ન આવે તો સ્વાભાવિક રીતે એનો આર્થિક વિકાસ, એનો શૈક્ષણિક વિકાસ, એનો સ્વાભાવિક વિકાસ આ બધાથી અળગો રહેતો હોય છે પરંતુ જો એને મુખ્ય ધારામાં જોડવા હોય તો અંતરિયાળ ગામોથી માંડી, ગામડાઓથી તાલુકા, તાલુકાઓથી જિલ્લા, જિલ્લાઓથી શહેર, બંદરો, ઉદ્યોગો અને જયાં આગળ આર્થિક ગતિવિધિઓ થતી હોય એવા સ્થાનોને એક આંતર માળખાકીય સુવિધા આપણે પૂરી પાડવી પડે. પહેલાના સમયમાં તો આગેવાન રોડ માગે, વગ હોય એ આગેવાન રોડ લઇ જાય, પરંતુ એક સુનિશ્ચિત આયોજન આ સરકારે ચાલુ કર્યુ અને પરિણામે આજે તમામે તમામ ગામડાઓ, પરાઓ, પેટા પરાઓ આ બધાને રોડો મળવાની સુવિધા થઇ અને જયારે જયારે રાજય સરકારને લાગ્યું કે આ નીતિ, હમણા જ છેલ્લા વર્ષોમાં વરસાદ ખૂબ આવ્યો પરિણામે અમુક ગામો જયાં રસ્તા હતા એના નાના મોટા કોઝવે હોય, નાળા હોય, તૂટી ગયા અને સંપર્ક વિહોણા થયા, સરકારના ધ્યાનમાં આવતા તરત જ આ સરકારે મરૂન વિલેજની યોજના દાખલ કરી અને એમને એક ઓછામાં ઓછી બારમાસી રસ્તો મળે એવું આયોજન કર્યું. આજે રાજયની અંદર ૧,૧૩,૦૦૦ જેટલા રસ્તાઓ હયાત છે અને છેલ્લા ૧૪ વર્ષની અંદર આમાં ૨૦૦૧ પહેલા અને ૨૦૧૩–૧૪ પછી આની અંદર ૫૦ થી ૫૫ ટકા જેટલો વધારો થયો છે.

પ્લાન અને નોન પ્લાન રસ્તાની વાત થતી હોય છે. આજે હું ગર્વથી કહી શકું કે દરેકે દરેક ગામને, દરેકે દરેક પેટા પરાને ઓછામાં ઓછો એક રસ્તો આપવામાં આવ્યો છે. જે ગામો કદાચ વરસાદના કારણે કે બીજી કોઇ કનેકટીવીટી નજીક પડતી હોય એવા ગામોને બે રસ્તા, ત્રણ રસ્તા અને ચાર–ચાર રસ્તા સુધી આપવામાં આવ્યું છે. હમણા વાત થઇ કે ૨૫૦ થી વધારે અને ૫૦૦થી ઓછા હોય એવી વસ્તીવાળા ગામડાને માટે રસ્તાઓની સગવડ નથી. આ જે પરાઓ અને પેટા પરાઓ છે એના માટે કદાચ પી.એમ.જી. એસ.વાય.માંથી આ આયોજન થઇ શકયું હોત પરંતુ ગત વર્ષોની અંદર જયારે યુ.પી.એ. સરકાર હતી ત્યારે ગુજરાતને ૨૦૨૧–૨૨માં આવી સગવડ આપવાનું કહ્યું અને કેન્દ્ર સરકારનો આવો નિર્ણય થયો. એ વાતને છોડીને રાજય સરકારે પોતાના ખીસામાંથી પોતાના બજેટમાંથી નાણા ખર્ચી અને આ કામો પૂરા કરવાનું બીડું એમણે ઝડપ્યું છે.આ પેટાપરાઓ જ્યારે જોડાશે ત્યારે હમણાં જ ૨૦૧૨માં મેં એ વખતે આપણા હાલના મુખ્યમંત્રી આદરણીય બહેનશ્રી માર્ગ અને મકાન વિભાગનો હવાલો સંભાળતા હતા ત્યારે એમને વિનંતી કરી કે મારા મત વિસ્તારમાં લગભગ ૮ જેટલી સ્કૂલો કે જે પેટાપરામાં આવેલી છે અને મોટાભાગના ઠાકોર લોકોનો વસવાટ છે અને ઠાકોર અને બક્ષીપંચના બાળકો ભણે છે. ચોમાસામાં રસ્તાના કારણે ખૂબ જ

મુશ્કેલી પડે છે. તરત જ તા. ૧-૧૦-૨૦૧૨ના રોજ આઠે આઠ પરાના લગભગ ૪.૩૯ કરોડના ખર્ચે કામો મંજૂર કર્યાં. મને વિશ્વાસ છે કે કામો તો મંજૂર થયા છે પરંતુ આદરણીય નીતિનભાઇ માર્ગ અને મકાન મંત્રી છે એ આવતા સમયમાં એને જોબ નંબર આપશે અને મારા ઠાકોરભાઇઓને એમના બાળકોને સ્કૂલમાં જવાની સુવિધા કરી આપશે. એટલું જ નહીં પરંતુ વિસનગર શહેરમાંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગનો રસ્તો ખૂબ ટ્રાફિકના કારણે નગરજનોને મુશ્કેલીમાં મૂકતો હતો. આદરણીય બહેનશ્રીએ તા. ૩-૪-૨૦૧૨ના રોજ મહેસાણા જિલ્લાના વિસનગરના બાયપાસ રોડને સાડા સાત કિલોમિટરની લંબાઇમાં જમીન સંપાદન કરીને ૧૦ મિટર પહોળો બનાવવાની જે દરખાસ્ત કરી હતી એને મંજૂરી આપી હતી અને બજેટમાં પણ ૭ કરોડની જોગવાઇ કરી હતી એ પણ થશે. જેમ જેમ રાજ્ય સરકારના ધ્યાનમાં આવે, ગાંધીનગરથી વિસનગર સુધી થોડા અંતરમાં સાડા પાંચ મિટર, થોડા અંતરમાં સાત મિટરનો રસ્તો હતો એ પણ ૧૦ મિટરનો કરીને સળંગ ગાંધીનગરથી અંબાજી પહોંચવું હોય તો લગભગ બે કલાકમાં પહોંચી શકાય એવો સરસ મજાનો રસ્તો હયાત છે. પહેલાં દોઢ કલાકે ગાંધીનગરથી વિસનગર આવવાનું થાય ત્યારે પહોંચાતું હતું એ આજે હું ગૌરવ સાથે કહીશ કે મારે ગાંધીનગરમાં રહેવાની જરૂર પડતી નથી. કારણ કે ૪૫-૫૦ મિનિટમાં હું વિસનગરથી નીકળીને ગાંધીનગર પહોંચી શકું છું.

**શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) :** માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ની પરિવાર કલ્યાણની માગણી નં. ૪૦, રૂ. ૪૯૧,૨૬,૨૪,૦૦૦ની માગણી લઇને માનનીય નીતિનભાઇ પટેલ આવ્યા છે ત્યારે આ માગણીઓને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ સાચું છે કે It is rightly said that prevention is better than cure કોઇપણ રોગ થાય ત્યાર પછી એની સારવાર કરવી એના કરતાં એ રોગ થાય જ નહીં એ દિશામાં પ્રયત્નો કરવા એ વધુ સારી બાબત છે. નિરંજનભાઇ વાત કરતા હતા ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે, પહેલાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અને હાલમાં શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં કામ કરતી આ સરકાર સાચા અર્થમાં રોગ થાય જ નહીં એ દિશામાં પ્રયત્નશીલ છે. તંદુરસ્ત બાળક જન્મે ત્યારે જો સગર્ભા સ્ત્રી તંદુરસ્ત હોય, કુપોષણનો શિકાર ન હોય, કુપોષણને લગતા રોગથી ગ્રસ્ત ન હોય તો જ બાળક તંદુરસ્ત જન્મે અને નવજાત શિશુ એની તંદુરસ્તી ટકાવી ક્યારે રાખે? સમગ્ર દુનિયાના વૈજ્ઞાનિકો એ વાત સાથે સંમત છે કે Mother's milk is the best milk. જો નવજાત શિશુને એની માતાનું ધાવણ યોગ્ય માત્રામાં મળી રહે તો ચોક્કસપણે નવજાત શિશુ કાયમ માટે તંદુરસ્ત રહેતું હોય છે. આ સગર્ભા સ્ત્રીને, ધાત્રી માતાને યોગ્ય પોષણ મળી રહે એ માટે આ સરકાર દ્વારા કસ્તુરબા પોષણ યોજના અંતર્ગત રૂપિયા ૨૧૦૦ની સહાય ત્રણ હપતામાં આપવામાં આવે છે. ભૂતકાળમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એક વિચાર મૂક્યો હતો કે કુપોષણની સમસ્યા સામે લડવા માટે શું લોક ભાગીદારી ન થઇ શકે? સમાજને જોડી ન શકાય? અને આ વિચારને તત્કાલીન મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રી વલ્લભભાઇ પટેલે ઉપાડી લીધો અને પરિણામ સ્વરૂપ આજથી ૪-૫ વર્ષ પહેલાં અમદાવાદના બાપુનગર ખાતે ડાયમન્ડ એસોસિએશનના સહયોગથી એક ખૂબ મોટા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું અને એ કાર્યક્રમને નામ આપવામાં આવ્યું, 'સગર્ભા સ્ત્રીને સુખડી'. નામ આપવામાં આવ્યું એટલું જ નહીં પણ સમગ્ર સંગઠનો, વેપારી સંગઠનો, ઉદ્યોગગૃહો, ઔદ્યોગિક વસાહતોના સંગઠનોનો સંપર્ક કર્યો અને મારે ગૌરવ સાથે કહેવું છે કે,આજે પણ આંગણવાડીના માધ્યમથી જનભાગીદારીથી સગર્ભા સ્ત્રીઓને નિયમિતપણે સુખડી પહોંચાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તંદુસ્ત માતા અને તંદુસ્ત બાળક થકી જ તંદુસ્ત સમાજનું નિર્માણ થાય તે હેતુથી આ સરકારે મમતા દિવસનું ખૂબ મોટું આયોજન વિચારવામાં આવ્યું છે અને આ મમતા દિવસના આયોજનથી પ્રતિ વર્ષ આશરે ૧૪ લાખ સગર્ભા માતાઓ અને ૧૩ લાખ બાળકોને આરોગ્યની સેવા પૂરી પાડવામાં આવે છે. દરેક આરોગ્ય સંસ્થાઓ દર સોમવારે અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦૦ની વસ્તીએ અને શહેરી વિસ્તારની અંદર ૨૦૦૦ની વસ્તીએ નિયમિત સમયે, નિયત જગ્યાએ મમતા દિવસનું આયોજન

કરવામાં આવે છે અને આરોગ્ય વિષયક તમામ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે મમતા દિવસનું સ્થળ રાજ્યના આરોગ્ય કેન્દ્રો ખાતે અથવા પેટાકેન્દ્રો ખાતે રાખવામાં આવે છે અને આ મમતા દિવસે આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો, આશા વર્કરો કે આરોગ્ય કર્મચારીઓ પોતાની ફરજો બજાવી માતૃ-બાળ કલ્યાણ સેવાઓ સુપ્રત કરવાની દિશામાં કામગીરી બજાવે છે. રાજ્યના દુર્ગમ વિસ્તારો કે જ્યાં પહોંચી વળવું અઘરું હોય ત્યાં મોબાઇલ મમતા દ્વારા પણ આરોગ્યની સેવા પૂરી પાડવામાં આ સરકાર કસર છોડતી નથી. જે સગર્ભા માતાને મમતા કાર્ડ આપવામાં આવે છે એમાં કુટુંબની સંપૂર્ણ વિગત – માતાનો ઓળખ નંબર, માતાનું સરનામું, માતાનો મોબાઇલ નંબર જેવી અગત્યની વિગતો ભરવામાં આવે છે. ઉપરાંત માતાના સગર્ભાવસ્થાની વિગત અને આજુબાજુની સંબંધિત આરોગ્ય સંસ્થાની માહિતી આ મમતા કાર્ડમાં સામેલ કરવામાં આવે છે, જેના થકી આ મમતા કાર્ડ આરોગ્ય માટે એક અગત્યનો દસ્તાવેજ બની જાય છે. આ સરકાર દ્વારા સાચા અર્થમાં છેવાડાના માનવીની ચિંતા કરવામાં આવી છે અને એના થકી આરોગ્ય અને પરિવાર કલ્યાણની જે યોજનાઓ ચલાવવામાં આવે છે એની વાત સાંભળીને કદાચ મને લાગે છે કે મારા સાથીપક્ષના મિત્રોનો માહ્યલો જાગશે અને એમણે મૂકેલી કાપદરખાસ્ત પાછી ખેંચશે એવી આશા અને અપેક્ષા સાથે પુન: એકવાર આ માગણીઓને ટેકો આપું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે આરોગ્યનું બજેટ લઇને આવ્યાં છે ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, નેશનલ ગ્રામ્ય આરોગ્ય મિશનના અહેવાલ પ્રમાણે ગુજરાત રાજ્યમાં ૪૮% રકમોની કેન્દ્ર જે સહાય આપે છે એની અંદર રાજ્ય સરકાર ઘણી બધી રીતે ફાળવતી નથી હોતી અને ગામડાનું જે બજેટ છે એ ઘણી ધીમી ગતિએ આજે વપરાય છે. આજે ૮૫% થી ય વધારે ગુજરાતમાં આજે પણ ૧૨% પ્રાથમિક આરોગ્યની ઘટ છે. માત્ર છત્તીસગઢ જેવા રાજ્યમાં ૫% અને આપણે ત્યાં આજે ૧૨% છે. સમગ્ર ગુજરાતમાં ૩૧%ની ઘટ છે અને ભારતમાં સમગ્ર જે રેશિયો છે એ ૧૨% ડોકટરોની ઘટનો છે. કર્ણાટક જેવા રાજ્યમાં માત્ર ૧૦% ડોકટરો ઘટે છે ત્યારે સમગ્ર ગુજરાતની અંદર ૩૧% ડોકટરમાં ઘટે છે. ૯૪% સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં આજે પણ રોગોના નિષ્ણાત જે ડોકટરો કહેવાય એ આજે છે નહિ. ભારતમાં માત્ર ૬૪% જ છે અને માનનીય મંત્રીશ્રીને મારે ધ્યાન દોરવું છે કે આપણે ગુજરાતમાં કંઇ ભારત અને બીજા રાજ્યોની પરિસ્થિતિમાં આરોગ્ય ક્ષેત્રે છીએ. બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યાં આપણું ૪.૯% સમગ્ર બજેટમાં છે. બાજુમાં રાજસ્થાન છે એ આપણા કરતા વધારે છે. ગોવા છે તો એના કરતા વધારે છે. નાણામંત્રીએ આરોગ્યમાં ખરેખર વધારે બજેટ ફાળવવું જોઇએ એવી મારી વિનંતી છે. ખાસ કરીને મારે એ કહેવું છે કે જેમાં આરોગ્યમાં ઘટાડો કરવામાં આવ્યો છે એ મહત્વના મુદ્દા ઉપર કેટલા બધા પૈસા જતા રહ્યાં છે. એના આંકડા નહિ બોલું માનનીય મંત્રીશ્રી મારે બીજી વાત કરવી છે.

નવી આરોગ્ય હોસ્પિટલ શરૂ કરવામાં બધામાં ૩૦% ઉપર આજે ઘટાડો કરવામાં આવ્યો છે. હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રમાં શહેરી આરોગ્ય કેન્દ્રમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. પેટાકેન્દ્રોમાં ઘટાડો કરવામાં આવ્યો છે અને હોસ્પિટલ, દવાખાનાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ પરિસ્થતિનું નિર્માણ એવું છે કે, સરકાર બજેટની અંદર જે મેઇન વસ્તુઓ છે, લોકોને સેવાઓ માટેની એની અંદર આજે ઘટાડો કર્યો છે અને જ્યાં વધારો કરવાનો છે, જ્યાં ખરેખર ચિંતા કરવાની છે કે, સમગ્ર ભારતની અંદર આજે ગુજરાતમાં જે પ્રમાણે ટીકાઓ થઇ રહી છે. આપણે પાટણ જિલ્લાની અંદર જે બૂકમાં જવાબ આપવામાં આવ્યો, ૨૪,૧૮૬ બાળકો, આજે પરિસ્થિતિના નિર્માણમાં છે. બનાસકાંઠામાં ૫૦,૦૦૦થી વધારે લોકો આ સ્થિતિમાં છે. એના માટે ખરેખર આરોગ્યની ચિંતા રાજ્ય સરકારે કરવી જોઇએ. માનનીય મુખ્યમંત્રીશ્રીની જે અમૃતમ્ મા યોજના છે, એની અંદર પૈસાનો ચોક્કસ વધારો કરવામાં આવે. ૭૦ કરોડ હોય, એના ૧૪૦ કરોડ રૂપિયા કરવામાં આવે પણ એની અંદર માત્ર વપરાય ૬૧ કરોડ રૂપિયા જ. ખરેખર આ ગરીબો માટેની યોજના છે, અનેક પ્રકારની અરજીઓ આવતી હોય છે અને એની અંદર પૂરા પૈસા વપરાય એવી મારી મંત્રીશ્રીને ખાસ કરીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે એ કહેવું છે કે, આરોગ્યમાં પૈસા કેવી રીતે વાપરવા જોઇએ એનું કેવું પ્લાનીંગ કરવું જોઇએ એ આ સરકારે ચોક્કસપણે શીખવાની જરૂર છે. આજે સિદ્ધપુરની અંદર ૪૪ કરોડ રૂપિયાના ખર્ચે એક સરસ હોસ્પિટલ એક દાતાની હોસ્પિટલ અમારે ત્યાં હતી એ હોસ્પિટલ વર્ષોથી ચાલતી હતી. નગરપાલિકા હસ્તક હતી અને એ હોસ્પિટલ તોડી નાખી અને છ માળની હોસ્પિટલ બનાવી છે. કેન્સર હોસ્પિટલ બનાવી. આજે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે, મંત્રીશ્રી પણ ત્યાં આગળ જોવા આવ્યા હતા. આજે ૮૦નો ત્યાં આગળ સ્ટાફ જોઇએ, કરોડ રૂપિયા ખર્ચીને માત્ર ૨૦ જણાનો સ્ટાફ છે અને એ પણ કેવા ૨૦ ટકાના, એનો સ્ટાફ છે. ખરેખર જ્યારે આટલી મોટી હોસ્પિટલ સરકારે બનાવી છે. સરકારે કઇ યોજનાથી બનાવી હશે એ તો સરકાર જાણે પણ છેલ્લા બે વર્ષની અમે કહી કહીને થાક્યા છીએ કે, ખરેખર આ જે સ્ટાફ ભર્યો જેના કારણે સરકારે આટલા કરોડો રૂપિયા ખર્ચ્યા છે એ વપરાય.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્સર હોસ્પિટલ, આપણે અમદાવાદમાં છે. સિદ્ધપુરમાં છ માળની કેન્સર હોસ્પિટલ બનાવી, કરોડો રૂપિયા ખર્ચીને. હજી તો બાળક જન્મે એ મૃત:પાયે, એનો જન્મ જ હમણાં થયો હતો. હમણાં ચૂંટણી દરમિયાન ૨૦૧૨માં ઝડપથી ઉદ્ઘાટન કરી દીધું. બે વર્ષની અંદર માનનીય મંત્રીશ્રી આજે હોસ્પિટલ બંધ કરી દીધી. મને સમજાતું નથી આટલા કરોડો રૂપિયા ખર્ચીને સિદ્ધપુરની આટલી મોટી કેન્સર હોસ્પિટલ. કદાચ રાજસ્થાનથી બીજા લોકો આવતા હતા. આજે એ ૨૫ જણા ત્યાં આગળ દર્દીઓ હતા, દર્દીને રાત્રે તરત ખબર પડી અને આજે દર્દીઓને રાતો રાત એમ કહેવામાં આવ્યું કે, હવે તમારે સારવાર હવે ત્યાં લેવી પડશે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આટલી મોટી હોસ્પિટલનો ખરેખર વિચાર કરવો જોઇએ અને એમ કહેવું જોઇએ કે, આ હોસ્પિટલ માટે ચિંતા કરીને ફરીથી ચાલુ થાય, કાંઇકને કાંઇક ઉપયોગમાં આવે. સાહેબ, મશીનરી કરોડો રૂપિયાની ખર્ચી છે, કરોડો રૂપિયાની મશીનરી આજે ઉઘાડી નથી, એની અંદરથી સીલ પણ નથી ખોલ્યું, બે બે વર્ષથી એવી મશીનરી આજે ત્યાં આગળ પડી છે. સરકારના આવા કરોડો રૂપિયા જ્યારે બિનવપરાયેલા હોય ત્યારે કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારે કહેવું છે, સિદ્ધપુરમાં આયુર્વેદિક હોસ્પિટલ, વીસ બેડની અમારી ચાલતી હતી, દાતાએ આપેલી હતી. એ વીસ બેડની હોસ્પિટલ તોડીને ત્યાં આગળ આ બનાવી અને હમણાં ત્યાં આગળ બનાવી છે સો બેડની બનાવી દીધી. બાજુમાં પાટણમાં પચાસ બેડની હોસ્પિટલ છે ત્યાં આગળ આજે એવા પાણીના નીચાણના વિભાગમાં બનાવી છે, માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે, આપ જોજો. દસ ફૂટ ખાડાની અંદર એવી પ્રકૃતિથી બનાવી છે કે, કદાચ આ હોસ્પિટલની પરિસ્થિતિનું નિર્માણ, હજુ ઉદ્ઘાટન કદાચ ૧૫મી ઓગસ્ટે થાય પણ આટલા મોટા ખર્ચા કરીને. પણ સાહેબ, કઇ પ્રકારે આપણે ખર્ચા કરીએ છીએ કે, જેના લોકહિતના ખર્ચા હોય તો અમને આનંદ થાય કે ચોક્કસપણે આ કરી શક્યા હોત. માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને મારી આ બે વિનંતી છે કે, આ હોસ્પિટલ અને અમારો સ્ટાફ, સરકારશ્રીએ આટલા મોટા પૈસા ખર્ચ્યા છે. જે રીતે પહેલાં આયોજન કદાચ ના થયું હોય પણ નીતિનભાઇ સાહેબ, આયોજનમાં બહુ હોંશિયાર છે. અમારા ઉત્તર ગુજરાતના બે આરોગ્યના મંત્રી છે તો ચોક્કસપણે આ બે હોસ્પિટલોનું આયોજન કરે એવી વિનંતી છે.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની ૪૯૧કરોડ રૂપિયાની માગણી નં. ૪૦ લઇને માનનીય મંત્રીશ્રી નિતિનભાઇ પટેલ આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું મારા વિચારો રજૂ કરું છું. આરોગ્યની અગત્યતા પરાપૂર્વથી ચાલી આવે છે. આપણે ત્યાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા. હેલ્થ ઇઝ વેલ્થ. ઘેર ઇઝ નો મિનિંગ ઓફ વેલ્થ વ્હેન ઘેર ઇઝ નો હેલ્થ એટલે આપણે જીવનમાં વ્યકિતગત રીતે અને સામાજિક રીતે પ્રાયોરીટી હંમેશાં આરોગ્યને આપતા આવ્યા છીએ. આપણી પાસે ગમે તેટલી સત્તા હોય, સંપત્તિ હોય, વિદ્યા હોય કે શકિત હોય પરંતુ જો આરોગ્ય ન હોય તો એની કિંમત શૂન્ય ગણાય. આરોગ્ય માટે સરકાર કેટલી ચિંતા કરે છે એની આંકડાકીય માહિતી આપીએ તો આરોગ્ય વિશે કહી શકાય કે બજેટમાં કેટલી ફાળવણી કરવામાં આવી છે. કુલ બજેટના ૨૧ ટકા આરોગ્ય વિભાગને ફાળવવામાં આવ્યા છે અને સામાજિક સેવાઓ છે એ ૨૧ ટકા અને ટોટલ બજેટના ૧૦ ટકા એ રીતે આરોગ્ય બજેટની ફાળવણી કરવામાં આવી છે. એ જ બતાવે છે કે સરકાર કેટલી

ચિંતિત છે. જુદી જુદી એની અગત્યતા પ્રમાણે આખું આ ઇકોનોમીક હેલ્થનું બજેટ તો છે જ. ઇકોનોમીક હેલ્થની સાથેસાથે પ્રજાની પણ તંદુરસ્તીનો ખ્યાલ રાખી અને આ બજેટ બનાવવામાં આવ્યું છે. અત્યારે ખરેખર તો હેલ્થની તકલીફ આપણા કરતા વિપક્ષને જે પોલીટીકલ હેલ્થની તકલીફ છે એના માટે પ્રિવેન્ટીવ મેજર લેવાના હતા એ પ્રિવેન્ટીવ મેજર લીધા હોત તો અત્યારે આ રોગ વકર્યો ન હોત અને આ રોગ અટકી ગયો હોત એટલે માનનીય નિરંજનભાઇએ જે વાત કરી પ્રવેન્ટીવ મેજર એ બહુ અગત્યના સૂચનો સારા છે પરંતુ ૬૫ ટકા શાસન કાળ એમનો ગવર્મેન્ટમાં ગુજરાતમાં ૬૫ ટકા શાસનકાળ એમનો, ૩૫ ટકા બી.જે.પી.નો તો આ ૬૫ ટકા શાસન દરમિયાન જો આ પ્રિવેન્ટીવ મેજર લીધા હોત તો આ વારસામાં આટલું બધું અમને મળ્યું ન હોત એટલે પ્રવેન્ટીવ મેજરનું જે સૂચન છે કીધું એ પ્રમાણે પહેલા અનુકરણ કરવાની જરૂર છે.

હવે જાહેર આરોગ્ય સેવાના માળખા વિશે વાત કરીએ તો આપણા ગુજરાતમાં સબ સેન્ટર દર પાંચ હજારની વસ્તીએ એક સબ સેન્ટર એટલે કે પેટા મેડિકલ કેન્દ્ર આવેલા છે એમાં ટોટલ ૭૨૭૪ પી.એચ.સી. ૧૧૬૮ ગુજરાતમાં, સીએચ.સી. ૩૦૦ કરતા પણ વધારે, સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ૩૦ જેટલી અને એક એક જિલ્લા મથકની ૨૪ હોસ્પિટલ સાથે સાથે અંતરિયાળ વિસ્તારો, જંગલ વિસ્તાર, સાગરકાંઠાનો વિસ્તાર, આદિવાસી વિસ્તાર આ બધા માટે ૧૧૮ મોબાઇલ હેલ્થ યુનિટ, મોબાઇલ મેડિકલ યુનિટ જે છે એ ઘેર બેઠા સારવાર ગામડે ગામડે, અંતરિયાળ ગામડાંઓમાં આપી રહયા છે સાથેસાથે સબ સેન્ટરથી સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ સુધીનું ગુજરાત સરકાર જયારે કામ કરી રહી છે ત્યારે આને અનુમોદન આપવું જોઇએ.

નવા પી.એચ.સી. માટેની વાત કરું તો નવા પી.એચ.સી. ૭૦ આ વર્ષના બજેટમાં લેવામાં આવ્યા છે અને સી.એચ.સી. ૧૬ લેવામાં આવ્યા છે. કુલ આના માટે ૧૭કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સબ સેન્ટર જે પછાત વિસ્તારની વાત થઇ તો આદિવાસી વિસ્તારમાં ૩૭૭ સબ સેન્ટર સાથેસાથે અગરિયાઓ માટે પણ ૭૦ સબ સેન્ટર માટે પાંચ કરોડનું બજેટ ફાળવામાં આવ્યું છે અને હયાત પી.એચ.સી. સબ સેન્ટર અને સી.એચ.સી. માટે નવું બાંધકામ હોય એના માટે ૪૧૯કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓની વાત થઇ એમાં અગત્યની વાત કરું તો જે યોજનાઓની વાત થઇ એની વાત નથી કરતો પણ હિમો ડાયાલીસીસ સેન્ટર અત્યારે આ ૨૧ મી સદીમાં કીડનીના રોગ ઘણા વધ્યા એટલે હીમોડાયાલીસીસ સેન્ટર જે કીડની રીસર્ચ ઇન્સ્ટીટયૂટ ઉપર બહુ ભાર પડતો એટલે એક જિલ્લા મથકે જે બાકી હતા એ દરેક જિલ્લામાં  અત્યારે હિમોડાયાલીસીસ સેન્ટર ઊભા કરવામાં આવ્યા અને એના માટે ૧૩કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. રાજયની હોસ્પિટલ અને દવાખાના માટે સુદ્રઢીકરણ માટે કુલ ૧૯૪કરોડનું બજેટ સાથેસાથે સુરત મેડિકલ કોલેજમાં ૧૫૦ સીટ છે એમાં ૧૦૦ સીટ વધારીને ૨૫૦ સીટ કરવામાં આવી એના માટે વીસ કરોડ, યુ.એન.મહેતા હોસ્પિટલમાં અત્યારે ૪૫૦ બેડ છે એ વધારીને આ વખતે ૬૫૦ બેડ કરવાનું કામ કર્યું છે. ગુજરાતની ભાજપની સરકારે આ પથારી વધારવાનું કામ કર્યુ છે. પથારી ફેરવવાનું કામ ગુજરાત સરકારે કર્યુ નથી. કેન્સર હોસ્પિટલ એમાં રાજકોટ અને અમદાવાદ માટે એમાં રાજકોટમાં ટર્સરી કેર એમાં પ્રાયમરી, સેકન્ડરી અને આ ત્રીજા પ્રકારની સારવાર મોંઘી હોય તે ટર્સરી કેર સારવાર માટે રાજકોટ અને અમદાવાદની કેન્સર હોસ્પિટલને અપગ્રેડ કરવા માટે ૨૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. ટૂંકમાં જુદી જુદી યોજનાઓ માટેના મુખ્ય ખાલી નામો લઉં તો એક તો ગુજરાતનો પ્રથમ નંબર લગભગ બધામાં. દેશમાં  રક્તદાનમાં પ્રથમ નંબર તો ખરું, પણ વિશ્વમાં પ્રથમ છે. નેત્રદાનમાં વિશ્વમાં પ્રથમ, દેહદાનમાં વિશ્વમાં પ્રથમ, નેશનલ નહિ, ઇન્ટરનેશનલ લેવલે. અંગદાનમાં વિશ્વમાં પ્રથમ નંબરે, કીડની ટ્રાન્સ્પ્લાન્ટમાં વિશ્વમાં પ્રથમ નંબરે, જોઇન્ટ રિપ્લેસમેન્ટમાં વિશ્વમાં પ્રથમ નંબરે, ડેન્ટલ ઇમ્પ્લાન્ટમાં દેશમાં પ્રથમ નંબરે સાથે સાથે.

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મંત્રીશ્રી, આરોગ્ય અને માર્ગ મકાન માટેની માગણીઓ લઇને આવ્યા છે. એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

રસ્તા અને પુલ માટે ૫,૧૮૨ કરોડની જોગવાઇ કરી છે. મકાન માટે ૫૪૩ કરોડની જોગવાઇ, પાટનગર યોજના માટે ૫૯૪ કરોડની જોગવાઇ અને નાગરિક ઉડ્ડયન માટે ૫ કરોડની જોગવાઇ. અહીંયા સરકાર જે માગણીઓ લઇને આવી છે, એમાં પાટનગર યોજનામાં જે રહેણાંક અને બીન રહેણાંકના મકાનો છે. આજે ઘણી બધી સંખ્યામાં ગાંધીનગરમાં મકાનો જર્જરિત અને ખંડેર હાલતમાં બધા સેક્ટરોમાં જોવા મળે છે. સરકારે અહીંયા કરોડો રૂપિયા પાટનગર યોજનાની કચેરીઓ માટે ખર્ચ કર્યો છે. સ્વર્ણિમ સંકુલની વાત કરી છે. અહીંયા કચેરીઓ તો હતી જ, પણ કરોડો રૂપિયા સરકારે દેવુ કરીને આવા મોટા ખર્ચા કરે છે અને આપણે વાત કરીએ છીએ છેવાડાના માણસની, ગાંધી સરદારની વાતો કરીએ છીએ. ગામડામાં માણસોને આવાસો નથી. પ્લોટ નથી મળતા અને અહીંયા કરોડો રૂપિયા ખર્ચીએ છીએ, એટલે ખરેખર આ સરકાર ખર્ચા કરે છે. અહી કહેવાય કે •(xxxxxx) ગુજરાતની પ્રજાના માથે, કેડે ભાર પડવાનો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનસિંહભાઇ એવું બોલ્યા કે (xxxxxx)જે શબ્દ અયોગ્ય અને અસંસદીય છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : અહીંયા આપણે વાસ્તવિકતાથી વાત કરીએ છીએ. આજે ગુજરાતની પ્રજા જે કોમન મેન, સામાન્ય માણસની વાત કરીએ છીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદી તે વખતે કહેતા હતા કે કોમન મેનની વાત કરીએ છીએ. વાત સાચી છે. મહાત્મા મંદિર બનાવ્યું. સારી વાત છે. ગુજરાતનું નામ આખા દેશ અને દુનિયામાં થાય એ આવકારદાયક છે. બીજું કે ખોટા ખર્ચા કરવામાં આવે છે, જે વાત કરી એને અનુસરવું જોઇએ. જો આપણે ગાંધી અને સરદારની વાત કરતા હોઇએ તો એનું આચરણ હોવું જોઇએ. એવા અનેક મકાનો ગાંધીનગરમાં છે જે જર્જરિત અને ખંડેર થઇ ગયા છે. આજે શંભુજી વાત કરતા હતા કે કર્મચારી માટે ૧૭ કરોડ રૂપિયાના ખર્ચે મકાનો બનાવવામાં આવ્યા છે. આવા ઘણા સેક્ટરોમાં ઘણા મકાનો પડેલા છે. એને રિનોવેશન કરવામાં આવે તો ચોક્કસ કર્મચારીઓ માટે ઉપલબ્ધ થાય. અહીંયા રસ્તાની વાત કરી છે. સાથે સાથે અહીંયા ઘણા બધા મકાનો માટેની વાત કરી છે. ધારાસભ્યશ્રીઓ ઘણા નવા આવેલા છે. ઘણા બધા ધારાસભ્યશ્રીઓને પ્લોટો મળ્યા નથી. માનનીય નીતિનભાઇ, ધારાસભ્યોને પ્લોટો મળવા જોઇએ. માર્ગ અને મકાન વિભાગમાં આવે છે. આપની ફરજમાં આવે છે. ધારાસભ્યશ્રીઓને પ્લોટો મળતા નથી. ખરેખર આ આપે ધ્યાન ઉપર લેવું જોઇએ.

અહીંયા રસ્તાની વાત કરી છે કે ઘણા નવા જિલ્લા બન્યા અને જિલ્લાઓમાં જિલ્લા સદન અને તાલુકા સદન કચેરી થવી જોઇએ.માનનીય અધ્યક્ષશ્રી, આજે નવા જિલ્લા અસ્તિત્વમાં આવ્યા પણ ત્યાં જે વહીવટી બાબતો છે તેના માટે ઘણીબધી મુશ્કેલીઓ પડે છે. કારણકે આજે બે-બે વર્ષ થયા, ધારો કે મારો મહિસાગર જિલ્લો છે તો ત્યાં જિલ્લા પંચાયતનું મકાન છે નહીં. આજે કલેકટર પણ પી.ડબલ્યુ.ડી.ના નાના મકાનમાં બેસે છે. ડી.એસ.પી. પણ ડી.વાય.એસ.પી.ના મકાનમાં બેસે છે. આ રીતે વહીવટ ચાલે છે. બે-બે, ત્રણ-ત્રણ વર્ષ થઇ જાય. તો મકાનો જલદી બને તેના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. અહીં અમદાવાદ-ગોધરા-ઇન્દોર રસ્તો બન્યો. આ રસ્તા માટે પહેલાં ૧૨૦૦ કરોડનું બજેટ હતું. આજે આ રસ્તો ૧૯૦૦ કરોડના બજેટમાં બન્યો છે. આ બજેટ બન્યું છે ત્યારે તે રસ્તાની અંદર ઘણાબધા ગામો આવે છે. તે ગામોમાં રસ્તા આપવા જોઇએ, જયાં ગામ આવે ત્યાં માણસોને જવા આવવા માટે રસ્તા આપવા જોઇએ તે રસ્તા આપ્યા નથી. ગયા વખતે ખૂબ વરસાદ પડયો. તેમાં ફાગવેલ અને વડદલામાં જે.સી.બી.થી તે રસ્તા તોડવા પડયા. તે ગામો વરસાદમાં ડૂબમાં ગયા હતા. જે.સી.બી.થી તોડવા પડયા હતા. તેમાં બે-ત્રણ માણસોના મૃત્યુ થયા હતા. આજે સરકાર અથવા તો તે એજન્સી ત્યાં પુલ બનાવી શકી નથી. મારા મત વિસ્તારની વાત કરું તો કપડવંજ અને બાલાસિનોરના જે ગામડાં છે ત્યાં આજુબાજુ કોતરો અને નદીઓ ઘણી છે. ત્યાં ડીપ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

બનાવ્યામાં આવ્યા છે. સઈડર અને વરાછી જેવી નદીઓ ઉપર પુલ બનાવવાની માગણી ઘણા સમયથી છે. કપડવંજ, બાલાસિનોર, કઠલાલના રસ્તાઓ કોતરો, નદીઓમાં આવેલ છે તો ત્યાં પુલ થવા જોઇએ.

ગયા વખતે મેં પ્રશ્ન પૂછેલ મારો મત વિસ્તાર બાલાસિનોરથી વીરપુર, લીંબડીયા અને રાજસ્થાન સુધી જતો રસ્તો છે. તે રસ્તામાં મહિસાગર એટલે કે હિરાભાઇ પટેલ સાહેબના વિસ્તારમાં સાત કિલોમિટર વચ્ચે આવે છે. બંને બાજુ રસ્તો સ્ટેટનો છે પણ આ સાત કિલામિટરનો રસ્તો પંચાયતનો છે. એટલે મંત્રીશ્રીને રૂબરૂ મળ્યો હતો. આ રસ્તો વહેલો પહોળો થાય તો તેમાં આઠ કિલોમિટર જેટલું અંતર ઘટે છે. એટલા માટે આ રસ્તો જલદી પહોળો બને તો રાજસ્થાન સુધી, પંચમહાલ, કડાણા સુધીના મુસાફરોને ઉપયોગી થાય તેવો આ રસ્તો છે. અહીં બીજા ઘણા બધા એવા રસ્તાઓ બન્યા છે તેમાં સરફેશીંગ બરાબર થતું નથી. તેના લીધે ખૂબ મુશ્કેલી પડે છે. અહીં જે ૨૫૦–૫૦૦ની વસ્તીવાળા ગામો લેવામાં આવ્યા છે. ૨૫૦થી નીચેની અનુસૂચિત જાતિની વસ્તી હોય તેવા વિસ્તારમાં બજેટ ખૂબ ઓછું છે. આ બજેટ વધારવામાં આવે અને તે રીતે ગામડાંના પ્લાન અને નોનપ્લાન રસ્તા છે તે થાય. ૨૫૦–૫૦૦ વસ્તી માટે બજેટ ૪૦૦ કરોડ છે તે બજેટ વધારવામાં આવે અને ગામડાંની મુશ્કેલી દૂર કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણી નં.૪૦ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે માતા તેમજ બાળ મૃત્યુદર ઘટાડવા ચિરંજીવી યોજના સમગ્ર રાજયમાં ઓકટોબર ૨૦૦૬થી અમલમાં મૂકી છે. આ યોજનામાં ગરીબી રેખા હેઠળની કુટુંબની બહેનોને તથા ગરીબી રેખાથી ઉપર એટલે કે એપીએલ કાર્ડ ધરાવતી પરંતુ આવકવેરો ન ભરતી હોય તેવી અનુસૂચિત જનજાતિની પ્રસૂતા બહેનોને ખાનગી સ્ત્રીરોગ ડોકટરને ત્યાં જઇને નિઃશુલ્ક સેવાઓ લઇ રહી છે. જનની સુરક્ષા કાર્યક્રમ હેઠળ ૨૦૧૩–૧૪ની અંદર ૨ લાખ ૪૧ હજાર ૧૮૧ લાભાર્થીઓને વિનામૂલ્યે તપાસી કુલ ૪ લાખ ૫૫ હજાર ૧૨૭ લાભાર્થીઓને મફત દવાઓ આપવામાં આવી છે તથા ઉપયોગી સાધન સાથે ૨ લાખ ૪૨ હજાર ૭૬૨ લાભાર્થીઓને વિનામૂલ્યે આહાર તથા ૩ લાખ ૮૩ હજાર ૮૩૫ લાભાર્થીઓને દવાખાનાથી ઘરે લઇ જવાની સુવિધા આ સરકારે પૂરી પાડી છે. આ ગરીબોની સરકારે ગરીબોની ચિંતા કરી. માનનીય મુખ્યમંત્રી અમૃતમ્ યોજના ૨૦૧૨–૧૩માં અમલમાં મૂકી. ગરીબી રેખા હેઠળ જીવતા અંદાજે ૪૧.૮૧ લાખ કુટુંબો અને ૧ કરોડ ૮૩ લાખની વસ્તીના ગરીબોને ગંભીર બિમારી જેવી કે હૃદયરોગ, કીડની, કેન્સર જેવી બિમારીનો ઇલાજ રાજયની અદ્યતન હોસ્પિટલમાં કરી શકે છે. સપ્ટેમ્બર ૨૦૧૩ના પ્રથમ પખવાડીયામાં ૧૨૮૬૩ ગરીબ દર્દીઓને અંદાજે ૨૯ કરોડ જેટલી રકમનો આ સરકારે લાભ આપ્યો છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે.

**(વિરામ ૧૦.૩૦ થી ૧૧.૦૦)**

**ઉપાધ્યક્ષશ્રી (શ્રી મંગુભાઇ પટેલ) અધ્યક્ષ સ્થાને**

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, માં અમૃતમ યોજના મુખ્યમંત્રીએ ગરીબ લોકોના કલ્યાણ માટે અમલમાં મૂકી છે. આ સરકારે આ યોજનાની બહોળી સફળતાને ધ્યાનમાં લઇ રાજયમાં એનો વ્યાપ વધારવા માટે અને ગરીબમાં ગરીબ કુટુંબોને આ લાભ પહોંચે એટલા માટે ૧.૩૦લાખથી ઓછી આવક ધરાવતા કુટુંબોને યોજનાનો લાભ આપવાનો નિર્ધાર સરકારે કર્યો છે ત્યારે હું માનું છું કે આ ગુજરાતના નાનામાં નાના લોકો આ યોજનાનો લાભ લઇ શકશે. તારીખ ૯મી જુલાઇના રોજ આ જ સભાગૃહના માનનીય સભ્યશ્રી પરેશભાઇએ એક સવાલ કર્યો હતો અને કહ્યું હતું કે, "અમરેલી જિલ્લામાં મા અમૃતામ યોજનાનું કાર્ડ કેટલા લોકો ધરાવે છે?" ત્યારે જવાબ મળ્યો કે "ટોટલ ૯૩ હજાર લાભાર્થીઓ છે અને એ વિસ્તારના ૪૫ હજાર કુટુંબો કાર્ડ ધરાવે છે." તો માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, "બાકી રહેલા લોકોના કાર્ડનું શું?" એવો સવાલ કર્યો હતો. મિત્રો મારે ગૃહના માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, બાકી રહેવાનું કારણ આપણે લોકો જ હોઇ શકે. જ્યારે આ યોજના સરકારે અમલમાં મૂકી છે ત્યારે આપણા સૌની ફરજ છે કે આ ગરીબમાં ગરીબ લોકો સુધી આ યોજનાનો લાભ આપણે આપી શકીએ. આપણા ગૃહના તમામ ૧૮૨ સભ્યોની જવાબદારી

છે. માનનીય નિરંજનભાઇ એમના પ્રવચનમાં કહેતા હતા એ પ્રમાણે આપણે ૧૮૨ સભ્યો આ કામ કરીએને તો ગરીબમાં ગરીબ લોકો સુધી આ યોજનાનો લાભ આપણે પહોંચાડી શકીએ. આના માટે હું શ્રેષ્ઠ ઉદાહરણ આપીશ આપણા મંત્રીશ્રી નાનુભાઇ વાનાણી સાહેબનું, એમણે એમના વિસ્તારમાં વોર્ડે વોર્ડે નાના નાના કેમ્પો કરીને આ યોજનાનો લાભ એમણે લોકો સુધી પહોંચાડ્યો છે. એવી જ રીતે અમે પણ અમારા વિસ્તારમાં જઇને નાનામાં નાના પાત્રતા ધરાવતા લોકોને ભેગા કરીને આ લાભ અમે અપાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માટેનું એક ઉદાહરણ મારી પાસે છે એ હું આ ગૃહને કહેવા માગુ છું. ગત વર્ષે ૨૦૧૩માં એક ગરીબ માણસ મારી ઓફીસે આવ્યો હતો એ વ્યકિતના રેલવેમાં બે પગ કપાઇ ગયા હતા અને એ માણસ જ્યારે મારી પાસે આવ્યો ત્યારે એમણે મને એટલું કહ્યું કે મુકેશભાઇ, મારા રેલવેમાં પગ કપાઇ ગયા છે અને આ મારી ધર્મપત્ની છે એનું મારે વાલ્વનું ઓપરેશન કરાવવાનું છે ત્યારે આ યોજના અમલમાં હતી પણ એની પાસે માં અમૃતમ કાર્ડ ન હતું પણ એ સમયે મુખ્યમંત્રી યોજનામાંથી ૮૦ હજાર રૂપિયાની સહાય અપાવીને એ બહેનનું ઓપરેશન કર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગર્વ થાય છે કે, આ વર્ષે એ જ બહેનનું બીજા વાલ્વનું ઓપરેશન કરાવવાનું હતું પણ તે સમય ૨૦૧૩માં માં અમૃતમ યોજનાનું કાર્ડ મેં એમને અપાવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, આ વખતે અઠવાડિયા પહેલા એ જ વ્યક્તિ મારી પાસે આવ્યો ત્યારે એની પાસે જે માં અમૃતમ કાર્ડ હતું એને લઇને અમારી સુરતની મહાવીર હોસ્પિટલ છે કે જ્યાં ધનાઢ્ય લોકો સારવાર લે છે એમાં આ પગ વગરનો માણસ એની પત્નીને લઇને જાય છે ત્યારે એનું માં અમૃતામ કાર્ડથી મફતમાં ઓપરેશન થઇ ગયું છે અને એને ગત અઠવાડિયે જ મહાવીર હોસ્પિટલમાંથી રજા આપી છે. આમ, ૧.૭૫ લાખ રૂપિયાનો ફાયદો આ મા અમૃતમ યોજનાના લાભથી આ ગરીબ માણસને થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું વિધાનસભા પતાવીને રવિવારે ઘરે ગયો અને ઓફીસમાં ગયો ત્યારે એ માણસ આવ્યો અને એ માણસે આવીને એમ કહ્યું કે, આ સરકારે એવું કામ કર્યું છે કે આ સરકારનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં બધા સભ્યશ્રીઓએ પ્રજાની ઘણી બધી ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા કેટલાક દિવસની પ્રશ્નોતરીમાં પણ મેં જોયું છે કે, ઘણી બધી માગણીઓ આરોગ્ય વિભાગ જે સંભાળે છે એમાં અમદાવાદ જિલ્લાની જ વાત કરું આખા રાજયની નહીં, પણ અમદાવાદ જિલ્લાની વાત કરું તો અમદાવાદ જિલ્લામાં આપણી ખૂબ સારી હોસ્પિટલ છે અને એમાં લગભગ ૧૨૯૮ કર્મચારીઓ, ડોકટરોથી માંડીને પટાવાળા સુધીની જગ્યાઓ ખાલી છે. અને વર્ગ–૧, ૨ અને ૩ ના કર્મચારી,અધિકારીઓની પણ ૫૧૩ જેટલી જગ્યાઓ ખાલી છે. મારા મત વિસ્તારની જે હોસ્પિટલ છે ત્યાંની પણ વાત કરું ત્યાં પણ જનરલ હોસ્પિટલ છે ત્યાં પણ ડોકટરો અને અન્ય સ્ટાફગણ સહિતની ઘણી બધી જગ્યાઓ ખાલી છે એ પણ સત્વરે રાજ્ય સરકારે ભરી લેવી જોઇતી હતી. પરંતુ ઘણા સમયથી આ જગ્યાઓ પૂરાઇ નથી. માનનીય મંત્રીશ્રી નાનુભાઇ વાનાણી જેઓ અમારા પ્રભારી મંત્રીશ્રી છે એમને પણ વિનંતી કરું કે આવી હોસ્પિટલની તેઓ ત્યાં જ્યારે આવે ત્યારે તેની મુલાકાત લે અને આ સમસ્યા દૂર કરે. આવી ઘણી બધી સમસ્યા છે અમારી. અમારા જંગલ વિસ્તારમાં જે રસ્તાઓ અને દવાખાના બન્યા છે ત્યાં જે સગવડતા જોઇએ તે નથી ત્યાં દવાખાને કોઇ જઇ શકે, વેળાસર પહોંચી શકે એવી કન્ડીશન નથી. પૂર્વ મંત્રી અને હાલના ઉપાધ્યક્ષ માનનીયશ્રી મંગુભાઇને મેં અગાઉ વિનંતી કરી હતી કે આસોપાલવથી ચાગદાણાને જોડતો રસ્તો..

શ્રી નીતિનભાઇ ૨. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પુનાભાઇ આપનું નામ ના બોલી શકે એમને એમ વાત કરી શકે છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં જે કામગીરી થઇ હતી તે બિરદાવવા માગતો હતો. સરકારના માટે હું ખરાબ બોલવા ઇચ્છતો ન હતો. એમણે મંત્રીશ્રી તરીકે જે કામગીરી કરી હતી તેની વાત કરતો હતો. ઇશ્વરભાઇ તો સુખી અને સમૃદ્ધ માણસ છે તેઓ તો બોલ્યા કરે અને તેઓ મારા જૂના મિત્ર

પણ છે. જે રીતે આ કામગીરી થઇ છે એ રીતે જોઇએ તો એ રસ્તો જે થયો છે એ રસ્તાની વચ્ચે અધિકારીઓએ ઘણો રસ લઇને પુલ બનાવ્યો છે એ ખૂબ સારી વાત છે. પરંતુ ત્યાંથી એ લોકોના ગામથી જે પુલ બન્યો છે ત્યાંથી આવવા માટેનો જે પાંચ કિલોમીટરનો રસ્તો બાકી છે તેમાં માનનીય પૂર્વ વન મંત્રીશ્રીએ મારી રજૂઆત સાંભળીને ૫૦ ટકા કામગીરી કરેલ છે અને ૫૦ ટકા કામગીરી કરવાની હજી બાકી છે ત્યારે માનનીય શ્રી નીતિનભાઇ સાહેબ વિભાગના ખૂબ જ જાણકાર મંત્રીશ્રી છે અને તેમની પાસે પૈસા પણ વધુ છે એટલે તેઓ નાણામંત્રીશ્રી છે એટલે મારી ખાસ નમ્ર વિનંતી છે કે એક એક કલાક થઇ જતો હોય, ફરીને જવાની જે પરિસ્થિતિ હોય અને એના માટેની મુશ્કેલી લોકો જે ભોગવતા હોય અને આ રસ્તો બની જવાથી માત્ર ૨૦ મિનિટમાં વ્યારા પહોંચી શકાય તેવું છે ત્યારે એ રસ્તા બાબતે પણ માનનીય મંત્રીશ્રીને મારી ખાસ નમ્ર વિનંતી છે કે, આ રસ્તો વન વિભાગમાં આવે છે વન વિભાગના માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ અત્યારે નથી પણ મારે એમને ખાસ કહેવાનું હતું કે ત્યાં જે પરિસ્થિતિ વણસેલી છે એ દૂર કરીને પ્રજાને સુખદાયી રસ્તો આપવા માટે વન વિભાગમાં પી.એસ.પી.માંથી જે આયોજન કરેલ છે એમાંથી આપવા માગે છે કે કેમ? અમારી જે જનરલ હોસ્પિટલ છે એ આજે લગભગ અમારો નવો જિલ્લો બન્યો એ પછી કાર્યરત થઇ છે મકાનો પણ થયા છે પરંતુ એમાં સ્ટાફથી માંડીને એમાં જે મશીનરી જોઇતી હતી, સીટી સ્કેન જેવા મશીનની પણ જરૂર છે. અમારે ત્યાં ગરીબ મજૂરો છે, કામદારો છે તેઓને લેપ્ટોસ્પાઇરોસીસ રોગ છેલ્લાં ત્રણ વરસથી થયા છે અને એના કારણે ઘણા મૃત્યુ થયા છે સુરત અને તાપી જિલ્લામાં. ત્યારે આની સારવાર માટેની સુવિધા કે સગવડ ન હોવાથી સુરત લઇ જવા પડે છે અને આ જે લેપ્ટોસ્પાઇરોસીસ રોગ થાય છે એના માટે રાજય સરકારે કંઇ વિચારવું જોઇએ અને મહેસાણા ખાતે આવેલી હોસ્પિટલમાં સીટી સ્કેનની સુવિધા ઊભી કરવા માટે આ બજેટમાં મેં જોયું તો બે કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે બજેટમાં આ સગવડતા માટે ૨ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. માનનીય ઇશ્વરભાઇ શહેરી વિસ્તારમાં રહે એટલે તેમને ખબર નહીં પડે. એટલે આપે આ સગવડતા કરવી પણ પડે એટલે મારી ખાસ વિનંતી છે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબને કે અમારા વિસ્તારના ગરીબ લોકોને આ સગવડતા મળે અને જિંદગી બચે એવી દિશામાં કામગીરી કરે એવી મારી ખાસ માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે બીજી પણ એક વાત કરી દઉં કે એસ.ટી.બસો તેની સગવડતા અને સુવિધાની જે જોગવાઇઓ કરવામાં આવી છે તેમાં જે રૂટ ઉપર બસો ચાલતી હતી ત્યાં પણ તે બંધ થઇ ગઇ છે એટલે આ બસો ઝડપથી ચાલુ થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કિશોર શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી માર્ગ અને મકાન માગણી નંબરઃ૮૫ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માત્ર કહેવા ખાતર ભારતનું ગ્રોથ એન્જીન છે તે ગણાતું નથી. જોનારાની આંખો અચરજ પામે, સાંભળનારા મોંમા આંગળા નાંખી જાય એવો ઝડપી વિકાસ છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતનો થયો છે. સરકારે રસ્તાઓને માર્ગો દ્વારા, જિલ્લાથી જિલ્લાને, તાલુકાથી તાલુકાને, ગામને ગામથી જોડવા માટેના અનેક આયોજનો અને પ્રયત્નો કર્યા છે. અને એટલા માટે બીજા રાજયોના સ્ટેટ હાઇવે હોય એવા ગુજરાતના ગામડાંની સડકો અને રસ્તાઓ છે. આ ગુજરાતના વિકાસને, આ ગુજરાતના વિકાસની અનુભૂતિ અને તેનો સ્વીકાર ગુજરાતની જનતાએ તો કર્યો જ છે. પરંતુ ભારત દેશના તમામ લોકોએ આ ગુજરાતના વિકાસનો સ્વીકાર કર્યો છે. ગુજરાતના વિકાસના કામો માટે તીવ્ર ઇચ્છાશકિત ધરાવતી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. વર્ષ ૨૦૦૦ અને ૨૦૦૧માં રૂપિયા ૫૩૭.૭૫ કરોડનું આયોજન હતું. વર્ષ ૨૦૧૩-૧૪માં રૂપિયા ૪૪૦૦ કરોડનું આયોજન થયુ છે એટલે કે એક દાયકામાં અંદાજિત આઠ ગણો વિકાસ. માનનીય અધ્યક્ષશ્રી, આને વિકાસ ના કહેવાય તો શું કહેવાય? પંદર વર્ષ પહેલાં રસ્તાઓની હાલત અમે અનુભવી છે. સુરતથી અમે અમારા સૌરાષ્ટ્રના ગામમાં જયારે જતાં ત્યારે અઢાર અઢાર કલાકે અમે ગામ પહોંચતા. ઉબડ ખાબડ રસ્તાઓ હોય, રોદા ખાઇ ખાઇને કમરનો દુઃખાવો થઇ જાય અને ગામના પાદરમાં જયારે માણસ બસમાંથી ઉતરે ત્યારે તે ત્રણ ચાર મહિનાની જાત્રા કરીને આવ્યો હોય એટલો લોથપોથ થઇ ગયો હોય. મુસાફરીથી લોકો કંટાળી જતા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પરિસ્થિતિ બદલાઇ

અને આજે અમે સુરતથી નીકળીએ છીએ તો છ–આઠ કલાકમાં ગામમાં પહોંચી જઇએ છીએ. સુરતથી નાહી–ધોઇ, ફ્રેશ થઇને જેવા બસમાં બેઠાં હોઇએ અને ગામમાં ઉતરીએ તો પણ એવાજ તાજા માજા. આટલી લાંબી મુસાફરી કરીને આવ્યાં હોઇએ એવું લાગે નહીં. ગામના પાદરમાં આઠ–દસ જુવાનિયા બેઠા હોય સાવરકુંડલાથી–સુરતની બસ જુએ એટલે એક જુવાનિયો દોડતો દોડતો બીજા જુવાનિયા બેઠા હોય તેને કહે કે, મારા ઘરે કહી દેજો હું સુરત જાઉં છું એમ કહીને તે બસમાં બેસી જાય. આવી તો ઝડપી મુસાફરી થઇ છે અને આને કહેવાય વિકાસ?

ગુજરાત એટલે તિર્થ ભૂમિ. અનેક પવિત્ર ધામો તાલુકે–તાલુકે, ગામડે ગામડે આવેલાં છે. તેમાં ડાકોર બહુચરાજી હોય, અંબાજી પાવાગઢ, દ્વારકા, પાલિતાણા કે સોમનાથ જેવા આ શ્રધ્ધાના કેન્દ્રો છે. લાખોની સંખ્યામાં યાત્રાળુઓ અહીંયા આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, પર્યટન સ્થાનો આવ્યા છે. પક્ષી તીર્થ હોય, નળ સરોવર, શુકલ તીર્થ હોય, કબીરવડ હોય કે તીથલ હોય કે આંખો કા તારા સાપુતારા હોય. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની સંસ્કૃત્તિ, ગામઠી સંસ્કૃત્તિ ઉજાગર કરનાર લોથલ, વડનગર, ધોળાવીરા, મોઢેરા જેવા અન્ય, ત્યાં સતત પ્રવાસીઓ આવી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવાસીઓ અને યાત્રીઓ વધારેમાં વધારે ગુજરાતમાં આવે અને એના દ્વારા ગુજરાતના પ્રવાસન ક્ષેત્રમાં પણ ખૂબ વિકાસ થાય એના માટે સરકારે આયોજન કર્યું છે પ્રવાસનપથનું, આ યોજના અંતર્ગત ૨૯૫.૭૦ કિલોમીટર લંબાઇના દસ માર્ગ ૨૯૯.૩૫ કરોડ રૂપિયાના કામ પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામિણ અને અર્થતંત્રને વેગ મળે, ખેત પેદાશોનું સરળથી અને ઝડપી માર્કેટીંગ થાય. શૈક્ષણિક, સામાજિક અને આરોગ્યની જરૂરિયાતો સંતોષાય, ગામડામાં રહેતા નાગરિકોને હાલાકી ન ભોગવવી પડે એટલા માટે સરકારે કિસાન પથનું આયોજન કર્યું છે. ૩૯૭ ગામ ૧૦૩૦૮ કિલોમીટરના ૨૩૨૯ માર્ગો રૂ. ૧૪૦૬ કરોડના ખર્ચે આયોજન કર્યું છે. નાના શહેરોના લોકોની જરૂરિયાત પ્રમાણે રસ્તાઓ બને, પહોળા બને, ફૂટપાથો હોય, વરસાદી પાણીનો સુવ્યસ્થિત નિકાલ થાય જેના કારણે વરસાદમાં પણ રસ્તાઓ ૨૪ કલાક ચાલુ રહે, રોડ જેવા એ હોય, ઈલેક્ટ્રીકના પોલ હોય, જેના કારણે અકસ્માતો ન થાય.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, લોકોની સુખાકારી, સારું જીવન જીવી શકે એ માટેની અતિ સંવેદીનશીલ સરકારના માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ જયારે ૪૦ નંબરની માગણીઓ ઉપર અંદાજિત ૫૬૬૭ કરોડ રૂપિયાની માગણીઓ લઇને આવ્યા એમાં હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની બાબતમાં ખાસ કરીને બાલસખા યોજનાના ભાગરૂપે જયારે આ સરકાર સંવેદનશીલ છે ત્યારે મારે એના માટે એક બે વાત કરવી છે.

બાળકના મૃત્યુદરની બાબતમાં વાત કરું તો એક હજાર બાળકોએ એક વર્ષથી પહેલાં મૃત્યુ પામતા બાળકોનો દર ભૂતકાળની સરકારોમાં ઘણો ઉંચો હતો. ૧૯૭૧માં ૧૪૪ જેટલો મૃત્યુદર હતો, ત્યાર બાદ ૧૯૯૧માં ૬૯, ૨૦૦૧માં ૬૦ અને આ કામ કરતી સરકારની આગેવાનીમાં મૃત્યુદર ઘટીને ૨૦૧૧માં ૩૮ જેટલો થવા પામ્યો છે. બાળકોનો મૃત્યુદર ઘટાડવા માટે બાળક જન્મે એ પહેલાં જયારે માતા ગર્ભવતી બને ત્યારથી જ આ સરકાર માતાને પૌષ્ટીક આહાર, બાળકની એના ગર્ભની અંદર સારી માવજત થાય એ માટેના અથાગ પ્રયત્નો આ સરકાર કરી રહી છે. બાળક જન્મે ત્યારે પ્રથમ મહિનામાં જ નિષ્ણાત તબીબો દ્વારા બાળકની ચકાસણી કરવામાં આવે છે. જરૂર પડે તો એને બીજી મોટી હોસ્પિટલોમાં પણ તબદીલ કરવામાં આવે છે અને આ માટે રાજય સરકારની બાલ કલ્યાણની વિવિધ યોજનાઓ છે. જેવી કે, બાલસખા યોજના, કસ્તુરબા પોષણ સહાય, મિશન બલમ સુખમ, સમયસર રસીકરણ આવી યોજનાઓ દ્વારા અતિ સંવેદનશીલ સરકાર બાળ મૃત્યુદર ઘટાડવા માટે વેગવંતી બનાવવા જઇ રહી છે ત્યારે તંદુરસ્ત જીવન બાળકોને મળે એ માટેની આ સરકારની પ્રથમ કટિબધ્ધતા રહેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૨૨–૧–૨૦૦૯ ના રોજ સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં મૂકવામાં આવી હતી. ગરીબી રેખા હેઠળ જીવતા તેમજ આદિવાસી કુટુંબોના, પરંતુ ઇન્કમ ટેક્સ ભરતા ના હોય એવા તમામ કુટુંબોના એક માસ સુધીના બાળકો માટે રોગના નિષ્ણાત ડોકટરો દ્વારા નિઃશુલ્ક એકપણ પૈસો લીધા વિના તમામ સારવાર મફત આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવજાત શિશુ જયારે જન્મે છે ત્યારે એની પ્રાથમિક તપાસ થાય છે અને એ તપાસમાં કોઇ  મોટો હૃદયરોગ જેવી કે બીજી કોઇ મોટી બિમારી માલૂમ પડે તો એને આ સરકાર અદ્યતન હોસ્પિટલમાં સારવાર આપવા માટે તબદિલ પણ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાર્વજનિક રસીકરણ યોજના કાર્યક્રમ હેઠળ પણ માતા અને બાળકોના જીવનને જોખમમુકત કરવાની પરિસ્થિતિમાંથી રક્ષણ કરવા માટે ચાવીરૂપ કાર્યક્રમ આ સરકારે કર્યો છે. આ કાર્યક્રમ હેઠળ ધનુર, બાળલકવો, ક્ષય,  ઝેરી કમળો, ઉટાંટીયો આવા ગંભીર રોગોથી રક્ષણ માટે પણ રસી આપવમાં આવે છે. રસીકરણ યોજના કાર્યક્રમ હેઠળ ૨૦ મી જાન્યુઆરી અને ૧૯ મી જાન્યુઆરીના રોજ જે રસી આપવામાં આવી હતી તેમાં ૮૩.૯ લાખ જેટલાં બાળકોને આ રસી અપાઇ છે. ખાસ કરીને મારે કહેવું છે કે ૨૦૦૭–૦૮ પછી રાજયમાં પોલિયોનો એકપણ કેસ જોવા મળ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક બે વાત કરવી છે કે એક પીકચર રોટી આવ્યું હતું એમાં એક મહિલા જયારે રોટી લઇને જતી હતી  ત્યારે સમાજના લોકો એને પથ્થર મારવા માટે ટોળું વળીને ઊભા હતા ત્યારે એમાંના  એક ભાઇએ  એમ કહ્યું કે" યાર હમારી બાત સુનો, ઐસા એક ઇન્સાન ચુનો,  જીસને પાપ ના કિયા હો વો પહલા પથ્થર મારે." તો મારે આ બાબતમાં આ સન્માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે માનનીય આરોગ્ય મંત્રીશ્રી આ સુંદર બજેટ લઇને આવ્યા છે તો આ  ગૃહના દરેક સભ્યશ્રી પણ આરોગ્યની સેવાઓ લેતા હોય છે. તો જે આ બજેટ લઇને આવ્યા છે એને સ્વીકારીને એને અનુમોદન આપીએ. આપણા આરોગ્ય મંત્રીશ્રી હરહંમેશ કહેતા હોય છે અને લોકોને હસાવવા માટે આ આરોગ્યની સેવાઓનું બજેટ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

ઉપાધ્યક્ષશ્રીઃ માનનીય અશોકભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માગણી નંબર ૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં આગળ અમે કર્યુ, અમે કર્યુ એ વાતો તો બહુ સાંભળી, પરંતુ ૧૯૯૫ પહેલાં પણ આ રાજયમાં ૭૦૬૪૯ કિલોમિટરના રસ્તાઓ બની ચૂકયા હતા. કેટલાંક સરકારી મકાનો પણ ૧૯૯૫ની પહેલાંની સરકારે બનાવ્યાં હતાં. અમદાવાદથી વડોદરા સુધીનો એકસપ્રેસ હાઇવે  જેની ઉપરથી આપણા સુરત અને એ સાઇડમાં અહીંના મોટાભાગના સભ્યશ્રીઓ પ્રવાસ કરે છે એ નમૂનેદાર એકસપ્રેસ હાઇવે કોઇએ બનાવ્યો હોય તો એ અગાઉની સરકારે બનાવ્યો છે. બે નદીઓને જોડતા મોટા મોટા ઐતિહાસિક પુલ પણ અમારી કોંગ્રેસની સરકાર વખતે થયા હતા. કોઇ નેતાઓના નામ ઉપર, મહા નેતાઓના નામ ઉપર રસ્તો બનતો હોય, એના નામને ઉપયોગમાં મૂકીને પુલ થતો હોય તો એ નામનું ગૌરવ પણ જળવાવું જોઇએ. ૧૯૩૦ માં આપણા સૌના પૂજય મહાત્મા ગાંધીજીએ સાબરમતીથી દાંડી સુધી કૂચ કરીને મીઠાનો કાયદો તોડવા માટે જઇ રહ્યા હતા ત્યારે ૨૪ ગામોમાં તેમણે રાત્રીરોકાણ કર્યુ હતું. તો જયારે એ જતા હતા એ જે માર્ગ હતો એ માર્ગને સારી રીતે જાળવી શકાય, તેમની યાદમાં બનાવી શકાય એટલે યુ.પી.એ.ની સરકારમાં  વડાપ્રધાન એ વખતના તેમણે ૨૦૦૫માં એ માર્ગને ૭૫ વર્ષ પૂરાં થતાં એને હેરીટેજ માર્ગ જાહેર કર્યો હતો.એને હેરીટેજ માર્ગ જાહેર કર્યો, અને ૧૯૫ કરોડ રૂપિયા એ વખતે આપેલા, ગાંધીજી જયારે નડિયાદની અંદર પહોંચ્યા, નડિયાદ સંતરામ મંદિરની અંદર એમની રાત્રી સભા હતી, સંતરામ મંદિરથી કોલેજ જવાના માર્ગમાં હેરીટેજ દાંડી માર્ગના બોર્ડ છે. નડિયાદ સરદાર વલ્લભભાઇની જન્મ ભૂમિ છે. પણ આ સરકાર આ નડિયાદની વચ્ચેથી જે રસ્તો જતો હતો, ગાંધીજી સાથે જોડાયેલા આ માર્ગને નડિયાદની બહાર લઇ જવા માટેની તજવીજ કરે છે એવું મારા ધ્યાન ઉપર આવ્યું છે.  માનનીય નીતિનભાઇ સાહેબ, આ માર્ગ એ ગાંધીજી સાથે જોડાયેલી વિરાસત છે, એ સતત યાદ રહે એટલે આ નડિયાદની બહાર આ રસ્તો ન લઇ જાય, અને મૂળ જે રસ્તો હતો તે જ રસ્તો આપણે દાંડી માર્ગ તરીકે રાખીએ એવી મારી આપને વિનંતી છે.

ગામની અંદર જે કિસાન પથની વાતો થઇ રહી છે. પણ કિસાન પથ એટલે ખેતરમાં જવા માટેનો રસ્તો. પણ આ અધિકારીઓ એમાં પાછા નિયમ લાવી દે કે નીચે મેટલ અને માટી હોવા જોઇએ. હવે ગામડાંમાં પહેલા જૂની નેળો હતી તેને બનાવવાની હોય તો એમાં મેટલ માટી પહેલાથી ન જ હોય, અને તેને કરવી હોય તો તમારે આ યોજના સાથે કનેકટ કરી અને એમાં નીચે મેટલીંગ કરી અને પછી ખેતરમાં જવા માટેનો સારામાં સારો રસ્તો એ કિસાન પથમાં બને તેનું ઘ્યાન રાખવું જોઇએ. માનનીય અઘ્યક્ષશ્રી, એસ. એસ. યોજના હેઠળ ધારાસભ્યો પાસે ૫૦ લાખ રૂપિયા પંચાયતના રસ્તા માટે અને સ્ટેટના રસ્તા માટે એક કરોડ ફાળવ્યા છે. હવે ૫૦ લાખ રૂપિયાની અંદર એક કિલો મિટરનો રસ્તો પણ થતો નથી. ગામડાંના લોકો પૂછે કે સાહેબ શું કરીએ ૧ કિલોમિટરમાં ૫૦ લાખમાં રસ્તો દેખાય પણ નહીં. એટલે આ ૫૦ લાખ છે તેની જગ્યાએ બે કરોડ કરો તો ધારાસભ્ય ચાર રસ્તા કમસે કમ કરી શકે. અને જે એક કરોડ રૂપિયા સ્ટેટના રસ્તા માટે છે, સ્ટેટનું કામ ખૂબ સારું છે. સ્ટેટમાં જે કંઇ રસ્તા બને છે તે સારી રીતે બને છે, પણ પંચાયત હસ્તકના રસ્તાઓમાં ખાસ ઘ્યાન આપવામાં આવતું નથી. તો આમાં પણ ઘ્યાન આપવું જરૂરી છે. ગામડાંમાં અમે જઇએ એટલે હજુ પણ જે આ પંચાયત હસ્તકના રસ્તાઓ છે એમાં એવા ખાડા પડી ગયા હોય છે એટલે અમે ગામડાંમાં ફરીએ અને ગાંધીનગર આવીએ ત્યારે અમારું ડીઝલ એટલું બધું વપરાઇ જાય છે કે અહીંથી જે પગાર આપે છે તે પણ પૂરો જતો રહે છે એટલે એમાં પણ કંઇક વધારો થાય, માનનીય નીતિનભાઇ સાહેબ એનું પણ ઘ્યાન રાખવામાં આવે એવી આપને વિનંતી કરું છું. જે મકાનો પહેલા બન્યા છે એ મકાનો હાલ તૂટવાના આરા ઉપર આવી ગયા છે.

મારા મત વિસ્તારની અંદર વાત કરું તો ઓછા ખર્ચે નદીની અંદર કોઝવે જો બનાવવામાં આવે તો લોકો ૨૦ કિલોમિટર ફરીને જાય છે તેની જગ્યાએ ફકત ૩૦૦ મિટરનો રસ્તો બહુ લો બજેટમાં ફકત ૩૦ થી ૫૦ લાખની અંદર લો બજેટમાં કોઝવે જો કરવામાં આવે તો લોકોને ખૂબ સગવડતા રહેશે. મારા મત વિસ્તારમાં માકવા અને મોદક એ બે ગામો છે અને દસ થી પંદર હજારની વસતિ છે, હું આ પહેલા શ્રીમતી આનંદીબહેન હતા ત્યારે એમને પણ મળ્યો હતો અને આપને પણ મળ્યો છું. લીલી પેનથી સહી થઇ છે, પણ અમલવારી થતી નથી. એટલે હજુ કંઇક એવી પેન વપરાય, કે તમારી લીલી પેનથી સહી થાય તો ઉપર જે અધિકારીઓ બેઠા હોય તે કામ કરે, દરખાસ્તો થાય છે, જોબ નંબર થાય છે, જોબ નંબર મળી ગયા, લોકો કામની રાહ જુએ છે. પણ જોબ નંબર પછી પણ રસ્તાની જે ઝડપી અમલવારી થવી જોઇએ તે અમલવારી થતી નથી અને જોબ નંબર ખાલી જોબ નંબર જ રહે છે. એમાં પણ કંઇક સુધારો થવો જોઇએ. બીજું કે મારા તાલુકાની તાલુકા પંચાયતની કચેરી અને મામલતદાર કચેરી આઝાદી પહેલાની કોંગ્રેસ વખતની જુની ખૂબ જર્જરીત પૂરાણી છે. ચોમાસા દરમિયાન ડાયરેકટ તેમાં પાણી પડે છે. ફાઇલો પલળી જાય છે.

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અઘ્યક્ષશ્રી, સરકારના આદરણીય સ્વાસ્થ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલ ગુજરાતની જનતાના સ્વાસ્થ્યની ચિંતા માટે અને જનકારી યોજના માટે માગણી ક્રમાંક ૩૯ લાવ્યા છે એમાં હું મારો સુર પૂરાવવા ઊભો થયો છું. ભૂતકાળના શાસનમાં જયારે ગરીબ પરિવારનો વ્યકિત જો બિમાર પડતો હતો. અને બીમારીની રકમ એટલી મોટી આવતી હતી કે એના ઘરના પરિવારની સ્થિતિ અસ્તવ્યસ્ત થઇ જતી હતી. પરિવારની અંદર દૂધ અને શાકભાજીના ખર્ચમાં કાપ મૂકવો પડતો હતો. આ બધી પરિસ્થિતિમાંથી ગરીબ પરિવારને બહાર લાવવા માટે પોતાની સ્વાસ્થયની સેવા સરકાર તરફથી લઇ શકે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ, મુખ્યમંત્રી અમૃતમ, મા યોજનાની ગુજરાતમાં શરૂઆત કરાવી. આ યોજનાનો લાભ મે, ૨૦૧૪ સુધીમાં ૨૮ હજારથી વધારે પરિવારોએ લીધો છે જેમાં ૬૧ કરોડ કરતાં પણ વધારે રકમ ગરીબ પરિવારોના સ્વાસ્થય પાછળ ખર્ચી છે.

એક સમય આ ગુજરાતના ગુજરાતીઓએ એવો પણ જોયેલો કે મા પોતાના દીકરાને સિવિલ હોસ્પિટલમાં લઇ જાય અને સિવિલ હોસ્પિટલમાં એના દીકરાને સૂવા માટે બેડ પણ મળતો નહોતો અને ડોકટરની સેવા લેવા જાય તો ડોકટરો પોતાની પ્રાઇવેટ પ્રેકટીસ કરતા હોય એવા કઠીન દિવસો ગુજરાતની જનતાના સુખની આશામાં વિતતા હતા ત્યારે ગુજરાતની પ્રજાનું હિત કરનાર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી અને સ્વાસ્થય વિભાગ આખો બદલાઇ ગયો. અહીંયા અનેક

સભ્યશ્રીઓએ સ્વાસ્થય વિભાગની વાત કરી. આઝાદી પછી વર્ષોના વર્ષો સુધી ગુજરાતની ગાદી સંભાળતા હતા ત્યારે તેઓના મંત્રીશ્રીઓ વીક એન્ડમાં પોતાના પરિવાર સાથે ટાઇમ કાઢવાની પ્રથા હતી. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એ પ્રથામાંથી બહાર આવી ગયેલ છે. એક રવિવારે હું પરિવાર સાથે બહાર હતો એવા જ એક રવિવારના દિવસે એક પરિવારનો સિવિલ હોસ્પિટલમાંથી ફોન આવે છે કે માનનીય મંત્રીશ્રી હેલ્થ સિવિલ હોસ્પિટલની મુલાકાતે આવેલા છે. અચાનક સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી જે અઢી કલાક ચાલી. સિવિલ હોસ્પિટલના ખૂણે ખૂણે ફરીને જોવામાં આવે છે. આ હોસ્પિટલમાં દાખલ થયેલ દરેક દર્દીને મળે છે. માત્ર દર્દીઓ જ નહિ પરંતુ એના સ્ટાફને પણ મળે છે. એની પણ ફરિયાદો સાંભળવામાં આવી. માનનીય મંત્રીશ્રીએ ૭૨ કલાકની અંદર જ દક્ષિણ ગુજરાતની આ સિવિલ હોસ્પિટલ માટે અનેક સુવિધાઓ આપવાની જાહેરાત કરી. અનેક લોકો પોતાની ટ્રીટમેન્ટ લેવા માટે મોટી મોટી હોસ્પિટલોમાં જાય છે. હું માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું કે આપ અમારી સુરતની સિવિલ હોસ્પિટલની મુલાકાત લો. ૨૪ થી વધારે આ દેશમાં ન હોય તેવા અદ્યતન ઓપરેશન થીએટરો આપેલા છે. આપ સાહેબ પણ આદિજાતિ વિસ્તારમાંથી આવો છો. અહીંયા ઘણા સભ્યશ્રીઓ આદિજાતિ વિસ્તારમાંથી આવે છે તેથી લેપ્ટોસ્પાઇરોસીસની શું દુવિધા છે એ આપણે સૌ જાણીએ છીએ. અમારી સુરત સિવિલ હોસ્પિટલમાં લેપ્ટોસ્પાઇરોસીસનું આખા દેશમાં ન હોય તેવું અદ્યતન ડિપાર્ટમેન્ટ ચાલુ થઇ ગયું છે, જે આપ જોઇ શકો છો.

સ્વાસ્થયની બાબતમાં ગુજરાતે ક્રાંતિકારી પગલાં લીધા છે. એ બાબતે ગુજરાતની જનતા હંમેશાં એમ કહેતી હોય છે કે,

'' અહીં છોકરાઓ તંદુરસ્ત છે, લોકો કામમાં વ્યસ્ત છે.
બીમારીઓથી દૂર રહેતી લાઇફ અમારી મસ્ત છે.
અલગ અહીંની વાત છે, સ્વાસ્થય સુવિધાનો સાથ છે.
એવું અમારુ આગવું ગુજરાત છે, એવું અમારું ગરવું ગુજરાત છે.''

ભૂતકાળની સરકારોએ માત્ર હેલ્થ ઇન્સ્યોરન્સની વાત જ કરી છે. જયારે અમારી સરકારે આખી ગુજરાતની જનતાને હેલ્થ એસ્યોરન્સ આપ્યું છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આરોગ્ય મંત્રીશ્રી માનનીય નીતિનભાઇ પટેલ આરોગ્ય વિભાગની માગણી નં. ૩૯ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન છે. તેમાં હું સૂર પુરાવું છું.

આરોગ્ય એ સર્વેની સુખાકારી માટે છે. જેનું આરોગ્ય સારું તેનું જીવન સારું. રાજય સરકારનો અભિગમ છે કે આ રાજયના નાગરિકો સ્વસ્થ, નિરોગી અને દીર્ઘાયુ જીવન જીવી શકે જેના માટે સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલોનું નિર્માણ કર્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આરોગ્ય માટે ખૂબ ચિંતા કરી છે. આ પહેલાં આદિવાસી મુખ્યમંત્રીશ્રી થઇ ચૂક્યા છે. આદિવાસી આરોગ્ય મંત્રી પણ થઇ ચૂક્યા છે પણ ક્યારેય •(xxxxxx) (અંતરાય) આપણાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે 'માં અમૃતમ્' યોજના આપી અને આદિવાસીઓ અને ગરીબો માટે...(અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને કહ્યું, માનનીય સભ્યશ્રી જે બોલે છે કે ભૂતકાળમાં (xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : તેમાં અસંસદીય નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : તેમની પાસે કોઇ માહિતી છે (xxxxxx) એ રેકર્ડ ઉપર મૂકે સાહેબ.

ઉપાધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. બેસો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે ન ચાલે. આ કેવી રીતે ચાલે?

ઉપાધ્યક્ષશ્રી : ભૂતકાળની વાત કરે છે. તેમાં પોઇન્ટ ઓફ ઓર્ડર કયાં આવે?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : કોંગ્રેસનું નામ નથી દીધું. કોંગ્રેસ શબ્દ નથી બોલ્યા.

ઉપાધ્યક્ષશ્રી : બાલકૃષ્ણભાઇ, તમારું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) બેસો તમે. પોલીટીકલ તો વાત કરી શકે. (અંતરાય) કોઇ પણ ભાષણમાં પોલીટીકલ તો બધા બોલે છે. (અંતરાય) બાલકૃષ્ણભાઇ, હવે આગળ બોલતાં નહીં. (અંતરાય) બેસો તમે. પ્લીઝ.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : ભલે સાહેબ. ભલે ભલે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેસો તમે. બાલકૃષ્ણભાઇ, આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : સાહેબ, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ગરીબો અને આદિવાસીઓની ચિંતા કરી છે. 'મા અમૃતમ્' યોજના આપી. 'માં અમૃતમ્' યોજનામાં બે લાખ સુધીની કેશ ક્રેડિટ ફેસીલીટી આપી. કેશલેસ યોજના આપી અને આદિવાસીઓની ચિંતા કરી છે. આદિવાસીઓના મત માગવા માટે ઘણા બધા જાય છે. પણ જ્યારે આદિવાસીઓની ચિંતા કરતા હોત તો આ સ્થિતિ ન હોત. ખરેખર નરેન્દ્રભાઇએ જ્યારે આ ચિંતા કરી ત્યારે જ તેમણે આ બે લાખ રૂપિયા સુધીની કેશલેસ યોજના આપી. આ યોજનાને વધુ વેગ આપવા માટે આપણાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ આ યોજનાની અંદર સૂર પુરાવ્યો અને ૧,૨૦,૦૦૦થી ઓછી આવકવાળા પરિવારોને પણ મફત આરોગ્યનો લાભ મળે તેના માટે પણ ચિંતા કરી છે.

મિત્રો, આજે શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આપણાં બધાના સ્વાસ્થ્ય માટે પણ ચિંતા કરી છે કે નીચે બધા સ્વાસ્થ્ય ચેક કરાવી લેજો કે આપણું બી.પી. ડાઉન ન થયું હોય કે ડાયાબિટીસ બરાબર છે કે નહીં એ પણ ચેક કરાવવાની ચિંતા મુખ્યમંત્રીશ્રીએ કરી છે. આનંદીબેન પટેલે પણ આરોગ્યની સેવાઓ માટે ૮૦,૧૯,૫૫,૦૦૦ની ફાળવણી કરી છે. હું જે વિસ્તારમાંથી આવું છું તે ડભોઇ મતવિસ્તારમાં મારી એક હોસ્પિટલ અર્પણ કરેલી છે. મારી હોસ્પિટલમાં ડો. અતુલકુમાર કરીને છે. મારી હોસ્પિટલમાં પેશન્ટને તપાસવાના ૪૦ રૂપિયા ચાર્જ છે. એ અતુલકુમાર બરોડાની સ્ટર્લીંગ હોસ્પિટલમાં જાય છે તો ૧૦૦૦ રૂપિયા કલ્સન્ટીંગ ફી લે છે. સેકન્ડ ફી તેમની ૬૦૦ રૂપિયા હોય છે. બી.પી.એલ. અને ગરીબ પરિવારો માટે એ અમારી હોસ્પિટલમાં મફત તપાસે છે. બી.પી.એલ.ના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે. આ બી.પી.એલ. લોકોને કન્સલ્ટીંગ ફી ૧૦૦૦ રૂપિયા છે એવા ફિઝીશિયન ડોકટર પણ અમારે ત્યાં તપાસે છે અને બી.પી.એલ. પરિવારોને અને ગરીબ પરિવારોને સરકારશ્રી તરફથી લાભ આપવામાં આવે છે. રાજ્યના હજારો પરિવારોને કિડનીની બીમારી હોય, હૃદયની બીમારી હોય, ફેફસાની બીમારી હોય અથવા અન્ય કોઇ ગંભીર રોગો હોય, મગજની પણ બીમારી ઘણાને થઇ ગઇ હોય તો તેના માટે પણ સરકારશ્રી તરફથી મફત સહાય આપવામાં આવે છે. સી.એમ. સેતુ યોજના હેઠળ નિષ્ણાત ડોક્ટરોનો પણ સિવિલ હોસ્પિટલની અંદર એનો લાભ આપવામાં આવે છે. સિવિલ હોસ્પિટલની અંદર આદિવાસી અને ગરીબ પરિવારના હોય એમને સી.એમ. સેતુ યોજનાની અંદર નિષ્ણાત ડોક્ટરો જેવા કે, કાર્ડિયોલોજીસ્ટ હોય, ફિઝિશિયન હોય, ઓર્થોપેડિક હોય એ તમામ ડોક્ટરોનો લાભ મળી રહે છે. મિશન મંગલમ્ સુખમ્ યોજનામાં કુપોષણ ઘટાડવા માટે સરકારશ્રીએ ખૂબ મોટું ધ્યાન આપ્યું છે અને આ બાબતે ખૂબ ચિંતિત છે. નવજાત શિશુથી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ચિંતા કરી છે. અત્યાર સુધીની કોઇ સરકારે બાળકોની મફત તપાસ કરી નહોતી અને બાળકો માટે કોઇ ચિંતા કરી નહોતી જ્યારે આ સરકારે એના માટે ખૂબ ચિંતા કરી છે. આ સરકારની અંદર તમામ પ્રકારના બાળકોની અંદર નાની મોટી બિમારી હોય, પેશન્ટ હોય અને એવા બાળકોની સારવાર માટે ચાર લાખ પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થતો હોય એવા ઘણા બધા બાળકોની સેવા કરી છે. ભૂતકાળની સરકારે આવી કોઇ સેવા કરી નથી. આવા બાળકોની ચિંતા પણ નથી કરી. આવતી કાલનું ભાવિ તે બાળક છે...

શ્રી છનાભાઇ કો. ચૌધરી(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની સેવા માટે ઘણી વાતો થઇ. પહેલું સુખ તે જાતે નર્યા. દરેક વ્યકિતને આરોગ્ય સેવાની જરૂર પડે છે. ગુજરાતમાં આરોગ્યની સેવા સારી છે એમ કહીએ તો ખોટું નથી પરંતુ એનું અમલીકરણ છે એના માટે બે શબ્દો કહીશ. મારો વિસ્તાર આદિવાસી વિસ્તારમાં આવે છે ત્યારે એ વિસ્તારમાં જે હોસ્પિટલો છે, પીએચસી અને સીએચસીના સેન્ટરો છે. આજેપણ ત્યાં જઇએ છીએ ત્યારે ત્યાં ડોક્ટરોની સેવાઓ મળતી નથી. હજુ સુધી ત્યાં ડોક્ટરો મૂકવામાં આવ્યા નથી. વાંસદા, ધરમપુર અને ડાંગમાં જ્યાં મોટી હોસ્પિટલો છે છતાં આજેપણ ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ નહીં પૂરીએ તો તેઓને આરોગ્યની સેવાઓ કેવી રીતે આપી શકીશું? કપરાડા, ધરમપુરમાં ડોક્ટરોની સેવાઓ નહીં મળવાના કારણે લોકોના ત્યાં મૃત્યુ થાય છે. તેથી આ વિસ્તારમાં ડોક્ટરોની જે ખાલી જગ્યાઓ છે તે તાત્કાલિક ભરવી જોઇએ. ખાસ કરીને અમારો આદિવાસી વિસ્તાર છે, મજૂર વિસ્તાર છે એની અંદર લેપ્ટોસ્પાઇરોસીસનો રોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે અને તેમાં વધારો થઇ રહ્યો છે. દર વર્ષે ચોમાસાની ઋતુમાં આ રોગ મોટા પ્રમાણમાં થાય છે અને પછી તેના ઉપર પગલાં લેવામાં આવે છે. પરંતુ એના માટે કારણો શોધીને કાયમી ધોરણે પગલાં લેવાં જોઇએ અને જેમને આ રોગ થયો હોય એમને સારવાર આપવી જોઇએ એવું થતું નથી. મારા હર્ષભાઇએ કહ્યું કે, અમારા સુરતમાં તેની સારવાર થાય છે. પરંતુ વલસાડ ક્યાં આવ્યું અને ઉમરગામ ક્યાં આવ્યું? દર્દીને લઇને ૧૫૦ કિલોમીટર દૂર જઇએ ત્યાં સુધીમાં તો રસ્તામાં ઘણીવાર દર્દીનું મૃત્યુ થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી છે કે, દરેક જગ્યાએ હોસ્પિટલ થવી જોઇએ. ખાસ કરીને આવા રોગો વધ્યા છે ત્યારે એના માટે સીટી સ્કેન મશીન અને એમઆરઆઇ મશીનની ખાસ જરૂર હોય છે. આજે આ વિસ્તારની કોઇ સરકારી હોસ્પિટલમાં આવા મશીનો નથી. નાના એકસિડન્ટનો કેસ હોય ત્યારે એમની ત્યાં સારવાર નહીં થઇ શકવાના કારણે ખાનગી હોસ્પિટલમાં ખૂબ મોંઘી કિંમત ચૂકવવી પડતી હોય છે. જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન, એમઆરઆઇ મશીન, ડાયાલિસિસનું મશીન વગેરે મશીનોની વ્યવસ્થા થાય એ ખાસ જરૂરી છે. ખાસ કરીને આપણે જાણીએ છીએ કે, મા-અમૃતમ્ યોજનાની ઘણી વાતો થાય છે. પરંતુ એનો પ્રચાર, પ્રસાર ખૂબ ઓછો છે. અમારા આદિવાસી લોકોને લાભ લેવો છે પરંતુ એમને આ યોજનાની ખબર નથી. અમારી પાસે આવે છે ત્યારે અમે એમને જાણાવીએ છીએ. એટલે એનો પ્રચાર પ્રસાર ખૂબ કરવો જોઇએ. મા-અમૃતમ્ યોજનાના કાર્ડ છે, એમાં જે લોકો સામેલ થયા છે તેવા ૪૩ લાખ જેટલા બી.પી.એલ. કુટુંબો છે એમને આ કાર્ડ આપવા જોઇએ. આપણને એમાંથી લાભ મળે છે તેવો લોકોને ખ્યાલ નથી. એમને આ યોજના કઇ છે એનો ખ્યાલ નથી. એટલે એના પ્રચાર, પ્રસાર માટે ધ્યાન આપવું જોઇએ. ૨૪ હોસ્પિટલોમાં આ લાભ આપવામાં આવે છે એ વધારવી જોઇએ અને ખાસ કરીને એ બે લાખ રૂપિયાની યોજના છે. એટલે પાંચ માણસોને જ એનો લાભ આપવામાં આવે છે. કારણ કે, એક વ્યકિતને રૂ.૪૦૦૦૦/-નો લાભ મળે છે. આ ગંભીર બિમારી છે ત્યારે રૂ.૪૦૦૦૦/- બહુ ઓછી રકમ છે એ રકમ વધારવી જોઇએ એવી મારી ખાસ માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. દર વર્ષે આ સરકાર એમાં ઘણી રકમ ફાળવે છે પરંતુ છેલ્લા બે વર્ષની અંદર રૂ.૧૪૦/- કરોડની સામે રૂ.૬૧/- કરોડનો ખર્ચ થયો છે. અને માત્ર ૨૯૯૪૨ દાવાઓ મંજૂર થયા છે તો બીજા છે ૨૫-૩૦હજાર દાવાઓ ગરીબોની યોજનાના પેન્ડિંગ છે એમાં સહાય કરે એવી વિનંતી છે. આ યોજનામાં ૪૬ હોસ્પિટલો, ૨૭ ખાનગી હોસ્પિટલ અને ૧૯ સરકારી ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલમાં જ આપવામાં આવેલ છે. વાસ્તવમાં આ યોજનાનો લાભ ગમે તે જિલ્લામાં કોઇ પણ વ્યકિત કોઇપણ મોટી હોસ્પિટલમાં લઇ શકે એવી જાહેરાત કરવી જોઇએ કે જેથી સ્થાનિક ગરીબોને લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં મારે એ પણ કહેવું છે કે આમ કામો થાય છે પણ અમને જે એસ.આર.ની ગ્રાન્ટો આપવામાં આવે છે એ ખાલી ૫૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. અમારા બે-બે ત્રણ-ત્રણ તાલુકા હોય તો દરેક તાલુકાવાળા માગણી કરે કે એસ.આર.ની ગ્રાન્ટ અમને આપો,

માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એસ.આર.ની ગ્રાન્ટ તાલુકાવાઇઝ અમને ૫૦ લાખ આપે, જેટલા તાલુકા હોય તે પ્રમાણે તો પણ આપણે પહોંચી વળીએ. ખાસ કરીને મારા વિસ્તારનું જે કામ છે મારો જે વાપી ખરજાઇનો પુલ છે લાંબા સમયથી હું માગણી કરું છું અને એની દરખાસ્ત પણ મોકલી છે, એ બે જિલ્લાને જોડતો માર્ગ છે વાંસદાથી ડાંગ અને સુરત જિલ્લાને જોડતો રસ્તો છે એ અંબિકા નદી પર આ પુલ જરૂરી છે. તો આના માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે ખુબ જરૂરી પુલ છે. બે જિલ્લાઓને જોડતો ખૂબ સારો રસ્તો છે પણ ચોમાસામાં આ મોટી નદી છે એટલે પાણી કાયમી રહે છે. તો આ નદી પર પુલ થાય એવી મારી ખાસ વિનંતી છે. આભાર.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, માર્ગ અને મકાન વિભાગની માગણી નંબર–૮૬ લઇને આવ્યા છે જેના સમર્થન માટે મારું મંતવ્ય રજુ કરું છું અને આવકારું છું.

માર્ગ અને મકાન વિભાગની ૭૯૫૧ કરોડની બજેટમાં જોગવાઇ રાખવામાં આવેલ છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ અને માનનીય શ્રી નીતિનભાઇનો આભાર વ્યકત કરું છું. ૨૦૦૧થી લઇ ૨૦૧૪ સુધીમાં ચાર માર્ગીય રસ્તાઓ ૨૦૦૧માં ૩૯૪ કિલોમિટરના ૨૦૧૪માં ૧૪૪૦ કિલોમિટર એટલે ૩૬૫ ગણો વધારો થયો છે. ૨૦૧૧માં ૧૦ મીટર પહોળા રસ્તાઓ રાજય સરકાર દ્વારા ૧૩૨ કિલોમિટર થયા હતા અને ૨૦૧૪માં ૩૮૪૧ કિલોમિટર થયા એટલે ૨૯ ટકાનો વધારો થયો છે. આને કહેવાય સૌનો સાથ સૌનો વિકાસ, આવા ગુજરાતના વિકાસના કામો કરીને, ગુજરાતનું મોડલ લઇને આખા દેશમાં વિકાસના કામો કરવા અગાઉના ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી હાલના વડાપ્રધાન બન્યા છે જેના આપણે સૌ સાક્ષી છીએ. મારા સુરતની અંદર ૧૨૩૨૪ કરોડ રૂપિયા સુરત ખાતે મંજૂર કર્યા છે એમાં ૪૩ પુલોના કામો માટે આશરે ૫૫,૭૬,૦૦,૦૦૦ મંજૂર થયા છે અને એમાં ૩૬,૮૫,૦૦,૦૦૦ના કામો પૂર્ણ થયેલા છે. બીજા કામો હાલમાં પ્રગતિમાં છે. સુરત હજીરા રોડ પહોળો કરવાનું કામ ૧૩,૫૦,૦૦,૦૦૦, ચલથાણ– ડાભાકરાડા–મોહીણી ભેસ્તાનરોડ ૨,૮૦,૦૦,૦૦૦ બ્રાન્ચ સુવાલી રોડ ૧ કરોડ રૂપિયા, લાજપોર કનસાડ, સચીન રોડ ૨ કરોડ રૂપિયા સચીન નવસારી રોડ ૩,૩૦,૦૦,૦૦૦, સચીન વાંઝ રોડ ૨ કરોડ રૂપિયા તેવી રીતે જૂના ગામ હરીજનવાસ રોડ ૧,૧૦,૦૦,૦૦૦ના કામો પૂર્ણ થયેલા છે. મહત્વની બાબત એ છે કે જયાં ઉદ્યોગો છે ત્યાં ઉદ્યોગોને ફેકટરીને અનુરૂપ મોરા ખાતે આઇ.ટી.આઇ.ના કામ માટે ૫,૪૭,૦૦,૦૦૦ રૂપિયા મંજૂર થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાના અંદાજીત ૩૬ વર્ષ જુની અમારી જે માગણી હતી ઓલપાડ અને ચોર્યાસી તાલુકાને જોડતો તેના બ્રીજનું બાંધકામ ૭૦ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે જેનું માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે હાલમાં ખાતમુહૂર્ત કર્યુ અને પ્રગતિમાં છે. આ બ્રીજને લઇને કાંઠાના ગામો ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના યુવાનોને ઉદ્યોગોમાં રોજગારી માટે મોટી તક ઊભી થવાની છે અને એના કારણે સ્થાનિક લોકોને રોજગારી ઊભી થવાની છે.ચોર્યાસી તાલુકાના સ્થાનિક લોકો તેમજ ચોર્યાસી તાલુકાનો આર્થિક અને સામાજિક વહેવાર પણ ઓલપાડ સાથે આ બ્રીજના કારણે જોડાવાનો છે. આ માટે સ્થાનિક લોકો ભારતીય જનતા પાર્ટી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરે છે.

પુલોની વાત કરું તો બારડોલી મહુવા–અનાવલ ૩૪.૩૭ કરોડના ખર્ચે મંજૂર થયેલ છે. જેવી રીતે સુરત કરોડીયા રોડ ૭૦.૭૬ કરોડ, કામરેજ રોડ ૩૬.૮૩ કરોડ, સમરસ હોસ્ટેલના કામ માટે ૧૨ કરોડ, સુરત નવી કોર્ટ માટે ૪૩ કરોડ રૂપિયા, ગોથણ રેલવે ઓવરબ્રિજ માટે ૧૩૫.૬૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ વખતે નોન પ્લાનના રસ્તાઓનો પણ સમાવેશ કરવા બદલ હું માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ અને નીતિનભાઇ પટેલનો આભાર વ્યક્ત કરું છું. આર.ટી.ઓ. કચેરી માટે બાંધકામ કરવા માટે ૧૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જે તાલુકા પંચાયતમાં એ.ટી.વી.ટી. શરૂ થયા એમાં રાજ્ય સરકારે દરેક તાલુકા પંચાયતને એક એક કરોડ રૂપિયા આપ્યા એના લીધે છેવાડાના ગામો સુધી રસ્તાઓ થવાના છે અને થઇ રહ્યા છે. હાલમાં છેવાડાના ગામડાંની અંદર સી.સી. રોડ, હળપતિવાસ, આદિવાસી

વિસ્તાર હોય તે ગામોના મહોલ્લાઓની અંદર સી.સી. રોડ અને પેવર બ્લોક થયા છે. આ બજેટને હું સંપૂર્ણ ટેકો આપું છું.

**શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી માગણી નં. ૩૯ લઇને આવ્યા છે તેના સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ એટલે અતિ મહત્વનો વિભાગ જેને કહેવાય કે લોકો સાથે સીધો જોડાયેલ વિભાગ છે. એક વખત આપણે બીજી સમસ્યાઓ જેવી કે રોડ, રસ્તા અને પાણીની સમસ્યા હોય તો એક–બે મહિને હલ કરીએ તો ચાલી જાય પણ આરોગ્યની સમસ્યાનું તાત્કાલિક નિદાન કરવું પડે. આ વિભાગ લોકોના જીવ સાથેનો હોય છે. સૌથી વધારે આપણે જે માધ્યમમાં આવ્યા છીએ એ સેવાનું માધ્યમ છે અને હું એવું માનું છું કે સેવાના માધ્યમની અંદર સૌથી શ્રેષ્ઠ સેવા હોય અને ભગવાનને પામવા જેવું હોય તો એ માટેનું માધ્યમ સેવા છે. તબીબીમાં આપણે જો ગરીબોને પૂરતી સહાય કરીએ તો એનાથી વિશેષ કોઈ સેવા ન હોઈ શકે. આ તબક્કે કહેવા માગું છું કે, જ્યારે આનંદીબેન પટેલ મુખ્યમંત્રીશ્રી બન્યા ત્યારે અમે, શૈલેષભાઇ સહિત અમારું પ્રતિનિધિમંડળ આનંદીબેનને મળ્યું હતું અને રજૂઆત કરી હતી કે બી.પી.એલ. કાર્ડધારકો છે એના માટે મા–અમૃતમ્ યોજના કરી છે એમાંથી સહાય આપીએ છીએ. પણ મધ્યમવર્ગ છે એ મધ્યમવર્ગને એનાથી બહુ મોટી હાલાકી થાય છે જ્યારે એને હાર્ટ, કિડની કે કેન્સર જેવી ગંભીર બિમારી થાય ત્યારે એમને એમાંથી સારવાર સહાય મળતી નથી. ઘણીવાર સારવારના અભાવે આવા લોકો મૃત્યુ પામે છે.

હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીનો આભાર માનું છું કે આ વખતે મધ્યમવર્ગ માટે જે ૧.૨૦ લાખની આવક મર્યાદા ધરાવતા હોય એમને પણ સારવાર ફ્રી કરવાની વાત કરી છે એને હું આવકારું છું અને બિરદાવું છું. માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને વિનંતી કરવા માગું છું કે જે આપ ૧.૨૦ લાખની આવક મર્યાદાની યોજના લાવ્યા છો એમાં ૨૧ વર્ષ સુધીના બાળકોને મફત સારવાર આપવામાં આવશે, મહિલાઓને મફત સારવાર આપવામાં આવશે. હું એમને વિનંતી કરવા માગું છું કે આપ જવાબ આપવા ઊભા થાઓ ત્યારે એમને બે હાથ જોડીને વિનંતી છે કે આમાં પુરુષોને બાકાત રાખવામાં આવ્યા છે તો એમનો પણ સમાવેશ કરવામાં આવે. ૧.૨૦ લાખની નીચેની આવકવાળા લોકો છે એ સૌથી વધારે કફોડી હાલતમાં મૂકાતા હોય છે. બી.પી.એલ. કાર્ડધારકોને સવલત મળી જતી હોય છે. જેની પાસે મેડિક્લેમ છે એને સવલત મળી જતી હોય છે. જે લોકો દેવું કરી શકતા હોય છે એ લોકો પણ બહારથી ઉછીના પૈસા લાવીને સારવાર કરાવી શકે છે. મધ્યમવર્ગ એક જ એવો વર્ગ છે કે કોઇને કહી શકતો નથી અને સહી શકતો નહીં. મારી વિનંતી છે કે મધ્યમવર્ગ માટે તમે આટલી સરસ જાહેરાત કરી છે તો આટલા રહ્યાં છે, આપણે ઘણું બધું કર્યું છે. હું કોઇ ટીકા–ટિપ્પણ કરવા માગતો નથી. આ મારો પ્રિય સબજેક્ટ છે. હું પોતાની રીતે આની અંદર જે કરવાનું હોય એ કરું છું અને અપેક્ષા રાખું છું, આ સભાગૃહમાં ૧૮૨ સભ્યો છે એ આવા સંવેદનશીલ વિષય તરીકે સેવાનું માધ્યમ છે, ભગવાનને પામવાનું માધ્યમ છે, એની અંદર તમામ લોકો ભેગા થઇને આપણે નાણામંત્રીશ્રીને વિનંતી કરીએ કે એ જ્યારે જવાબ રજૂ કરે ત્યારે તે વખતે આની અંદર સમાવેશ કરશે તો એક બહુ મોટી સેવા ગણાશે અને મધ્યમ વર્ગ ઉપર બહુ મોટો ઉપકાર થશે. માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે મારે કાંઇ ટીપ્પણી કરવી નથી એટલા મારા સૂચનની સાથે હું મારી વાત પૂરી કરું છું અને ફરીથી એક વખત તમામનો આભાર માનું છું.

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી**(**સુરત (પશ્ચિમ)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે આરોગ્ય વિભાગની માગણી નંબર ૪૦ લઇને આવ્યાં છે એને મારું અનુમોદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ આજે એનો કોઈપણ દેશ અને કોઈપણ રાજ્ય ત્રણ ભાગમાં વહેંચાયેલા છે – એ વિકસિત રાજ્ય કે અર્ધવિકસિત રાજ્ય હોઇ શકે અથવા તો પછાત રાજ્ય હોઇ શકે. મારે એ કહેવું છે કે, કોઈપણ વિકસિત રાજ્ય જ્યારે હોય છે એ ત્યારે એનું આરોગ્ય અને શિક્ષણ આ બંને વસ્તુ સમકક્ષ જ્યારે રાજ્યમાં પ્રવર્તમાન હોય ત્યારે બને છે. આરોગ્ય હોય અને શિક્ષણ ના હોય તો પણ એ દેશ

અને રાજ્યનો વિકાસ થતો નથી. જો શિક્ષણ હોય અને આરોગ્ય ના હોય તો પણ એ રાજ્યનો વિકાસ થતો નથી. એટલે આરોગ્ય અને શિક્ષણ પાયામાં પડેલા એ બે મહત્વના તત્વો છે જેના આધારે વિકાસ શક્ય છે. હું લાખ લાખ વંદન કરીશ ગુજરાત સરકારના માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આનંદીબેન પટેલ સાહેબને કે જેમણે ૧૪ વર્ષથી ગુજરાતની અંદર તપશ્ચર્યા કરીને સમગ્ર ગુજરાતનું ધ્યાન વિશ્વ કક્ષાએ ખેંચ્યું છે અને એટલા માટે કહેવાયું છે કે વિકાસ એટલે ગુજરાત, ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ભાજપનું શાસન. ભાજપે અનેક ગઢ ગુજરાતમાં સર કર્યા છે. છેલ્લે જૂનાગઢ પણ જીત્યું છે.

આરોગ્યની વાત કરીએ તો વર્ષો પહેલા જે ગરીબ માણસોને અમુક ઉંમર પછી રોગની ખબર પડતી હતી. કેટલાક તો બિચારાનું અવસાન થઇ જતું હતું તો પણ એને ખબર નહોતી પડતી કે તેને શું તકલીફ છે? તેવા દિવસો ભૂતકાળમાં આ ગુજરાતે પસાર કર્યા છે. અનેક કારણસર આ ભાજપની સરકારે ડોકટરની પેંઠે આ તમામ રોગોના મૂળમાં ગઇ છે અને મૂળમાં ગઇ છે ત્યારે ભાજપની સરકારને ખ્યાલ આવ્યો છે કે સૌથી મોટી જડ છે એ કુપોષણ છે અને એના માટેનું નિદાન શરૂ કર્યુ અને નિદાન કર્યું. આજે ૧૪ – ૧૪ વર્ષથી ભાજપની સરકારે આ માતા અને બાળક આ બંને જ્યારે ગર્ભાવસ્થામાં હોય ત્યારથી આ સરકાર સંવેદનશીલ છે. આ સરકાર ડો.બાબાસાહેબ આંબેડકાર સાહેબે દલિત, પીડિત, શોષિતના ઉત્થાનની વાત કરી હતી, એની સમરસતાની વાત કરી હતી, એ જ રસ્તે આ સરકાર આગળ વધે છે. દલિત, પીડિત, શોષિત જે ધરતી માતાના પુત્ર છે. એ તમામ માતાઓને ગર્ભાવસ્થામાંથી એને વિપુલ પોષણ મળે એવું આયોજન કર્યું છે અને ગુજરાત સરકાર આખા વિશ્વમાં આ બાબતે સૌથી વધુ જાગૃત સરકાર છે. જ્યારે નવજાત શિશુની ઉંમર જન્મથી લઇને ૧૮ વર્ષની થાય છે એ દરમ્યાન આંગણવાડી હોય, પ્રાથમિક શાળા હોય, પ્રાથમિક સ્કુલ હોય, માધ્યમિક શાળા હોય એમ અનેક જગ્યા ઉપર બાળકના આરોગ્યની તપાસ કરીને બાળકને પોષણક્ષમ આહાર, સ્વસ્થ વાતાવરણ, સલામતીવાળુ પીવાનું પાણી, આરોગ્યપ્રદ ટેવો સાથે એના સંસ્કારનું સિંચન કરવામાં આવે છે. ભાજપે ભવિષયનું પ્લાનિંગ કર્યું છે. આવનારા દિવસોમાં એ બાળક દંતુરસ્ત અને શિક્ષણ લઇને આવનારા ભારતનું ભાવિ નક્કી કરનાર આ બાળકનું ઘડતર આ ગુજરાત સરકારે કર્યુ છે.

અહીંયા વાત થઇ હતી. મારે અહીંયા સુરત મહાનગરપાલિકાની વાત કહેવી છે. સુરત મહાનગરપાલિકા દરરોજ ૩૦૦૦ લોકોની ઓ.પી.ડી. ચલાવે છે અને એમાં દરેક ગરીબ દર્દીઓને મફત સેવા પૂરી પાડે છે. આરોગ્ય અને શિક્ષણમાંથી ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે આમૂલ ધરખમ ફેરફારો કર્યા છે. જે નકલી દવાની વાત હતી એ લોકો જેલમાં ગયા છે એ ઉદાહરણ સહિત આપણને માલૂમ છે. સુરત મહાનગરપાલિકાની વાત કરું જે નાના નાના ધંધા ઉપર જે ભેળસેળવાળી દવાઓ, ભેળસેળવાળો ખોરાક બનાવે છે એની સામે હજારો કેસ મહાનગરપાલિકાએ કર્યા છે અને એના કારણે કેટલાક લોકો જેલમાં ગયા છે. કેટલાકનો પ્રશ્ન આજે હાઇકોર્ટ સમક્ષ પેન્ડિગ છે. મારે એમને કહેવું છે કે, જે પ્રમાણે નકલી દવા અને સોનોગ્રાફી અને ગર્ભ પરીક્ષણ ઉપર પ્રતિબંધ મૂક્યો તો પણ જે લોકો એ ચાલુ કર્યું છે એને પણ જેલના સળિયા આ સરકારે ગણાવ્યાં છે. આ સરકાર આરોગ્ય બાબતે ખૂબ જાગૃત સરકાર છે. મારે એ પણ કહેવું છે કે ભૂતકાળમાં લઠાકાંડ થતો હતો. હજારો લોકો મરી જતાં હતાં. સેંકડો લોકો મરી જતાં હતાં ત્યારે કોઇ વચ્ચે ના આવ્યું. આ જે સોચ છે એ ભારતીય જનતા પાર્ટીની સોચ છે કે, મારે કોઇને નવસારવાળો કે કોઇ પણ આજે પણ પેપરમાં આવ્યું છે, એ તો બે–ચાર ટકા છે. હું એ મિત્રોને પણ કહેવા માગુ છું કે, જાઓ ભૂતકાળમાં ત્રીસ–ચાળીસ વર્ષ પહેલાંનો જુઓ, તપાસો. ચાળીસ–પચાસ ટકા લોકો લઠ્ઠાકાંડ અને આ બધા દારૂની અંદર કેટલા માણસો બરબાદ થઇ ગયા, શહિદ થઇ ગયા, એ આખું કુટુંબ સમાપ્ત થઇ ગયું એવા દિવસો યાદ કરો. આજે ભારતીય જનતા પાર્ટીનું શાસન છે, ક્યાંક બે ટકા આવું ચાલતું હોય પણ આ સરકાર કટિબદ્ધ છે એને પકડીને જેલમાં પૂરવા માટે. મારે એ કહેવું છે કે, અહીંયા હોટલોની વાત કરવામાં આવી. હોટલોને પણ આપણે બંધ કરાવીએ છીએ. એટલું જ નહીં સરકારે નવા કાયદા લાવ્યા છે. ન માત્ર બી.પી.એમ.સી. એકટ, મહાનગરપાલિકા હોટલની પરવાનગી આપે સાથે સાથે પોલીસ ડિપાર્ટમેન્ટ પણ હોટલની પરવાનગી આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ તો આજે પણ એનો નાતો શિક્ષણ અને આરોગ્યનો સાથે રહ્યો છે.(સમયસૂચક ઘંટડી) ખુલ્લી ચીજ વસ્તુની લારી ગલ્લાઓને ઉપાડી લેવામાં આવે છે. આરોગ્યની ચિંતા કરવામાં આવે છે અને આના કારણે આપણે આખા ગુજરાતની અંદર સુરતે પણ એક વખત કલીન સિટી સુરતનો એવોર્ડ મેળવ્યો છે. ગુજરાત આજે પણ હું એમ કહું છું કે, પીવાના પાણીની વાતો કરવામાં આવી. સુરત મહાનગરપાલિકા પચાસ લાખની વસ્તીને શુદ્ધ પીવાનું પાણી નળ દ્વારા પીવાનું પાણી પૂરું પાડે છે. ક્યાંય કોઇ તકલીફ હજુ સુધી આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, આરોગ્યનું સ્તર ભા.જ.પ.ના શાસનમાં ખૂબ ઉંચું લાવ્યા છીએ ત્યારે સુપ્રીમ કોર્ટની અંદર પણ માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું હતું કે, લેન્ડ ફિલિંગ કચરાનો નિકાલ. આજે સુરતની અંદર પચાસ લાખની વસ્તીનો હજ્જારો ટન ગંદો કચરો એ વૈજ્ઞાનિક પદ્ધતિથી લેન્ડ ફિલિંગ કરીને એક ચોક્કસ જગ્યાએ એને દાટવામાં આવે છે. અને એના આધારે પાવર વેસ્ટની ઉપર પણ પ્રોડકશન કરવામાં આવે છે. આ એક ચોક્કસ પદ્ધતિના આધારે સ્વચ્છ ગુજરાત અને સ્વસ્થ સુરતનું પણ અમે નિર્માણ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેળા અને કેરીની વાત કરી. આજે બાળક કોઇ સડેલી વસ્તુને અડકતો પણ નથી. માખી બેસી હોય તેવી કોઇ વસ્તુ બાળક આજે કોઇ ખાતો નથી એટલા સંસ્કારોનું અમે સિંચન કર્યું છે, એટલી અમે જાગૃતિ લાવ્યા છીએ. આરોગ્યની અંદર પણ મારે મિત્રો ઘણી બધી વાતો કરવી છે, સમય ખૂબ ઓછો છે પણ હું એટલું ચોક્કસ કહીશ કે, આ રાજ્યના છ કરોડની વસ્તીમાં ૧,૫૬,૦૦૦ બાળકોમાંથી ૧,૪૯,૦૦૦ બાળકોની આપણે એની તપાસ કરી છે અને એના માટે "ન ભૂતો ન ભવિષ્યતિ" જેવી છન્નું ટકા કામગીરી બાળકોની તપાસ થઇ છે. હૃદય રોગ હોય, કિડની હોય, કેન્સર હોય અનેક રોગોમાં, લેપ્ટોસ્પાઇરોસીસની પણ વાત કરવામાં આવી છે. આદિજાતિ વસ્તીમાં સિકલસેલ એનિમિયા માટે પણ વડાપ્રધાનનો એવોર્ડ આપણે મેળવ્યો છે. બાળ મૃત્યુનો દર આવનારા દિવસોમાં આપણે એક હજારે ત્રીસ કરવાના છીએ.

ઉપાધ્યક્ષશ્રી : પૂર્ણેશભાઇ આપનું પૂરું થાય છે. બેસો, પ્લીઝ. શ્રી મહેશભાઇ.

શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી નંબર ૩૯ અને ૪૦ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલના રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી, મારા બનાસકાંઠા જિલ્લાના છે અને તેના પહેલાં પણ બનાસકાંઠા જિલ્લાના જ હતા. તેમ છતાં દુ:ખની બાબત એ છે કે, બનાસકાંઠા જિલ્લાની મુખ્ય મથક પાલનપુરની સિવિલ હોસ્પિટલની અંદર પચાસ ટકા ડોકટરો છે. સિવિલ હોસ્પિટલમાં બ્લડ બેન્ક નથી, સોનોગ્રાફી મશીન નથી, સિટી સ્કેન જેવી સુવિધાઓ સરહદી જિલ્લાના મુખ્ય મથકે નથી તે ખૂબ જ દુ:ખની બાબત છે. હોસ્પિટલમાં આરોગ્યપ્રદ શુદ્ધ પીવાનું પાણી મળતું નથી તથા સ્વચ્છતા પણ જળવાતી નથી. પાલનપુર હોસ્પિટલમાં બનાસકાંઠા તથા રાજસ્થાનના દર્દીઓ આવે છે પરંતુ હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિસ્ટ ડોકટરની નિમણૂક કરવામાં આવી નથી. બનાસકાંઠા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારીની જગ્યા ઘણા લાંબા સમયથી ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બનાસકાંઠા જિલ્લાના દાંતના ડોકટરની નિમણૂંક, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા ત્રણ–ચાર વર્ષથી કરવામાં આવી છે.દર્દીને તપાસવા માટેની દાંતના ડોકટરની ચેર નથી જેથી ડોકટરો કામ વિનાના બેઠા રહે છે. નવા સાત જિલ્લામાં જિલ્લા સિવિલ હોસ્પિટલ હજુ જાહેર કરેલ નથી. બે રિજિયોજનલ ડેપ્યુટી ડાયરેકટરની કચેરી ગીર, સોમનાથ તથા પાટણ ખાતેની સૈદ્ધાંતિક મંજૂરી મળવા છતાં ચાલુ કરેલ નથી. હોસ્પિટલમાં જીવન રક્ષક દવાઓનો જથ્થો હોવો જોઇએ તે રહેતો નથી. તેનો એક કિસ્સો જણાવું તો આશરે છ માસ પહેલાં એક ૧૦ વર્ષની આદિવાસી બાળકીને ઝેરી સાપ કરડવાથી સારવાર માટે પાલનપુર ખાતે ૧૦૮ દ્વારા લાવવામાં આવેલ પરંતુ તે સમયે જીવન રક્ષક રસીના ઇન્જેકશનનો સ્ટોક ન હોવાથી સેવાભાવી સંસ્થા દ્વારા ખાનગી મેડિકલ સ્ટોરમાંથી ઇન્જેકશનો લાવીને બાળકીનો જીવ બચાવી

લેવામાં આવેલ તો આવી દવાઓનો સ્ટોક કાયમી જળવાય એવી મારી માગણી છે. એક અહેવાલ પ્રમાણે •(xxxxxx) આદિવાસી વિસ્તારમાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યામાં ૪૪ ટકાનો વધારો થયો છે. અતિ ભયંકર રીતે પીડાતા બાળકોની ટકાવારીમાં પાંચ ટકાનો વધારો થયો છે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દ તમારા (xxxxxx) એ હું કાઢી નાખું છું.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે ઓકટોબર–૨૦૦૪માં હુકમ કર્યો છે છતાં ગુજરાતમાં ૬૩.૩૭ લાખ બાળકોને સરકાર પૂરક પોષણયુકત આહાર પૂરો પાડતી નથી અને દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોવાછતાં તેનો દુરૂપયોગ થઇ રહ્યો છે તે અટકાવવાની જરૂર છે. રાજયના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અપૂરતી દવાઓ, સાધન સામગ્રીઓ તથા સ્ટાફની અછત હોવાથી દર્દીઓની સારવાર કરવામાં પડતી અછતને કારણે સરકાર શું કરવા માગે છે. રાજયમાં સરકારી દવાખાનાઓમાં અધિકારીઓ, કર્મચારીઓ અને ડોકટરો સતત નિયમિત હાજરી આપતા નથી. તેઓ સતત નિયમિત હાજર રહે તે માટેની વ્યવસ્થા તંત્ર દ્ધારા ગોઠવવામાં આવે. અપૂરતા ટેકનીશીયનોના કારણે હોસ્પિટલમાં રાખેલી અદ્યતન મશીનરીઓનો પૂરતો ઉપયોગ થતો નથી. એકસ રે, ઇકો, સોનોગ્રાફી જેવા અદ્યતન મશીનો ચાલુ હોવા છતાં દર્દીઓને બહાર રિપોર્ટ કરાવવા જવું પડે છે. રાજયની સિવિલ હોસ્પિટલોમાં સ્વચ્છતા જાળવવામાં આવતી નથી. સરકાર સિવિલ હોસ્પિટલોમાં સ્વચ્છતા જાળવવા સ્ટાફની ભરતી કરવાને બદલે પ્રાઈવેટ કોન્ટ્રાકટ આપે છે તેનાથી ભ્રષ્ટાચારને ઉત્તેજન મળે છે.

ઉપાધ્યક્ષશ્રી : મહેશભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ચાર મિનિટ બાકી છે સાહેબ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય નટવરસિંહજી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આ આરોગ્યની વાત અત્યારે આ લોકો કરે છે પણ પહેલા ઋષિ મુનિઓ વખતથી છે. શરીર સારું તો બધું સારું. સ્વાસ્થ્ય સારું તો બધું સારું. અત્યારે એવી દવાઓ રાજયમાં આવી છે ભેળસેળવાળી એનાથી મુશ્કેલી ઊભી થાય છે.

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

તો મુશ્કેલી ઊભી ન થાય એ માટે જે વિલાયતી દવાઓ આવે છે એમાં ભેળસેળ ઓછી કરો, સારી દવાઓ વાપરો. પહેલા આયુર્વેદિકમાં ઋષિમુનિઓએ એવી દવાઓ બનાવી હતી કે કોઇપણ રોગ હોય તો મટી જતો હતો અત્યારે આયુર્વેદિક સમુળગુ એ થઇ ગયું છે. આયુર્વેદિક ડોકટરોને પણ પગાર નથી મળતા અને બાંધ્યા પગારે રાખ્યા છે એને કાયમી કરો તો કંઇક સારી સારવાર કરે, તમે ૧૧ મહિના માટે કે ત્રણ વર્ષ માટે રહો એ ડોકટર શું કરે? એણે વિધિ કરતા કરતા ૩ મહિના વિધિમાં થાય. ડોક્ટરો ખૂટે છે. આર્યુવેદમાં કરો તો સારું. આખા ગુજરાતમાં ડોકટરો ખૂટે છે. તમે કહો અમારા દવાખાના દર્દને મટાડશે. શું મટાડશે? ઘણા દર્દીઓ દવાખાને જતા જતા મરી જાય છે. એ કઇક વિચારો. આર્યુવેદિક ઉપર વિચારો. તેના ઉપર ધ્યાન આપો. આયુર્વેદિક એ એક એવી દવા છે કે કોઇપણ રોગ હોય તો મટી જાય. પહેલા ઋષિ મુનિઓ આયુર્વેદિક દવાથી મટાડતા હતા અને એ પણ ઓછા ખર્ચે. અત્યારે દવાખાનામાં લાખો રૂપિયા થાય. અત્યારે સરકારી દવાખાના બંધ, પ્રાઈવેટ ચાલુ .

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, આજે મને આનંદ છે કે આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ અમારા આરોગ્ય વિભાગ અને માર્ગ મકાન વિભાગ લગભગ ૧૦,૦૦૦ કરોડ રૂપિયા કરતા વધુ રકમની જે માગણીઓ લાવ્યો છું. એ બંનેય વિભાગો પ્રજાની સેવા માટેના છે. આ વિભાગોથી કોઇ મોટી સત્તા પ્રાપ્ત થતી નથી. આ વિભાગ કોઇ વટ પાડવા માટેનો વિભાગ નાથી, પણ ગરીબ માણસો, દર્દીઓ જેમને સહાયની જરૂર છે એવા વંચિતો અને સગર્ભા માતાથી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માંડીને ઉંમરલાયક થઇ ગયેલ વડીલો, તમામની સેવા કરવાનો આ વિભાગ દ્વારા મને અને અમારા સાથી મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી અને માનનીય શ્રી જયદ્રથસિંહજીને તક મળી છે, ત્યારે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા કરતા વધુ રકમમાંથી જે મોટું કામ આરોગ્ય વિભાગમાં થાય છે એની માગણી પહેલા રજૂ કરીશ. એના વિષે હું થોડી માહિતી અને વિગતો માનનીય સભ્યશ્રીઓને આપીશ.

આજે ૨૬ માનનીય સભ્યશ્રીઓએ પોતપોતાના વિચારો, મંતવ્યો, સૂચનો, માગણીઓ, રજૂઆતો, ટીકા–ટિપ્પણ બધી જ સારી રીતે વિવેકસર, શિસ્તબદ્ધ રીતે માનનીય સભ્યશ્રીઓએ રજૂ કરી છે. તેની મેં બધા જ સભ્યશ્રીઓની નોંધવાપાત્ર મુદાઓની નોંધ લીધી છે. અમારા પક્ષના કે સામા પક્ષના હોય જેમણે જેમણે વાજબી અને જરૂરી સૂચનો કે રજૂઆતો કરી છે, તેના વિષે અમે ચોક્કસ બજેટમાંથી જેટલું શકય હશે તેટલું હકારાત્મક રીતે બધાને મદદરૂપ થવાનો સંપૂર્ણ પ્રયત્ન કરીશું.

જ્યારથી વિધાનસભા ગૃહ મળ્યું, ભૂતકાળમાં હું ૧૯૯૦ માં ધારાસભ્ય પહેલીવાર બન્યો, ત્યારે આરોગ્ય મંત્રી શ્રી બાબુભાઇ વાસણવાળા સાહેબ હતા. ખૂબ સજ્જન પુરુષ, સેવાકીય વ્યક્તિ,ત્યારે પણ ડોકટરો, આરોગ્ય વિભાગ વિષે જૂના પ્રવચનો લાઇબ્રેરીમાંથી જુઓ તો આ જ પ્રકારની બાબતો ડો. જોષીયારા આરોગ્ય મંત્રી બન્યા હોય તો પણ આ પ્રકારની બાબતો ડોકટરો માટેની આજીવન હોય છે. માગણી કરવી, ટીકા કરવી અલગ વાત છે, પણ રાજય સરકાર દ્વારા જે કામો કરવામાં આવે છે, એને પણ આપણે સ્વીકારવાં જોઇએ. એનો વધુને વધુ લાભ આ દર્દીઓ, ગરીબોને, જરૂરિયાતવાળા લોકોને મળે, સગર્ભા માતા, કુપોષિત બાળકોને મળે તેના માટે આપણે સંપૂર્ણ પ્રયત્ન કરવા જોઇએ. અમારા માનનીય સભ્યશ્રી મુકેશભાઇએ ખૂબ સારું કહ્યું ‘મા’ યોજના બાબતમાં રાજય સરકારે પોતાનું કામ કરી દીધું છે. ‘મા’ યોજના સરકારે દાખલ કરી. ૩૫ લાખ ગરીબ પરિવારોના બી.પી.એલ. ના પોણા બે કરોડની વસ્તીને એમાંથી કોઇને પણ ગંભીર પ્રકારની આ લગભગ ૫૫૦ પ્રકારની પ્રોસિજરવાળી કોઇપણ દર્દીને તકલીફ થાય તો ‘મા’ યોજનાનું કાર્ડ આપીએ છીએ. સરકારે અમલમાં મૂકી દીધું. હોસ્પિટલે મંજૂર કરી દીધું. આપણે જાહેર જીવનના કાર્યકર, ધારાસભ્યશ્રી, પ્રજાના પ્રતિનિધિ છીએ. તો આ ‘મા’ યોજનાના કિયોસ્ક ઉપર જઇ આપણા વિસ્તારના ગરીબ લાભાર્થીઓને, જરૂરિયાતવાળા દર્દીઓની જોડે રહીને કાર્ડ કાઢી આપીએ. સરકારે વ્યવસ્થા કરી એનો લાભ લેવાનો. ગરીબો, ઓછું જાણકાર લોકો, અભણ લોકોને, દૂર દૂરના અંતરિયાળ વિસ્તારના લોકોને સમજ આપવી પડે. તમામ ધારાસભ્યશ્રીએ હું જે કહું બધાએ પોતાના વિસ્તારમાં અમારા પક્ષ તરફથી, અમારી સરકાર તરફથી ગયા વર્ષે જે ઝૂંબેશ ઉપાડી કે મા યોજનાના કેમ્પ કરો અને ગરીબ દર્દીઓને શોધી શોધી જેમ આપણે ચૂંટણી વખતે મતદાન કરવા લોકોને શોધી શોધીને લઇ જઇએ છીએ તેમ અમારા ભારતીય જનતા પક્ષના તમામ સંગઠનના હોદ્દેદારો અને ધારાસભ્યશ્રીઓએ, મંત્રીશ્રીઓએ પત્રિકા છપાવી, પડદા છપાવ્યા, ઘેર ઘેર પહોંચ્યા અને લાભાર્થીઓને કાર્ડ બનાવવામાં મદદરૂપ થયા. આ પ્રમાણે આપણે કરીએ. આ એક દાખલો આપું છું. બધા જ આવું કરે. કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ પણ આવું કરે તેવી મારી એમને વિનંતી છે. જેથી આપણી આ સરકારની યોજનાનો લાભ દરેક ગરીબોને આપી શકીએ તથા તેમનું સ્વાસ્થ્ય અને આરોગ્ય આપણે સુધારી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે કહેતો હતો કે જે સારી અને ઉજ્જવળ બાબતો છે, પ્રસ્થાપિત ગઇ ગયેલી બાબતો છે તે આપણે ધ્યાન ઉપર લેવી જોઇએ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો રાજયની અંદર ૧૨૦૮ છે. તેની અંદર ૭૨૪૮ પથારી છે. સરકારે કેટલી વ્યવસ્થા કરી છે તેની હું આપને માહિતી આપું છું. ૩૦૦ સામૂહિક આરોગ્ય કેન્દ્ર કે જેને આપણે સી.એચ.સી. કહીએ છીએ તે છે. ૯૯૨૫ પથારીઓની સગવડ છે. ૩૦ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલો છે. જેની અંદર ૨૯૨૮ પથારીની વ્યવસ્થા છે. ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ૨૪ છે અને તેમાં ૪૩૨૮ પથારીની વ્યવસ્થા છે. આપણી રાજય સરકારની મેડિકલ કોલેજ સાથે સંકળાયેલી મોટી ઉચ્ચ કક્ષાની સારવાર આપણી હોસ્પિટલો છે તે ૧૮ છે અને તેમાં ૧૧૦૨૨ પથારીઓની સગવડ છે. તેમ અમારા આરોગ્ય વિભાગ દ્વારા આખા રાજયની અંદર જે જે હોસ્પિટલો ચલાવવામાં આવે છે તેની ૩૫૪૫૧ પથારીઓ દર્દીઓ માટે, ઇનડોર સારવાર માટે આપણે વ્યવસ્થા કરેલી છે. ડૉકટરો નથી, નર્સો નથી તેની આપણે રજૂઆત કરીએ છીએ. ફરી કહું કે જે છે તેનો લાભ જે જરૂરિયાતવાળા ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ લે છે

તેના આંકડા પણ આ સન્માનનીય સભ્યોએ મારી દૃષ્ટિએ જાણવા જેવા છે. જેથી આપણને ખ્યાલ આવે કે આપણે બધા અહીં સાથે મળીને જે બજેટ મંજૂર કરીએ છીએ તેનો પ્રજાને કેટલો મોટો લાભ થાય છે.

રાજય સરકારની વિવિધ હોસ્પિટલો કે જેનો મેં આંકડો આપ્યો છે તેમાં ગયા વર્ષે કેટલી ઓ.પી.ડી. થઇ દરરોજની? તેમાં વાર્ષિક ગણીએ તો ૩ કરોડ ૪૪ લાખ ૮ હજાર ૮૧ એટલે કે સાડા ત્રણ કરોડ દર્દીઓએ અમારી સરકારની હોસ્પિટલની મુલાકાત લીધી, ઓ.પી.ડી.માં સારવાર લીધી, દવાઓ લીધી, ઇંજેકશન લીધા અને પાટાપિંડી કરાવી. ગુજરાતની વસ્તીનો લગભગ અડધો આંક થયો. સાડા ત્રણ કરોડ દર્દીઓ આ હોસ્પિટલોમાં જાય છે. ઇનડોર દર્દીઓ કે જે દર્દીઓને દાખલ કરવામાં આવ્યા તેની સંખ્યા જોઇએ તો તેની સંખ્યા ૪૭ લાખ ૭ હજાર ૯૦૭ છે. આટલા દર્દીઓએ ગયા વર્ષે સરકારની હોસ્પિટલોમાં અંદરના દર્દી તરીકેની સારવાર મેળવી. માનનીય અધ્યક્ષશ્રી, પ્રસુતિની વાત કરીએ તો આપણે અનેક રીતે પ્રસુતિ જુદી જુદી યોજનાઓ જેવી કે ચિરંજીવી યોજના હોય, બીજી અન્ય યોજના હોય, સરકારની હોસ્પિટલો હોય, ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલો હોય તેમાંથી સરકારની હોસ્પિટલની અંદર ગયા વર્ષે જે પ્રસુતિ થઇ તેના આંકડા આપું તો ૨૯૮૭૩ બાળકોના જન્મ સરકારી હોસ્પિટલોમાં થયા છે. મોટા ઓપરેશન કે જેને મેડિકલની ભાષામાં મેજર ઓપરેશન કહેવાય તેનો આંકડો આપું તો ૨ લાખ ૨૭ હજાર ૬૭૨ મેજર આપરેશન સરકારી હોસ્પિટલોમાં થયા છે. માઇનર ઓપરેશન કે જેમાં કોઇને એક ટાંકો આવે, બે ટાંકા આવે, પાટાપિંડી કરીને સારવાર આપવામાં આવે તેની સંખ્યા જોઇએ તો ૪ લાખ ૪૮ હજાર ૯૮૨ થાય છે. તેવી રીતે કુટુંબ કલ્યાણની જુદી જુદી પ્રવૃત્તિ કે જેમાં કુટુંબ કલ્યાણના ઓપરેશન, નસબંધી વગેરે જે કરવાના થાય તો તેમાં ૯૨ હજાર ૯૮૫ એટલે કે લગભગ ૯૩ હજાર જેટલા ઓપરેશન કર્યા છે.

એકસ–રેની વાત કરું તો કોઇપણ દર્દી સારવાર લેવા જાય ત્યારે અમુક પ્રકારના દર્દ હોય તો એકસ–રે પડાવવો પડે. સરકારી હોસ્પિટલોમાં ગયા વર્ષે ૨૨ લાખ ૪૦ હજાર ૪૦૦ દર્દીઓના એકસ–રે પાડયા છે. એવી જ રીતે લેબના રિપોર્ટ કરવા પડે કોઇ માંદો પડ્યો હોય તો લોહીનો, પેશાબનો કે ઝાડાનો જે ડોકટરને જરૂરી હોય એ ટેસ્ટ કરવા પડે. કેટલા ટેસ્ટ કર્યા આપણી સરકારી હોસ્પિટલોમાં ૩ કરોડ ૬ લાખ જેટલા ટેસ્ટ આ લેબોરેટરી ટેકનિશિયનોએ કર્યા. ડોકટરો ના હોય, નર્સો ના હોય તો આ બધું કોઇ બહારથી આવીને કરી ગયું? આટલા બધા દર્દીઓની સારવાર થતી હોય, આટલા પેશન્ટોને સરકારની હોસ્પિટલમાં લગભગ વિના મૂલ્યે કહેવાય, દવાનો ખર્ચ નહીં, ઓપરેશનનો ખર્ચ નહીં, પાટાપીંડીનો ખર્ચ નહીં, ઇન્ડોરની ફી નહીં, કશું જ નહીં અને ગુજરાતના ૩.૫૦ કરોડ નાગરિકોની સેવા અમારી સરકારી હોસ્પિટલોએ કરી છે એનું ગૌરવ થવું જોઇએ, એનો આનંદ થવો જોઇએ એના બદલે ફકતને ફકત કશું જ થતું નથી એ પ્રમાણેની અભ્યાસ વગર કોઇ ટીકા કરતા હોય તો મારું સૂચન છે કે આ કામગીરીને જરા તમે બિરદાવો. કમી છે હું ના નથી કહેતો અને શોર્ટેઝ છે ડોકટરોની, પણ જે છે એનો આનંદ માણવો જોઇએ અને ન હોય એની પૂર્તતા કરવા અમે કટિબધ્ધ છીએ અને એનું કામ પણ અત્યારે અમે કરી રહ્યાં છીએ.

ડોકટરોની વાત થઇ, આજે રાજય સરકારની વિવિધ હોસ્પિટલોમાં ૪૪૬૮ એમ.બી.બી.એસ. એનાથી ઉપરના સ્પેશિયાલીસ્ટ અને એનાથી ઉપરના સુપર સ્પેશિયાલીસ્ટ, ત્રણ પ્રકારના સુપર સ્પેશિયાલીસ્ટ સહીતના ૪૪૬૮ ડોકટરો અત્યારે રાજય સરકારમાં પી.એચ.સી.થી માંડી અમદાવાદની સીવીલ હોસ્પિટલ સહીત બધી જ જગ્યાએ જરૂરિયાતવાળા લોકોની સારવાર કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્સોની વાત કરું તો નર્સો સહીતનો પેરા મેડીકલ સ્ટાફ એટલો જ જરૂરી છે. અમારી હોસ્પિટલમાં ૧૨૨૭૦ બહેનો અને ભાઇઓ નર્સ તરીકે અત્યારે કામગીરી કરે છે. એ.એન.એમ., એલ.એચ.વી, ફીમેલ અને હેલ્થ વર્કર સુપરવાઇઝર એ પણ સંખ્યા ૭૦૬૫ છે. આ પણ સેવાઓ આપણી હોસ્પિટલમાં ગામડાંના નેટવર્ક દ્વારા આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૫૯૪ ફાર્માસીસ્ટ છે, ૬૩૧ ટેકનિશિયન છે, ૨૮૮ લેબ ટેકનિશિયન ભરેલા છે. આ બધું જ આપણે જે કરીએ છીએ એ કરોડો દર્દીઓ માટે આપણે ગામડાંથી માંડીને અમદાવાદ સુધીની હોસ્પિટલમાં એની સારવાર થાય છે. અહીંયા માનનીય સભ્યશ્રીઓએ પ્રવચનમાં કહ્યું પેટા આરોગ્ય કેન્દ્ર અંગે ત્યારે મારે કહેવું છે કે, આપણે રાજય સરકાર તરફથી જે પેટા આરોગ્ય કેન્દ્રો મંજૂર કર્યા છે એ તમામ પેટા આરોગ્ય કેન્દ્ર અત્યારે કાર્યરત છે. કદાચ નવું બનાવવાનું

હોય પી.એચ.સી., સી.એચ.સી. તો એની અમારા મહેસૂલ વિભાગ દ્વારા જમીન મેળવવી પડે પણ અમે જમીન મળવાની રાહ જોતા નથી. મકાન ભાડાનું ગામડામાં શહેરમાં મળે તો રાખીએ છીએ અથવા જૂનું મકાન અમારું કોઇ સરકારી હોય તો ત્યાં કરીએ છીએ પણ દર્દીઓની સેવા અવિરતપણે અમે ચાલુ કરી દઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના માનવ વિકાસ સૂચિતઆંકની અમારા સભ્યશ્રીએ વાત કરી અહીંયા જોષીયારા જેવા અનુભવી પોતે પણ ડોકટર છે અને ભૂતકાળમાં આરોગ્ય મંત્રી પણ રહી ચૂકયા છે. એમણે માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરની વાત કરી અને બીજા કોંગ્રેસ પક્ષના અન્ય સભ્યશ્રીઓ દ્વારા પણ એજ વાત કરવામાં આવી છે. આપણે પહેલા ક્યાં હતા અને અત્યારે ક્યાં છીએ એની સાથે સરખામણી કરીએ તો ૨૦૦૪ની અંદર માતા મૃત્યુદર પ્રતિ ૧ લાખ જીવીત જન્મે જે ૧૭૨ હતો એ આપણા બધાના સંયુકત પ્રયત્નોથી આપણે ૧૨૨ સુધી ૨૦૧૨માં લાવ્યા છીએ અને હજુ એમાં ઘટાડો કરવા માટે સરકારે આ બજેટમાં અનેક પ્રકારની વ્યવસ્થાઓ કરી છે એ હું શકય એટલું ગૃહના ધ્યાન પર મૂકીશ. માનનીય અધ્યક્ષશ્રી, બાળ મૃત્યુદર, પ્રસૃતિ વખતે બાળકનું મૃત્યુ થાય, પ્રસૃતિ વખતે માતાનું મૃત્યુ થાય, પ્રસૃતિના અઠવાડિયામાં મૃત્યુ થાય, દસ દિવસમાં થાય, મહિનામાં થાય આ બધી ભારત સરકારે નક્કી કરેલા સમયના ગાળાની અંદર ભારત સરકારના જે પ્રસ્થાપિત આંકડા છે. ૨૦૦૧માં બાળમૃત્યુ દર ગુજરાતમાં પ્રતિ એક હજાર જીવીત બાળકે ૬૦ હતો એના બદલે આપણે ઘટાડીને ૩૮ સુધી લાવ્યા છીએ. પણ ફરી કહું કે માતા મૃત્યુ દર કે બાળમૃત્યુ દરને આપણે બધા સમાજના સેવાભાવી સંગઠનો સાથે મળીને હજી નીચે લઇ જવા માગીએ છીએ.

ડોકટરોની ઉપલબ્ધિ બાબતે કહું તો ડોકટરોની કોઇ ફેકટરી હોતી નથી કે આપણે એમને બનાવી દઇએ. ડોકટરો માટે અગાઉ પણ મેં કહ્યું છે કે ભૂતકાળમાં ૬ મેડિકલ કોલેજો રાજ્ય સરકારની હતી, મેડિકલ સર્વિસીસ અને મેડિકલ એજ્યુકેશન એ બન્નેનો જો આપણે વ્યાપ વધારવો હોય તો ભવિષ્યમાં આપણને ડોકટરો મળે, ડોકટરોના અભ્યાસ માટેની જો કોલેજો જ ના હોય, તો આપણે ડોકટરો મેળવી શકીએ નહિ. આપણે લોકશાહી દેશમાં છીએ. આપણે બળજબરીથી કે દબાણ કરીને સરકારી નોકરી કરો જ એવું પણ કહી શકીએ નહિ. તમે ભૂતકાળમાં હતા ત્યારે તમે જે નિર્ણય નહોતા કરી શકયા, અહીંયા કોઇએ કહ્યું મારે નામ નથી દેવું એ સભ્યશ્રીનું, કે નૈતિક શકિત જોઇએ. પહેલાં એમ.બી.બી.એસ. ડોકટરના બોન્ડ મામૂલી હતા, મોટાભાગના છોકરાઓ સરકારી હોસ્પિટલમાં કે સિવિલમાં ભણતા હોય છે એમની પાસેથી આપણે કેટલી ફી લઇએ છીએ? ફક્ત છ હજાર રૂપિયા, એમ.બી.બી.એસ. સ્ટુડન્ટને મેડિકલ ડોકટર બનાવવા માટે આપણી સરકારી કોલેજ વરસે ફક્ત છ હજાર રૂપિયા લે છે આજે બાળમંદિરની ફી પણ છ હજાર નહિ પણ એના કરતાં અનેકગણી વધુ છે. ગરીબોના વિદ્યાર્થીઓ, આદિવાસીના વિદ્યાર્થીઓ પણ ડોકટર થઇ શકે છે. અમારી સરકાર આવી આપણા અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ દરેક વસ્તુના મૂળમાં જઇને, પીવાનું પાણી હોય, સિંચાઇનું પાણી હોય, રસ્તા હોય, આદિવાસીઓના વિકાસની વાત હોય, મહિલા બાળ કલ્યાણ વિભાગ હોય કે અન્ય કોઇપણ વિભાગ હોય તો એના માટે થઇને મૂળમાં જઇને રોગનું નિદાન કરીને એના ઉપાય કર્યા છે. એમ ડોકટરોની ઉપલબ્ધિ વધારવા, પહેલાં ગુજરાતનો છોકરો ૯૫ ટકા લાવે તો પણ આપણી કોલેજોમાં એડમિશન નહોતું મળતું અને લાખ્ખો રૂપિયા ભરીને કર્ણાટક, મહારાષ્ટ્ર ત્યાં બધે જતા હતા, કરોડો રૂપિયા ગુજરાતના દર વરસે બહાર જતા હતા, ભૂતકાળની સરકારોએ કોઇ હિંમત કરી નહોતી અહીંયા કોલેજોની સીટો વધારવાની કે નવી કોલેજો બનાવવાની, માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતની, અમારા આરોગ્ય વિભાગની સેવાઓ વધુ વધારવા મેડિકલ કોલેજો જે વધારી, પાંચ વરસની જે વાત કરું ૨૦૦૮ થી ૨૦૧૩ સુધીમાં તો એમ.બી.બી.એસ. ડોકટરોની સંખ્યા અગાઉ ૧૫૫૫ હતી એના બદલે ૨૯૩૦ કરી, એટલે ૮૮ ટકા મેડિકલની સીટો ફકત અમે પાંચ વરસની અંદર ગુજરાતમાં વધારી છે. પોસ્ટ ગ્રેજ્યુએટ ડોકટરની વાત કરું તો એમ.બી.બી.એસ. પછી પી.જી. આવે અત્યારે બધા ડોકટરોને પી.જી. કરવાની એક બહુ મોટી ઇચ્છા હોય છે કે સ્પેશ્યાલિસ્ટ થઇએ. તો એમાં પણ ભૂતકાળમાં– પહેલાં જે સીટો હતી પહેલાં ૯૦૬ હતી એને વધારીને અમે ૧૪૩૦ કરી એટલે ૫૨૪ સીટો પી.જી.ની અમે વધારી. આ એવું નથી કે ડોકટરોને વધારવા માટે અમે મકાન બનાવી દઇએ, સાધનો લાવી દઇએ, ભારત સરકારની મેડિકલ કાઉન્સીલ ઓફ

ઇન્ડિયા દ્વારા એની મંજૂરી મેળવવાની હોય છે. આ મંજૂરી મેળવવાની પ્રક્રિયા ઘણી વિકટ હોય છે. એટલા માટે આ ડોકટરો વધે એ માટે આપણે વ્યવસ્થા કરીએ છીએ. આયુર્વેદિક વિષય ઉપર ભારતની સંસ્કૃતિની સારવાર પદ્ધતિ કહેવાય તો એમાં પણ આયુર્વેદિકમાં કોલેજો અને બેઠકો અને એમાં પી.જી. કરવાની વ્યવસ્થા આપણે સતત વધાર્યે જઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે થોડાં કડક નિર્ણય પણ કર્યા છે. ગુજરાત રાજયમાં સ્ટુડન્ટ પી.જી.કરે તો ભારત સરકારના નિયમ પ્રમાણે આપણી કુલ જે સીટો છે તેમાંથી ૫૦ ટકા વિદ્યાર્થી દેશના લેવા પડે ઓલ ઇન્ડિયા ક્વોટાના. અત્યાર સુધી ઓલ ઇન્ડિયા ક્વોટાના સ્ટુડન્ટ બહારથી આવે ગુજરાતની પ્રજાના પૈસે ભણે, ફી મામૂલી અને તેને આપણે ત્યાં કોઇ ફરજ બજાવવાની નહીં અને તેનો કોઇ બોન્ડ નહોતો. ગયા વર્ષે આરોગ્ય મંત્રી તરીકે અમે નિર્ણય કર્યો કે દસ લાખ રૂપિયા બોન્ડ આપણે કરીએ અને દસ લાખ રૂપિયા બોન્ડ આપણે કર્યો. એટલે હવે બહારના રાજયના વિદ્યાર્થીઓ પી.જી.કરવા નેશનલ ક્વોટામાં આપણે એડમિશન તો ફરજિયાત આપવું જ પડે. સુપ્રીમનો પણ આદેશ છે. પણ આપ્યા પછી આપણાં ખર્ચે ભણી અને બીજા રાજયોમાં જતા રહેતા હતા તેના બદલે આપણે ત્યાં ત્રણ વર્ષ સરકારની સેવામાં રહેવું પડશે અને જો નહીં રહે તો દસ લાખ રૂપિયા આપણને ભરવા પડશે.

એનાથી પણ મોટી વાત કરું સુપર સ્પેશ્યાલીસ્ટ જે ડિગ્રીઓ છે, આ પી.જી.પછીની જે સીટો છે તેની અંદર સાહેબ આપણે કરોડો રૂપિયા ખર્ચી અને સ્ટુડન્ટને ભણાવીએ પણ તેનું વળતર આપણને મળતુ નહોતું. આ બધુ ભણી ઉચ્ચમાં ઉચ્ચ શિક્ષણ મેળવી ડોકટરો પ્રાઇવેટમાં જતાં રહેતા હતા, પરદેશમાં જતાં રહેતા હતા. એક રૂપિયો સરકારને ફી મળે નહીં અને સરકારને કોઇ સેવા ના મળે. સાહેબ, આ વર્ષે અમે નિર્ણય કર્યો કે આવા ડોકટરોનો બોન્ડ ૫૦ લાખ રૂપિયા કર્યો છે. એ ડોકટર ભણી લે, સુપર સ્પેશ્યાલીસ્ટની ડિગ્રી મેળવી લે અને પછી તે ત્રણ વર્ષ સરકારી સેવા નહીં કરે તો ૫૦ લાખ રૂપિયા તેમને ભરવા પડશે. આ રીતે અમે કડક નિર્ણયો પણ લીધા છે જે ભૂતકાળની સરકારોએ ગમે તે કારણોસર નહોતા લીધા એટલે ડોકટરોની ઉપલબ્ધિ આપણે વધારી શકતા નહોતા એ આપણે હવે વધારી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા અમારા સભ્યશ્રીઓએ જે અમારા પોગ્રામ છે શાળા આરોગ્ય કાર્યક્રમ. શાળા આરોગ્ય કાર્યક્રમને આપણે બધા સારી રીતે જાણીએ છીએ. એક કરોડ કરતાં વધુ બાળકોની દર વર્ષે આપણાં શિક્ષણ, પંચાયત અને અમારા આરોગ્ય વિભાગના સહયોગથી અને મહિલા બાળ કલ્યાણ વિભાગના સહયોગથી અમે એક કરોડ કરતાં વધુ બાળકોની આરોગ્ય ચકાસણી કરીએ છીએ. અને એમાંથી ખબર પણ ના હોય તેના મા-બાપને કે મારા બાબાને કિડનીની કે હૃદયના વાલની કે બીજી કોઇ ગંભીર પ્રકારની બિમારી છે. એવા વર્ષે લગભગ ૨૦૦-૩૦૦ બાળકોને સો ટકા સરકારના ખર્ચે, આપણી સરકારની ઉંચામાં ઉંચી સારવાર આપી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં આપણે તેમની સારવાર કરીએ છીએ. આ અમારી સરકારની ચિરંજીવી યોજના હોય, બાલસખા યોજના હોય કે અન્ય યોજનાઓ હોય તેના દ્વારા અમે કામ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓ બાબતમાં પણ જેટલા પ્રિકોશનલી અમે તેની તંદુરસ્તી જળવાય, બાળકની પણ તંદુરસ્તી જળવાય એ પ્રમાણેના જન્મથી માંડીને, સગર્ભા અવસ્થાથી માંડીને માતાઓની કાળજી માટેના પણ અમે જે આખુ તેનું સાઇકલ કહેવાય એવું જીવનચક્ર અભિગમ અપનાવ્યો છે અને એમાં પણ મહિલાઓના આરોગ્યની જાળવણી થાય, સુધારો થાય, સગર્ભાવસ્થા દરમિયાન માતાને કોઇ તકલીફ ના પડે, પડી હોય તો એની સારવાર થાય, એને પોષક આહાર મળે એ માટે આંગણવાડી કાર્યકર, અમારી આશા વર્કર બહેન, તેડાગર બહેન એ બધાજ અમે એની સેવાઓ લઇ મહિલાઓ માટે ખાસ કાર્યક્રમ ચલાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે કિશોરીઓ છે ૧૬ વર્ષથી લગભગ આજુબાજુની ઉંમરની દીકરીઓ થાય તો એના જે કુદરતી પ્રશ્નો હોય છે તેને સમજણ આપવા માટે, તેમાં મદદરૂપ થવા માટે પણ અમે કાર્યક્રમ ચલાવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કસ્તૂરબા પોષણ આહાર યોજના જે અમે પ્રસુતિ દરમિયાન પોષક આહાર અને એનિમિયા નિવારવા માટે બહેનોને અત્યાર સુધી ગયા વર્ષ સુધી ૨૧૦૦ રૂપિયા આ બહેનોને સબસિડી સહાય આપતા હતા તે રકમ ૨૧૦૦માંથી સીધી આ વર્ષે ત્રણ ગણી વધારી છ હજાર રૂપિયા કરી છે. એટલે જે ગરીબ સગર્ભા માતાઓ છે, જેમને પોષણની જરૂર હશે તેને છ હજાર રૂપિયા સરકારની પધ્ધતિ પ્રમાણે પ્રસુતિમાં સહયોગ આપે તો, દવાખાનામાં પ્રસુતિ કરાવે અને બધીજ રસી બાળકોની સમયસર આપે, તેની સરકાર ચિંતા કરે છે. બાળકોની રસી મા-બાપ ના અપાવે પણ પલ્સ પોલિયો હોય કે બીજા રસીકરણ કાર્યક્રમ હોય તો અમારી સરકાર, અમારી આંગણવાડીના અને આશાવર્કર બહેનો સહિત તમામ કાર્યકરો સામે પગલે જઇ અને અમે સારવાર આપીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સાધનોની પણ આપણને જરૂરિયાત પડે છે. આરોગ્ય વિભાગ હસ્તક આ વખતે અમે વડોદરામાં એક કેન્સરની સારવાર માટે મીનીયલ એકસીલેટર એ લગભગ ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે આવે એ અમે વસાવવાનો નિર્ણય કર્યો છે. આ બજેટમાં એની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સુરત ગયો હતો. અમારા સાથી મંત્રીશ્રી શંકરભાઇ પણ હમણાં સિવિલ હોસ્પિટલ સુરત ગયા હતા, હું પણ ત્યાં ગયો ત્યાં કાર્યકરો, અમારા ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી, અહીંયા ભાઇ શ્રી પ્રભુભાઇ અને અન્ય સુરત જિલ્લાના માનનીય ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરી કે ત્યાં વેન્ટીલેટરની સંખ્યા ઓછી પડે છે. વેન્ટીલેટર તો છે જ, પણ વધારે ૨૦ વેન્ટીલેટર ખરીદવા માટે પણ ફકત સુરતની સિવિલમાં આપવા આપણે જોગવાઇ કરી છે. એ રીતે ૧૬૦ એમએના ૨૩ એકસરે, ૩૦૦ એમએના ૨ એકસરે, ૫૦૦ એમએના ૮ એકસરે, ૬૦૦ એમએના ૧૫ એકસરે, ૮૦૦ એમએના ડીઆર સિસ્ટમ સાથેના ૪ એકસરે, સીટીસ્કેન મશીન ૫, પછી કલર ડોપ્લર ૧૭, પછી બીજા અન્ય મશીનો આમ કરીને લગભગ અન્ય પ્રકારના નાના મોટા સાધનો સહિત આધુનિક ઇકવીપમટેન્ટ ગુજરાતની વિવિધ જરૂરિયાતવાળી હોસ્પિટલોમાં વસાવવા માટેની અમે આ બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદા છે મારે માર્ગ અને મકાન વિભાગની પણ માનનીય સભ્યશ્રીઓને માહિતી આપવી છે પણ જે બે ત્રણ બાબતોમાં જે સૂચનો થયાં છે. માનનીય સભ્યશ્રી નિરજંનભાઇએ કહ્યું, આરોગ્યની જાળવણી માટે ખૂબ સુંદર પ્રવચન કર્યું, હું એમને અભિનંદન આપું છું કે, એમણે ખૂબ સારું પ્રવચન કર્યું અને સરકારની કામગીરી પણ એમણે વખાણી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે વ્યવસ્થા કરીએ છીએ, એમણે પીવાના પાણીની વાત કરી પણ મને આનંદ છે કે, આ ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારોએ નર્મદા યોજના આધારિત અન્ય યોજનાઓ આધારિત ટ્યુબવેલનું પાણી ન પીવું પડે, કૂવાનું પાણી ન પીવું પડે એ માટે કલોરીનેશન ફીલ્ટર કરેલું પાણી ગુજરાતમાં નાનામાં નાના હજારો ગામોથી માંડી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર જેવા તમામ મહાનગરો અને છેક કચ્છ સુધી નર્મદાનું પાણી ફીલ્ટર કલોરીનેશનવાળું પહોંચાડ્યું એનાથી ફાયદો શું થયો? ફાયદો એ થયો કે, આ શુધ્ધ પાણી મળવાથી પાણીજન્ય જે રોગ થતા હતા, ઝાડાઉલ્ટીના જે રોગ થતા હતા, કમળો થતો હતો એ રોગો ઉપર મોટા પ્રમાણમાં આપણે કન્ટ્રોલ કરી શકયા, એટલે અમે કરીએ છીએ અને કહીએ છીએ, કહીએ છીએ એ અમે કરીએ છીએ. અમે ખાલી ભૂતકાળની જેમ કહીને ભૂલી જતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ સેવા યોજનાની માહિતી આપવી બહુ જરૂરી છે. મારે ફરીથી આ વર્ષે જેમ સરવૈયુ આપ્યું એમ સરવૈયુ આપું તો ૧૦૮ સેવા દ્વારા દરરોજ ૨૧૦૦ થી ૨૩૦૦ દર્દીઓને આપણે હોસ્પિટલ પહોંચાડીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ સાહેબે ૨૦૦૭માં ૧૦૮ યોજના જયારથી શરૂ કરી ત્યારથી માંડી અત્યાર સુધી ૪૫,૮૩,૦૩૪ દર્દીઓને અમે સેવા આપી છે. ૧૦૮માં બહેનોને આપણે પ્રસુતિ માટે સરકારી કે ખાનગી દવાખાને લઇ જઇએ છીએ. અત્યાર સુધીમાં ૧૫,૮૧,૭૨૭ બહેનોને ૧૦૮ દ્વારા પ્રસુતિ માટે આપણે લઇ ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, એક થોડીક આશ્ચર્યજનક પણ વાત કરું કે, ૧૦૮માં આપણે સુવિધા પણ રાખી છે. એવા નિષ્ણાત પણ રાખ્યા છે કે ગામડેથી બેન નીકળ્યા હોય અને એમને પ્રસુતિ માટે લઇ જવાના હોય પણ ઘણીવાર આપણી એમ્યુલન્સમાં જ પ્રસુતિ થઇ જાય છે અને સફળતાથી આપણે પૂર્ણ કરાવીએ

છીએ એની સંખ્યા ૩૨૪૦૭ પ્રસુતિ અત્યાર સુધી ૧૦૮માં થઇ છે. એટલે મારી પાસે સરકારમાં એક મીઠો પ્રશ્ન આવ્યો હતો કે હોસ્પિટલમાં જનમ્યા હોય (અંતરાય) અને સાહેબ આ એમ્બ્યુલન્સે કેટલો પ્રવાસ કર્યો તો ૧૫,૦૨, ૦૭,૮૭૮ કિલોમિટરમાં અમારી એમ્બ્યુલન્સ સેવાઓ ગુજરાતમાં સતત ચોવીસે કલાક વરસાદ હોય, ઠંડી હોય, ગરમી હોય, તોફાન હોય કે તહેવાર હોય, પણ અમારી આ એમ્બ્યુલન્સ સેવા પ્રજાની સેવામાં સતત રહી છે એનું અમને ગૌરવ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીની પણ જાણકારી માટે કહું કે આમ તો આજે પત્રકાર મિત્રો માટે વિધાનસભામાં મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન રાખ્યું છે અને પત્રકાર મિત્રોએ એમનું મેડીકલ ચેક અપ કરાવ્યું, પરંતુ મને આનંદ છે કે અમે અમે માનનીય ધારાસભ્યશ્રીઓને પણ એના માટે આમંત્રણ આપ્યું તો મને હમણાં જ છેલ્લી માહિતી મળી છે એ પ્રમાણે ૪૫ જેટલા માનનીય સભ્યશ્રીઓએ અને વિધાનસભાના સ્ટાફે પણ આ મેડીકલ ચેક અપના કેમ્પનો લાભ લીધો છે. આ વખતે ધારાસભ્યશ્રીઓ તરફથી રજૂઆત આવી હતી કે ૧૦૮ ના બીજા સ્ટેન્ડ વધારો. તો જે છે એ તો છે જ અને આ વખતે નવી પાંચ જગ્યાએ આ એમ્બ્યુલન્સ ડેપ્યુટ કરીને આ ૧૦૮ ની સેવાનો લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માહિતી પણ મારે માનનીય સભ્યશ્રીઓને આપવી છે. આપણે બધાએ ગુજરાતમાં ઘણું ફરવાનું થાય છે અને બહારનાં આપણાં ઘણાં સગાં સંબંધીઓ અને મિત્રો પણ મોટા પ્રમાણમાં ગુજરાતમાં આવે છે. કોંગ્રેસના મિત્રોને મારે હ્દયપૂર્વકની વિનંતી છે કે તમારા હ્દય ઉપર હાથ મૂકીને તમારી જાતને પૂછો કે બીજા રાજયમાં જાઓ છો ત્યારે તમને ગુજરાત જેવા રસ્તા ત્યાં જોવા મળે છે કે કેમ અથવા તમારાં સગાં સંબંધીઓ બહારથી કે બીજા રાજયમાંથી અહીં આવે છે તો તમને કહે છે કે ગુજરાતના રસ્તા બીજા રાજયોથી સારા છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, હું નામ દેવા માગતો નથી, પરંતુ હમણાં થોડા દિવસ પહેલાં જ કોંગ્રેસ સરકારના એક મંત્રીશ્રી ગુજરાત આવ્યા હતા, તેમણે ગુજરાતનો પ્રવાસ કર્યો અને જતાં જતાં ફોન ઉપર મને એરપોર્ટ ઉપરથી કહયું કે, નીતિનભાઇ, હમ પૂરે દેશમેં ઘૂમતે હૈ લેકીન ગુજરાત જૈસે રસ્તે હમને કહીં દેખે નહીં હૈ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, આપણી પરંપરા રહી છે કે કોઇ વ્યકતિગત વાત જેનું કન્ફર્મેશન ના થઇ શકે એવી વાત કરતાં ભૂતકાળમાં પણ રોકયા છે. કોઇ એક મિત્ર, એનું નામ નહીં, કોની હાજરીમાં વાત થઇ, ફોન ઉપર વાત થઇ, તો વાત થઇ છે કે નહીં એનું કન્ફર્મેશન જ ના થઇ શકે. તો આવી વાત હોય તો આપણે આ પરંપરા પાડીશું તો પછી હું નામ આપ્યા સિવાય એમ કહું કે ભા.જ.પ.ના એક નેતાએ મને નીતિનભાઇ માટે આમ કહ્યું છે એમ કહીને વાત કરીશ. એટલે એમાં આપણે નહીં પડવું જોઇએ.

અધ્યક્ષશ્રીઃ એ તો એનું નામ પણ આપશે. મંત્રીશ્રી, આપ આગળ ચલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ હું મૂળ વાત કરું તો બહારના મહેમાનોની વાત મૂકો અને તમે તમારા હ્દય ઉપર હાથ મૂકીને કહો કે આ રસ્તાઓ સારા છે કે નહીં એટલે એ વાત પૂરી થઇ જાય. આપણા અત્યારના મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ જે ગઇ વખતે માર્ગ અને મકાન મંત્રીશ્રી હતાં તેમના કુશળ નેતૃત્વમાં અને આપણા અત્યારના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ભૂતકાળના આપણા નાણા મંત્રીશ્રીએ જે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી એના કારણે ગુજરાતમાં આજે કોઇપણ વિસ્તાર એવો નથી કે જયાં પાકા રસ્તા નથી. મને આજે ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતનાં ૧૮ હજાર ગામડાં અને લગભગ ૧૭ હજાર જેટલાં પેટાપરાં આ તમામ જગ્યાએ એકપણ ગામ કે પેટાપરાં એવાં નથી કે જયાં પાકા ડામરના રસ્તા ના હોય એવું કામ અમારી ગુજરાત સરકારે કરી દીધું છે. આ વર્ષનું અમારું બજેટ ૫૧૪૭ કરોડનું છે એમાં પંચાયતના રસ્તા, ઓ.ડી.આર., સ્ટેટના રસ્તા, નેશનલ હાઇવે આ બધાને અમે આવરી લઇ અને રાજયનું નેટવર્ક વધુ મજબૂત બને, ગુજરાતના ઉદ્યોગો, ગુજરાતની ખેતીવાડી, ગુજરાતનો વેપાર, ગુજરાતના વિદ્યાર્થીઓ લાખો લોકો દરરોજ એ રસ્તાઓ દ્વારા લાખો સાધનો દ્વારા પોતે મુસાફરી કરે છે એ તમામને સલામત અને સરળ અને જે રીતે અમારા અમરેલી જિલ્લાના માનનીય સભ્યશ્રીએ કહ્યું કે ભૂતકાળની સરકારો વખતે એવા રોડ હતા કે સવારે સુરતથી નીકળે તો રાત્રે ૧૨ વાગ્યે અમરેલી પહોંચતા હતા તેના બદલે હવે સાત-આઠ કલાકમાં અમરેલી પહોંચી જાય, એવા સુંદર રસ્તા અમારી સરકારે બનાવ્યા છે, (અંતરાય) પહેલા રસ્તાઓ એવા નહોતા શકિતસિંહજી, મારે ખાસ નહોતું કહેવું પણ શકિતસિંહજી કહે છે એટલા માટે હું કહું છું કે તમને આનંદ

થશે •(xxxxxx)

શ્રી શકિતસિંહજી ગોહિલ : (xxxxxx)

અધ્યક્ષશ્રી : બસ હવે, હું આ બન્નેના શબ્દો કાઢી નાખું છું. નીતિનભાઇના શબ્દો પણ કાઢી નાખું છું અને શકિતસિંહના શબ્દો પણ કાઢી નાખું છું. બજેટ ઉપર જ આવો. આ બજેટ સિવાયની બન્નેની વાતની ચર્ચા હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય મંત્રીશ્રી, તમારે ૯ મિનિટ બાકી રહી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે આ વખતે બજેટમાં મેં કહ્યું તે પ્રમાણે ગ્રામ્ય માર્ગો, તાલુકા માર્ગો, જિલ્લા અને સ્ટેટના વિવિધ પ્રકારના રસ્તાઓ માટે, પુલો માટે અને મકાનો માટે સંપૂર્ણ વ્યવસ્થા બજેટમાં કરી છે. વર્લ્ડ બેંક આખા દેશમાં બધી રાજય સરકારોને એલીઝેબલ હોય તો લોન આપે છે. વર્લ્ડબેંકનું ફોરેન ડેલીગેશન હમણાં આપણે ત્યાં મુલકાતે આવેલું અને એમણે એમની વેબસાઇટ ઉપર મૂકયું છે કે ગુજરાતમાં સારામાં સારી કામગીરી રસ્તાઓ બાબતમાં કરવામાં આવે છે. આ વર્લ્ડ બેંક કહે છે અમે નથી કહેતા. રસ્તાઓ તો આપણે બધા કરી દીધા છે. હવે રસ્તાઓને પહોળા કરવાનું કામ પણ અમે હાથ ઉપર લીધું છે. સાડા પાંચ મિટરના રસ્તા હોય તો ૭ મિટરના, ટ્રાફિક વધારે હોય તો ૧૦ મિટરના કરવાનું આપણે ખૂબ મોટા પાયે હાથ ઉપર લીધું છે.

અધ્યક્ષશ્રી : હવે રસ્તા ઉપર ગાડી ઝડપથી ચલાવો, રસ્તા તો સારા જ છે. પણ ગાડી જરા ઝડપથી ચલાવો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ૧૦ મિટર પહોળા રસ્તાઓ જે ૯૮૧ કિલો મીટરના આપણે ૧૩૬૭ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ કર્યા છે. એવી જ રીતે ૨૦૧૪–૧૫ માં આ વખતે ૧૭૨૦ કરોડ રૂપિયાના ખર્ચે ૯૭૦ કિલો મિટરના રસ્તાઓ પ્રગતિ હેઠળના અને નવા હાથ ઉપર લઇ અને ૧૦ મિટર પહોળા કરવાનું કામ શરૂ કર્યું છે અને એમાં વિવિધ પ્રકારના રસ્તાઓ છે, સમયની મર્યાદા છે એટલા માટે આખું લીસ્ટ હું નહીં વાંચું પણ એટલું ચોકકસ કહીશ કે ગુજરાતનો કોઇ તાલુકો, કોઇ જિલ્લો કે ગુજરાતનું કોઇ રીજીયન ભૌગોલિક રીતે એવું બાકી નથી કે જેને અમારા માર્ગ મકાન વિભાગની આ વખતની બજેટ જોગવાઇમાં નાનો મોટો રસ્તાનો કોઇ લાભ ન મળ્યો હોય. ગુજરાતનું કોઇ પણ શહેર, તાલુકો કે ગામ આપણે બાકી રાખ્યું નથી. આર.ઓ.બી., રેલવે ઉપર બ્રીજ બનાવવાનું કામ, ટ્રાફિક રોકાઇ ન જાય, પેટ્રોલ–ડીઝલની બચત થાય, સમયની બચત થાય તે કામો પણ અમે હાથ ઉપર લીધા છે. ૨૧ આર.ઓ.બી. ૩૯૬ કરોડના ખર્ચે પૂર્ણ કર્યા છે અને આ વર્ષે ૫૪૯ કરોડના ખર્ચે નવા ૧૮ આર.ઓ.બી. નું કામ અમે હાથ ઉપર લીધું છે. કિસાનપથ હોય કે વનબંધુ કલ્યાણ યોજનાના માર્ગ પરિવહન હોય, એસ.સી. યોજનાના અમારા બજેટમાંથી યોજના પ્રમાણે લાભ આપવાના કામ હોય એ બધું જ અમે કર્યું છે.

મરૂન વિલેજની વાત કરું તો અમારા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને ગયા વર્ષે નિર્ણય કર્યો હતો કે નાના ગામો હોય, ચોમાસામાં રસ્તા વિહોણા થઇ જતાં હોય, સંપર્ક વિહોણા થઇ જતાં હોય તેવું એક પણ ગામ રહેવા દેવું નથી. આવા કુલ ૧૬૪ જેટલા ગામો હતા એના માટે અમે ૨૭૬ કરોડનો ખર્ચ કરીને એ કામો પૂર્ણ કરેલ છે અને ફકત એકજ ગામનું કામ ચાલુ છે. એટલે ગુજરાતમાં રસ્તા વિહોણા મરૂન વિલેજ હોય જે ચોમાસું આવે એટલે ટાપું થઇ જાય એવું એક પણ ગામ અમારી સરકારે રહેવા દીધું નથી.

આદિવાસી વિસ્તારમાં પણ દાહોદ, સાગબારા, વિજયનગર, ડાંગ વગેરેના ૫૨૦ કિલોમીટરના રસ્તાઓની કામગીરી હાથ ઉપર લીધી છે અને વિવિધ તબક્કે એની કામગીરી પ્રગતિમાં છે.

પાટનગર યોજનાની વાત કરીએ તો ગાંધીનગરને પણ હરિયાળું બનાવવું, સ્વચ્છ બનાવવું, સુવિધા યુકત બનાવવું, સ્વર્ણિમ પાર્ક, મહાત્મા મંદિર એ બધા જ કામો આપણે હાથ ઉપર લીધા છે. સરકારી કર્મચારીઓ માટે આવાસ બનાવવાની કામગીરી હાથ ઉપર લીધી છે. ગાંધીનગરમાં ૧૨૦૦ મકાનો જીર્ણ થઇ ગયા હતા એ તોડીને નવા ૧૨૦૦ મકાનો કર્મચારીઓ માટે આ વર્ષે બનાવવાના છીએ. અમદાવાદ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

હોય કે બીજા શહેરો હોય, બધી જગ્યાએ સરકારી કર્મચારીઓને આવાસ આપવા, કવાર્ટર આપવા માટે મોટા પ્રમાણમાં અમે જોગવાઇ કરી છે.

નવા જિલ્લા તાલુકાની માનનીય સભ્યશ્રીઓએ રજૂઆત કરી. તો સાતે સાત જિલ્લામાં કલેકટર કચેરી અને અન્ય સુવિધાઓ આર.ટી.ઓ. કચેરી, હોસ્પિટલો બધા જ મકાનો બનાવવાનું મોટા પ્રમાણમાં કામ હાથ ઉપર છે. નવા તાલુકા બન્યા ત્યાં પણ તાલુકા સેવા સદન અમે આ વર્ષે હાથ ઉપર લઇને આવતા સમયમાં પૂર્ણ કરીશું એટલે અમારી સરકારે નવા તાલુકા જિલ્લા બનાવવાનો નિર્ણય કર્યો એ તમામને અમે સંપૂર્ણ માળખાકીય વ્યવસ્થા સરકારી કચેરીઓને આપવા માટે થઇને એ કામો અમે હાથ ઉપર લીધા છે.

શ્રી પંકજ દેસાઇ મુખ્ય દંડકશ્રી: માનનીય અધ્યક્ષશ્રી, બંને ડિપાર્ટમેન્ટ અગત્યના છે એટલે સમય વધારી આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ચાલુ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બધા સભ્યશ્રીઓને આનંદ થશે કે અમે આ વખતે માર્ગ અને મકાન વિભાગમાં નિર્ણય કર્યો છે કે કોઇ પણ પ્રકારનો રસ્તો ગામતળમાંથી નીકળતો હશે બધા જ રસ્તા તબક્કાવાર ગામની હદમાં આર.સી.સી.ના કરવાનું અમારા માર્ગ મકાન વિભાગે અગત્યનો નિર્ણય કર્યો છે.

બીજો નિર્ણય ભરૂચમાં ભૂતકાળમાં શું થયું, કેટલા ખાતમુહૂર્ત થયા, કોણ કરી ગયું મારે કંઇ કહેવું નથી પણ અમારા મુખ્યમંત્રી આનંદીબહેને નિર્ણય કર્યો છે કે અમારા ધારાસભ્યશ્રીઓની રજૂઆત, દક્ષિણ ગુજરાતની મધ્ય ગુજરાતના સભ્યશ્રીઓની રજૂઆત, માનનીય દુષ્યંતભાઇની અરૂણસિંહભાઇ એ બધાની રજૂઆત હતી એના કારણે અમે ભરૂચના પુલ પાસે ૩૭૫ કરોડના ખર્ચે રાજય સરકારના બજેટમાંથી નવો પુલ પણ મંજૂર કર્યો છે અને એના માટે અમે બજેટ જોગવાઇ કરી છે. કોંગ્રેસીઓ તો ખાલી તારા બતાવે છે.

ડો. અનિલ જોષીયારા : આપણે નવા જિલ્લાઓની રચના કરી છે તો અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : જેમ જેમ દર્દીઓની જરૂરિયાત સંતોષવા માટે જે કંઇ ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવાની જરૂર પડશે એ અમે કરીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પોણા બે કરોડને કાર્ડ આપ્યા છે અને ૨૦ લાખ લોકો બાકી છે તો આપ એ લોકોને ઘરે જઇને આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારે ગ્યાસુદીનભાઇનો આભાર માનવો જોઇએ કે એમણે અમારા મુખ્યમંત્રીશ્રીએ અને નાણા મંત્રીશ્રીએ જે નિર્ણય કર્યો કે મા યોજનામાં પહેલા ફકત બી.પી.એલ. જ હતા એમાં અમે ૧ લાખ ૨૦ હજાર કમાતાં મધ્યમવર્ગના બધા બહેનોને આવરી લીધા છે. ૨૧ વર્ષના યુવાનો સુધી આવરી લીધા એટલે ફરીથી કહું કે કાર્ડ કાઢવાની વ્યવસ્થા અમે કરી જ છે. પાણીની પરબ હોય, પાણી પીવું હોય તો પરબ પાસે જવું પડે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વ્યારાની જે જનરલ હોસ્પિટલ છે તેમાં સીટીસ્કેન મશીનની સાથે ટેકનિશ્યનની સુવિધા કરાવવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, અમને અનુભવે જણાયું છે કે ઉચ્ચ ટેકનોલોજી ધરાવતા સાધનો લાવીએ છીએ તો તેના માટે રેડિયોલોજીસ્ટ, ઉચ્ચ પ્રકારના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો મળવાની તકલીફ પડે છે. એટલે હવે અંતરિયાળ વિસ્તારમાં પણ આવી સુવિધા કેવી રીતે અપાય એ માટે પી.પી.પી.ના ધોરણે અથવા અન્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને અંતરિયાળ વિસ્તારમાં ડિસ્ટ્રીકટ લેવલ ઉપર ગરીબ આદિવાસી વિસ્તારમાં કેવી રીતે સુવિધા અપાય તેની અમે નીતિ બનાવી રહ્યા છીએ.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા મતવિસ્તાર તલોદ તાલુકામાં ગયા વર્ષે મેશ્વો નદીનો બ્રિજ તૂટી ગયેલો. તેના

કારણે જે ડાયવર્ઝન આપવામાં આવેલ ત્યાં હેવી વાહનોના કારણે ચાર ગ્રામ્ય માર્ગો તૂટી ગયેલ. આ દરખાસ્ત પણ સરકારમાં એક વર્ષથી પેન્ડીંગ છે. તો એ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ મારા ધ્યાન ઉપર નથી. જોઇ લઇશું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો એક સવાલ આપના માધ્યમથી એ છે કે તારાપુર સીકસ લાઇન હાઇવે જે બગોદરાથી વાસદનો હાલ પ્રગતિમાં છે તેમાં રેખા નિયંત્રણનો ભંગ કરી અને બહુ મોટા પ્રમાણમાં પાકા બાંધકામો કરેલ છે. એ દૂર કરવા માગો છો કે કેમ? અને એક આરોગ્યનો પ્રશ્ન છે..

અધ્યક્ષશ્રી : બસ, બસ. એક જ સવાલ. બધાનો વારો આવે. બેસો તમે. બધા માટે એક જ સવાલ..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે અર્બન ડેવલપમેન્ટના નિયમોનો ભંગ થતો હશે તો યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : અમારા સાણંદ તાલુકામાં મેઇન રોડ છે, સરખેજથી વીરમગામ જતો ત્યાં ટ્રાફિક બહુ થાય છે તો બાયપાસ કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી તલાટીને જમીન અપાવી દે, વિના વળતરે જમીન અપાવી દો તો વિચારણા કરીશું.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે આખા રાજયમાં ૨૫૦થી ૫૦૦ની વસતિવાળા ૧૭૫ જેટલા ફળિયા મારા તાલુકામાં છે. તો એ પાકા રસ્તા કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને જણાવતા આનંદ થાય છે કે નાના ફળિયા, પરાં અને નોન પ્લાન માટે અહીં બધા જ સભ્યશ્રીઓએ રજૂઆત કરી છે. એ નોનપ્લાન પણ તબક્કાવાર પાકા ડામર રસ્તા સહિત જોડવાનો અમે અમલ કરીશું.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે નડિયાદ શહેરમાંથી જે દાંડી માર્ગ પસાર થાય છે એ દાંડી માર્ગની હમણાં જ રજૂઆત થઇ હતી કે શહેરને બદલે બહારથી પસાર કરવામાં આવનાર છે. તો તે રજૂઆત એન.ડી.એ. સરકારમાં તેનો નિર્ણય થયો છે કે યુ.પી.એ. સરકારમાં થયો છે?

અધ્યક્ષશ્રી : ટૂંકો પ્રશ્ન પૂછો તમે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગૌતમભાઇએ પણ જે વાત કરી. સાહેબ, દાંડી માર્ગ યથાવત રાખવો એ અમારા મુખ્યમંત્રી અને તત્કાલિન માર્ગ અને મકાન મંત્રીએ પણ તત્કાલિન વડાપ્રધાન ડો. મનમોહનસિંઘજીને કહ્યું હતું, વિનંતી કરી હતી. તેમણે સૂચન કર્યું હતું કે આ શહેરોને બાકાત કરો. અમે નિર્ણય નથી કર્યો. માનનીય વડાપ્રધાન તમારા પક્ષના જયારે હતા ત્યારે તેમણે કહ્યું હતું કે દાંડીનો રુટ બદલો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે જે સુંદર યોજના લઇને આવ્યા છે ૨૧ વર્ષના જે પુરુષો છે તેમને અને મહિલાઓને હાર્ટ, કિડની અને કેન્સરની બીમારી હોય તો તેમને ૧,૨૦,૦૦૦ સુધીની આવકની મર્યાદામાં નિઃશુલ્ક સારવાર આપવા માગે છે..

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરવા માગું છું કે તેમાં જે પુરુષો બાકાત રહ્યા છે તો માનવતાના ધોરણે માનનીય મંત્રીશ્રી આ બાબતે વિચારણા કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, માનવતાના ધોરણે તો બધું ઘણું કરવાનું થાય, તબક્કાવાર સરકાર આયોજન વિચારશે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્યાસુદીનભાઇના પ્રશ્નમાં આવી ગયો પણ તબક્કાવાર શું કામ? પુરુષોનો વાંક ન હોય તો એને પણ ગંભીર બીમારીમાં લઇ લો...

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ..

શ્રી હર્ષદભાઇ રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમારા વિસાવદર તાલુકામાં જૂના જમાનાનું બિલ્ડીંગ છે. એ બિલ્ડીંગની જગ્યાએ નવું બિલ્ડીંગ કરીને અત્યારે એક જ ડોકટર છે અને એક જ મહિનાની અંદર તે રીટાયર્ડ થાય તેમ છે. તો ત્યાં  બીજો ડોકટર મૂકવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ :ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. પરંતુ ડોકટરો મળે તો બધી જગ્યાએ ડોકટરો મૂકવા માગીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : આ રાજ્ય સરકાર વ્યક્તિ દીઠ આરોગ્ય પાછળ કેટલો ખર્ચ કરે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ જનરલ બજેટ છે. પહેલી અગત્યની વાત એ છે કે, છ કરોડ લોકો બિમાર ન પડે. છએ છ કરોડ લોકોને ઓપરેશન ન કરાવવું પડે. એ પૈકી જે બિમાર પડે એના માટે આ રકમ ખર્ચાય છે. છએ છ કરોડ માટે આ વ્યવસ્થા નથી.

શ્રી જયંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક વર્ષથી ઉમરેઠ તાલુકો, મારા ઉમરેઠ વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સની માગણી આપની પાસે પડતર છે એ મૂકવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હમણાં જે જાહેરાત કરી એ પ્રમાણે એમાં મૂકવા માગીએ છીએ. દરેક જગ્યાએ મૂકવા માગીએ છીએ.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર પાલીતાણાની અંદર પાલીતાણા યાત્રાધામ હોય. મારી લાંબા સમયથી માગણી છે, પાલીતાણા માનસિંહજી હોસ્પિટલની અંદર મોટા ભાગના ડોકટરોની જગ્યા ખાલી છે એ પૂરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એની એ જ વાત છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ઉના બાયપાસ માટે ઘણા લાંબા સમયથી કાર્યવાહી ચાલુ છે. પરંતુ હજુ સુધી ફાઇનલ સ્ટેજ ઉપર પહોંચ્યું નથી. આ ઉના બાયપાસની તાત્કાલિક જરૂરિયાત છે. દિવ છે એ કેન્દ્રશાસિત પ્રદેશ છે. સમગ્ર ગુજરાતમાંથી ટૂરિસ્ટો આવે છે. એટલે બાયપાસની જરૂરિયાત છે એટલે તાત્કાલિક બાયપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ કરાવી દઇશું.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત :અમારો ડાંગ સંપૂર્ણ ફૉરેસ્ટ એરીયા છે. ફૉરેસ્ટ એરિયામાં ૩૧ જેટલા ફૉરેસ્ટના રસ્તાઓ છે. એ ૩૧ પૈકી ૧૧ રસ્તાઓ જિલ્લા પંચાયતને કામગીરી સોંપીને બનાવવામાં આવ્યા છે. હજુપણ ફૉરેસ્ટના ૨૦ રસ્તાઓ એવા છે કે એ બની શક્યા નથી. એ ૨૦ ફૉરેસ્ટ એરિયાના રસ્તાઓ છે એ કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ વન અને પર્યાવરણના નિયમો અમારે જાળવવા પડે. વન વિભાગ સાથે પરામર્શ કરીને, વન વિભાગ મંજૂરી આપે તો અમે આગળ વધીશું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રતિનિધિ તરીકે મારું બારમું વર્ષ ચાલે છે. દસ વર્ષથી હું કાગળ લખું છું. કપરાળા તાલુકાનું પાનસ એક સેન્ટર છે. લો લેવલના બ્રિજ માટે દસ વર્ષથી લેટર લખીને થાકી ગયા. લાસ્ટમાં નાણામંત્રીશ્રીએ લેટર લખીને મોકલાવ્યો હતો. એના માટે આ વર્ષના બજેટમાં જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શક્ય હશે એટલા કોઝ–વે અને ઓવર બ્રિજ અને આર.ઓ.બી.નો આપણા બજેટમાં સમાવેશ કરીશું.

શ્રી અમિત અ. ચાવડા : અમારો આણંદ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ૧૫ વર્ષ થઇ ગયા. ત્યાં સિવિલ હોસ્પિટલ બનાવવા માટે વર્ષોથી મંજૂરી આપવામાં આવી છે તો એ હોસ્પિટલ તાત્કાલિક બને તે માટેની ખાતરી આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદમાં જે જમીન કલેકટરશ્રી દ્વારા ફાળવવામાં આવી પછી રિપોર્ટ એવો આવ્યો કે ત્યાં નીચાણ છે અને પાણી ભરાઇ રહે છે એટલે આ હોસ્પિટલ બનાવવા માટે યોગ્ય જગ્યા નથી. હું પોતે ત્યાં મુલાકાત લઇ આવ્યો છું અને કલેકટરશ્રીને કહ્યું છે કે, આણંદ શહેરની નજીકમાં અન્ય કોઇ સારી જગ્યા ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ માટે જેટલી જગ્યા જોઇએ એટલી ફાળવીને અમને આપો. હોસ્પિટલ મંજૂર છે. જેવી જગ્યા મળશે એટલે તરતજ કામ હાથ ઉપર લઇશું. અમારા ધારાસભ્ય માનનીય શ્રી પંકજભાઇએ અવાર–નવાર રજૂઆત કરી છે.

અધ્યક્ષશ્રી: આખા બજેટ સત્રનું પૂરું થઇ જાય. પહેલી વખત ઊભા થયા છે.

શ્રી જયંતભાઇ ર. પટેલ : ઇન્ફ્રાસ્ટ્રકચર માટે માર્ગ અને મકાન વિભાગે સારી કામગીરી કરી છે. પરંતુ મહત્વનો પ્રશ્ન એ છે કે, અમે જે ગામડામાંથી આવીએ છીએ ત્યાં રસ્તાની જરૂરિયાત છે. એ બાબતે અમને એમ જણાવવામાં આવે છે કે, તમારો એ રસ્તો નોન પ્લાનમાં આવે છે. નોન પ્લાનના રસ્તા મંજૂર કરતા નથી. ખરેખર જેન્યૂઇન વસ્તુની જરૂરિયાત છે. આ બજેટમાં સમાવેશ કરીને જે મોટી તમે વાતો કરો છો. આટલા એવોર્ડ મળ્યા. એટલે એ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પહેલાં સ્પષ્ટતા હું એ કરી દઉં. આ નોન પ્લાન અમારી બનાવેલી વાત નથી. ભૂતકાળમાં ભારત સરકારના પ્લાનિંગ કમિશને પ્લાન અને નોન પ્લાન એ ડિફર કરેલ છે.એ પ્રમાણે જોગવાઇ થાય છે અને કોંગ્રેસના શાસનમાં પણ નોનપ્લાન બાબત હતી જ. અમે તબકકાવાર ધીમે ધીમે હાથ ઉપર લઇએ છીએ. શકિતસિંહ તમે નાણામંત્રી હતા, તમારી સરકાર હતી ત્યારે પણ નોન પ્લાન રસ્તા હતા. ના હોય તો જઇને જોઇ લેજો.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૪, ૬, ૯, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૯, ૩૧ થી ૩૫, ૩૭ અને ૩૯ થી ૪૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૦૬ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૪મી જુલાઈ, ૨૦૧૪**
**શ્રાવણ ૨, ૧૯૩૬ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમરેલી જિલ્લામાં સરકારી કુમાર છાત્રાલયો**

* ૧૧૮૯૧ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા સરકારી કુમાર છાત્રાલયો ચલાવવામાં આવે છે, | (૧) ૧. |
| (૨) ઉક્ત છાત્રાલયોમાં કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૭૫. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૩) ૭૫. |
| (૪) છાત્રાલયમાં શી સગવડો આપવામાં આવે છે ? | (૪) સરકારી કુમાર છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમત-ગમતના સાધનો, બુકબેંક, સામાયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા **:** માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ યોજનાનો અમલ કયારથી શરૂ થયો?

શ્રી રમણલાલ ઈ. વોરા : આ યોજના ૧૯૫૬-૫૭થી ચાલુ છે.

શ્રી નલીનભાઈ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જાતિની વસતિ મારા ધારી-બગસરામાં ખૂબ મોટી સંખ્યામાં છે અને આવું છાત્રાલય અમરેલી જિલ્લામાં એક જ હોઇ, બીજું ધારી-બગસરામાં ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : અમરેલી જિલ્લામાં કુલ ૪ જગ્યાએ છાત્રાલયના મકાનો છે. સરકારી છાત્રાલય છે એ સિવાય બીજા ૩ છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે. એક સરકારી કન્યા છાત્રાલય અમરેલી, સાવરકુંડલા અને બગસરામાં એમની માગણી છે એ પ્રમાણે ફરીથી અમરેલી જિલ્લા માટે જ્યારે પણ જરૂરિયાત ઉભી થશે ત્યારે સમરસ છાત્રાલયની યોજના જે મૂકી છે અને આપણે તબક્કાવાર કરવાના છીએ એમાં અમરેલીનો પણ સમાવેશ કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપણે છાત્રાલય દીઠ કેટલા પૈસા આપીએ છીએ? સગવડો બતાવી છે એટલા માટે એમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : નવું છાત્રાલય આપવામાં આવે છે ત્યારે એની સંખ્યા પ્રમાણે આપવામાં આવે છે. ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે આપવામાં આવે છે. આપનો સવાલ છે ત્યાં સુધી ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાને ૯૦ ટકા ગ્રાન્ટ રાજ્ય સરકાર આપે છે અને ૧૦ ટકા જે તે સંસ્થાએ ભરવાના હોય છે. ભોજન બિલની વાત કરીએ તો ૬૦૦ રૂપિયામાંથી વધારો કરીને ૧૦૦૦ રૂપિયા કરેલા છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અમરેલી જિલ્લામાં ૪ છાત્રાલયો ચાલે છે, તો આ ૪ છાત્રાલયોમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે અને પ્રવેશ આપવાની પાત્રતા શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : આવા છાત્રાલયોમાં ૭૫ વિદ્યાર્થીઓની મંજૂરી આપવામાં આવેલ છે અને એ સિવાય બાવકુભાઇના ધ્યાન ઉપર મૂકું કે આગામી દિવસોમાં ૨૦૧૪–૧૫ના બજેટમાં બાબા સાહેબ આંબેડકર સરકારી કન્યા છાત્રાલય અમરેલીના મકાનના બાંધકામ માટે દોઢ કરોડ રૂપિયા મૂકેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રીએ બે નંબરના જવાબમાં જણાવ્યું છે કે કુલ માન્ય સંખ્યા ૭૫ છે અને જિલ્લા કક્ષાનું કુમાર છાત્રાલય છે. જિલ્લા કક્ષાનું છાત્રાલય હોવાથી આખા જિલ્લામાંથી વિદ્યાર્થીઓ આવતા હોય છે. માન્ય સંખ્યા ઓછી છે એના કારણે ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જાય છે. આવા વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત ન રહે એટલા માટે સંખ્યામાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને જરૂરિયાત પ્રમાણે સંખ્યામાં વધારો કરવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુમારો માટે સલામતિ માટેની શું વ્યવસ્થા છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : કુમાર હોય કે કન્યા, એના માટે ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સ દ્વારા રાજ્ય સરકારનું તંત્ર છે એમાં સિક્યોરિટી ગાર્ડની વ્યવસ્થા કરવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : જે જિલ્લામાં અનુસૂચિત જાતિની જનસંખ્યા વધારે હોય એવો કોઇ સરવે આપણી પાસે છે? જે જિલ્લામાં સરવેના આધારે અનુસૂચિત જાતિની સંખ્યા વધારે હોય ત્યાં છાત્રાલય ખોલવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : સ્વભાવિક પ્રક્રિયા તો એવી છે કે જે જિલ્લામાં વધારે સંખ્યા હોય ત્યાં પહેલું સરકારી છાત્રાલય આપણે પસંદ કરતા હોઇએ છીએ. ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય તો સંચાલક પોતે ઇચ્છતા હોય ત્યાં કરતા હોય છે. વિદ્યાર્થીઓની સંખ્યા જળવાય એ પ્રમાણે રાજ્ય સરકાર આયોજન કરે છે.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : રાજ્યમાં ચાલતા આદિજાતિના છાત્રાલયોમાં પ્રતિ વ્યક્તિ એક હજાર ખર્ચ આપવામાં આવે છે જયારે સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં પર હેડ ૧૭૦૦ રૂપિયા આપવામાં આવે છે. તો આ બન્ને એક જ છાત્રાલય હોઇ, વિષમતા દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ વિભાગનો નહિ પણ અનુસૂચિત જાતિ માટેનો પ્રશ્ન છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે અમરેલી જિલ્લામાં ફક્ત એકજ સરકારી છાત્રાલય છે ત્યારે એનું સંખ્યાબળ ૭૫ છે પણ સરકારી છાત્રાલયમાં વિદ્યાર્થીઓને સસ્તુ પડતું હોય છે, ખાસ કરીને ફ્રી ઓફ ચાર્જમાં મળતું હોય છે એટલે ખાસ કરીને સંખ્યા વધુ થતી હોય છે એના પ્રમાણમાં ૭૫ની સંખ્યા હોવાના કારણે બીજા વિદ્યાર્થીઓને વંચિત રહેવું પડતું હોય છે તો સરકાર આ સંખ્યા વધારવા માગે છે કે કમે?

અધ્યક્ષશ્રી : એમાં તમે કોઇને ના પાડો છો, માગણી વધુ હોય અને ઓછા રાખો છો.

શ્રી રમણલાલ ઇ. વોરા : પુંજાભાઇને કહ્યું એ પ્રમાણે કુમાર છાત્રાલયમાં ૭૫ની વ્યવસ્થા છે. ૧૫ છાત્રાલયમાં ૭૫ ની વ્યવસ્થા છે. દોઢ કરોડના ખર્ચે નવું મકાન બનાવી રહ્યાં છીએ. એના કારણે જેટલા વિદ્યાર્થીઓની જરૂરિયાતની ક્ષમતા ઊભી થશે. કોઇ પણ વિદ્યાર્થી એનાથી વંચિત ના રહે એ પ્રમાણે નવા બિલ્ડિંગમાં વ્યવસ્થા કરવામાં આવશે.

**ભિલોડા અને મેઘરજ તાલુકાના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન**

*૧૨૭૧૩ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિદેશ અભ્યાસ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની લોન માટે કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) ૦૦ |
| (૨) તે પૈકી ઉક્ત તારીખ સુધીમાં કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરી અને કેટલા રૂપિયાની લોન આપવામાં આવી, અને | (૨) ૦૦ |
| (૩) કેટલી અરજીઓ ઉક્ત તારીખ સુધીમાં પડતર છે, અને પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા જવાબમાં લખ્યું છે કે છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં મેઘરજ અને ભિલોડા તાલુકામાં એક પણ અરજી મળી નથી. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આપ વિધાનસભામાં ઘણી જાહેરાત કરો છો ૨૦ લાખ અને ૨૫ લાખ રૂપિયા એકએક સભ્યને વિદેશ અભ્યાસ માટે આપણે આપીએ છીએ. પરંતુ મેઘરજ અને ભિલોડામાંથી એક પણ અરજી મળી નથી ત્યારે મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે આપની પાસે અધૂરી વિગત હોય અને લોન ના મંજૂર થઇ હોય એવી કેટલી અરજીઓ આવી? અને આ જે શિક્ષિત બેરોજગારો છે જેને જાણકારીના અભાવે આ મુશ્કેલી ઊભી થઇ એના માટે આપે શું શું પગલા લીધા છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લાના કયા તાલુકામાંથી અરજી ના આવી એ રાજ્ય સરકારનો વિષય નથી. આવી કોઇ પણ અરજી આવી નથી. સાબરકાંઠા જિલ્લાની અત્યાર સુધીમાં ૧૦ જેટલી અરજીઓ આવી છે. દસે દસ અરજીઓ મંજૂર કરી છે. એક પણ પડતર નથી. એક પણ નામંજૂર કરેલ નથી.

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, આ યોજનાના લાભ માટે શૈક્ષણિક લાયકાત શું છે? અને કયા અભ્યાસક્રમ માટે લોન આપવામાં આવે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ધોરણ ૧૨ અને એના પછીના કોઇપણ અભ્યાસમાં ટેકનિકલ કોર્સીસ હોય તો એના માટેની મંજૂરી આપવામાં આવે છે. અનુસ્નાતક કક્ષાએ હોય તો અનુસ્નાતક કક્ષાએ એમાં પી.એચ.ડી. કરવાની હોય કે કોઇ ઉચ્ચ કક્ષાનું સંશોધન હોય તો એ બધા વિષયોને ધ્યાનમાં રાખીને પણ આ માટેની લોન મંજૂર કરવામાં આવે છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે આપના માધ્યમથી પૂછવા માગુ છું કે, અત્યાર સુધીમાં કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ યોજનામાં લાભ આપવામાં આવ્યો છે? અને તે પૈકી અતિ પછાત કેટલા છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ભિલોડા પૂરતો મર્યાદિત છે. પરંતુ અત્યાર સુધીમાં ૭૪૨ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસની લોન આપવામાં આવી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે, હાલની જે વિદેશ જવા માટેની લોન છે એમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે મારા વિભાગની માગણીઓ પરની ચર્ચા વખતે વાત કરી છે એ પ્રમાણે વિદેશ અભ્યાસની લોન અત્યાર સુધીમાં ૧૦ લાખ રૂપિયા હતી, ૪% વ્યાજ દરે આપતા હતા. હવે પછી આ વિદ્યાર્થીઓને ૧૫ લાખ રૂપિયા ૪% વ્યાજના દરે આપવામાં આવશે.

**નવસારી જિલ્લામાં વિદ્યાર્થીઓની ગણવેશ સહાય**

* ૧૧૯૦૫ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૨૯,૦૪૭ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૨૯,૦૪૭ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૮૭,૧૪,૧૦૦/– ની સહાય ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજૂર કરી ? | (૩) એકપણ નહીં. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા નવસારી જિલ્લાના પ્રશ્નમાં જિલ્લાનો જવાબ આવ્યો છે. પરંતુ એના બે તાલુકા છે નવસારી તાલુકાના અને વાંસદા તાલુકામાં વર્ષ ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિ એટલે બક્ષીપંચના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની કેટલી અરજીઓ આવી? અને કેટલી તેમને સહાય ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી તાલુકામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૫૨૩૭ અરજીઓ આવી, એ તમામે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૫,૭૭,૧૦૦/– રૂપિયા એમના નવસારી તાલુકાની અંદર ચૂકવણી કરવામાં આવી છે. બીજો એમનો વાંસદા તાલુકાનો સવાલ હતો. વાંસદા તાલુકાની અંદર પણ ૧૬૯૫ વિદ્યાર્થીઓની અરજી આવી એ તમામે તમામ અરજીઓને મંજૂર કરવામાં આવી ૫,૦૮,૫૦૦/– રૂપિયાની સહાય એમને પણ ચૂકવી દેવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, નવસારી જિલ્લામાં ગણદેવી તાલુકામાં ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય યોજના માટે અરજીઓ આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

અધ્યક્ષશ્રી : એ જવાબ એમણે આપ્યો, બધાને આપી દીધી છે. છતાં મંત્રીશ્રી આપે છે, આપો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગણદેવી તાલુકામાં ૮,૫૯૮ અરજીઓ આવી અને ૨૫,૬૯,૪૦૦/– રૂપિયાની સહાય ચૂકવવામાં આવી.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિ માટે ગણવેશ સહાયની કેટલી અરજીઓ મળી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યશ્રી, જલાલપોર તાલુકામાં ૮,૪૬૩ અરજીઓ મળી અને ૨૫,૩૮,૯૦૦/– રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

**મહીસાગર જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ**

* ૧૨૧૩૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વિકસતિ જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ છે, | (૧) હા. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે તેમજ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) બે જગ્યાઓ ભરાયેલ છે. જ્યારે બે જગ્યા મહીસાગર જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી ખાલી છે. |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન | (૩) જેમ બને તેમ જલદી |

છે?

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રશ્નમાં પૂછ્યું છે કે, તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર વિકસતિ જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મહેકમ કેટલું છે? મહીસાગર જિલ્લાના છ તાલુકાઓ છે અને એ છ તાલુકાઓમાં આનું મહેકમ કેટલું છે, કેટલી જગ્યાઓ ખાલી છે, કેટલી ભરેલી છે અને નથી તો એની વૈકલ્પિક વ્યવસ્થા શું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર તાલુકામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ચાર જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. તે પૈકી બે જગ્યાઓ ભરવામાં આવેલી છે અને બે જગ્યાઓ હાલ ખાલી છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર તાલુકો નહીં જિલ્લો છે, એમાં છ તાલુકાઓ છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મહીસાગર જિલ્લાની અંદર ચાર તાલુકાઓમાં ચાર જગ્યાઓ મંજૂર કરવામાં આવેલી છે, બે જગ્યાઓ ભરાયેલી છે.

અધ્યક્ષશ્રી : બીજા તાલુકામાં નથી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ચાર જગ્યાઓ મંજૂર કરવામાં આવેલી છે. એમાં બાલાસીનોરમાં એક, લુણાવાડામાં એક, વિરપુરમાં એક અને ખાનપુર તાલુકામાં એક મંજૂર કરવામાં આવી છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ બે જગ્યાઓ મહીસાગર જિલ્લામાં ભરાયેલી છે અને બે જગ્યાઓ ખાલી છે અને ક્યારે ભરશો તો જેમ બને તેમ જલદી તો જલદી એવો જવાબ આપ્યો છે તો જલ્દી એટલે ક્યારે, કોઇ ચોક્કસ સમયમર્યાદા આપશો ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે સન્માનનીય સભાગૃહને જણાવવાનું કે, મહીસાગર જિલ્લાની અંદર આ ચાર જગ્યાઓ છે. બે જગ્યાઓ ખાલી છે ચારમાંથી, પરંતુ સન્માનનીય સભાગૃહને જણાવવાનું કે, ટૂંક સમયમાં આ રાજ્યની બાકીની જગ્યાઓ પણ જલદી ભરાય એના માટે ગૌણ સેવા પસંદગી મારફતે એની પ્રોસીજર ચાલી રહી છે. લેખિત પરીક્ષાઓ પૂરી થઇ અને આ માસના આઠ મહિનાના અંત સુધીમાં મૌખિક ઇન્ટર્વ્યૂની પરીક્ષા અત્યારે ચાલી રહી છે અને જેવી યાદી અમને મળશે એટલે ૮૩ જેટલી જગ્યાઓ અમે આ રાજ્યમાં ભરવાના છીએ.

**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તમામ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના લાભ બાબત**

* ૧૨૮૨૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ ૧ થી ૭ માં અભ્યાસ કરતા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ માટે તેના વાલીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૭,૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬,૦૦૦/–ની અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, સાચી છે. |
| (૨) જો હા, તો આ આવક મર્યાદા વધારી કે દુર કરીને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તમામ વિદ્યાર્થીઓને સરકારે શિષ્યવૃત્તિનો લાભ આપવા શી કાર્યવાહી હાથ ધરી છે, અને | (૨) આવક મર્યાદા વધારવાની બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) જુન–૨૦૧૪ના શૈક્ષણિક વર્ષથી લાભ મળે તે માટે શું આયોજન કરેલ છે ? | (૩) આવક મર્યાદા વધારવા બાબતેનો નિર્ણય થયેથી તે મુજબની કાર્યવાહી કરવામાં આવશે. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, ધોરણ ૧ થી ૭ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને હાલમાં વાર્ષિક કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે?

સાહેબ, બીજો પ્રશ્ન કે, મારા પ્રશ્નના જવાબમાં એમણે જણાવ્યું છે કે, આ આવક મર્યાદાનું ધોરણ સુધારવાની કાર્યવાહી વિચારણામાં છે. સાહેબ, અત્યારે ખેત મજૂરને દોઢ સો રૂપિયાથી વધુ રોજી મળે છે, બાંધકામમાં કામ કરતા ટોપલાને પણ દોઢસો રૂપિયાથી વધુ રોજી મળે છે એવા સંજોગોમાં આ જે આવક મર્યાદા છે, ગામડામાં ૨૭,૦૦૦/– અને શહેરમાં ૩૬,૦૦૦/– વાર્ષિક આવકની મર્યાદા આનું ધોરણ જો સુધારે તો જ ખરેખર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને આ યોજનાનો વિસ્તૃત લાભ મળી શકે. એટલે આ આવક મર્યાદાનું ધોરણ સુધારવા માગો છો કે કેમ, ક્યારે અને કેટલા સમયમાં?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૨૭૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૩૬૦૦૦ની આવક મર્યાદા છે. આજના સંજોગો જોતાં માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે મુખ્યમંત્રીશ્રીએ આ વિભાગની માગણીને ધ્યાનમાં રાખીને ૫૪૦૦૦ ગ્રામ્ય વિસ્તાર માટે અને ૭૪૦૦૦ શહેરી વિસ્તાર માટેની આવક મર્યાદાનો નિર્ણય લઇ લીધો છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કીધું કે સરકારે એની ઉપર નિર્ણય લીધો છે તો ચાલુ સત્રથી એનો લાભ મળશે કે આવતા સત્રથી લાભ મળશે એટલું જાણવું છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : ચાલુ સત્રથી એનો લાભ આપવામાં આવશે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે આવકના દાખલા લેવા માટે વિદ્યાર્થીઓને તાલુકા મથકે જવું પડે છે અને શિષ્યવૃત્તિની લગભગ પચાસ ટકા રકમ તો એમાં જ ખર્ચ થઇ જાય છે તો આ શિષ્યવૃત્તિ માટે આવકનો દાખલો લેવા તાલુકા વિકાસ અધિકારી પાસે જવાનું હોય અને એ પણ એફીડેવીટ અને તલાટીના દાખલાના આધારે જ આ દાખલો આપવામાં આવે છે ત્યારે આવી વ્યવસ્થા ગામડાંઓમાં કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓ વખતે પણ મેં કહ્યું હતું કે શિષ્યવૃત્તિની જે રકમ છે એ વિદ્યાર્થીઓને પહેલેથી મળે એ આશયથી જ્યારે કન્યા કેળવણી રથયાત્રા શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ થાય છે તે વખતે ટી.ડી.ઓ.શ્રી જેટલી શાળા અને વિદ્યાર્થીઓની સંખ્યા એ પ્રમાણેની પૂરેપૂરી ગ્રાન્ટ શિષ્યવૃત્તિ અને ગણવેશ એ બંને ચૂકવી દેવામાં આવે છે. જે જગ્યાએ નોન ગ્રાન્ટેડ છે એમાં ભૂતકાળની અંદર કયાંક ક્ષતિઓ થવાના કારણે રાજય સરકારે ચેકથી આપવાનો નિર્ણય કર્યો હતો એવી પણ માહિતી ધ્યાનમાં આવી કે એના કારણે વિદ્યાર્થીઓને તકલીફ પડે છે તો એના માટે સરળીકરણ થાય અને પ્રિન્સીપાલ પોતે પોતાનું પ્રમાણપત્ર આપે તો એ દિશામાં રાજય સરકાર વિચારણા કરવાની છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે રાજય સરકારની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિનો માપદંડ શું છે અને હાલના દર શું છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિનો દર ધોરણ– ૧થી ૪માં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૨૫૦ રૂપિયા, ગ્રામ્ય વિસ્તાર માટેની આવક મર્યાદા ૨૭૦૦૦ અને શહેરી વિસ્તાર માટેની આવક મર્યાદા ૩૬૦૦૦ની છે. ધોરણ–૫ થી ૧૦ માટે સામાજિક અને શૈક્ષણિક, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતિ વર્ગ અને વિચરતી અને વિમુકત જાતિઓ માટે ધોરણ– ૫ થી ૮માં ૨૫૦ રૂપિયા, ધોરણ–૯ થી ૧૦માં ૪૦૦ રૂપિયા એવી જ રીતે ધોરણ–૧ થી ૧૦માં પ્રિમેટ્રીકની અંદર જે ભારત સરકાર તરફથી એની યોજના અમલમાં આવી છે એ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની જે ૨૪ અતિ પછાત જ્ઞાતિઓ છે એના માટે સ્કોલર વિદ્યાર્થી હોય ધોરણ–૧ થી ૫ ની અંદર તો એને ૭૫૦ રૂપિયા છે, ધોરણ–૬ થી ૮ ની અંદર ૯૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે એમાં જે અતિ પછાત જ્ઞાતિઓ હોય એના માટે આ ભારત સરકારની યોજના છે અને એની આવક મર્યાદા ૪૪૫૦૦ છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી

જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૩–૧૪માં જામનગર જિલ્લાની અંદર વિકસતી જાતિના વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની અંદર ૧૯૧૧૩૫ વિદ્યાર્થીઓને સમગ્ર જિલ્લાની અંદર ૫૧૦.૪૮લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આવક મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે એને આવકારીએ છીએ પણ આવકનો દાખલો મેળવવામાં ઘણીબધી મુશ્કેલીઓ પડે છે. એમાં ટી.ડી.ઓ.નો દાખલો મેળવવામાં આવે છે. એ ટી .ડી.ઓ.નો દાખલો મેળવવાને બદલે ગ્રામ કક્ષાએ ૫૪૦૦૦ની જયારે આવક મર્યાદા વધારી છે ત્યારે તલાટી કમ મંત્રીના દાખલાના આધારે આ શિષ્યવૃત્તિ ચૂકવવાની આપણે વિચારણા કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : એકઝેટ, નવી આવક કેટલી છે તે હું બોલ્યો છું પણ ક્ષતિ હોય તેવું લાગે છે. આ વખતે એમાં વધારો થયેલ છે. બીજી વસ્તુ એમને કહી તે પ્રમાણે પહેલા પણ મેં કહ્યું કે આની અંદર સરળીકરણ કરવું હોય તો સ્કૂલના આચાર્યશ્રીનો દાખલો લેવો હોય તો કેવી રીતે? અમારી સાથે મહેસૂલ વિભાગ જોડાયેલ છે. એનું વહેલું સરળીકરણ થાય અને વિદ્યાર્થીઓને ઓછા ખર્ચે અને ઝડપથી મળે તે પ્રકારના રાજય સરકારના પ્રયાસો છે અને રહેશે.

અધ્યક્ષશ્રી : તલાટીને જઇને કહે કે એટલે લખી દે. ચકાસણી જુદી રીતે થાય છે. તલાટીનો દાખલો ચલાવવા માગો છો કે કેમ? બસ તો પછી. ઊભા થઇને ના પાડો ને. મને નહિ, એમને ના પાડો.(અંતરાય) એ જ કહું છું, પણ આપે ડી.ડી.ઓ.

**ખાંભા ખાતે કોર્ટ બિલ્ડીંગ બાંધવા માટેની મંજૂરી**

* ૧૧૮૬૦ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જીલ્લાના ખાંભા ખાતે કોર્ટ બિલ્ડીંગ બાંધવા માટે સરકાર દ્વારા કોઈ મંજૂરી આપેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે ? | (૨) તા. ૩૦–૦૫–૨૦૧૨ના રોજ રૂ।. ૨,૮૧,૪૪,૮૧૦/– ની મંજૂરી આપવામાં આવેલ છે. |

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખાંભા તાલુકામાં આ કોર્ટની આવશ્યકતા કેમ ઉભી થઇ? આ કોર્ટથી લોકોને શું શું ફાયદો થવાનો છે? ત્યાં કઇ કક્ષાના જજની નિમણૂક છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ખાંભા ખાતે અત્યારે જે કોર્ટ હતી તે કોર્ટ સરકીટ હાઉસના રૂમની અંદર કોર્ટ તરીકે કામ કરતી હતી. જયારે કોર્ટ સરકીટ હાઉસના રૂમની અંદર કામ કરે ત્યારે ન્યાયાધીશની ચેમ્બર, સ્ટેનો રૂમ, ઓફિસ રૂમ, સ્ટોર રૂમ આવી કોઇપણ પ્રકારની સુવિધા નહોતી. જયારે સુવિધા વગર કામ કરવાનું હોય ત્યારે એમની અપેક્ષા પ્રમાણે કેસનો નિકાલ થવો જોઇએ તે કેસનો ઝડપથી નિકાલ થતો નહોતો અને અત્યારે ત્યાં પ્રિન્સિપલ સિવિલ જજ અને જે.એમ.સી. કક્ષાના એક જજ આ ખાંભા મુકામે રાજય સરકાર દ્વારા ૨,૮૧,૪૪,૮૧૦/–ના ખર્ચે લોકોની સુવિધા માટે આ કોર્ટનું કામ હાથ ઉપર લીધેલ છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધારી અને બગસરાની અંદર કોર્ટનું નવું બિલ્ડિંગ બનાવવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પ્રશ્ન ખાંભાનો છે, પણ માનનીય સભ્યશ્રીની લાગણી છે તે પ્રમાણે રાજય સરકારે ગુજરાતના તમામે તમામ તાલુકાની અંદર ચાલુ આયોજનમાં જોગવાઇ કરી છે. એક પણ

તાલુકો કોર્ટ વગર બાકી ન રહે તે પ્રમાણે ધારી અને બગસરાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખાંભા ખાતેની આ કોર્ટનું કયારે ટેન્ડર બહાર પાડવામાં આવેલ અને તેમાં કેટલી એજન્સીઓએ ભાગ લીધો? કયા કોન્ટ્રાકટરને એજન્સી આપવામાં આવેલ છે. મંજૂર થયેલ ટેન્ડરમાં ભાવ ડિફરન્સ છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ખાંભા ખાતેની આ કોર્ટ માટે ૨૦૦૮ ઓગસ્ટની અંદર ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. બે જેટલી એજન્સીએ ભાગ લીધો અને અર્જુન કન્સ્ટ્રકશનનો લોએસ્ટ તરીકે નંબર લાગ્યો અને મૂળ કિંમત હતી એ મૂળ કિમત કરતા ૧૯.૨૬ ટકા ઓછી રકમ લગભગ ૩૫.૨૬ લાખની રકમ કુલ ઓછી આવી આ રીતે ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું.

**અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૧૮૪૬ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વર્ષ ૨૦૧૩—૧૪માં કેટલી અરજીઓ મળી, અને | (૧) યુગલ ૩૨૮ — સંસ્થા ૧૧ |
| (૨) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) |

| | ચૂકવેલ સહાય રૂ. |
|---|---|
| યુગલ | ૨૯,૨૫,૦૦૦/— |
| સંસ્થા | ૪,૧૬,૦૦૦/— |
| કુલ | ૩૩,૪૧,૦૦૦/— |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે સાતફેરા સમૂહ લગ્ન યોજનાનો હેતુ શું છે? ક્યારથી યોજના અમલમાં આવી અને જે વખતે અમલમાં આવી ત્યારે ચૂકવણું શું કરવામાં આવતું હતું?

શ્રી રમણલાલ ઈ. વોરા : સામાન્ય રીતે અનુસૂચિત જાતિ વર્ગના લોકોને બિનજરૂરી ખોટા ખર્ચ ન થાય અને ઓછા ખર્ચમાં સામૂહિક ભાવનાના સ્વરૂપે આ સાતફેરા સમૂહ લગ્ન યોજનાને અમલમાં મૂકવામાં આવી છે. ૧—૪—૧૯૯૮ થી યોજના અમલમાં છે. આ યોજના અમલમાં હતી ત્યારે યુગલ દીઠ એક હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવતી હતી.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સાતફેરા સમૂહ લગ્ન યોજના માટે સીટી તાલુકામાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર થઇ અને તેમાં કેટલી ચૂકવણી કરવામાં આવી છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આખા પ્રશ્નમાં અનુસૂચિત જાતિની કુલ ૫(પાંચ) અરજીઓ મળી છે અને વિકસતિ જાતિની કુલ ૬ અરજીઓ મળી છે. આમ કુલ ૧૧ અરજીઓ મળી છે અને તેમાં ૩૨૮ યુગલો છે. એટલે અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિ એમ બન્ને મળી કુલ ૧૧ અરજીઓ છે. તાલુકા પ્રમાણેની વિગત નથી.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ સાતફેરા સમૂહ લગ્ન યોજના છે તેમાં આયોજક સંસ્થાને પ્રોત્સાહન આપવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવે છે કે કેમ? જો ચૂકવવામાં આવતી હોય તો કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે સંસ્થાઓ આ કાર્યક્રમ કરતી હોય છે તેમને યુગલદીઠ બે હજાર રૂપિયાની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવે છે. પરંતુ મેકસીમમ મર્યાદા ૫૦ હજાર ચૂકવવામાં આવે છે અને તે ચેકથી ચૂકવવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ કઇ કઇ સંસ્થાઓએ ભાગ લીધેલ છે, કયા કયા સ્થળે સમૂહ લગ્નો કરેલ છે. સરકારશ્રી તરફથી આ સંસ્થાઓને કેટલી સહાય ચૂકવેલ છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, નારાયણી ચેરીટેબલ ટ્રસ્ટ, ચાંદખેડા, સૌરાષ્ટ્ર વણકર સમાજ સાબરમતી, ગુજરાત યુવા વણકર સમાજ સાબરમતી, ધી દિવા ચાંદખેડા અમદાવાદ, પાટણવાડા વણકર સમાજ ચાંદખેડા આમ કુલ ૧૧ આવી સંસ્થાઓના નામ છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાતફેરા સમૂહ લગ્ન યોજનાના પાત્રતાના માપદંડ શું છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, દીકરીની ઉંમર ૧૮ વર્ષની અને દીકરાની ઉંમર ૨૧ વર્ષની હોવી જોઇએ. તેમનું લગ્નનું રજીસ્ટ્રેશન હોવું જોઇએ. તેના માટેની લગ્નની કંકોતરી છપાવવી પડે અને આ આવક મર્યાદામાં તે આવતા હોવા જોઇએ.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજના હેઠળ સહાયમાં છેલ્લે કયારે વધારો કરવામાં આવ્યો અને હાલ કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર પહેલાં પાંચ હજાર ચૂકવવામાં આવતા હતા. તા. ૧૩-૪-૨૦૧૨થી પાંચ હજારના બદલે દસ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. પહેલાં યુગલદીઠ એક હજાર રૂપિયા આપવામાં આવતા હતા અત્યારે યુગલદીઠ બે હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે. જે સંસ્થાઓ છે તેમને મેકસીમમ એક હજાર રૂપિયા લેખે ૨૫ હજાર આપવામાં આવતા હતા તેના બદલે યુગલદીઠ બે હજાર રૂપિયા અને મેકસીમમ ૫૦ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં ઉંમર ૧૮ અને ૨૧ જણાવી, તો છેલ્લામાં છેલ્લી ઉંમર કેટલી? તે જાણવું છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમારે તો ઉપરની જેટલી ઉંમરે લગ્ન કરે અમારે સહાય ચૂકવવાની હોય છે. એક વખત ચૂકવવાની હોય છે. ઉપરની કેટલી વય મર્યાદા તેવું અમારા જી.આર.માં નથી.

અધ્યક્ષશ્રી : છે કોઇ ઉપરની ઉંમરવાળા તૈયાર? શાંતિ રાખો ને.

**જંબુસર તાલુકાના ન્યાયિક અધિકારી નિવાસના મકાન બાંધકામ માટેની મંજૂરી**

* ૧૧૮૩૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ન્યાયિક અધિકારી નિવાસના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો, કેટલી રકમની મંજૂરી આપવામાં આવી હે અને | (૨) રૂ.૧,૦૮,૫૦,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર મંજૂર થયેલ છે. ઈજારદાર દ્વારા ડીપોઝીટ ભર્યે વર્ક ઓર્ડર આપી કામ શરૂ કરવામાં આવશે. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જંબુસર ખાતે જે કવાર્ટર્સ બનાવવાના છે તે કંઇ કેટેગરીના છે? જંબુસરમાં કોર્ટની જે જગ્યા છે અને જે બિલ્ડીંગ બનવાનું છે તે બિલ્ડીંગ બદલવાની ત્યાંના સ્થાનિક લોકોની માગણી છે તો તે જગ્યા બદલીને નવી કોર્ટ બનાવવા સરકારની તૈયારી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જંબુસર ખાતે હાલ બે કવાર્ટર્સ છે અને ત્રણ ડી.૧ કક્ષાના ન્યાયાધીશ માટેના નવા કવાર્ટર્સ બનાવવાનું આયોજન કરેલ છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ રાજય સરકાર દ્વારા જંબુસરમાં કુલ પાંચ કોર્ટ માટે તેનું ૧૧૦ વર્ષ જૂનું બિલ્ડીંગ છે તેની જગ્યાએ સાત કરોડના ખર્ચે નવું બિલ્ડીંગ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. સાત કરોડ રૂપિયાની મંજૂરી જે સ્થાને

આપવામાં આવી હતી તેમાં જંબુસર બાર એસોસિએશન દ્વારા જુદી જુદી રજૂઆતો થઇ. પહેલાં ડીસ્ટ્રીકટ જજ દ્વારા જે સ્થાન નકકી કરવામાં આવ્યું તે પાછળથી જંબુસર નગરના શ્રેષ્ઠીઓ દ્વારા આ કોર્ટ અન્ય જગ્યાએ બનાવવી તેવી અમારી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. તે રજૂઆતના આધાર ઉપર કલેકટરશ્રીને અમે સૂચના આપી છે. કલેકટરશ્રીએ નવી જગ્યા બતાવી છે. હવે આ નવી જગ્યા નામદાર હાઇકોર્ટ સાથે પરામર્શ કરીને તેના અંગેનો જરૂરી નિર્ણય કરવામાં આવશે.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ન્યાયધીશોના નિવાસ સ્થાન અંગે નામદાર સર્વોચ્ચ અદાલતે કોઇ માર્ગદર્શક હુકમ કરેલો છે? જો કરેલો હોય તો માર્ગદર્શન આપવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય સભ્યશ્રી અરુણસિંહભાઇએ જે કહ્યું એ વાત સાચી છે કે, સુપ્રીમ કોર્ટની અંદર જજીસ એસોસિએશન વિરુધ્ધ ભારત સરકાર એનો એક લાંબા સમય સુધી કેસ ચાલ્યો અને એ કેસના આધાર ઉપર સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો અને સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું કે, ન્યાયધીશોને સરકારી આવાસો પૂરા પાડવા માટે અને એ આવાસોની અંદર ઓફિસની સગવડ ઉપલબ્ધ થાય એ પ્રમાણે એમને કોમનપુલ હોય ત્યાં ફાળવણી કરવામાં ન્યાયધીશોને અગ્રતા આપવાની જો ક્યાંય ન્યાયધીશોને કોમનપુલની અંદર ક્વાટર્સ ઉપલબ્ધ ન હોય તો એમને માર્કેટ રેન્ટ પૂરું પાડવું અને જો ન્યાયધીશોને સરળતાથી મકાન ભાડે ન મળે તો મકાનો રેક્વિઝેટ કરીને ન્યાયધીશોને મકાનોની સવલત પૂરી પાડવી. માનનીય અધ્યક્ષશ્રી, ન્યાયધીશો જ્યાં મકાનો ભાડે લેવા માટે જાય તો જેનું મકાન ભાડે લે એના સામે કોઇ કેસ નથી એવી અનેક જાતની ચકાસણીઓ કરવી પડે છે એટલા માટે સુપ્રીમ કોર્ટે આ બધી જ બાબતોને ધ્યાને રાખીને ન્યાયધીશો માટે અલગથી કવાર્ટર્સ કે મકાન આપવામાં આવે એ બાબતનો ચુકાદામાં ઉલ્લેખ કરેલો છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જંબુસર ખાતેના આ કામના ટેન્ડર ક્યારે બહાર પાડવામાં આવેલ છે, અને આ કામ ક્યારે શરૂ થનાર છે? તેમજ આ કામમાં કેટલી એજન્સીઓએ ભાગ લીધો હતો અને એ પૈકી કઇ એજન્સીને કામ આપવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ જંબુસર ખાતે જે ૧.૮ કરોડના ખર્ચે જે બે ક્વાટર્સ બનવાના છે એ બે ક્વાટર્સમાં ૨૮–૧–૨૦૧૪થી એને તાંત્રિક મંજૂરી આપી અને ૨૮–૫–૨૦૧૪ના રોજ એના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા અને ૧૭–૭–૨૦૧૪થી શરુ કરીને જુલાઇ ૨૦૧૫ સુધીમાં કામ પૂર્ણ થવાનો અંદાજ છે. એમાં ૪ પાર્ટીઓએ ટેન્ડર ભરેલ અને એ પૈકી સૌથી નીચા ભાવની એક મેસર્સ રીયા કન્સ્ટ્રકશન વડોદરાને પસંદ કરવામાં આવી અને એમાં મૂળ કિંમત કરતા ૧૪.૨૦ લાખ ઓછા એટલે કે ૫.૯૨ ટકા નીચું આવતા સરકારને આ કામમાં આટલી બચત થશે.

**આણંદ જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૨૨૯૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવી.

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૬ |
| ૨ | બોરસદ | ૭૯ |
| ૩ | તારાપુર | ૦૮ |
| ૪ | ખંભાત | ૩૮ |

| | | |
|---|---|---|
| ૬ | પેટલાદ | ૩૭ |
| ૭ | ઉમરેઠ | ૧૩ |
| ૮ | આંકલાવ | ૧૩ |
| | **કુલ** | **૨૫૦** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજી મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી :-

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર અરજીઓ** |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૬ |
| ૨ | બોરસદ | ૭૬ |
| ૩ | તારાપુર | ૦૮ |
| ૪ | ખંભાત | ૩૮ |
| ૫ | સોજીત્રા | ૨૫ |
| ૬ | પેટલાદ | ૩૬ |
| ૭ | ઉમરેઠ | ૧૨ |
| ૮ | આંકલાવ | ૧૩ |
| | **કુલ** | **૨૪૪** |

(૩) મંજૂર કરેલ પૈકી કેટલાને સહાય ચૂકવવામાં આવી અને કેટલાને સહાય બાકી છે, અને

(૩) મંજૂર કરેલ તમામ ૨૪૪ લાભાર્થીઓને સાધન સહાય ચૂકવવામાં આવેલ છે. પાત્રતા ધરાવતા કોઇ અરજદારને સહાય ચૂકવવાની બાકી નથી.

(૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ કેટલી છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી નિરંજન પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન પૂછવા પાછળનું મારું કારણ હતું કે તંત્ર ગતિશીલ થાય એટલે બધી અરજીઓ મંજૂર થઇ ગઇ છે અને બધાને મળી ગયું એટલે મને સંતોષ છે પણ ૬ નામંજૂર થયેલી જે અરજીઓ છે એ વિકલાંગ છે તો એમને બોલાવીને ફરી પૂર્તતા કરીને વસ્તુ આપવા માગો છો કે કેમ**?**

શ્રી રમણલાલ વોરાઃ માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઉંમરની મર્યાદા બહારની અરજી હોવાના કારણે ૬ લોકોને મળ્યું નથી અને એમાં હવે મળવાની કોઇ સંભાવના નથી.

શ્રી ભુષણભાઇ ભટ્ટઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ અરજી પત્રક મેળવવા, રજૂ કરવા અને મંજૂર કરવાની પધ્ધતિ શું છે, ચૂકવણી કોના દ્વારા કરવામાં આવે છે**?** અને આ મળતી સહાય ક્યારે બંધ કરવામાં આવે છે**?**

શ્રી રમણલાલ વોરાઃ માનનીય અધ્યક્ષશ્રી, આના માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીથી આ ફોર્મ વિના મૂલ્યે આપવામાં આવે છે એના માટે વિકલાંગનું ઓળખ કાર્ડ જોઇએ, ઉંમરનો પૂરાવો જોઇએ, એની વાર્ષિક આવકનો દાખલો જોઇએ અને સાથે સાથે એને સ્વરોજગારી માટે અનુભવ માટે કોઇ તાલીમનું પ્રમાણ પત્ર હોય તો એ પણ જોવામાં આવે છે. આ યોજનાનો લાભ ૫૦ વર્ષની વય મર્યાદા સુધી જ આપવામાં આવે છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વિકલાંગ સાધન સહાય યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં અંદાજપત્રમાં એના માટે કેટલી જોગવાઇ કરવામાં આવી?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦-૪-૭૦થી આ યોજના શરૂ કરવામાં આવી છે. ૨૦૧૩-૧૪ના નાણાકીય વર્ષમાં આમાં ૨૭૨ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી, ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૨૮૬ લાખ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી અમિત અ. ચાવડા : જે આ વિકલાંગ વ્યક્તિઓને માસિક સહાય આપવાની આપણી જે યોજના છે એમાં ખૂબ ઓછી રકમ છે અને આજના સમયને અનુરૂપ ન હોવાના કારણે એમને તકલીફ પડે છે તો આ સહાયની રકમમાં આપણે કોઇ વધારો કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી રમણલાલ વોરા : કેન્દ્ર સરકારના પરિપત્ર પ્રમાણે ૧૮ વર્ષની વયમર્યાદાથી આ ચૂકવવામાં આવે છે. જ્યારે રાજ્ય સરકાર પાંચથી ૧૭ એટલે કે ૧૮ વર્ષ સુધીની જે વય મર્યાદાના લોકો છે એને રાજ્ય સરકાર પોતાની ગ્રાન્ટમાંથી ચૂકવે છે. કેન્દ્ર સરકાર ૨૦૦ રૂપિયા આપે છે એની સામે રાજ્ય સરકાર પણ ૨૦૦ રૂપિયા આપે છે. એટલે કેન્દ્ર સરકાર જે પ્રમાણે વધારો કરે એ પ્રમાણે રાજ્ય સરકાર લગભગ વધારો કરતી હોય છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ વિકલાંગ સાધન સહાય યોજના અંતર્ગત એના સહાયના ધોરણોમાં ક્યારે ક્યારે અને કેટકેટલી રકમનો વધારો કરવામાં આવેલ છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સમયાંતરે આ યોજનામાં સુધારા વધારા કરવામાં આવે છે. ૭–૧૧–૨૦૦૬માં સાધન સહાય ૭૫૦ રૂપિયા મળતી હતી આજે તારીખ ૨૩–૨–૧૧ના પરિપત્ર પ્રમાણે અત્યારે ૭૫૦ના બદલે ૫૦૦૦ રૂપિયા અને છેલ્લે રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સહયોગના કારણે એમની સાથે રહીને આ યોજના બનાવેલ હોવાના કારણે છેલ્લે સાધન સહાય ૬૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિકલાંગ માટે ડોકટર જોડેથી ટકાવારીનું પ્રમાણપત્ર જે લેવામાં આવે છે એ સિવિલમાંથી મોટાભાગે મળે છે. તો પી.એચ.સી. અને સી.એચ.સી. પરથી પણ આ ટકાવારીનું પ્રમાણપત્ર મળે તો એ માન્ય રાખવામાં આવે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : ગુજરાતમાં લગભગ ૩ લાખ ૨ હજાર કરતાં વધારે વિકલાંગોના પ્રમાણપત્રો આપી દેવામાં આવ્યા છે. એટલે લગભગ ક્યાંય પ્રમાણપત્રની તકલીફ પડતી નથી. દર પંદર દિવસે આના માટેનો નિયમીત સ્વરૂપે કેમ્પ થતો હોય છે એના માટે ઓથોરાઇઝેશન સિવિલ સર્જન પાસે હોવાના કારણે નીચલી કક્ષાના કોઇપણ દવાખાનામાં આપી શકાય એવી કોઇ સ્થિતિ નથી. કારણકે ૪૦ ટકાનું માપદંડ હોવાના કારણે એની વ્યવસ્થા અને એના પાવર્સ સિવિલ સર્જનને આપેલા હોવાના કારણે ત્યાંથી પ્રમાણપત્ર લેવું એ ફરજિયાત હોય છે.

### અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે સહાયની યોજના

* ૧૧૮૮૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાયની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૨) ગુજરાતી સમાજ ભવનના બાંધકામ/ખરીદી કે વિસ્તરણના ખર્ચના ૨૫ ટકા અથવા રૂ. ૧૦ લાખ, જે ઓછું હોય તેટલી રકમ. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય રાજ્યોમાં ગુજરાતી ભવન બાંધવા કેટલા ગુજરાતી સમાજોને સહાય આપવામાં આવી ? | (૩) ૨ (બે) |

શ્રી કનુભાઇ મો. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાતી સમાજ માટે સહાય આપવાના ઉદ્દેશો શું છે અને આ સહાય આપવાના ધોરણો શું છે તેમજ કયા કયા ગુજરાતી સમાજને છેલ્લાં બે વરસમાં કેટલી રકમની સહાય આપવામાં આવી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બિનનિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા દેશભરની અંદર વસતા ગુજરાતીઓનું ગુજરાત સાથે જોડાણ થાય, ઉપરાંત જે તે પ્રાંતમાં એ સાંસ્કૃતિક, કલાત્મક અને સામાજિક પ્રવૃત્તિઓ કરતા હોય એવા ટ્રસ્ટ કે એવી સોસાયટીઓ એ જ્યારે ગુજરાતી ભાષા જીવંત રાખવા માટેનો પ્રયાસ કરતા હોય અને ગુજરાત સાથેનો નાતો જોડવા માટેનો પ્રયત્ન કરતા હોય એવા હેતુને બર લાવવા માટે અને એવા હેતુના આશયથી ગુજરાત સરકારના બિનનિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા આ પ્રમાણેની સહાય આપવામાં આવે છે. એમાં નિયત પાત્ર ધરાવતી અને નિયત શરતો પૂર્ણ કરતી સંસ્થાને ૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે અને આ સહાય બાંધકામ, ખરીદી, વિસ્તરણ ખર્ચના ૨૫ ટકા અથવા ૧૦ લાખથી ઓછું જે હોય તે પ્રમાણે આપવામાં આવે છે. જયાં ૧૦૦ ગુજરાતી કુટુંબો રહેતાં હોય તેવા સ્થાનો ઉપર આ સહાય આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તે પ્રશ્ન પૂછયો ત્યાં સુધીમાં છેલ્લા બે વર્ષમાં ગુજરાતી સમાજ ભદ્રક ઓરિસ્સાને પાંચ લાખની સહાય તથા ગુજરાતી સમાજ ઉજ્જૈન તેને બીજા હપ્તા પેટે પાંચ લાખની સહાય. તેમણે પ્રશ્ન પૂછયા બાદ અમારી પાસે પ્રોસેસમાં હતી એમાં ગુજરાતી વેલ્ફેર સોસાયટી ગોહટી, આસામને ગુજરાતી સમાજ ભવન બનાવવા માટે પાંચ લાખની સહાય હમણાં જ મંજૂર કરી છે. અને એ જ પ્રમાણે ગુજરાતી સમાજ છીંદવાડા, મધ્યપ્રદેશને તેણે કરેલા કામના બીજા હપ્તા પેટે રૂપિયા ૩,૮૬,૦૦૦ની સહાય મંજૂર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ સમગ્ર દેશના આઠ રાજયોના ૧૫ ગુજરાતી સમાજને ૧,૨૨,૭૩,૨૫૦/-ની સહાય કરવામાં આવી છે.

શ્રી રાજેન્દ્રસિંહ ઘી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગુજરાતી ભવન રાજયમાં બનાવવામાં આવે છે તે કોઇ કેપિટલ સીટીમાં કોઇ સિલેકટમાં બાંધવામાં આવે છે કે, કોઇ કેપિટલ શહેરમાં બાંધવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ જવાબ આપ્યો કે ભારતનું કોઇપણ નગર જેમાં ૧૦૦ કરતાં વધારે ગુજરાતી કુટુંબો વસતા હોય એ તમામ જગ્યાએ ગુજરાત સરકાર દ્વારા આ પ્રમાણેના ગુજરાતી ભવન બાંધવામાં તેણે કુલ કરેલા પ્રોજેકટમાં મહત્તમ ૧૦ લાખ અને એનુ જો બાંધકામ, વિસ્તરણ કે અન્ય પ્રક્રિયા હોય તો તેના ૨૫ ટકા લેખે જે બેમાંથી ઓછું થતું હોય એટલી રકમ. કયાંક એવું હોય કે ૧૦૦ ગુજરાતીઓ ના થતાં હોય પરંતુ ગુજરાતીઓની ત્યાં આવવા-જવાની માત્રા વધારે રહેતી હોય એવી કોઇ માગણી હોય તો તેને પણ આ રાજય સરકાર દ્વારા આ મર્યાદામાં સહાય કરવામાં આવે છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કયા રાજયમાં ગુજરાતી સમાજ નથી ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીની ગાદી ઉપર નરેન્દ્રભાઇ મોદી બેઠા છે એટલે આખા દેશમાં ગુજરાતીનો ડંકો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માગુ છું કે, આ સહાય ચૂકવવાની શરૂઆત કયારથી કરવામાં આવી ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૯ની અંદર આ પ્રક્રિયા શરૂ થઇ હતી અને ત્યારે એક લાખ રૂપિયા આપવામાં આવતા. પછી તેમાં વધારો કરીને બે લાખ કરવામાં આવ્યા અને ત્યાર પછી પાંચ લાખ રૂપિયા કરવામાં આવી. રાજય સરકારના ૨૨-૬-૨૦૦૦ના ઠરાવથી એ ૧૦ લાખ રૂપિયાની સહાય કરવામાં આવી છે. તેમાં એમણે પૂછયું એ પ્રમાણે મંજૂર કરાયેલ સહાયની ૫૦ ટકા રકમ બાંધકામ લિન્ટલ લેવલનું એનું પ્રમાણપત્ર થાય ત્યારે. અને બાકીની ૫૦ ટકા રકમનું બાંધકામ પૂર્ણ થયાના પ્રમાણપત્ર પછી આપવાનું રહે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અન્ય રાજયોમાં ગુજરાતી ભવન બાંધવા માટે એટલે ૮ રાજયોમાં સરકારે સહાય કરી છે. આ દેશના તમામ રાજયોમાં મોટાભાગે ગુજરાતીઓની વસતિ છે તો સરકારશ્રી પાસે અન્ય કોઇ રાજયોની આવી દરખાસ્ત આવી છે કે કેમ ? અને કોઇ દરખાસ્ત પેન્ડીંગ છે કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જયાં જયાંથી જરૂરિયાત, આવશ્યકતા અરજી થઇ ત્યાં બધીજ આપણે હાથ ઉપર લીધી છે. અત્યારે એક ઓરિસ્સા ગુજરાતી સમાજ એનો પ્રથમ હપ્તો પૂરો થઇ ગયો છે અને તેના બીજા હપ્તાનું કામ જયારે પૂર્ણ થશે સર્ટીફિકેટ આવશે ત્યારે કરીશું. તે પ્રમાણે બાકીની બે હતી છીંદવાડા અને ગોહટી એની પણ આ પ્રશ્ન પૂછયા પછી પૂરી કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બીજા કોઇ રાજયની આવી કોઇ દરખાસ્ત કારણ કે દરેક રાજયમાં ગુજરાતીઓ વસે છે. વડાપ્રધાન તો ગુજરાતી છે આમ તો લાગે છે કે, ગુજરાત ભવન બનાવવું જ ના જોઇએ વડાપ્રધાન જયારે આપણાં ગુજરાતી છે ત્યારે પણ તેમ છતાં પણ આઠ રાજયો સિવાય અન્ય કોઇ રાજયોમાં જયાં ગુજરાતીઓની વસતિ છે કોઇની દરખાસ્ત આવી છે એ મારે જાણવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ ગુજરાતીઓની વસતિનો નથી પણ સવાલ એ છે કે ત્યાં રજીસ્ટર ટ્રસ્ટ હોય, સોસાયટી હોય અને એ પોતાના બાંધકામ અંગે એની માગણી આપણી સમક્ષ મૂકે અથવા વિસ્તૃતીકરણ માટેની માગણી મૂકે અને પછી આપવાની હોય છે. રાજય સરકાર પોતે દરેક રાજયોની અંદર ગુજરાતી ભવનો બનાવવા એવી આ યોજના નથી. સામેથી ગુજરાતી સમાજની માગણી આવ્યા પછી એ માગણી પરિપૂર્ણ કરવાની આ યોજના છે.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, ગુજરાતીઓ દેશમાં નહીં પણ વિદેશમાં પણ વસે છે. તો આ વખતે ગુજરાતમાં સમગ્ર ભારતનો પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાનો છે એ વાત સાચી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન આમાં આવતો નથી પણ બહુ અગત્યનો પ્રશ્ન છે એટલે..

અધ્યક્ષશ્રી : અગત્યનો નહીં, પણ આવતું હોય એ કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર દ્વારા જાહેર કરેલો નિર્ણય છે એટલે આ સન્માનનીય સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, વર્ષોથી (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એક જ લીટીમાં જવાબ પૂરો કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીને ૨૦૧૫માં ભારતમાં આવ્યે ૧૦૦ વર્ષ પૂરાં થયાં એ નિમિત્તે દર વર્ષે જે વિશ્વ પ્રવાસી દિવસ સમગ્ર દેશભરના જુદા જુદા રાજયોમાં ઉજવાય છે. આ વખતે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૫નો આ ગુજરાતની અંદર ૯મી જાન્યુઆરીએ ઉજવવા માટેનો નિર્ણય કર્યો છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નોત્તરીમાંથી ઊભો થતો હોય એ કહો, બાકી તમારે ઘણી જાહેરાત કરવાની હોય.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, દિલ્હીમાં હાલ જે ગુજરાત ભવન છે તે ગુજરાત ભવનમાં ગુજરાતના લોકો જાય ત્યારે ત્યાં રૂમો ધારાસભ્ય રજૂઆત કરે તેમ છતાં મળતા નથી તો ત્યાં બીજા રૂમો વધારવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત ભવન એ જી.એ.ડી.ના હસ્તગત છે પણ માનનીય સભ્યશ્રીએ જે વાત કરી, દિલ્હીની અંદર એક મોટું ગુજરાતી સમાજ ચાલે છે અને આ ગુજરાતી સમાજનું ત્યાં એક મોટું બિલ્ડીંગ છે ઘણા રૂમો છે એટલે જો ગુજરાત ભવનની અંદર આપણને રૂમો અવેલેબલ ના હોય તો ત્યાંના ગુજરાતી ભવનવાળા લોકો આપણી આગતા સ્વાગતા કરીને આપણને, ગુજરાતમાંથી કોઇપણ લોકો જાય તો એને ત્યાં રૂમ આપતા હોય છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભવન અને ગુજરાતી સમાજમાં જઇને આવ્યા તેમ છતાં ગુજરાતી સમાજમાં ના જગ્યા મળી એટલે પછી તે લોકોને બીજી ખાનગી હોટલમાં વધારે પૈસા ખર્ચીને જવું પડ્યું. તો ગુજરાતી સમાજમાં પણ આ જોગવાઇ...

અધ્યક્ષશ્રી : હવે એને ન આપવાના કારણો આપ કહો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત ભવનની અત્યારની જે જગ્યા છે એ જગ્યામાં રાજય સરકાર દ્વારા કેન્દ્ર પાસે વધારાની જમીનની પણ માગણી કરી છે એ જમીન ઉપલબ્ધ થયે ત્યાં ગુજરાત ભવન મોટું બનાવવાનું પણ આયોજન છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં, એટલું કે ગુજરાત સમાજ આપે કે ન આપે, પણ ધારાસભ્ય તરીકે ગુજરાત ભવનની અંદર જગ્યા મળે એવી વ્યવસ્થા કરો, બરાબરને, ગુજરાત ભવનમાં જ. સમાજમાં તો જુદું તંત્ર છે એ સરકાર નીચે નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી એ હમણાં કહ્યું કે, જયાં વધારે ગુજરાતીઓ જતા હોય ત્યાં આગળ પણ બાંધવાનું તો દા.ત. હરદ્વાર જેવી જગ્યાઓમાં ધાર્મિક જગ્યાઓમાં સરકારશ્રી આ હવાલો કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં કહ્યું તેમ કે ત્યાંના ગુજરાતી સમાજ જે ટ્રસ્ટ હોય, રજીસ્ટર સંસ્થા હોય એના દ્વારા માગણી કરવામાં આવે તો હરદ્વારની અંદર ગુજરાતીઓની સંખ્યા કદાચ ઓછી હશે, આ રાજય સરકાર પાસે એવી કોઇપણ માગણી આવશે તો આ નિયમ મર્યાદાની અંદર ત્યાં બાંધકામમાં મદદરૂપ થવા માટે તૈયાર છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી જાણવા માગું છું કે, ગુજરાતી યુવા પેઢીનો ગુજરાત સાથેનો નાતો જળવાઇ રહે એના માટેની સરકારે કોઇ વિચારણા કરી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દેશભરની અંદર જયાં જયાં ગુજરાતીઓ વસે છે અને એ ગુજરાતીઓની પહેલી, બીજી, ત્રીજી પેઢી સુધી રહેવાના કારણે આજે ત્યાંની ત્રીજી પેઢીને એની સમસ્યા એ છે કે, ક્રમશઃ ત્યાં ગુજરાતી ભાષા લુપ્ત થતી જાય છે. આ રાજય સરકાર અને રાજયનો આ વિભાગ ગુજરાતી ભાષાને અનેક પરિવારોમાં જીવંત રહે એના માટે એક સદાકાળ ગુજરાત નામનો કાર્યક્રમ કરે છે અને એ કાર્યક્રમના માધ્યમથી એ લોકોનું ગુજરાત સાથે જોડાણ થાય અને ગુજરાતી ભાષા સાથે જોડાણ થાય. વર્ષોવર્ષ આ કાર્યક્રમ કરવામાં આવે છે . અગાઉ એ મુંબઇમાં થયો હતો અને ચાલુ વર્ષમાં સપ્ટેમ્બરમાં જયપુર ખાતે આ કાર્યક્રમ થવાનો છે.

**ગરબાડા તાલુકાના ન્યાયિક અધિકારી નિવાસના મકાનનું બાંધકામ**

* ૧૧૮૩૩ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના ન્યાયિક અધિકારી નિવાસના મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૪૭,૪૯,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૧૭-૦૫-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

શ્રી રમેશભાઇ ભૂ.કટારાઃ મારે જાણવું છે કે ગરબાડા ખાતે આ કામનાં ટેન્ડર કયારે બહાર પડવામાં આવ્યાં અને આ કામ કયારે પૂરું થવાનું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ ગરબાડા એક એવું મથક છે કે જયાં ન્યાયિક અધિકારીના નિવાસ માટે વ્યવસ્થા નહોતી અને ત્યાં ભાડાનું મકાન પણ જજને મળતું નહોતું. એટલા માટે રાજય સરકાર દ્વારા બહાર પાડેલ ટેન્ડરમાં તા. ૧૩-૧-૨૦૧૪ ના રોજ ૪૭.૪૯ લાખની એની તાંત્રિક મંજૂરી આપ્યા બાદ તા. ૬-૧-૧૪ ના રોજ ટેન્ડર બહાર પાડેલ અને અંદાજ પ્રમાણે આ કામ નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં પૂરું થવાનો અંદાજ છે.

શ્રીમતી નિમીષાબેન સુથારઃ માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે દાહોદ જિલ્લાનો આ ગરબાડા તાલુકો છે તેમાં ન્યાયિક અધિકારીના કવાર્ટરના કામ માટે કેટલાએ આ ટેન્ડર પ્રોસેસમાં ભાગ લીધો અને આ ટેન્ડર કોને કેટલી કિંમતમાં આપવામાં આવેલ છે અને એમાં કેટલો તફાવત છે?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજાઃ આ ગરબાડાનું કામ એ કવાર્ટરના કામ માટે કુલ બે પાર્ટીએ ભાગ લીધો હતો અને એ બે પૈકી સૌથી નીચા ભાવ ૪૩.૪૯ લાખ હતા એ શ્રી રાજેન્દ્ર દેદીયાપાડાને પસંદ કરવામાં આવેલ. એટલે મૂળ ટેન્ડર કિંમતની સામે ૨.૪૨ લાખ જેટલા નીચા ભાવે આપતાં ૫.૩૦ ટકાનો તફાવત આવેલ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાઃ મારે જાણવું છે કે આ ગરબાડા ખાતે વર્ષ ૨૦૧૩–૧૪ માં આ બાંધકામ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી. અને અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?મારો બીજો પ્રશ્ન એ છે કે આ બાંધકામ કયારે પૂરું કરવામાં આવશે અને એ પૂરું થાય તે પહેલાં ટેન્ડરમાં કોઇ શરતો લીધી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ મેં જવાબ આપી દીધો છે કે ૨૦૧૪ માં કામ પૂરું થશે. ટેન્ડર શરતોને આધિન આપ્યું છે, પરંતુ માનનીય સભ્યશ્રી ત્યાંના ધારાસભ્યશ્રી છે તો મારે એક બાબતમાં તેમનું ધ્યાન દોરવાનું છે કે ત્યાં જે કેસો થાય છે એમાં સિવિલના કેસ ૨૨૭ છે, પરંતુ અત્યાર સુધીમાં ક્રિમિનલ કેસો બહુ થાય છે એ ૧૪૯૧ જેટલા કેસો છે અને એ દરમ્યાનગીરી કરે તો ત્યાં ક્રિમિનલ કેસો અટકશે તો સમાજમાં સદભાવનાનું વાતાવરણ ઉભું થશે. (અંતરાય)

શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાઃ મારા પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષમાં એક પણ કેસ નોંધાયો નથી અને મને જવાબ આપે છે કે આટલા બધા કેસો નોંધાયેલા છે. તો આ શરમજનક બાબત છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ તેમના પોલીસ સ્ટેશનની હું વાત કરતો નથી, પરંતુ મારી કોર્ટ સુધીમાં આટલા કેસ આવે છે એમાં અત્યારસુધીમાં ૧૪૯૧ કેસ ગરબાડા જેવા નાના તાલુકામાં ક્રિમિનલ કેસો પડતર છે.

શ્રી અરવિંદસિંહ રાઠોડઃ આપના માધ્યમથી મારે જાણવું છે કે દાહોદ જિલ્લામાં કઇ કઇ જગ્યાએ ન્યાયિક કવાર્ટર્સ બનાવવા માટેની મંજૂરી આપી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજાઃ આ ગરબાડા તાલુકાના ન્યાયિક કવાર્ટરનો સવાલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે આ નાના એવા તાલુકામાં ૧૪૦૦ જેટલા ક્રિમીનલ કેસો થયા છે, તો એનો અર્થ એવો થાય કે કાયદો વ્યવસ્થા આ તાલુકામાં સંપૂર્ણપણે કથળી ગઇ છે તે વાત સાચી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આટલા કેસો છે એટલે આ રાજય સરકારના પોલીસ તંત્રએ સભાનતાપૂર્વક જયાં પણ નાનો ગુનો થાય તો એ ગુનાનું રજિસ્ટ્રેશન કરે છે તેના કારણે આ કેસો થયા છે. પોલીસ સ્ટેશને ચડેલો એકે એક માણસ તેના ગુનાનું રજિસ્ટ્રેશન કરવું અને રજિસ્ટ્રેશન થયેલો કેસ કોર્ટ સુધી પહોંચાડવો એ આ રાજય સરકારની સતર્કતાના કારણે આ પ્રમાણેનું આયોજન છે.

**બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય અને ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૨૬૩૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંડિત દીન દયાળ ઉપાધ્યાય અને ડૉ. આંબેડકર આવાસ યોજના માટે કેટલી અરજીઓ મળી, | (૧) અને (૨) સામેલ પત્રક મુજબ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર થઈ તથા કેટલી અરજીઓ પડતર છે, અને | |
| (૩) અરજીઓ નામંજુર થવાના કારણો શા છે? | (૩) ૨૪ અરજીઓ લાભાર્થી બી.પી.એલ. સ્કોરમાં ન હોવાથી ૬ લાભાર્થીઓને અન્ય યોજનામાં સહાય મળેલ હોવાથી કુલ ૩૦ અરજીઓ નામંજુર કરેલ છે. |

**પત્રક**

બનાસકાંઠા જિલ્લામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ અને ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ /મંજુર/નામંજુર અરજીઓની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૨-૧૩ | | | | વર્ષ ૨૦૧૩-૧૪ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ | પડતર અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ | પડતર અરજીઓ |
| ૧ | પાલનપુર | ૧૫૭ | ૧૫૬ | ૧ | ૦ | ૨૯ | ૨૯ | ૦ | ૦ |
| ૨ | વડગામ | ૩૫૬ | ૩૫૪ | ૨ | ૦ | ૫૬ | ૫૫ | ૧ | ૦ |
| ૩ | દાંતા | ૧૩૨ | ૧૩૨ | ૦ | ૦ | ૪૪ | ૪૪ | ૦ | ૦ |
| ૪ | ડીસા | ૪૦૫ | ૪૦૨ | ૩ | ૦ | ૧૫૦ | ૧૪૭ | ૩ | ૦ |
| ૫ | ધાનેરા | ૨૭૯ | ૨૭૯ | ૦ | ૦ | ૪૫ | ૪૫ | ૦ | ૦ |
| ૬ | દાંતીવાડા | ૧૪૨ | ૧૪૧ | ૧ | ૦ | ૭ | ૭ | ૦ | ૦ |
| ૭ | કાકરેજ | ૨૬૮ | ૨૬૫ | ૩ | ૦ | ૭૭ | ૭૭ | ૦ | ૦ |
| ૮ | દિયોદર | ૪૦ | ૪૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૯ | ભાભર | ૯૧ | ૯૦ | ૧ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૧૦ | વાવ | ૧૩૯૮ | ૧૩૮૯ | ૯ | ૦ | ૧૨૨ | ૧૨૨ | ૦ | ૦ |
| ૧૧ | અમીરગઢ | ૬૫ | ૬૫ | ૦ | ૦ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૧૨ | થરાદ | ૫૬૩ | ૫૫૮ | ૫ | ૦ | ૧૬૮ | ૨૬૮ | ૦ | ૦ |
| **કુલ** | | **૩૮૯૬** | **૩૮૭૧** | **૨૫** | **૦** | **૮૦૬** | **૮૦૧** | **૫** | **૦** |

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મત વિસ્તારની અંદર દાંતા અને હમીરગઢ તાલુકામાં કુલ કેટલી અરજીઓ આવી અને કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે? અને પેટા પ્રશ્ન ૩ માં જણાવેલ છે કે ૬ લાભાર્થીઓને અન્ય યોજનામાં લાભ આપવામાં આવ્યો છે અને ૨૪ અરજીઓ રદ કરવામાં આવી છે. તો આ લાભાર્થીઓને બીજી કોઇ યોજનામાં લાભ આપવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ નામંજૂર થઇ છે એમાં બે ક્રાઇટેરીયા છે, બી.પી.એલ.ની યાદીમાં ન હોવાને કારણે નામંજૂર થઇ છે અને ૯ લાભાર્થીઓ એવા હતા કે જેમને અન્ય યોજનાનો લાભ મળેલો છે એટલે ફરી વખત લાભ મળવા પાત્ર થતો નથી. એમણે જયારે એમના મત વિસ્તારની વાત કરી ત્યારે એમના દાંતામાં ડો. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજનામાં ૧૩ અને પંડિત દીનદયાળ આવાસ યોજના અન્વયે ૧૧૯ એમ કુલ ૧૩૨ અરજીઓ મળી હતી. એ ૧૩૨ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને કુલ ૩૪.૯૨ લાખ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી રકમની સહાય આપવામાં આવે છે તે માનનીય મંત્રીશ્રી જણાવે, અને આ ટ્રાયબલ વિસ્તાર છે તો એમાં બરાબર લાભાર્થીઓને લાભ મળે છે કે કેમ અને લાભાર્થીઓ સુધી પ્રચાર પહોંચે છે કે કેમ તેનો જવાબ મને આપે.

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ડો. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના માટેનો છે, આ યોજનાનો લાભ દલિત લાભાર્થીઓને મળે છે. અને બક્ષી પંચના લાભાર્થીઓને પંડિત દીનદયાળ આવાસ યોજનાનો લાભ મળે છે. એટલે આદિવાસી લાભાર્થીઓનો આમાં સમાવેશ નથી થતો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પંડિત દીનદયાળ આવાસ યોજના અને ડો. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજનાનો હેતુ શું છે? અને આ બન્ને યોજના કયારથી શરૂ કરવામાં આવી છે અને આ યોજના અંતર્ગત જે સહાય આપવામાં આવે છે તેમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોને પોતાનું ઘરનું ઘર મળે, રાજય સરકારની અને કેન્દ્ર સરકારની અનેકવિધ યોજનાઓ હોવા છતાં પણ આવા અનુસૂચિત જાતિ અને બક્ષી પંચના લોકો માટેની વિશેષ યોજના આ રાજય સરકારે એક પૂરક યોજના તરીકે દાખલ કરેલ છે. બાકી આપણે બધા જાણીએ છીએ તેમ ઇન્દિરા આવાસ યોજના પણ છે, સરદાર આવાસ યોજના પણ છે એમ છતાં દલિત અને બક્ષી પંચના લોકોના લાભાર્થે વધારાની પૂરક યોજના તરીકે આ યોજના દાખલ કરવામાં આવેલ છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમ રાજય સરકારે આ પૂરક યોજના દાખલ કરી છે, દલિત અને બક્ષી પંચ સમાજના લોકો માટેની આ યોજનાઓ છે, એટલે બી. પી. એલ.નું ધોરણ એમાં રાખવામાં ન આવે, બીજું કે આમાં ૬ અરજીઓ સ્કવોર્ડને કારણે નામંજૂર કરી છે તો મારે પૂછવું છે કે બી.પી. એલ.નું ધોરણ કાઢી નાખવા માગો છો કે કેમ? અને આની સહાયની રકમ ઇન્દિરા આવાસ યોજના જેટલી ૭૦,૦૦૦ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બન્નેમાં રાજય સરકાર અત્યારે કોઇ વિચારણા કરવા માગતી નથી.

**મહેસાણા ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ**

* ૧૨૩૭૯ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૫,૯૮,૧૧,૩૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી તુર્તજ શરૂ કરવામાં આવશે. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા ખાતે આ જે કવાર્ટર બનાવવાના છે તે ન્યાયધિશોની સંખ્યા સામે કેટલા અને કઇ કઇ કેટેગરીના બનાવવાના છે? અને એ કવાર્ટરની કિંમત કેટલી થશે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**સાબરકાંઠા જિલ્લામાં સમાજ કલ્યાણ ખાતા હસ્તક આદર્શ નિવાસી શાળાઓ**

* ૧૨૧૪૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલી આદર્શ નિવાસી શાળાઓ છે, | (૧) ૨ |
| (૨) તે પૈકી કેટલી શાળાઓમાં પોતાનાં મકાન નથી, અને | (૨) પોતાના મકાન છે. |
| (૩) જે શાળાને પોતાનું મકાન નથી, તે શાળાઓ માટે પોતાના મકાન ક્યારે બનાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડગામ તાલુકા ખાતે ન્યાયિક અધિકારીના મકાનોનું બાંધકામ**

* ૧૧૮૦૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ન્યાયિક અધિકારી માટે આવાસના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે | (૧) હા, જી. |

તે હકીકત સાચી છે,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૨૮,૫૧,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૦૮-૦૧-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**વડાલી તાલુકા ખાતે ન્યાયિક સ્ટાફના આવાસોનું બાંધકામ**

* ૧૧૮૦૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકા ખાતે ન્યાયિક સ્ટાફના આવાસના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૪૯,૫૦,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૨૩-૦૧-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૧૮૪૪ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૩૧૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી નામંજુર કરવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ ૨૮૧<br>નામંજુર અરજીઓ ૩૩ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૮.૧૦ લાખ. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં યાત્રાધામ વિકાસ**

* ૧૨૮૪૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧/૫/૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર તેમજ મહેસાણા જિલ્લાના કયા કયા યાત્રાધામ વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | ૧. તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં શ્રી વરદાયિની માતા મંદિર, રૂપાલના વિકાસ કામો કરવા તા. ૧/૧૦/૨૦૧૨ના રોજ કલેક્ટરશ્રી, ગાંધીનગરને રૂપિયા ૫૦/- લાખ અને શ્રી પંચદેવ મંદિર, ગાંધીનગરને એલ.ઈ.ડી. લાઈટથી કાયમી રોશની માટે તા. ૨૧/૨/૨૦૧૩ના રોજ રૂપિયા ૪,૮૦,૨૯૫/-નું અનુદાન આપેલ છે.<br>૨. તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં શ્રી બહુચરાજી મંદિર, બહુચરાજીના વિકાસ અર્થે અંદાજે રૂપિયા ૧૬,૭૭,૬૯,૨૫૦/-નો ખર્ચ થયેલ છે.<br>કડી તાલુકાના ચવતેશ્વર મહાદેવ મંદિરમાં મંદિર સંકુલ વિકાસ માટે રૂપિયા ૫૮,૬૩,૦૦૦/-નો ખર્ચ થયેલ છે જ્યારે નીલકંઠ મહાદેવ મંદિર અમૂઢ, તા. |

ઉંઝા ખાતે રૂપિયા ૪૭,૮૦,૦૦૦/-ના ખર્ચે વિકાસ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત વડનગરમાં આવેલ શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરના વિકાસ અર્થે રૂપિયા ૫૦,૫૬,૨૫૦/-નું અનુદાન ફાળવવાનું ઠરાવેલ છે.

---------

**વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૧૮૮૧ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા એક નાણાકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં વિક્સતિ જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧૯૬ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ ૧૬૬<br>ચૂકવેલ સહાય રૂ. ૧૬.૬૦ લાખ. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી? | (૩) ૩૦ |

---------

**દાહોદ જિલ્લામાં ન્યાયિક અધિકારીના નિવાસના મકાન બાંધકામ માટેની મંજૂરી**

* ૧૧૮૩૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ન્યાયિક અધિકારીના નિવાસના મકાન બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપેલ છે, અને | (૨) રૂ. ૨,૪૩,૫૯,૦૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૦૨-૦૭-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**ગાંધીનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ સહાય**

* ૧૧૮૯૨ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ગાંધીનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, | (૧) ૨૪૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૩૯ |
| (૩) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી, અને | (૩) ૦૨ |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) રૂ઼ા. ૫,૯૭,૫૦૦/- |

---------

**બનાસકાંઠા જિલ્લામાં માનવ ગરીમા યોજના અંતર્ગત સહાય**

* ૧૧૮૭૧ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં બનાસકાંઠા જીલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં માનવ ગરિમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેંચણી કરવામાં આવી, | (૧) ૯૦૦ |
| (૨) કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેચણી કરવાની બાકી છે, અને | (૨) શૂન્ય |
| (૩) તેનું વિતરણ ક્યારે કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજકોટ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય

* ૧૧૮૯૮ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રાજકોટ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૨ |
| (૩) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી, અને | (૩) ૦૨ |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) રૂા. ૧૬.૦૦ લાખ |

---------

## સોમનાથ ખાતે યાત્રાળુઓની સુવિધામાં વધારો

* ૧૧૮૩૯ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સોમનાથમાં દર્શનાર્થી યાત્રાળુઓની સુવિધામાં કોઇ વધારો કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું વધારો કરવામાં આવ્યો? | (૨) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે. સોમનાથ ખાતે મ્યુઝીયમ બનાવવા માટે રૂપિયા ૧૦/- કરોડ ફાળવવામાં આવ્યા છે અને રૂપિયા ૬,૨૪,૩૨૫/- ના ખર્ચે કામગીરી પ્રગતિમાં છે. સોમનાથ મંદિરને જોડતા દર્શન પથ બ્યુટીફીકેશન મુખ્ય પ્રવેશ દ્વારા, સોલર બેઇઝડ એલ.ઇ.ડી લાઇટ માટે રૂપિયા ૫.૫૯ કરોડના ખર્ચે કામગીરી પ્રગતિમાં છે. આ ઉપરાંત સોમનાથ ગુફાના વિકાસ માટે રૂપિયા ૧.૨૩ કરોડના ખર્ચે અને ભાલકા તિર્થના વિકાસ માટે રૂપિયા૦.૩૦ કરોડના ખર્ચે કામગીરી પ્રગતિમાં છે. |

---------

## અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૧૧૮૮૨ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ છેલ્લા એક નાણાકીય વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વિકસતિ જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૬૫૪. |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજૂર અરજીઓ ૫૫૬<br>ચૂકવેલ સહાય રૂ.૫૫.૪૦લાખ. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૯૮ |

---------

**લીંમડી તાલુકામાં ન્યાયિક સ્ટાફના નિવાસનું બાંધકામ**

૧૧૮૬૩ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના લીંમડી તાલુકામાં ન્યાયિક સ્ટાફના નિવાસના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૧,૪૯,૦૦,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૦–૦૬–૨૦૧૪ ના રોજ જમીન આપવામાં આવેલ હોઈ, આ કામના નકશા અંદાજો તૈયાર કરી, ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી કામ તરતજ શરૂ કરવામાં આવશે. |

---------

**આણંદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ સહાય**

૧૧૮૯૦ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૨ |
| (૩) કેટલી અરજીઓની લોન ચૂકવવામાં આવી ? | (૩) ૦૨ |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય**

૧૧૯૧૩ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ સાતફેરા સમૂહ લગ્ન સહાય યોજના હેઠળ છેલ્લા એક નાણાકીય વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિની કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મળી, | (૧) સંસ્થા – ૪<br>યુગલ – ૭૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, | (૨) મંજુર અરજીઓ ચૂકવેલ સહાય<br>સંસ્થા – ૪ રૂા. ૧.૪૦ લાખ<br>યુગલ – ૭૦ રૂા. ૭.૦૦ લાખ |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરી, અને | (૩) શૂન્ય. |
| (૪) આ અરજીઓ ક્યા કારણોસર નામંજુર કરવામાં આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અંબાજી ખાતે મંદિર પરિસરના વિસ્તૃતીકરણની કામગીરી**

૧૧૮૪૧ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજીમાં અંબાજી મંદિર પરિસરના વિસ્તૃતીકરણ કે બ્યુટીફિકેશન માટે શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૧) અંબાજીમાં અંબાજી મંદિર પરિસરના વિસ્તૃતીકરણ અને બ્યુટીફિકેશન માટે નીચે મુજબ આયોજન કરવામાં આવ્યું છે.<br>(૧) ચાચર ચોક વિસ્તૃતીકરણ<br>● ૪૪૬૪ ચો.ફૂટનો સ્લેબ ભરીને વિજયા ભુવન તરફ ચાચર ચોક વિસ્તૃત કરવાની કામગીરી<br>(૨) મંદિર પરિસર ના વિકાસ અને બ્યુટીફિકેશનની કામગીરી<br>● યાત્રાળુઓ માટે ટોકન સીસ્ટમથી દર્શન વ્યવસ્થા<br>● લગેજ અને પગરખા કેન્દ્ર<br>● મહાનુભાવો માટે વેઈટીંગ લોન્જ<br>● યાત્રાળુઓ માટે એરકન્ડીશન વેઈટીંગ લોન્જ તથા લાઇન વ્યવસ્થા<br>● શોપીંગ સેન્ટરની મધ્યમાં મંદિર સન્મુખ ચાર વોટરબોડીમાં ફૂવારા<br>● વિકલાંગો માટે રેમ્પની વ્યવસ્થા<br>● શોપીંગ સેન્ટરના એલીવેશન માટે સ્ટોન કલેડીંગ<br>● ફ્લાય ઓવરબ્રીજનું ફ્લોરીંગ<br>● ઇલેક્ટ્રીફિકેશન<br>● મંદિર સંકુલમાં ફાયબર ડોમની જગ્યાએ કલાત્મક પથ્થરથી કોરીડોરમાં લાઇન વ્યવસ્થા<br>(૩) મુખ્ય શિખર સુવર્ણમય બનાવવાની કામગીરી<br>● કુલ ૬૧ ફૂટની ઉંચાઇ સુધી કામગીરી કરવાની થાય છે.<br>● લોક ભાગીદારીથી સોનું મેળવી કામગીરી કરવામાં આવે છે.<br>● અત્યાર સુધીમાં ૩૦ ફૂટની કામગીરી પૂર્ણ થઇ છે.<br>● અત્યાત સુધી કુલ ૭૫૬૬ કિલો તાંબાનો વપરાશ થયેલ છે.<br>● કુલ ૪૫ કિલો ૪૧૦ ગ્રામ સોનાનો વપરાશ થયેલ છે.<br>● આ કામગીરી પેટે અત્યાર સુધીમાં રૂપિયા ૧,૧૨,૭૧,૮૨૪/- તાંબાના પતરાં પેટે તથા મજુરી પેટે ચુકવવામાં આવેલ છે.<br>(૪) પી. પી. પી. મોડલ આધારીત નીચેના પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે. |

- પ્રદર્શન ગેલેરી તથા થ્રી ડી મુવી શો
- માતાજીના સાત વારની ચિત્ર ગેલેરી
- શ્રી એકાવન શકિતપીઠ માતાજીના દર્શન
- ગ્લાસ ઉપર વોકીંગ–મહિસાસુર મર્દિની માતાજીના દર્શન
- થ્રી ડી પિકચર–મુવી શો (શ્રી એકાવન શકિતપીઠ ઉત્પત્તિ ઉપર આધારિત)
- કુલ રેવન્યુમાંથી ૨૧% દેવસ્થાન ટ્રસ્ટને મળશે.

| | |
|---|---|
| (૨) તે માટે તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી ? | (૨) ચાચરચોક વિસ્તૃતીકરણની કામગીરી પૂર્ણ થઇ છે. મંદિર સંકુલના બેઝમેન્ટમાં પ્રદર્શન ગેલેરી તેમજ થ્રી ડી મુવી શો ની કામગીરી પી.પી.પી. રેવન્યુ શેરીંગ મોડલ મુજબ પૂર્ણ થઇ છે જ્યારે અન્ય કામગીરી પ્રગતિમાં છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૧૨૩૮૭ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૧,૮૨,૨૧૪ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૧,૮૨,૨૧૪ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫,૪૬,૬૪,૨૦૦/– ની સહાય ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય ના મંજૂર કરી ? | (૩) એકપણ નહીં. |

---------

**રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારના સાહસોને બાહેધરી આપવા બાબત**

૧૦૬૮૫ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની ગેરંટીના અભાવે કેન્દ્ર સરકાર / કેન્દ્ર સરકારના સાહસો દ્વારા રાજ્યના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ અને ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને સહાયની રકમ ચુકવાતી નહીં હોવાને લીધે રાજ્યના ગરીબ વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓને મળવાપાત્ર લાભો મળતા નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર / કેન્દ્ર સરકારના સાહસોને ગેરંટી આપવા માગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય અને ડૉ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય**

૧૨૬૩૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર પંડિત દીન દયાળ ઉપાધ્યાય અને ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં આવાસો મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી મંજુર કરી આવાસો આપવામાં આવ્યા તેમજ બાકી રહેતા ઇસમોને કેટલા સમયમાં આવાસો ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)

પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ /મંજુર અરજીઓની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૨–૧૩** | | **વર્ષ ૨૦૧૩–૧૪** | |
|---|---|---|---|---|---|
| | | **મળેલ અરજીઓ** | **મંજુર અરજીઓ** | **મળેલ અરજીઓ** | **મંજુર અરજીઓ** |
| ૧ | બરવાળા | ૧૪ | ૧૪ | ૩૮ | ૩૮ |
| ૨ | ધંધુકા | ૫૫ | ૫૫ | ૩૪ | ૩૪ |
| ૩ | રાણપુર | ૧૦ | ૧૦ | ૬ | ૬ |
| ૪ | માંડલ | ૨૩ | ૨૩ | ૧૭ | ૧૭ |
| ૫ | દેત્રોજ | ૨૩ | ૨૩ | ૧૬ | ૧૬ |
| ૬ | ધોળકા | ૧૫ | ૧૫ | ૩૪૮ | ૩૪૮ |
| ૭ | સાણંદ | ૧૬ | ૧૬ | ૪૪ | ૪૪ |
| ૮ | વિરમગામ | ૩૪ | ૩૪ | ૩૮ | ૩૮ |
| ૯ | બાવળા | ૨૬ | ૨૬ | ૧૧ | ૧૧ |
| ૧૦ | દસ્ક્રોઈ | ૪૭ | ૪૭ | ૧૩ | ૧૩ |
| ૧૧ | સીટી | ૨૧૧૪ | ૨૧૧૪ | ૩૪ | ૩૪ |
| | **કુલ** | **૨૩૭૭** | **૨૩૭૭** | **૫૯૯** | **૫૯૯** |

ખાતા દ્વારા અમલીત પંડિત દીન દયાળ ઉપાધ્યાય અને ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ આવાસ બાંધકામ માટે સહાય આપવામાં આવે છે. આવાસો આપવામાં આવતા નથી.

---------

**ખેડા જિલ્લામાં માનવ ગરીમા યોજના અંતર્ગત સહાય**

૧૧૯૦૨ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં ખેડા જીલ્લામાં માનવ ગરિમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટસની વહેંચણી કરવામાં આવી, | (૧) ૧૨૦૦ |
| (૨) કેટલા લાભાર્થીઓને કિટસની વહેંચણી કરવાની બાકી છે, અને | (૨) શૂન્ય |
| (૩) તેનું વિતરણ ક્યારે કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વડોદરા જિલ્લામાં સરકારી કન્યા છાત્રાલયો

૧૧૮૧૯ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા સરકારી કન્યા છાત્રાલયો ચલાવવામાં આવે છે. | (૧) ૦૧ |
| (૨) કુલ કેટલી માન્ય સંખ્યા છે. | (૨) ૫૦ |
| (૩) કેટલી વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૩) ૩૩ |
| (૪) છાત્રાલયમાં શી સગવડો આપવામાં આવે છે? | (૪) સરકારી કન્યા છાત્રાલયોમાં રહેવાની જમવાની તથા રમત-ગમતના સાધનો બુકબેંક સામાયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે. |

---------

### પાટણ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય

૧૨૪૬૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર લાભ મેળવવા કેટલી અરજીઓ મળી અને કેટલી ના મંજૂર કરાઈ?

**જવાબ**

| ક્રમ | તાલુકાનું નામ | ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | મળેલ અરજી | નામંજુર અરજી |
| ૧ | પાટણ | ૩૪૮ | ૨૫ |
| ૨ | સિધ્ધપુર | ૨૫૦ | ૧૬ |
| ૩ | ચાણસ્મા | ૧૫૪ | ૧૫ |
| ૪ | હારીજ | ૩૪ | ૦૭ |
| ૫ | સમી | ૧૩૧ | ૦૨ |
| ૬ | રાધનપુર | ૨૯ | ૦૧ |
| ૭ | સાંતલપુર | ૧૧ | ૧ |

---------

### ગાંધીનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય

૧૧૮૧૪ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ગાંધીનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૪ મંજુર<br>૦ નામંજુર |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૨.૦૦ લાખ |

---------

**જામનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

૧૧૮૯૯ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં જામનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી | (૨) ૧૯ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૦૩ |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૪) રૂ. ૯.૫૦ લાખ |

---------

**કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ**

૧૧૮૮૭ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં કચ્છ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની પ્રિ–મેટ્રિક શિષ્યવૃત્તિ મેળવવા માટેની અરજીઓ આવી, | (૧) ૧,૬૭,૨૪૩ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવી, અને | (૨) ૧,૬૭,૧૬૫ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૪૫૯.૯૬ લાખની શિષ્યવૃત્તિ ચૂકવી. |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી? | (૩) ૭૮ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ નામંજૂર કરી. |

---------

**મહેસાણા જિલ્લામાં ડૉ. બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય**

૧૨૨૭૮ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ સન ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના નાણાંકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અન્વયે મકાનો બનાવવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે,

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાંટ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૭૨.૫૩ |
| ૨૦૧૩–૧૪ | ૫૫.૯૬ |
| **કુલ** | **૧૨૮.૪૯** |

(૨) ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને તાલુકાવાર સહાય ચુકવવામાં આવેલ છે,

| તાલુકાનું નામ | લાભાર્થીઓ |
|---|---|
| મહેસાણા | ૧૭ |
| કડી | ૨૦ |
| ખેરાલુ | ૦૮ |
| વડનગર | ૧૩ |
| સતલાસણા | ૦૮ |
| વિસનગર | ૩૧ |
| વિજાપુર | ૩૬ |
| બેચરાજી | ૧૩ |
| ઉંઝા | ૧૧ |
| **કુલ** | **૧૫૭** |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને ઉપરોક્ત — (૩) શૂન્ય

યોજનામાં સહાય ચૂકવવાની બાકી છે, અને

| | |
|---|---|
| (૪) તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બારડોલી ખાતે જ્યુડીશીયલ અધિકારીઓ માટે મકાનનું બાંધકામ**

૧૧૮૫૯ **શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં બારડોલી ખાતે જ્યુડીશીયલ અધિકારીઓ માટે રહેણાંક મકાનના બાંધકામ માટે સરકાર દ્વારા કોઈ મંજુરી આપેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે? | (૨) તા. ૨૨-૦૩-૧૨ના રોજ રૂ. ૨,૦૫,૬૭,૬૨૦/- ની મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

**માનવ ગરીમા યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં કિટસની વહેંચણી**

૧૧૮૧૮ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં જામનગર જીલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ માનવ ગરિમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેંચણી કરવામાં આવી, | (૧) ૯૪૯ |
| (૨) કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેચણી કરવાની બાકી છે, અને | (૨) શૂન્ય |
| (૩) તેનું વિતરણ ક્યારે કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**હિંમતનગર તાલુકાના ન્યાયિક અધિકારીના નિવાસના મકાન બાંધકામ માટેની મંજૂરી**

૧૧૮૮૩ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ન્યાયિક અધિકારી નિવાસના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા.૯૨,૯૨,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૬-૦૬-૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**હળવદ ખાતે જજ ક્વાર્ટર અને સ્ટાફ ક્વાર્ટરનું બાંધકામ**

૧૧૮૩૪ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ જજ ક્વાર્ટર અને સ્ટાફ ક્વાર્ટરના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. ફક્ત સ્ટાફ ક્વાર્ટર્સ માટે મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૧,૬૪,૪૫,૬૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામનો ઈજારો નક્કી થયેથી તુર્તજ શરૂ કરવામાં આવશે. |

---------

**ગીરગઢડા તાલુકા મથકે નવી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

૧૨૭૫૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૫−૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના નવરચિત ગીરગઢડા તાલુકા મથકે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે સરકારે નાણાકીય જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) ના, જી. વર્ષ ૨૦૧૪−૧૫ ના ફેરફાર કરેલ બજેટમાં નવ નિર્મિત તાલુકા માટે જોગવાઈ સૂચવેલ છે જેમાં ગીરગઢડા નો સમાવેશ થાય છે. |
| (૨) જો હા તો, ક્યારે કેટલી રકમ ફાળવી અને આ કામગીરી ક્યારે શરૂ થશે અને ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) વર્ષ ૨૦૧૪−૧૫ ના ફેરફાર કરેલ બજેટમાં નવ નિર્મિત તાલુકા માટે રૂા. ૫,૦૦,૦૦,૦૦૦−ની જોગવાઈ સુચવેલ છે. નામ. હાઈકોર્ટ તરફથી દરખાસ્ત મળ્યા બાદ કામગીરી શરૂ કરવામાં આવશે. |

---------

**ધનસુરા તાલુકા ખાતે ન્યાયતંત્રના સ્ટાફ ક્વાર્ટસનું બાંધકામ**

૧૧૮૦૭ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ધનસુરા તાલુકા ખાતે ન્યાયતંત્રના સ્ટાફ ક્વાર્ટસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩−૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૧,૫૬,૦૬,૦૦૦/−. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૧૬−૦૧−૨૦૧૪ થી શરૂ કરેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૧૧૮૧૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૩−૧૪ માં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં કુમાર છાત્રાલયો કેટલા છે, તેમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૯ ગ્રાન્ટ ઈન એઈડ કુમાર છાત્રાલય ૫૦૭ વિદ્યાર્થીઓ |
| (૨) તાલુકાવાર કુમાર છાત્રાલયોની સંખ્યા કેટલી છે, અને | (૨) (નીચેના કોષ્ટક મુજબ) |

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૫ |
| ૨ | ગોંડલ | ૧ |
| ૩ | જેતપુર | ૧ |
| ૪ | ઉપલેટા | ૧ |
| ૫ | જામકંડોરણા | ૧ |
| | **કુલ** | **૯** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) દાખલ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી ? | (૩) ૫૦૭ |

---------

**ઔદ્યોગિક કોર્ટ, નડિયાદનું બાંધકામ**

૧૧૮૧૨ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧−૩−૨૦૧૪ની સ્થિતિએ ઔદ્યોગિક કોર્ટ, નડિયાદના બાંધકામ માટે સરકાર દ્વારા કોઈ મંજૂરી | (૧) હા, જી. |

આપેલ છે તે હકીકત સાચી છે, અને

| | |
|---|---|
| (૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે ? | (૨) તા. ૨૩-૦૨-૨૦૧૨ના રોજ રૂ।. ૪,૨૯,૦૪,૪૦૦/- ની મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં તબીબી, ડિપ્લોમા અને ઈજનેરીના વિદ્યાર્થીઓને સાધન સહાય**

૧૧૮૫૨ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩-૧૪માં ખેડા જિલ્લામાં તબીબી, ડિપ્લોમા અને ઈજેનરીના વિદ્યાર્થીઓને અભ્યાસના સાધનો ખરીદવા કેટલી સહાય મંજૂર કરવામાં આવી, અને | (૧) રૂ।. ૨,૪૩,૦૦૦/- |
| (૨) કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી ? | (૨) ૮૧ |

---------

**ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય**

૧૧૮૯૩ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન માટે વર્ષ ૨૦૧૩-૧૪માં અનુસૂચિત જાતિ પૈકી અતિ પછાત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૯ |
| (૩) કેટલી અરજીઓની લોન ચૂકવવામાં આવી ? | (૩) ૦૯ |

---------

**વાઘોડીયા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોનું બાંધકામ**

૧૧૮૩૫ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે ન્યાયિક અધિકારીઓ માટે આવાસોના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ।.૭૨,૦૦,૦૦૦/-. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) તા. ૨૬-૦૨-૨૦૧૪ થી શરુ કરેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

૧૧૮૮૬ **ડાં. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની અરજીઓ મળી, | (૧) ૧,૮૪,૨૮૫ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવી, અને | (૨) ૧,૮૪,૨૮૫ બાળકોને રૂ. ૫,૫૨,૮૫,૫૦૦/- ની સહાય ચૂકવવામાં આવી |
| (૩) કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાય નામંજૂર કરવામાં આવી? | (૩) એકપણ નહીં. |

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**ડીસા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના મકાનોનું બાંધકામ**

૧૨૩૭૨ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **જણાવવા કૃપા કરશે કે.–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકા ખાતે ન્યાયિક અધિકારીઓ અને સ્ટાફના રહેણાંક મકાનનાં બાંધકામ માટે સરકાર દ્વારા કોઈ મંજૂરી આપેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે અને કેટલી રકમની મંજૂરી આપેલ છે? | (૨) તા. ૨૮–૧૨–૧૧ના રોજ રૂા. ૨,૯૯,૫૬,૦૦૦/–ની મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

**સતલાસણા તાલુકાના ન્યાયિક અધિકારીના નિવાસોનું બાંધકામ**

૧૧૮૧૦ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકામાં ન્યાયિક અધિકારીના નિવાસના મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૪૦,૦૦,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તા. ૦૩–૦૬–૨૦૧૪ થી શરૂ કરવામાં આવેલ છે. |

---------

**જામનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

૧૧૮૧૬ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં જામનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૯ |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને | (૩) ૦૩ |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૪) રૂ. ૯.૫૦ લાખ. |

---------

**ધાંગધ્રા તાલુકામાં સ્ટાફ મકાનના બાંધકામની મંજુરી**

૧૧૮૨૯ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકામાં સ્ટાફ મકાનના બાંધકામ માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧૩,૬૭,૭૧,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી આ કામનો ઈજારો નક્કી થયેથી તુર્તજ શરૂ કરવામાં આવશે. |

---------

**કચ્છ જિલ્લામાં માનવ ગરીમા યોજના અંતર્ગત સહાય**

૧૧૮૭૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં માનવ ગરિમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટસની વહેંચણી કરવામાં આવી, | (૧) ૭૭૦ |
| (૨) કેટલા લાભાર્થીઓને કિટસની વહેંચણી કરવાની બાકી છે, અને | (૨) શૂન્ય |
| (૩) તેનું વિતરણ ક્યારે કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**શામળાજી તીર્થસ્થાનનો વિકાસ**

૧૧૮૩૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવિત્ર તીર્થસ્થાન શામળાજીના વિકાસ અર્થે શી કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પવિત્ર તીર્થસ્થાન શામળાજીના વિકાસ અર્થ અને યાત્રીઓની સુવિધા વધારવા માટે સરકારશ્રીના વિવિધ વિભાગોની કામગીરી જેવી કે, પાણી પુરવઠા, ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ, ટાઉન પ્લાર્નીગ યોજનાનું અમલીકરણ, ગટર વ્યવસ્થા જેવી આનુષાંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરવાની એક સમગ્ર અને સંકલિત અંદાજીત રૂપિયા ૧૦૦ કરોડની યોજના વિચારવામાં આવેલ. તે પૈકી આ વિભાગ દ્વારા શામળાજી મંદિરના સંકુલ વિસ્તૃતીકરણ અને બ્યુટીફીકેશન માટે હાલ કુલ ત્રણ ફેઝમાં રૂપિયા ૩૯.૬૬ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. જેમાંથી ફેઝ–૧ અને ફેઝ–૨ની કામગીરી પ્રગતિમાં છે જ્યારે ફેઝ–૩ ની કામગીરી માટે આર્કીટેક્ટની નિમણૂંક કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે નીચેની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>પરિક્રમા પથ, પાર્કીંગ, ટોયલેટ બ્લોક, બેઠક વ્યવસ્થા, પ્રવેશદ્વાર, ત્રણ નવા મંદિર બનાવવાની કામગીરી, મંદિર પરિસરના ફરતે ફ્લોરીંગની કામગીરી, વોટરહટ, લાઈટીંગ, અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી, બોરવેલ, પાથ–વે અને વૃક્ષારોપણ જેવી કામગીરી. |
| (૨) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ફેઝ–૧ અને ફેઝ–૨ની કામગીરી માટે અનુક્રમે રૂપિયા ૧૨,૭૭,૪૬,૦૯૪ –અને રૂપિયા ૧,૫૫,૮૬,૪૮૫–નો ખર્ચ કરેલ છે. |

---------

**અંબાજી ખાતેના મુખ્ય માર્ગોમાં રંગબેરંગી રોશનીની કામગીરી**

૧૧૮૪૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી યાત્રાધામના મુખ્યમાર્ગોમાં રંગબેરંગી | (૧) હા, જી. અંબાજી યાત્રાધામના મુખ્યમાર્ગોમાં તેની |

રોશનીની કામગીરી માટે કોઈ મહત્વની કામગીરી કરવામાં આવે છે કે કેમ, અને

આજુબાજુના વૃક્ષો ઉપર અને અંબાજી યાત્રાધામમાં નીચે મુજબ રંગબેરંગી રોશનીની કામગીરી કરવામાં આવી છે.

| **ક્રમ** | **સ્થળ** | **આર.જી.બી. એલ. ઈ. ડી. લાઈટ (નંગમાં)** |
|---|---|---|
| ૧ | દાંતા રોડ ઉપર સિંહ દ્વાર ઉપર | ૩૨ |
| ૨ | ડી. કે. ત્રિવેદી સર્કલથી સિંહ દ્વાર સુધી વૃક્ષો ઉપર | ૧૪૭ |
| ૩ | આબુ રોડ ઉપર આવેલ ગજ દ્વાર ઉપર | ૩૦ |
| ૪ | ગબ્બર સર્કલથી ગજ દ્વાર સુધી | ૪૪ |
| ૫ | હિંમતનગર રોડ ઉપર મયુર દ્વાર ઉપર | ૨૬ |
| ૬ | ડી. કે. ત્રિવેદી સર્કલથી મયુર દ્વાર સુધી | ૧૫૯ |
| ૭ | ગબ્બર તળેટીમાં આવેલ ગેટ ઉપર | ૬૬ |
| ૮ | ગબ્બર ગેટની આજુબાજુના વૃક્ષો ઉપર | ૯ |
| | **કુલ** | **૫૧૩** |

- એમ.સી. સી. બોક્ષ નંગ-૯
- દર્શન પથ ઉપર કુલ-૨૫ નંગ સાઈઝ -૩'**X** ૩' ના સિંગલ સાઈડ વાળા સાઈનેઝ બોર્ડ
- ગબ્બર ખાતે કુલ-૫ નંગ સાઈઝ ૩'**X** ૩' ના સીંગલ સાઈડ વાળા સાઈનેઝ બોર્ડ
- ગબ્બર ખાતે કુલ-૧૦નંગ સાઈઝ ૩'**X** ૩' ના ડબલ સાઈડ વાળા સાઈનેઝ બોર્ડ

(૨) જો હા, તો આ માટે તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૨) આ માટે તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૨,૮૦,૮૫,૨૩૮- નો ખર્ચ કરવામાં આવ્યો છે.

---------

**આણંદ જિલ્લામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સહાય**

૧૧૮૭૯ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ છેલ્લા નાણાકીય વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓની નવી અરજીઓ મળી, | (૧) ૧૩૫ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ ૧૨૫<br>ચૂકવેલ સહાય રૂ.૨૬.૨૫ લાખ. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરી? | (૩) ૧૦ |

---------

### દહેગામ તાલુકાના ધાર્મિક સ્થળોનો યાત્રાધામ તરીકે વિકાસ

૧૨૩૬૮ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકાના કયા કયા ધાર્મિક સ્થળોનો યાત્રાધામ તરીકે વિકાસ કરવા અર્થે સમાવેશ થયેલ છે, ઉક્ત ધાર્મિક સ્થળો કયા ક્યા છે, અને | (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકાના કંથલપુર ખાતે મહાકાળીવડ તથા તેની આજુબાજુના વિસ્તારના વિકાસનું આયોજન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા કરવામાં આવી રહેલ છે. આર્કિટેક્ટની નિમણૂંક કરી છે. |
| (૨) જિલ્લામાં દહેગામ તાલુકાના ઉક્ત સ્થળો સિવાયના અન્ય કોઈ ધાર્મિક સ્થળોનો યાત્રાધામ તરીકે સમાવેશ કરવાનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા સિવાયના નીચે મુજબના ધાર્મિક સ્થળોના વિકાસ અર્થે કાર્યવાહી થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.<br>(૧) શ્રી વરદાયની માતા મંદિર, રૂપાલ, ગાંધીનગર ને વિકાસ કામ માટે રૂપિયા પચાસ લાખનું અનુદાન ફાળવેલ છે. ટેન્ડર બહાર પાડેલ છે, કામગીરી પ્રગતિમાં છે આ ઉપરાંત એલ.ઈ.ડી. લાઈટથી કાયમી રોશની કરવા માટે રૂપિયા પાંચ લાખના અંદાજિત ખર્ચે કામગીરી ચાલું છે.<br>(૨) શ્રી પંચદેવ મંદિર, ગાંધીનગરને એલ.ઈ.ડી. લાઈટથી કાયમી રોશની માટે રૂપિયા ૪,૮૦,૨૯૫–નું અનુદાન ફાળવેલ છે અને કામગીરી પૂર્ણ થયેલ છે.<br>(૩) શ્રી હનુમાનજી મંદિર ડભોડા ના ટેમ્પલ ટ્રસ્ટની રજુઆત પરત્વે કલેકટરશ્રી, ગાંધીનગર પાસેથી ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૮–૧૦–૨૦૧૦ ઠરાવની જોગવાઈ મુજબ દરખાસ્ત મંગાવવામાં આવેલ છે.<br>(૪) બિલોદરા જ્ઞાન સાહેબની જગ્યા (રામજી મંદિર) ની રજુઆત અંગે કલેકટરશ્રી, ગાંધીનગર પાસેથી ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૮–૧૦–૨૦૧૦ ઠરાવની જોગવાઈ મુજબ દરખાસ્ત મંગાવવામાં આવેલ છે. |

---------

### અમરેલી જિલ્લામાં સરકારી કન્યા છાત્રાલયો

૧૧૮૧૭ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૩–૧૪માં અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિના કેટલા સરકારી કન્યા છાત્રાલયો ચલાવવામાં આવે છે. | (૧) ૦૩ |
| (૨) કુલ કેટલી માન્ય સંખ્યા છે. | (૨) ૧૭૫ |
| (૩) કેટલી વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૩) ૧૩૬ |
| (૪) છાત્રાલયમાં શી સગવડો આપવામાં આવે છે? | (૪) સરકારી કન્યા છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમત–ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે |

નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે.

----------

## બનાસકાંઠા જિલ્લામાં પડતર કેસો

૧૨૭૭૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દશ, પંદર અને પંદર વર્ષથી વધુ સમયથી કેટલા ફોજદારી કેસો પડતર છે, અને

(૨) આ પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે હાથ ધરેલ કાર્યવાહીની વિગતો શી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દશ, પંદર અને પંદર વર્ષથી વધુ સમયથી નીચે જણાવ્યા મુજબના ફોજદારી કેસો પડતર છે.

| **કોર્ટનું નામ** | **દશ વર્ષ સુધીના** | **પંદર વર્ષ સુધીના** | **પંદર વર્ષથી વધુ સમયના** | **કુલ** |
|---|---|---|---|---|
| એપેલેટ કોર્ટ | ૧૫૦૯ | ૨૭ | ૧૯ | ૧૫૫૫ |
| તાબાની કોર્ટ | ૩૮૨૬૨ | ૩૫૫૭ | ૩૬૦૩ | ૪૫૪૨૨ |
| **કુલ** | **૩૯૭૭૧** | **૩૫૮૪** | **૩૬૨૨** | **૪૬૯૭૭** |

(૨) આ પડતર કેસોના ઝડપી નિકાલ માટે સરકારે હાથ ધરેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ -૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરેલ છે. તે માટે ન્યાયાધીશો સહિત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ નવી જગ્યાઓ મંજૂર કરેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લામાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનિયર સિવિલ જજની કોર્ટોને અને ૪૩ સિવિલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

અતારાંકિતઃ ૨૮૪૪ (૯–૫–૧૪) **ડાૅ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર દરીયાકાંઠે મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપવા માટે દરીયામાં નાની જેટીઓ બાંધવા માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા તો, ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલી નાની જેટીઓ બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે, તથા કાર્યવાહી કયા તબકકે છે, અને

(૩) જો ના તો, ફિશરીઝ માટે નાની જેટીઓ નહીં બાંધવાના કારણો શા છે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :** (૧૩–૬–૧૪)

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

(૧) હા, જી.

(૨) સામેલ પરિશિષ્ટ–૧ તથા પરિશિષ્ટ–૨ માં દર્શાવ્યા મુજબ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પરિશિષ્ટ–૧**

| ક્રમ | જિલ્લો | જેટીની સંખ્યા |
|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૭ |
| ૨ | ભાવનગર | ૧ |
| ૩ | અમરેલી | ૨ |
| ૪ | જામનગર | ૩ |
| ૫ | રાજકોટ | ૧ |
| ૬ | પોરબંદર | ૧ |
| ૭ | વલસાડ | ૧ |
| | **કુલ સંખ્યા** | **૧૬** |

**પરિશિષ્ટ–૨**

જિલ્લાવાર જેટીઓ બાંધવાનું આયોજન તથા કાર્યવાહીની પ્રગતિ / તબક્કાની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| જિલ્લો | જેટીની સંખ્યા | કેન્દ્રનું નામ | પ્રગતિના તબક્કા |
|---|---|---|---|
| જૂનાગઢ | ૭ | ૧. વેરાવળ મત્સ્ય બંદર ફેઝ–૨ | સ્થળ પસંદગીની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| | | ૨. માંગરોળ મત્સ્ય બંદર ફેઝ–૩ | ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી વાપ્કોસ લી. દ્વારા શરૂ કરવામાં આવેલ છે. |
| | | ૩. સુત્રાપાડા મત્સ્ય બંદર | જમીન મેળવવાની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવેલ છે. |
| | | ૪. માઢવાડ મત્સ્ય બંદર | ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી વાપ્કોસ લી. દ્વારા શરૂ કરવામાં આવેલ છે. |
| | | ૫. નવાબંદર મત્સ્ય બંદર | ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી વાપ્કોસ લી. દ્વારા શરૂ કરવામાં આવેલ છે. |
| | | ૬. મૂળ દ્વારકા મત્સ્ય ઉતરાણ કેન્દ્ર | પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા વાપ્કોસ લી.ને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| | | ૭. માંગરોળ બારામત્સ્ય ઉતરાણ કેન્દ્ર | નકશા અંદાજો મંજૂર થયેલ છે. પર્યાવરણની મંજૂરી મેળવવા માટે જરૂરી ઈ.આઈ.એ. રીપોર્ટ તૈયાર કરાવવામાં આવનાર છે. |
| ભાવનગર | ૧ | ૧. સરતાનપર મત્સ્ય ઉતરાણ કેન્દ્ર | પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા વાપ્કોસ લી.ને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| અમરેલી | ૨ | ૧. જાફરાબાદ મત્સ્ય બંદર | નકશા અંદાજો મંજૂર થયેલ છે. સી.આર.ઝેડ કલીયરન્સ મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. |
| | | ૨. ચાંચ મત્સ્ય ઉતરાણ કેન્દ્ર | પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા વાપ્કોસ લી.ને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| જામનગર | ૩ | ૧. ઓખા મત્સ્ય બંદર | મત્સ્ય બંદરનું સ્થળ બદલવાનું થતું હોય સ્થળ પસંદગીની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| | | ૨. સલાયા મત્સ્ય ઉતરાણ કેન્દ્ર | નકશા અંદાજો મંજૂર થયેલ છે. પર્યાવરણની મંજૂરી મેળવવા માટે જરૂરી ઈ.આઈ.એ. રીપોર્ટ તૈયાર કરાવવામાં આવનાર છે. |
| | | ૩. સચાણા મત્સ્ય ઉતરાણ કેન્દ્ર | નકશા અંદાજો મંજૂર થયેલ છે. પર્યાવરણની મંજૂરી મેળવવા માટે જરૂરી ઈ.આઈ.એ. રીપોર્ટ તૈયાર કરાવવામાં આવનાર છે. |

| જિલ્લો | જેટીની સંખ્યા | કેન્દ્રનું નામ | પ્રગતિના તબક્કા |
|---|---|---|---|
| રાજકોટ | ૧ | (૧) નવલખી મત્સ્ય ઉતરાણ કેન્દ્ર | પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવા વાપ્કોસ લી.ને કામગીરી સોંપવામાં આવેલ છે. |
| પોરબંદર | ૧ | (૧) પોરબંદર મત્સ્ય બંદર ફેઝ-૨ | સ્થળ પસંદગીની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| વલસાડ | ૧ | (૧) ભદેલી જગાલાલા મત્સ્ય બંદર | પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર થયેલ છે. પર્યાવરણની મંજૂરી માટેની કામગીરી ગુજરાત મેરીટાઇમ બોર્ડના સ્તરે પ્રગતિ હેઠળ છે. |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## શિક્ષણ વિભાગ માટે રાજ્યના બજેટમાં મંજૂર કરેલ રકમ

અતારાંકિતઃ ૨૯૫૨ (૨૩-૪-૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ૨૦૧૩-૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં શિક્ષણ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) માર્ચ-૨૦૧૪ સુધીમાં મંજૂર રકમ પૈકી મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૩-૬-૧૪)

(૧) ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રાજ્યના બજેટમાં શિક્ષણ વિભાગ માટે કુલ રૂ.૧૭૧૨૨.૬૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ રૂ.૧૩૨૫૨.૨૮૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) વિભાગ દ્વારા સમયાંતરે ખાતાના વડાની કચેરીઓ સાથે સમીક્ષા બેઠકો યોજી ખર્ચની સમીક્ષા કરવામાં આવતી હોય છે, અનેતેમાં જે તે કચેરીઓને ફાળવવામાં આવતી જોગવાઇનો મહત્તમ ઉપયોગ થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવતી હોય છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીના કારણે આદર્શ આચાર સંહિતા અમલમાં આવનાર હોવાથી તે પહેલાં મહત્તમ રકમનો ખર્ચ થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવેલ હતી.

-------

## રાજ્યના નાણા વિભાગના બજેટમાં મંજૂર થયેલ રકમ

અતારાંકિતઃ ૨૯૪૧ (૧૯-૪-૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ૨૦૧૩-૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં નાણા વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) માર્ચ-૨૦૧૪ સુધીમાં મંજૂર રકમ પૈકી મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**નાણા મંત્રીશ્રી :** (૫-૬-૧૪)

(૧) ૨૦૧૩-૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં નાણા વિભાગ માટે કુલ રૂ.૨૯૬૩૯ કરોડ રકમ મંજૂર કરવામાં આવી હતી.

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ રૂ.૧૮૪૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

(૩) નાણા વિભાગ દ્વારા થનાર ખર્ચના અંદાજ મુજબ જ અંદાજપત્રમાં જોગવાઈ મંજૂર કરવામાં આવેલ છે, તે મુજબ તબક્કાવાર ત્રિમાસિક ધોરણે ગ્રાન્ટ છૂટી કરવામાં આવેલ છે અને ખર્ચ થયેલ છે. જેથી માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમના ઉપયોગ માટે કોઈ અલગથી આયોજન કરવામાં આવેલ નથી.

-------

**રાજ્યમાં ચેરના વૃક્ષો કાપવાની ફરીયાદો**

અતારાંકિતઃ ૧૦૭૮ (૩૧–૩–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧૫–૫–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાં ચેરના વૃક્ષો કાપવામાં આવ્યા હોય તેવું સરકારના ધ્યાને આવેલ છે કે કોઈ ફરીયાદો મળેલ છે કે કેમ,

(૨) જો હા તો ક્યા ક્યા જિલ્લામાં કેટ કેટલા ચેરના વૃક્ષો કાપવાનું ધ્યાને આવેલ છે કે ફરીયાદો મળેલ છે, અને

(૩) આવા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૫–૬–૧૪)

(૧) હા, જી. આવી ફરીયાદો મળેલ છે.

(૨) ચેરના વૃક્ષો કાપવા બાબતની મળેલ ફરીયાદની જીલ્લાવાર વિભાજન અને ચેર વૃક્ષો કપાણની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | કુલ મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧. | કચ્છ | ૮ |
| ૨. | સુરત | ૨ |
| ૩. | ભરૂચ | ૩ |
| ૪. | રાજકોટ | ૧ |

(૩) જોવા મળેલ ચેરના વૃક્ષોનું કપાણ વન વિસ્તાર સિવાયના વિસ્તારનું છે તેમજ ડાળા ઝાંખરાના કપાણને લગતું છે.

-------

**અમદાવાદમાં નારોલ ખાતે ઝેરી ગેસથી લોકોના મોત**

અતારાંકિતઃ ૨૫૪૪ (૨૫–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદમાં નારોલ ખાતે તા.૧૭–૧–૨૦૧૩ ના રોજ ઝેરી ગેસ ગુંગળામણથી ૩ લોકોના મોત થયાં તે ઘટનાથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ ઝેરી ગેસની ઘટના માટે કોણ જવાબદાર હતા, તેની સામે શી કાનુની કાર્યવાહી થઈ,

(૩) મૃત્યુ પામેલા ૩ વ્યકિતના વારસદારોને કેટલી સહાય આપવામાં આવી, અને

(૪) આવી દુર્ઘટના રોકવા શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :** (૯–૬–૧૪)

(૧) હા.

(૨) અને (૩) **:** બાબત હાઈકોર્ટમાં છે.

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઘટના સ્થળની આસપાસ આવેલ ઓદ્યોગિક એકમોનું સઘન મોનીટરીંગ કરવામાં આવી રહેલ છે.

-------

**રાજયમાં ઉદ્યોગોનાં વિસ્તરણ તથા નવા પ્રોજેકટોનાં એન્વાયરમેન્ટ કિલયરન્સની અરજીઓ બાબત**

અતારાંકિતઃ ૨૬૭૭ (૨૫-૧-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં સંખ્યાબંધ ઉદ્યોગોની વિસ્તરણ માટેની અને નવા પ્રોજેકટનાં અમલીકરણ માટેની ફાઈલોને એન્વાયરમેન્ટ કિલયરન્સ આપવાની કામગીરી ઠપ થઈ છે તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર કેટલા ઉદ્યોગોએ આવી એન્વાયરમેન્ટ કિલયરન્સ માટે કેટલી અરજીઓ કરી, તે પૈકી કેટલાને ક્યારે મંજૂરીઓ આપી, અને

(૩) ઉકત સ્થિતિએ બાકીનાને મંજૂરી ન આપવાના શા કારણો છે, અને તેઓને કયારે મંજૂરી આપવામાં આવશે ?

**વન મંત્રીશ્રી :** (૪-૬-૧૪)

(૧) 'અ' કેટેગરીના ઉદ્યોગોને એન્વાયરમેન્ટ કિલયરન્સ પર્યાવરણ અને વન મંત્રાલય નવી દિલ્હી એ આપવાનું થાય છે. બી કેટેગરીના ઉદ્યોગને એન્વાયરમેન્ટ કિલયરન્સ આપતી ઓથોરીટી પુન: રચના અંગેની દરખાસ્ત ભારત સરકારમાં કરવામાં આવેલ છે. આ ઓથોરીટીની પુનઃ નિયુકિત ન થાય ત્યાં સુધી પર્યાવરણ અને વન મંત્રાલય નવી દિલ્હી પાસેથી એન્વાયરમેન્ટ કિલયરન્સ લેવાનું રહે છે.

(૨) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માટે કુલ-૯૩૪ અરજીઓ મળેલ હતી અને તે પૈકી કુલ-૯૨૮ ઉદ્યોગોના એન્વાયરમેન્ટ કિલયરન્સ તા.૧૪-૯-૨૦૦૬ ના ઈ.આઈ.એ. નોટીફિકેશન એસ.ઓ. ૧૫૩૩(ઈ) માં દર્શાવેલ નિયત સમય મર્યાદામાં નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ હતા જેની જિલ્લાવાર માહિતી નીચે દર્શાવ્યા મુજબની છે અને કુલ-૪ ઉદ્યોગોને એન્વાયરમેન્ટ કિલયરન્સ ના મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | એન્વાયરમેન્ટ કિલયરન્સ માટે મળેલ અરજીઓની સંખ્યા | આપવામાં આવેલ એન્વાયરમેન્ટ કિલયરન્સની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૬૫ | ૨૬૪ |
| ૨ | અમરેલી | ૦૨ | ૦૨ |
| ૩ | આણંદ | ૦૫ | ૦૫ |
| ૪ | બનાસકાંઠા | ૦૨ | ૦૨ |
| ૫ | ભરૂચ | ૭૬ | ૭૬ |
| ૬ | ભાવનગર | ૦૩ | ૦૩ |
| ૭ | ગાંધીનગર | ૬૩ | ૬૩ |
| ૮ | જામનગર | ૧૧ | ૧૧ |
| ૯ | જૂનાગઢ | ૧૮ | ૧૮ |
| ૧૦ | ખેડા | ૦૬ | ૦૬ |
| ૧૧ | કચ્છ | ૨૮ | ૨૮ |
| ૧૨ | મહેસાણા | ૧૧ | ૧૧ |
| ૧૩ | નવસારી | ૧૨ | ૧૨ |
| ૧૪ | પંચમહાલ | ૦૨ | ૦૨ |
| ૧૫ | પોરબંદર | ૦૮ | ૦૮ |
| ૧૬ | રાજકોટ | ૪૮ | ૪૮ |
| ૧૭ | સાબરકાંઠા | ૦૨ | ૦૨ |
| ૧૮ | સુરત | ૩૦૩ | ૩૦૨ |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૦૫ | ૦૫ |
| ૨૦ | વલસાડ | ૦૫ | ૦૫ |
| | **કુલ સંખ્યા** | **૯૩૪** | **૯૨૮** |

(૩) કુલ–૪ ઉદ્યોગોને એન્વાયરમેન્ટ કિલયરન્સ ના મંજૂર કરવામાં આવેલ જેના કારણો નીચે દર્શાવેલ છે.

| ક્રમ | ઉદ્યોગોનું નામ | નામંજૂરીનું કારણ |
|---|---|---|
| ૧ | મેગપાઇ ફાઇનકેમ પ્રા.લી. જી.આઇ.ડી.સી. બામણબોર, જી.સુરેન્દ્રનગર. | બામણબોર એસ્ટેટ મુખ્યત્વે કેમિકલ્સ એસ્ટેટ ન હોવાથી તથા ઉદ્યોગ હવા અને પાણી પ્રદૂષણની ક્ષમતા ધરાવતો હોવાથી. |
| ૨ | જી.આર.આર. એકશપોર્ટ, જી.આઇ.ડી.સી. કેરાલા, જી.અમદાવાદ. | કેરાલા એસ્ટેટ મુખ્યત્વે કેમિકલ્સ એસ્ટેટ ન હોવાથી તથા ઉદ્યોગ હવા અને પાણી પ્રદૂષણની ક્ષમતા ધરાવતો હોવાથી. |
| ૩ | રેકોન ફાર્માકિમ પ્રા.લી., જી.આઇ.ડી.સી. નંદેસરી, જી.વડોદરા. | ઈ.સી.પી. ચેનલની ઉદ્યોગોનું વધારાનું પ્રદૂષિત પાણી ગ્રહણ કરવાની ક્ષમતા ન હોવાથી. |
| ૪ | શ્રી રેણુકા તુના પોર્ટ પ્રા.લી. ગામ તુના, જી.કચ્છ. | ઉદ્યોગ સ્થાપવા માટે મેંગ્રૂવ્સ (ચેર)નું મોટા પ્રમાણમાં નિકંદન કરવું પડે તેમ હોવાથી. |

બાકીના કુલ–૨ ઉદ્યોગોને ગુજરાત રાજ્ય સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ એમ્પેકટ એસેસમેન્ટ ઓથોરીટી(SEI AA) ની મુદત તા.૨૨–૭–૨૦૧૩ ના રોજ પૂરી થયેલ હોવાથી એન્વાયરમેન્ટ કિલયરન્સ આપી શકાયેલ નથી. ગુજરાત રાજ્ય માટેની લેવલ સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ એમ્પેકટ એસેસમેન્ટ ઓથોરીટી (SEI AA) ની પુનઃ નિયુકિત થયેલ હોઈ બાકીના ૨ (બે) ઉદ્યોગોના એન્વાયરમેન્ટ કિલયરન્સ અંગે નિયમોનુસાર યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

–––––––

**રાજ્યના દરીયાકીનારે દરીયાઈ જીવસૃષ્ટિ અને ચેરના વૃક્ષોને થતું નુકશાન**

અતારાંકિતઃ ૨૮૮૦ (૯–૫–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં દરીયાકીનારે બંદરોની આસપાસ કોલસા અને બોકસાઈટના પરિવહનને લીધે દરીયા કીનારે નેશનલ પાર્ક વિસ્તારોમાં અને કાંઠા વિસ્તારોમાં દરીયાઈ જીવસૃષ્ટિ અને ચેરના વૃક્ષોને તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ નુકશાન થઈ રહ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દરીયાઈ જીવસૃષ્ટિ અને ચેરના વૃક્ષોને બચાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો આયોજન કરેલ હોય તો તેની વિગતો શી છે ?

**વન મંત્રીશ્રી :** (૧૩–૭–૧૪)

(૧) ના, જી.

(૨) ઉપર મુજબની હકીકત છે તેમ છતાં સરકારશ્રીની પ્રવર્તમાન યોજનાઓ દ્વારા ચેર તથા દરીયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધનની કામગીરી હાથ ધરવામાં આવે છે.

(૩) સરકારશ્રીની પ્રવર્તમાન યોજનાઓ અનુસાર ચેર તેમજ દરીયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ અને સંવર્ધન માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં નીચેની મુખ્ય બાબતોનો સમાવેશ થાય છે.

(૧) રાજ્યમાં લગભગ ૬૨૦ ચો.કી.મી વિસ્તારને મરીન અભયારણ્ય તેમજ રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરીને વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ સંરક્ષણ આપવામાં આવેલ છે. મરીન નેશનલ પાર્ક/રાષ્ટ્રીય ઉદ્યાન ફરતે કુલ ૪૫૭.૯૨ ચો.કી.મી. વિસ્તારને ઈકો સેન્સેટીવ ઝોન જાહેર કરવામાં આવેલ છે. જેને એન્વાયરમેન્ટ પ્રોટેકશન એકટ, ૧૯૮૬ હેઠળ જરૂરી સંરક્ષણ આપવામાં આવે છે.

(૨) રાજ્યમાં ચેરને સફળ સંરક્ષણ કરવામાં આવી રહેલ છે.

(૩) લોક જાગૃતિના કામો કરવામાં આવે છે.

(૪) વિદ્યાર્થીઓ માટે મરીન નેશનલ પાર્કમાં પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે.

–––––––

**વર્ષ ૨૦૧૩–૧૪ ના રાજ્યના બજેટમાં મંજૂર અને ખર્ચ કરવામાં આવેલ રકમ**

અતારાંકિતઃ ૨૯૪૯ (૯–૫–૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સન ૨૦૧૩–૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) ઉકત મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડીસેમ્બર–૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી :** (૧૨–૬–૧૪)

(૧) રૂપિયા ૯૩૮૧૦.૬૦ લાખ.

(૨) રૂપિયા ૫૫૩૪૭.૦૨ લાખ.

(૩) માર્ચ–૨૦૧૪નું વર્ષ પુરૂં થઈ ગયેલ હોય હવે રકમનો ઉપયોગ કરવા માટે આયોજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. રૂપિયા ૯૦૨૭૮.૫૮ લાખનો ખર્ચ થયેલ છે.

–––––––

**માઢવાડ બંદરેથી મૃત મળી આવેલ રક્ષિત વ્હેલ શાર્ક**

અતારાંકિતઃ ૨૯૭૩ (૯–૫–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) કોડીનારના માઢવાડ બંદરે એપ્રિલ–૨૦૧૩ માં મૃત્યુ પામેલ રક્ષિત વ્હેલ શાર્કના મળી આવેલ મૃતદેહમાંથી લીવર કાઢી લેવાયું હોવાનું વન ખાતાના પોસ્ટ મોર્ટમ રીપોર્ટમાં જણાવાયું હતું તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહિત ઘટનામાં આરોપીઓ કોણ કોણ હતા, અને

(૩) આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**વન મંત્રીશ્રી :** (૫–૦૬–૧૪)

(૧) હા, જી. સદર વ્હેલ શાર્કના મૃતદેહમાંથી લીવર મળેલ નહીં.

(૨) આ વ્હેલ શાર્કનો મૃતદેહ માઢવાડ બંદરના કિનારાથી ૭૦૦ મીટર અંદર દરીયાના પાણીમાંથી મળી આવેલ, બાદ ખલાસીઓની બોટ તથા બે મોટી હોડીઓની મદદથી મૃત વ્હેલ શાર્કને દરીયા કીનારે લાવી તપાસતાં વ્હેલ શાર્કના શરીરના નીચેના ભાગે બે મોટા ચીરાઓ જોવા મળેલ અને વ્હેલ શાર્કના મૃતદેહમાં લીવર જોવા મળેલ નથી. આ બનાવ દરીયાની અંદર બનેલ હોય આ વ્હેલ શાર્ક કયા વિસ્તારમાં મૃત્યુ પામેલ છે તે જાણી શકાયેલ નથી. જેથી કોઈ ગુન્હેગાર /આરોપી નક્કી થયેલ નથી.

(૩) કોઈ ગુન્હેગાર/આરોપી નક્કી થઈ શકેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**તાલાલા તાલુકાના ખેતરના ખુલ્લા કુવામાં સિંહ પડી જતાં કરવામાં આવેલ કાનૂની કાર્યવાહી**

અતારાંકિતઃ ૨૯૭૪ (૯–૫–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા
કરશે કે.–

(૧) જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાની બોરચાવની સીમમાં આવેલા ૨૫ ફૂટ ઉંડા એક ખેતરના ખુલ્લા કુવા ખાતે તા.૧૦–૧૧ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ એક સિંહ પડી જતાં વન વિભાગે તેને સહી સલામત બહાર કાઢ્યો હતો, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વાડીમાં ખુલ્લા કુવા રાખનાર ઉકત ઘટનાના આરોપી કોણ છે તથા તેની સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૩) તાલાલા તાલુકામાં તા.૩૧ ડીસેમ્બર, ૨૦૧૩ ની સ્થિતિએ કેટલા ખુલ્લા કુવા આવેલા છે અને તમામ ખુલ્લા કુવાઓને પેરાપેટ દિવાલોથી સુરક્ષિત કરવા વન વિભાગે શું આયોજન હાથ ધર્યુ છે ?

**વન મંત્રીશ્રી :** (૫-૦૬-૧૪)

(૧) હા, જી.

(૨) બનાવ અકસ્માતને લીધે થયેલ હોવાથી કોઈ આરોપી નથી. ખુલ્લા કુવાને સુરક્ષિત કરવા માટે પારાપેટ વોલ બાંધકામ યોજનાનો લાભ લેવા સંબંધિતને સમજણ આપવામાં આવે છે.

(૩) ૩૪૦૮ ખુલ્લા કુવા આવેલ છે. આ તમામ ખુલ્લા કુવાઓને પારાપેટ દિવાલોથી સુરક્ષિત કરવા માટે સરકારશ્રીના વખતોવખતના ઠરાવની જોગવાઈઓ અનુસાર એમ.ઓ.યુ. કરવામાં આવે છે. વર્ષવાર થતી નાણાકીય જોગવાઈને આધીન ખુલ્લા કુવાઓને સુરક્ષિત કરવાની કામગીરી સતત કરવામાં આવે છે.

-------

**પોરબંદર જિલ્લાના જળાશયો તથા ખાસ પક્ષી અભયારણ્યમાં યાયાવર પક્ષીનો શિકાર**

અતારાંકિતઃ ૨૯૭૮ (૫-૫-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) પોરબંદર નજીક કર્લી જળાશય ૧,૨,૩,૪ પાસે ટોબરા ડેમ તથા જુંઘા બેટ વિસ્તાર તેમજ પોરબંદર જિલ્લાના છાયા, રતનતપર, ઓડદર, મોકર, ટુકડા, ગોસા, કેશોદ (લૂંશાળા), રાજપર, (નવાગામ) નજીકના કરલી જળાશય યોજના તથા મોકર કેશોદ પાસે આવેલ પક્ષી અભયારણ્યમાં તા.૧૫ જાન્યુઆરી, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ મહીનાથી વિદેશથી આવતા યાયાવર પક્ષીઓનો બેરોકટોક શિકાર ચાલી રહયા છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) ઉકત સ્થિતિએ ગેરકાયદે શિકાર કરતા કેટલા ઈસમોને પકડી પાડવામાં આવ્યા તથા તેની સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૩) ઉપરોકત જળાશયો તથા ખાસ પક્ષી અભયારણ્યમાં યાયાવર પક્ષીનો શિકાર અટકાવવા તથા તેને સંરક્ષણ આપવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**વન મંત્રીશ્રી :** (૫-૦૬-૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપરોકત જળાશયો તથા ખાસ પક્ષી અભયારણ્યમાં યાયાવર પક્ષીનો શિકાર અટકાવવા તથા તેને સંરક્ષણ આપવા પોરબંદર વન વિભાગ, પોરબંદર તાંબાના સ્ટાફ દ્વારા સતત ફેરણું કરી દેખરેખ રાખવામાં આવે છે. વધુમાં શિયાળાની સીઝન (નવેમ્બરથી માર્ચ) દરમ્યાન જળપ્લાવિત વિસ્તારો કે જેમાં યાયાવર પક્ષીઓ વધારે પ્રમાણમાં આવે છે તે વિસ્તારોમાં શિકારની કોઈ પ્રવૃત્તિ ન બને તે માટે ખાસ તકેદારી રાખવામાં આવે છે.

-------

**રાજ્યમાં ભયજનક હાલતમાં મૂકાયેલા વન્ય પ્રાણી-પક્ષીઓનું સંરક્ષણ**

અતારાંકિતઃ ૨૯૭૯ (૨-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં રક્ષિત ન હોય તેવા તેવા કયા કયા વન્ય પ્રાણી-પક્ષી ડીસેમ્બર-૨૦૧૩ ની સ્થિતિએ ભયજનક હાલતમાં મૂકાયાં છે,

(૨) ઉકત કેટેગરીમાં મૂકાયેલા વન્ય પ્રાણી-પક્ષીઓને વન્યજીવન સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ ના શિડયુલમાં મૂકી સંરક્ષિત કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને શી દરખાસ્તો કરી છે,

(૩) આ અંગે કેન્દ્ર સરકાર તરફથી શાં પ્રત્યુત્તર મળ્યા, અને

(૪) ભયજનક હાલતમાં મૂકાયેલા પ્રાણી-પક્ષીઓને સંરક્ષણ આપવા ગુજરાત વન વિભાગ દ્વારા શા કાર્યક્રમો થયા છે?

**વન મંત્રીશ્રી :** (૨૦-૬-૧૪)

(૧) રાજ્યમાં રક્ષિત ન હોય તેવા કોઈ વન્ય પ્રાણી-પક્ષી ડીસેમ્બર-૨૦૧૩ ની સ્થિતિએ ભયજનક હાલતમાં મૂકાયેલ હોવાનું જાણવા મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ભયજનક હાલતમાં મુકાયેલ અને ભયજનક હાલતની શકયતાવાળા વન્યપ્રાણીઓને સંરક્ષણ આપવા વન વિભાગ દ્વારા નીચે મુજબના કાર્યક્રમો કરવામાં આવે છે.

૧. લોકોમાં જાણકારી અને જાગૃતતા લાવવાની.

૨. લોકોને વન્યજીવ સંરક્ષણથી સાંકળવાના.

૩. વન મહેકમને તાલીમ તેમજ આધુનિક સાધનો પુરા પડાવાના.

૪. વન્યજીવ સંરક્ષણ ધારાની અમલવારી અન્વયેના.

૫. સંબંધિત મહેકમ દ્વારા નિયમિત ફેરણા તેમજ તપાસની કામગીરી.

૬. રાજ્ય કક્ષાના વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ દ્વારા કાર્યવાહી.

૭. સંબંધિત અન્ય વિભાગો સાથે સંકલન વધારવાની કામગીરી.

-------

**રાજ્યમાં હાથ ધરાયેલ અર્બન હેલ્થ પ્રોજેકટો**

અતારાંકિતઃ ૨૮૬૬ (૧૯-૪-૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા અર્બન હેલ્થ પ્રોજેકટો હાથ ધરવામાં આવ્યા,

(૨) ઉકત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ અર્બન હેલ્થ પ્રોજેકટ માટે મળી, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને જો રકમ પૂરી ન વપરાઈ હોય તો તેના કારણો શા છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૩-૬-૧૪)

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં એક ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. જેની નીચે કુલ ૧૯૮ અર્બન હેલ્થ સેન્ટર તથા ૫૭૫ સબ સેન્ટર મંજૂર કરવામાં આવ્યા. વર્ષવાર અને જિલ્લાવાર માહિતી સામેલ પત્રક-અ અને પત્રક-બ મુજબ છે.

**પ ત્ર ક - અ**

| ક્રમ | વર્ષ | જિલ્લો | મંજૂર થયેલ અર્બન હેલ્થ સેન્ટર | મંજૂર થયેલ અર્બન સબ સેન્ટર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | - | - | - |
| ૨ | ૨૦૦૯-૧૦ | - | - | - |
| ૩ | ૨૦૧૦-૧૧ | - | - | - |
| ૪ | ૨૦૧૧-૧૨ | અમદાવાદ | ૩ | ૨ |
| | | ખેડા | ૬ | ૧૩ |
| | | આણંદ | ૭ | ૧૧ |
| | | સુરેન્દ્રનગર | ૬ | ૩ |
| | | ગાંધીનગર | ૫ | ૭ |
| | | મહેસાણા | ૬ | ૧૯ |
| | | પાટણ | ૨ | ૧૨ |
| | | સાબરકાંઠા | ૬ | ૧૩ |
| | | બનાસકાંઠા | ૩ | ૭ |
| | | વડોદરા | ૩ | ૮ |
| | | ભરૂચ | ૪ | ૧૦ |
| | | પંચમહાલ | ૩ | ૩ |
| | | દાહોદ | ૨ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | નર્મદા | ૧ | ૨ |
| | | સુરત | ૨ | ૫ |
| | | તાપી | ૧ | ૨ |
| | | નવસારી | ૩ | ૧૩ |
| | | વલસાડ | ૨ | ૧૪ |
| | | રાજકોટ | ૭ | ૧૬ |
| | | જામનગર | ૪ | ૬ |
| | | કચ્છ | ૪ | ૦ |
| | | પોરબંદર | ૩ | ૪ |
| | | ભાવનગર | ૬ | ૧૩ |
| | | અમરેલી | ૪ | ૯ |
| | | જૂનાગઢ | ૭ | ૮ |
| | | **કુલ** | **૧૦૦** | **૨૦૦** |

**પ ત્ર ક – બ**

| **ક્રમ** | **વર્ષ** | **જિલ્લો** | **મંજૂર થયેલ અર્બન હેલ્થ સેન્ટર** | **મંજૂર થયેલ અર્બન સબ સેન્ટર** |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | અમદાવાદ | ૪ | ૧૭ |
| ૨ | | ખેડા | ૮ | ૨૩ |
| ૩ | | આણંદ | ૮ | ૨૯ |
| ૪ | | સુરેન્દ્રનગર | ૪ | ૩૧ |
| | | ગાંધીનગર | ૦ | ૮ |
| | | મહેસાણા | ૩ | ૧૨ |
| | | પાટણ | ૪ | ૭ |
| | | સાબરકાંઠા | ૨ | ૬ |
| | | બનાસકાંઠા | ૫ | ૧૫ |
| | | વડોદરા | ૨ | ૫ |
| | | ભરૂચ | ૨ | ૧૨ |
| | | પંચમહાલ | ૫ | ૧૭ |
| | | દાહોદ | ૨ | ૧૦ |
| | | નર્મદા | ૦ | ૧ |
| | | સુરત | ૨ | ૩ |
| | | તાપી | ૧ | ૩ |
| | | નવસારી | ૩ | ૯ |
| | | વલસાડ | ૫ | ૮ |
| | | રાજકોટ | ૭ | ૩૨ |
| | | જામનગર | ૬ | ૧૬ |
| | | કચ્છ | ૫ | ૩૨ |
| | | પોરબંદર | ૩ | ૧૫ |
| | | ભાવનગર | ૪ | ૧૬ |
| | | અમરેલી | ૬ | ૧૮ |
| | | જૂનાગઢ | ૭ | ૩૦ |
| | | **કુલ** | **૯૮** | **૩૭૫** |

(૨) કેન્દ્ર સરકાર તરફથી કોઈ રકમ મળેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## રાજ્યમાં હિમોફીલીયાના દર્દીઓની સંખ્યા

અતારાંકિતઃ ૨૯૦૨ (૧૭–૪–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર હિમોફીલીયાના કેટલા દર્દીઓ છે,

(૨) હિમોફીલીયાના દર્દીઓને તાજુ લોહી તથા લોહીના ઘટકો આપવાની શી વ્યવસ્થા છે, અને

(૩) લોહી કે લોહીના ઘટકો આપવાની–પુરૂં પાડવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૪–૬–૧૪)

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર હિમોફીલીયાના દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૨૯ |
| ૨ | મહેસાણા | ૪૮ |
| ૩ | પાટણ | ૧૦ |
| ૪ | સુરત | ૧૨૮ |
| ૫ | વલસાડ | ૨૫ |
| ૬ | નવસારી | ૭ |
| ૭ | નર્મદા | ૨ |
| ૮ | વડોદરા | ૧૩૦ |
| ૯ | ભાવનગર | ૯૮ |
| ૧૦ | જૂનાગઢ | ૪૯ |
| ૧૧ | રાજકોટ | ૧૪૦ |
| ૧૨ | કચ્છ–ભૂજ | ૬ |
| ૧૩ | જામનગર | ૪૧ |

(૨) હિમોફીલીયાના દર્દીઓને –

૧. કાયોપ્રેસીપીટેટ (Cryoprecipitate)

૨. ફ્રેશ ફ્રોઝન પ્લાઝમાં (FFP)

૩. હોલ બ્લડ (whole blood)

૪. રીકોમ્બીનેન્ટ ફેક્ટર–૮ (Recombinant Factor VIII) સારવારના ભાગ રૂપે આપવામાં આવે છે. હિમોફીલીયાના દર્દીઓને તાજુ લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરીયાત હોય તો તે આપવામાં આવે છે. અને આવી સુવિધા જે તે હોસ્પીટલ ખાતે ઉપલબ્ધ ન હોય તો અન્યત્ર નજીકની સરકારી હોસ્પીટલમાં રીફર કરવામાં આવે છે.

(૩) હિમોફીલીયાના દર્દીઓને જ્યારે જ્યારે લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂર પડે ત્યારે વિના મૂલ્યે મળી રહે તે માટેની જવાબદારી સંબંધિત બ્લડબેંકને સોંપવામાં આવે છે.

–––––––

**રાજ્યમાં ફ્રી મેડીસીન સ્કીમ (મફત દવા યોજના) નો અમલ કરવા બાબત**

અતારાંકિતઃ ૨૯૦૬ (૧૯–૪–૧૪) **ડાં. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ભારત સરકાર પુરસ્કૃત ફ્રી મેડીસીન, સ્કીમ (મફત દવા યોજના) અન્વયે રાજ્યના કયા પ્રકારના દર્દીઓને શા લાભો પૂરા પાડવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ રાજ્યના કયા કયા તાલુકાઓમાં આ યોજના લાગુ કરવામાં આવી છે, અને

(૩) જો આ યોજના લાગુ કરવામાં ન આવી હોય તો તેના કારણો શા છે, અને બાકીના જિલ્લાઓમાં ક્યાં સુધીમાં આ યોજના લાગુ કરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૪–૬–૧૪)

(૧) ભારત સરકાર તરફથી આવી કોઈ યોજના રાજ્યમાં અમલમાં નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

–––––––

**ભાવનગર જિલ્લાની મહુવા હોસ્પીટલમાં મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૨૯૨૮ (૨–૬–૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૨૮–૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લાનાં મહુવાની જનરલ હોસ્પીટલ સંવર્ગવાર કુલ કેટલું મહેકમ છે,

(૨) તે પૈકી કઈ જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શાં છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૫–૬–૧૪)

(૧) તા.૨૮–૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવાની જનરલ હોસ્પીટલમાં સંવર્ગવાર કુલ મહેકમ *પત્રક–૧ અને ૨ મુજબ છે.

(૨) આ સાથે સામેલ પત્રક–૩ મુજબ.

(૩) આ હોસ્પીટલનું મહેકમ વિભાગના તા.૨૬–૨–૨૦૧૪ ના ઠરાવથી મંજૂર થયેલ છે તે જગ્યાઓ ભરવાનું આયોજન હોવાથી ખાલી છે.

(૪) સરકારશ્રી દ્વારા રાજ્યની ડીસ્ટ્રીકટ કે સબ ડીસ્ટ્રીકટ કક્ષાની હોસ્પીટલમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ યોગ્ય ઓથોરીટી દ્વારા ભરતી કરવાની કાર્યવાહી હાથ ધરવા સમયે ધ્યાને લેવાશે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

–––––––

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્યના બજેટમાં મંજૂર થયેલ રકમ**

અતારાંકિતઃ ૨૯૩૪ (૧૯–૪–૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ૨૦૧૩-૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) માર્ચ-૨૦૧૪ સુધીમાં મંજૂર રકમ પૈકી મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૬-૬-૧૪)

(૧) રૂ.૫૨૩૭.૦૦ કરોડ.

(૨) રૂ.૩૩૯૨.૦૭ કરોડ.

(૩) વર્ષ ૨૦૧૩-૧૪ પુરુ થઈ ગયું છે. કુલ ખર્ચ ૪૮૪૪.૫૬ કરોડ થયેલ છે.

-------

## વિરમગામ તાલુકામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સો

અતારાંકિતઃ ૨૯૭૧ (૨-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય)** : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ જિલ્લામાં વિરમગામ તાલુકામાં તા.૩૧ ડીસેમ્બર-૧૩ ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સો કાર્યરત છે,

(૨) કેટલી વધુ ૧૦૮ એમ્બ્યુલન્સોની કયા વિસ્તારમાં જરૂર છે, અને

(૩) તે ક્યાં સુધીમાં ફાળવવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૫-૬-૧૪)

(૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ એક (૧) ૧૦૮ એમ્બ્યુલન્સ કાર્યરત છે.

(૨) અને (૩) **:** અંતરીયાળ વિસ્તારોમાં કે જયાંથી હોસ્પીટલો દૂર હોય તેવા વિસ્તારોમાં ઇમરજન્સી કેસોની સમીક્ષાના પ્રમાણમાં એક ૧૦૮ એમ્બ્યુલન્સ પર્યાપ્ત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## જસ્ટીસશ્રી કમલ મહેતા તપાસપંચનો રીપોર્ટ ગુજરાત વિધાનસભા સમક્ષ મૂકવા બાબત

અતારાંકિતઃ ૨૯૬૦ (૫-૫-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ગુજરાત રાજયમાં લઠ્ઠાકાંડની તપાસ માટે નિમાયેલ જસ્ટીસ શ્રી કમલ મહેતા તપાસપંચનો અહેવાલ ગુજરાત વિધાનસભામાં મૂકવા ગુજરાત હાઈકોર્ટે નવેમ્બર-૨૦૧૩ માં આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ આદેશનો અમલ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) **:** (૧૨-૬-૧૪)

(૧) હા, જી.

(૨) જસ્ટીસશ્રી કમલ મહેતા તપાસપંચનો અહેવાલ તા.૩૦-૩-૨૦૧૨ ના રોજ વિધાનસભા ગૃહના મેજ પર મૂકાયેલ છે.

-------

**રાજ્યમાં જિલ્લા–તાલુકાઓમાં એન્કાઉન્ટર**

અતારાંકિતઃ ૩૧૨૨ (૧૮–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ચાર વર્ષ દરમ્યાન કયા જિલ્લા / તાલુકામાં કેટલા, કોના અને ક્યારે ક્યારે એન્કાઉન્ટર થયા,

(૨) એન્કાઉન્ટર થયેલ વ્યક્તિઓને કયા ગુન્હા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી,

(૩) આ એન્કાઉન્ટર કરવા પાછળના સ્પષ્ટ કારણો શા હતા અને

(૪) આ એન્કાઉન્ટર કઈ તારીખે કરવામાં આવેલ હતા?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ):** (૧૦–૭–૧૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ચાર વર્ષમાં રાજકોટ શહેર, માલવીયાનગર પો.સ્ટે.માં સને ૨૦૧૧માં હિતેસ ઉર્ફે રામલો શાંતીલાલ માનસતા, રહે. રાજકોટ શહેર વાળાનું મોત થયેલ હતું

(૨) મરણ જનાર રાજકોટ શહેર ભક્તિ નગર પો.સ્ટે.ગુ.ર. નં. ૧૦૩/૧૦ આઈપીસી કલમ ૩૦૨ વિગેરેના કામે તથા સાયલા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૬૨/૨૦૦૦ આઈપીસી કલમ ૩૦૨ના કામે જ્યુડીસીયલ કસ્ટડી રાજકોટ જેલમાં હતો. જેને ૧૭–૮–૧૧ના રોજ સાયલા પો.સ્ટે.ના ગુનાના કામે લીમડી કોર્ટમાં મુદતે રજુ કરેલ અને પરત કેદી પાર્ટી સાથે આવતા એસટી બસ સ્ટેન્ડ રાજકોટમાં શુભમ શૌચાલય પાસે કેદી પાર્ટીના માણસોને ધક્કો મારી નાસી ગયેલ હતો.

(૩) આ કામે ફરીયાદી તથા સાહેદ ગુન્હેગારની તપાસ માટે ગયેલ ત્યારે મરણ જનારે ફરીયાદી તથા સાહેદ ઉપર જીવલેણ હુમલો કરતા ફરીયાદીએ સ્વબચાવમાં તથા સાથી ક્રર્મચારીના બચાવ માટે લાયસન્સવાળી રીવોલ્વરથી ફાયરીંગ કરતા મરણ ગયેલ છે.

(૪) આ એન્કાઉન્ટર તા. ૧૮–૦૯–૨૦૧૧ની તારીખે કરવામાં આવેલ હતું.

---------

**રાજકોટ, સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં ઘરવિહોણા અગરીયાઓને મકાનો આપવા માટેની યોજના**

અતારાંકિતઃ ૨૯૬૭ (૧૯–૪–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજકોટ, સુરેન્દ્રનગર અને પાટણ જિલ્લામાં ડીસેમ્બર–૨૦૧૩ ની સ્થિતિએ કેટલા અગરીયાઓ ઘરવિહોણા છે.

(૨) તમામ ઘરવિહોણા અગરીયાઓને મકાનો આપવા માટે શી યોજના છે, અને

(૩) કયાં સુધીમાં તમામ ઘરવિહોણા અગરીયાઓને મકાન પૂરા પાડવામાં આવનાર છે ?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી :** (૬–૬–૧૪)

(૧) રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારનો કોઈ સર્વે કરવામાં આવેલ નથી.

(૨) હાલમાં કોઈ યોજના અમલમાં નથી.

(૩) હાલમાં કોઈ યોજના અમલમાં નથી.

-------

**રાજ્યમાં જિલ્લાવાર નોંધાયેલ બેરોજગારો**

અતારાંકિતઃ ૨૮૯૦ (૧૯–૪–૧૪) **ડાં. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા બેરોજગારો નોંધાયેલ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૬-૬-૧૪)

(૧) સામેલ **પત્રક** મુજબ.

**૫ ત્ર ક**

| ક્રમ | જિલ્લાનું નામ/કચેરીનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા (તા.૩૧-૧૨-૨૦૧૩ અંતિત) |
|---|---|---|
| ૧ | અમદાવાદ જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, અમદાવાદ | ૬૦૫૮૫ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, અમદાવાદ (અમદાવાદ અને ગાંધીનગર એમ બે જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૧૩૪૮ |
| | મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી, અમદાવાદ | ૨૯૧૩૩ |
| ૨ | વડોદરા જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, વડોદરા | ૪૪૬૭૯ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વડોદરા (વડોદરા જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૬૮૫૮ |
| | નગર રોજગાર કચેરી, છોટાઉદેપુર, જી.વડોદરા (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૧૨૦૨૦ |
| ૩ | ભરૂચ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ | ૨૧૨૫૦ |
| ૪ | નર્મદા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, રાજપીપળા, જી.નર્મદા | ૭૬૯૦ |
| ૫ | ભૂજ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, કચ્છ-ભૂજ. | ૧૮૧૪૬ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભૂજ (ભૂજ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૭૫૩ |
| ૬ | ભાવનગર જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, ભાવનગર | ૨૯૯૦૧ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, ભાવનગર (ભાવનગર, અમરેલી અને સુરેન્દ્રનગર એમ ૩ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૭૯૫૯ |
| ૭ | ડાંગ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ડાંગ | ૪૯૯૨ |
| ૮ | પંચમહાલ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ગોધરા, જી.પંચમહાલ | ૨૩૯૩૨ |
| ૯ | દાહોદ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, દાહોદ | ૧૫૧૨૪ |
| ૧૦ | સાબરકાંઠા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, હિંમતનગર | ૩૧૧૯૪ |
| | નગર રોજગાર કચેરી, ખેડબ્રહ્મા (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૭૫૩૦ |
| ૧૧ | જામનગર જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, જામનગર | ૧૭૭૪૫ |
| | મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરી, જામનગર | ૬૫૦૪ |
| ૧૨ | જૂનાગઢ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ | ૪૧૭૦૦ |
| ૧૩ | પોરબંદર જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, પોરબંદર | ૯૫૮૪ |

| **ક્રમ** | **જિલ્લાનું નામ/કચેરીનું નામ** | **નોંધાયેલ બેરોજગારોની સંખ્યા (તા.૩૧-૧૨-૨૦૧૩ અંતિત)** |
|---|---|---|
| ૧૪ | મહેસાણા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા | ૩૮૧૧૧ |
| ૧૫ | પાટણ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, પાટણ | ૧૫૨૨૬ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, પાટણ (પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા એમ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૨૮૯૧ |
| ૧૬ | ખેડા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, નડીયાદ | ૩૧૭૦૬ |
| ૧૭ | આણંદ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, આણંદ | ૨૯૩૨૩ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, વલ્લભવિદ્યાનગર (આણંદ, ખેડા, પંચમહાલ અને દાહોદ એમ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૭૦૬૬ |
| ૧૮ | બનાસકાંઠા જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, પાલનપુર | ૨૬૧૧૪ |
| ૧૯ | રાજકોટ જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, રાજકોટ | ૩૭૯૪૦ |
| | યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, રાજકોટ (રાજકોટ, જામનગર, જૂનાગઢ અને પોરબંદર એમ કુલ ૪ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૧૧૪૫ |
| ૨૦ | સુરત જિલ્લો | |
| | મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, સુરત | ૩૦૩૬૨ |
| | યુનિવસિર્ટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરત (સુરત, ભરૂચ, નર્મદા, આહવા-ડાંગ, વલસાડ, નવસારી અને તાપી એમ કુલ-૭ જિલ્લાના ઉમેદવારોનો સમાવેશ થાય છે.) | ૧૨૮૨૦ |
| | નગર રોજગાર કચેરી, માંડવી (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૬૭૩૩ |
| ૨૧ | સુરેન્દ્રનગર જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, સુરેન્દ્રનગર | ૧૭૮૭૦ |
| ૨૨ | અમરેલી જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, અમરેલી | ૧૯૦૧૪ |
| ૨૩ | વલસાડ જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, વલસાડ | ૮૧૨૧ |
| | નગર રોજગાર કચેરી, ધરમપુર (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૧૦૩૪૮ |
| ૨૪ | નવસારી જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, નવસારી | ૨૦૩૫૧ |
| ૨૫ | ગાંધીનગર જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર | ૨૧૯૪૪ |
| ૨૬ | તાપી જિલ્લો | |
| | જિલ્લા રોજગાર કચેરી, વ્યારા-તાપી | ૧૮૯૭ |
| | નગર રોજગાર કચેરી, સોનગઢ (માત્ર આદિજાતિના ઉમેદવારો) | ૯૭૩૭ |
| | **કુલ સરવાળો** | **૭૭૮૩૪૬** |

-------

## રાજ્યના ગામોને નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવા બાબત

અતારાંકિતઃ ૨૮૫૦ (૧૫–૬–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામોને નર્મદાનું પીવાનું પાણી પહોંચતું કરવાનું આયોજન છે,

(૨) તે પૈકી જીલ્લાવાર કેટલા ગામોમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવેલ છે,

(૩) કેટલા ગામોમાં પીવાનું પાણી પહોંચતું કરવાનું બાકી છે,

(૪) બાકી ગામોમાં કયાં સુધીમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવશે, અને

(૫) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૧૦–૬–૧૪)

(૧), (૨), (૩) અને (૪) : પરિશિષ્ટ–૧ મુજબ.

**પરિશિષ્ટ–૧**

| અ.નં. | જિલ્લો | તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ | | | |
|---|---|---|---|---|---|
| | | નર્મદાનું પાણી પહોંચાડવાનું આયોજન ગામો સંખ્યા | નર્મદાનું પાણી પહોંચાડવામાં આવતા ગામો સંખ્યા | નર્મદાનું પાણી પહોંચાડવાનું બાકી રહેતા ગામો સંખ્યા | નર્મદાનું પાણી બાકી રહેતા ગામોને પહોંચાડવાનું આયોજન |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમરેલી | ૬૧૫ | ૫૦૨ | ૧૧૩ | ક્રમશઃ માહે ૬/૨૦૧૫ સુધીમાં |
| ૨ | ભાવનગર | ૭૯૦ | ૭૯૦ | ૦ | –– |
| ૩ | જૂનાગઢ | ૯૨૩ | ૪૪૮ | ૪૭૫ | ક્રમશઃ માહે ૩/૨૦૧૭ સુધીમાં |
| ૪ | પોરબંદર | ૧૮૨ | ૧૩૦ | ૫૨ | ક્રમશઃ માહે ૩/૨૦૧૭ સુધીમાં |
| ૫ | રાજકોટ | ૮૪૪ | ૬૬૮ | ૧૭૬ | ક્રમશઃ માહે ૩/૨૦૧૭ સુધીમાં |
| ૬ | જામનગર | ૬૯૮ | ૬૬૮ | ૩૦ | ક્રમશઃ માહે ૩/૨૦૧૭ સુધીમાં |
| ૭ | કચ્છ | ૮૮૬ | ૮૨૧ | ૬૫ | ક્રમશઃ માહે ૧૨/૨૦૧૪ સુધીમાં |
| ૮ | સુરેન્દ્રનગર | ૬૫૦ | ૬૦૮ | ૪૨ | ક્રમશઃ માહે ૧૨/૨૦૧૪ સુધીમાં |
| ૯ | અમદાવાદ | ૫૪૬ | ૫૨૪ | ૨૨ | ક્રમશઃ માહે ૩/૨૦૧૭ સુધીમાં |
| ૧૦ | ગાંધીનગર | ૨૯૧ | ૨૯૧ | ૦ | –– |
| ૧૧ | મહેસાણા | ૪૬૪ | ૪૬૪ | ૦ | –– |
| ૧૨ | પાટણ | ૪૨૧ | ૪૨૧ | ૦ | –– |
| ૧૩ | બનાસકાંઠા | ૮૧૬ | ૭૧૮ | ૯૮ | ક્રમશઃ માહે ૧૨/૨૦૧૪ |

| અ.નં. | જિલ્લો | તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ | | | |
|---|---|---|---|---|---|
| | | **નર્મદાનું પાણી પહોંચાડવાનું આયોજન ગામો સંખ્યા** | **નર્મદાનું પાણી પહોંચાડવામાં આવતા ગામો સંખ્યા** | **નર્મદાનું પાણી પહોંચાડવાનું બાકી રહેતા ગામો સંખ્યા** | **નર્મદાનું પાણી બાકી રહેતા ગામોને પહોંચાડવાનું આયોજન** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | સુધીમાં |
| ૧૪ | સાબરકાંઠા | ૯૫૬ | ૨૭૧ | ૬૮૫ | ક્રમશઃ માહે ૧૨/૨૦૧૪ સુધીમાં |
| ૧૫ | પંચમહાલ | ૪૦૮ | ૨૨૬ | ૧૮૨ | ક્રમશઃ માહે ૧/૨૦૧૫ સુધીમાં |
| ૧૬ | નર્મદા | ૭૮ | ૭૮ | ૦ | -- |
| ૧૭ | ખેડા | ૬૫ | ૬૫ | ૦ | -- |
| | **કુલ** | **૯૬૩૩** | **૭૬૯૩** | **૧૯૪૦** | |

(૫) પરિશિષ્ટ-૨ મુજબ.

**પરિશિષ્ટ-૨**

| અ.નં. | જિલ્લો | છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર થયેલ ખર્ચ રૂ.કરોડ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | **કુલ** |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** |
| ૧ | અમરેલી | ૨.૭૫ | ૩.૦૨ | ૪.૬૯ | ૧.૩૨ | ૪.૦૨ | ૧૫.૮૦ |
| ૨ | ભાવનગર | ૧.૩૫ | ૩.૭૮ | ૨.૨૦ | ૩.૦૮ | ૦.૬૫ | ૧૧.૦૬ |
| ૩ | જૂનાગઢ | ૪.૩૦ | ૩૨.૧૫ | ૩૨.૪૫ | ૨૨.૬૧ | ૧૫.૯૩ | ૧૦૭.૪૪ |
| ૪ | પોરબંદર | ૧૦.૧૨ | ૪.૯૧ | ૨.૨૬ | ૨.૮૭ | ૦.૦૫ | ૨૦.૨૧ |
| ૫ | રાજકોટ | ૬૨.૩૪ | ૪૮.૨૧ | ૨૭.૩૬ | ૧૩.૦૫ | ૮.૨૬ | ૧૫૯.૨૨ |
| ૬ | જામનગર | ૧૪.૮૩ | ૧૯.૯૪ | ૨.૮૬ | ૮.૫૨ | ૦.૨૬ | ૪૬.૪૧ |
| ૭ | કચ્છ | ૩.૦૯ | ૩.૬૩ | ૪.૪૫ | ૦.૦૬ | ૦.૪૯ | ૧૧.૭૨ |
| ૮ | સુરેન્દ્રનગર | ૪૭.૧૦ | ૩.૧૫ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૫ | ૫૦.૮૦ |
| ૯ | અમદાવાદ | ૩.૦૯ | ૩.૩૩ | ૫.૦૧ | ૨.૯૬ | ૦.૨૮ | ૧૪.૬૭ |
| ૧૦ | ગાંધીનગર | ૪.૮૬ | ૭.૩૬ | ૧.૪૯ | ૧.૯૦ | ૦.૬૮ | ૧૬.૨૯ |
| ૧૧ | મહેસાણા | ૦.૦૦ | ૦.૬૧ | ૦.૪૮ | ૧.૪૭ | ૦.૦૦ | ૨.૫૬ |
| ૧૨ | પાટણ | ૨.૨૫ | ૧.૪૭ | ૨.૬૦ | ૩.૩૦ | ૦.૦૭ | ૯.૬૯ |
| ૧૩ | બનાસકાંઠા | ૬૦.૦૮ | ૧૬.૫૩ | ૧૦.૬૨ | ૨.૨૯ | ૫.૪૮ | ૯૫.૦૦ |
| ૧૪ | સાબરકાંઠા | ૧.૩૧ | ૦.૧૦ | ૧.૪૦ | ૦.૦૦ | ૦.૨૦ | ૩.૦૧ |
| ૧૫ | પંચમહાલ | ૪૩.૪૩ | ૨૮.૮૦ | ૧૯.૮૨ | ૭.૯૨ | ૩.૩૬ | ૧૦૩.૩૩ |
| ૧૬ | નર્મદા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૭ | ખેડા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | GWIL | ૧૦૯.૫૫ | ૨૪૯.૯૨ | ૩૦૭.૫૯ | ૨૧૧૧.૦૭ | ૪૬૬.૯૫ | ૩૨૪૫.૦૮ |
| | **કુલ** | **૩૭૦.૪૫** | **૪૨૬.૯૧** | **૪૨૫.૭૮** | **૨૧૮૨.૪૨** | **૫૦૬.૭૩** | **૩૯૧૨.૨૯** |

-------

**સૌની યોજના અન્વયે સૌરાષ્ટ્રના ડેમો ભરવા બાબત**

અતારાંકિતઃ ૨૮૫૩ (૫-૫-૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) નર્મદામાંથી સૌરાષ્ટ્રના ડેમો ભરવાની સૌની યોજના તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉકત યોજના પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉકત યોજના કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૯–૬–૧૪)

(૧) સૌની યોજનાની લીંક ૧,૨,૩ અને ૪ ના પ્રથમ તબક્કાના કુલ ૧૨ પેકેજ તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ટેન્ડર તબકકે છે.

(૨) વર્ષ ૨૦૧૨ માં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી અને વર્ષ ૨૦૧૩ માં રૂ.૧,૬૯,૯૫૭.૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) વર્ષ ૨૦૧૭–૧૮ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

–––––––

**સાબરકાંઠા જિલ્લામાં જુથ પાણી પુરવઠા યોજના**

અતારાંકિતઃ ૨૯૧૩ (૧૫–૬–૧૪) **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) :** માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૨૮–૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જુથ પાણી પુરવઠા યોજનાના કામોમાં કયા કયા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા ગામોને પાણી આપવામાં આવ્યું, અને

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર તે અન્વયે કેટલી રકમના બીલો પંચાયતને કયારે આપવામાં આવ્યા ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :** (૯–૬–૧૪)

(૧) તાલુકાવાર જુથ પાણી પુરવઠાના કામોમાં નીચે મુજબના ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જુથ યોજનાનું નામ | સમાવેશ કરાયેલ ગામો |
|---|---|---|---|
| ૧ | પોશીના | ગુણ ભાખરી | ૧. ગુણભાખરી<br>૨. સેબલિયા (પોશીના)<br>૩. ઉંબરવા<br>૪. દાંતીયા |
| ૨ | ખેડબ્રહ્મા | ભરમિયા સેબલિયા | ૧. ભરમિયા<br>૨. સેબલિયા (મટોડા)<br>૩. દિગથલી |

(૨) બંને જુથ યોજનાની કામગીરી પ્રગતિમાં હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**અમરેલી જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ બનાવેલ શૌચાલયો**

અતારાંકિતઃ ૧૦૩૧ (૧૮–૬–૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૪–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વર્ષવાર કેટલા શૌચાલય બનાવવામાં આવ્યા ? અને તેના માટે તાલુકાવાર કઈ ગ્રામ પંચાયતને કેટલી ગ્રાન્ટ કયારે આપવામાં આવી ?

(૨) તેમાં પ્રતિ શૌચાલય કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા શૌચાલય જર્જરીત હાલતમાં છે ? અને તેને ક્યારે નવનિર્મીત કરવાનું આયોજન છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) **:** (૭–૬–૧૪)

(૧) તા.૩૦–૪–૨૦૧૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત કુલ ૧૫,૨૪૧ શૌચાલય બનાવવામાં આવ્યા જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦–૧૧ | વર્ષ ૨૦૧૧–૧૨ | વર્ષ ૨૦૧૨–૧૩ | બનેલ કુલ શૌચાલયની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૨૨ | ૩૩૬ | ૯૩૦ | ૧૩૮૮ |
| ૨ | બાબરા | ૨૬૪ | ૪૮૯ | ૫૫૫ | ૧૩૦૮ |
| ૩ | બગસરા | ૪૧ | ૨૫ | ૩૩૨ | ૦૩૯૮ |
| ૪ | ધારી | ૨૯૨ | ૩૫૧ | ૪૫૦ | ૧૦૯૩ |
| ૫ | જાફરાબાદ | ૩૬૧ | ૮૪૬ | ૧૧૩૮ | ૨૩૪૫ |
| ૬ | ખાંભા | ૬૨૪ | ૩૨૩ | ૩૯૯ | ૧૩૪૬ |
| ૭ | કુંકાવાવ | ૧૮૮ | ૧૧૫ | ૬૭૬ | ૦૯૭૯ |
| ૮ | લાઠી | ૩૬૬ | ૩૧૧ | ૪૩૧ | ૧૧૦૮ |
| ૯ | લીલીયા | ૧૧૨ | ૧૫૮ | ૪૨૧ | ૦૬૯૧ |
| ૧૦ | રાજુલા | ૫૨૯ | ૪૭૭ | ૧૭૨૩ | ૨૭૨૯ |
| ૧૧ | સાવરકુંડલા | ૪૧૨ | ૨૩૯ | ૧૨૦૫ | ૧૮૫૬ |
| | **કુલ** | **૩૩૧૧** | **૩૬૭૦** | **૮૨૬૦** | **૧૫૨૪૧** |

યોજનાના અમલીકરણ અર્થે જે તે તાલુકા પંચાયત મારફત ગ્રામ પંચાયતને ગ્રાન્ટ ફાળવવામાં આવતી, પરંતુ ગ્રામ કક્ષાએ બહોળા પ્રમાણમાં ખર્ચ ન થતાં બિન જરૂરી ગ્રાન્ટ ગ્રામપંચાયતના ખાતામાં વણવપરાયેલ પડી રહેતા ગ્રામ પંચાયત ખાતાની તમામ ગ્રાન્ટ તાલુકા કક્ષાએ જમા લઈ તાલુકા કક્ષાએથી ગ્રામ પંચાયતની માંગણી આધારે સીધું ચૂકવણું લાભાર્થીના ખાતામાં ચેક દ્વારા કરવામાં આવે છે.

**તાલુકાવાર ગ્રાન્ટ ફાળવણીની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦-૧૧ | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | ફાળવેલ કુલ ગ્રાન્ટ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૦.૦૦ | ૩.૦૦ | ૩૫.૦૦ | ૪૮.૦૦ |
| ૨ | બાબરા | ૧૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ |
| ૩ | બગસરા | ૦.૦૦ | ૦.૦૦ | ૧૨.૪૪ | ૧૨.૪૪ |
| ૪ | ધારી | ૦.૦૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૫ | જાફરાબાદ | ૫.૦૦ | ૫.૦૦ | ૨૩.૦૦ | ૩૩.૦૦ |
| ૬ | ખાંભા | ૬.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૨૬.૦૦ |
| ૭ | કુંકાવાવ | ૨૦.૦૦ | ૦.૦૦ | ૨૩.૬૯ | ૪૩.૬૯ |
| ૮ | લાઠી | ૧૨.૬૦ | ૦.૦૦ | ૧૦.૦૦ | ૨૨.૬૦ |
| ૯ | લીલીયા | ૪.૦૦ | ૫.૦૦ | ૧૦.૦૦ | ૧૯.૦૦ |
| ૧૦ | રાજુલા | ૧૧.૦૦ | ૦.૦૦ | ૩૨.૦૦ | ૪૩.૦૦ |
| ૧૧ | સાવરકુંડલા | ૩.૦૦ | ૫.૦૦ | ૨૬.૦૦ | ૩૪.૦૦ |
| | **કુલ** | **૮૧.૬૦** | **૨૮.૦૦** | **૧૯૨.૧૩** | **૩૦૧.૭૩** |

(૨) તેમાં પ્રતિ શૌચાલય તબક્કાવાર નક્કી કરવામાં આવેલ શૌચાલય માટેની પ્રોત્સાહક સહાય મુજબ કુલ રૂ.૩૮૫.૦૮ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વ્યકિતગત કેટેગરી | પ્રતિ શૌચાલય સહાયની રકમ રૂ. | બનેલ શૌચાલય | ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | બી.પી.એલ. | ૨૨૦૦/- | ૩૩૧૧ | ૬૦.૫૭ |
| ૨૦૧૧-૧૨ | બી.પી.એલ. | ૨૨૦૦/- | ૭૩૩ | ૧૩.૫૦ |
| ૨૦૧૧-૧૨ | બી.પી.એલ. | ૩૨૦૦/- | ૨૯૩૭ | ૫૯.૭૬ |
| ૨૦૧૨-૧૩ | બી.પી.એલ. | ૩૨૦૦/- | ૬૨૧ | ૧૫.૧૬ |
| ૨૦૧૨-૧૩ | બી.પી.એલ. | ૪૬૦૦/- | ૧૪૧૨ | ૪૨.૪૯ |
| | એ.પી.એલ. (નિર્મળ ભારત કેટેગરી) | ૪૬૦૦/- | ૬૨૨૭ | ૧૯૩.૧૦ |

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૦-૧૧ | વર્ષ ૨૦૧૧-૧૨ | વર્ષ ૨૦૧૨-૧૩ | થયેલ કુલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨.૬૪ | ૬.૭૨ | ૨૬.૧૭ | ૩૫.૫૩ |
| ૨ | બાબરા | ૫.૮૧ | ૧.૪૮ | ૨૦.૮૧ | ૨૮.૧ |
| ૩ | બગસરા | ૦.૮૬ | ૦.૨૮ | ૧૩.૫૪ | ૧૪.૬૮ |
| ૪ | ધારી | ૬.૪૨ | ૯.૫૬ | ૧૬.૬૮ | ૩૨.૬૬ |
| ૫ | જાફરાબાદ | ૭.૯૫ | ૨૪.૧૧ | ૩૭.૧૦ | ૬૯.૧૬ |
| ૬ | ખાંભા | ૧૦.૬૯ | ૬.૦૯ | ૧૯.૯૨ | ૩૬.૭ |
| ૭ | કુંકાવાવ | ૦.૮૧ | ૦.૮૦ | ૧૨.૫૨ | ૧૪.૧૩ |
| ૮ | લાઠી | ૭.૦૨ | ૭.૩૧ | ૧૧.૮૭ | ૨૬.૨ |
| ૯ | લીલીયા | ૨.૧૩ | ૨.૫૨ | ૧૫.૦૩ | ૧૯.૬૮ |
| ૧૦ | રાજુલા | ૧૦.૧૨ | ૧૦.૩૫ | ૫૦.૧૪ | ૭૦.૬૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૬.૧૨ | ૪.૦૪ | ૨૭.૪૭ | ૩૭.૬૩ |
| | **કુલ** | **૬૦.૫૭** | **૭૩.૨૬** | **૨૫૧.૨૫** | **૩૮૫.૦૮** |

(૩) આ યોજના અંતર્ગત વ્યકિતગત શૌચાલય માટે પ્રોત્સાહન સ્વરૂપે આ સહાય આપવામાં આવતી હોય, બનેલ વ્યકિતગત શૌચાલયની જાળવણી, મરામત અને નવનિર્મીત કરવાની જવાબદારી જે તે લાભાર્થીની રહે છે. તેથી આ યોજના તળે વ્યકિતગત શૌચાલય નવનિર્મીત કરવાની કોઈ જોગવાઈ ન હોય આયોજન કરવાનો પ્રશ્ન રહેતો નથી.

-------

**ભાવનગર જિલ્લામાં વોટરશેડ પ્રોજેકટના રીપોર્ટ તૈયાર ન કરવા બાબત**

અતારાંકિતઃ ૨૬૬૭ (૨૫-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ભાવનગર જિલ્લામાં સમયમર્યાદામાં વોટરશેડના પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી મંજૂર કરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ સમયર્મયાદામાં વોટરશેડના પ્રોજેકટ રીપોર્ટ તૈયાર ન કરતા જવાબદારો સામે શાં શિક્ષાત્મક પગલાંઓ લીધા, અને

(૩) જવાબદારો સામે શિક્ષાત્મક પગલાંઓ ન લેવાનાં શાં કારણો છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (૩-૬-૧૪)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ભાવનગર જિલ્લામાં સમયમર્યાદામાં વોટરશેડનાં પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી મંજૂર કરાવવામાં આવેલ છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**ભાવનગર જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ આવરી લીધેલ તળાવો**

અતારાંકિતઃ ૨૬૭૫ (૨૫-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વોટરશેડ હેઠળ કેટલાં તળાવો આવરી લેવામાં આવેલ છે,

(૨) ઉકત યોજના હેઠળ કુલ કેટલા પ્રોજેકટ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ મંજૂર થયેલ પ્રોજેકટ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૬-૬-૧૪)

(૧) તા.૩૦-૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ભાવનગર જિલ્લામાં વોટરશેડ યોજના હેઠળ ૩૫ તળાવો આવરી લેવામાં આવેલ છે. જેની વર્ષવાર અને તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | તા.૧-૧૨-૦૮ થી તા.૩૦-૧૧-૦૯ | તા.૧-૧૨-૦૯ થી તા.૩૦-૧૧-૧૦ | તા.૧-૧૨-૧૦ થી તા.૩૦-૧૧-૧૧ | તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શિહોર | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૨ | ઉમરાવાળા | ૦ | ૦ | ૦ | ૪ | ૨૨ | ૨૬ |
| ૩ | પાલીતાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૫ |
| ૪ | મહુવા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** | **૬** | **૨૯** | **૩૫** |

(૨) ઉકત યોજના હેઠળ ૧૩૧ પ્રોજેકટ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

(૩) ઉકત સ્થિતિએ પ્રોજેકટ પાછળ રૂ.૨૩૭૪.૩૦ લાખનો ખર્ચ થયેલ છે.

-------

**ભાવનગર જિલ્લામાં વોટરશેડ પ્રોજેકટના રીપોર્ટ મંજૂર ન કરવા બાબત**

અતારાંકિતઃ ૨૭૩૯ (૨૮-૧-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ભાવનગર જિલ્લામાં સમયર્મયાદામાં વોટરશેડનાં પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી મંજૂર કરવામાં આવેલ નથી, તે હકીકત સરકાર જાણે છે,

(૨) ઉકત સ્થિતિએ સમયમર્યાદામાં વોટરશેડનાં પ્રોજેકટ રીપોર્ટ તૈયાર ન કરતા જવાબદારો સામે કેવા શિક્ષાત્મક પગલાઓ લીધા, અને

(૩) જવાબદારો સામે શિક્ષાત્મક પગલાઓ ન લેવાનાં શાં કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩-૬-૧૪)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં ભાવનગર જિલ્લામાં વોટરશેડનાં પ્રોજેકટ રીપોર્ટ સમયમર્યાદામાં તૈયાર કરી મંજૂર કરાવવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

-------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થયેલ ભ્રષ્ટ્રાચાર અને ગેરરિતીની ફરીયાદો**

અતારાંકિતઃ ૨૭૪૦ (૨૮-૧-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટ્રાચાર તેમજ ગેરરીતીઓ અંગેની કેટલી ફરીયાદો ક્યારે મળી,

(૨) ઉકત સ્થિતિએ વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટ્રાચાર તેમજ ગેરરિતીઓ અંગે જવાબદારો સામે કેવા શિક્ષાત્મક પગલાંઓ લીધા તેમજ આવા પગલાંઓ કયારે લેવામાં આવશે, અને

(૩) જવાબદારો સામે શિક્ષાત્મક પગલાઓ ન લેવાનાં શાં કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩-૬-૧૪)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વોટરશેડની કામગીરીમાં થયેલ ભ્રષ્ટ્રાચાર તેમજ ગેરરિતીઓ અંગે અમરેલી જિલ્લામાં ૪૫ અને ભાવનગર જિલ્લામાં ૧૧ ફરીયાદો મળી. જેથી વર્ષવાર અને જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા | તા.૧-૧૨-૦૮ થી તા.૩૦-૧૧-૦૯ | તા.૧-૧૨-૦૯ થી તા.૩૦-૧૧-૧૦ | તા.૧-૧૨-૧૦ થી તા.૩૦-૧૧-૧૧ | તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૦ | ૨૦ | ૯ | ૬ | ૧૦ | ૪૫ |
| ૨ | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૫ | ૬ | ૧૧ |
| | **કુલ** | **૦** | **૨૦** | **૯** | **૧૧** | **૧૬** | **૫૬** |

(૨) ઉકત સ્થિતિએ.

૧. અમરેલી જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓ અન્વયે લાઠી તાલુકાના રામપર ગામમાં અરજદારશ્રી અર્જુનભાઈ રાઠોડની તકેદારી આયોગની તા.૩-૭-૧૧ ની અરજી અન્વયે તા.૨૧-૧૨-૧૨ ના રોજ સંબધક સમિતિ પાસેથી વનીકરણની જાળવણીમાં બેદરકારી સબબ રૂ.૨૬૯૦૮/- પુરા વસૂલ કરવામાં આવેલ છે તેમજ

૨. બગસરા તાલુકાના હડાળા ગામમાં અરજદારશ્રી વિઠલભાઈ મેઘજીભાઈ બોરડની તા.૩-૨-૧૨ ની અરજી અન્વયે જળસ્ત્રાવ સમિતિએ ગૌચર સુધારણાના કામોની બેદરકારી સબબ રૂ.૨૫૦૦૦/- પુરા વસૂલ

કરેલ છે. તેમજ ભાવનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં કોઈ પ્રકારનો ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓ માલુમ પડેલ ન હોય શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત સ્થિતિએ અમરેલી જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચાર સબબ જવાબદારો સામે પગલાં લેવામાં આવેલ છે જયારે ભાવનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં કોઈ પ્રકારનો ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓ માલુમ પડેલ ન હોય શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**સુરેન્દ્રનગર, પાટણ અને કચ્છ જિલ્લામાં થયેલ ભ્રષ્ટાચાર અને ગેરરીતિની ફરીયાદો**

અતારાંકિતઃ ૨૭૪૩ (૨૮-૧-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં સુરેન્દ્રનગર, પાટણ અને કચ્છ જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતિઓ અંગેની કેટલી ફરીયાદો ક્યારે મળી,

(૨) ઉકત સ્થિતિએ વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓ અંગે જવાબદારો સામે કેવા શિક્ષાત્મક પગલાંઓ લીધા તેમજ આવા પગલાંઓ કયારે લેવામાં આવશે, અને

(૩) જવાબદારો સામે શિક્ષાત્મક પગલાઓ ન લેવાનાં શાં કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૬-૬-૧૪)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓ અંગે નીચે મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૫ પાટણ જિલ્લામાં ૪, કચ્છ જિલ્લામાં ૧૪ ફરીયાદો મળી. જેની જિલ્લાવાર અને વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા | તા.૧-૧૨-૦૮ થી તા.૩૦-૧૧-૦૯ | તા.૧-૧૨-૦૯ થી તા.૩૦-૧૧-૧૦ | તા.૧-૧૨-૧૦ થી તા.૩૦-૧૧-૧૧ | તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૨૭ | ૩ | ૦ | ૨ | ૩ | ૩૫ |
| ૨ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૩ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૭ | ૭ | ૧૪ |
| | **કુલ** | **૨૭** | **૩** | **૦** | **૯** | **૧૪** | **૫૩** |

(૨) ઉકત સ્થિતિએ.

૧. સુરેન્દ્રનગર જિલ્લામાં વોટરશેડમાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓની ફરીયાદ અન્વયે સરપંચશ્રીને સરપંચ પદેથી દુર કરીને, વસુલાત અંગેની રકમ જમા કરવાની કાર્યવાહી કરેલ. પોલીસ ફરીયાદ કરેલ છે. તેમજ અન્ય કર્મચારી સામે વસુલ કરવાની રકમ નક્કી કરેલ છે.

૨. પાટણ જિલ્લામાં વોટરશેડમાં કોઈ પ્રકારનો ભ્રષ્ટાચાર તેમજ ગેરરિતીઓ માલુમ પડેલ ન હોય જેથી શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) ઉકત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ છે જયારે પાટણ અને કચ્છ જિલ્લામાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ માલુમ પડેલ ન હોય શિક્ષાત્મક પગલાંઓ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

-------

**બનાસકાંઠા અને સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચાર અને ગેરરીતિની ફરીયાદો**

અતારાંકિતઃ ૨૭૪૪ (૨૮-૧-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટ્રાચાર તેમજ ગેરરીતીઓ અંગેની કેટલી ફરીયાદો ક્યારે મળી,

(૨) ઉકત સ્થિતિએ વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટ્રાચાર તેમજ ગેરરિતીઓ અંગે જવાબદારો સામે કેવા શિક્ષાત્મક પગલાંઓ લીધા તેમજ આવા પગલાંઓ કયારે લેવામાં આવશે, અને

(૩) જવાબદારો સામે શિક્ષાત્મક પગલાઓ ન લેવાનાં શાં કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩-૬-૧૪)

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ અંગે બનાસકાંઠા જિલ્લામાં-૧૦, સાબરકાંઠા જિલ્લામાં-૧ અને ગાંધીનગર જિલ્લામાં-૩ ફરીયાદો મળી. જેની વર્ષવાર અને જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા | તા.૧-૧૨-૦૮ થી તા.૩૦-૧૧-૦૯ | તા.૧-૧૨-૦૯ થી તા.૩૦-૧૧-૧૦ | તા.૧-૧૨-૧૦ થી તા.૩૦-૧૧-૧૧ | તા.૧-૧૨-૧૧ થી તા.૩૦-૧૧-૧૨ | તા.૧-૧૨-૧૨ થી તા.૩૦-૧૧-૧૩ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૦ | ૦ | ૧ | ૫ | ૪ | ૧૦ |
| ૨ | સાબરકાંઠા | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૩ |
| | **કુલ** | **૦** | **૦** | **૨** | **૬** | **૬** | **૧૪** |

(૨) (૧) ઉકત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ અન્વયે ૧ કેસમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. એક તલાટી કમ મંત્રી તથા બે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની સામે ખાતાકીય તપાસ યોજવાની કાર્યવાહી ચાલુમાં છે. તથા ચેરમેનશ્રી જળસ્ત્રાવ સમિતિ ભાપડી પાસેથી રૂ.૪૩૩૪૩/- ની વસુલાત કરવામાં આવેલ છે.

(૨) સાબરકાંઠા જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ અંગેની ૧ ફરીયાદ હાલમાં તકેદારી આયોગમાં પેન્ડીંગ હોઈ જેથી શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) ગાંધીનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ માલુમ ન પડેલ હોય શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) (૧) ઉકત સ્થિતિએ બનાસકાંઠામાં કુલ ૧૦ અરજીઓ તપાસ હેઠળ પડતર છે. તપાસ પૂર્ણ થયેથી કાર્યવાહી થઈ શકે, જેથી હાલમાં શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) ઉકત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ફરીયાદ તકેદારી આયોગમાં પેન્ડીંગ હોઈ જેથી શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) ગાંધીનગર જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં કોઈ પ્રકારનો ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ માલુમ પડેલ ન હોય શિક્ષાત્મક પગલાઓ લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અમદાવાદ, મહેસાણા અને આણંદ જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થયેલ ભ્રષ્ટ્રાચાર અને ગેરરીતિની ફરીયાદો**

અતારાંકિતઃ ૨૭૪૫ (૨૮-૧-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ, મહેસાણા અને આણંદ જિલ્લામાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતીઓ અંગેની કેટલી ફરીયાદો ક્યારે મળી,

(૨) ઉકત સ્થિતિએ વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટાચાર તેમજ ગેરરીતિઓ અંગે જવાબદારો સામે કેવા શિક્ષાત્મક પગલાંઓ લીધા તેમજ આવા પગલાંઓ કયારે લેવામાં આવશે, અને

(૩) જવાબદારો સામે શિક્ષાત્મક પગલાઓ ન લેવાનાં શાં કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩-૬-૧૪)

(૧) તા.૩૦–૧૧–૨૦૧3ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વોટરશેડની કામગીરીમાં થતાં ભ્રષ્ટ્રાચાર તેમજ ગેરરીતિઓ અંગે અમદાવાદ–૨, મહેસાણા–૨, અને આણંદ–૦ ફરીયાદો મળી. જેની વર્ષવાર અને જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લા | તા.૧–૧૨–૦૮ થી તા.૩૦–૧૧–૦૯ | તા.૧–૧૨–૦૯ થી તા.૩૦–૧૧–૧૦ | તા.૧–૧૨–૧૦ થી તા.૩૦–૧૧–૧૧ | તા.૧–૧૨–૧૧ થી તા.૩૦–૧૧–૧૨ | તા.૧–૧૨–૧૨ થી તા.૩૦–૧૧–૧3 | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | | **સ. ક. નિ. ની મંજૂર થયેલ જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૮ | કચ્છ | ૪૪ | નખત્રાણા | ૧ | ૦ | ૧ |
| | | ૪૫ | લખપત | ૧ | ૦ | ૧ |
| | | ૪૬ | રાપર | ૧ | ૦ | ૧ |
| | | ૪૭ | અંજાર | ૧ | ૦ | ૧ |
| | | ૪૮ | ભચાઉ | ૧ | ૧ | ૦ |
| | | ૪૯ | ગાંધીધામ | ૧ | ૦ | ૧ |
| ૯ | જામનગર | ૫૦ | કાલાવડ | ૧ | ૦ | ૧ |
| | | ૫૧ | જોડીયા | ૧ | ૦ | ૧ |
| | | ૫૨ | જામજોધપુર | ૧ | ૦ | ૧ |
| | | ૫૩ | લાલપુર | ૧ | ૦ | ૧ |
| ૧૦ | જુનાગઢ | ૫૪ | માંગરોળ | ૧ | ૦ | ૧ |
| | | ૫૫ | માળીયા (હાટીના) | ૧ | ૧ | ૦ |
| | | ૫૬ | કેશોદ | ૧ | ૦ | ૧ |
| | | ૫૭ | ભેંસાણ | ૧ | ૦ | ૧ |
| | | ૫૮ | વંથલી | ૧ | ૦ | ૧ |
| | | ૫૯ | માણાવદર | ૧ | ૦ | ૧ |
| | | ૬૦ | વિસાવદર | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ભાવનગર | ૬૧ | ભાવનગર | ૧ | ૦ | ૧ |
| | | ૬૨ | મહુવા | ૧ | ૦ | ૧ |
| | | ૬૩ | ગારીયાધાર | ૧ | ૦ | ૧ |
| | | ૬૪ | તળાજા | ૧ | ૧ | ૦ |
| | | ૬૫ | પાલીતાણા | ૧ | ૦ | ૧ |
| | | ૬૬ | શિહોર | ૧ | ૦ | ૧ |
| | | ૬૭ | ઉમરાળા | ૧ | ૦ | ૧ |
| | | ૬૮ | વલ્લભીપુર | ૧ | ૦ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૬૯ | ઘોઘા | ૧ | ૦ | ૧ |
| ૧૨ | રાજકોટ | ૭૦ | રાજકોટ (ગ્રા.) | ૧ | ૧ | ૦ |
| | | ૭૧ | જેતપુર | ૧ | ૧ | ૦ |
| | | ૭૨ | જસદણ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૭૩ | લીમડી | ૧ | ૦ | ૧ |
| | | ૭૪ | લખતર | ૧ | ૦ | ૧ |
| | | ૭૫ | સાયલા | ૧ | ૦ | ૧ |
| | | ૭૬ | ચોટીલા | ૧ | ૧ | ૦ |
| | | ૭૭ | મૂળી | ૧ | ૦ | ૧ |
| | | ૭૮ | દસાડા-પાટડી | ૧ | ૧ | ૦ |
| | | ૭૯ | ચુડા | ૧ | ૦ | ૧ |
| ૧૪ | પોરબંદર | ૮૦ | પોરબંદર | ૧ | ૧ | ૦ |
| | | ૮૧ | કુતિયાણા | ૧ | ૦ | ૧ |
| | | ૮૨ | રાણાવાવ | ૧ | ૦ | ૧ |
| ૧૫ | ખેડા | ૮૩ | નડિયાદ | ૧ | ૦ | ૧ |
| | | ૮૪ | મહેમદાવાદ | ૧ | ૧ | ૦ |
| | | ૮૫ | માતર | ૧ | ૦ | ૧ |
| | | ૮૬ | કપડવંજ | ૧ | ૦ | ૧ |
| | | ૮૭ | ઠાસરા | ૧ | ૦ | ૧ |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | | **સ. ક. નિ. ની મંજૂર થયેલ જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧૫ | ખેડા | ૮૮ | ખેડા | ૧ | ૦ | ૧ |
| | | ૮૯ | કઠલાલ | ૧ | ૦ | ૧ |
| | | ૯૦ | મહુધા | ૧ | ૦ | ૧ |
| ૧૬ | વડોદરા | ૯૧ | પાદરા | ૧ | ૦ | ૧ |
| | | ૯૨ | સાવલી | ૧ | ૧ | ૦ |
| ૧૭ | ભરૂચ | ૯૩ | ભરૂચ | ૧ | ૦ | ૧ |
| | | ૯૪ | અંકલેશ્વર | ૧ | ૦ | ૧ |
| | | ૯૫ | વાગરા | ૧ | ૦ | ૧ |
| | | ૯૬ | ઝગડીયા | ૧ | ૦ | ૧ |
| | | ૯૭ | જંબુસર | ૧ | ૦ | ૧ |
| | | ૯૮ | હાસોંટ | ૧ | ૦ | ૧ |
| ૧૮ | સુરત | ૯૯ | ચોર્યાસી | ૧ | ૦ | ૧ |
| | | ૧૦૦ | ઓલપાડ | ૧ | ૦ | ૧ |
| ૧૯ | વલસાડ | ૧૦૧ | વલસાડ | ૧ | ૧ | ૦ |
| ૨૦ | પંચમહાલ | ૧૦૨ | ગોધરા | ૧ | ૧ | ૦ |
| | | ૧૦૩ | કાલોલ | ૧ | ૦ | ૧ |
| | | ૧૦૪ | શહેરા | ૧ | ૧ | ૦ |
| | | ૧૦૫ | હાલોલ | ૧ | ૦ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૧૦૬ | જાંબુઘોડા | ૧ | ૦ | ૧ |
| ૨૧ | નવસારી | ૧૦૭ | નવસારી | ૧ | ૦ | ૧ |
| | | ૧૦૮ | ગણદેવી | ૧ | ૦ | ૧ |
| | | ૧૦૯ | જલાલપોર | ૧ | ૧ | ૦ |
| ૨૨ | નર્મદા | ૧૧૦ | નાંદોદ | ૧ | ૧ | ૦ |
| ૨૩ | દાહોદ | ૧૧૧ | દાહોદ | ૧ | ૦ | ૧ |
| ૨૪ | આણંદ | ૧૧૨ | આણંદ | ૧ | ૦ | ૧ |
| | | ૧૧૩ | બોરસદ | ૧ | ૧ | ૦ |
| | | ૧૧૪ | ખંભાત | ૧ | ૦ | ૧ |
| | | ૧૧૫ | તારાપુર | ૧ | ૦ | ૧ |
| | | ૧૧૬ | ઉમરેઠ | ૧ | ૦ | ૧ |
| | | ૧૧૭ | આંકલાવ | ૧ | ૦ | ૧ |
| ૨૫ | ડાંગ | ૧૧૮ | આહવા | ૧ | ૦ | ૧ |
| ૨૬ | બોટાદ | ૧૧૯ | રાણપુર | ૧ | ૦ | ૧ |
| | | ૧૨૦ | બરવાળા | ૧ | ૦ | ૧ |
| | | ૧૨૧ | બોટાદ | ૧ | ૧ | ૦ |
| | | ૧૨૨ | ગઢડા | ૧ | ૦ | ૧ |
| ૨૭ | અરવલ્લી | ૧૨૩ | માલપુર | ૧ | ૦ | ૧ |
| | | ૧૨૪ | મોડાસા | ૧ | ૧ | ૦ |
| | | ૧૨૫ | બાયડ | ૧ | ૧ | ૦ |
| | | ૧૨૬ | ધનસુરા | ૧ | ૦ | ૧ |
| | | ૧૨૭ | મેઘરજ | ૧ | ૦ | ૧ |
| ૨૮ | મહીસાગર | ૧૨૮ | બાલાશિનોર | ૧ | ૧ | ૦ |
| | | ૧૨૯ | વિરપુર | ૧ | ૦ | ૧ |
| | | ૧૩૦ | લુણાવાડા | ૧ | ૧ | ૦ |
| | | ૧૩૧ | ખાનપુર | ૧ | ૦ | ૧ |
| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | | **સ. ક. નિ. ની મંજૂર થયેલ જગ્યા** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૨૯ | ગીરસોમનાથ | ૧૩૨ | વેરાવળ | ૧ | ૧ | ૦ |
| | | ૧૩૩ | કોડીનાર | ૧ | ૦ | ૧ |
| | | ૧૩૪ | સુત્રાપાડા | ૧ | ૦ | ૧ |
| | | ૧૩૫ | તાલાળા | ૧ | ૦ | ૧ |
| | | ૧૩૬ | ઉના | ૧ | ૦ | ૧ |
| ૩૦ | દેવભૂમી દ્વારકા | ૧૩૭ | ભાણવડ | ૧ | ૧ | ૦ |
| | | ૧૩૮ | કલ્યાણપુર | ૧ | ૦ | ૧ |
| | | ૧૩૯ | જામખંભાળીયા | ૧ | ૦ | ૧ |
| | | ૧૪૦ | ઓખામંડળ | ૧ | ૦ | ૧ |
| ૩૧ | મોરબી | ૧૪૧ | હળવદ | ૧ | ૦ | ૧ |

વિકસતી જાતિ કલ્યાણના નિરીક્ષકની મંજૂર થયેલ જગ્યા ૧૪૧
તે પૈકી ભરાયેલ જગ્યા ૩૪
ખાલી જગ્યા ૧૦૭

------------

**રાજ્યમાં વિકસતિ જાતિ કલ્યાણની યોજનાઓના અમલ માટેનું સંવર્ગવાર મહેકમ**

અતારાંકિતઃ ૩૧૭૭(૦૫-૦૬-૨૦૧૪) શ્રી **ભોળાભાઈ ગોહેલ** (જસદણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વિકસતિ જાતિ કલ્યાણ ખાતા દ્વારા વિવિધ યોજનાઓના અમલ સામે સંવર્ગવાર કેટલા મહેકમની જરૂરીયાત છે.

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યા ભરેલી અને કેટલી જગ્યા ખાલી છે, અને

(૩) ખાલી જગ્યા ભરવા માટે ખાતા દ્વારા કોઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી કે કેમ અને કયારે કયારે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી : (૨૬-૦૬-૧૪)**

(૧) પત્રક મુજબ

(૨) પત્રક મુજબ

(૩) હા, જી આ ખાલી જગ્યાઓ સીધી ભરતી, બઢતી, પ્રતિનિયુકિત તેમજ અન્ય રીતે ભરવા માટે કાર્યવાહી ચાલી રહી છે.

**પત્રક**

| **ક્રમ** | **જગ્યાનું નામ** | **વર્ગ** | **મંજૂર થયેલ જગ્યાની વિગત** | **ભરાયેલ જગ્યાની વિગત** | **ખાલી જગ્યાની વિગત** |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નિયામક | **વર્ગ–૧** | ૧ | ૦ | ૧ |
| ૨ | સંયુકત નિયામક | | ૧ | ૧ | ૦ |
| ૩ | નાયબ નિયામક | | ૧૪ | ૧૦ | ૪ |
| ૪ | હિસાબી અધિકારી વર્ગ–૧ | | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ–૧ કુલ** | | **૧૭** | **૧૨** | **૫** |
| ૫ | આંકડા અધિકારી | **વર્ગ–૨** | ૧ | ૦ | ૧ |
| ૬ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ–૨ સંવર્ગ) | | ૨૭ | ૨૬ | ૧ |
| ૭ | આચાર્ય | | ૨૭ | ૨૦ | ૭ |
| **ક્રમ** | **જગ્યાનું નામ** | **વર્ગ** | **મંજૂર થયેલ જગ્યાની વિગત** | **ભરાયેલ જગ્યાની વિગત** | **ખાલી જગ્યાની વિગત** |
| ૮ | સ્ટેનો ગ્રેડ–૧ (વર્ગ–૨) | | ૧ | ૧ | ૦ |
| | **વર્ગ–૨ કુલ** | | **૫૬** | **૪૭** | **૯** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | મદદ. સ. ક. અધિકારી | વર્ગ–૩ | ૧૨૭ | ૧૦૦ | ૨૭ |
| ૧૦ | સ્ટેનો ગ્રેડ–૨ (વર્ગ–૩) | | ૧ | ૧ | ૦ |
| ૧૧ | સંશોધન મદદનીશ | | ૧ | ૧ | ૦ |
| ૧૨ | હેડકલાર્ક/સમાજ કલ્યાણ નિરીક્ષક | | ૧૮૫ | ૫૫ | ૧૩૦ |
| ૧૩ | સીનીયર ઓડીટર | | ૧ | ૧ | ૦ |
| ૧૪ | ડેપ્યુટી ઓડીટર | | ૧ | ૦ | ૧ |
| ૧૫ | સબ ઓડીટર | | ૧ | ૧ | ૦ |
| ૧૬ | આંકડા મદદનીશ | | ૩ | ૨ | ૧ |
| ૧૭ | સીનીયર કલાર્ક | | ૧૦૬ | ૨૦ | ૮૬ |
| ૧૮ | સ્ટેનો/ટાઈપીંગ ઈન્સ્ટ્રકટર | | ૧ | ૦ | ૧ |
| ૧૯ | જુનીયર કલાર્ક/કલાર્ક કમ ટાઈપીસ્ટ/ગુજરાતી ટાઈપીસ્ટ | | ૪૯ | ૧૮ | ૩૧ |
| ૨૦ | ઉદ્યોગ શિક્ષક | વર્ગ–૩ | ૫ | ૦ | ૫ |
| ૨૧ | મદદનીશ શિક્ષક/માધ્યમિક શિક્ષક/ચિત્ર–સંગીત શિક્ષક/શારીરીક શિક્ષણ શિક્ષક | | ૨૩૪ | ૧૧૧ | ૧૨૩ |
| ૨૨ | પ્રયોગશાળા સંયોજક | | ૬ | ૦ | ૬ |
| ૨૩ | ડ્રાઈવર | | ૨૮ | ૧૦ | ૧૮ |
| ૨૪ | સેવક | | ૧ | ૦ | ૧ |
| ૨૫ | સીવણ સંચાલિકા (એન.ટી.ડી.એન.ટી. સાથે) | | ૩૦ | ૧૪ | ૧૬ |
| | **વર્ગ–૩ કુલ** | | **૭૮૦** | **૩૩૪** | **૪૪૬** |
| ૨૬ | નાયક | વર્ગ–૪ | ૧ | ૦ | ૧ |
| ૨૭ | પટાવાળા | | ૯૮ | ૨૭ | ૭૧ |
| ૨૮ | સફાઈ કામદાર | | ૧૯ | ૧ | ૧૮ |
| ૨૯ | રસોયા | | ૮૯ | ૫ | ૮૪ |
| ૩૦ | રસોડા કામદાર | | ૩૦ | ૭ | ૨૩ |
| ૩૧ | ચોકીદાર | | ૭૪ | ૨ | ૭૨ |
| ૩૨ | માળી | | ૧ | ૦ | ૧ |
| ૩૩ | પ્રયોગશાળા મદદનીશ પટાવાળા | | ૧૮ | ૦ | ૧૮ |
| ૩૪ | હમાલ | | ૩૪ | ૩ | ૩૧ |
| | **વર્ગ–૪ કુલ** | | **૩૬૪** | **૪૫** | **૩૧૯** |
| | **કુલ (વર્ગ–૧ થી ૪)** | | **૧૨૧૭** | **૪૩૮** | **૭૭૯** |

**સમરી**

| **વર્ગ** | **મંજૂર** | **ભરાયેલ** | **ખાલી** |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૧૭ | ૧૨ | ૫ |
| વર્ગ–૨ | ૫૬ | ૪૭ | ૯ |
| વર્ગ–૩ | ૭૮૦ | ૩૩૪ | ૪૪૬ |
| વર્ગ–૪ | ૩૬૪ | ૪૫ | ૩૧૯ |

| | | | |
|---|---|---|---|
| **કુલ** | **૧૨૧૭** | **૪૩૮** | **૭૭૯** |

------------

**રાજ્યમાં લઘુમતી જાતિ માટે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ**

અતારાંકિતઃ ૩૧૭૮(૦૫-૦૬-૨૦૧૪) ) શ્રી **ભોળાભાઈ ગોહેલ** (જસદણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**
જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં લઘુમતી જાતી માટે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિની કઈ કઈ યોજનાનો રાજ્ય સરકાર દ્વારા અમલ કરવામાં આવે છે.

(૨) આ યોજનાના અમલ માટે રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલું મહેકમ ઉભુ કર્યુ. અને

(૩) યોજનાની અમલવારી માટે નવં મહેકમ ઉભુ કર્યુ ન હોય તો તેના કારણો શા છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી : (૨૫-૦૬-૧૪)**

(૧) (અ) પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ

(બ) પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ

(ક) મેરીટ કમ મિન્સ શિષ્યવૃત્તિ

(૨) જિલ્લાવાર કોઈ મહેકમ ઉભુ કરવામાં આવેલ નથી.

(૩) ભારત સરકારે અલગથી મહેકમ ઉભુ કરેલ ન હોવાથી

------------

**જામનગર જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજનામાં આપેલ કાર્ડ**

અતારાંકિતઃ ૨૬૪૩ (૨૫-૧-૨૦૧૪) શ્રી **રાઘવજી પટેલ** (જામનગર ગ્રામ્ય): **માનનીય મુખ્ય મંત્રી શ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૩ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલાં લોકોને કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા, અને

(૨) ઉકત સ્થિતિએ આ કાર્ડ હોલ્ડરોને કેવા કેવા લાભો કયારે આપવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૧૯-૦૬-૧૪)**

(૧) પત્રક–અ મુજબ

(૨) પત્રક–બ મુજબ

**પત્રક-અ**

(૧) તા. ૩૦–૧૧–૧૩ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર સ્વર્ણિમ જયંતિ શહેરી રોજગાર યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ઈશ્યુ કરવામાં આવેલ કાર્ડની વિગતો.

| **જામનગર જિલ્લો** | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **વર્ષ** | **ઈસ્યુ કરેલ કાર્ડ** |
| સિક્કા | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |

| | | |
|---|---|---|
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| કાલાવાડ | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| **જામનગર જિલ્લો** | | |
| **તાલુકાનું નામ** | **વર્ષ** | **ઈસ્યુ કરેલ કાર્ડ** |
| ધ્રોલ | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| જામજોધપુર | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| ઓખા | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૩૪૨૮ |
| ખંભાલીયા | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૬૦૪ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| દ્વારકા | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| સલાયા | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૫૮૩ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૧૦૩૨ |

| | | |
|---|---|---|
| રાવલ | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| ભાણવડ | ૨૦૦૯–૧૦ | ૦ |
| | ૨૦૧૦–૧૧ | ૦ |
| | ૨૦૧૧–૧૨ | ૦ |
| | ૨૦૧૨–૧૩ | ૦ |
| | ૨૦૧૩–૧૪ | ૦ |
| **કુલ** | | **૫૬૪૭** |

**પત્રક-બ**

(૨) કાર્ડ હોલ્ડરોને કેવા કેવા લાભો કયારે આપવામાં આવ્યા તેની વિગતો.

| **જામનગર જિલ્લો** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **યોજનાનું નામ** | **૨૦૧૧–૧૨** | | **૨૦૧૨–૧૩** | | **૨૦૧૩–૧૪** | |
| | | **લાભાર્થી ની સંખ્યા** | **સહાય રકમ (રૂ. લાખમાં)** | **લાભાર્થી ની સંખ્યા** | **સહાય રકમ (રૂ. લાખમાં)** | **લાભાર્થી ની સંખ્યા** | **સહાય રકમ (રૂ. લાખમાં)** |
| સલાયા | લોન સબસીડી | ૧૦ | ૧૨.૦૪ | ૧૭ | ૩.૮૮ | ૧૩ | ૧૦.૬૬ |
| | વ્યક્તિગત શૌચાલય | ૨૫૮ | ૧૧.૬૧ | ૨૦૦ | ૯.૦૦ | ૭૦ | ૫.૬૦ |
| | ઉમ્મીદ | ૧૬૩ | ૫.૭૦ | ૭૩ | ૨.૫૦ | ૨૧ | ૦.૭૩ |
| | **કુલ** | **૪૩૧** | **૨૯.૩૫** | **૨૯૦** | **૧૫.૩૮** | **૧૦૪** | **૧૬.૯૯** |
| ઓખા | લોન સબસીડી | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૬ | ૦.૩૫ |
| | માનવ ગરીમા યોજના | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૮ | ૦.૩૩ |
| | જિલ્લા ઉદ્યોગ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૭૭ | કીટ વિતરણ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | કેન્દ્ર– જામનગર | | | | | | |
| | સરસ્વતી સહાય સાધના | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૭ | ૦.૦૨ |
| | કુંવરબાઈનું મામેરુ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૧ | ૦.૧૦ |
| | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૧ | ૦.૧૦ |
| | **કુલ** | **૦** | **૦.૦૦** | **૦** | **૦.૦૦** | **૧૦૦** | **૦.૯૦** |
| ખંભાલીયા | લોન સબસીડી | ૩ | ૧.૨૯ | ૧૯ | ૨.૨૯ | ૩ | ૦.૬૦ |
| | વ્યક્તિગત શૌચાલય | ૩૫ | ૧.૫૮ | ૮૪ | ૫.૦૪ | ૧૦૫ | ૬.૩૦ |
| | ઉમ્મીદ | ૧૮૨ | ૬.૩૮ | ૩૦૦ | ૧૦.૫૦ | ૪૦૫ | ૧૪.૧૭ |
| | **કુલ** | **૨૨૦** | **૯.૨૫** | **૪૦૩** | **૧૭.૮૩** | **૫૧૩** | **૨૧.૦૭** |

------------

## ગાંધીનગર ખાતે નોલેજ સેન્ટર પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૨૯૨૬ (૦૫-૦૬-૨૦૧૪) (રાજ્યકક્ષા) શ્રી પરેશભાઈ ધાનાણી (અમરેલી) : **માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૨૮–૦૨–૧૪ની સ્થિતિએ ગુજરાત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે નોલેજ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું તે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તેને કેટલા ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ નોલેજ સેન્ટર કાર્યરત છે કે કેમ,

(૪) કાર્યરત ન હોવાનાં શા કારણો છે, અને

(૫) ક્યારથી કાર્યરત કરવામાં આવશે ?

**યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **: (**૧૯-૦૬-૨૦૧૪)

(૧) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે નોલેજ સેન્ટરની કામગીરી જાન્યુઆરી–૨૦૧૨થી શરૂ કરવામાં આવેલ હતી.

(૨) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગરના આધુનિકીકરણ તેમજ નોલેજ સેન્ટર તૈયાર કરવા માટે રૂા. ૩૦૦/- લાખનો ખર્ચ થયેલ છે.

(૩) હા, કાર્યરત છે.

(૪) અને (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## અમદાવાદ શહેરમાં જૂની પેટર્નની લિફ્ટ નવા સુધારેલ કાયદા અનુસાર ફેરવવાની કાર્યવાહી બાબત

અતારાંકિતઃ ૨૮૦૨ (૨૫-૦૧-૨૦૧૪) **ડો. તેજશ્રીબેન પટેલ** (વિરમગામ): **માનનીય ઉર્જામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલી લીફ્ટ, ગુજરાત લિફ્ટ એન્ડ એસ્કેલેટર એક્ટની નવી જોગવાઈ મુજબ નથી અને જૂની પેટર્નની છે ?

(૨) જૂની પેટર્નની લીફ્ટને નવા સુધારેલા કાયદાની જોગવાઈઓ અનુસાર ફેરવવા શી કાર્યવાહી કરવામાં આવી છે ? અને

(૩) સદરહુ જવાબદારી કોને સોંપવામાં આવી છે અને ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**ઉર્જા મંત્રીશ્રી** : (૨૬-૬-૧૪)

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૦ અગાઉ બોમ્બે લીફ્ટ એક્ટ, ૧૯૩૯ અમલમાં હતો અને તે કાયદા હેઠળ લીફ્ટની મંજૂરી આપવામાં આવતી હતી. ગુજરાત લીફ્ટ અને એસ્કેલેટર્સ એક્ટ, ૨૦૦૦ અને તે હેઠળ ઘડાયેલ નિયમો, ૨૦૦૧ થી અમલમાં આવતા સદરહુ અધિનિયમ અને નિયમોની જોગવાઈઓ મુજબ લીફ્ટની મંજૂરી વગેરે આપવામાં આવે છે. આમ, જૂની પેટર્નની લીફ્ટ કે નવી પેટર્નની લીફ્ટ એવું તારણ નીકળી શકે નહીં પરંતુ જૂના અને નવા અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે આપવામાં આવેલ મંજૂરીઓને અલગ પડી શકાય.

આમ, ઉપરોક્ત પિરપેક્ષ્યમાં જૂના કાયદા એટલે કે બોમ્બે લીફ્ટ એક્ટ, ૧૯૩૯ મુજબ ૨૪૦૦ જેટલી લીફ્ટ અમદાવાદ શહેરમાં તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છે. ગુજરાત લીફ્ટ અને એસ્કેલેટર્સ એક્ટ, ૨૦૦૦ અને તે હેઠળ ઘડાયેલા નિયમો, ૨૦૧૧ હેઠળ કુલ ૩૬૦૦૦ જેટલી લિફ્ટને મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ગુજરાત લીફ્ટ અને એસ્કેલેટર એક્ટ, ૨૦૦૦ અને તે હેઠળ ઘડાયેલ નિયમો મુજબ બધા જ લીફ્ટના માલિકોને નોટિસો આપવામાં આવેલ છે અને તદનુસાર જેમની અરજીઓ મળે તેમને નિયમાનુસાર લાયસન્સ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૩) કાયદાની જોગવાઈઓ મુજબ આ કામગીરી ચીફ ઈન્સ્પેક્ટર ઓફ લીફ્ટને સોંપવામાં આવેલ છે. આ અંગેની કાર્યવાહી પૂર્ણ કરવાની સમયમર્યાદા અધિનિયમ કે નિયમોમાં સુનિશ્ચિત થયેલ નથી પરંતુ કચેરીમાં આવી અરજીઓ મળ્યા બાદ સત્વરે તેનો નિર્ણય/નિકાલ થાય તે પ્રકારની કાર્યપદ્ધતિ અમલમાં છે.

-----------

## રાજ્યમાં સરકાર હસ્તકના અને ખાનગી વીજ કંપનીઓની વીજ ઉત્પાદન ક્ષમતા બાબત.

અતારાંકિતઃ ૨૮૮૫ (૧૯-૦૪-૨૦૧૪) ડૉ. **તેજશ્રીબેન પટેલ** (વિરમગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં રાજ્ય સરકાર હસ્તકના અને ખાનગી વીજ કંપનીઓની વીજ ઉત્પાદન ક્ષમતા વીજ મથકોવાર અને ખાનગી વીજ કંપનીઓવાર કેટલી છે ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય હસ્તકના દરેક વીજ મથકોવાર કેટલી વીજ ઉત્પાદિત કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર હસ્તકના અને ખાનગી વીજ મથકોમાં કેટલો વીજ ઉત્પાદનમાં વધારો-ઘટાડો થયો ?

ઉર્જા મંત્રીશ્રીઃ (૩૦-૦૬-૧૪)

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ રાજયમાં રાજ્ય સરકાર હસ્તકના અને ખાનગી વીજ કંપનીઓના વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે.

| | **પાવર પ્લાન્ટનું નામ** | **વીજ ક્ષમતા (મે. વો.)** |
|---|---|---|
| **(અ)** | **રાજ્ય સરકાર હસ્તકના મથકો** | |
| | **જી. એસ. ઈ. સી. એલ. પ્લાન્ટસ** | |
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (૧-૬) | ૧૩૫૦ |
| ૨ | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન (૧-૭) | ૧૪૭૦ |
| ૩ | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (૧-૫) | ૮૭૦ |
| ૪ | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૨૪૦ |
| ૫ | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ |
| ૬ | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૧૦ |
| ૭ | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૨૧૯ |
| ૮ | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ |
| ૯ | કડાણા હાઈડ્રો | ૨૪૨ |
| | **જી.એસ.ઈ.સી.એલ.-કુલ** | **૫૪૯૬** |
| | રાજ્ય સરકારની માલીકીના સ્વતંત્ર વીજ ઉત્પાદન મથકો આઈ પી પી | |
| ૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા | ૧૫૬ |
| ૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. સટેજ-૧* | ૧૪૫ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. સટેજ-૨ | ૧૬૫ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. એસએલપીપી | ૫૦૦ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ |
| ૬ | ગુજરાત સ્ટેજ એનર્જી જનરેશન લી. હજીરા (એક્ષપાન્સન) | ૩૫૧ |
| | **રાજ્ય સરકારની માલીકીના આઈ.પી.પી.-કુલ** | **૧૫૬૭** |
| | **રાજ્ય સરકાર હસ્તકના મથકો-કુલ** | **૭૦૬૩** |
| **(બ)** | **ખાનગી સાહસો-આઈપીપી** | |
| ૧ | ચાઈના લાઈટ પાવર લી. (ગુજરાત પગુથન પાવર કંપની) | ૬૫૫ |
| ૨ | એસ્સાર ગેસ પાવર સ્ટેશન | ૩૦૦ |
| ૩ | ટોરેન્ટ પાવર એઈસી (થર્મલ અને ગેસ) | ૫૦૦ |
| ૪ | સુજેન સી સી પી પી (ટોરેન્ટ) | ૧૧૪૭ |
| ૫ | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ અદાણી-બિડ ૧ | ૧૦૦૦ |
| ૬ | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ અદાણી-બિડ ૨ | ૧૦૦૦ |

| | | |
|---|---|---|
| ૭ | એ. સી. બી. (ઈન્ડીયા) લી. | ૨૦૦ |
| ૮ | એસ્સાર પાવર ગુજરાત લી. | ૧૦૦૦ |
| ૯ | મુન્દ્રા યુ.એમ.પી.પી.–કોસ્ટોલ ગુજરાત પાવર લી. | ૧૮૦૫ |
| | **ખાનગી સાહસો આઈ.પી.પી.–કુલ** | **૭૬૦૭** |

(૨) રાજયની વીજ વિતરણ કંપનીઓ દ્વારા વીજ મથકોમાંથી વીજ ઉત્પાદન નામદાર વીજ નિયમન આયોગની મેરીટ ઓર્ડર અંગેની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને, અને રાજયની વીજમાંગ પુરી થાય ત્યાં સુધી મેળવવામાં આવે છે. ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર રાજય હસ્તકના વીજ મથકોમાંથી મેળવવામાં આવેલ ઉત્પાદિત વીજળીની વિગત નીચે મુજબ છે.

| **વીજ મથકોના નામ** | **વીજ ખરીદી (મિ. યુ.)** | | | | |
|---|---|---|---|---|---|
| | ૦૮-૦૯ | ૦૯-૧૦ | ૧૦-૧૧ | ૧૧-૧૨ | ૧૨-૧૩ |
| રાજ્ય સરકાર હસ્તકના મથકો | | | | | |
| જી. એસ. ઈ. સી. એલ. પ્લાન્ટસ | | | | | |
| ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન (૧-૬) | ૪૪૦૫ | ૪૪૪૨ | ૪૮૪૭ | ૫૦૪૯ | ૪૮૨૬ |
| ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન (૧-૫) | ૫૩૮૮ | ૫૩૩૧ | ૪૮૧૧ | ૪૯૧૨ | ૩૫૪૯ |
| વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન (૧-૭) | ૧૦૨૪૯ | ૧૦૦૬૬ | ૯૦૧૩ | ૯૨૯૩ | ૮૨૩૬ |
| સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૧૨૪૮ | ૧૨૧૧ | ૧૦૨૯ | ૮૭૦ | ૭૦૮ |
| કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૧૦૯૯ | ૧૦૨૬ | ૧૧૬૬ | ૧૨૯૦ | ૧૫૧૦ |
| ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૮૨૫ | ૧૯૩૧ | ૨૮૩૫ | ૨૮૬૮ | ૯૦૧ |
| ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૧૧૨૮ | ૧૨૯૪ | ૮૪૨ | ૯૪૪ | ૮૦૮ |
| ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન (ઓલ્ડ) | ૧૦૫૪ | ૩૯૨ | ૦ | ૦ | ૦ |
| ઉકાઈ હાઈડ્રો | ૫૨૧ | ૩૩૩ | ૪૯૨ | ૪૬૨ | ૬૨૭ |
| કડાણા હાઈડ્રો | ૮૦ | ૧૧૨ | ૧૨૮ | ૨૬૨ | ૨૩૬ |
| **કુલ** | **૨૫૯૯૮** | **૨૬૧૩૭** | **૨૫૧૬૪** | **૨૫૯૫૧** | **૨૧૪૦૧** |
| રાજ્ય સરકારની માલીકીના સ્વતંત્ર વીજ ઉત્પાદકો | | | | | |
| ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા | ૯૫૧ | ૧૦૮૭ | ૯૯૦ | ૮૬૬ | ૬૭૩ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. સ્ટેજ-૧* | ૩૯૧ | ૩૭૫ | ૨૯૫ | ૨૯૩ | ૨૪૮ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. સ્ટેજ-૨ | ૧૦૯૫ | ૧૦૪૩ | ૮૧૯ | ૬૫૨ | ૩૭૦ |
| ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવરકંપની લી. એસએલપીપી | ૧૫૪૯ | ૧૬૧૫ | ૨૩૦૪ | ૨૫૪૭ | ૩૧૩૫ |
| ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન | ૯૨૬ | ૧૧૯૫ | ૯૯૧ | ૭૧૨ | ૭૪૩ |
| **કુલ** | **૪૯૧૨** | **૫૩૧૫** | **૫૩૯૯** | **૫૦૭૦** | **૫૧૬૯** |

* ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી (૧૪૫ મે. વો.) એ એક કેપ્ટીવ પાવર પ્લાન્ટ છે જેમાથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ નો હિસ્સો ૨૮.૭૪% (૪૨ મે. વો.) છે.

(3) છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો અને ખાનગી વીજ મથકોની સ્થાપિત વીજ ક્ષમતામાં થયેલ વધારાની વિગત નીચે મુજબ છે.

| **વીજ મથકો** | **સ્થાપિત વીજ ક્ષમતામાં થયેલ વધારાની વિગત** | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૦૮-૦૯ | ૦૯-૧૦ | ૧૦-૧૧ | ૧૧-૧૨ | ૧૨-૧૩ | કુલ |
| જી. એસ. ઈ. સી. એલ | ૦ | ૪૫૦ | ૦ | ૦ | ૫૦૦ | ૯૫૦ |
| રાજ્ય સરકારની માલીકીના સ્વતંત્ર વીજ ઉત્પાદકો | ૫ | ૦ | ૨૫૦ | ૩૫૧ | ૦ | ૬૦૬ |
| ખાનગી સાહસો | ૦ | ૧૬૪૭ | ૧૦૦૦ | ૧૪૬૧ | ૨૦૪૪ | ૬૧૫૨ |
| **કુલ** | **૫** | **૨૦૯૭** | **૧૨૫૦** | **૧૮૧૨** | **૨૫૪૪** | **૭૭૦૮** |

* વર્ષ ૨૦૧૦–૧૧ માં જી. એસ. ઈ. એલ. ધુવારણ–૨૨૦ મે. વો. વીજ ક્ષમતા ને બિન કાર્યરત કરવામાં આવેલ છે.

-----------

## સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણો રદ કરવા બાબત

અતારાંકિતઃ ૨૯૨૦(૧૯-૦૪-૨૦૧૪) શ્રી **મહેન્દ્રસિંહ બારૈયા** (પ્રાંતિજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

તા. ૨૮–૦૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર એક બ્લોક સર્વે નંબરમાં હોવાના કારણે કેટલા કૃષિ વિષયક વિજ જોડાણો રદ કરવામાં આવ્યા?

**ઉર્જા મંત્રી શ્રી** : **(૨૧-૦૬-૧૪)**

તા. ૨૮–૦૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં એક બ્લોક સર્વે નંબરમાં હોવાના કારણે કોઈ હયાત કૃષિ વિષયક વિજ જોડાણ રદ કરવામાં આવ્યા નથી.

-----------

## રાજ્યના આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા

અતારાંકિતઃ ૨૮૨૨(૦૫-૦૫-૨૦૧૪) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી :** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) ઉકત આંગણવાડી કેન્દ્રોમાં સરકાર કેટલા સમયમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગે છે ?

**મહિલા અને બાળ કલ્યાણ (રાજ્ય કક્ષા) મંત્રી શ્રી** : **(૨૭-૦૬-૧૪)**

(૧)

| **ક્રમ** | **જીલ્લાનું નામ** | **શૌચાલયની સુવિધા નહિ ધરાવતા** |
|---|---|---|

| | | જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૦૫ |
| ૨ | અમરેલી | ૪૦૯ |
| ૩ | બનાસકાંઠા | ૧૧૦૬ |
| ૪ | વડોદરા | ૫૭૨ |
| ૫ | ભરૂચ | ૨૦૫ |
| ૬ | નર્મદા | ૨૨૯ |
| ૭ | ભાવનગર | ૩૪૦ |
| ૮ | ડાંગ | ૧૯૪ |
| ૯ | જામનગર | ૨૪૦ |
| ૧૦ | જુનાગઢ | ૨૦૫ |
| ૧૧ | પોરબંદર | ૪૫ |
| ૧૨ | કચ્છ | ૩૬૨ |
| ૧૩ | મહેસાણા | ૧૮૪ |
| ૧૪ | પાટણ | ૫૧ |
| ૧૫ | પંચમહાલ | ૪૭૬ |
| ૧૬ | દાહોદ | ૧૦૪૪ |
| ૧૭ | રાજકોટ | ૩૯૩ |
| ૧૮ | સાબરકાંઠા | ૫૦૪ |
| ૧૯ | સુરત | ૨૬૧ |
| **ક્રમ** | **જીલ્લાનું નામ** | **શૌચાલયની સુવિધા નહિ ધરાવતા જિલ્લાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા** |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૨૦૧ |
| ૨૧ | ગાંધીનગર | ૬૮ |
| ૨૨ | ખેડા | ૨૧૦ |
| ૨૩ | આણંદ | ૧૫૫ |
| ૨૪ | વલસાડ | ૯૩૮ |
| ૨૫ | નવસારી | ૨૬૫ |
| ૨૬ | તાપી | ૨૮૦ |
| | **કુલ** | **૯૧૪૨** |

(૨) સરકાર આ આંગણવાડી કેન્દ્રોમાં તબક્કાવાર શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગે છે.

તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

-----------

## વન અધિકાર કાયદા નીચે ૧૦ એકરની મર્યાદામાં જમીન આપવા બાબત

અતારાંકિતઃ ૨૬૧૪ (૨૫-૦૧-૨૦૧૪) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૦–૦૮–૨૦૧૩ની સ્થિતિએ વનમાં વસનારા આદિવાસીઓના વન અધિકારોની માન્યતા આપતો અધિનિયમ–૨૦૦૬ અનુસાર તા. ૧૩–૧૨–૨૦૦૫ સુધી જંગલની જમીન ખેડતાં ખેડૂતોને જમીન ૧૦ એકરની મર્યાદામાં રાખીને કાયમી હક્ક આપવામાં આવી રહ્યો છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર આવો હક્ક મેળવવાની કેટલી દાવાની અરજીઓ મળી, તે પૈકી કેટલી મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી અને,

(૩) આ દાવાની અરજીઓ નામંજૂર કરવાનાં શાં કારણો છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (**૨૬-૦૬-૧૪)

(૧) હા જી

(૨) તા. ૩૦–૦૮–૨૦૧૩ની સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર મળેલ દાવા અરજીઓ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | મળેલ દાવા | મંજૂર થયેલ દાવાની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૯૪૮૮ | ૪૫૨૩ |
| સાબરકાંઠા | ૧૯૬૨૫ | ૫૯૪૬ |
| પંચમહાલ | ૨૩૬૬૬ | ૩૫૮૧ |
| દાહોદ | ૨૦૧૫૦ | ૩૧૬૨ |
| વડોદરા | ૧૭૫૫૭ | ૬૪૧૩ |
| નર્મદા | ૧૭૭૮૩ | ૬૧૫૦ |
| ભરૂચ | ૪૦૭૬ | ૧૮૭૧ |
| સુરત | ૭૭૪૭ | ૩૯૭૫ |
| જિલ્લાનું નામ | મળેલ દાવા | મંજૂર થયેલ દાવાની સંખ્યા |
| તાપી | ૧૧૯૪૭ | ૩૦૩૪ |
| ડાંગ | ૭૩૪૧ | ૧૩૯૨ |
| નવસારી | ૯૩૨૨ | ૨૦૬૬ |
| વલસાડ | ૩૪૧૬૭ | ૧૪૪૬૭ |
| કુલ | ૧૮૨૮૬૯ | ૫૬૫૮૦ |

માન્ય ન થયેલ હોય તેવા દાવા પુનઃસમિક્ષામાં છે. તેથી હાલ કોઈ દાવા નામંજૂર કરવામાં આવ્યા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પંચમહાલ જિલ્લામાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ ફાળવવામાં આવેલ રકમ**

અતારાંકિતઃ ૨૮૩૩ (૯-૦૨-૨૦૧૪) **શ્રી જેઠાભાઈ ભરવાડ** (શહેરા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં પંચમહાલ જિલ્લામાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તેમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા ખર્ચ કરવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** : (૨૬-૬-૧૪)

(૧) રૂ।. ૩૫૨.૭૬ કરોડ

(૨) રૂ।. ૨૩૮.૧૮ કરોડ.

-----------

**વલસાડ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ફાળવવામાં આવેલ રકમ**

અતારાંકિતઃ ૨૮૩૮(૦૯-૦૨-૨૦૧૪) શ્રી **કનુભાઈ દેસાઈ (પારડી)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રી શ્રી** જણાવવા કૃપા
કરશે કેઃ-

(૧) વર્ષ ૨૦૧૨–૧૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ માં તા. ૩૧–૧૨–૨૦૧૩ સુધીમાં વલસાડ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી. અને

(૨) તેમાંથી ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**આદિજાતિ વિકાસ મંત્રી શ્રી** : **(૨૬-૦૬-૧૪)**

(૧) રૂ. ૫૭૯.૯૩ કરોડ

(૨) રૂ. ૩૨૮.૪૦ કરોડ

-----------

**સન ૨૦૧૩-૧૪ના રાજયના બજેટમાં મંજુર અને ખર્ચ કરવામાં આવેલ રકમ**

અતારાંકિતઃ ૨૯૩૩(૦૫-૦૫-૨૦૧૪) શ્રી **મણીલાલ વાઘેલા (વડગામ)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રી શ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) સન ૨૦૧૩–૧૪ ના વર્ષમાં રાજ્યના બજેટમાં આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી.

(૨) ઉકત મંજુર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**આદિજાતિ વિકાસ મંત્રી શ્રી** : **(૧૯-૦૬-૧૪)**

(૧) રૂ. ૯૫૪.૦૦ કરોડ

(૨) રૂ. ૩૮૭.૦૦ કરોડ

(૩) ફાળવેલ રકમનો મહત્તમ ઉપયોગ થાય તે માટે પ્રાયોજના વહીવટદારશ્રીઓ તેમજ તકેદારી અધિકારીશ્રીઓ સાથે બેઠકો રાખીને જરૂરી સમીક્ષા કરવામાં આવેલ છે.

**-----------**

**સન ૨૦૧૩-૧૪ માં કલાઈમેટ ચેન્જ વિભાગની બજેટમાં મંજુર કરેલ રકમ**

અતારાંકિતઃ ૨૯૩૭ (૯-૫-૨૦૧૪) **શ્રી મણિલાલ વાઘેલા** (વડગામ): **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલાઈમેટ ચેન્જ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) સન ૨૦૧૩–૧૪ના વર્ષના રાજ્યના બજેટમાં કલાઈમેટ ચેન્જ વિભાગ માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવ્યા.

(૨) મંજુર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર–૨૦૧૩ સુધીમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો અને,

(૩) માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્ય મંત્રીશ્રી**(કલાઈમેટ ચેન્જ) (૨૬-૬-૨૦૧૪)

(૧) રૂ. ૧૧૦/– કરોડ

(૨) રૂ. ૧૩.૫૬ કરોડ

(૩) માર્ચ–૨૦૧૪ સુધીમાં મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે જુદા જુદા સંયંત્રોના બહોળા ઉપયોગ અર્થે લાભાર્થી પસંદગી, સ્થળ ચકાસણી કરી, ઈ–ટેન્ડરો દ્વારા પસંદ કરેલ ઉત્પાદકોને કામોની સોંપણી તેમજ અન્ય પ્રોજેકટ માટે પાયાની સંપૂર્ણ કામગીરીનું આયોજન કરેલ છે.

**-----------**

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૨૮૪૧, ૨૯૩૧ | ૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૨૮૪૭, ૨૯૩૮ | ૨ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૨૯૪, ૯૯૯, ૧૨૧૫, ૧૨૧૬, ૧૩૩૪, ૨૮૯૧, ૨૮૯૩, ૨૮૯૪, ૨૯૨૯, ૩૦૬૨ | ૧૦ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૮૧૧ | ૧ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૨૯૭૨, ૨૯૭૬, ૩૨૬૧, ૩૨૬૨ | ૪ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૦૧૪ | ૧ |
| ૭ | ગૃહ વિભાગ | ૨૮૫૬, ૨૮૫૯, ૨૮૬૧ | ૩ |
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૮૮૩ | ૧ |
| ૯ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૨૯૪૭ | ૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૨૯૦૦ | ૧ |
| ૧૧ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૫૨૬, ૨૭૪૧, ૨૯૦૫, ૨૯૧૭ | ૪ |
| ૧૨ | મહેસૂલ વિભાગ | ૨૬૮૭, ૨૬૮૮, ૨૭૦૪, ૨૮૭૩, ૨૯૪૫ | ૫ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૩૧૫૪ | ૧ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૧૭૬, ૩૧૭૭, ૩૧૭૮ | ૩ |
| ૧૫ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૨૬૪૩ | ૧ |
| ૧૬ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | ૨૯૨૬ | ૧ |
| ૧૭ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૨૮૦૨, ૨૮૮૫, ૨૯૨૦ | ૩ |
| ૧૮ | મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૮૮૨ | ૧ |
| ૧૯ | આદિજાતિ વિકાસ વિભાગ | ૨૬૧૪, ૨૮૩૩, ૨૮૩૮, ૨૯૩૩ | ૪ |
| ૨૦ | ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ | ૨૯૩૭ | ૧ |
| | | **કુલ** | **૫૦** |

**ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

## માંજલપુર–અટલાદરાને જોડતો બ્રિજ તૂટતા જવાબદારો સામે પગલાં લેવા અંગે

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)નું ધ્યાન દોરું છું અને તે સંબંધે તેઓને નિવેદન કરવા વિનંતી કરું છું.

''તાજેતરમાં વડોદરા માંજલપુર–અટલાદરાને જોડતા બ્રિજનું લોકાપર્ણ થયું છે, આ બ્રિજનો કેટલોક ભાગ તૂટી જવાથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે અને બ્રિજ બંધ થવાથી વાહનવ્યવહાર અને આમ જનતાને પડતી પારાવાર મુશ્કેલીઓ દૂર કરવા તેમજ આ બ્રિજના હલકા બાંધકામ અંગે જવાબદારો સામે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી **<p a g e** નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અટલાદરાથી માંજલપુરને જોડતી ૩૬. મી.ની રોડ લાઇનમાં આવતી વિશ્વામિત્રી નદી પર બ્રિજ બનાવવાની કામગીરીને નીચેની વિગતે રૂ. ૧૩.૦૬ કરોડની મંજૂરી વડોદરા મહાનગરપાલિકાએ તા. ૨૧–૯–૨૦૧૨ના રોજ આપેલ.

–બ્રિજની લંબાઇ ૮૦ મીટર.

–માંજલપુર તરફ એપ્રોચ લંબાઇ ૮૦ મીટર

– અટલાદરા તરફ એપ્રોચ લંબાઇ ૧૦૦ મીટર

–બ્રિજની પહોળાઇ ૨૭.૪૨ મીટર અને એપ્રોચની પહોળાઇ ૨૪.૬૦ મીટર.

આ કામ માટે સૌથી નીચા ભાવના ઇજારદાર તરીકે મે. અવધૂત કન્સ્ટ્રકશન કં. મહેસાણાના ભાવપત્રક રૂપિયા ૧૩.૦૬ કરોડના વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ દ્વારા તા. ૨૧–૯–૨૦૧૨થી મંજૂર કરવામાં આવેલ હતા. જે અંદાજી ભાવથી ૮.૨૮ ટકા ઓછા હતા. ઇજારદાર મે. અવધૂત કન્સ્ટ્રકશન કં. મહેસાણાને તા. ૨૪–૯–૨૦૧૨ થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ અને કામગીરી તા. ૩૧–૫–૨૦૧૪ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

તા. ૧૮–૭–૨૦૧૪ના રાત્રે અને તા. ૧૯–૭–૨૦૧૪ના રોજ વહેલી સવારે વડોદરા શહેરમાં ખૂબ જ ભારે ઇન્ટેનસીટીથી પડેલ આશરે ૮.૫ ઇંચ જેટલા વરસાદના કારણે વિશ્વામિત્રી નદીનું જળસ્તર વધેલ. એપ્રોચના ભાગમાં ભારે વરસાદ અને પાણીના થયેલ સિપેજના કારણે બ્રિજના એપ્રોચના સાઇડ શોલ્ડર્સનું ધોવાણ થયેલ છે. નદી પરના મુખ્ય બ્રિજને કોઇ નુકસાન થયા પામેલ નથી. ફકત એપ્રોચ રોડની બંને સાઇડનું ધોવાણ થયેલ છે. વધુમાં આ ઘટનાના કારણે કોઇ જાનહાનિ થઇ નથી કે કોઇ ઘવાયું નથી. કોઇ માલ મિલકતને કે વાહનને પણ આ ઘટનાથી કોઇ નુકસાન થયેલ નથી.

એપ્રોચ રોડની સાઇડનું ધોવાણ થતા પ્રાથમિક દ્રષ્ટિએ અંદાજીત રૂપિયા દસ લાખનું નુકસાન થયાનું જણાયેલ છે. સદર કામગીરી ઇજાદારની ડિફેકટ લાયેબિલિટી પિરિયડ હેઠળ છે અને તેમના જોખમે અને ખર્ચે કરાવવામાં આવનાર છે. આમ રાજય સરકાર કે વડોદરા મહાનગરપાલિકા પર કોઇ નાણાકીય બોજ પડવાનો નથી. સદર બ્રિજની કામગીરીનું પાર્ટ ચૂકવણું જ કરવામાં આવેલ છે.

**વડોદરા મહાનગરપાલિકાએ લીધેલ પગલાં**

ઘટનાના દિવસે તા. ૧૯–૭–૨૦૧૪ના રોજ આ કામના ઇજારદાર મે. અવધૂત કન્સ્ટ્રકશનને કામગીરીની ગુણાવત્તા તથા નિષ્કાળજી સંદર્ભે અને પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ મે. મલ્ટી મિડિયા કન્સલ્ટન્ટ પ્રા.લિ. અમદાવાદને તેમની ડિઝાઇન તથા સુપરવિઝન સંદર્ભે નોટિસ આપવામાં આવેલ છે

તથા થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન એજન્સી મે. સર્ટિફિકેશન એન્જિનિયર્સ ઇન્ટરનેશનલ લિમિટેડ (સીઇઆઇએલ) ને પણ આ કામની ગુણાવત્તા સંદર્ભે જરૂરી સ્પષ્ટતા માંગતી નોટિસો આપવામાં આવેલ છે.

બ્રિજના એપ્રોચ રોડની સાઇડમાં પડેલ તિરાડો અંગે તથા બ્રિજ સહિતની સંપૂર્ણ સ્ટ્રકચરલ સ્ટેબિલિટી અંગેની તથા સદર બાબતે ઈજારદાર તેમજ તાંત્રિક અધિકારીઓની ક્ષતિ અંગે વિગતવાર તપાસ અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી, આર એન્ડ બી ડિઝાઇન વિભાગ ગાંધીનગરે તા. ૨૧–૭–૨૦૧૪નો પ્રાથમિક નિરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે અને વિગતવાર અહેવાલ પણ રજૂ કરશે.

વડોદરા મહાનગરપાલિકાએ જીઇઆરઆઇ વિભાગને સદર બ્રિજમાં વપરાયેલ મટિરિયલની ગુણાવત્તાની ચકાસણી બાબતે જરૂરી નમૂના લઇ ટેસ્ટીંગ કરી ગુણાવત્તા બાબતનો વિગતવાર તપાસ અહેવાલ રજૂ કરવા તા. ૧૯–૭–૨૦૧૪ના પત્રથી જણાવેલ છે. જે અન્વયે જીઇઆરઆઇ વિભાગ દ્વારા તા. ૨૨–૭–૨૦૧૪ના રોજ સ્થળ મુલાકાત કરેલ છે. સ્થળે નમૂના લીધા બાદ જરૂરી પરીક્ષણો થયેથી તપાસનો અહેવાલ જીઇઆરઆઇ પાસે અપેક્ષિત છે.

આ ઉપરાંત બ્રિજની કામગીરી સાથે સંકળાયેલ સબંધિત તમામ એજન્સીઓને અત્રેથી બનાવના સંદર્ભે જરૂરી સ્પષ્ટતાઓ કરવા ઘટનાના દિવસે તા. ૧૯–૭–૨૦૧૪ના રોજ નોટિસ ઇસ્યુ કરવામાં આવેલ છે.

**વડોદરા મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવનાર પગલાં.**

આર એન્ડ બી વિભાગ તથા જીઇઆરઆઇના તપાસ અહેવાલ પ્રાપ્ત થયેથી સદર કામે જવાબદાર તમામ એજન્સીઓ સામે તુર્તજ કડક કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારને જે આવક થાય છે, કોર્પોરેશનને જે આવક થાય છે એ પ્રજાના પૈસાથી ટેકસ દ્વારા આવતી હોય છે એને વિકાસની અંદર આપણે રૂપાંતરિત કરતાં હોઇએ છીએ. એવા સંજોગોમાં પ્રજાને વાપરવા માટેની વસ્તુમાં વપરાતા હોય એમાં જે કંઇ બનાવતા હોય કે એનો કોન્ટ્રાકટ નિયમ અનુસાર આપતા હોય એની અંદર જે કોઇ કંપનીઓ કામ કરતી હોય અને એ કોન્ટ્રકટર પર ધ્યાન રાખતા અધિકારીઓ હોય એ તમામ લોકોની જવાબદારી ફિકસ કરીને એ લોકો સામે કાયદેસરના પગલાં લઇ અને એની તપાસ કરાવીને એને સજા કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમે જે નિવેદન વહેચ્યું છે એમાં પણ સ્પષ્ટ પ્રમાણે જણાવ્યું છે કે વડોદરા મ્યુનિસિપલ કોરપોરેશન, માર્ગ મકાન વિભાગ દ્વારા તપાસ કરાવે છે. માર્ગ મકાન વિભાગના સ્ટ્રકચર એન્જિનિયરો દ્વારા એનો અહેવાલ આવેથી કોઇપણ રીતે ગરબડ થઇ હશે, કામની ગુણવત્તા નબળી રાખી હશે અથવા કામમાં દેખરેખનું કવોલિટીનું સુપરવિઝનની નબળાઇ હશે તો પગલાં લેવામાં આવશે એ અમે નિવેદનમાં બતાવેલ જ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : આ ઘટના બનતા કોર્પોરેશને ત્વરિત શું પગલાં લીધા. મારી જાણમાં છે કે બ્રિજ તૂટલો નથી એપ્રોચ તૂટેલો છે એ વાત સાચી છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇએ જે વાત કરી એ સાચી છે. આ જે પુલ બન્યો છે એ સિમેન્ટ ક્રોંકિટના સ્ટ્રકચરથી બનેલ છે એને કોઇ જાતનું નુકસાન થયેલ નથી. વડોદરામાં ૮.૫ ઇંચ વરસાદ આજુબાજુના કેચમેન્ટ વિસ્તારમાં થતાં આ નવો પુલ બન્યો છે હજી તો એના એપ્રોચના બે બાજુના છેડા મેળવવાના બાકી છે એની ઉપર કોઇ વાહન વ્યવહાર ચાલુ કરવામાં આવેલ નથી. વધારે વરસાદ થયો, બાજુના તળાવમાં પાણી ભરાઇ રહેલું એટલે ભેજ લાગવાને કારણે માટી પીગળી અને એના કારણે માટીના એપ્રોચમાં સેટલમેન્ટ થયું છે એ સેટલમેન્ટ બેઠું છે, એપ્રોચ રોડ બેઠો છે. પુલને કોઇ નુકસાન થયું નથી. વાહનવ્યવહાર હજુ ચાલુ થયો નથી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ બ્રિજનું બાંધકામ સમયે જે તે વિભાગના કયા કયા અધિકારીઓ સ્થળ ઉપર બાંધકામની ચકાસણી કરવા કેટલીવાર ગયા અને જો આ ચકાસણી કરવા ન ગયા હોય તો જવાબદાર સામે સરકારશ્રી પગલા ભરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ કામમાં ઇજારદારની સાથે સાથે થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન પણ આપણે કરાવીએ છીએ. એ એજન્સીની પણ સ્પષ્ટતા માગી છે એને પણ નોટિસ આપી છે. કન્સલ્ટન્ટની દેખરેખ હતી, જેણે ડિઝાઇન વગેરે કરી છે એને પણ નોટિસ આપીને સ્પષ્ટતા માગી છે. મૂળ માર્ગ મકાન વિભાગ ગુજરાત સરકાર આની તપાસ કરે છે એના અહેવાલના આધારે કોઇપણ ગુણાવત્તા નબળી જણાશે તો કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માંજલપુર–અટલાદરા મારા વિસ્તારમાં છે. મલ્ટી મિડિયા કંપનીએ બનાવેલ ડિઝાઇન છે. રાજયના માર્ગ અને મકાન વિભાગે આમાં ખામી છે તેવું જણાવ્યું છે. બીજું, અવધૂત કન્સ્ટ્રકશન કંપનીએ બ્રિજ બનાવ્યો છે. તેણે બાજુમાંથી માટી ખોદીને પુરાણ કર્યું છે. પુરાણ બરાબર નથી થયું. પીચીંગ બરાબર નથી થયું એવી કોરપોરેશને એક વર્ષ પહેલાં નોટિસ આપેલી. C .E .I .L . જે થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન કરે છે તેણે ઇન્સ્પેકશન બરાબર કર્યું નથી તો તેને બ્લેક લિસ્ટ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : પાંચ પ્રશ્ન ન પૂછાય, એક જ પ્રશ્ન.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તે પ્રમાણે આ બ્રિજના એપ્રોચમાં જે મટિરિયલ, માટી, સિમેન્ટ, સ્ટીલ જે વપરાયું છે તેના નમૂના લેવામાં આવ્યા છે. તેની ચકાસણી ચાલી રહી છે અને ફરીથી કહું છું કે ગુણવત્તામાં કોઇ ખામી હશે તો યોગ્ય પગલાં ભરવામાં આવશે અને કોરપોરેશન ભરશે. આ વડોદરા કોરપોરેશનની માલિકીનો બ્રિજ છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેનું ઉદ્ઘાટન કર્યું હોય, રોડ કે પુલ કમ્પ્લીટ...

અધ્યક્ષશ્રી : પુલ તૂટયો તેનું કહો ને,

શ્રી નિરંજન પટેલ : પુલનો ભાગ છે એ તૂટી ગયો. પુલ અદ્ધર થયો તે વાપરવા જેવો રહ્યો નથી. કોન્ટ્રાકટરને બ્લેકલિસ્ટ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : કોણે ઉદ્ઘાટન કર્યું, કોણે ખાતમુહૂર્ત કર્યું એ નહીં. પુલ તૂટ્યો એનું પૂછો.

શ્રી નિરંજન પટેલ : આ બીજે જશે તો બીજે આવું કરશે પાછો.

અધ્યક્ષશ્રી : તપાસ કરવાનું તો કહ્યું. બીજી વાર કહો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ફરીથી કહું સાહેબ, ગુણવત્તાની તપાસ કરવામાં આવશે. કોઇ પણ કામમાં, ડિઝાઇન સહિત મટિરિયલ વપરાશમાં જયાં નબળાઇ હશે તે અંગે કાર્યવાહી કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : આપણે બોલ્યા ફરવું નહીં. એક વાર કહ્યું એ બીજી વાર કહેવું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

કાયદા વિભાગ,

માગણી ક્રમાંક–૬૦

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજય કક્ષાના કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રના વહીવટ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૧૫,૩૯,૫૧,૦૦૦ની માગણી ક્રમાંક–૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને કાપ દરખાસ્ત બન્ને ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**નંબર - ૧૧**

**નોટિસ પેપર ભાગ - ૩**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **ગુરૂવાર તા. ૨૪–૭–૨૦૧૪ (બીજી બેઠક) (અગીયારમો દિવસ)**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કાયદા વિભાગ**<br>**માગણી નં ૬૦** | | |
| ૧ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫–સિવિલ....... કોર્ટ<br>૦૧–જિલ્લા ..... જજ<br>રૂ.૧,૫૩,૫૮,૩૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬<br>પાના નં. ૧૨–૧૩ | ૧૦૦ | કોર્ટોમાં વારંવાર પડતી મુદતોના કારણે થતા કેસોનો ભરાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (ઇશ્વરભાઇ પટેલ) |
| ૨ | –– " –– | ૧૦૦ | અદાલતોની કાર્યવાહી ઝડપી અને પારદર્શક બનાવી જજોની જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઇ ચૌધરી (મંગળભાઇ ગાવિત) |
| ૩ | –– " –– | ૧૦૦ | વર્ષોથી પડતર કેસોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (હર્ષદભાઇ રીબડિયા) |
| ૪ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૮–ફોજદારી કોર્ટ<br>૦૧–અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂ. ૩૦,૦૨,૭૫,૦૦૦<br>અ.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૪–૨૫ | ૧૦૦ | ફોજદારી કેસોમાં થયેલા ભરાવાનો નિકાલ કરી ઝડપી ચુકાદાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી (ધારશીભાઇ ખાનપુરા) |
| ૫ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪–કાનૂની ... ધારાશાસ્ત્રીઓ<br>૦૧–કાયદા અધિકારીઓ<br>રૂ. ૬૧,૬૮,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૬<br>પાના નં– ૨૭–૨૮ | ૧૦૦ | સરકારી વકીલોને પૂરતું વળતર આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઇ ગામીત (ભોળાભાઇ ગોહેલ) |
| ૬ | –– " –– | ૧૦૦ | સરકારી વકીલો દ્વારા થતી કાનુની કાર્યવાહીઓની કામગીરી સંગીન બનાવી તંત્રને મજબૂત બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી આનંદભાઇ ચૌધરી (ગૌતમભાઇ ચૌહાણ) |

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા (પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી ન્યાયતંત્રના વહીવટ વિભાગની માગણી નં.૬૦ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાગરિકોને સમયસર ન્યાય મળે તે જોવાની જવાબદારી સરકારની હોય છે. સમયસર ન્યાય ન મળે એ પણ એક જાતનો અન્યાય જ છે. ત્યારે આ રાજયના નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૪–૧૫નું બજેટ રજૂ કર્યું ત્યારે તેમણે તેમના બજેટ પ્રવચનમાં સ્વીકાર્યું કે આ રાજયમાં ૨૦૧૩ની સ્થિતિએ ૨૩.૨૨ લાખ કેસો અનેક કોર્ટોમાં પડતર છે. એટલે આજે પણ આ રાજયના ૨૩.૨૨ લાખ પ્રજાજનો ન્યાયની રાહ જોઇને બેઠાં છે. આ ગૃહમાં જયારે બજેટ રજૂ કરવામાં આવે ત્યારે તેમાં મોટી મોટી રકમની જોગવાઇઓ કરવામાં આવે, પણ ખરેખર ખર્ચના આંકડા બહાર આવે ત્યારે તેના બજેટની રકમ કરતાં પણ કંઇક અલગ જ ઓછી રકમના આંકડા બહાર આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરું તો ૨૦૧૧–૧૨માં ૬૫૮.૪૧ લાખની જોગવાઇ સામે ૫૨૭.૪૩ લાખનો ખર્ચ થયો એટલે કે ૧૨૦.૮ ઓછો ખર્ચ થયો. વર્ષ ૨૦૧૨–૧૩માં ૬૭૯.૧૮ લાખ કરોડના ખર્ચ સામે ૫૩૨.૯૨ લાખનો ખર્ચ થયો.એટલે રૂ.૧૭૧.૫૭ લાખનો ખર્ચ ઓછો થયો છે. ૨૦૧૩–૧૪ના વર્ષમાં રૂ.૨૬૫.૦૬ ખર્ચ ઓછો થયો. આમ કાયદા વિભાગ દ્વારા બજેટમાં રકમ ફાળવવામાં આવે પણ આ બજેટની રકમના જે આંકડાઓ છે એમાં •(xxxxxx)અને તેથી સાચો ન્યાય પ્રજાને મળતો નથી. સમગ્ર ગુજરાત રાજયમાં ૨૩.૨૨ લાખ કેસો પડતર છે અને રાજયની જનતા સરકાર પાસે ન્યાયની રાહ જોઇને બેઠી છે. તેથી ગુજરાતની પ્રજાને આ સરકાર અન્યાય કરતી હોય તેવું લાગે છે.

અધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ દૂર કરવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ગુજરાત રાજ્યમાં એડવોકેટ તરીકે પ્રેક્ટીસ કરું છું. દરેક જિલ્લા મથકે ડિસ્ટ્રિક્ટ કોર્ટો છે, એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટો છે. જેમાં અનેક જગ્યાઓ ખાલી છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં મારી જાણ મુજબ ૧૯૫૮ કોર્ટો છે અને એમાંથી ૧૨૪૦ કોર્ટો ચાલુ છે અને ૭૧૮ જેટલી કોર્ટો બંધ છે. એટલે કે ૩૩ ટકા કોર્ટો બંધ હાલતમાં છે. એમાં કાં તો ન્યાયાધીશ નથી, કાં તો જુદા જુદા સંવર્ગનો સ્ટાફ નથી. એના કારણે પ્રજાને ખૂબ જ તકલીફ પડે છે. ગઇકાલના એક અતારાંકિત પ્રશ્નના જવાબમાં જોયું તો અમરેલી તાલુકામાં ૨૯૦ જગ્યાઓમાંથી મહેકમની ૮૦ જગ્યાઓ ખાલી હતી. ઘણી કોર્ટોમાં સ્ટેનોગ્રાફરો નથી. કોઇપણ જજીસ કામ કરતા હોય એમની પાસે સ્ટેનોગ્રાફર હોવા જોઇએ. સ્ટેનોગ્રાફર હોય તો એમને તેઓ જજમેન્ટ લખાવી શકે અને કેસનો નિકાલ કરી શકે. એ સ્ટેનોગ્રાફર વગર થઇ શકતું નથી. આવી સરકારની ગંભીર બેદરકારી છે. આવી સ્ટેનોગ્રાફરની મહત્વની જગ્યા ન ભરાય તો પ્રજાને ક્યારેય ઝડપી ન્યાય મળવાનો નથી. આ રાજ્યમાં રોજેરોજ કોર્ટોમાં લગભગ દિવસનું જે કોઇ પ્રોડકશન થાય છે અને ચાર્જશીટ મૂકાય છે એમાં મોટા ભાગની ચાર્જશીટ દારૂ પીવાના કેસની થતી હોય છે. આ રાજ્યમાં દારૂની રેલમછેલ છે. એના કારણે રાજ્યની કોર્ટોમાં કેસોનું ભારણ વધુમાં વધુ વધતું હોય છે. આ દારૂ પીવના કારણે લાખો કેસો કોર્ટોમાં પડતર છે. હું આ સન્માનનીય ગૃહમાં વાત કરું છું કે, આ દારૂના કારણે ગરીબ બાળકો અનાથ થાય છે, બહેનો વિધવા થાય છે. દારૂબંધી માટે ગૃહ વિભાગ અને કાયદા વિભાગ બન્ને સંકલન કરીને કડક અમલીકરણ કરે તો આવા કેસો ઓછા થાય એવું મારું વ્યક્તિગત માનવું છે. કાયદા વિભાગમાં ઘણી બધી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટનો ઉપયોગ જોવામાં આવે તો ઘણીવાર એવું બને છે કે, સરકાર પોતાનો વ્યક્તિગત અહમ્ ટકરાવવામાં બંધારણીય અધિકારો હોય એની સામે હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જાય અને કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. હમણાં તેવું લોકાયુક્ત બાબતમાં બન્યું. (xxxxxx)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં •(xxxxxx) કરીને ચર્ચા ઉપર પ્રભાવ પાડી શકાતો નથી. એ બાબતના અગાઉના અધ્યક્ષશ્રીઓના રુલીંગ પણ છે. એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : એ રદ કરીશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : કાયદા વિભાગમાં કરોડો રૂપિયાની રકમ ફાળવવામાં આવે છે અને ખર્ચ કરવામાં આવે છે. આટલા રૂપિયા તેની પાછળ ન ખર્ચાયા હોય અને ન્યાયની રાહ જોઇ રહેલી પ્રજા પાછળ ખર્ચવામાં આવ્યા હોત તો એનાથી ઘણા કેસોનો નિકાઇ થઇ શક્યો હોત એવું મારું માનવું છે. અત્યારે હાલ ગુજરાત રાજયમાં ડીસ્ટ્રીકટ કોર્ટો હોય, હાઇકોર્ટ હોય એમાં જયારે સરકારી વકીલની પેનલો નકકી કરવામાં આવે છે ત્યારે આ વકીલોની પેનલમાં રાજકીય નિમણૂકો થતી હોય છે. જે રાજકીય પક્ષોના કાર્યકરો જે પક્ષમાં સંકળાયેલા હોય એમની નિમણૂક થતી હોય છે પણ મારે કહેવું છે કે ઘણી વખત અનુભવી, જાણકાર, હોશિયાર વકીલો હોય પણ રાજકીય પીઠબળ ના હોય એટલે આવા ફીલ્ડમાં આવી શકતા નથી ત્યારે આવા વકીલોની નિમણૂક પણ નિષ્પક્ષ અને ન્યાયી રીતે થવી જોઇએ. એના કારણે ઘણા ક્રીમીનલના ૩૦૨ થી માંડીને ૩૭૬ના ગુનાઓમાં ઘણા આરોપીઓ નિર્દોષ છૂટી જાય છે કારણ કે રાજકીય રીતે સરકારી વકીલની નિમણૂક થયેલી હોય જો એનો કાયદાનો અનુભવ ઓછો પડતો હોય એના કારણે વ્યકિતગત એની દલીલ ન થાય અને સામા પક્ષે બહુ મજબૂત સારા વકીલો હોય એ વખતે આવા ક્રીમીનલ માણસો કે જેણે ૩૦૨ થી માંડીને ૩૭૬ના ગુનાઓ કર્યા હોય એ છૂટી જાય છે. એટલે જયારે સરકારી વકીલની નિમણૂક કરવાની હોય ત્યારે બિનરાજકીય, નિષ્પક્ષ, તટસ્થ અને સારા અનુભવી વ્યકિતઓની પસંદગી થવી જોઇએ એવું મારું સૂચન છું. હું પણ એડવોકેટ છું એટલે વકીલોની ચિંતા કરું છું. આ રાજયમાં ૭૫ હજારથી પણ વધુ એડવોકેટ સમગ્ર ગુજરાત રાજયમાં પ્રેકટીસ કરી રહ્યા છે. આવા એડવોકેટોના પરિવાર માટે સમગ્ર બાર કાઉન્સિલ દ્વારા એક યોજના બનાવી અને વેલફેર નામનું એક ફંડ ઉભું કરવામાં આવી રહ્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કાયદા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ રાજયની અંદર જે કોર્ટો છે એ ગુજરાત હાઇકોર્ટથી માંડીને નીચલી કોર્ટ હોય અને એ કોર્ટોની અંદર જેમ મહેન્દ્રસિંહભાઇએ કીધું કે સરકારે પોતે સ્વીકાર્યુ છે કે ૨૩ લાખ અને ૨૨ હજાર કેસો જયારે પડતર છે, હાઇકોર્ટની અંદર પણ લગભગ ક્રીમીનલ કેસો ૨૬હજાર કરતા પણ વધારે છે અને સીવીલ કેસો પણ લગભગ ૫૨ હજાર કરતા જયારે વધારે છે ત્યારે આ રાજયમાં પડતર કેસોની જે સંખ્યા વધતી જાય છે. સરકાર દ્વારા લોક અદાલતો થાય છે, અન્ય કાર્યક્રમો થાય છે પણ ગુજરાત, હાઇકોર્ટની વાત કરું કે પડતર કેસોની આટલી મોટી સંખ્યા કેમ, ૧૯૯૨માં નિયમ મુજબ નકકી થયા મુજબ આ રાજયની અંદર કુલ હાઇકોર્ટમાં ૪૨ જજોની જગ્યા જોઇએ એની જગ્યાએ આજે હાઇકોર્ટમાં ફકત ૩૩ જગ્યાઓ હાઇકોર્ટમાં જજોની છે. ૯ જગ્યા ખાલી છે. આ સેઇમ પરિસ્થિતિ રાજયની તમામ કોર્ટોની અંદર છે. જિલ્લા ન્યાયાધીશની વાત હોય તો ૧૧૩ જગ્યાઓ ખાલી છે. સીનીયર સીવીલ જજોની ૨૧૩ જગ્યા ખાલી છે. સીવીલ જજની ૨૬૮ જગ્યાઓ આ રાજયની અંદર ખાલી છે. લેબર જયુડીશીયલની ૧૪ જગ્યાઓ ખાલી છે. મજૂર અદાલતોમાં ૧૪ જજોની જગ્યા ખાલી છે અને ફેમિલી કોર્ટોમાં નેશનલ ક્રાઇમ બ્યુરોની અંદર જે ફેમીલી કોર્ટો બતાવી છે એની સંખ્યા ૧૮ની થાય છે. સરકારે જે મહેકમ મંજૂર કરેલું છે, વિભાગે જે માહિતી આપી છે એમાં ફેમીલી કોર્ટોની સંખ્યા ૬ની થાય છે. પણ ફેમિલી કોર્ટોની અંદર જજોની જગ્યા ખાલી છે. આમ આ રાજયની અંદર ૬૫૩ જેટલી જજોની ગુજરાત હાઇકોર્ટથી માંડીને નીચલી કોર્ટમાં જજોની જગ્યા ખાલી રહેવાને કારણે આ રાજયની અંદર પડતર કેસોનું પ્રમાણ વધતું જાય છે. આ રાજયના જે મદદનીશ પબ્લિક પ્રોસીકયુશન કહેવાય એની પણ ૮૮૦માંથી ૫૫૯ જગ્યા ખાલી છે. એવી જ રીતે નોટરીની પણ ૫૬ જગ્યાઓ ખાલી છે. ગુજરાત હાઇકોર્ટમાં સ્ટેનોગ્રાફર અને કલાર્ક વગેરેની લગભગ ૨૪૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મારે ધ્યાન દોરવું છે કે આ રાજ્યની અંદર જે રીતે વર્ષ ૨૦૧૨માં અને ૨૦૧૨–૧૩માં ગુજરાતની અંદર ૯ લાખ ૮૧હજાર કેસો ક્રીમીનલના કેસો નોંધાયા એની સામે ૨૦૧૩માં ૧૦ લાખ ૪૭ હજાર કેસો નોંધાયા. એટલે ૧૧.૭ ટકાનું પ્રમાણ થયું. એની સામે બિહારની અંદર આ વર્ષે ૬ લાખ ૭૮હજાર કેસો નોંધાયા અને ઉત્તર પ્રદેશમાં ૪ લાખ ૭૫હજાર કેસો નોંધાયા.બિહાર કરતાં ગુજરાતના ક્રિમિનલ કેસોનું પ્રમાણ વધતું જાય છે. બિહાર કરતાં ૩.૫ ટકા ક્રિમિનલ કેસોનો વધારો થયો છે. ઉત્તર પ્રદેશ કરતા ૬ ટકા વધારો થયો છે. રાજ્યમાં પડતર કેસો છે એમાં ખાસ કરીને કાયદો અને વ્યવસ્થાની બાબતમાં ક્રિમિનલ કેસોનો ભરાવો જજોની જગ્યા ખાલી હોવાના કારણે થઇ રહ્યો છે. આ રાજ્યમાં ફેમિલી કોર્ટો છે એમાં જોઇએ તો દેશમાં ૨૩૫ ફેમિલી કોર્ટો છે એમાં ગુજરાતમાં ૧૮ ફેમિલી કોર્ટો છે. બિહાર અને આંધ્રપ્રદેશમાં ૩૨ અને ૨૭ ફેમિલી કોર્ટો છે. ફેમિલી કોર્ટ બાબતમાં ગુજરાત દેશમાં પાંચમા નંબરે છે. એવી જ રીતે ફાસ્ટ ટ્રેક કોર્ટ છે એમાં આ દેશમાં કુલ ૧૨૦૦ ફાસ્ટ ટ્રેક કોર્ટો આવેલી છે એમાં ગુજરાતમાં ૧૬૬, ઉત્તર પ્રદેશમાં ૨૪૨ અને ૧૮૩ આવેલી છે. બળાત્કારના કિસ્સા રાજ્યમાં ખૂબ વધતા જાય છે અને બળાત્કારના કિસ્સાઓમાં બહેનોને ન્યાય મળી રહે એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, બહેનો માટે પણ આવી ફાસ્ટ ટ્રેક કોર્ટોની રચના થવી જોઇએ. એવી જ રીતે એટ્રોસિટી એક્ટના કેસોમાં પણ સરકારે જોગવાઇ કરી છે પણ જજોની નિમણૂંક થતી ન હોવાના કારણે એ કેસો મોટા પ્રમાણમાં પડતર છે ત્યારે ત્યાં પણ નિમણૂંક કરવી જોઇએ. સરકારને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી આ રાજ્યના વિવિધ કાનૂની કેસો દ્વારા નીચલી કોર્ટથી માંડીને હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી જે વકિલોનો ખર્ચ થાય છે, ખાસ કરીને કાનૂની નિષ્ણાતોનો એ હવાઇ ખર્ચ હોય, ફીનો ખર્ચ હોય, ફાઇવ સ્ટાર હોટલનો ખર્ચ હોય કે અન્ય ખર્ચ હોય એ ખર્ચાઓ દિવસે દિવસે વધતા જાય છે. •(xxxxxx)

પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે કહેવામાં આવ્યું કે (xxxxxx) પણ આવો કોઇ ખર્ચ કર્યો નથી. (અંતરાય) (xxxxxx)

અધ્યક્ષશ્રી : તમારી પાસે એવિડન્સ હોય તો આપજો, નહીં તો એ રદ કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : ગોધરા કાંડમાં સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમ બનાવી છે એના વકિલના મહેનતાણા પેટે ૪૫ કરોડની રકમ ચૂકવવામાં આવી છે. આ રાજ્યમાં લોકાયુક્ત આવે, સારા કાયદાઓ આવે, માનનીય રાજ્યપાલશ્રી એને અનુમોદન આપે અને એ અનુમોદન સામે આ રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં અપીલ કરે અને એની પાછળ ૪૦ કરોડ કરતાં વધારે ખર્ચ કરે છે ત્યારે આ રાજ્યમાં ગુલમર્ગ કાંડ હોય, નકલી એકાઉન્ટરનો કાંડ હોય, અશોક જાડેજા કાંડ, માધુપુરા બેંક જેવા કેસો હોય ત્યારે સરકારે એવા કેસોમાં કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, રાજ્યમાં સરકારી વકિલ બનાવતા હોઇએ છીએ ત્યારે સરકારી વકિલ એ સરકારી કેસો ચોક્કસ લડતા હોય છે. પણ સરકારી વકિલની નિમણૂંક કરતા હોઇએ ત્યારે એની યોગ્યતાના ધોરણો માર્કીંગના ધોરણે થતા હોય છે ત્યારે સરકારી વકિલની એટલી ભૂમિકા હોવી જોઇએ કે જે સરકારી કેસો લડે, આ રાજ્યમાં ઘણા એવા મોટા કેસો થાય છે કે જે કેસોમાં સરકાર હાઇકોર્ટમાં અને સુપ્રીમ કોર્ટમાં લડી અને એ કેસોમાં લોકો નિર્દોષ છૂટી જતા હોય છે. આનું મુખ્ય કારણ એ છે કે સરકારી વકિલો છે એ વકીલો પોલીસની કોઇ ક્ષતિ રહી ગઇ હોય, પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ હોય એની પણ ચકાસણી આ સરકારી વકીલો હસ્તક આવે છે. એનો પણ આ રીતે ઉપયોગ કરવો જોઇએ. આ વિધાનસભા ગૃહમાં રાજકીય રીતે કોંગ્રેસ પાર્ટી ૨૬ સીટો હારી ગઇ, અમે ૨૫ જીત્યા હતા પણ કોઇ દિવસ આવું કર્યું ન હતું. ચોક્કસ સમય તમારો છે. નીચેથી ઉપર તમે જીત્યા છો અને એનું ગૌરવ હોવું જોઇએ એમાં ખોટું નથી. હું રાજકીય રીતે કોઇ વાત કરતો નથી. જે રીતે આ રાજ્યમાં (xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ તમામ શબ્દો કાઢી નાખીએ છીએ. કોઇ કેસની વિગત અહીંયા નહિ ચર્ચાય. કાંઇ કહેવાય જ નહિ. એ એવીડન્સ ના હોય કાંઇ.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, આનું જજમેન્ટ આવી ગયું છે, જજમેન્ટ આવી ગયા પછી એની ચર્ચા થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. એક મિનિટ, માનનીય રાજેન્દ્ર ત્રિવેદી, તમને ચાર મિનિટ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગની ૮૫૯ કરોડ ૨૫ લાખ ૫૮ હજાર ની કાયદા વિભાગની આ જે માગણી નંબર ૬૦થી ન્યાયતંત્રના વહિવટ સંદર્ભે મહેસૂલી સેવા માટે ૪,૧૫,૩૯,૫૧,૦૦૦/-ની રકમ માટે, ચર્ચા માટે જે રજૂ કરવામાં આવેલી છે એમાં હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ એની વાત કીધી કે કાયદો અને વ્યવસ્થા રહી નથી. સરકારી વકીલશ્રીને લીધે કેસ હારી જાય છે આ થોડુંક અજુગતું છે. કારણ કે, અમે પણ વકીલાત ૩૬-૩૬ વર્ષથી કરી છે. સરકારી વકીલને લીધે કેસ છૂટી જાય છે એવું ઓબ્ઝર્વેશન હજુ મારાં સાંભળવામાં કે વાંચવામાં આવ્યું નથી, કે કોઇ જજે કહ્યું હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, બધા બજેટ ઉપર જ બોલોને.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : એમણે કીધું છે એટલે જવાબ તો આપુંને?

અધ્યક્ષશ્રી : એનો જવાબ મંત્રીશ્રી આપશે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ફાસ્ટ ટ્રેક કોર્ટની વાત કરી છે. એ યુ.પી.ની વાત કરે છે. યુ.પી.ની સંસદની સીટો કેટલી છે? ગુજરાતની કેટલી છે? એનું કમ્પેરિઝન કેવી રીતે કરી શકાય? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કાયદો બધાને અડે છે, કાયદો બધાને લાગુ પડે છે, હવે કાયદો ખોટાને નડે છે. લોકશાહીનું જે મહત્વ છે એ ન્યાયતંત્ર એનું અગત્યનું અંગ છે અને એ સંજોગોની અંદર આ જે વિભાગે માગણી મૂકી છે એના હાઇકોર્ટ માટે જુદા જુદા ખર્ચ પેટે ૯૩ કરોડ રૂપિયા તેમને શેનો વાંધો? સેશન્સ કોર્ટ અને સિવિલ કોર્ટ માટે ૫૩૯ કરોડ રૂપિયાનો ખર્ચ મૂક્યો તેમને શેનો વાંધો? કાનૂની સલાહકારો અને ધારાશાસ્ત્રીઓની સેવા માટે ૬૬ કરોડની રકમ ફાળવીએ છીએ એમાં એમને ક્યાં વાંધો આવે છે?

ગુજરાત લો સ્કુલમાં વિદ્યાર્થીઓ સારા તૈયાર થાય એના માટે ૩૦ કરોડ રૂપિયાનો ફાળો એમાં વાંધો. મહિલાઓ માટે ફેમિલી કોર્ટની વાત કરી. ૧.૫૦ કરોડ આ કોર્ટ નવી બાબત તરીકે લીધી છે, બનાવવા માટે એમાં ટેકો નહિ અને કાપ દરખાસ્ત? સરકારી વકીલને સજજ કરવા માટે ઝેરોક્ષ મશિન, કોમ્પ્યુટર, પ્રિન્ટર, આ બધી સાધન સામગ્રીથી સજજ કરવા માટે એક નવી બાબત લઇને આવ્યાં છે તો એમાં એમને વાંધો? જુદી જુદી અદાલતો માટે ફર્નિચર, ફેક્સ, ઝેરોક્ષ, પ્રિન્ટર, કોમ્પ્યુટર એના માટે ૧૫ કરોડ રૂપિયા ફાળવીએ એમાં કાપ દરખાસ્ત લઇને આવ્યાં છો, એમાં તેમને વાંધો?

અધ્યક્ષશ્રી : સારા કામમાં કાપ દરખાસ્ત મૂકો છો? એ એમ કહે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : નવા જિલ્લા કર્યા, નવા તાલુકા કર્યા તો નવી અદાલતો આપવી પડે કે નહિ? એના બાંધકામ માટે, એના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે આ બધું મંજૂર કરવું જોઇએ. આ મંદિર છે. અમે વકીલ તરીકે જ્યારે બોલ્યાં ભાઇશ્રી ત્યારે એમને એમ થયું કે અમે એ મંદિરના પુજારી છીએ અને એમાં ભગવાનનું અપમાન ના હોય? એમાં કાપ દરખાસ્ત ના હોય? અને વકીલો માટે મને કહેવા દો કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને આ સરકારે, ગયા વખતે મદદ કરી છે અને એમાં કોર્ટ ફી અમે વધારી શકીએ, બાર કાઉન્સિલ સીધી જ કોર્ટ ફી વધારી શકે એવું પ્રાવધાન કરવામાં આવ્યું છે અને એના કારણે કોઇપણ વકીલ અકસ્માતે કોઇપણ કારણસર ગુજરી જાય તો એને ૩ લાખ રૂપિયા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ફાળવે છે. મને કહેવા દો કે, હમણાં તમારા એક સિનિયર સભ્ય માનસિંહભાઇએ એમ કીધું કે, જે નવા આવેલા ધારાસભ્યો છે એમને પ્લોટ ફાળવવામાં આવે. હવે પ્લોટની બાબતમાં મેટર સુપ્રીમ કોર્ટમાં પેન્ડિગ છે. અમારા વકીલોની કાંઇ જરૂરીયાત હશે તો અમે એમને અમારા તરફથી ફ્રી ઓફ ચાર્જ ફાળવશું, ધન્યવાદ.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કાયદા વિભાગ માગણી નંબર ૬૦ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય એ લોક અદાલતોના અભિગમનું પ્રણેતા રાજ્ય છે. દેશની સૌ પ્રથમ લોક અદાલત ઉના ખાતે ૧૯૮૨માં શરૂ કરવામાં આવેલ. લોક અદાલતોના લીધે પક્ષકારોને મધ્યસ્થીઓ દ્વારા સમજાવટથી એમના જે મતભેદો છે એ મતભેદોનું નિરાકરણ લાવવામાં આવે છે અને આ સ્થળ ઉપર જ એમના જે પ્રશ્નો હોય એનું નિરાકરણ થતું હોવાથી આ જે એમના પ્રશ્નો છે એના ઉપર એ ઉપલી કોર્ટમાં જઇ શકતા નથી અને ઉપલી કોર્ટોનું જે ભારણ છે એ ભારણ પણ ઓછું બને છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની કાનૂની સત્તા મંડળ દ્વારા આ લોક અદાલતો યોજવામાં આવે છે. એ રીતે આ જિલ્લા કાનૂની સત્તા મંડળ, તાલુકા કાનૂની સત્તા મંડળ દ્વારા પણ આ કાનૂની શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. આ કાનૂની શિક્ષણ શિબિરો દ્વારા લોકોને એમના સ્થળ ઉપર જ કાયદાના વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવે છે અને ગુજરાત રાજ્ય લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા આ શિક્ષણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના જિલ્લા, તાલુકા સત્તા મંડળો દ્વારા આ શિબિરો યોજવામાં આવે છે. આ લોક અદાલતોમાં ન્યાયાધીશો, નિવૃત્ત ન્યાયધીશો, અગ્રગણ્ય વકીલો અને સમાજના પ્રતિષ્ઠિત માણસો આ લોક અદાલતોમાં હાજર હોય છે અને એમના માટે જે પ્રશ્નો લઇને આવ્યા છે, જેમનો કેસ છે એમને સમજાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩માં કુલ ૭,૦૦૧ અને તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ કુલ ૩,૮૪,૧૬૪ કાનૂની શિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. તે સિવાય પોસ્ટરો, હોર્ડીંગ, પેમ્ફલેટ્સ વગેરેના વિતરણ દ્વારા પણ લોક જાગૃતિ કેળવવાના પ્રયત્નો કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨માં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સૌને માટે ન્યાય માટેનો કાર્યક્રમ અમદાવાદ શહેરમાં રેડિયો ઉપર પ્રસારિત કરીને સમાજના નબળા, ઉપેક્ષિત વર્ગોને અધિકારો પ્રત્યે જાગૃત કરવાની સરાહનીય કામગીરી કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોક અદાલત એટલે નહીં કોઇની હાર, નહીં કોઇની જીત. બન્ને પક્ષોના મનનું સમાધાન થાય, એમના પ્રશ્નોનું નિરાકરણ થાય એ માટે સ્થળ ઉપર નિકાલ કરવામાં આવે છે અને એમના જે મતભેદો છે, મનભેદો છે, એ દૂર થાય છે અને એના લીધે પણ ઉપલી અદાલતોમાં તેઓ અપીલ કરી શકતા નથી અને ઉપલી લોક અદાલત દ્વારા જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ દર વર્ષે આ મેગા લોક અદાલતોનું આયોજન કરવામાં આવે છે. દર શનીવારે પણ..

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ નાણાકીય વર્ષમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પોતે આ પડતર કેસોની સંવેદના સાથે અને રાજ્યના નાણામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે ચાલુ વર્ષે ૧૫૯૪.૯૯ કરોડની માતબર રકમની ફાળવણી આ કાયદા વિભાગ માટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩-૦૪માં આ બજેટ ૧૪૦ કરોડનું હતું અને ૨૦૧૪-૧૫માં આ બજેટ ૧૫૦૯૪ કરોડનું થયું એટલે દસ વર્ષમાં ૧૧૦૦ કરોડ જેટલો વધારો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષની સરખામણીમાં જોઇએ તો ગયા વર્ષે ૧૧૦૮ કરોડ બજેટ હતું પણ ચાલુ વર્ષે ૧૫૯૪ કરોડ એટલે ગત વર્ષની સરખામણીમાં ૪૩કરોડ જેટલો વધારો કરવામાં આવ્યો છે. ચાલુ વર્ષની જે નવી જાહેરાતો છે. આ નવી જાહેરાતોમાં સાત નવા મહેસૂલી જિલ્લાઓને ન્યાયિક જિલ્લા તરીકે નવી કોર્ટોની સ્થાપના કરવાનું જાહેર કર્યું છે. રાજ્યના ૨૩ તાલુકાઓ પૈકી જયાં તાલુકા અદાલતોની સગવડ નહોતી એવી ૨૦ તાલુકા ખાતેની પૂર્ણ સમયની સિવિલ જજ અને જી.એમ.એફ.સી.ની કોર્ટની સ્થાપનાનું આયોજન કર્યું છે. આગામી દિવસોમાં રાજ્યનો એક પણ તાલુકો કોર્ટ વગરનો નહીં રહે એવું ચાલુ વર્ષના બજેટમાં આયોજન કર્યું છે. એડીશનલ ડીસ્ટ્રીકટ જજની કેમ્પ કોર્ટ અને સિનિયર દિવાની જજની કેમ્પ કોર્ટ એ

કમ્પ કોર્ટને પૂર્ણ સમયમાં ફેરવવાનું કામ ચાલુ વર્ષના આયોજનમાં છે. ગુજરાતની અંદર મહિલા મુખ્યમંત્રી છે. મહિલાઓને કૌટુંબિક તકરારોના પ્રશ્નો પ્રત્યે એમને સહાનુભૂતિ છે. ચાલુ વર્ષે આ મહિલા સશકિતકરણના ભાગસ્વરૂપે દરેક જિલ્લામાં વધારાની ફેમીલી કોર્ટનું આયોજન કર્યું છે. આપણા મહાનગરો અને મહાનગરોની અંદર સ્વચ્છતા રહે તે માટે શહેરોમાં હેલ્થ સેનિટેશનની મોબાઇલ કોર્ટોનું આયોજન કર્યું છે. ગુજરાતનું યુવા ધન એ માદક દ્રવ્યોનું એદી ન બને, એનું બંધાણ ન થાય અને જો ભૂલેચૂકે આ બંધાણનો એદી બન્યો હોય તો એને લગતી એન.ડી.પી.એસ.ની કોર્ટો એવી સ્પેશ્યલ કોર્ટોનું આયોજન કર્યું છે. પ્રોસીકયુશનની વીંગ છે એ પ્રોસીકયુશનની વીંગને વધારે મજબૂત બનાવવા માટે ડાયરેકટર ઓફ પ્રોસીકયુશનની રજૂઆત કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઇ બારૈયા અને શેલેષભાઇ પરમાર એમણે જે થોડી રજૂઆતો કરી એમણે કીધું કે ૩૮.૪૬લાખ કેસો હતા અને હવે ૨૩.૨૨લાખ જેટલા પડતર કેસો છે. હું આ સન્માનનીય સભાગૃહનું એ વાત ઉપર ધ્યાન દોરવા માગું છું. ગુજરાતની અંદર વસ્તી વધી, ગુજરાતની અંદર સમૃદ્ધિ વધી, ગુજરાતની અંદર વેપાર ધંધા વધ્યા, ગુજરાતમાં લોકોની કાયદા માટેની જાગૃતિ વધી એના કારણે દર વર્ષે નવ લાખ જેટલા નવા કેસો, એની જગ્યાએ કેસો વધવાની જગ્યાએ આ રાજય સરકારના સતત પ્રયત્નોને કારણે ગુજરાત સરકાર એ કેસો ઘટાડવામાં સમર્થ રહી છે. મહેન્દ્રસિંહભાઇએ વાત કરી. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં એવું કહી રહ્યાં છે કે કેસો ઘટયા છે. નેશનલ ક્રાઇમ બ્યૂરોના મેં આંકડા રજૂ કર્યા છે અને આંકડા મુજબ ૨૦૧૨ના પ્રમાણમાં ૨૦૧૩માં ગુજરાતમાં બિહાર અને ઉત્તર પ્રદેશ કરતા ૬૩૦૦૦ કેસો વધ્યા છે અને ગૃહને (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આંકડામાં ડીફર થતા હશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રસિંહભાઇ પોતે એડવોકેટ છે અને હું આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે ભારતના સંવિધાનની અનુચ્છેદ –૨૩૫ હેઠળ ન્યાયતંત્રનું નિયંત્રણ અને સુપરવિઝન એ નામદાર હાઇકોર્ટ દ્વારા નિહિત થયેલું હોય છે. રાજય સરકાર તેના ન્યાયિક વહીવટ ઉપર કોઇ કન્ટ્રોલ ધરાવતી નથી. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ભરતી થાય છે. ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્ટાફની ભરતી થાય છે. રાજય સરકાર પાસે ગુજરાતમાં કયાં કેટલી કોર્ટો કરવી, કેટલો સ્ટાફ કરવો એની માગણી આવે છે. આ ગુજરાત સરકાર પાસે નામદાર હાઇકોર્ટ દ્વારા આવેલી કોર્ટની માગણી (અંતરાય) માટેની એક પણ વિગતો પડતર નથી.

અધ્યક્ષશ્રી : શાંતિ રાખો. બધા સાંભળો.

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યો પોતાની જગ્યા ઉપર ઊભા થતા)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ પ્રમાણે હાઉસ ઓર્ડરમાં નથી. કેવી રીતે વિષય મૂકી શકાય.

અધ્યક્ષશ્રી : પ્લીઝ,શાંતિ રાખો. તમને બધાને. પ્લીઝ. તમને બધાને. ગ્યાસુદીનભાઇ બેસો. તમને બધાને શાંતિથી સાંભળ્યા. તો મંત્રીશ્રીને શાંતિથી સાંભળો. કાઇ હોય તો પ્રશ્ન પૂછજો. શાંતિ રાખો. ચલાવો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૦ થી ૨૦૦૫ સુધી.. આમાં કેવી રીતે? (અંતરાય)

અધ્યક્ષશ્રી :પ્લીઝ બધા બેસી જાવ. ચાલુ રાખો તમારું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હાઉસ ઓર્ડરમાં નથી. કેવી રીતે ચાલુ રાખી શકાય. આપના તરફથી કહેવામાં આવે છતા કોઇ સાંભળતું નથી. (આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા )

અધ્યક્ષશ્રી : બધા બેસી જાઓ. શાંતિથી સાંભળો. વિધાનસભા ચલાવવા દો. શું વાંધો છે તમારે? કોઇ સવાલ નથી.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના અમુક સભ્યશ્રીઓ દ્વારા પ્લે કાર્ડ બતાવતા)

અધ્યક્ષશ્રી : પ્લે કાર્ડ અહીંયા આગળ બતાવવાના નહિ. શાંતિ રાખો. એને કેમ કરવું એ આપણે કહેવું. પોઇન્ટ ઓફ ઓર્ડર એ તમારી કાયદેસરની વાત થઇ. કાયદેસરની વાત છે? શાંતિ રાખો. આગળ

આવો નહિ. તમારી જગ્યાએ બધા બેસો. ( સતત સૂત્રોચ્ચાર ચાલુ). સૂત્રો બોલાવવાનું બંધ રાખો. બધા શાંતિ રાખો. તમે બેસો. તમે જે કહો છો તે જ હું કહું છું બંધ કરો આ બોલવાનું બંધ કરો. તમારી જગ્યા ઉપર બેસો. બેસી જાઓ. મારે અહીથી ન કહેવું પડે કે બંધ કરો ભાઇ બંધ કરો. બોલવાનું બંધ કરો. નીચે બધા બેસો. બધા સભ્યોને તમે બોલ્યા એ એમણે શાંતિથી સાંભળ્યા છે. હવે તમે એમને શાંતિથી સાંભળો. નહિ હોય તો મારે પગલાં લેવાં પડશે. તમે નક્કી કરીને આવ્યા હોય તો એનો કોઇ વિકલ્પ નથી. તમે શાંતિ રાખોને.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માગણી શું છે? મુદ્દો શું છે? ઇસ્યુ હોવો જોઇએ કે નહિ?

અધ્યક્ષશ્રી : એ ક્યાં કહ્યું છે? કાંઇ નથી મુદ્દો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આવું ન ચાલે. માગણી હોવી જોઇએ ને. માગણી હોય મુદ્દો હોય, ઇસ્યુ હોય આ તો એમને એમ જ ઊભા થવાનું?

અધ્યક્ષશ્રી : તમે શું કરો? તમે પ્લીઝ. આ તમે સૂત્રો લખેલા કાગળો લેવાનું બંધ કરો અને તમારી જગ્યાએ બેસો. છેલ્લે, તમને કાંઇ થાય છે. તમને પગલાં લેવાના હક્ક અને અધિકાર છે? મારે લેવાનાં છે. કોંગ્રેસના તમામ સભ્યો, જે ઊભા છે તે તમામને આજના દિવસ માટે થઇને હું સસ્પેન્ડ કરું છું. બધાને બહાર જવા દો. બધાને બહાર જવા દો. બધા બહાર નીકળો. કાગળીયા લઇ લો તેમના. તેમને ઢસડતા નહીં. તેમને ઊભા કરીને લઇ જાઓ. તેમને ટીંગાટોળી નહીં પણ કમરેથી ઉંચકીને લઇ જાઓ. કમરેથી ઉંચકીને લઇ જાઓ. કોઇને ટીંગાટોળી કરતા નહીં. લઇ જાઓ. તમામ લોકોને એક દિવસ માટે, આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. બહાર નીકળો બધા. લઇ જાઓ. ચાલો ઝડપ કરો, ઝડપ કરો તમે. (આ તબક્કે કોંગ્રેસના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર) જવા દો ત્યાંથી. જવા દો ત્યાંથી તેમને. ચાલો, ભાઇ જવા દો બધાને. શું કરો છો? એક-એકને જવા દો. પાછા આવે નહીં. જવા દો બધાને. જવા દો તમે. લઇ જાઓ. જવા દો બધાને ત્યાંથી . પેલા બારણેથી બહાર કાઢો. જવા દો. બહેન તેમને લઇ જાઓ. જમાદાર જવા દો ત્યાંથી. પેલું બારણું ખોલીને જવા દો. બહારનું બારણું ખોલી નાંખો. (સતત અંતરાય)

**(આ તબકકે કોંગ્રેસના તમામ સભ્યોને સાર્જન્ટની મદદથી બહાર કાઢવામાં આવ્યા)**

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી પ્રદિપસિંહજી જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના માનનીય સભ્યો દ્વારા જે ઉલ્લેખ કરવામાં આવ્યો તે નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરો દિલ્હી ખાતેના આંકડાઓમાં ફોજદારી ફરિયાદો કેટલી દાખલ થઇ છે? માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગે આપેલા, જે પડતર કેસો છે તેના સંદર્ભની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : આપણે એ જ કહ્યું છે બંધ કરો એટલે બારણા બંધ કરી દેશે. તમે શાંતિ રાખો. એ કોઇ નહીં આવે.

શ્રી પ્રદિપસિંહજી જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨ થી ૨૦૦૫ સુધી સુપ્રીમ કોર્ટના આદેશથી પાંચ વર્ષ જેટલી ફાસ્ટ ટ્રેક કોર્ટોની મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ૧૬૬ કોર્ટ ફાળવી હતી. પરંતુ કેન્દ્ર સરકાર દ્વારા આ ફાસ્ટ ટ્રેક કોર્ટો રદ કરી. એટલે ગુજરાત સરકાર દ્વારા સ્વર્ણિમ વર્ષે પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય એટલા માટે ૭૦૦ જેટલી સ્વર્ણિમ કોર્ટો મંજૂર કરવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, જે સરકારની ટીકાના સંદર્ભમાં વાત કરી તો ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપરનું નિયંત્રણ અને સુપરવિઝન એ નામદાર હાઇકોર્ટ દ્વારા નિહિત થયેલું હોય છે, રાજય સરકાર તેના વહીવટ ઉપર કંટ્રોલ ધરાવતું નથી. એટલે સમગ્રતઃ નિમણૂકની પ્રક્રિયા હાઇકોર્ટ દ્વારા કરવાની હોય છે.

અધ્યક્ષશ્રી :આપે જે કહેવાનું હોય એ ૯ મિનિટમાં કહી દેજો.

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, એટલા સમયમાં કેવી રીતે પૂરું કરી શકાય?

અધ્યક્ષશ્રી : એ કાંઇ થાય કે ન થાય? આ વિધાનસભા છે

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, મેં મારી માગણી મૂકી છે આ સમગ્ર સભાગૃહ સમર્થન કરે એવી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી, એવું તો કેવી રીતે ચાલે?

અધ્યક્ષશ્રી : એ કોઇ સવાલ નથી, કોઇ દલીલ નહીં મારે ૪.૩૦ વાગે પૂરું કરવું છે.

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, હાઉસ ઓર્ડરમાં ન હતું. મને ફાળવેલો સમય હતો એ સમય તો આપો.

અધ્યક્ષશ્રી : એ મારે કોઇ સમય નથી વધારવો.

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, મારી માગણી મૂકું છું સભાગૃહ એ મંજૂર કરે.

અધ્યક્ષશ્રી : બેસી જવું હોય તો હું માગણી મૂકું કે ન મૂકું?

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, માગણી તો મૂકેલી જ છેને?

અધ્યક્ષશ્રી : તો કોઇ સવાલ નહીં. તમારે ૪.૨૯ એ પૂરું કરવાનું છે.

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃમાનનીય અધ્યક્ષશ્રી, મારી આપની પાસે વિનંતી એટલી જ છે કે, જે સમયે હાઉસ ઓર્ડરમાં ન હતું એ મારો સમય ગયો છે એટલે...

અધ્યક્ષશ્રી : નહીં, તમે બોલવાનું ચાલુ રાખો ૪.૨૯ એ પૂરું કરજો.

શ્રી પ્રદિપસિંહ જાડેજાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર હાઇકોર્ટની અંદર રાજય સરકાર દ્વારા પક્ષકારોની જે સંવેદના હોય છે એ સંવેદનાના આધાર ઉપર કોઇ સ્ત્રી કે એના બાળકને એનો પતિ અને એના સાસરીયા એને તરછોડી દે અને એને વર્ષો સુધી ન્યાય ન મળે, યુવાન વયે કોઇ દંપતિના છૂટાછેડા થાય વર્ષો સુધી કેસ ન ચાલે અને એના કારણે એની યુવાની પૂરી થઇ જાય. મોટર વાહન અકસ્માતમાં કોઇ હાથ પગ ગુમાવે અને એને વળતર ન મળે, ગુજરાતની અંદર કયાંય વિશ્વાસઘાત-ઠગાઇ એ પ્રમાણેના કેસો થાય અને કેસોની અંદર એને સમયસર ન્યાય ન મળે, એણે પોતાના દ્વારા એકત્રિત કરેલા પૈસા એને પાછા ન મળે, ગુજરાત એ પ્રગતિશીલ રાજય છે અને ગુજરાતની અંદર જમીનો મોંઘી થઇ છે, કેટલાય લોકોની જમીનો ખોટી રીતે જમીનોના દલાલો દ્વારા જમીન ઘસી નાંખવામાં આવે અને એ જમીન વિહોણો થઇ જાય એ ન્યાયના ચક્કરમાં જયારે એ કોર્ટના દ્વારો ઉપર ફરતો હોય ત્યારે આ બધા જ પ્રકારના કેસોની સંવેદના આ રાજય સરકારે જાણી છે અને એના આધાર ઉપર લોકોને ઘર આંગણે ઝડપી અને સસ્તો ન્યાય મળે એના માટે આ રાજય સરકાર દ્વારા અનેકવિધ આયોજનો કરવામાં આવ્યા છે. સૌનો સાથ સૌના વિકાસની સાથે આ રાજય સરકારે સૌને ન્યાય મળે એના માટે છેલ્લા ૫ વર્ષમાં કુલ ૯૨૬ જેટલા વિવિધ સંવર્ગની ન્યાયધીશની અદાલતોની સ્થાપના કરી છે, ૭૦૦ સ્વર્ણિમ કોર્ટોની સ્થાપના કરી છે. માનનીય મુખ્ય મંત્રી તરીકે નરેન્દ્રભાઇના શાસનમાં ૧૦૨ જેટલી સાંધ્ય કોર્ટોની ગુજરાતની અંદર શરૂઆત કરીને આ સાંધ્ય કોર્ટોમાં નાના અને પીટીઓફેન્સ અને નાના દાવાઓ સહિત ૯,૭૭,૯૫૬ જેટલા કેસો ઘટાડીને આ રાજયએ સાંધ્ય અદાલત દ્વારા પડતર કેસોના નિકાલ માટે સમગ્ર દેશની અંદર ઉત્તમ કામ કર્યું છે. ચાલુ વર્ષના આયોજનમાં આ રાજય સરકાર દ્વારા જૂના તાલુકા અને રાજય સરકાર દ્વારા વિકેન્દ્રીત વ્યવસ્થાના માધ્યમથી જે નવા તાલુકા કર્યા છે એમ આ રાજયના એકે એક તાલુકાને કોર્ટો ઉપલબ્ધ કરાવવાની સાથે ૭ જેટલા નવા જિલ્લા થયા અરવલ્લી, ગીર સોમનાથ, છોટા ઉદેપુર, મહીસાગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા આ બધામાં જિલ્લા કક્ષાની ન્યાયિક કોર્ટ આપવાનું કામ આ રાજય સરકારે ચાલુ વર્ષના આયોજનમાં કર્યું છે. એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજની કોર્ટ અને જેમાં અપિલ રીવિઝન અને સેશન્સ પ્રકારના કેસ માટે જિલ્લા મથકે જવું પડતું ત્યાં ૨૯ દિવસની કોર્ટ આપી હતી. સુરત જિલ્લાના બારડોલી, અંજાર, મહુવા, દિયોદર, વાંસદા, ઇડર અને ધોળકા ખાતે આ બધી જ કોર્ટોને પૂર્ણ સમયની કોર્ટ કરવા માટેનું આયોજન કર્યું છે અને જે સિનિયર સિવિલ જજની કેમ્પ કોર્ટ હતી ડભોઇ, ધોળકા, વિસનગર, મહુવા, લીમખેડા અને વાપી ખાતે એને પૂર્ણ સમયમાં રૂપાંતર કરવાથી અરજદારને જિલ્લા મથકને બદલે પોતાના તાલુકા મથક ઉપર એને ન્યાય મળવાની પ્રક્રિયામાં સરળતા રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, નામદાર હાઇકોર્ટ દ્વારા જે માગણી કરવામાં આવી એના માટે આ રાજ્ય સરકાર દ્વારા ભ્રષ્ટાચાર નિવારણની સાત કોર્ટો, ઇલેકટ્રીસિટી એક્ટની ૨૫ કોર્ટો, એટ્રોસીટી એક્ટની ૬ કોર્ટો, ફેમીલી કોર્ટની ૧૫, નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની ૧૨ કોર્ટો મંજૂર કરેલ છે. એની સાથે ચાલુ વરસે મોબાઇલ કોર્ટના માધ્યમથી દરેક મહાનગરની અંદર ઍરેન્જમેન્ટ કરવામાં આવી છે. ગુજરાત નામદાર હાઇકોર્ટ જજનું અત્યારે ૪૨ જેટલું સંખ્યાબળ છે જેમાં ૨૭ જેટલી જગ્યાઓ ભરેલી છે અને ૧૫ જેટલી જગ્યાઓ ખાલી છે, કેન્દ્રમાં

ભારતના વડાપ્રધાન અને તે વખતના સુપ્રીમ કોર્ટના જસ્ટિસની મિટીંગમાં આગામી દિવસોમાં એની અંદર ૨૫ ટકાનો વધારો કરવાનું નક્કી થયેલું છે એમ ગુજરાત સરકારે પણ ચાલુ વરસના બજેટમાં નામદાર હાઈકોર્ટની ૧૦ જેટલી વધારાની જગ્યાઓ કરવા માટેનું આયોજન કર્યું છે. જેના કારણે હાઈકોર્ટના પડતર કેસોનું આપણે ઝડપથી નિરાકરણ કરી શકીશું. દસ લાખની વસતિએ એક જજ એવો રેશિયો છે સમગ્ર દેશનો આ જજ રેશિયો ૧૪.૬૦નો છે. સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે જેનો જજ રેશિયો એ ૩૧.૩૦નો છે. મહારાષ્ટ્રનો જજ રેશિયો ૧૭.૬૬ છે, ઉત્તર પ્રદેશનો ૯.૪૪ છે, એમ આ વરસે બીજી ૮૨ અદાલતો સાથે ગુજરાતનો દર દસ લાખે જે જજ રેશિયો છે એ ૩૨.૯૦ નો થશે અને ૩૨.૯૦ના જજ રેશિયા સાથે ગુજરાત એ સમગ્ર દેશની અંદર અગ્રિમ હરોળનું રાજ્ય બનશે.

આ રાજ્ય સરકાર દ્વારા ૭૦૦ કોર્ટ સિવાય ૧૨૯ સબોર્ડીનેટ કોર્ટમાં ૧૧૭૯નું સહાયક મહેકમ અને હાઈકોર્ટના મહેકમ ઉપર ૩૨૬ મળીને કુલ ૧૫૬૫નું મહેકમ પૂરું પાડીને જ્યુડીશીયરીને માનવ સંપદા પૂરી પાડવા માટેનું કામ કરવામાં આવ્યું છે. આ રાજ્ય સરકારમાં અમદાવાદમાં ઘી–કાંટા કોર્ટ, વડોદરાની ન્યાયમંદિર, સુરતની જિલ્લા અદાલત એવા અનેક કોર્ટ બિલ્ડીંગો છે. સમગ્ર સભાગૃહનું ધ્યાન દોરું વડોદરા ખાતે કુલ ૧૦૭ કોર્ટ છે અને એમાં ૨૧૮ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, અમદાવાદ ન્યાય કોર્ટ માટે ૩૨ કોર્ટ સાથે ૮ માળનું ૧૨૮ કરોડ રૂપિયાનું, તે રીતે સુરત જિલ્લામાં ૪૭.૯૫ કરોડ રૂપિયાનું, મહેસાણા ખાતે ૩૨ કોર્ટનું ૬૨ કરોડ રૂપિયાનું અને હિંમતનગર ખાતે ૨૦ કોર્ટનું ૪૦ કરોડ રૂપિયાનું એમ આટલા વરસોમાં ક્યારેય ન થયું હોય એમ ૧૫૮ બાંધકામોની મંજૂરી આપીને ૬૯૨ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. સાથે સાથે જજોને રહેવા માટેના જ્યુડીશીયલ ક્વાર્ટર્સ અને એની અંદર જે જ્યુડીશીયલ સ્ટાફ હોય છે એમને રહેવા માટે આ રાજ્ય સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. ટેકનોલોજી અપગ્રેડેશન માટે ઈ–કોર્ટ મિશન અને જીસ્વાન કનેક્ટીવિટી ઉપલબ્ધ થાય અને ટેકનોલોજીના માધ્યમથી લિટિગન્ટ અને કોર્ટ બન્નેને ફાયદો થાય તે પ્રમાણેનું આ રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

સરકારી વકીલોને જે માળખાખત સુવિધા આપવાની હોય છે એમાં ઈ–લાયબ્રેરીના માધ્યમથી અને જરૂરી સોફ્ટવેર પૂરા પાડીને રાજ્યના ૩૨૦ જેટલા આસી. પબ્લિક પ્રોસીક્યુટરને લેપટોપ આપવાનું કામ પૂરું પાડ્યું છે. આ રાજ્ય સરકારે ૫૫૦ જેટલા નવા એ.પી.પી.ની ભરતીનું માગણાપત્ર જી.પી.એસ.સી.ને પૂરું પાડેલ છે અને ડાયરેકટર ઓફ પ્રોસીક્યુશનની પણ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. નામદાર હાઈકોર્ટ દ્વારા સૂચિત જે માગણી હતી તે સમગ્ર વ્યવસ્થા કરવા માટે આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મારી આ માગણી સભાગૃહ મંજૂર કરે એટલી મારી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪, ૫ અને ૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**
**માગણી ક્રમાંક–૬૦ મત માટે મૂકવામાં આવી અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રીઃ **વિરામનો સમય થયો છે. સભાગૃહ ફરી પાંચ કલાકે મળશે.**

**(વિરામ – ૪–૩૦ થી ૫–૦૦)**

### અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

## બિનસરકારી સંકલ્પો

મા અંબાના ધર્મપ્રેમી પ્રજા દર્શન કરી ધન્ય બને તે હેતુથી સમગ્ર આયોજન અનુસારનું કામ સમયબધ્ધ રીતે પૂર્ણ કરવા અંગે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો સંકલ્પ જે સર્વે સભ્યોને સરકયુલેટ છે તેમાં આપશ્રીની પરવાનગી મુજબ ૨૦૦ બેડની નવીન હોસ્પિટલની જગ્યાએ મોટી હોસ્પિટલ શબ્દ દાખલ કરી હું મારો સુધારા સાથેનો સંકલ્પ રજૂ કરું છું કે, સમગ્ર હિંદુ ધર્મની આસ્થાના કેન્દ્ર સમા મા અંબાના આરાધના સ્થાન એવા અંબાજી ખાતે દેશ વિદેશથી શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. મા અંબા આધશકિતનો મહિમા અનેરો છે અને તેથી એક જ સ્થળેથી મા આધશકિતની બધી જ શકિતપીઠના એક સાથે દર્શન થઇ શકે તેવું આયોજન મૂર્તિમંત કરવા માટે રાજય સરકાર કટિબધ્ધ બની છે. આ માટે દેશના વિવિધ રાજયોમાં આવેલ આધશકિતના મંદિરોની મુલાકાત લઇ તેનો વિશદ અભ્યાસ કરી તેમજ અનેક સંતો, મહંતો અને હિંદુ સંસ્કૃતિના વિદ્વાનો સાથે પરામર્શ કરી તેમજ ધાર્મિક ગ્રંથોના આ અંગેના સંદર્ભોને ધ્યાને લઇ ૫૧ શકિતપીઠનું ગુજરાતમાં એક જ સ્થળે નિર્માણ કરવાનો રાજય સરકાર દ્વારા સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સંદર્ભમાં અંબાજી આરાસુર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા જાણીતા સ્થપતિ સોમપુરાનો સહયોગ મેળવી અંદાજે રૂપિયા ૭૦.૬૯ કરોડના ખર્ચે એક મહત્વાકાંક્ષી પ્રોજેકટ તૈયાર કરી ૫૧ શકિતપીઠનું નિર્માણ કાર્ય એક જ સ્થળે કરવા નિર્ધાર કર્યો છે. ૫૧ શકિતપીઠો પૈકી અને તે માટે દરેક શકિતપીઠની આબેહૂબ પ્રતિકૃતિ સ્વરૂપનું નિર્માણ અંબાજી ખાતે ગબ્બર પરિક્રમા પથમાં ૧૬ સંકુલોમાં કરવામાં આવ્યું છે તે પૈકી ૫૧ શકિતપીઠ દર્શન પરિક્રમા માર્ગ રૂપિયા ૩૪.૧૧ કરોડના ખર્ચે, ૫૧ શકિતપીઠ મંદિર નિર્માણ સ્ટોન વર્ક રૂપિયા ૨૫.૮૯ કરોડના ખર્ચે, ૫૧ શકિતપીઠ મંદિર સંકુલ લેન્ડ સ્કેપીંગ રૂપિયા ૪.૫૦ કરોડના ખર્ચે ૫૧ શકિતપીઠ મંદિર મૂર્તિ, ધજા અને કળશ નિર્માણ રૂપિયા ૧.૧૩ કરોડના ખર્ચે, સોલાર રોશની પરિક્રમા પથ અને મંદિર સંકુલ માટે રૂપિયા ૩.૧૬ કરોડ, કિઓસ્ક નિર્માણ માટે રૂપિયા ૧ કરોડ તથા અન્ય ખર્ચ મળી સમગ્ર યોજના પાછળ અંદાજે રૂ. ૭૦.૬૯ કરોડનું આયોજન કરેલ છે. પરિક્રમા પથની લંબાઇ ૨.૮૫ કિ.મી.જેટલી છે અને તેમાં કુલ ૧૮૫૩ જેટલાં પગથીયાં હશે જેમાં ૧૨ જેટલા વિશ્રામ સ્થળો, બે કાફેટેરીયા, ૫ પરબો તથા ૩ ટોયલેટ બ્લોકસ હશે. ૫૧ શકિતપીઠ માટે પૂજારીઓની નિમણૂક થઇ ગઇ છે. દરેક શકિતપીઠમાં પરંપરાગત રીતે સેવા પૂજા થાય છે. તે જ મુજબની સેવા પૂજા આ ૫૧ શકિતપીઠ ખાતે થાય તે માટે પૂજારીઓને જે તે શકિતપીઠ ખાતે વિશેષ તાલીમ માટે મોકલવામાં આવેલ છે. આ આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મોટી હોસ્પિટલ  તેમજ ગબ્બર ટોચ વિસ્તૃતિકરણ પ્રદર્શન ગેલેરી અને થ્રીડી મૂવી, રોડ હિલિયમ બલૂન જીપ લાઇન અને અન્ય સ્પોર્ટસ એકટીવીટીના પ્રોજેકટસ પૂર્ણ થયા છે. જયારે આગામી આયોજનમાં સંસ્કૃત મહાવિદ્યાલય, સૂર્ય ઉર્જા થકી શકિતપીઠ સંકુલના ઇલ્યુમિનેશન, ભોજનાલય,પ્રસાદગૃહ, મલ્ટીસ્ટોરી પાર્કીંગ અને યાત્રી નિવાસનું આયોજન થયેલ છે. આ સમગ્ર પ્રોજેકટ શરૂ થવાથી હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓ એક જ સ્થાનેથી, એક સાથે ૫૧ આધશકિતના દર્શનનો લાભ લેતા થયા છે. ૩૫૮ કળશો ધરાવતાં, સોનેરી શિખરોથી સુશોભિત મા અંબાના આ પવિત્ર સ્થાનના દર્શનથી દેશ વિદેશની ધર્મપ્રેમી પ્રજા મુલાકાત લઇ દર્શન કરી ધન્ય બને તે

હેતુથી આ સમગ્ર આયોજન અનુસારનું કામ સમયબધ્ધ રીતે પૂર્ણ કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હસમુખભાઇ સો. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, ગાયમાતામાં પણ તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે એવી માન્યતા ધરાવતો હિંદુ સમાજ ખૂબજ શ્રધ્ધાળુ તેમજ આસ્થાવાન છે.

અહીંનો સમાજ આદ્યશકિત પીઠોમાં પણ ખૂબ જ ઉંડી શ્રધ્ધા ધરાવે છે. દરેક હિંદુના મનમાં કયાંક ઉંડે ઉંડે એવી ઇચ્છા હોય કે મારા જીવન દરમિયાન હું સમગ્ર ૫૧ શક્તિપીઠોનાં દર્શન કરું અને મારું જીવન ધન્ય બનાવું, પરંતુ આ ૫૧ શક્તિપીઠ આખા દેશના જુદા જુદા રાજયોમાં આવેલી છે પરિણામ સ્વરૂપ શ્રધ્ધાળુ હિન્દુની ગમે તેટલી ઇચ્છા હોય પરંતુ એ ઇચ્છા પૂરી કરવા માટે એને ખૂબ લાંબો પ્રવાસ કરવો પડે છે. એક રાજયથી બીજા રાજયમાં, અનેક રાજયોમાં ફરવાનું અને કદાચ આર્થિક રીતે પણ ન પોસાય ખૂબ વધારે ખર્ચ થાય, કદાચ કોઇ હિંદુ આર્થિક વ્યવસ્થા કરી શકે તો ઉંમર અવસ્થા કે અન્ય કારણોસર શારીરિક પણ સક્ષમ ના હોય તો પણ ૫૧ શક્તિપીઠોનો દર્શન કરવાનો પ્રવાસ એ કરી શકે નહીં. આવાં અનેક કારણોસર જયારે શ્રધ્ધાળુ હિન્દુની આસ્થા જે ૫૧ શક્તિપીઠો સાથે જોડાયેલી છે પણ એ દર્શન કરવા સક્ષમ ન હોય ત્યારે આવા સંજોગોને ધ્યાનમાં લઇને આ રાજય સરકારે શ્રધ્ધાળુ હિન્દુની આસ્થા કેન્દ્ર સમા ૫૧ શક્તિપીઠોનો દર્શનનો લાભ લે તે માટે એક જ જગ્યાએ મા અંબાજીના પવિત્રધામમાં ૫૧ શક્તિપીઠોનું નિર્માણ કરવાનો જે સંકલ્પ કર્યો છે ત્યારે હું આ સરકારને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધી આપણું ગુજરાત દેશ–વિદેશોમાં વસતા હિન્દુઓમાં દ્વારકાધીશના દ્વારકાથી ઓળખાતું, આપણું ગુજરાત ભોળીયા નાથના સોમનાથથી ઓળખાય છે, આપણું ગુજરાત રણછોડરાયના ડાકોરથી ઓળખાય છે, આપણું ગુજરાત શામળીયાના શામળાજીથી ઓળખાય છે અને આજે એક નવી ઓળખ ધાર્મિક હોય, આસ્તિક હોય આ ગુજરાતની થવા જઇ રહી છે ત્યારે એક અનેરી અને આધ્યાત્મિક એવી ૫૧ શક્તિપીઠના યાત્રાધામ તરીકે આ ગુજરાતની ઓળખ જયારે થવાની હોય છે ત્યારે હું આ રાજય સરકારને આ આયોજનના જે કામો બાકી રહ્યાં છે ચાહે એ સંસ્કૃત મહાવિદ્યાલય હોય, મલ્ટીસ્ટોરી પાર્કીંગ હોય, યાત્રી નિવાસ સ્થાન હોય કે ભોજનાલય– પ્રસાદગૃહ હોય એ તમામ કામો સમયબધ્ધ રીતે સત્વરે પૂરાં કરવા આપશ્રીના માધ્યમથી આ સરકારને અનુરોધ કરું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રી હસમુખભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને એના વિશે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર હિન્દુ ધર્મની આસ્થાના કેન્દ્ર સમા મા અંબાના આરાધના સ્થાન એવા અંબાજી ખાતે દેશ વિદેશથી શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. આદિ અનાદિકાળથી અત્યારે જે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ બન્યું હોય કે જે કંઇ પ્રવાસન ધામોના વિકાસ માટેના કામો થયાં હોય, પણ વર્ષોથી ચાલતી આવતી પરંપરા કે જયારે યાત્રાના સ્થળોએ જવા માટે સાધનની પણ સુવિધા ન હતી, ત્યારથી પગપાળા પ્રવાસ કરીને પણ જે તીર્થ કરવાનો મહિમા સમગ્ર હિન્દુસ્તાનમાં હિન્દુ પ્રજામાં રહેલો છે એના અનુસાર અત્યારે જેમ અંબાજીનો જે મહિમા અને ૫૧ શક્તિપીઠની જે વાત છે એ ૫૧ શક્તિપીઠની વાત કરું તો ૫૧ શક્તિપીઠ એટલે શું? કયાંથી આવી? કઇ રીતે આવી ? આ વિચાર નાનોસુનો નથી, પણ જેમ પૂરાણ કથામાં કહ્યું છે કે, દક્ષ યજ્ઞ વખતે જે મા ભગવતીના બલિદાનથી દુઃખી થઇને શ્રી મહારાજે જે તાંડવ નૃત્ય કર્યું અને એના લીધે વિષ્ણુ ભગવાને જે ચક્ર ચલાવ્યું અને જેને લીધે જે નશ્વર દેહના જુદી જુદી જગ્યાએ જે ટૂકડા પડયા, સમગ્ર ભરત ખંડમાં આવી ૫૧ જગ્યાએ આ અંગ જે પડ્યાં અને આ ૫૧ જગ્યાએ અંગ પડવાને લીધે જયાં જયાં જે શક્તિઓની સ્થાપના થઇ ત્યાં ૫૧ શક્તિપીઠોના નામે ઓળખાતી. સમગ્ર હિન્દુસ્તાનના ૧૭ રાજયોમાં ૪૩ જગ્યા અને વિશ્વના બીજા પાંચ દેશોમાં ૮ જગ્યાએ આમ ૫૧ જગ્યાએ આ ટૂકડા પડવાથી પણ આ વસ્તુ સાહેબ, યાદ કોને આવે? જેમ સાહેબ, શ્યામજી કૃષ્ણ વર્માની અસ્થિ માટે જેમ ઇન્ડીયા હાઉસમાં આ દેશના અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે ચકતુ જેમ પૂરું કર્યું, આ પણ જેના ઉપર દૈવી શક્તિના હાથ વરેલા છે. જે આજે ૧૨૫

કરોડ દેશવાસીઓના હ્રદયના સમ્રાટ બન્યા છે એમને વિચાર સ્ફૂર્યો કે અહીં તો તેમને ૫૧ શકિતપીઠોની યાદ આવી અને વિચાર આવ્યો કે અહીં તો અંબાજી માતા છે તો ત્યાં આ ૫૧ એ ૫૧ શકિતપીઠ આ એક જ સાથે ના લાવી શકાય?

આ ૫૧ શકિતપીઠોનાં મૂળ જયાં જયાં આવેલ છે તેમાં પશ્ચિમ બંગાળમાં ૧૨ જગ્યાએ, મધ્ય પ્રદેશમાં ૪, તામિલનાડુમાં ૪, બિહારમાં ૩, યુ.પી.માં ૩, ગુજરાતમાં ૧, આંધ્ર પ્રદેશમાં ૨, મહારાષ્ટ્રમાં ૨, કાશ્મિરમાં ૨, પંજાબમાં ૧, ઓરિસ્સામાં ૧, હિમાચલ પ્રદેશમાં ૧, આસામમાં ૧, મેઘાલયમાં ૧, ત્રિપુરા ૧, હરિયાણામાં ૨ અને રાજસ્થાનમાં ૨ આમ દેશમાં કુલ ૧૭ જગ્યાએ ૪૩ અને દેશ સિવાય વિદેશમાં નેપાળમાં ૨ જગ્યાએ, પાકિસ્તાનમાં ૧, શ્રીલંકામાં ૧, તિબેટમાં ૨ અને બંગલાદેશમાં ૨ એમ વિદેશમાં જે આ શકિતપીઠો એ જુદા જુદા રાજયોમાં અને દેશમાં પણ જુદા જુદા નામે ઓળખાય છે. એમાં ગુજરાતમાં ચંદ્રભાગાના નામે ઓળખાય છે એ આ અંબાજી છે. એમાં જુદી જુદી ૫૧ યાદી છે. ૫૧ જગ્યાએ ગમે તે હિન્દુ ધર્મના બધા જ શ્રધ્ધાળુઓ માટે એ શકય નહોતું કે ૫૧ એ ૫૧ શકતિપીઠોની એ જાત્રા કરી શકે. ચાર ધામની જાત્રા એટલે બદ્રીનાથ, દ્વારકાધીશ, જગન્નાથપૂરી, અને દક્ષિણમાં ત્રંબકેશ્વર અને રામેશ્વર આ ચારેય જગ્યાની યાત્રા એ ચારધામની જાત્રા કહેવાય. આ ચાર ધામની યાત્રા તો લોકો વારાફરતી કરી શકતા હતા, પરંતુ આ ૫૧ એ ૫૧ શકિતપીઠોની જાત્રા કોઇ દિવસ શકય નહોતી. જે આપણા વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આ વિચાર આવ્યો અને એ વિચારને અંતે તેમણે ૧૧,૧૨ અને ૧૩ મી ફેબ્રુઆરી, ૨૦૧૪ માં એનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૩ દિવસ ચાલ્યા પછી ૧૩ મી ફેબ્રુઆરીએ ૧૨.૩૯ વાગ્યાના વિજય મૂહુર્તમાં જે આ પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન કરીને લાખો શ્રદ્ધાળુઓની હાજરીમાં માનનીય નરેન્દ્રભાઇએ સમગ્ર દેશ અને વિદેશની જનતાને આ લોકાર્પણ કરીને દર્શન માટે ખુલ્લી મૂકી. આજે પણ એ શકિતપીઠોની જે રીતે વિદેશમાં પૂજા થાય છે, દેશ અને જુદા જુદા રાજયોમાં જે રીતે એની પૂજા વિધિ થાય છે એ જ રીતે એ કરવા માટે દરેકના પૂજારીઓને મળીને એ રીતની પૂજા વિધિ શીખવાડી અને એ રીતે જ અહીંયાં એની પૂજા થાય છે. તો આ બધા જ ૫૧ એ ૫૧ મંદિરો અલગ અલગ, જે ૨.૫ કિલોમિટરનો રસ્તો, એ ૨.૫ કિલોમિટરના રસ્તામાં લગભગ ૧૮૫૩ પગથિયાં છે, પરંતુ દરેક જગ્યાએ એની અલગ અલગ પૂજાવિધિ કરીને જે લોકોને સંતોષ થાય કે ન ભૂતો ન ભવિષ્યતિ. આ એક જ જગ્યાએ, એક જ સ્થળે,એક જ સમયે આ ૫૧ એ ૫૧ શકિતપીઠ સ્થાપી છે. અત્યારસુધી અંબાજી એટલે આપણને બધાને ખબર છે કે ભાદરવી પૂનમે ત્યાં અંબાજીમાં મોટો મેળો ભરાય અને મારા જિલ્લાના વહીવટી તંત્રના માધ્યમથી એની બે મહિના પહેલાં તૈયારી થાય. આપણને બધાને ખબર છે કે પગપાળા યાત્રાળુઓ તમામ રસ્તાઓ ઉપર જય જય અંબે, બોલ મારી અંબેના નારાથી આખો રસ્તો ગુંજી ઉઠે. રસ્તે રસ્તે સેવાભાવી સંસ્થાઓ મારફતે કેમ્પો પણ ચાલુ થતા હોય. ગયા વર્ષે લગભગ ૩૦ લાખ યાત્રાળુઓએ આનો લાભ લીધો હતો અને દર વર્ષે લગભગ ૧.૫ થી ૨ કરોડ યાત્રાળુઓ મા અંબાજીના દર્શનનો લાભ લે છે. જે ૩૫૮ કળશોથી સુશોભિત મંદિર જે મંદિરમાં જે રીતે આ દર્શન કરવાની વાત થાય અને અત્યારસુધીમાં લગભગ દાતાઓના દાનથી અને જે શ્રદ્ધાળુઓએ દાન આપ્યું છે એમાં ૫૪ કિલો સોનું દાનમાં મળ્યું છે એમાંથી ૪૫ કિલો સોનું તો વપરાઇ પણ ગયું છે અને ઓન લાઇન પણ દાન લોકો આપે છે જે અંબાજી માતા પ્રત્યેની શ્રદ્ધા અને આસ્થા છે. જે રીતે નવી નવી તમામ જગ્યાએ જેમણે ચાર ધામ યાત્રાની વાત કરીને શામળાજીના શામળીયાની શ્રી હસમુખભાઇએ વાત કરી ત્યારે આર્થિક સદ્ધરતા નહોતી, ત્યારે આ લોકો માટીની પૂતળી મૂકીને પણ શ્રદ્ધા વ્યકત કરતા. આજે કલીયુગ છે, કલીયુગમાં સતયુગ કરતા પણ વધારે ધાર્મિક આસ્થા જયારે વધી છે ત્યારે જે પ્રાણ પ્રતિષ્ઠા અને મંદિરોના નિર્માણ થઇ રહ્યા છે ત્યારે લોકોની આસ્થા અને શ્રદ્ધા વધી છે ત્યારે અહીં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ગુજરાત યાત્રાધામ બોર્ડના માધ્યમથી જે રીતે યાત્રાધામોનો વિકાસ સમગ્ર રાજયમાં થઇ રહ્યો છે અને અંબાજીનો જે રીતે વિકાસ થયો છે તેનાથી પ્રજાજનોને સુખ સગવડો મળવાની છે. ૩૦ લાખ શ્રદ્ધાળુ યાત્રિકો ભાદરવી પુનમે આવતા હોવા છતાં આજ સુધીમાં અંબાજીમાં કોઇ અનિચ્છનીય બનાવ બન્યો નથી અને વહીવટી તંત્ર ખડે પગે રહી અને પાણીથી માંડીને લાઇટની અને બધી જે સુવિધાઓ કરે છે. જયારે ૫૧ શકિતપીઠ બની છે ત્યારે ત્યાં દેશ

અને વિદેશના બધા જ શ્રદ્ધાળુઓ તેનો ખૂબ લાભ લેશે અને આ રાજયને પ્રવાસન યાત્રાધામ તરીકે પણ તેનો લાભ મળશે. આ પ્રસ્તાવને હું સમર્થન આપું છું.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી જે ૫૧ આદ્યશકિત પીઠનો સંકલ્પ લઇને આવ્યા છે તે અદભૂત સંકલ્પને હું આવકારું છું અને અભિનંદન પણ આપું છું. યા દેવી સર્વભૂતેષુ, શકિતરૂપેણ સંસ્થીતા, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ માતાજીના આ શ્લોકથી મારી વાતની હું શરૂઆત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના સભ્યોના ધ્યાન ઉપર એ લાવવા માગું છું કે વિશ્વમાં કોઇ દેશની અંદર, વિશ્વના બધા જ દેશોની અંદર પુરૂષ ભગવાન પૂજનીય છે. માત્ર ભારત દેશ એવો છે કે જયાં સ્ત્રી ભગવાન પૂજનીય છે. પુરુષો પણ સ્ત્રી શકિતની પૂજા કરે છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, આ દેવોને સર્જનકર્તા સંવર્ધનકર્તા અને સંહારકર્તા દેવ તરીકે આપણે બધા જાણીએ છીએ, અને એમનું એ કામ છે. પરંતુ સમાજની અંદર આખા વિશ્વની અંદર કોઇ પણ દેશની અંદર સારા સ્વસ્થ અને મહત્વના કામો કરવા માટેના જે ખૂબ અગત્યના કામો છે તે કામો ઇશ્વરે પણ સ્ત્રી શકિતને આપેલા છે. મારે યાદ કરાવવું છે કે નાણાં ખાતું ઇશ્વરે મહાલક્ષ્મીને આપ્યું છે. ગૃહ ખાતુ ઇશ્વરે માં મહાકાળીને આપ્યું છે. શિક્ષણ ખાતુ માં સરસ્વતીને ફાળે છે, અને અન્ન અને પુરવઠા ખાતું માં અન્નપૂર્ણાના ફાળે આવ્યું છે. મહત્વના બધા જ ખાતાઓ સ્ત્રી શકિતને ફાળે છે.

અધ્યક્ષશ્રી : અહીં પણ એવું જ કંઇક કરાવો ને.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : સાહેબ એવું જ છે, ગૃહ ખાતું મુખ્ય મંત્રીશ્રી પાસે જ છે. શિક્ષણ ખાતું મહિલા મંત્રી પાસે જ છે. અહીંયા પણ એવું જ છે. મારે હજુ અગત્યની વાત કરવાની છે. મારે એ કહેવું છે કે આપણે પુરુષ ભગવાનના અને માતાજીના વાહનને નજરે જોઇએ તો પુરુષ ભગવાનના વાહન કોણ છે? શંકર ભગવાનનું વાહન છે પોઠીયો, કૃષ્ણ ભગવાનનું વાહન છે ગાય, ગણપતિ ભગવાનનું વાહન છે ઉંદર, અને હું મા શકિત સ્વરુપીણી જે માતાઓ છે તેના વાહન ગણાવું, મા દુર્ગાનું વાહન છે વાઘ, મા અંબાનું વાહન છે સિંહ, મા ખોડિયારનું વાહન છે મગર, આવા હિંસક પ્રાણીઓ ઉપર સવારી કરી અને પોતાની શકિતથી આવા હિંસક પ્રાણીઓને પણ પોતે વશ કરી શકે છે તેવી તાકાત સ્ત્રી શકિતએ બતાવી છે. સ્ત્રી ભગવાને બતાવી છે, મા શકિતઓએ બતાવી છે, આ આદ્ય શકિતએ બતાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વ વકતાએ વાત કરી છે કે, દક્ષના યજ્ઞમાં મા પાર્વતી ગયા અને પોતાના પતિના માટે અપમાન જનક શબ્દો સાંભળીને પોતાના દેહને એમણે યજ્ઞની અંદર આહૂતિમાં નાખી દીધો. કારણ કે પોતાના પતિનું અપમાન થયું હતું માટે એમણે પોતાની જાતને યજ્ઞમાં નાખી. અને એ સમયે શંકર ભગવાને એમના શરીરને પોતાના ખભા ઉપર ઉંચકી અને જે તાંડવ કર્યું અને આખા વિશ્વમાં પ્રલય ન ફેલાય તેના માટે થઇ અને વિષ્ણુ ભગવાને પોતાના ચક્ર દ્વારા એમના અંગોને વિભાજીત કર્યા, એમાં સૌથી મહત્વનું અંગ માતાજીનું હૃદય છે તે હૃદય એટલે મા અંબાજીનું સ્થાન, આ અંબાજીના સ્થાન ઉપર ૫૧ શકિતપીઠ કરવામાં આવી છે.

મારા પૂર્વ વકતાએ વાત કરી છે, કોઇ એક વ્યકિત એક જન્મની અંદર આ એકાવને એકાવન શકિતપીઠના દર્શન કરી જ ન શકે, કરી જ ન શકે, કરી જ ન શકે, આ અશકય વાત છે. કારણ કે છ દેશો અને ૧૭ રાજયોમાં ફેલાયેલા આ શકિતપીઠોના દર્શન કરવા એક જન્મમાં શકય નથી. અને માતાજી પણ જાણે છે કે મારા દર્શન કરવા આવનાર વ્યકિતઓએ પોતાની કાર્યશકિત બતાડવાની હોય છે. જયારે આ બાબત જે વ્યકિત જગદંબાના અદભૂત ભકત છે આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન જગદંબાના અનન્ય ભકત છે એમના ઉપર જગદંબાના ચારે હાથ છે એવી વ્યકિતને આજથી નવ વર્ષ પહેલા વિચાર આવ્યો કે મારે એકાવને એકાવન શકિતપીઠના દર્શન એક જ જન્મમાં લોકો કરે, વિશ્વના કોઇ પણ લોકો આવે એકજ જન્મની અંદર બધા દર્શન કરે. માતાજીની કૃપા એમની ઉપર છે અને આ કામમાં માતાજીની કૃપા એમની સાથે હતી, માટે જ આ શકય બન્યું છે. આ જે કાર્ય છે એ સદીમાં નહિ આવતી સદીઓમાં નહિ પરંતુ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે એવું અદ્ભભૂત કામ નરેન્દ્રભાઇના શાસનમાં માતાજીના ભકત છે એમના દ્વારા કરવામાં આવ્યું છે.

ખર્ચની જો વાત કરું તો ૨૫૧ કરોડના ખર્ચે જે નિર્માણ પામ્યું છે એમાં સરકારી તિજોરી ઉપર કોઇ ભારણ આપવામાં આવ્યું નથી. ટેમ્પલ ટ્રસ્ટ ફંડ, લોકભાગીદારી અને પી.પી.પી. આના દ્વારા આ નિર્માણ કરવામાં આવેલ છે. આટલું મોટું કાર્ય નિર્માણ કરવામાં આવ્યું છે એમાં સરકારી નાણાંના ભોગ વગર પી.પી.પી.ના કારણે થયું છે એ તો બધાની કલ્પના બહારની વાત છે. ભારત ભરની અંદર મહત્વના ધાર્મિક તીર્થસ્થાનો છે એમાં ગુજરાત સૌથી મોખરે છે અને મૉડેલ સ્ટેટ તરીકે આખા દેશની અંદર ઘણા બધા તીર્થસ્થાનો છે પણ એને ડેવલપ કરવા માટેના કોઇપણ મુખ્યમંત્રીને કયારેય વિચાર નથી આવ્યો અને માત્રને માત્ર આપણા મુખ્યમંત્રી જે તે સમયે અહીંયા હતા અને આજે વડાપ્રધાન છે એમને આવો વિચાર આવેલો છે. એમને મૉડેલ તરીકે આજે બધી જગ્યાએ જોવામાં આવે છે. માત્ર નિર્માણ કરવું એટલું પૂરતું નથી. આ નિર્માણ જે થયું છે એ મંદિરનું સર્જન એટલે કે મંદિરનું કન્સ્ટ્રકશન પણ આબેહુબ થાય, એના આર્કિટેકોને જે તે મંદિરોમાં છ દેશો અને ૧૭ રાજયોમાં જે તે જગ્યાએ મોકલવામાં આવેલા છે અને એના જેવું જ મંદિરનું નિર્માણ થાય. માત્ર સ્ટ્રકચર એના જેવું આબેહુબ નહિ પણ મંદિરની અંદર ધાર્મિક પૂજા અથવા તો ધાર્મિક જે કોઇ વિધિ હોય આરતી સહિતની તમામ વિધિ આબેહૂબ અદલે અદલ જે મૂળ મંદિરમાં છે એવી જ અહીંયા કરવામાં આવે એના માટે થઇને અહીંથી પૂજારીઓને તાલીમ લેવા માટે મોકલવામાં આવ્યા અને તાલીમ લઇને અહીંયા આવ્યા અને એમને પૂજાની કામગીરી સોંપવામાં આવી છે. બે કરોડથી વધારે લોકો અહીંયા દર્શને આવે છે અને આપણે બધા જાણીએ છીએ. મા કે દર્શનકે લીએ કોઇ વજહ ચાહીએ ભલા? સબ આતે હૈ, કોઇ ચલકે, કોઇ દોડકે, કોઇ લેટકે, સબ આતે હૈ, આપ ભી આઇએ, બહુત કુછ મીલેગા આર્શીવાદમેં, કુછ દિન તો ગુજારો ગુજરાતમે. માતાજીના એક શ્લોકથી મારી વાત પૂરી કરીશ.

લંકાયામ શાંકરાદેવી    કામાક્ષી કંચીકા પૂરે
પદ્યુમને શ્રી લેખા દેવી  ચામુંડા ક્રૌચા પટ્ટણે
અમલપૂરે જોગલંબા    શ્રી શૈલે ભ્રામરંબીકા
કોલ્હાપુરે મહાલક્ષ્મી    મહુર્યે એકાવીરીકા
ઉજ્જૈનયામ મહાકાલી    પીઠીકાયમ પૂરુકુતીકા
ઔંધાને ગીરજાદેવી    માણીકયા દક્ષાવાટીકે
હરીક્ષેત્રે કામરૂપી    પ્રયાગે માધેશ્વરી
જવાલાયામ વૈષ્ણૌદેવી  ગયા મંગલ્ય ગૌરીકા
ચારાણસ્યમ વિશાલક્ષ્મી  કાશ્મીરે તુ સરસ્વતી
અષ્ટખશા શકિતપીઠીણીમ    યોગાનામપિ દુર્લભમ્

એકાવને એકાવન શકિતપીઠના દર્શન દુર્લભ છે એવા દર્શન દુર્લભ જે છે એ કરાવી આપનાર આ આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇને બધા વતી એટલા માટે આભાર અને અભિનંદનની લાગણી વ્યકત કરું છું કે આવું અદભૂત કામ એમના નેતૃત્વ હેઠળ પૂરું કર્યું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( દેવસ્થાન અને યાત્રાધામ વિકાસમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી હસમુખભાઇ પટેલ ૫૧ શક્તિપીઠના સંદર્ભમાં જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે અને એ સંકલ્પના અનુમોદનમાં માનનીય શ્રી પરબતભાઇ અને માનનીય શ્રીમતી વિભાવરી બહેને બહુ વિસ્તૃત રીતે આ સભાગૃહ સમક્ષ મૂકયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિચાર જે વટવૃક્ષ બન્યો એ વટવૃક્ષ બનાવવા પાછળનો સમગ્ર શ્રેય કોઇને આપવાનો હોય તો અત્યારના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને આપવાનો થાય છે. અમે સૌ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ એ ભારતીય સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વરેલા લોકો છીએ. આ દેશની સંસ્કૃતિનું જતન કરવું, સંવર્ધન કરવું એ ભારતીય જનતા પાર્ટીના એકેએક કાર્યકર્તાની હરહંમેશ ફરજ રહે છે. હિંદુ ધર્મના જયાં આસ્થા કેન્દ્રો છે ત્યાં આપણું માથું પૂરા આદર-સન્માનથી ઝૂકી જાય છે. રસ્તા ઉપરથી પસાર થતાં હોઇએ, કોઇ મંદિરની ધજા જોઇએ તો પણ આપણને એવું થાય, આપણે તેને નમન કરતા હોઇએ છીએ. જેમ

માનનીય સભ્યશ્રીઓએ કહ્યું કે આ તો ૫૧ શક્તિપીઠ. અખંડ ભારત હતું. અખંડ ભારતમાં છ રાષ્ટ્રો નેપાળ, તિબેટ, ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા આ છ દેશોમાં જે છ પીઠ આવેલી છે. સમગ્ર દેશના ૧૭ રાજયો, ગુજરાતથી માંડીને આસામ અને કાશ્મીરથી માંડીને તામિલનાડું સુધી ૪૧ પીઠો આવેલી છે. આવી ૫૧ પીઠોનો આ જન્મારામાં એક જ સ્થાને એક જ જગ્યાએ દર્શન કરવા માટેનો લાભ, તેનો વિચાર તો માત્રને માત્ર નરેન્દ્રભાઇ મોદીને જ આવી શકે અને તેને ગુજરાતના વહીવટી તંત્રએ અસરકારકતાથી આજે આપણાં સૌ સમક્ષ દર્શનનો લહાવો પૂરો પાડ્યો છે.

પહેલાંના જમાનામાં રાજાઓ આ પ્રમાણેના મંદિરો અને શિવાલયોના નિર્માણ કરતા હતા. આ એ નરેન્દ્રભાઇ મોદી છે કે જેમણે આ દેશની અંદર પોતાના ચૂંટણી પ્રચારનું અભિયાન માં અંબાના ચરણોમાં શિશ ઝૂકાવીને કર્યું હતું. જેમણે આ વિચારને મૂર્તિમંત કર્યો. વડાપ્રધાન બન્યા પછી આજ દિવસ સુધીમાં માં ગંગાના ચરણોમાં જઇને તેની આરતી કોઇ વડાપ્રધાન દ્વારા કરવામાં આવી નથી. આ ભારતીય સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વરેલા લોકો અને તેમાં ગુજરાત, આપણું ગુજરાત એટલે આધ્યાત્મિક રીતે આધ્યાત્મિક નગરીઓવાળું ગુજરાત. આપણે ત્યાં દ્વારકા, ડાકોર, સોમનાથ, જુનાગઢ,સિદ્ધપુર, બહુચરાજી, શબરીધામ આ બધા સ્થાનોમાં ગુજરાત સરકાર દ્વારા ૪૩૬ કરોડ તેનો ખર્ચ થયો છે. ૨૧૯ કરોડના કામ પ્રગતિ હેઠળ છે અને ચાલુ વર્ષના બજેટમાં પણ ૧૦૩ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે આ ૫૧ શક્તિપીઠના લોકાર્પણનો, મૂર્તિ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ હતો. એ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે આ વિભાગના મંત્રી તરીકે મને સહભાગી રહેવા માટેની તક મળેલી હતી. તેની પાછળ તેમની દૃષ્ટિ હતી. દૃષ્ટિ એ હતી કે અંબાજીનું ધામ એ આદિવાસી પટ્ટીની વચ્ચે આવેલું છે. આ ધામ જયાં બે કરોડ જેટલા દર્શનાર્થીઓ સમગ્ર દેશ અને વિદેશમાંથી આવે છે. મારો આ પટ્ટીમાં રહેતો આદિવાસી આ બે કરોડ દર્શનાર્થી યાત્રાળુઓ જયારે અંબાજીની ધરતીમાં માંના ચરણોમાં આશીર્વાદ લેવા માટે આવશે તો આદિવાસી યુવાનને રોજગારી પણ આ ૫૧ શક્તિપીઠના કારણે મળવાની છે. આ ૫૧ શક્તિપીઠની સાથે સાથે યાત્રિકોની સુવિધા માટે અત્યાર સુધીમાં ૨૨૫ કરોડના કામ ગુજરાત સરકાર દ્વારા ત્યાં પરિપૂર્ણ કરવામાં આવેલ છે. ત્યાં જનભાગીદારીથી લોકો આવે, માત્ર અંબાજીના દર્શન કરીને જતા રહે એવું નહીં પરંતુ એ પોતે આખો દિવસ વ્યતિત કરે. પોતાના પરિવાર સાથે રહે. તેના માટે ત્યાં હિલિયમ બલૂન, જીપલાઇન, થ્રીડી મુવી ૭૦ની કેપેસિટી ધરાવતા બે થિયેટર બનાવ્યા છે અને શ્રી રામાનંદ સાગરના પ્રપૌત્ર શિવસાગર દ્વારા તેનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં ત્યાં ભોજનાલય બને. ત્યાં મલ્ટીસ્ટોરી પાર્કીંગ થાય. સંસ્કૃત મહાવિદ્યાલય અને ગબ્બર ચઢવાના પગથિયાના રૂ.૨૧/- કરોડ સહિત આગામી દિવસોમાં રાજ્ય સરકાર દ્વારા આ યાત્રાધામ માટે વધારાના રૂ.૬૫/- કરોડ ખર્ચવા માટેનું આયોજન કરવામાં આવશે. જ્યારે મા અંબાના દર્શન કરવા માટે જઇએ ત્યારે એનું ૬૧ ફૂટનું શિખર અને ૩૫૮ કળશવાળું શિખર એની અંદર જન ભાગીદારીના માધ્યમથી અત્યારે ૪૫ કિલો સોનાથી માના શિખરને સુવર્ણમય બનાવવાની અડધી કામગીરી પૂરી થઇ ગઇ છે, ૯ કિલો સોનું આપણી પાસે ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં બાકીનું ૫૫ કિલો સોનું ઉપલબ્ધ થયે સમગ્ર શિખરને સુવર્ણમય બનાવી, સુવર્ણમય શિખરની વચ્ચે માતાની ધજાના દર્શન કરીને આપણે સૌ અનન્ય લાગણી વ્યક્ત કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષના બજેટમાં રાજ્યના આરોગ્ય મંત્રી દ્વારા અંબાજી દેવસ્થાન દ્વારા એક મોટી હોસ્પિટલ બનાવીને આરોગ્ય વિભાગને આપી છે. આગામી દિવસોમાં આ વિસ્તારની અંદર મોટી હોસ્પિટલ ચાલુ વર્ષે શરૂ કરવાના છીએ. દર વર્ષે ભાદરવી પૂનમ અને પોષી પૂનમના દિવસે ત્યાં યાત્રાળુઓને વિનામૂલ્યે ભોજન કરાવવામાં આવે છે. ત્યાંના આંગણવાડીના બાળકોને, દાંતા અને આસપાસના અમીરગઢ તાલુકાની આંગણવાડીઓના બાળકોને ટોપરાપાક વહેંચવામાં આવે છે. આપણું સંસ્કૃત અને એ સંસ્કૃતનું જતન કરવા માટે સંસ્કૃત મહાવિદ્યાલય જે સોમનાથ યુનિવર્સિટી છે એની સાથે સંલગ્ન કરીને એક ગ્રાન્ટેબલ મહાવિદ્યાલય પણ ત્યાં શરૂ કરી છે. આ દેવસ્થાન દ્વારા કોલેજ પણ ચલાવવામાં આવે છે. આ રીતે ૫૧ શક્તિપીઠ અને એની ગાથા છે જે સભ્યશ્રીઓએ વાત કરી છે. એમાં જે પૂજારીઓ હતા એ પૂજારીઓને આપણે જે તે સ્થાન ઉપર મોકલ્યા, ત્યાં એ શકિત પીઠની જે પ્રમાણે પૂજા અર્ચના થાય, એ જ પ્રમાણે પ્રશિક્ષિત

થયેલા પૂજારીઓ દ્વારા પૂજા અર્ચના ત્યાં થાય છે. આ પ્રમાણે ૫૧ શકિતપીઠ જયારથી અંબાજીની અંદર બન્યા છે ત્યારથી સમગ્ર દેશ અને વિદેશની અંદરથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવવાના શરૂ થઇ ગયા છે અને જેમ વિભાવરીબેને ખૂશ્બુ ગુજરાતના કેમ્પેઇનમાં અમિતાભ બચ્ચને પણ આના સંદર્ભમાં એમણે પોતે ગીત કેમ્પેઇન મૂકીને સમગ્ર દેશ અને દુનિયાની અંદર આનો વિષય પહોંચાડ્યો છે. એક કરોડ કરતાં વધારે જ્યાં દર્શનાર્થીઓના માધ્યમથી આજે ૫૧ શકિત પીઠ એક જન્મમાં એક સાથે એના દર્શનના લ્હાવા સાથે આપણા સૌનું જીવન પાવન અને ધન્ય થાય અને એના માટે રાજય સરકારના આ ઠરાવને માનનીય હસમુખભાઇ જે લઇને આવ્યા છે એ બિનસરકારી સંકલ્પને હું પણ અનુમોદન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

ગરીબ લોકોને વિનામૂલ્યે સારવાર આપવા બાબત

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોમાંથી વ્યકિતને જ્યારે હૃદયરોગ, કેન્સર, કિડની, મગજ વગેરેની ગંભીર બિમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઇજાઓ, અકસ્માતથી થતી ગંભીર ઇજાઓ, નવજાત શીશુના રોગો વગેરેની સારવાર લેવાની જરૂર પડે ત્યારે બી.પી.એલ. પરિવારના ગરીબ લોકો પર અણધાર્યું ખર્ચ આવી પડે ત્યારે આવા ગંભીર રોગોની સારવાર માટે થતાં મોટા ખર્ચનો બોજો તેઓ ઉપાડી શકતા નથી. કુટુંબના સભ્યની અમૂલ્ય જિંદગી બચાવવા આવા પરિવારોને દેવું કરીને પણ ખર્ચાળ સારવાર કરાવવી પડે છે. આથી પરિવાર આર્થિક રીતે ઘણી મુશ્કેલીમાં મુકાઇ જાય છે. ગરીબ પરિવારોની આવી પરિસ્થિતિ નિવારવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩થી સમગ્ર રાજયના ૪૧ લાખ બીપીએલ પરિવારો એટલે કે ૧.૮૩ કરોડો લોકો માટે મુખ્યમંત્રી અમૃતમ-મા યોજના અમલમાં મૂકવામાં આવી હતી. જેમાં ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રુ. ૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ) સુધીની સારવાર વિનામૂલ્યે ઉલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના દ્વારા રાજયનાં તમામ ૩૩ જિલ્લાઓમાં ગરીબી રેખા હેઠળ જીવતા લાભાર્થીને મદદ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની પાંચ વ્યકિતને નિયત સારવારનો ખર્ચ માન્ય હોસ્પિટલને સીધો સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. જેના અમલ માટે કુલ રુ. ૬૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજયના ગરીબી રેખા હેઠળના હજારો બી.પી.એલ. કુટુંબોના સભ્યોને હૃદય, કીડની, કેન્સર, નવજાત શિશુઓના ગંભીર રોગો, ગંભીર ઇજાઓ, બર્ન્સ, મગજના રોગોની કુલ-૪૭૨ પ્રોસીઝર માટે ઉત્તમ પ્રકારની સારવાર રાજય સરકારના ખર્ચે આપવામાં આવી રહી છે. આ યોજનાના એક વર્ષથી થયેલ સફળ અમલીકરણને ધ્યાને લઇ, સરકારે યોજનાનો વ્યાપ વધારવા વધુ અન્ય ૭૨ જેટલી પ્રોસીઝર જેવી કે ડાયાલીસીસ, અકસ્માત અંતર્ગત મોટા હાડકાના ફ્રેકચર્સ વગેરેની સારવારની બાબત જુલાઇ ૨૦૧૩થી ઉમેરેલ છે. આમ, હવે કુલ ૫૪૪ પ્રોસીઝર માટે ઉત્તમ પ્રકારની સારવાર આ યોજના હેઠળ ઉપલબ્ધ છે.

રાજયમાં અત્યાર સુધીમાં આ યોજના અંતર્ગત કુલ ૬૪ હોસ્પિટલો નોંધાયેલ છે. જેમાં ૪૫ જેટલી ઘનિષ્ટ સારવાર પૂરી પાડતી ખાનગી ખ્યાતનામ હોસ્પિટલો અને ૧૯ જેટલી સરકારી/ ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અદ્યતન સારવાર આપતી અને જરૂરી માપદંડો(નોર્મ્સ) પરિપૂર્ણ કરતી અન્ય સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલોનો સમાવેશ કરવા કાર્યવાહી ચાલી રહી છે.

રાજયમાં કુલ ૪૧.૦૦ લાખ જેટલા બીપીએલ કુટુંબો એટલે કે, ૧.૮૩ કરોડ લોકોને આ યોજનાથી લાભ મળવાપાત્ર છે. જે પૈકી અત્યાર સુધીમાં ૨૧.૪૮ લાખ કુટુંબોને 'મુખ્યમંત્રી અમૃતમ-મા યોજના' માટે નોંધણી કાર્ડ આપવામાં આવેલ છે બાકી રહેતા લાભાર્થી કુટુંબોની નોંધણી માટે તાલુકા કક્ષાએ ૨૨૬ અને મ્યુનિસિપલ કોર્પોરેશન કક્ષાએ ૫૦ કિઓસ્ક ઊભા કરવામાં આવ્યા છે. પ્રાથમિક અંદાજ મુજબ આ યોજના

થકી દર વર્ષે ૨૦ હજાર જેટલી વ્યકિતઓ જીવલેણ બિમારીઓમાં વિનામૂલ્યે સારવાર થકી જીવનદાન મેળવી શકશે.

યોજના અંતર્ગત તા.૩૧/૫/૨૦૧૪ સુધીમાં કુલ ૨૯,૯૪૨ દાવાઓ માટે રૂ. ૬૧.૦૦ કરોડ ખર્ચ કરવામાં આવ્યો હતો.

આમ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે આરોગ્ય ક્ષેત્રે સુઆયોજીત પગલાં લઇ તેઓના જીવન ધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવે તે માટે શ્રેણીબદ્ધ પગલાં લેવાઇ રહ્યા છે ત્યારે ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો માટે કરવામાં આવતા અનેક મૌલિક સૂચનો ધ્યાનમાં લઇ કાર્યવાહી કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી જેમણે ગુજરાતને ગતિશીલ બનાવવા માટે એક સુત્ર આપ્યું છે. !!ગતિશીલ ગુજરાત!! સો દિવસના લક્ષ્ય એજન્ડા સાથે રાષ્ટ્રના વિકાસ માટે ગુજરાતનો વિકાસ. સર્વાંગી વિકાસને ધ્યાને લઇ આ કાર્યક્રમમાં જનસુખાકારી માટે ૧૧ જેટલા વિષયો એમાં આવરી લેવામાં આવ્યા છે અને ૪૮ જેટલી વહીવટીપ્રવૃત્તિઓને ચોકકસ લક્ષ્ય સાથે આ કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવશે. ગુજરાત સરકારે ખરા અર્થમાં દરીદ્ર નારાયણની સેવા અર્થે જે આરોગ્ય વિભાગ છે એની અંદર ગત વર્ષના બજેટ કરતા આ વખતે ૭૨૩૦ કરોડની જોગવાઇ એટલે કે ગત વર્ષ કરતા ૩૮૦૦ની સરખામણીએ ૫૬૬૭ કરોડનું આયોજન કરેલ છે જે ૨૬૬૭ કરોડ વધારાનું છે. ગરીબો માટે સરકાર જેટલું કરે એટલું ઓછું છે. ગરીબ લાભાર્થીઓ માટે સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ દાખલ કરવામાં આવી છે. જેમાં ચિરંજીવી યોજના, બાલસખા યોજના માટે ૮૩ કરોડ, ખિલખિલાટ સેવાના વ્યાપ માટે ૧૪ નવી વાન, શહેરી આરોગ્ય સેવા માટે ૧૧૧ કરોડ, ડાયાબિટીસ અને હાઇપર ટેન્શનના નિદાન માટે ૭૦ કરોડ, અતિ લોકપ્રિય થયેલ ૧૦૮ની સેવાઓનો વધુ વ્યાપ કરી ૧૦૦ નવી એમ્બ્યુલન્સ ઉમેરવાની પણ આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની હોસ્પિટલોના સુદ્રઢીકરણ માટે ૧૯૪ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. નિરાધાર મહિલાઓને આર્થિક સહાય માટે ૧૬૮ કરોડ, ૭૦ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૧૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, આદિવાસી વિસ્તારમાં ૩૭૭ પેટાકેન્દ્રો, અગરિયા વિસ્તારને પણ ધ્યાનમાં લઇ અગરિયા વિસ્તારના શ્રમિકો છે તેમના માટે ૭૦ પેટાકેન્દ્રો પણ ખોલવામાં આવ્યા છે. માતાના આરોગ્ય અને ગર્ભાવસ્થાની સલામતિ માટે મમતા દિવસની પ્રવૃત્તિઓ માટે ૮૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ લાભાર્થી દીઠ ૨૧૦૦ રૂપિયાથી વધારીને ૫ હજાર કરવામાં આવ્યા છે.

મારો જે સંકલ્પ છે એ ગરીબ અને નિરાધાર લોકો કે, જેની ઉપર ખૂબ આર્થિક બોજ આવી પડે એવો જીવલેણ રોગ થાય તો એના નિદાન માટે સરકાર કટિબદ્ધ છે. જે ગરીબ લોકો છે એને ખરા અર્થમાં સહાય મળે અને એ સહાય પણ સીધી એમના હાથમાં નહીં આપતાં સરકારી હોસ્પિટલોમાં આ સહાય આપવામાં આવે છે. ગરીબ દર્દી છે એને કોઇ રોગ થાય અને જે રોગ થયો હોય એ જ સ્થિતિએ દાખલ થાય ત્યારે એના માટે એણે બીજી કોઇ વસ્તુ કરવાની જરૂર રહેતી નથી. પૈસાની સગવડ કરવાની રહેતી નથી. સરકાર તરફથી સંપૂર્ણ સારવાર કરવામાં આવે છે. દવાખાનામાં કેશલેસ પદ્ધતિથી કોઇ ચૂકવણી કરવાની હોતી નથી. એનાથી આગળ વધીને સરકારે આ યોજનાનો વ્યાપ છે એ આ યોજનાના અમલીકરણથી જે ગરીબ લોકોને લાભ થયો છે એના ઉપરથી આ વર્ષે એક નવી યોજના પણ દાખલ કરી કે, જે બી.પી.એલ. કુટુંબો છે એ સિવાયના ૧.૨૦ લાખ સુધીની આવક ધરાવતા ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે આરોગ્ય સેવાનો લાભ મળી શકે એ માટે એમને પણ આ યોજનામાં દાખલ કરીને આ યોજના અંતર્ગત ૨૧ વર્ષ સુધીના બાળકો અને

મહિલાઓને નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત આ યોજનાનો જે વ્યાપ વધારવામાં આવ્યો છે એમાં ગત વર્ષે બર્ન્સ, હ્રદયરોગ, મગજના રોગો, નવજાત શિશુના રોગો વગેરેમાં વધારાનો ઉમેરો કરીને ૧૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ વખતે જે નવી પ્રોસિજરો ઉમેરવામાં આવી છે એ ૭૨ પ્રકારની પ્રોસિજરો નવી ઉમેરવામાં આવી છે. ગત વર્ષે ૪૫૫ હતી એની જગ્યાએ હવે ૫૪૪ પ્રોસિજરોની સારવાર કરવામાં આવશે. ગત વર્ષે જે હતું એમાં આ વખતે હાડકાના અને ડાયાબિટિસના રોગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી, તમે સંકલ્પ મૂકેલ છે એમાં આમ કરવું જોઇએ એ પ્રકારની તમારી ડિમાન્ડ હોવી જોઇએ. સરકાર એને સ્વીકારે અથવા ન સ્વીકારે એમ હોય છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ લોકો માટે નવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. ગત વર્ષે હતી એમાં લોકોની ખરેખર જે જરૂરિયાતો છે એ જરૂરિયાતોને ધ્યાનમાં લઇને નવી પ્રોસિજરોનો ઉમેરો કર્યો છે અને એના કારણે દર્દીઓને એનો નોંધપાત્ર લાભ થવાનો છે.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભૂજ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્ય કિશોરભાઇ જે સંકલ્પ લઇને આવ્યાં છે તેને અનુમોદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને જે હાલમાં વડાપ્રધાન છે એવા આદરણીય શ્રી નરેન્દ્રભાઇ એ સમાજની પીડા, ગરીબ લોકોના દુ:ખ દર્દનું નિદાન કરતા હતા અને એ નિદાન કરીને એના માટે જરૂરી જે કાંઇ આયોજન કરવાનું હોય એ કર્યું અને પછી એના અમલ માટેના તમામ પ્રયત્નો થતાં હતાં. અને સાચા અર્થમાં ગરીબ લોકોને લાભ મળે અને એ લોકોની તકલીફ દૂર થાય એવા પ્રયત્નો કરતા હતા અને એટલા જ માટે ગરીબોના બેલીનું બિરુદ તેમને પ્રાપ્ત થયું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના સપ્ટેમ્બર ૨૦૧૨માં આવી. મહાત્મા મંદિર ખાતે એનું લોચિંગ થયું. મા અમૃતમ યોજના એનું નામ મુખ્યમંત્રી અમૃતમ્ પણ મા ના નામથી આ યોજના પ્રખ્યાત થઇ છે. એટલા માટે સાચા અર્થમાં સરકારે આ મા–બાપ બનવાનું કામ કર્યુ છે. જે ગરીબ લોકો જ્યારે બિમાર થતાં હોય છે ત્યારે સૌથી મોટી આફત તેમના પર આવતી હોય છે. જ્યારે આવી ગંભીર બિમારીના ભોગ બનતા હોય અને જ્યારે હોસ્પિટલમાં જાય ત્યારે તરત જ આવી મોટી હોસ્પિટલ કે જેની અંદર તમામ સુવિધાઓ હોય છે અને સુપર સ્પેશ્યાલિટી ડોકટર હોય છે. એ હોસ્પિટલમાં ગરીબ માણસ જ્યારે જાય ને, ત્યારે એમને ડિપોઝિટ ભરવી પડતી હોય છે અને પૈસાની વ્યવસ્થા, એકબાજુ પોતાની વ્હાલસોયી વ્યક્તિ ગંભીર રીતે બિમાર હોય અને બીજીબાજુ એને પૈસાની વ્યવસ્થા કરવાની હોય અને પોતાની પાસે કેપેસિટી ના હોય તો એ વ્યાજે પૈસા લઇને કે માગીને પણ એ ડિપોઝિટ ભરીને સારામાં સારી હોસ્પિટલમાં અને ખ્યાતનામ ડોકટર પાસે આ બિમારીની સારવાર થાય એના માટે દાખલ થતાં હોય છે ત્યારે સરકારે આ યોજના કરી અને સાચા અર્થમાં ગરીબ લોકોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ભાઇશ્રી કિશોરભાઇએ કહ્યું એ મુજબ આ યોજનામાં ગત વર્ષે ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ હતો પણ આ વર્ષે ૧૬૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના એટલી બધી લોકોમાં પોપ્યુલર બની છે કે જેમ ચિરંજીવ યોજના લોકોમાં પોપ્યુલર બની હતી અને એશિયન ઇનોવેશન એવોર્ડ આપણને પ્રાપ્ત થયો છે એવીજ રીતે આ યોજના એટલી બધી પોપ્યુલર છે કે આ યોજના પણ આવતા દિવસોમાં સારામાં સારો એવોર્ડ પ્રાપ્ત કરશે અને બીજા રાજ્યના અને દેશના લોકો પણ આનો અભ્યાસ કરવા આવશે એવી જ્યારે આ યોજના મૂકવામાં આવી છે ત્યારે જે દર્દી બિમાર હોય એમાં ખાસ કરીને આ જીવલેણ બિમારીઓ કે જેમાં કેન્સર, હ્રદય રોગ, કિડનીની બિમારી, બર્ન્સ થયું હોય અને હવે તો ફ્રેકચર વગેરેને પણ આની અંદર અકસ્માતના કેસોને પણ આની અંદર લઇ લીધા છે અને મગજની બિમારી હોય એવી સારવારના આવા જીવલેણ બિમારી હોય તો સારામાં સારી હોસ્પિટલ જોઇએ. રિયાલિસ્ટિક હોસ્પિટલ જોઇએ કે જેની અંદર તમામ સુવિધાઓ હોય અને ખાસ કરીને તમામ સ્પેશ્યાલિસ્ટ ડોકટરો, ખ્યાતનામ ડોકટરો ઉપરાંત ખૂબ એક્સપિરિયન્સવાળા ડોકટરો હોય તેવા ડોકટરો પણ જરૂરી છે. તેવી ૬૪ હોસ્પિટલોને આપણે માન્યતા આપી છે અને હજુ પણ બીજી હોસ્પિટલોને માન્યતા આપવાનું નક્કી કર્યુ છે.

આ હોસ્પિટલોને માન્યતા આપવાના નોર્મ્સ નક્કી કર્યા છે. કોઇપણ હોસ્પિટલ અરજી કરે એને માન્યતા નહિ પણ એ માટેના જે નોર્મ્સ છે એ તમામ નોર્મ્સની પૂર્તતા કરે એવી હોસ્પિટલોને આમાં માન્યતા આપવામાં આવે છે એના માટે બે લાખ સુધીનો ખર્ચ વર્ષની અંદર થાય અને પાંચ સભ્યો પરિવારમાં હોય એને લાભ આપવામાં આવે છે.

હોસ્પિટલને આપણે આરોગ્યનું મંદિર કહેતા હોઇએ છીએ અને આ આરોગ્ય મંદિરનો આત્મા એ ડોકટર હોય છે. દરેક માણસ બિમાર પડે કે સિરિયસ હોય ત્યારે એને સારામાં સારી હોસ્પિટલ અને સારામાં સારા ડોકટર અને સારામાં સારી સારવાર મળે તેવી જગ્યાએ તેમને ટ્રીટમેન્ટ જોઇએ. ગરીબ માણસો આવી સારવાર લઇ શકતા નહોતા પણ આપણા માનનીયશ્રી નરેન્દ્રભાઇએ આ બિમારીનું નિદાન કર્યુ અને એમણે દરેક લોકોને સરખો ન્યાય મળે, દરેકને પોતાને એમ થાય કે ગરીબ માણસ હોય કે તવંગર હોય. બધાને સારી જગ્યાએ સારવાર મળે અને ગરીબ માણસ લાચારી ન અનુભવે એના માટેની આ યોજના બનાવી અને આ યોજનાને એક્સટેન્ડ કરવા માટે આ વખતે આપણા મુખ્યમંત્રીશ્રીએ આ બજેટની અંદર જે રીતે એક લાખ વીસ હજારની આવક ધરાવતા એવી મહિલાઓ અને એકવીસ વર્ષની ઉંમર સુધીના બાળકને પણ આની અંદર લેવાનું જ્યારે નક્કી કર્યું છે ત્યારે ખરેખર હું એમને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું અને આ યોજનાનો વધુમાં વધુ પ્રચાર થાય અને એના માટેના જે કાર્ડ છે, "માં અમૃતમ્" યોજનાના એ કાર્ડ આપણે તમામ લોકો, ૪૧ લાખ કુટુંબો અને હમણા જે નવા લીધા છે એ બધાને પહોંચે એવા તમામ લોકો આપણે પ્રયત્નો કરીએ અને આ કેશ-લેસ યોજના, કાર્ડ લઇને જાય એટલે એણે બીજી કોઇ ચિંતા કરવાની જરૂર નહીં અને સારામાં સારી સારવાર મળે. હું ખરેખર આ સંકલ્પને મારું અનુમોદન આપું છું.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી કિશોરભાઇ જે સંવેદના, આ રાજ્યના ગરીબ લોકોની ચિંતાનો સંકલ્પ લઇને આવ્યા છે તેને હું અનુમોદન સાથે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દર્દી પહેલાં દાખલ થાય ત્યારે સામાન્ય સંજોગોમાં એના પરિવારના લોકો ખબર કાઢવા જાય ત્યારે એક હાર લઇને જતા હતા અને એ હાર લઇને એટલા માટે જાય કે, કદાચ મૃત્યું પામે તો એને પહેરાવે અને બચી જાય તો ડોકટરને પહેરાવે. દર્દી બચી જાય તો ડોકટરને પહેરાવે. આ પરંપરાઓ ચાલતી હતી. આ રાજ્યના મુખ્યમંત્રીએ ગરીબના ઘરની અંદર રોટલાની ચિંતા કરી, આ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ ગરીબના ઘરના દીકરા-દીકરીઓના શિક્ષણની ચિંતા કરી, આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ એના પરિવારના આરોગ્યની, સ્વાસ્થ્યની ચિંતા કરી. વ્યક્તિ એક અને સિદ્ધિઓ અનેક. આખા દેશના મુખ્યમંત્રીઓની અંદર, દેશ આઝાદ થયા પછી આજ દિન સુધીમાં જેટલા પણ આખા દેશમાં મુખ્યમંત્રીશ્રીઓ થયા હશે એ બધા મુખ્યમંત્રીઓની અંદર આટલી સિદ્ધિઓ ક્યાંય કોઇની નહીં હોય, એટલી સિદ્ધિઓ આપણને સુવાસના રૂપે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી આજે આપીને ગયા છે. જેના પરિણામે એ સિદ્ધિઓને એના આશીર્વાદના કારણે આજે તેઓ દેશના વડાપ્રધાનના પદ સુધી પહોંચ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું મન થાય આજે કે, 'મા' માનનીય મુખ્યમંત્રી અમૃતમ્ યોજના 'મા', જે સભ્યશ્રી નીમાબેન કહેતા હતા કે, મા-બાપને જેમ પોતાના પરિવારની ચિંતા હોય એમ સરકાર પણ એ માઇ-બાપ છે અને સરકારે પણ આ ચિંતા કરી છે. આ રાજ્યના એકતાલીસ લાખ બી.પી.એલ. કુટુંબોમાંથી ૧.૧ કરોડ, ૮૩ લાખ એટલે અંદાજે કહેવા જઇએ તો ૩૨-૩૩ ટકા લોકો, જે લોકો મત આપે છે, જે લોકો મત નથી આપતા. પહેલાં શું બનતું હતું? કે, મત આપે એનું જ કામ થતું હતું, જ્યાંથી મત મળે એનું જ કામ થાય. પણ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ બાર-બાર વર્ષ સુધી સૌનો સાથ સૌનો વિકાસની પરિકલ્પનાથી મત આપે એને સલામ, મત ન આપે એને પણ સલામ. હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, છ કરોડ લોકોની ચિંતા કરીને, કોઇ એક સમાજની નહીં. આજે ગ્યાસુદીનભાઇ નથી, એ એમના પ્રવચનમાં જ્યારે વાત કરે ત્યારે એ એમ કહે કે, અમારા સમાજને કાંઇ નહીં મળે. પણ આજે ગર્વથી કહી શકું કે, મુખ્યમંત્રી માં અમૃતમ્ યોજનાનો સૌથી વધારે લાભ જો ગુજરાતમાં અને રાજ્યમાં જો સૌથી વધારે કોઇને મળ્યો હોય અને લીધો હોય તો એ લઘુમતી સમાજને મળ્યો છે. એ મતના તૃષ્ટિકરણ નહીં જઇને. આ યોજના

કદાચ મત નથી આપ્યો માટે એમને ના મળવી જોઇએ, એવું નહીં. આ રાજ્યના મુખ્યમંત્રીએ આ રાજયના ગરીબ લોકોને સારું સ્વાસ્થ્ય, સારી સુવિધા મળે એ માટે થઇને કોર્પોરેટ કક્ષાની હોસ્પિટલોની અંદર એને સારવાર મળે, બે લાખ સુધીનો કેશલેસ વીમો જે કહેવાય, એક પરિવારના પાંચ વ્યકિતને બે લાખ સુધીની સારવાર ફાઇવ સ્ટાર કક્ષાની હોસ્પિટલની અંદર જેને કયાંક રીએમ્બર્સ થાય છે, કયાંક સરકારી અધિકારીને પોતાને પૈસા મળે છે એ જ આજે સારી હોસ્પિટલોમાં સારવાર લેવા જઇ શકે એવું નહીં, ગરીબ માણસ પણ સારી હોસ્પિટલ, કોર્પોરેટ હોસ્પિટલમાં પણ તબીબી સારવાર માટે જઇ શકે એના દ્વાર ખોલી આપવાનું કામ આ રાજય સરકારે કર્યું છે અને આ રાજય સરકાર એના માટે થઇને આટલેથી અટકી નહીં, ગયા વર્ષે જેમ કિશોરભાઇ વાત કરતા હતા કે સાડી ચારસો પ્રકારના રોગો એમાં લીધા હતા સમયાંતરે લોકોની માંગ વધતા બીજા ૭૦,૭૨, ૭૫ જેટલા રોગ ઉમેરાયા અને આજે સાડા પાંચસો જેટલી પ્રોસીઝરોની અંદર એ સારવાર આપવાના કાર્યની શરૂઆત થઇ છે.

આ બે લાખ રૂપિયા જેવી રકમ હોય એક સમય એવો હતો કે મારે ત્યાં એક રીક્ષાવાળાભાઇની વાત કરું કે ૨૦૧૨ની સાલની અંદર આ મુખ્યમંત્રી અમૃતમ યોજનાની શરૂઆત થઇ એ પહેલા ૨૦૧૧ની અંદર એને કીડનીના રોગની સારવાર લેવાની હતી એક અબ્દુલભાઇ રીક્ષાવાળા અને એ અબ્દુલભાઇ રીક્ષાવાળાને કીડનીના રોગની સારવાર લેવા માટેના પૈસા ન હોવાથી એ ભગવાનને દુઆ કરે, એનો પરિવાર દુઆ કરે, રીક્ષા વેચાઇ ગઇ, ઘર ગીરવે મુકાઇ ગયું, પરીવાર ખેદાન મેદાન થઇ ગયો અને છેલ્લે એની પાસે જે આશરો હતો એ ઇચ્છામૃત્યુ સિવાય એની પાસે કોઇ આશરો નહોતો અને એ આશરો નહીં હોવાને કારણે એ ભગવાનને ખુદાને પ્રાર્થના કરે કે હે ખુદા અબ તુ મુઝે લે લે મુઝે નહીં જીના હૈ પણ એ અબ્દુલભાઇ ને ૨૦૧૨માં આ બી.પી.એલ. કાર્ડ હોવાને કારણે આ અમૃતમ યોજનાનો લાભ મળ્યો, એને સારવાર મળી, આજે એનો પરિવાર બચી ગયો, આજે પુનઃ પાછો એ રીક્ષા ચલાવતો થયો અને એનો પરિવાર જે ખેદાન મેદાન થઇ ગયો હતો એ આજે ફરી પાછો ઊભો થયો અને એ આજે દુઆ આપે છે, આજે ગુજરાતના લોકોની દુઆઓ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને મળી અને એ દુઆઓ, અનેક લોકોની દુઆઓ, મા અંબાની દુઆ મળી, અનેક દેવ દેવીઓની દુઆઓ મળી, આવા ગરીબ પરિવારની દુઆ મળી, આવી દુઆઓને કારણે આ મુખ્યમંત્રી અમૃતમ યોજનાએ માત્ર હૃદય રોગ, કીડની, કેન્સર જેવી સારવાર માટે કિશોરભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું આનુમોદન આપું છું.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી ધારાસભ્ય શ્રી કિશોરસિંહ ચૌહાણ જે મા યોજના અંતર્ગત સંકલ્પ લઇને આવ્યા છે એને મારું અનુમોદન આપવા મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતની ભા.જ.પ. સરકાર હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષમાં સુધારા માટે છેલ્લા ઘણા વર્ષોથી આરોગ્ય ક્ષેત્રે ખૂબ જ સારી કામગીરી કરી રહી છે. શિક્ષણ, પોષણ અને આરોગ્ય જે પાયાની વસ્તુઓ છે એ પૈકી આરોગ્ય માટે પૂરેપૂરી ચિંતિત અને જાગૃત છે એટલે આરોગ્ય વિશેની લગભગ ઘણીબધી યોજનાઓ સરકાર દ્વારા અત્યારે ચાલી રહી છે. કઇ યોજનાને વખાણવી, કઇને વધારે વખાણવી કારણ કે આ તો એક સે બઢકર એક આરોગ્ય વિષયમાં આપણે આજે સાંભળ્યું આખો દિવસ ત્યારે આપણે પરમ દિવસે ડાયરામાં હાલાજી તારા હાથ વખાણું કે પછી તારા પગલાં વખાણું એમ આ સરકારની આરોગ્યની જે યોજનાઓ છે એને કઇ રીતે પ્રાયોરીટી આપવી, જુદી જુદી યોજનાઓ પૈકી સૌથી અગત્યની માનવતાની દ્રષ્ટિએ, ઉપયોગિતાની દ્રષ્ટિએ અને સંવેદનશીલતાની દ્રષ્ટિએ કોઇપણ યોજના ટોપ પ્રાયોરીટી પર મૂકીએ તો આપણે મુખ્યમંત્રી અમૃતમ યોજના માને ગણી શકાય.

આ યોજનાની શરૂઆતની વાત કરી. આગળ મારા વક્તાઓને વાત કરી તે વાત નહિ કરું, પરંતુ જયારે ગરીબ કુટુંબોની વ્યક્તિ બીમાર પડે ત્યારે એક દર્દી તરીકે વ્યક્તિ દુઃખની પીડા નથી ભોગવતી, એક વ્યક્તિ નથી જાગતો, પરંતુ એનું આખું કુટુંબ પીડા ભોગવે છે, દરેક સભ્યને દુઃખ હોય, આખો પરિવાર જાગતો હોય આના માટે શું કરીશું? એનો પરિવાર નહિ, પણ સગાંવ્હાલાં જયારે ગંભીર બીમારી આવે ત્યારે ચિંતામાં હોય એનો ઇલાજ કઇ રીતે કરી શકાશે? આર્થિક રીતે પહોંચી વળાય તેવી શકયતા ન હોય અને

ખર્ચનો અંદાજ મોટો હોય ત્યારે આ યોજના આશીર્વાદરૂપ કામ કરે છે. એના માટે જેટલા ધન્યવાદ પૂર્વ મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને આપીએ એટલા ઓછા છે.

જ્યારે કેસ લેસની ૨ લાખ સુધીની વાત કરી. જ્યારે હોસ્પિટલમાં જવાનું હોય અને કાર્ડ ભેગું હોય આ મા કાર્ડ આપણી સાથે મા જગદંબા સાથે છે એવો એક અનુભવ કરી શકીએ અને મા આપણી વ્હારે આવે. એ કાર્ડ બાબતમાં કોઇ ફરિયાદ હોય તો એના માટે પણ સરકારે વ્યવસ્થા કરી છે. કોઇ ફરિયાદ, મુશ્કેલી હોય તો અહીયા આઇ.એસ.આઇ. દ્વારા આરોગ્ય મિત્રની નિમણૂક કરવામાં આવી. માન્ય હોસ્પિટલો છે. ઇમ્પ્લીમેન્ટેશન ઓફ સોશિયલ આસિસ્ટંટ સર્વિસ કંપની એના દ્વારા મિત્ર મુશ્કેલીમાં મદદરૂપ થાય છે. જો કાઇ મુશ્કેલી હોય તો એના માટે તકરાર નિવારણ તાલુકા મથકે રાખવામાં આવેલ છે. જિલ્લા મથકે ફરિયાદનું નિવારણ થઇ શકે. જો તમારી પાસે કાર્ડ બદલાવવું હોય કે કોઇ ભૂલ હોય તો કોઇપણ કિઓસ્ક નજીકનાં સેન્ટરમાં જઇ નવું આ મા કાર્ડ કઢાવી શકો છો. પ્રચાર, પ્રસાર માટેની વાત થઇ. મેગા હેલ્થ કેમ્પો લગભગ ગુજરાતમાં છેલ્લા વીસેક મહિનામાં ૨૦ જેટલા જિલ્લા મથકે મેગા હેલ્થ કેમ્પ જેમાં અવેરનેસ આવે, નિદાન પણ થાય અને મા કાર્ડ આપી શકાય. ૨૦ મેગા હેલ્થ કેમ્પ સાથે સાથે માન્ય હોસ્પિટલ દ્વારા દર મહિને નાનાં નાનાં સેન્ટરમાં હેલ્થ કેમ્પ રાખવાનું એ પણ અવેરનેસ માટેનું એક પરિબળ છે. સાથે સાથે ટીવી, પ્રિન્ટ, મીડિયા, રેડિયો દ્વારા આશા વર્કર દ્વારા જાહેરાત કરવામાં આવે છે. આશા વર્કરને ઇન્સેન્ટિવ એક હજાર નોંધણી મા કાર્ડ માટે કરાવે તો ૫૦ રૂપિયા ઇન્સેન્ટિવ પણ આપવામાં આવે છે. એટલે પ્રચાર, પ્રસાર માટે સરકાર ચિંતિત છે. સારી કામગીરી કરી રહી છે.

ગુજરાત સરકારને છેલ્લાં ૧૦–૧૨ વર્ષમાં નેઇમ રહે એના માટે એક સૂત્ર આપ્યું કે ગુડ ગવર્નન્સ. આના માટે બોટમ ટુ ટોપ વહીવટી તંત્રને ગોઠવ્યું. પંચાયતથી માંડીને છેક મુખ્યમંત્રી સુધી. બોટમ ટુ ટોપ. હેલ્થ વિભાગમાં બીજું સુત્ર છે. જે આ મા યોજનામાં પૂરેપૂરું લાગું પડે છે. બોટમ ટુ ટોપ નહિ, પણ ટોપ ટુ બોટમ. હેર ટુ ટો કહેવાયને. આરોગ્યની ભાષામાં કહેવું હોય તો હેર ટુ ટો. માથાથી અંગુઠા સુધી. કોઇપણ રોગ ગંભીર પ્રકારના રોગો હોય. હેર ટુ ટો માટે ટ્રીટમેન્ટ આપવા મા યોજનામાં આપીશું. હેર ટુ ટો યોજનામાં ઉપરથી શરૂ કરીએ તો બ્રેઇન, હાર્ટ, કીડની, કેન્સર, બર્ન્સ, નવજાત શિશુના ગંભીર રોગો, મલ્ટીપલ ટ્રોમાં, ટૂંકમાં લગભગ કવરેજ મેં કહ્યું તેમ હેર ટુ ટો આવી જાય છે. કોઇપણ પ્રકારનો રોગ પરિવારમાં આવે જેના માટે જમીન વેચવી પડતી હોય, ઘરેણા વેચવા પડતા હોય, ૫ થી ૧૦ ટકાના ઉંચા વ્યાજ દરે પૈસા લઇને ટ્રીટમેન્ટ કરાવવી પડતી હોય ત્યારે બહુ આશીર્વાદ રૂપ આપણા સી.એમ. સાહેબ ભૂતકાળના પૂર્વ મુખ્યમંત્રીશ્રી કામ કર્યુ છે, એના માટે ખાસ અભિનંદન આપું છું.

સાથે સાથે આડકતરા લાભ કહી શકીએ કે ગરીબ લોકો મોટી હોસ્પિટલો પાસેથી નીકળતા હોય ત્યારે એનું એક સ્વપ્ન હોય કે ભગવાન બીમાર ન પાડે, પરંતુ જો બીમાર હોય તો બીજા બધા આવી કોર્પોરેટ હોસ્પિટલોમાં સરસમજાની ટ્રીટમેન્ટ લેતા હોય તો અમારા નસીબમાં આવું ક્યાંથી હોય? એક સામાન્ય આર્થિક અસમાનતા સાથે સામાજિક અસમાનતા માનસિક એક અંદર માનસિક સહજ ઇર્ષાનો ભાવ ઉત્પન્ન થાય કે પૈસાવાળા લોકો આવી ટ્રીટમેન્ટ લે છે. અમે નથી લઇ શકતા. એટલે એ પણ એક આડકતરો લાભ છે. બીજો આડકતરો લાભ જયારે માણસ બીમાર પડેને જયારે પ્રાયમરી સ્ટેજમાં જયારે રોગ હોય ત્યારે નિદાન થાય. ત્યારે પૈસાની સગવડ કરતા કરતા થોડા દિવસો જતા રહે. ૧૫ દિવસ, મહિનો નીકળે ત્યારે રોગ આગળના સ્ટેજમાં જતો હોય તો આમાં પ્રાથમિક સ્ટેજમાં નિદાન થાય તરત જ નિદાન આપી શકાય તે આડકતરા લાભ છે તો હું આ પ્રસ્તાવને સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ખૂબ અગત્યનો માનવીય પાસાને આવરી લેતો તેવો બિનસરકારી સંકલ્પ આ ગૃહના માનનીય સભ્યશ્રી કિશોરસિંહ ચૌહાણ લાવ્યા છે તેમને હું અભિનંદન આપું છું.

આ સંકલ્પની અંદર પોતપોતાના વિચારો વ્યક્ત કરી, આરોગ્ય વિભાગને આની કામગીરી વધુ સારી બનાવવા માટે આ યોજનાને વધુ લોકપ્રિય અને લોકોપયોગી બનાવવા માટે જે સુંદર સૂચનો કર્યા છે તેવા માનનીય ધારાસભ્ય ડો.નીમાબેન આચાર્ય, શ્રી ભૂષણભાઇ ભટ્ટ, ડો.માણીયાને અભિનંદન આપું છું અને

આભાર માનું છું કે તેમણે ખૂબ સુંદર સૂચનો આ યોજના માટે કર્યા છે. માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વિગતવાર આ યોજનાનું વર્ણન કરીને ઉપયોગીતા સમજાવી છે. હું બે−ત્રણ બાબતો માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

આપણે આ યોજનાને બે લાખની યોજના એમ કહીએ છીએ. આ યોજનાની ખાસિયત છે કે એક પરિવારને, બી.પી.એલ. પરિવારને અને હવે માનનીય મુખ્યમંત્રી આનંદીબેને સુધારો કર્યો અને માનનીય નાણામંત્રીશ્રીએ અમારા આરોગ્ય વિભાગની દરખાસ્તને મંજૂરી આપી કે વર્ષે ૧ લાખ ૨૦ હજાર કમાતા મધ્યમ વર્ગના પરિવારની તમામ બહેનો અને ૨૧ વર્ષ સુધીના યુવાનોને આવરી લીધા છે. એટલે બે લાખ રૂપિયા એટલે એક વર્ષે એક પરિવારમાં સમજી લો કે કોઇ માતાને બિમારી થઇ,હૃદયની કોઇ તપાસ કરાવવી પડી, એન્જિયોગ્રાફી કરાવવી પડી, એન્જિયોપ્લાસ્ટી કરાવવી પડી અને સમજો કે તેમાં તેને ૫૦ હજાર રૂપિયા ખર્ચ થયો. તો આ બે લાખ રૂપિયામાંથી આ પચાસ હજાર રૂપિયા બાદ થાય. તે પરિવારને એ વર્ષ માટે પરિવારની બીજી કોઇ વ્યક્તિને બિમારી લાગુ પડે અને આ સારવાર આપવાની પ્રોસીજરમાં આવતા હોય તો દોઢ લાખ રૂપિયા જે જમા હોય તેમાંથી તે જ પરિવારને એ જ વર્ષમાં બીજીવાર પણ સારવાર આપી શકાય છે. માફ કરે ભગવાન અને દાખલા તરીકે કહું તે જ પરિવારના ત્રીજા કોઇ વ્યક્તિને તે જ વર્ષમાં ત્રીજી બિમારી લાગુ પડી અને તેમાં એક લાખ રૂપિયાનો ખર્ચ આવ્યો તો એ એક લાખ રૂપિયાનો ખર્ચ તેમને પણ આપીએ છીએ. એટલે એક વર્ષમાં બે લાખ રૂપિયા સુધીની રકમ પૂરેપૂરી વપરાય નહીં ત્યાં સુધી તે પરિવાર તેનો લાભ લેવાનું ચાલુ રાખી શકે છે. એવું નથી કે બે લાખ રૂપિયા કહ્યા અને એક વ્યક્તિ બિમાર પડી અને ૮૦ હજાર જેટલો ખર્ચ થયો એટલે એ વર્ષનું કાર્ડ વપરાઇ ગયું એવું નથી. ૮૦ હજાર ખર્ચ થયો એટલે ૧ લાખ ૨૦ હજાર જમા રહ્યા. તો તે વર્ષમાં બીજીવાર પણ લઇ શકે છે. આ યોજનાની આ એક ખાસિયત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ છે કે આ યોજનામાં જે મિત્ર, માનનીય માણીયા સાહેબે કહ્યું કે આરોગ્યમિત્ર અને અમારા સભ્યશ્રીઓને કહ્યું તે પ્રમાણે આપણે સરકારની સ્પેશ્યાલીટી હોસ્પિટલો, સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલો કે જેની ગુજરાતમાં પ્રતિષ્ઠિત હોસ્પિટલો તરીકે ગણના થાય છે, જેમ અહીં કહેવાયું કે સુખી માણસો જે હોસ્પિટલોમાં જઇ સારવાર મેળવે છે તેવી હોસ્પિટલો આપણે આ યોજનામાં લીધી છે. તે હોસ્પિટલમાં દરેકને આપણે ફરજ પાડી છે. આપણી હોસ્પિટલોમાં આપણે કાઉન્ટર મૂક્યા જ છે. આરોગ્યમિત્ર નામ આ કાઉન્ટરનું આપેલ છે. સમજી લો કે ગુજરાતના કોઇપણ ગામડામાંથી કોઇપણ દર્દી મા યોજનાનું કાર્ડ લઇ આ હોસ્પિટલમાં પહોંચે તો તેને ત્યાં જઇ કોઇ ફાંફા મારવાના નથી. આ બારીથી આ બારી, આ કાઉન્ટરથી આ કાઉન્ટર કયાંય જવાનું નથી. તે હોસ્પિટલની એન્ટ્રીમાં એક કોર્નર બનાવ્યો છે. તેને હેલ્પ કોર્નર કહીએ છીએ અને ત્યાં રાજય સરકારની સંસ્થાનો એક આરોગ્યમિત્ર બેસે છે. તેની પાસે તમે જાઓ એટલે તે તરતજ તમારી કયા પ્રકારની બિમારી છે, હોસ્પિટલમાં કયા ડૉકટર, કયા વોર્ડમાં, કયા માળે તેની સારવાર આપશે તે બધુ તે શોધી આપશે. અને એ જોડે રહીને ડોકટર પાસે લઇ જાય અને કાઉન્ટરથી ત્યાં પહોંચાડવાની કામગરી એને આપણે સોંપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી પણ આપણે જોગવાઇ કરી છે કે જે ગરીબ માણસો છે એમને એ ગામડેથી આવે કે શહેરમાંથી આવે એ જ્યારે પણ આવે ત્યારે એમણે પહેલા તો ભાડાના પૈસા ખર્ચ કરવા પડે. જીપમાં આવે, બસમાં આવે અથવા કોઇ બીજી વ્યવસ્થા કરીને આવે તો જેવા દર્દી ત્યાં પહોંચે એટલે આવવા જવાના ૩૦૦ રૂપિયા આપણે એને ભાડું આપીએ છીએ, સારવાર તો પછી ચાલુ થાય. બીજું એમાં આપણે એક જોગવાઇ એવી કરી છે કે ઘણાં પ્રકારના ઓપરેશન−સારવાર એવી હોય એક વખત દાખલ થવાથી એની ટ્રીટમેન્ટ પૂરી ન થાય અને ડોકટર એમ કહે કે મહિના પછી બતાવી જજો, બે મહિના પછી બતાવી જજો તો ફરધર જે ઇન્વેસ્ટીગેશન અને એની ટ્રીટમેન્ટ અને પછી જે દેખરેખ રાખવાની છે એના માટે બીજી વાર આવે તો પણ આપણે મદદ કરીએ છીએ અને આ યોજનામાં એવી જોગવાઇ છે કે જ્યાં સુધી એનો જે રોગ છે એ રોગ અથવા જે સારવાર શરૂ કરી છે એનો એને સંપૂર્ણ સો ટકા લાભ પ્રાપ્ત ન થાય અને જેટલી વાર દવાખાનામાં આવવું પડે, જેટલી વાર રૂમમાં રહેવું પડે, જેટલી વાર દવા વાપરવી પડે આ બધું તમામ ફ્રી ઓફ કોસ્ટ આપણી માં યોજનાના નેજા નીચે આપણે આપીએ છીએ. એટલે એક વાર ગયા અને બીજી વાર જાય,

પ્રાઈવેટ ડોકટરોમાં તો આપણને બધાને ખબર છે એક વાર કેસ કઢાવ્યો હોય એ વખતે ૨૦૦–૫૦૦ રૂપિયા ફી લે ફરી બીજી વાર જઇએ તો બીજી વારની પણ કંઇક ફી લે. બીજું આમાં એક્સ–રે, બીજા કોઇ ટેસ્ટ કરાવવાના, કોઇ લેબોરેટરી ટેસ્ટ કરાવવાની એ તમામ પ્રકારની બાબતો પણ આપણે આની નીચે આવરી લીધી છે. ખાનગી ડોકટરોને ત્યાં આપણને ખબર છે કે આ ટેસ્ટ કરાવી લાવો, આ એક્સ–રે કરી આવો, આ સીટીસ્કેન કરાવી લો, આ એમ.આર.આઇ. કરાવો એ બધું કરાવે એટલે મૂળ ખર્ચો બાજુમાં રહે અને વધારાના ખર્ચા જે ચડી જાય એ વધારાના ખર્ચા પણ આ માં યોજના નીચે કોઇ દર્દીને પોતાને આપવાના રહેતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી એ સરકારના ધ્યાન ઉપર છે. જેમ આપે બધાએ જ કહ્યું કે નવજાત બાળક હોય અને માતા ગરીબ હોય અને એના બાળકને કોઇ તકલીફ થાય તો પહેલા ન હતું હવે આપણે એમાં ઉમેરી લીધું. બીજું કોઇ ટ્રોમા કેસ બને, કોઇ હાઇવે ઉપર અકસ્માત થાય, કોઇને મલ્ટીપરપઝ ફ્રેકચર થાય તો પહેલા ન હતું હવે એને પણ આપણે આમાં ઉમરી લીધું છે. એમ જેમ જેમ અનુભવ થાય અને જેમ જેમ આપશ્રીઓની રજૂઆત આવે અને વાજબી હોય એમ આપણે સારવારની આઇટેમોમાં સુધારો અને વધારો બંને કરતા જઇએ છીએ અને આમાં પણ તમે ગમે તે હોસ્પિટલમાં જાવ એનું ટેન્ડરથી રેટ નક્કી કરેલા છે કે, બાયપાસ કરાવવી હોય તો આટલા, એન્જ્યોગ્રાફી કરાવવી હોય તો આટલા, કિડનીનું કંઇ હોય ડાયાલીસીસ કરાવવું હોય તો આટલા એમ નક્કી કરેલી રકમ છે. એટલે સારામાં સારી હોસ્પિટલમાં દર્દીઓ જાય તો એને આપણે સુપર સ્પેશિયાલીટી ટ્રીટમેન્ટ આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણા અત્યારના વડા પ્રધાન માનનીય નરેન્દ્રભાઇની માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી એ યથાયોગ્ય એટલા માટે છે કે આપણે કોઇ એક યોજના કરીને પૂરું નથી કરી દીધું. ફકત અમારા આરોગ્ય વિભાગની જો વાત કરું તો ભાઇશ્રી ભુષણભાઇએ કહ્યું કે કેટલી યોજનાઓ કરી છે? તો એમાં આપણા આરોગ્ય વિભાગમાં જ ૧૦૮ની યોજના લાવ્યા, ૧૦૮ પહેલા લાવ્યા ત્યારે સાદી એમ્બ્યુલન્સ હતી પછી અનુભવે એમ જણાયું કે, કોઇ તાજી ડીલીવરી થઇ હોય અને બાળકને હોસ્પિટલમાં લઇ જવું હોય તો વોર્મર જોઇએ તો કેટલીય એમ્બ્યુલન્સમાં આપણે બેબી વોર્મર નવા મુકાવ્યા છે એટલે બાળકને આ હોસ્પિટલથી બીજી હોસ્પિટલ પહોંચતા સુધીમાં પણ કોઇ તકલીફ ન પડે એ વ્યવસ્થા કરી છે. ૧૦૮માં ઘણી એમ્બ્યુલન્સમાં આપણે એ.સી. પણ મુકાવ્યા છે અને એ.સી. એમ્બ્યુલન્સ પણ બનાવી છે. સમજો કોઇ હાર્ટ એટેકનો દર્દી હોય અથવા કોઇ એ પ્રકારનો દર્દી હોય કે જેને એ.સી.માં લઇ જવા પડે તો એના માટે એ.સી. એમ્બ્યુલન્સ આપણે બનાવી છે કે જેથી દર્દીને વધુ સલામત રીતે આપણે શિફ્ટ કરી શકીએ. એવી જ રીતે સી.એમ. સેતુ યોજના સરકારી હોસ્પિટલમાં ડોકટર ન હોય તો ખાનગી ડોકટરોને પણ આપણે ઉચ્ચક મહેનતાણું આપીને દર અઠવાડિયે પાંચ દિવસ અને દરરોજના ૩ કલાક મીનીમમ એમાં ૧૮૦૦ રૂપિયા રોજના આપીને આપણે નગરો અને નાના તાલુકા મથકની હોસ્પિટલોમાં ડોકટરોને બોલાવીએ છીએ એનો પણ દર્દીને લાભ મળે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ એ પણ આપ બધા જાણો જ છો.

એક બીજી યોજના કરી છે જેનો પ્રચાર, પ્રસાર હજી પૂરતો કરવાની મારી દૃષ્ટિએ જરૂર છે. જ્યારે મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ હતા અને આ "મા " યોજના અમલમાં મૂકી તે વખતે અમારા ધારાસભ્યશ્રીઓએ પાર્ટી મીટિંગમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી, હું આરોગ્ય મંત્રી બન્યો તે વખતે પણ રજૂઆત કરી કે બી.પી.એલ. કાર્ડને તો આપણે આવરી લઇએ છીએ. પણ મધ્યમ વર્ગ પરિવારનું શું? તો એના માટેની આપણે યોજના કરેલી છે જે અત્યારે પણ અમલમાં છે. જે પરિવારની આવક વર્ષે બે લાખ રૂપિયા સુધીની હોય, અગાઉની ૧.૨૦ લાખ કરતાં પણ મોટી યોજના લાવેલ છીએ, એ પરિવારમાં કોઇને કિડની, કેન્સર કે હૃદયરોગનો કોઇપણ રોગ થાય તો આપણી રાજ્ય સરકારની અમદાવાદમાં આવેલી ત્રણ જે પ્રતિષ્ઠિત હોસ્પિટલો છે કિડની હોસ્પિટલ, હાર્ટ હોસ્પિટલ અને કેન્સર હોસ્પિટલ ત્યાં આગળ લઇ જઇને બે લાખ રૂપિયા સુધીની આવકવાળા જે સારવાર કરાવે એનું જે બિલ આવે એમાં ૫૦ ટકા માફી આપવાની યોજના પણ આપણે અમલમાં મૂકી છે. એટલે બી.પી.એલ. વાળાને આપણે આવરી લીધા, એક લાખ વીસ હજાર રૂપિયાવાળાને આપણે આવરી લીધા અને આવકમર્યાદા બે લાખવાળાને પણ આવરી લીધા અને યોજના કેટલી સરળ? ફક્ત નાયબ મામલતદાર દાખલો આપી દે કે આ પરિવારની આવક બે લાખ રૂપિયા કરતાં

ઓછી છે એ દાખલો ત્યાં રજૂ કરે આ ત્રણેય પૈકીની કોઇપણ હોસ્પિટલમાં એટલે સમજી લો કે દોઢ લાખ રૂપિયાનું બિલ બન્યું હોય તો સીધા ૭૫,૦૦૦ રૂપિયા માફ થઇ જાય અને સરકાર એનું વળતર આ હોસ્પિટલોને ચૂકવી આપે છે.

આમ અનેક રીતે પ્રચાર, પ્રસાર, મેગા આરોગ્ય કેમ્પ થાય છે, દરેક તાલુકામાં કિઓસ્ક મૂક્યા છે, આશા વર્કર બહેનો, અમારા ભારતીય જનતા પક્ષના કાર્યકરો, અમારું સંગઠન, અમારા ધારાસભ્યો એ બધા કામ કરે છે. અમે કેમ્પ કર્યા કે ગરીબોને લઇ જાઓ એમને સમજ આપો કે તમે બી.પી.એલ. માં આવતા હો તો તમે 'મા' યોજનાનું કાર્ડ કઢાવો. આમ, ગરીબોને મદદ કરવા માટે બીજા પક્ષોની જેમ વાતો નહિ પણ અમારા ધારાસભ્યો, અમારા કાર્યકરો, પ્રજાની વચ્ચે જઇ, ઝૂંપડપટ્ટીમાં જઇ, ગરીબ વસતિમાં જઇ અને પ્રચાર, પ્રસાર કરી ગયા વરસે ૫૦૦૦૦ કરતાં વધુ કાર્ડ ફક્ત ભા.જ.પ.ના કાર્યકરોએ કાઢી આપ્યા. એ કાર્યકરોને પણ હું અભિનંદન આપું છું. આમ અમે વિવિધ રીતે આ યોજનાઓ જ્યારે અમલમાં મૂકી છે ત્યારે આપના કોઇ સૂચનો 'મા' યોજનામાં આમેજ કરવા જેવા હોય, કોઇ વધારાની સુવિધા ઊભી કરવા જેવી હોય તો ચોક્કસ કહેજો સરકાર એના માટે હંમેશા વ્યવહારિક રીતે જે શક્ય હશે તે બધું જ આપણે એમાં ઉમેરો કરીશું, એટલે આવો સુંદર પ્રસ્તાવ રજૂ કર્યો છે એ સંકલ્પને સરકાર તરફથી અમે સ્વીકારીએ છીએ અને આપ સૌનો આભાર માનીએ છીએ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬-૧૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર તારીખ ૨૫મી જુલાઇ, ૨૦૧૪ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪**
**શ્રાવણ ૩, ૧૯૩૬ શાકે**
**પ્રથમ બેઠક**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગે મળ્યું**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં શાળા બહારના બાળકોને ખાસ તાલીમ**

* ૧૨૨૨૧ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં અમદાવાદ જિલ્લામાં કેટલા શાળા બહારના બાળકોને ખાસ તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૮૪૫ |
| (૨) આ ખાસ તાલીમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂા. ૧૬૭.૮૯ લાખ. |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ ખાસ તાલીમ એટલે શું અને કઇ યોજના હેઠળ ચાલે છે તથા તાલીમ આપનાર બાળમિત્રને કેટલું વેતન આપવામાં આવે છે અને તેની પસંદગી કઇ રીતે કરવામાં આવે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાલતી આ ખાસ તાલીમ યોજના છે. આ તાલીમ આપનાર બાળ મિત્ર એની પસંદગી એસ.એમ.સી. દ્વારા કરવામાં આવે છે. ખાસ શાળાએ ન જતા, ન ગયેલા અને ઉઠી ગયેલા ૬ થી ૧૪ વર્ષના બાળકો માટેની આ ખાસ યોજના છે. ૬ થી ૮ વર્ષના બાળકો માટે ત્રણ માસ માટેની આ ખાસ તાલીમ યોજના છે અને ૮ થી ૧૪ માટે ૧૨ માસ માટેની આ યોજના છે. સ્થાનિક ઉમેદવારની આમાં પસંદગી કરવામાં આવે છે. ગ્રેજયુએટની પસંદગી પહેલા કરવામાં આવે છે. જો ગ્રેજયુએટ ના હોય તો ધોરણ–૧૨ની કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રી પાસે જાણવા માગું છું કે ખાસ તાલીમ યોજના એમાં બાળકોને ૨૦૧૩ અને ૨૦૧૪ની અંદર ૩ માસ અને ૧૨ માસમાં કેટલા બાળકોને તાલીમ આપવામાં આવી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૩ માસ માટે અમદાવાદ જિલ્લામાં કુલ ૬૫૫ બાળકોને તાલીમ આપવામાં આવી. બરવાળામાં ૩, બાવળામાં ૧૮૭, સીટીમાં ૯૯, દસક્રોઇમાં ૧૧૦, દેત્રોજમાં ૨૧, ધંધુકામાં ૪૯, ધોળકામાં ૧૫૭, માંડલમાં ૯, રાણપુરમાં ૯, સાણંદમાં ૧૧, માનનીય અધ્યક્ષશ્રી, ૧૨ માસ માટે બરવાળામાં ૩૬, બાવળામાં ૧૫૪, સીટીમાં ૨૪૭, દસક્રોઇમાં ૨૯૪, દેત્રોજમાં ૯૧, ધંધુકામાં ૫૮,ધોળકામાં ૧૫૮, માંડલમાં ૫૫, રાણપુરમાં ૩૫,સાણંદમાં ૪૦, વિરમગામમાં ૨૨ એમ કુલ ૧૧૯૦ બાળકોને ૧૨ માસમાં તાલીમ આપવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આવા જે બાળકો હોય એમને હવે તાલીમ લીધા પછી આગળ ભણવું હોય તો એમાં સરકારે એમને ભણાવવા માટેની કોઇ જોગવાઇ કરેલી છે? એ જ ધોરણમાં આપણે આગળ લઇ જઇએ છીએ કે કેમ? અને જે તાલીમ આપે છે એમની લાયકાત અને એમના પગારનું ધોરણ શું હોય છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શાળા છોડી ગયેલા અથવા તો શાળાએ ન જ

ગયેલા એવા ૬ થી ૮ વર્ષના બાળકોને એપ્રિલથી જૂન સુધી આમાં તાલીમ આપવામાં આવે છે અને પછી શાળા પ્રવેશ મહોત્સવ થાય એટલે એની સાથે એને સામાન્ય પ્રવાહની અંદર જોડી દેવામાં આવે છે. એવી રીતે ૮ થી ૧૪ વર્ષના બાળકો હોય છે એમને પણ એમની વયકક્ષા અને ધોરણ પ્રમાણે જોડી દેવામાં આવે છે. પસંદગી સ્થાનિક ઉમેદવારની જ કરવામાં આવે છે. એ ગ્રેજ્યુએટ ન મળે તો ધોરણ-૧૨ પાસને માસિક માનદ વેતન ૨૫૦૦ રૂપિયા આપવામાં આવે છે અને બાળમિત્ર સ્નાતક હોય તો ૪૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે હાલમાં જે બાળકો છે એનું પ્રમાણ પહેલા કેટલું હતું અને એમાં કેટલો ઘટાડો થયો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ક્રમશઃ જેમ જેમ બાળકો મળતા જાય છે આપણા પ્રોજેક્ટ ઓફીસરો દ્વારા અને આપણી વ્યવસ્થા દ્વારા ઘરે ઘરે ફરીને આ બાળકોની પસંદગી કરવામાં આવે છે એનું પ્રમાણ વધઘટ રહે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ આપણે એમ કહીએ કે ડ્રોપ આઉટ રેટ ઝીરો છે અને બીજી બાજુ આ એક જ વર્ષની અંદર ૧૮૪૫ જેટલા બાળકોને આપણે શાળા બહાર તાલીમ આપી છે. એટલે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપણે શાળા બહાર તાલીમ આપવી પડે એના બદલે આ બાળકોને કાયમી શાળામાં જ લાવીને ભણાવવાનું આયોજન થઇ શકે એ માટે સરકારે શું પગલાં લીધાં? બીજું ગૌતમભાઇએ કહ્યું એમ આ બાળકોને તાલીમ આપ્યા પછી એમને સામાન્ય શાળામાં કન્ટીન્યુ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તાલીમ આપ્યા પછી સામાન્ય પ્રવાહમાં દાખલ કરવાની જ આ યોજના છે અને જે ડ્રોપ આઉટ આપણો સંકલ્પ છે એમાં અત્યાર સુધીમાં ધોરણ ૧ થી ૭માં ૩૭ ટકામાંથી ૭ ટકા ઉપર આવ્યા છીએ અને ધોરણ ૧ થી ૫ માં ૨૦ ટકામાંથી ૨ ટકા થયો છે. આપણો સંકલ્પ એને ઝીરો ટકાએ લાવવાનો છે. આ બાળકો છે એ ક્યારેય શાળાએ ન ગયા હોય અને પેલા ૭ અને ૨ ટકામાંથી ડ્રોપ આઉટ થયેલ હોય એ બાળકોને પસંદ કરવામાં આવે છે.

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો. ૮ શરૂ કરવા અંગે**

* ૧૨૧૮૫ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૩૩૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી છે, અને | (૨) વર્ષ ૨૦૧૨-૧૩ ૩૦૬<br>વર્ષ ૨૦૧૩-૧૪ ૧૯૭ |
| (૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે? | (૩) ભાષા ૬૩ ગણિતવિજ્ઞાન ૩૦૦ સામાજીક વિજ્ઞાન ૧૪૦ |

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૮ના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે? કેટલી શાળાઓમાં ૮મું ધોરણ શરૂ કરવામાં આવ્યું નથી અને એના કારણો શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જૂનાગઢ જિલ્લામાં ૧૩૨૪ પ્રાથમિક શાળાઓ આવેલી છે તે પૈકી ૮૮૧ શાળાઓમાં ધોરણ ૮ શરૂ કરેલ છે. આમાં ૪૪૩ શાળાઓ બાકી રહી એ પૈકી ૧૬૮ શાળાઓ ૧ થી ૫ ધોરણની છે એટલે ત્યાં આ ધોરણ શરૂ કરવાનો સવાલ પેદા થતો નથી. બાકીની ૨૭૫ શાળાઓ કે જ્યાં ધોરણ ૧ થી ૭ છે એમાં સંખ્યા ૧૫ કરતાં ઓછી છે અને નજીકમાં ધોરણ ૮ની સુવિધા ઉપલબ્ધ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું એ પ્રમાણે ૮૮૧ શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવાના છે તો એની સામે કેટલા વિષયવાર વિદ્યા સહાયકોની જરૂરિયાત છે? જૂનાગઢ જિલ્લામાં આજની તારીખે કુલ કેટલા વિષયવાર વિદ્યા સહાયકોની જરૂરિયાત છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૮૮૧ શરૂ કરવામાં આવનાર નથી, શરૂ કરવામાં આવેલ છે અને ૩૮૯ ની જરૂરિયાત છે.

શ્રી જેઠાભાઇ દા. સોલંકી : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યા સહાયકની ભરતી માટેની લાયકાત શું છે અને તે લાયકાત માટેની પરીક્ષા ક્યારે લેવામાં આવી?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યા સહાયકની ભરતી માટે ગ્રેજ્યુએટ અને પી.ટી.સી. અથવા તો ગ્રેજ્યુએટ અને બી.એડ લાયકાત છે. એ ઉપરાંત ફરજિયાત ટેટની પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. ગઇ તા. ૨૦–૭–૨૦૧૪ના રોજ ટેટની પરીક્ષા લેવામાં આવી હતી અને એની કાર્યવાહી પૂરી થયા પછી બાકીની જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવામાં આવશે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ૩૩૪ શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં ધોરણ ૮ શરૂ કરવામાં આવ્યા છે. આમાં ભાષાના ૬૩ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે તો એમાં અંગ્રેજી વિષયના કેટલા શિક્ષકો ભરવામાં આવ્યા અને બાકીની ૨૭૧ શાળાઓમાં ભાષાના શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી તો એમાં અંગ્રેજી વિષયના શિક્ષકોની કેટલી ભરતી કરવા માગો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ૬૩ ની ભરતી કરવામાં આવી છે એમાંથી ૫૦ ટકાથી વધારે અંગ્રેજી વિષયના શિક્ષકો છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : ૩૩૪ શાળાઓમાં ધોરણ ૮ શરૂ કરવામાં આવ્યા અને ૮૮૧ સ્કૂલો જૂનાગઢ જિલ્લામાં છે એટલે એમાં જે વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી એમાં ૬૩ ભાષાના શિક્ષકો છે પણ એમાં પી.ટી.સી. કેટલા અને ગ્રેજ્યુએટ કેટલા છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમામ ગ્રેજ્યુએટ અને બી.એડ છે.

**તાપી જિલ્લામાં પીવાના પાણીની સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓ**

* ૧૨૧૬૬ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૭૯૮ શાળાઓમાં |
| (૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) એકપણ નહીં |
| (૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તાપી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પાણીની કયા કયા પ્રકારની સુવિધાઓ છે? આ સુવિધાઓ કઇ ગ્રાન્ટમાંથી ઊભી કરવામાં આવી છે અને આ ભૌતિક સુવિધાઓ બગડે તો મરામત માટેની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તાપી જિલ્લામાં પીવાના પાણી માટે હેન્ડપંપ, ટ્યૂબવેલ, પાઇપલાઇન અને અન્ય પ્રકારે ક્યાંક બકેટ મૂક્યા હોય એ પ્રકારની છે. અને આ સુવિધા માટે જિલ્લા આયોજન મંડળ, એટીવીટી ગ્રાન્ટ, ધારાસભ્યની ગ્રાન્ટ, વાસ્મો દ્વારા, ટ્રાયબલ એરિયા સબ પ્લાન ગ્રાન્ટ અને લોકભાગીદારીથી કરવામાં આવે છે અને રિપેરિંગ માટે ૩ વર્ગખંડ હોય તો ૫૦૦૦/– રૂપિયા આપવામાં આવે છે અને એનાથી વધારે હોય તો ૧૦,૦૦૦/– રૂપિયા આપવામાં આવે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ જે પ્રાથમિક શાળાઓના પાણીના આવકના સ્ત્રોત છે એ બરાબર પણ બાળકોને મોટાભાગે પાણીજન્ય રોગો થતા હોય છે તો આપ બધી શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ નાંખવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે પાઇપ લાઇનમાંથી પાણી સ્કુલોને આપીએ છીએ પંચાયત સવારે કે રાતે ચાલુ કરે છે પણ પાણી એમને આખો દિવસ વાપરવા જોઇતું હોય છે એટલે સ્ટોરેજ કરવામાં આવે છે તો સ્ટોરેજ કરેલા પાણીની અંદર રોગ ના થાય એના માટે ક્લોરિનની ટીકડીઓ આપણે નાખીએ છીએ અને ના નાંખતા હોય તો ગુજરાતની તમામ શાળાઓમાં કલોરિનવાળું પાણી મળે એના માટે ટેબ્લેટ આપવા માટેની કોઇ યોજના કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ક્લોરિનની ટેબ્લેટ નાખવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે, તાપી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે? અને પીવાના પાણી માટે આ શાળાઓમાં ક્યા પ્રકારની સુવિધાઓ આવેલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં કુલ ૭૯૮ શાળાઓ આવેલી છે એમાં નિઝરમાં ૧૧૨ છે ૪૬ હેન્ડપંપ, ટ્યુબવેલ ૫૨, પાઇપ લાઇન ૧૩ અને અન્ય ૧ છે. સોનગઢમાં ૨૫૭ છે હેન્ડપંપ ૧૦૧, ટ્યુબવેલ દ્વારા ૧૦૧, ૫૨ પાઇપ લાઇન અને અન્ય સુવિધા દ્વારા ૩ છે. ઉચ્છલમાં ૮૫ શાળાઓ હેન્ડપંપમાં ૭૭, ટ્યુબવેલમાં ૫, પાઇપલાઇન દ્વારા૩. વાલોદમાં ૮૦ શાળાઓ આવેલી છે હેન્ડપંપ ૬, ટ્યુબવેલમાં ૭૦, પાઇપલાઇનમાં–૨. વ્યારામાં ૨૬૪ શાળાઓ હેન્ડપંપ ૧૨, ટ્યુબવેલમાં ૨૪૫, પાઇપલાઇનમાં ૩ અને અન્ય સુવિધામાં ૪ છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, તાપી જિલ્લામાં સરકારી અને અર્ધસરકારી શાળાઓ કેટલી આવેલી છે? અને તમામ શાળાઓમાં પીવાના પાણીની સગવડતા કરવામાં આવેલી છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં જ આપેલ છે કે બધી શાળાઓમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલી છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે જે ટ્રાયબલ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓમાં આવેલી છે એની અંદર પાણી પુરવઠાવાળા એવું કહે છે કે અમારામાં આ ટ્રાયબલ વિસ્તારમાં પ્રાથમિક શાળાઓમાં પાણી પૂરું પાડવાની જવાબદારી નથી અને શિક્ષણ વિભાગવાળા પણ એવું કહે છે કે અમારી આ જવાબદારી નથી એવી ઘણી શાળાઓ બીજા જિલ્લાઓમાં પણ બાકી છે તો આ પાણી પૂરું પાડવાની જવાબદારી કોની છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાયબલ એરિયા ડેવલપમેન્ટ પ્લાનમાંથી આની વ્યવસ્થા કરવામાં આવે છે. જ્યાં સુવિધા ના હોય એ મારા ધ્યાન ઉપર લાવવામાં આવશે તો કોઇપણ યોજનામાંથી એ શાળાને પાણી પૂરું પાડવામાં આવશે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તાપી જિલ્લામાં ટોટલ ટ્રાયબલ તાલુકો છે ત્યાં દરેક તાલુકામાં આર.ઓ. સિસ્ટમની કેટલામાં વ્યવસ્થા કરેલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ઓ. સિસ્ટમ નથી.

**કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

* ૧૨૧૯૦ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં કચ્છ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૫ અને ૧૮ અરજીઓ મંજુર કરી. |

સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની
કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? (૨) કુલ રૂા. ૮.૦૫ લાખ.

શ્રી પંકજ મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે અમારા કચ્છ જિલ્લાની અંદર માર્ચ ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની અંદર તાલુકાવાર કેટલી સ્મશાન સગડી ફાળવવામાં આવી? અને તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં તાલુકાવાર ભૂજ તાલુકામાં ૩, નખત્રાણામાં ૪, ભચાઉમાં ૧, માંડવીમાં ૩, અબડાસામાં ૩, લખપતમાં ૪, અંજારમાં ૪, રાપરમાં ૧ એમ કુલ ૨૩ જેટલી સ્મશાન સગડીઓ ફાળવવામાં આવી છે અને ૮.૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૨૦૧૩-૧૪ના વર્ષમાં સ્મશાન સગડી માટે કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી અને એક સગડી પાછળનો ખર્ચ કેટલો છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧ અરજીઓ આવી અને ૨૩ મંજૂર કરવામાં આવી છે અને એક સગડી પાછળ ખર્ચ ૨૬,૭૫૦/- રૂપિયા થાય છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્મશાન સગડી જે પંચાયત દ્વારા ગામોમાં મૂકવામાં આવે છે, તો આમાં લખ્યું છે કે, ૧૮ અરજીઓ આવી છે. તો આ બધી જ પંચાયતોવાળા આવી રીતની સ્મશાન સગડીની વ્યવસ્થા જો કરે તો મને લાગે છે કે, લાકડાના પ્રશ્નો જે ઊભા થતા હોય છે એ ન થાય તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ સ્મશાન સગડી માટેની અરજી કોને કરવાની છે અને એના માટેની પ્રોસિજર શું છે ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતે અમારા વન વિભાગના જે આર.એફ.ઓ. હોય છે એમને અરજીઓ આપતા હોય છે અને વહેલા તે પહેલાના ધોરણે અમે આપીએ છીએ અને જે ગ્રામ પંચાયત વનીકરણનો ઠરાવ આપે છે એને અમે આપીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ બહુ જ સારી વાત છે કે, આપ સગડીઓ આપો છો અને જેના કારણે વધારે લાડકાનો બચાવ થાય, હમણાં જ સિદ્ધપુરમાં આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી આવીને પ્રદુષણ વગર, પાંચ લાખ રૂપિયા એમણે પોતાના ફંડમાંથી સિદ્ધપુરમાં આપ્યા હતા. એમ આપ લાકડાની સાથે સાથે હવે સરકાર કાંઇક એવું વિચારવા માગે છે કે, જેના કારણે પ્રદુષણ મુક્ત થઇને આ કામ કરી શકાય?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, સુધારેલ સગડી છે સ્મશાનની એનો ખર્ચ કચ્છમાં ૮.૫ લાખ થયેલો છે, ત્યારે આપના માધ્યમથી મારે એ જાણવું છે કે, આ સુધારેલી સ્મશાન સગડી છે એના ફાયદાઓ શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્મશાન સગડીઓથી ઘણા બધા ફાયદા થાય છે. એક તો જે માનવ મૃત શરીરને અગ્નિ દાહ અંગેના જે સંસ્કાર કરવામાં આવે છે એમાં સગડી ના હોય તો ૪૦૦ કિલોગ્રામ જેટલા જલાઉ લાકડાનો વપરાશ થાય છે અને સગડી હોય તો ૨૫૦ કિલો ગ્રામ જલાઉ લાકડામાં આ મૃત દેહનો અગ્નિ સંસ્કાર થાય છે અને ૧૫૦ કિલો ગ્રામ જેટલા લાકડાની બચત થાય છે એટલે લગભગ ૩૫ થી ૪૦ ટકા લાકડામાં બચત થઇ શકે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, વન વિસ્તારની આસપાસના જે મોટા ગામો છે ત્યાં સુધારેલી સ્મશાન સગડી તો આપવામાં આવે છે પણ ઇલેક્ટ્રિક સગડી આપવામાં આવે તો ઘણો ફાયદો થાય છે. તો સરકાર આ વિચારવા માગે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, વન વિભાગની યોજના માત્ર લાકડા બચાવવા માટેની આ સ્મશાન સગડી છે અને એમાં અમે કોઇ ઇલેક્ટ્રિક સગડી નથી આપવા માગતા.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, ૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તો નામંજૂર કરવાના કારણો શું છે? અને લક્ષ્યાંક ઓછો હોવાના કારણે અને વધારે અરજીઓ હોવાના કારણે કાંઇક ને કાંઇક ક્વેરી કાઢીને એને નામંજૂર કરવામાં આવે છે તો લક્ષ્યાંક વધારવા માગે છે કે નહીં સમગ્ર રાજ્યમાં?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, અરજીઓ નામંજૂર નથી કરવામાં આવી. એ ૮ અરજીઓ પડતર છે અને ચાલુ વર્ષે એને મંજૂર કરવામાં આવશે અને આ વખતે અમે લક્ષ્યાંક પણ વધારે રાખ્યો છે. ૨૦૧૪–૧૫માં લગભગ ૭૦૦ નંગ અમે સગડીઓ આપવાના છીએ અને ૨૮૦ લાખની જોગવાઇ કરી છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સ્મશાન જે મંજૂર થાય અને તરત જ જિલ્લા આયોજન મંડળ દ્વારા જ આ સગડીની વ્યવસ્થા થાય એવું વન વિભાગને ડાયરેક્ટ કહેવામાં આવે તો એ રીતેનું આપ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રાન્ટ જિલ્લા આયોજન મંડળની નથી, આ વન વિભાગ તરફથી આપવામાં આવે છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સગડીઓ આપવામાં આવે છે એ સગડી આપ્યા પછી એનો ફિટિંગ કરવાનો ચાર્જ છે એ બધું સરકાર ભોગવે છે કે પંચાયતે ભોગવવાનું હોય છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સાહેબ, ફિટિંગ સાથે ૨૬,૭૫૦/– રૂપિયા.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે, જો આ સુધારેલી સ્મશાન સગડી મૂકવામાં આવે તો ૩૫ થી ૪૦ ટકા લાકડાની બચત થાય છે. તો માનનીય મંત્રીશ્રી એવું કરવા માગે છે કે, સમગ્ર રાજ્યમાં દરેક ગામમાં લગભગ સ્મશાન હોય છે જ તો દરેક ગામમાં આ સગવડ કરવા માગે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ગામડાં માટેની છે. જે કોઇ ગામ અરજી કરે એને નાણાકીય ઉપલબ્ધતાના આધારે ફાળવણી કરીએ છીએ.

**વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં સર્વ શિક્ષા યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી**

* ૧૨૭૪૯ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં સર્વ શિક્ષા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ ગ્રાન્ટ કયા હેડે ફાળવી અને કયા કયા પ્રકારનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) એસએસએ અંતર્ગત સને ૨૦૧૪–૧૫ ના મંજૂર થયેલ એન્યુઅલ વર્ક પ્લાન બજેટમાં છોટાઉદેપુરને વડોદરા જિલ્લામાં જ ગણવામાં આવેલ હોઈ, છોટાઉદેપુરને અલગથી કોઈ ગ્રાન્ટ ન ફાળવતા, વડોદરા જિલ્લાને જ સીધી ગ્રાન્ટ ફાળવવામાં આવતી હોઈ તે અન્વયે તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(રૂા. લાખમાં)

| યોજના | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૫–૧૪) |
|---|---|---|---|
| વડોદરા | ૧૧૭૭૯.૨૪ | ૪૯૪૩.૭૬ | ૨૪૮.૮૯ |
| નર્મદા | ૪૪૪૫.૭૩ | ૨૦૦૦.૮૫ | ૭૧૦.૪૧ |

(૨) સર્વ શિક્ષા યોજના હેઠળ જિલ્લાઓમાં હેડવાઈઝ ગ્રાન્ટ ન ફાળવતા સામેલ પત્રક એનેક્ષર–એ–૧ અને એ–

૨ના કોલમ નં. ૨માં દર્શાવેલ ૧ થી ૨૬ હેડ માટે ઉચ્ચક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમજ એનેક્ષર–એ–૧ અને એ–૨ના કોલમ નં. ૨માં દર્શાવેલ ૧ થી ૨૬ હેડ મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(*એનેક્ષરો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો હેતુ એ હતો કે સર્વ શિક્ષા અભિયાનમાં ઘણી બધી ગ્રાન્ટો આવે છે આ ગ્રાન્ટો કયા હેડે વાપરવામાં આવે છે એના માટેનો મારો પ્રશ્ન હતો. જવાબ એમણે પત્રકમાં આજે જે આપ્યો છે એમાં લખ્યું છે સિવિલ વર્ગમાં ૨૦૧૨–૧૩માં ૭૧,૭૩,૮૭૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો એવી જ રીતે ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૧૧કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો તો આટલો બધો તફાવત પડવાના કારણો શું છે? એ જ રીતે મફત પુસ્તકો જે આપવામાં આવે છે એમાં ૨૦૧૨–૧૩ના વર્ષમાં પાંચ કરોડ અને ઓગણચાલીસ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને ૨૦૧૩–૧૪માં ખાલી ૮૭લાખ રૂપિયા આટલો બધો ડીફરન્સ પડયો છે એ ડીફરન્સ પડવાના કારણો શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાનની જે ગ્રાન્ટ આવે છે કેન્દ્ર સરકાર તરફથી એમાં ૬૫–૩૫નો રેશીયો છે અને જુદાજુદા હેડવાઇઝ અને એ હેડ પ્રમાણે જિલ્લાઓમાં ફાળવવામાં આવે છે. એમાં માનનીય સભ્યશ્રીએ બે હેડની વાત કરી. એક બાંધકામ અને એક પાઠયપુસ્તક. બાંધકામના હેડની અંદર જે રકમ આવી હોય એના બચતના કારણો એ છે કે ૨૦૧૨–૧૩ની અંદર એની ગ્રાન્ટ આવી ગઇ હોય પરંતુ બાંધકામ શરૂ થાય પછી એ જ વર્ષની અંદર પૂરું થાય એવું નથી હોતું એટલે બાંધકામ કરવામાં જેટલો વિલંબ થાય એટલી ગ્રાન્ટ લેપ્સ નથી જતી પરંતુ બીજા વર્ષની અંદર ખેંચાય છે અગર તો બાંધકામ કરવાનું હોય ત્યાં જમીનના કે કોઇ નાના મોટા વિવાદો હોય તો વિવાદોના કારણે પણ ગ્રાન્ટ ખેંચાય છે એટલે બીજા વર્ષે ઓછો આવે છે. પાઠયપુસ્તકની જે ગ્રાન્ટ છે એમાં શરૂઆતમાં પાઠયપુસ્તક માટે થોડી ગ્રાન્ટ આપવામાં આવતી હતી પરંતુ મારે દુઃખ સાથે આ સભાગૃહને જણાવવું છે કે એસ.એસ.એ. એ એવા નિયમો કર્યા કે રાજય સરકાર હયાત જે યોજનાઓ ચલાવતી હોય એ યોજનાની અંદર હવે ગ્રાન્ટ આપવામાં આવશે નહીં. ગુજરાત સરકાર અહીંની શાળાઓમાં પાઠયપુસ્તક આપતી હતી એટલે પાઠયપુસ્તકની ગ્રાન્ટ બંધ કરી દીધી એટલે બીજા વર્ષની અંદર ગ્રાન્ટ ઓછી છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું જાણવા માગું છું કે વડોદરા જિલ્લો અને નર્મદા જિલ્લાના ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪માં કેન્દ્ર સરકાર સમક્ષ કેટલા બજેટની દરખાસ્ત કરવામાં આવી તે પૈકી કેટલું બજેટ મંજૂર કરવામાં આવેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ વડોદરા અને નર્મદા બંને જિલ્લાનો છે. વડોદરા જિલ્લાની અંદર ૨૦૧૨માં કેન્દ્ર સરકાર સમક્ષ રાજય સરકારે ૩૧૪.૪૯કરોડની દરખાસ્ત કરી એની સામે માત્ર ફાળવણી થઇ ૧૭૦.૮કરોડની એટલે જે માગણી કરી હતી એની ૫૪ ટકા જ ફાળવણી થઇ. ૨૦૧૩–૧૪માં ૨૫૩.૫૮કરોડની દરખાસ્ત કરવામાં આવેલી એની સામે માત્ર ફાળવણી થઇ ૬૫.૮૮કરોડ જે ૨૫.૯૮ ટકા જ થઇ એવી જ રીતે નર્મદા જિલ્લામાં ૨૦૧૨–૧૩માં ૧૩૦.૩૧કરોડની દરખાસ્ત કરવામાં આવી અને એની સામે ફાળવણી થઇ માત્ર ૬૪.૭૭કરોડ અને એ ૪૯.૭૧ ટકા જ ફાળવણી થઇ. ૨૦૧૩–૧૪માં ૧૧૨.૪૮કરોડની દરખાસ્ત કરવામાં આવી એની સામે ફાળવણી થઇ માત્ર ૨૪.૪૧કરોડ જે માત્ર દરખાસ્તના ૨૧.૭૦ ટકા જ થઇ.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સાવલી તાલુકાની અંદર સર્વ શિક્ષા અભિયાનમાં છેલ્લા બે વર્ષની અંદર કેટલી ગ્રાન્ટ આપવામાં આવી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર વિગત અત્યારે મારી પાસે નથી. જો સભ્યશ્રી કહેશે તો હું ટેબલ ઉપર મૂકી દઇશ.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે આ જે છોટાઉદેપુરને અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.વડોદરાને ફાળવી છે. હવે આ છોટાઉદેપુરમાં સિવિલ વર્કસ બાંધકામ હેઠળ છેલ્લાં ર વર્ષમાં લગભગ ૧૫ જેટલા મકાનો બંધાઇ ગયા, પણ એનું ચૂકવણું આજ સુધી થયું નથી તો આ પ્રાથમિક શાળાના મકાનો બંધાયેલા છે, તેનું આ ચૂકવણું ક્યારે કરવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું સભ્યશ્રીનો પહેલો પ્રશ્ન એ હતો કે છોટાઉદેપુરની વિગતો નથી, પરંતુ સર્વ શિક્ષા અભિયાનનો જે હેડ છે. એમાં કેન્દ્ર સરકારમાં છોટાઉદેપુર અને વડોદરા જુદુ પડ્યું ન હોવાથી બંને જિલ્લાનું ભેગું છે. બીજી વાત થઇ કે શાળાના ઓરડા બની ગયા હોય એનું ચૂકવણું નથી થયું તો આ પ્રશ્ન માત્ર સર્વ શિક્ષા અભિયાનની જનરલ ગ્રાન્ટનો છે. કોઇ સ્પેસિફિકેશન હેડ નીચે કામો આવતા હોય તેનો પ્રશ્ન નથી. સભ્યશ્રીને માહિતીની જરૂર હશે તો આપવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના નીચે પાઠય પુસ્તકો મફત આપવામાં આવે છે. શાળા ખુલે એ સમય દરમ્યાન પુસ્તકો મળતા નથી. તેના કારણે વિદ્યાર્થીઓને ઘણી મોટી મુશ્કેલી પડે છે. તો આ મુશ્કેલી નિવારવા માટે શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે, તેની સાથે સાથે પાઠય પુસ્તકનું વિતરણ કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સૂચન છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આમાં કેન્દ્ર સરકારનો મોટો હિસ્સો છે. લગભગ ૬૫ ટકા. રાજય સરકારના ૩૫ ટકા આપવાના હોય છે, તેમ છતા કેન્દ્ર સરકારના પૈસા વાપર્યા વગરના કેમ પડ્યા રહે છે? રાજય સરકારે ઓછા આપવા પડે છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ શિક્ષા અભિયાનની જયારે શરૂઆત થઇ ત્યારે કેન્દ્ર સરકાર ૭૫ઃ૨૫ ની ગ્રાન્ટ સાથેની યોજના શરૂ થઇ હતી. ત્યાર પછી એના ૬૫ઃ૩૫ કરવામાં આવ્યા. ૬૫ઃ૩૫ કાગળ ઉપર છે, પરંતુ મારા પહેલા પ્રશ્નમાં જણાવ્યું રાજય સરકાર એની દરખાસ્ત કરે એની જરૂરિયાત પ્રમાણે, કારણ કે આર.ટી.ઈ. એકટ આવ્યો, ત્યારપછી અને ભૌતિક સગવડોની જરૂરિયાત ઊભી થઇ. શાળાના કેટલા ઓરડા હોવા જોઇએ? કેટલા વિદ્યાર્થીએ ઓરડો હોવો જોઇએ? કેટલા શિક્ષકે ઓરડા હોવા જોઇએ? એવા નીતિ નિયમો બનાવ્યા, એના કારણે ઘણી ભૌતિક સુવિધાઓ એમાં શિક્ષકોના ધોરણો વધાર્યા એમાં શિક્ષકોની જરૂરિયાતો એ બધુ કર્યુ. પહેલા ૭૫ઃ૨૫ આપ્યા. હવે ૬૫ઃ૩૫ કર્યા. ગઇ વખત કરતા જણાવ્યું કે નર્મદા જિલ્લામાં ૨૦૧૨–૧૩ માં માત્ર દરખાસ્તના ૨૧ ટકા આપ્યા. તેમ છતા બચતનાં કારણો કહ્યાં કે શિક્ષકોની ભરતી કરવાની હતી. કોર્ટ મેટર બની એના કારણે થોડી બચત થઇ છે. જે કોર્ટ મેટરના કારણે થઇ છે. બીજી કામગીરી નથી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી સ્પષ્ટ જાણવા માગું છું કે ૨૦૧૨–૧૩ નાં વર્ષમાં ૧૧૬૨૦ લાખ રૂપિયા આયોજન થયું અને ૨૦૧૩–૧૪ માં ૪૮૨૮ લાખ રૂપિયા અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં ૨૪૦ લાખ તો આટલો બધો તફાવત છે તો ચાલુ વર્ષે કેન્દ્ર સરકાર વધારે પૈસા આપવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : રાજય સરકારે દરખાસ્ત કરી છે અને સંપૂર્ણ ભરોસો છે આ સરકાર આવી છે. જે સંપૂર્ણ પ્રજાલક્ષી, વિકાસ લક્ષી અને શિક્ષણને કેન્દ્રમાં રાખવાવાળી સરકાર છે જે ૧૦૦ ટકા વધારો થશે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા જે ગ્રામ પંચાયતોના મંડળ છે જે આર્થિક રીતે નબળા છે અને ૮મું ધોરણ અપર પ્રાઇમરીમાં ગયું. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક એવા મંડળોની ગ્રાન્ટ વધારી સર્વ શિક્ષા અભિયાન હેઠળ આ ઓરડા, કમ્પાઉન્ડ વોલ, બીજી

ભૌતિક સુવિધા કરવાનું ભવિષ્યમાં આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સૂચન છે.

**નવસારી જિલ્લામાં વિજળીની સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓ**

* ૧૨૧૬૫ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૭૪૦ શાળાઓમાં |
| (૨) કેટલી શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) એકપણ નહીં. |
| (૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અજયકુમાર જ. ચોક્સી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓના વીજ બિલ કેવી રીતે ભરવામાં આવે છે. આ પદ્ધતિ કેટલા વર્ષથી અમલમાં છે, તેના ફાયદા શું છે અને આ વીજ બિલનો ખર્ચ કોણ ભોગવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું સભ્યશ્રીનો આભાર વ્યક્ત કરું છું. સામાન્ય દ્રષ્ટિએ શાળાનું વીજ બિલ ભરવું એ નાનો પ્રશ્ન છે. પ્રશ્ન ખૂબ અગત્યનો છે. પહેલાં પરિસ્થિતિ એવી હતી કે શાળાનું વીજ બિલ ભરવાનું હોય ત્યારે શાળાના આચાર્ય નાણાંના અભાવે ગામના આગેવાનો પાસે જાય અને કહે કે મારે બિલ ભરવું છે નહીંતર કનેકશન કપાઇ જશે. તમે થોડોઘણો ફાળો કરી આપો. આ રાજય સરકારે આ બાબતની સામાન્ય રજૂઆતમાં એવો નિર્ણય તા.૧૯–૯–૨૦૦૭ના રોજ કર્યો કે હવે શાળાના તમામ વીજ બીલો રાજય સરકાર ભોગવશે અને ભરી પણ દેશે. એટલું જ નહીં પણ વ્યવસ્થાઓ એવી કરી કે ગ્રામિણ વિસ્તારની અંદર જે ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓ, ડીસ્કોમ છે તે ડીસ્કોમને એમ કહ્યું કે તમારે શાળાની અંદર માત્ર રીડીંગ કરવા જવાનું. બિલ શાળાની અંદર નહીં મોકલવાનું. અમે તમને આખા ગુજરાતની સમગ્ર શાળાઓમાં, ગાંધીનગરને બાદ કરતાં કારણકે અહીં ટૉરેન્ટ કંપની છે. તમારે રીડીંગ કરી બિલ ભેગું કરવાનું. અમે તમને ત્રણ કવાર્ટર્સમાં એડવાન્સ રૂપિયા આપી દઇશુ. તેમાં જો વધઘટ થશે તો અમે તમને પૈસા ભરીશું. આના કારણે ફાયદો એ થયો કે શાળા કક્ષાએ જે બિલના પ્રશ્નો હતા તે હલ થયા. શાળાઓના વીજ બિલ નહીં ચૂકવતાં કનેકશન કપઇ જતા તે કપાતા બંધ થયા અને ગામની અંદર જે નાના મોટા વિવાદો થતા હતા તે બંધ થયા.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી સહિત તાલુકાવાર કેટલી શાળાઓમાં વીજળીની સુવિધા છે. છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી શાળાઓમાં વીજળીની સુવિધા આપવામાં આવી અને નવસારી જિલ્લામાં વીજ જોડાણ માટે કેટલી ગ્રાન્ટનો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં તમામ શાળાની અંદર વીજળીના કનેકશનો છે. આ શાળાઓ જયારથી શરૂ કરવામાં આવી છે ત્યારથી કદાચ ગામમાં વીજળીકરણ ન હોય ત્યારથી નહીં પરંતુ ત્યારથી વીજળીના કનેકશનો છે. કયા કયા સમયથી કનેકશન છે તેની વિગતો અત્યારે મારી પાસે ન હોય. હાલમાં એકપણ શાળા એવી નથી કે જયાં વીજળીનું કનેકશન ન હોય.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજયની અંદર વીજળીના કનેકશન નથી એવી શાળાઓ અને પેટા શાળાઓને સરકાર તાકીદે કનેકશન આપવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની અંદર વીજળીનું કનેકશન ન હોય તેવી જુજ શાળાઓ કદાચ હોય તો હોય તે મારા ધ્યાનમાં નથી. છતાં કોઇ સભ્યના ધ્યાનમાં હોય તો આપ ધ્યાન દોરી શકો છો. એટલું જ નહીં કોઇ અંતરિયાળ વાડી વિસ્તારની અંદર વીજળીનું નેટવર્ક ન હોય તો આવી શાળાની અંદર સોલાર લાઇટ મૂકીને પણ તે શાળાને વીજળી આપવા માટે આ સરકાર કટિબદ્ધ છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અનેક સીમ વિસ્તાર કે વાડી વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ ચાલે છે. ત્યાં કનેકશન એગ્રીકલ્ચર ફીડર પરથી આપવામાં આવે છે. આજે આપણી પાસે સર્વ શિક્ષા અભિયાનમાં કોમ્પ્યુટર્સ અને બીજી બધી સગવડો છે. એગ્રીકલ્ચર ફીડર પરથી કનેકશન હોવાના કારણે ઘણીવાર દિવસના સમયે સ્કૂલ ટાઇમે શાળાઓમાં લાઇટો હોતી નથી તો જે તે વિભાગ સાથે સંકલન કરીને જયાં જયાં જેટલી પ્રાથમિક શાળાઓ છે તે તમામને ચોવીસ કલાકની લાઇનમાંથી જોડવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેમાં આવું લગભગ ગુજરાતની અંદર કોઇ જગ્યાએ હોય તેવું વિભાગના ધ્યાનમાં નથી. છતાંય સભ્યશ્રી અમારું ધ્યાન દોરશે તો આ શાળાઓમાં સતત વીજળીનો પુરવઠો મળી રહે તેવા અમે પ્રયત્ન કરીશું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અતારાંકિત પ્રશ્નોમાં તેમણે જિલ્લાવાર માહિતી આપી છે તેમાં ૭૩ શાળાઓમાં વીજળીના કનેકશન નથી તો આપ સત્વરે આપવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આગળના જવાબમાં મેં વાત કરી કે રાજયની અંદર દરેક શાળાની અંદર વીજળીના માત્ર કનેકશન જ નહીં પણ વીજળીનો પુરવઠો પણ મળી રહે તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે ત્યારે તમામ શાળાઓની અંદર વીજળીનો પુરવઠો આપવા માટે રાજય સરકાર પ્રતિબદ્ધતા વ્યકત કરે છે.

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિ માટે આવાસ યોજના અંતર્ગત મકાન સહાય**

* ૧૨૭૭૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિ માટેની આવાસ યોજના અંતર્ગત મકાન સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૫૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને સંપૂર્ણ મકાન સહાય ચૂકવવામાં આવી, | (૨) ૨૩૧ અરજીઓ મંજૂર કરેલ છે. અને ૩૦ મકાનને સંપૂર્ણ સહાય ચૂકવવામાં આવી |
| (૩) તે પૈકી કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને | (૩) ૧૭ અરજી નામંજૂર કરેલ છે.<br>(૧) બે અરજદારો અવસાન પામેલ છે.<br>(૨) ૮ અરજદારો અગાઉ લાભ લીધેલ છે.<br>(૩) ૭ અરજદારો બી.પી.એલ. યાદીમાં નથી. |
| (૪) બાકીની અરજીઓ કયા સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે? | (૪) બાકીની અરજીઓ મંજૂર કરવાની કાર્યવાહી ચાલુ છે. |

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૨૩૧ અરજી મંજૂર થયેલ છે તે પૈકી કેટલી અરજીઓ ૧ વર્ષથી વધુ સમયથી છે, અને ૨૩૧ અરજીઓ મંજૂર થયેલ એમાં છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવેલી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એમાં કુલ ૨૫૮ અરજીઓ કરવામાં આવી હતી એમાંથી ૩૦ મકાનો બની ગયા હોય એમને પૂરેપૂરું ચૂકવણું કરવામાં આવેલ છે અને ૨૦૧ મકાનોને એક હપતો આપવામાં આવેલ છે અને ૧૬૬ મકાનોને બીજો હપતો આપવામાં આવેલ છે અને બાકીના ૨૦૧ મકાનો છે એમને ત્રીજો હપતો સંપૂર્ણ કામ પૂરું થશે ત્યારે આપવામાં આવશે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આ યોજનામાં લાભાર્થીના પાત્રતાના ધોરણો શું છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પાત્રતાના ધોરણો ૦ થી ૧૬ અને ૦ થી ૧૬ ન હોય તો ૧૭ થી ૨૦ સુધીના બી.પી.એલ. નંબરને આપવામાં આવે છે અને ખાસ કરીને આ યોજના

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના હેઠળ ચાલતી હોય છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આ યોજના ઈન્દિરા આવાસ અને સરદાર આવાસના પ્રમાણે જ ચાલે છે પણ આમાં વિસંગતતા છે કેમ કે ઈન્દિરા આવાસમાં આપણે ૭૦ હજાર આપીએ છીએ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા જે મકાનો ફાળવીએ છીએ, એમાં ૪૫ હજાર ફાળવીએ છીએ. પહેલા બી.પી.એલ.નું ધોરણ ન હતું કારણ કે, આદિવાસીઓ માટેની જ યોજના હતી પરંતુ તકેદારી વિભાગથી પ્રાયોજના વહીવટદાર દ્વારા ચાલતી આ યોજના છે. આમાં જેમ ઈન્દિરા આવાસ યોજનામાં જે રકમ ફાળવીએ છીએ તે પ્રમાણે આની રકમ પણ ૭૦ હજાર કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારની યોજના છે અને ૫૪ હજાર એની યુનિટ કોસ્ટ છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર થઇ, અને જે બાકી છે એ કેટલા સમયમાં મંજૂર કરવા માગો છો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લામાં થરાદ તાલુકામાં ૪૫ મળી એમાં ૨૮ મંજૂર થઇ, દિયોદરમાં ૩ મળી એમાંથી ૨ ના મંજૂર થઇ અને ૧ પેન્ડીંગ છે. આમ કુલ આખા જિલ્લામાં થઇને ૨૫૮ અરજીઓ મળી છે એમાંથી ૨૩૧ મંજૂર થઇ ૧૭ નામંજૂર થઇ અને ૧૦ પેન્ડીંગ છે એ આ વર્ષે મંજૂર કરવામાં આવશે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આમાં લાભાર્થીનો શ્રમ ફાળો કેટલો હોય છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં લાભાર્થીનો શ્રમ ફાળો ૭ હજારનો હોય છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.માં ન આવતા હોય એવા આદિવાસીઓને આ લાભ સરકાર આપવા માગે છે કે કેમ? અને બીજું બનાસકાંઠા જિલ્લામાં ગામતળ મંજૂર થયું ન હોવાના કારણે પ્લોટ ફાળવી શકાતા નથી એના કારણે લાભાર્થીઓ લાભથી વંચિત રહે છે તો એની તપાસ કરીને સરકાર આદિવાસીઓને લાભ મળે એ માટેના પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના આદિવાસી સમાજ માટે જ છે અને સરકારની પ્રાથમિકતા પહેલા બી.પી.એલ. નંબર માટેની જ છે એટલે પહેલા બી.પી.એલ. નંબરને જ આપવામાં આવે છે અને જે ગામતળની વાત કરવામાં આવી છે એ મારા વિભાગનો પ્રશ્ન નથી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, છેલ્લા ઘણાં સમયથી કહેવામાં આવ્યું કે બી.પી.એલ.નો એક પણ લાભાર્થી મકાન વગર રહી નહીં જાય. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ જે ૨૫૮ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ છે એ ૨૫૮ની માહિતીનું પત્રક માનનીય મંત્રીશ્રી ટેબલ ઉપર મૂકે.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકવાનું ન કહો તમે પ્રશ્ન પૂછોને શું માહિતી જોઇએ છે? એ એની મેળે કહેશે કે હું ટેબલ ઉપર મૂકીશ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, એ ૨૫૮ની જે માહિતી છે એ મારે જોઇએ છે કેમ કે આ ૨૫૮ લાભાર્થીઓ છે એ બી.પી.એલ.ની યાદીમાં આવે છે છતાં એમને કેમ લાભ નથી આપવામાં આવ્યો એ મારે જાણવું છે. ઇન્દિરા આવાસ, સરદાર આવાસમાં જેમ બી.પી.એલ.ને આપે છે અને આ યોજના પણ બી.પી.એલ. લાભાર્થીઓ માટેની જ છે તો આ ૨૫૮ આદિવાસી લાભાર્થીઓ છે એની માહિતી માનનીય મંત્રીશ્રી ટેબલ ઉપર મૂકે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૫૮ બી.પી.એલ. લાભાર્થીઓની યાદી તથા માહિતી માનનીય સભ્યશ્રીને હું પહોંચાડી દઇશ.

શ્રી હીરાભાઇ હ. પટેલ :આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ જે આવાસ યોજનાની સહાયનો લાભ છે એ બી.પી.એલ.લાભાર્થીઓને મળવાપાત્ર છે પણ બી.પી.એલ. લાભાર્થી પાસે આ લાભ મેળવવા માટે પોતાનો પ્લોટ હોવો જોઇએ તો જે લોકોની પાસે નથી હોતો તો એમને પ્લોટ આપીને આ લાભ આપવા માગે છે કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**કચ્છ જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને ફેર પ્રાઈસ શોપ બનાવવા બાબત**

* ૧૨૧૫૬ **ર્ડા. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને ફેર પ્રાઈસ શોપ બનાવવાની કાર્યવાહી થયેલ છે, અને | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૩૯૧ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મૉડેલ ફેર પ્રાઈસ શોપ બનાવવાની કાર્યવાહી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી દુકાનો મૉડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે? | (૨) ઉક્ત સ્થિતિએ ૨૬૧ દુકાનોને મૉડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે. |

ડો. નીમાબેન બી. આચાર્ય: માનનીય અધ્યક્ષશ્રી, આ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવાની જે યોજના મૂકવામાં આવી એ યોજનાને લીધે આ રેશનીંગની દુકાનોની ઇમેજ બદલાઇ ગઇ અને ગૌરવભેર આ લાભાર્થીઓ પોતાની દુકાનો ચલાવતા થયા. આ કચ્છ જિલ્લામાં ૩૯૧ મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવી છે અને ૨૬૧ બાકી છે, તો મારે એ જાણવું છે કે, આ તાલુકાવાર કેટલી બાકી છે અને બીજું જે દુકાનો ફાળવવામાં આવે છે એમાં ખાસ કરીને શિક્ષિત બેરોજગારોમાં પુરુષો, મહિલાઓ, સહકારી મંડળીઓ અને હેન્ડીકેપ લોકોને પ્રાયોરિટી આપવામાં આવતી હોય છે તો આ લોકોને કેટલી કેટલી દુકાનો આપવામાં આવી એની વિગતવાર માહિતી જોઇએ છીએ.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર ભુજમાં ૧૪૫ દુકાનોમાંથી ૪૩ મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવામાં આવી છે અને ૧૦૨ બાકી છે, માંડવીમાં ૭૨ છે એમાં ૩૪ બનાવવામાં આવી છે અને ૩૮ બાકી છે, મુન્દ્રામાં ૪૧ દુકાનોની સંખ્યા છે અને ૩૮ મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવામાં આવી છે અને ૩ બાકી છે, અંજારમાં ૩ બાકી છે, ગાંધીધામમાં ૭ બાકી છે, ભચાઉમાં ૯ બાકી છે, રાપરમાં ૪૮ બાકી છે, નખત્રાણામાં ૪૨ બાકી છે, અબડાસામાં ૬ અને લખપતમાં ૩ બાકી છે અને એમ કુલ મળીને ૨૬૧ બાકી છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પુછ્યો છે એના જવાબમાં આ મૉડેલ ફેરપ્રાઇસ શોપ પૈકી પુરુષ સંચાલિત ૩૩૦, મહિલા સંચાલિત ૨૬ અને સહકારી મંડળી સંચાલિત ૩૫ છે અને આમ કુલ મળીને ૩૯૧ દુકાનો ચાલે છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવાના ધોરણો શું છે અને એની યોગ્યતા શું છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ મૉડેલ ફેરપ્રાઇસ શોપની યોજના સપ્ટેમ્બર, ૨૦૦૮માં શરૂ કરવામાં આવી છે, આમાં રાજ્ય સરકારનો કન્સેપ્ટ તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અને આજના આ દેશના વડાપ્રધાનનો આશય એ હતો કે, આ દુકાનોમાં માત્રને માત્ર મર્યાદિત વસ્તુઓ વેચતા હતા તેની જગ્યાએ તેમની આવક વધે એટલા માટે આ દુકાનોને મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવાની યોજના અમલમાં આવી. આ દુકાનો બનાવવા માટેની યોગ્યતાના ધોરણોમાં ૪૦૦ થી ૫૦૦ ફુટના ક્ષેત્રફળવાળી જગ્યા હોવી જોઇએ, હવાઉજાસ હોય એવી ત્રણ ચાર બારીઓ હોય એ પ્રકારનું લોકેશન હોવું જોઇએ, એમાં બેસવાની, પીવાના પાણીની અને ટોયલેટની સુવિધા હોય અને આ રેશનીંગ સિવાય પણ જે નવું કરવા માગે છે એ ચીજ વસ્તુઓ વેચાણ કરવા માટેની વ્યવસ્થા છે કે નહિ એ નક્કી થયા મુજબ આપણે આ મંજૂર કરીએ છીએ.

શ્રી પંકજકુમાર મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્યમાં વાજબી ભાવની દુકાનોને મૉડેલ ફેરપ્રાઇસ શોપ બનાવવા માટે રાજ્ય સરકાર શું મદદ કરે છે અને એમાં કઇ કઇ ચીજ વસ્તુઓનું વેચાણ થઇ શકે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ મૉડેલ ફેર પ્રાઇસ શોપની અંદર સંચાલકો માટે, જે સંચાલકો આ મૉડેલ ફેર પ્રાઇસ શોપ બનાવવા માગતા હોય પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર તેને રાષ્ટ્રીયકૃત બેન્કમાંથી લોન આપવાની યોજના છે. આ લોન માટે ૧૫ ટકા અથવા તો ૧૫ હજાર રૂપિયા બેમાંથી જે ઓછા હોય તે માર્જીન મની તરીકે આપણે આપીએ છીએ અને આ સ્વૈચ્છિક બાબત છે. દુકાનદાર ઇચ્છે તો મોડલ બનાવી શકે છે. બીજો પ્રશ્ન છે કે આ મૉડેલ ફેર પ્રાઇસ શોપની અંદર જે વસ્તુ વેચવામાં આવે છે તેમાં પ્રોવિઝન સ્ટોર પણ કરી શકે છે, કિરાણા સ્ટોર કરી શકે છે, બ્યુટીફિકેશનનો સ્ટોર પણ કરી શકે છે. તેની અંદર બિયારણ, ખાતર, મોબાઇલ કાર્ડ , એસ.ટી.ડી., કોલ્ડ્રીંક્સ , પી.સી.ઓ., સ્ટેશનરી છે આ બધી વસ્તુ કરી શકે છે.

શ્રી વાસણભાઇ ગો. આહિર : माननीय मत्रीजीसे यह पुछना चाहता हुं कि, इस देशके अतिप्रिय प्रधानमंत्री श्री नरेन्द्र मोदीजीने यह स्किमकी शुरुआत की थी उस योजना को चालु रखने के लिये कुछ सुधारा लेकर एक नयी ......

અધ્યક્ષશ્રી : એને હિન્દીમાં જવાબ આપો.

શ્રી વાસણભાઇ ગો. આહિર : मोडेल फेर प्राइस दुकान जो बनायी जाती हे उसमें लोनके लिये राज्य सरकार द्वारा सिफारिस कि जाती हे....

શ્રી છત્રસિંહ પૂં. મોરી : राज्य सरकार राष्ट्रीयक्रूत बेंक द्वारा १५,००० रुपए या १५ प्रतिशत, दोनो में से जो कम होती हे वह दी जाती हे ।

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે કે, જે સસ્તા અનાજની દુકાન ઉપર ગ્રાહકો અનાજ લેવા જાય છે ત્યારે ફીગરો આપવામાં આવે છે. કદાચ લાઇટ જાય તો તેના માટે જનરેટર મૂકવા માગો છો?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી આ પ્રશ્ન ઊભો થતો નથી પણ મને આ ગૃહને જણાવતાં આનંદ થશે કે, આ જે કનેકટીવીટી નથી મળતી એ કનેકટીવીટી મળે તેના માટે અમે hand held terminator જેમ conductor and machine આવે છે એ પ્રકારના મશીનો અમે દરેક ફેર પ્રાઇસ શોપમાં જયાં કનેકટીવીટી કે અંતરિયાળ વિસ્તાર છે ત્યાં આપીશું. જેના કારણે કૂપનને કારણે દુકાનદારને માલ ના મળે એવી વ્યવસ્થાનો સવાલ નથી છતાં પણ માનનીય સભ્યશ્રીની લાગણી જોઇને અમે આ ન્યાય આપીશું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જયારે સસ્તા અનાજની દુકાનની જાહેરાત પડે એ દરમિયાન જે પણ લાભાર્થી અરજી કરે, અરજી કરે ત્યારે તેનું સ્થળ ગામની વચ્ચે બતાવે અને જયારે દુકાન ચાલુ કરવાની થાય ત્યારે તે તેના ઘરે લઇ જઇને ચાલુ કરે છે તો આ બાબત ઉપર ધ્યાન આપવા માગો છો કે કેમ ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ આખો પ્રશ્ન જુદો છે. જયાં પણ દુકાનદાર પોતે દુકાન ચાલુ કરવા માગતા હોય જયારે જાહેરાતમાં હોય ત્યાં શરૂ કરવામાં આવે છે. છતાં પણ કોઇ સભ્યશ્રી ધ્યાન દોરે કે આવુ કંઇ બદલાયું હશે અને તેમાં અરજી આપે તો સ્થળ બદલી આપવાની આમાં જોગવાઇ છે. તે અરજીના આધાર ઉપર તેને સ્થળ બદલી આપ્યું હોય છતાં આવું કોઇ સભ્યશ્રીના ધ્યાન ઉપર આવ્યું હોય તો ધ્યાન દોરે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ સસ્તા અનાજની દુકાનોને મૉડેલ ફેર પ્રાઇસ કરવા ટ્રાય કરો છો છતાંય કેમ મોટાભાગના રાજીનામુ આપવા તૈયાર થયા છે અને આવી કેટલી અરજીઓ મળી છે કે જે લોકોને હવે સસ્તા અનાજની દુકાનો નથી રાખવી અને તેના કારણો શાં છે ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થશે કે, આ રાજયની અંદર ૧૭,૨૫૮ ફેર પ્રાઇસ શોપ છે. તેની અંદર મોડેલ બનાવવાનો આ કન્સેપ્ટ હતો તેની અંદર ૧૫,૫૬૭ ફેર પ્રાઇસ લગભગ ૮૦ થી ૯૦ ટકા લોકોએ મોડેલ ફેર પ્રાઇસ શોપ બનાવી છે. બહેન કહે છે દુકાનોમાં રાજીનામુ આપે છે સાહેબ, આ રાજય સરકાર આવ્યા પછી પારદર્શક વહીવટ કરે છે અને પારદર્શક વહીવટના કારણે હવે પેલી જે બધી ગેરરીતિઓ ચાલતી હતી તે હવે ચાલવા દેતા નથી એના કારણે આ બધા રાજીનામું આપીને જતાં રહે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જવાબમાં ૬૫૨ એફ.પી.એસ.ની માહિતી આપવામાં આવી છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, છેલ્લા ૨ વર્ષની અંદર આ ૬૫૨ પૈકી કેટલી દુકાનોની ચકાસણી કરવામાં આવી અને તેમાંથી કેટલામાં ગેરરીતિઓ બહાર આવી ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મોડેલ ફેર પ્રાઇસ શોપ બનાવવાનો છે, ચકાસણીનો છે.

**અમદાવાદ જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

* ૧૨૨૬૯ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૮ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૬૩૯૯ બેઠકો. |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમાં ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૫૩૬૮.<br>ખાલી બેઠકો ૧૦૩૧. |

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ સ્વનિર્ભર, અનુદાનિત અને સરકારી કોલેજો જે ચાલે છે એનું ફીનું ધોરણ કોઇ છે અને જો હોય તો શું ધોરણ છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર પોલીટેકનીક કોલેજોમાં વિદ્યાર્થીઓ માટે વાર્ષિક ૧૦૦૦/- રૂપિયા નકકી કરવામાં આવ્યા છે અને વિદ્યાર્થિનીઓ માટે કોઇ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી અને જે સ્વનિર્ભર સંસ્થાઓ છે એનું ફીનું માળખુ ફી સમિતિ દ્વારા નિયમન કરીને કરવામાં આવતું હોય છે. ફી નિયમન સમિતની બધી જ વિગતો અધિકૃત વેબસાઇટ ઉપર તમામ કોલેજોની મૂકેલી છે. ઇન્સ્ટીટ્યુટ ઓફ ડીપ્લોમા સ્ટડી નિરમા યુનિવર્સિટીમાં ડીપ્લોમામાં ..

અધ્યક્ષશ્રી : આવી ગયો, આવી ગયો, એનો તમારો જવાબ આવી ગયો.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ ખાતે એન્જિનિયરીંગ કોલેજો જે છે એ વૈશ્વિક કક્ષાની કોલેજ છે કે કેમ, અને જો એની વિગત હોય તો વિગત આપવા વિનંતી છે.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે, રાજય સરકાર દ્વારા ૨૦૧૩માં અમદાવાદ ખાતે (અંતરાય) સાહેબ, આનંદ જ થાયને, માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાન શકિતના આધાર ઉપર આખુ ગુજરાત ખડુ થયું છે અને અહીંયા તો એટલા માટે આનંદ થાય કે, ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટની સંસ્થા એટલે કે આઇઆઇટીરામ, આ સંસ્થા મણીનગર, અમદાવાદ ખાતે છે અને વૈશ્વિક કક્ષાના અભ્યાસક્રમો આનુષાંગિક રિસર્ચની સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ થાય છે. ઇન્ડસ્ટ્રીઝ કમિશનરના સહયોગથી સીમેન્સ કંપનીનું Centre of Excellence પણ ત્યાં ફાળવવામાં આવ્યું છે અને કોમ્પ્યુટર સોફટવેરની સુવિધા પણ

સ્થાપવામાં આવી છે. આ ઉપરાંત (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સારી સુવિધાઓ એની અંદર ઉપલબ્ધ કરી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ આઠ કોલેજોમાંથી સરકારી કેટલી અને સ્વનિર્ભર કેટલી, અને બીજો મારો એક નાનો પ્રશ્ન છે કે, ૧૦૩૧ જગ્યાઓ ખાલી છે. કુલ આખા બજેટ સત્ર દરમિયાન મેં જોયું કે, ૧૮ જિલ્લાઓની માહિતી આપી છે, ૧૮ જિલ્લાઓમાં લગભગ ૧૧૮૦૦ જેટલી ડિપ્લોમા જગ્યાઓ ખાલી પડી છે જ્યારે અમદાવાદમાં ૧૦૦૦ જેટલી ખાલી પડી છે. તો આ ખાલી રહેવાના કારણો શું છે ? વધારે પડતી સ્વનિર્ભર કોલેજો આપી છે એના કારણે છે કે શું છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અમદાવાદ જિલ્લાનો છે. અમદાવાદ જિલ્લામાં સરકારી ત્રણ કોલેજો છે અને ૩૬૦ બેઠકો છે. અનુદાનિત એકપણ કોલેજ નથી. સ્વનિર્ભર પાંચ કોલેજો છે અને ૩૩૩૯ ત્યાં સીટો છે. કુલ આઠ કોલેજ અને ૬૩૯૯ સીટો, સાહેબ, અગાઉ અનેકવાર આ ગૃહમાં કહ્યું છે કે, ખાલી રહેવાના કારણોમાં ડીપ્લોમા એન્જિનિયરીંગ અભ્યાસક્રમની જે કોલેજો છે એમાં વિદ્યાર્થીઓ એનું સ્થળ, વિદ્યાશાખાઓ કઇ કઇ છે તે, એની ફીનું ધોરણ વગેરે ધ્યાને લઇને પસંદગી કરતા હોય છે અને મોટેભાગે ઇજનેરી કોલેજોમાં બધા વિદ્યાર્થીઓને પ્રવેશ મળી જાય છે. આપણા ત્યાં ઇજનેરી કોલેજોમાં અનેક પ્રકારના વિષયો શરૂ કરવામાં આવ્યા છે એટલે ડીપ્લોમાની સીટો ખાલી રહે છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે આરોગ્ય મંત્રીશ્રીનો પ્રશ્ન હતો એ જ પાછો અહીંયા થાય છે. અહીંયા શિક્ષણમાં પણ પુરુષોનો વાંક શું અને ગુનો શું? એમને પણ જે રીતે વિદ્યાર્થિનીઓને ભણાવે છે એ રીતે ઉમેરવા માગે છે કે કેમ?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આનો અર્થ એ થયો કે, ગુજરાતમાં મહિલાઓ શિક્ષિત અને સશક્ત બની છે અને પુરુષોનો વિચાર કરવો હોય તો એ નીતિવિષયક નિર્ણય છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, મને પૂછતાં આનંદ થાય છે કે, (અંતરાય) મારો વારો આવ્યો એટલા માટે, માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વનિર્ભર કોલેજોમાં પ્રવેશના ધોરણો શું છે અને એમાં એન.આર.આઇ. બેઠકો કેટલી છે? પ્રવેશ સમિતિ દ્વારા કેટલી બેઠકો ફાળવવામાં આવે છે અને મેનેજમેન્ટ ક્વોટાની કેટલી બેઠકો હોય છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ સ્વનિર્ભર કોલેજોમાં ૭૫ ટકા બેઠકો પ્રવેશ સમિતિ મારફતે ભરવામાં આવે છે, ૨૫ ટકા મેનેજમેન્ટ કવોટાની અને ૧૫ ટકા બેઠકો એન.આર.આઇ. કવોટાની હોય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ બેઠકો ખાલી રહેવાના કારણે આવી સ્વનિર્ભર કોલેજો અને બીજી કોલેજોએ જે કરોડો રૂપિયાનો એમાં ખર્ચ કરેલો હોય છે એ નિરર્થક જાય છે. તો સરકાર એમાં કાંઇ વિચાર કરીને બીજા કોઇ કોર્સ શરૂ કરવા માટે પરમિશન આપવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આપણે ત્યાં આ બેઠકો ખાલી રહેવાના કારણોમાં શિક્ષણમાં પણ હરિફાઇ રહે છે અને એ હરિફાઇ હોય તો શિક્ષણની ગુણવત્તા સુધરે. અનેક પ્રકારના વિષયો એમાં આઇ.ટી., ઇલેકટ્રીક એન્જિનિયરીંગ, ટેક્ષટાઇલ મેન્યુફેકચરીંગ, મિકેનીકલ એન્જિનિયરીંગ,પ્રિન્ટીંગ ટેકનોલોજી એવા પ્રકારના વિષયો શરૂ કર્યા છે અને જેની ઇચ્છા હોય ત્યાં એ જાય. એટલે આ બેઠકો ખાલી રહે છે.

શ્રી કેતન મ. ઇનામદાર : સ્વનિર્ભર કોલેજોમાં લેઇટ ફીના ૧૦૦ રૂપિયા લેવામાં આવે છે એ કાયદેસર છે શું અને કાયદેસર ના હોય તો શું કરવા માગે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ લેટ ફી એટલા માટે રાખવામાં આવી છે કે કેટલીકવાર પરિવારિક પ્રસંગોને કારણે કોઇ એવો પ્રસંગ બન્યો કે એ ફોર્મ ના ભરી શકયા હોય તો એના માટે કોઇક એક એવી મર્યાદા રાખવી જોઇએ અને એના માટે આ લેઇટ ફી લેવામાંઆવે છે અને એનો ખર્ચ એની પ્રક્રિયા માટે જ હોય છે.

શ્રી યોગેશ પટેલ : આ સ્વનિર્ભર કોલેજોમાં ફી ઉપરાંત ડેવલપમેન્ટ ચાર્જ તેમજ મોટર ભાડું અને અન્ય ફી ઉઘરાવવામાં આવે છે તો એમાં પગલાં લેવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : જો વર્લ્ડ કલાસ એજયુકેશન આપવું હોય અને વર્લ્ડ કલાસ યુનિવર્સિટી બનાવવી હોય તો એ માટેનો ખર્ચ લેવો જ પડે અને સરકારી કોલેજોમાં આ બધી વ્યવસ્થા કરી છે અને પ્રવેશ મેરિટના આધારે એડમિશન હોય છે. જે મેરિટમાં ના હોય તો એમને માટે આ વ્યવસ્થા છે . મેરિટમાં ના આવતા હોય તો આ વિદ્યાર્થીઓને ફરજીયાત નથી કે ભણવા આવે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : મારે જાણવું છે કે આ ૮ કોલેજો છે એ કયા કયા તાલુકામાં છે અને કયા કયા પ્રકારની શરૂ કરી છે? બીજો પ્રશ્ન એ છે કે સાણંદ અને બાવળા તાલુકાનો વિકાસ બધી રીતે થઇ ગયો છે તો ત્યાં સરકારી ડિપ્લોમા ઇજનેરી કોલેજો શરૂ કરવા માગે છે કે કેમ?

પ્રો.વસુબેન ન. ત્રિવેદી: માનનીય અધ્યક્ષશ્રી, આ અમદાવાદ જિલ્લાનો પ્રશ્ન છે અને મોટાભાગની કોલેજો અમદાવાદમાં છે.

**સાબરકાંઠા જિલ્લામાં ઇકોટુરીઝમના વિકાસ માટેની યોજના**

* ૧૨૨૨૪ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ઇકોટુરિઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ પોળો સ્થળને પસંદ કરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) રૂા. ૧૧.૦૦ લાખ. |

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇકોટૂરિઝમ વિકાસ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકામાં આ ઇકોટૂરિઝમ યોજના દાખલ કરી છે એમાં કુલ કેટલી ગ્રાન્ટ ૨૦૧૩-૧૪ ની સ્થિતિએ મંજૂર કરવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : સન ૨૦૧૩-૧૪ માં ૧૧ લાખ રૂપિયાની ગ્રાન્ટ વન વિભાગના ઉદ્યાનો અને અભ્યારણ્ય વ્યવસ્થા તરફથી ફાળવવામાં આવી હતી અને એમાંથી જે ખર્ચ થયો છે એમાં અન્ય વિભાગોએ પણ ગ્રાન્ટ આપી છે, પરંતુ એનું આયોજન હાલમાં ચાલે છે. જે ૧૧ લાખ રૂપિયા વન વિભાગે આપ્યા છે એમાં મરામતમાં ૬૬ હજાર રૂપિયા, પાથ-વેના ૧ લાખ ૬૮ હજાર રૂપિયા, કમ્પાઉન્ડ વોલ માટે ૨૨ હજાર ,આર.સી.સી.ના ૩૭ હજાર, ડાઇનિંગ હોલ માટે ૩૭ હજાર, પાર્કિંગ માટે ૬૩ હજાર, સેનિટેશન માટે ૩ લાખ રૂપિયા અને સાઉથ બ્રોઝરમાં ૩૨ હજાર અને રૂમોની સુવિધા માટે ૩ લાખ ૭૪ હજાર આમ કુલ ૧૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી ભરતસિંહજી શં. ડાભી : મારે જાણવું છે કે સાબરકાંઠાના ઇકોટુરિઝમમાં સ્થળ ઉપર છેલ્લા નાણાકીય વર્ષમાં કેટલા પ્રવેશ આપ્યા અને લોકલ સમિતિને કેટલી આવક થઇ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : છેલ્લા નાણાકીય વર્ષમાં ૧૩૯૪૯ પ્રવેશ અપાયા અને એમાં સમિતિને આવક ૪ લાખ ૧૯ હજાર રૂપિયાની થઇ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવા બાબત

* ૧૨૮૩૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલી સરકારી, ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે, | (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ ૫૩૮ સરકારી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે. |
| (૨) વિદ્યાર્થીઓના ભણતરમાં અવળી અસર ન થાય તે માટે તમામ ધોરણના વિદ્યાર્થીઓ અલગ–અલગ ઓરડામાં બેસી શકે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માંગે છે કે કેમ, | (૨) આર.ટી.ઈ. મુજબ વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માંગે છે. |
| (૩) જો હા તો, તે માટે શી વ્યવસ્થા હાથ ધરી છે અને સરકારી શાળામાં ક્યાં સુધીમાં નવા ઓરડા બનાવવામાં આવશે, અને | (૩) આર.ટી.ઈ. મુજબ બાળકોની સંખ્યા આધારિત શિક્ષકોનું મહેકમ નક્કી કરવામાં આવે છે તેમજ શિક્ષકદીઠ વર્ગખંડ બાંધવાનું આયોજન કરવામાં આવે છે અને આગામી વર્ષોમાં તબક્કાવાર નવા ઓરડાઓ બનાવવામાં આવશે. |
| (૪) ગ્રાન્ટેડ અને નોન–ગ્રાન્ટેડ શાળાઓને ઘટતા ઓરડા બનાવવા માટે શી તાકીદની વ્યવસ્થા કરવામાં આવેલ છે ? | (૪) આવી શાળાઓમાં જે તે સંસ્થાએ જાતે વ્યવસ્થા કરવાની રહે છે. |

---------

### ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો

* ૧૨૨૬૧ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૪ (ચાર). |
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ? | (૨) ૩૫૦ (ત્રણસો પચાસ). |

---------

### સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

* ૧૨૧૮૬ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૯૯૬ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૧૯,૯૨,૦૦૦/– |

---------

**નાંદોદ અને તિલકવાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ વાવેતર**

* ૧૨૧૯૪ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના નાંદોદ અને તિલકવાડા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં નાંદોદ અને તિલકવાડા તાલુકામાં અનુક્રમે ૧૨૨૩ હેક્ટર અને ૦ (શુન્ય) હેક્ટર મળી કુલ ૧૨૨૩ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂ. ૨૯૮.૭૨ લાખ. |

---------

**નવસારી જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ**

* ૧૨૨૪૦ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ માટે કેટલી સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવી, | (૧) ૯ |
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે, અને | (૨) ૧૨૧૮ |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૧૨૫.૮૪ લાખ. |

---------

**સાવરકુંડલા તાલુકામાં નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને રીવાઈઝડ પેન્શનના તફાવતની રકમ ન મળવા અંગે**

* ૧૨૭૩૨ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તાલુકામાં તા. ૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ કેટલા નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને રીવાઈઝડ પેન્શનના તફાવતની રકમ મળેલ નથી અને આ રકમ ક્યારે મળશે, અને | (૧) ૬ નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોને જેમ બને તેમ જલ્દી. |
| (૨) વિલંબ માટે જવાબદાર સામે લીધેલા કે લેવા ધારેલા પગલાં શાં છે ? | (૨) રીવાઈઝડ પેન્શન કેસની કાર્યવાહી ચાલુ હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. |

---------

**સાવલી તાલુકામાં ડીઝલ અને કેરોસીનમાં ભેળસેળના કેસો**

* ૧૨૨૦૨ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વડોદરા જિલ્લામાં સાવલી તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ડીઝલ અને કેરોસીનમાં તા. ૩૧/૧૨/૧૩ અંતિત કેટલા ભેળસેળના કેસો કરવામાં આવ્યા ? | કોઈ કેસ કરવામાં આવેલ નથી. |

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જંગલી હિંસક પ્રાણીઓ દ્વારા મનુષ્ય પર હુમલા**

* ૧૨૦૬૪ **શ્રી જસુભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર જંગલી હિંસક પ્રાણીઓ દિપડા–સિંહ દ્વારા મનુષ્ય ઉપર હિંસક હુમલાના કેટલા બનાવો બનેલ છે, | (૧) વન વિસ્તારમાં ૨ તથા વન વિસ્તાર બહાર ૧૨૫ હિંસક હુમલાના બનાવો બનેલ છે. |
| (૨) થયેલ હુમલાઓ પૈકી કેટલા માનવીઓના મૃત્યુ થયા અને કેટલા ઘાયલ થયા, અને | (૨) ૧૪ માનવીઓના મૃત્યુ થયા અને ૧૧૭ માનવીઓ ઘાયલ થયા. |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકારી નિયમાનુસાર તેઓને કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું ? | (૩) સરકારી નિયમાનુસાર માનવ મૃત્યુ માટે રૂા. ૨૧.૦૦ લાખ તથા માનવ ઈજા માટે રૂા. ૨.૬૨ લાખનું વળતર ચુકવવામાં આવ્યું. |

---------

## વિસનગર અને વિજાપુર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૨૧૯૫ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લાના વિસનગર અને વિજાપુર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં વિસનગર અને વિજાપુર તાલુકામાં અનુક્રમે ૦.૮૭ લાખ અને ૦.૮૨ લાખ મળી કુલ–૧.૬૯ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૫૪.૬૮લાખ |

-------

## કિલ્લા પારડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર

* ૧૨૧૯૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લાના કિલ્લા પારડી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં ૧.૧૩ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૨૬.૭૦ લાખ. |

-------

## ગીર સોમનાથ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનેથી ખાંડ અને કેરોસીન ન મળવા અંગે

* ૧૨૭૫૭ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનોમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને છેલ્લા ત્રણ માસથી ખાંડ આપવામાં આવતી નથી તેમજ કેરોસીન પૂરતું અપાતું નથી તે હકીકત સાચી છે, | (૧) આ હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો ખાંડ ન આપવાના કારણો શાં છે અને કેરોસીનનો પૂરતો જથ્થો ન ફાળવવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બી.પી.એલ. કાર્ડ ધારકોને આપવાનો જથ્થો ખાંડ–કેરોસીન પૂરો પાડવા સરકારે શાં પગલાંઓ લીધા ? | (૩) બી.પી.એલ. કાર્ડ ધારકોને આપવા પાત્ર ખાંડનો જથ્થો તથા ગેસ વગરના કાર્ડધારકોને કેરોસીનનો જથ્થો વિતરણ કરવામાં આવેલ છે. |

---------

**વઢવાણ અને ચોટીલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

* ૧૨૧૯૬ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ અને ચોટીલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં કેટલા હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૫૫ હેકટર અને ૩૩૨ હેકટર મળી કુલ ૩૮૭ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | વાવેતર (હેકટરમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨–૧૩ | વઢવાણ | ૨૯ |
| ૨ | | ચોટીલા | ૨૬ |
| | | કુલ | ૫૫ |
| ૧ | ૨૦૧૩–૧૪ | વઢવાણ | ૨૦૯ |
| ૨ | | ચોટીલા | ૧૨૩ |
| | | **કુલઃ** | **૩૩૨** |
| | **એકંદર કુલ** | | **૩૮૭** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) કુલ રૂ.૧૦૧.૩૧ લાખ

---------

**નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો–૮ શરૂ કરવા અંગે**

* ૧૨૨૧૧ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે.

(૧) ૧૫૨

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને

(૨)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨–૧૩ | ૨૭ |
| વર્ષ ૨૦૧૩–૧૪ | ૮૨ |
| **કુલ** | **૧૦૯** |

(૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે ?

(૩)

| વિષય | સંખ્યા |
|---|---|
| ગણિત વિજ્ઞાન | ૧૦૯ |

---------

**નવસારી જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ ફાળવેલ રકમ**

* ૧૨૧૬૨ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ નવસારી જિલ્લામાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ઼ા. ૩૧૩૮.૨૩ લાખ |
| ૨૦૧૩–૧૪ | રૂ઼ા. ૩૦૦૬.૩૨ લાખ |

(૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | રકમ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ઼ા. ૨૪૮૫.૬૩ લાખ |
| ૨૦૧૩–૧૪ | રૂ઼ા. ૧૬૦૫.૩૮ લાખ |

---------

**ખેડા જિલ્લામાં ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

* ૧૨૨૦૭ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૮ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,અને | (૨) ૩૫૨૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડિપ્લોમા ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૨૮૬૧<br>ખાલી બેઠકો ૬૫૯ |

---------

**મહેસાણા જિલ્લામાં ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૨૬૮ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧૨ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,અને | (૨) ૭૪૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડિપ્લોમા ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૩૭૯૪<br>ખાલી બેઠકો ૩૬૪૬ |

---------

**આણંદ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૧૨ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૭૭૦ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૧૫,૪૦,૦૦૦/- |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઇકોટુરીઝમના વિકાસ માટેની યોજના**

૧૨૧૭૮ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ઇકોટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકાના નાની કઠેચી તથા ટુંડી ટાવર બજાણાને ઇકોટુરીઝમના વિકાસ માટેના સ્થળ તરીકે વિકસાવવામાં આવી રહેલ છે. |
| (૩) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ દરમ્યાન આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | -- |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩.૬૨ લાખ |

---------

**દાહોદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

અતારાંકિત પ્રશ્નો

૧૨૩૬૦ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં દાહોદ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૦ (શુન્ય) અને ૦૫ અરજીઓ મળી કુલ ૫ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂા. ૧.૭૫ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં વનીકરણ યોજના હેઠળ વૃક્ષોનું વાવેતર**

૧૨૭૨૬ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ ૯૬.૬૭ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું. જે નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **વૃક્ષોની સંખ્યા (લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** |
| બારીયા | ૬.૩૦ | ૬.૩૦ |
| ધાનપુર | ૬.૯૭ | ૯.૧૨ |
| ઝાલોદ | ૭.૮૪ | ૨.૬૩ |
| સંજેલી | ૪.૪૮ | ૦.૯૦ |
| લીમખેડા | ૧૧.૯૬ | ૭.૭૧ |
| ફતેપુરા | ૪.૯૯ | ૨.૫૫ |
| દાહોદ | ૮.૯૪ | ૯.૧૧ |
| ગરબાડા | ૪.૮૫ | ૨.૦૨ |
| **કુલ** | **૫૬.૩૩** | **૪૦.૩૪** |
| **એકંદરે કુલ ૫૬.૩૩+ ૪૦.૩૪** | **૯૬.૬૭** | |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) કેટલા વૃક્ષો જીવંત છે, કેટલા મૃત્યુ પામ્યા, અને | (૨) કુલ ૮૩.૦૬ લાખ વૃક્ષો જીવંત છે. અને ૧૩.૬૧ લાખ વૃક્ષો મૃત્યુ પામેલ છે. |
| (૩) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) કુલ રૂા. ૩૩૮૧.૫૫ લાખ |

---------

**અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૧૨૨૧૫ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા કેસો તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ પડતર છે ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં ત્રણ ફોરમો કાર્યરત છે. જેમાં તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ પડતર કેસોની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| અમદાવાદ (મુખ્ય) ફોરમ | – | ૮૩૪ |
| અમદાવાદ (એડીશનલ) ફોરમ | – | ૪૯૫ |
| અમદાવાદ (ગ્રામ્ય) ફોરમ | – | ૪૦૧ |
| **કુલ** | – | **૧૭૩૦** |

---------

**ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૧૮૩ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં ભાવનગર જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં અનુક્રમે ૦૩ અને ૧૩ અરજીઓ મળી કુલ ૧૬ અરજીઓ મંજુર કરી.

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ. ૪.૪૪ લાખ.

---------

**ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ જુદા કરવાની અરજીઓ**

૧૨૨૦૧ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ જુદા કરવાની કેટલી અરજીઓ મળેલ છે,

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં રેશનકાર્ડ જુદા કરવાની નીચે મુજબ અરજીઓ મળેલ.

| તાલુકાનું નામ | રેશનકાર્ડ જુદા કરવા મળેલ અરજીઓ |
|---|---|
| આમોદ | ૬ |
| જગડીયા | ૨૩ |
| જમ્બુસર | ૨૧ |
| ભરૂચ (ગ્રામ્ય) | ૨૮૭ |
| ભરૂચ (શહેર) | ૧૪૫ |
| વાઘરા | ૬૧૩ |
| વાલિયા | ૭૫ |
| હાંસોટ | ૩૩ |
| **કુલ** | **૧૨૦૩** |

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) નીચે મુજબની અરજીઓ મંજૂર કરવામાં આવી.

| તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| આમોદ | ૬ |
| જગડીયા | ૨૨ |
| જમ્બુસર | ૧૫ |
| ભરૂચ (ગ્રામ્ય) | ૨૮૭ |
| ભરૂચ (શહેર) | ૧૪૦ |
| વાઘરા | ૫૭૯ |
| વાલિયા | ૫૬ |
| હાંસોટ | ૨૭ |
| **કુલ** | **૧૧૩૨** |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) નીચે મુજબની અરજીઓ નામંજૂર કરવામાં આવી.

| તાલુકાનું નામ | નામંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| આમોદ | ૦ |
| જગડીયા | ૦ |
| જમ્બુસર | ૦ |
| ભરૂચ (ગ્રામ્ય) | ૦ |
| ભરૂચ (શહેર) | ૪ |
| વાઘરા | ૨ |
| વાલિયા | ૧૩ |
| હાંસોટ | ૫ |
| **કુલ** | **૨૪** |

---------

**મુંદ્રા અને ધ્રુબની જમીન વળતરની કામગીરી**

૧૨૭૪૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના મુંદ્રા અને ધ્રુબની ૨૦૦૦ હેક્ટર કરતા વધુ રક્ષીત વનની જમીન વળતર વનીકરણ કરવા માટેની યોજના અન્વયે અપાઈ હતી તેની સામે વળતર વનીકરણની કામગીરી કયા સ્થળે કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુંદ્રા–ધ્રુબ ગામની રક્ષીત જમીન આપી ઔદ્યોગીક એકમ દ્વારા મળેલ જમીનોમાં કયા ગામોએ વળતર વનીકરણ માટેની જમીનોમાં વન વિભાગ દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા ઝાડ રોપાનું વાવેતર થયું ?

**જવાબ**

(૧) લખપત તાલુકાના કાનેર તથા શીણાપર ગામની ઉત્તરે આવેલ દરીયાઈ વિસ્તાર પૈકીની જમીનમાં વળતર વનીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે.

(૨) લખપત તાલુકાના કાનેર તથા શીણાપર ગામની ઉત્તરે આવેલ દરીયાઈ વિસ્તાર પૈકીની જમીનમાં છેલ્લા બે વર્ષમાં વળતર વનીકરણની કામગીરી માટે રૂ઼ા. ૪૮૦.૯૪ લાખ ખર્ચ કરવામાં આવેલ છે અને ૪.૩૮ લાખ રોપા તેમજ ૫.૦૪ લાખ બીજથી વાવેતર કરવામાં આવેલ છે.

---------

**અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૧૭૪ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૩માં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) ૧૭૯૦

| ક્રમ | તાલુકાનું નામ | બોન્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમરેલી | ૦૩ |
| ૨ | લાઠી | ૪૨ |
| ૩ | બાબરા | ૨૬૮ |
| ૪ | બગસરા | ૨૦ |
| ૫ | ધારી | ૮૩ |
| ૬ | ખાંભા | ૧૫૮ |
| ૭ | રાજુલા | ૫૭૬ |
| ૮ | જાફરાબાદ | ૬૧૧ |
| ૯ | સાવરકુંડલા | ૨૯ |
| | **કુલ** | **૧૭૯૦** |

(૨) આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) રૂ. ૩૫,૮૦,૦૦૦/–

(૩) વિદ્યાર્થીની દીઠ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે?

(૩) રૂ. ૨૦૦૦/–.

---------

**નર્મદા જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૧૯૩ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં નર્મદા જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૦૨ અને ૧૨ અરજીઓ મળી કુલ ૧૪ અરજીઓ મંજુર કરી.

(૨) કુલ રૂ. ૪.૮૦ લાખ.

---------

**અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને અલગ રેશનકાર્ડની અરજીઓ**

૧૨૨૫૧ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ અને અલગ રેશનકાર્ડની અરજીઓ તા. ૩૧/૧૨/૧૩ અંતિત કેટલી મળેલ,

(૨) કેટલી અરજીઓનો નિકાલ થયેલ છે, અને

(૩) બાકી અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૧૩ અંતિત અમદાવાદ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટે ૨૧૨૫૭ અને અલગ રેશનકાર્ડની ૧૧૦૮ અરજીઓ મળેલ.

(૨) નવા રેશનકાર્ડની ૨૦૯૨૮ અને અલગ રેશનકાર્ડની ૧૧૦૮ અરજીઓનો નિકાલ થયેલ છે.

(૩) નવા રેશનકાર્ડની તમામ અરજીઓનો નીકાલ થયેલ છે.

– અલગ રેશનકાર્ડ માટેની બાકી અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજીમાં અપૂરતી વિગતોને કારણે

૨. જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં ન આવ્યા હોય.

૩. અરજદાર દ્વારા બાયોમેટ્રીક્સ અને ફોટા ન આપવામાં આવ્યા હોવાના કારણે.

---------

**સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૧૨૧૮૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં કુલ ૨.૦૪ લાખ રોપાનું વાવેતર કરેલ છે જે નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | સાવરકુંડલા | ૦.૭૨ |
| | રાજુલા | ૦.૨૭ |
| | કૂલ | ૦.૯૯ |
| ૨૦૧૩–૧૪ | સાવરકુંડલા | ૦.૭૩ |
| | રાજુલા | ૦.૩૨ |
| | **કુલ** | **૧.૦૫** |

(૨) કુલ રૂા. ૧૦૦.૬૪ લાખ

---------

**તાપી જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**

૧૨૧૬૮ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪ અંતિત તાપી જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ચાલે છે,

(૨) તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને

(૩) તે કયા વયજૂથની વિદ્યાર્થીનીઓ છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ)

(૨) ૨૦૧

(૩) ૧૦ થી ૧૬ વર્ષ

---------

**દાહોદ જિલ્લામાં શાળા બહારના બાળકોને ખાસ તાલીમ**

૧૨૧૬૯ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં દાહોદ જિલ્લામાં કેટલી શાળામાં બહારના બાળકોને ખાસ તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૯૬૬ |
| (૨) આ ખાસ તાલીમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂા. ૧૦૬.૫૯ લાખ |

---------

**રાધનપુર અને ચાણસ્મા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૧૨૨૩૧ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના રાધનપુર અને ચાણસ્મા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં રાધનપુર અને ચાણસ્મા તાલુકામાં અનુક્રમે ૦.૬૧ લાખ અને ૦.૭૮ લાખ મળી કુલ ૧.૩૯ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ.૪૭.૪૭ લાખ |

---------

**જામનગર જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૧૭૨ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૦૧ કોલેજ. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૨૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૮૦<br>ખાલી બેઠકો ૧૬૦. |

---------

**આણંદ જિલ્લામાં ચેકડેમો અને વનતલાવડીઓ**

૧૨૦૦૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વન વિભાગ દ્વારા તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા તાલુકામાં ચેકડેમો અને વનતલાવડીઓ બનાવવામાં આવી, અને | (૧) છેલ્લા બે વર્ષમાં ચેકડેમો અને વન તલાવડીઓ બનાવવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન માટેની અરજીઓ**

૧૨૦૯૩ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ | (૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ |

વિભાજન માટેની કેટલી અરજીઓ આવી,

વિભાજનની નીચે મુજબની અરજીઓ આવેલ છે.

| તાલુકાનું નામ | રેશનકાર્ડ વિભાજનની આવેલ અરજીઓ |
|---|---|
| દેત્રોજ | ૨૧૧૫ |
| દસ્ક્રોઈ | ૩૪૦ |
| ધંધુકા | ૪૩૬ |
| ધોલેરા | ૦ |
| ધોળકા | ૦ |
| બાવળા | ૨૦૦૫ |
| માંડલ | ૨૪૫ |
| વિરમગામ | ૧ |
| સાણંદ | ૬૧૮ |
| **કુલ:** | **૫૭૬૦** |

(૨) તે પૈકી તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલા રેશનકાર્ડ વિભાજન કરવામાં આવ્યા અને કેટલા રેશનકાર્ડ વિભાજન કરવાના બાકી છે, અને

(૨) તે પૈકી તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ નીચે મુજબના રેશનકાર્ડ વિભાજન કરવામાં આવ્યા અને બાકીમાં છે.

| તાલુકાનું નામ | વિભાજન કરેલ રેશનકાર્ડ | વિભાજન બાકી રેશનકાર્ડ |
|---|---|---|
| દેત્રોજ | ૧૯૪૦ | ૧ |
| દસ્ક્રોઈ | ૨૭૯ | ૩ |
| ધંધુકા | ૩૨૯ | ૨ |
| ધોલેરા | ૦ | ૦ |
| ધોળકા | ૦ | ૦ |
| બાવળા | ૧૯૫૦ | ૨ |
| માંડલ | ૧૯૬ | ૦ |
| વિરમગામ | ૦ | ૦ |
| સાણંદ | ૩૧૯ | ૧૨૨ |
| **કુલ:** | **૫૦૧૩** | **૧૩૦** |

(૩) બાકી હોય તો તેના કારણો શાં છે અને કયાં સુધીમાં રેશનકાર્ડ વિભાજન કરવામાં આવશે?

(૩) રેશનકાર્ડ વિભાજનની અરજીની ચકાસણી માટે અને ખૂટતા આધાર–પુરાવાઓને કારણે અરજી પડતર રહેલ છે. ચકાસણી પૂર્ણ થયે તથા અરજદાર તરફથી ખૂટતા આધાર–પુરાવાની પૂર્તતા થયેથી કાર્ડધારકના ફિંગરપ્રિન્ટ અને ફોટા મેળવીને બનતી ત્વરાએ.

---------

**રાજ્યમાં ભૂંડ અને નીલ ગાયોના ભેલાણથી ખેડૂતોના ઉભા પાકને નુકશાન**

૯૦૮૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ભૂંડ અને નિલગાયોના ભેલાણથી ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થાય છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ભૂંડ અને નિલગાયના ભેલાણ અટકાવવા સરકાર દ્વારા કયા અસરકારક પગલાંઓ લેવામાં આવ્યા?

(૨)

(૧) ખેડૂતોના પાકને રક્ષણ માટે સરકારશ્રી દ્વારા ખેડૂતોના ખેતર ફરતે કાંટાળા તારની વાડ માટે થનાર ખર્ચના ૫૦ ટકા સહાય

આપવાની યોજના અમલમાં છે.

(૨) જે વિસ્તારમાં રોઝનો ત્રાસ વધુ હોય તેવા વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ્ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂંક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

---------

**જામનગર જિલ્લામાં ઘાસ સંગ્રહ માટે ઘાસ ગોડાઉન**

૧૨૧૮૯ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ઘાસ સંગ્રહ માટે કેટલા ઘાસ ગોડાઉનો આવેલા છે, | (૧) ૧૮ ગોડાઉનો |
| (૨) મેળવેલ ઘાસ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલો જથ્થો ગોડાઉનોમાં સંગ્રહાયેલ છે, અને | (૨) ૨૮.૯૮ લાખ કિ.ગ્રા. |
| (૩) કેટલો જથ્થો ખુલ્લામાં રાખેલ છે? | (૩) ઘાસનો કોઈ જથ્થો ખુલ્લામાં રાખેલ નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં રેશર્નીંગની દુકાનોમાંથી જથ્થો બારોબાર વેચી દેવાના કેસો**

૧૨૮૮૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં તાલુકાવાર કઈ રેશર્નીગ દુકાનોમાંથી ઘઉં–ચોખા અને કેરોસીનનો બારોબાર જથ્થો વેચી દેવાના કેસો નોંધવામાં આવ્યા, | (૧) કોઈ કેસ નોંધાયેલ નથી. |
| (૨) તે અન્વયે પકડાયેલ અનાજનો જથ્થો કેટલો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અનાજનો જથ્થો બારોબાર વેચી દેવાના કેસમાં કયા ઈસમો સામે કઈ કલમો લગાવી કેસો કરવામાં આવ્યા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાઓ બંધ કરવા અંગે**

૧૨૦૧૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી, | (૧) જામનગર એક<br>દેવભૂમિ દ્વારકા શૂન્ય |
| (૨) જો હા, તો આ પ્રાથમિક શાળાઓ બંધ કરવાના કારણો શાં છે, અને | (૨) પ્રાથમિક શાળામાં બાળકોની સંખ્યા ન હોવાથી |
| (૩) પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી તે શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી અને આ વિદ્યાર્થીઓના ભણતર માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવેલ હતી કે કેમ? | (૩) રામનગર પ્રાથમિક શાળા, તા. જોડીયામાં ૭ વિદ્યાર્થીઓ હતા જે અન્ય જગ્યાએ અભ્યાસ કરવા જતા શાળા બંધ થયેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો. ૮ શરૂ કરવા અંગે**

૧૨૧૮૭ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવેલ છે,અને | (૧) ૩૧૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે? | (૨) વર્ષ ૨૦૧૨-૧૩ ૩૬૮<br>વર્ષ ૨૦૧૩-૧૪ ૩૦૦ |

---------

**મધ્યપ્રદેશમાં સિંહો વસાવવા કમિટિની રચના**

૧૨૬૯૪ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાંથી સિંહો મધ્યપ્રદેશમાં કેટલી સંખ્યામાં વસાવવા રાજ્ય સરકારે મંજૂરી આપી છે, | (૧) રાજ્ય સરકારે કોઈ મંજૂરી આપેલ નથી. આ બાબત હાલ નામ. સુપ્રિમ કોર્ટમાં પડતર છે. |
| (૨) રાજ્ય સરકારે આ અંગે અભ્યાસ કરવા કમિટિની રચના કરી હતી કે કેમ, અને | (૨) રાજ્ય સરકારે કમિટિની રચના કરેલ નથી. |
| (૩) કમિટિએ શો રિપોર્ટ આપ્યો અને તેની વિગતો શી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૨૧૫૫ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૨૬૭૩૦ અરજીઓ મળેલ. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ થયો, અને | (૨) ૨૬૫૪૯ અરજીઓનો નિકાલ થયેલ છે. |
| (૩) કેટલી અરજીઓ બાકી છે ? | (૩) ૧૮૧ અરજીઓ બાકી છે. |

---------

**વણજ-બદરખા-જાલેટી ગામને જોડતા રસ્તાને મંજૂરી**

૧૨૮૭૨ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ વણજ ગામથી બદરખા-જાલેટી ગામને જોડતો સાત કિલોમીટરનો જંગલમાંથી પસાર થતા રસ્તાને વન ખાતા દ્વારા મંજૂરી આપવાની કાર્યવાહી તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ આ રસ્તા અંગેની વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળની દરખાસ્ત ભારત સરકાર દ્વારા માંગવામાં આવેલ પૂર્તતા હેઠળ હતી. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયથી પડતર છે, અને | (૨) આ દરખાસ્તને તા. ૧૪/૦૭/૨૦૧૪ના રોજ ભારત સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ રસ્તાને મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૩) ભારત સરકારની મંજૂરી મળ્યેથી. |

---------

### ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયની સુવિધા

૧૨૨૩૮ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૬૨૭ શાળાઓમાં. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કન્યાઓ અને કુમાર માટે કેટલા શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે, | (૨) કન્યાઓ માટે ૨૦૮<br>કુમાર માટે ૯૭. |
| (૩) કેટલી શાળાઓમાં શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૩) એકપણ નહીં. |
| (૪) તે ક્યાં સુધીમાં આ શૌચાલયો બનાવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પંચમહાલ જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય

૧૨૨૧૯ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ અંતિત પંચમહાલ જિલ્લામાં કેટલી કસ્તુરબા વિદ્યાલય ચાલે છે, | (૧) ૯ (નવ) |
| (૨) તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૬૭૭ |
| (૩) તે કયા વયજૂથની વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૧૦ થી ૧૬ વર્ષ |

---------

### મધ્યપ્રદેશમાં સિંહો વસાવવા કમિટિની રચના

૧૨૬૭૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ રાજયમાંથી સિંહો મધ્યપ્રદેશમાં કેટલી સંખ્યામાં વસાવવા રાજ્ય સરકારે મંજૂરી આપી છે, | (૧) રાજ્ય સરકારે કોઈ મંજૂરી આપેલ નથી. આ બાબત હાલ નામ. સુપ્રિમ કોર્ટમાં પડતર છે. |
| (૨) રાજ્ય સરકારે આ અંગે અભ્યાસ કરવા કમિટિની રચના કરી હતી કે કેમ, અને | (૨) રાજ્ય સરકારે કમિટિની રચના કરેલ નથી. |
| (૩) કમિટિએ શો રિપોર્ટ આપ્યો અને તેની વિગતો શી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ

૧૨૨૪૪ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે નાણાકીય વર્ષમાં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૪૫૪.૫૭ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના | (૨) ૫૫૦૯૭ |

હેઠળ લાભ મળેલ છે ?

---------

**ગાંધીનગર જિલ્લામાં નર્સરી દ્વારા રોપા ઉછેર અને વિતરણ કામગીરી**

૧૨૮૪૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કઈ નર્સરીમાં કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા, કઈ જાતના – કેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં વિવિધ નર્સરીઓમાં વિવિધ પ્રકારના કૂલ ૯૭.૫૯ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા અને વિવિધ પ્રકારના કૂલ ૩૬.૫૮ લાખ રોપાનું વિતરણ કરવામાં આવ્યું.

| સમયગાળો | તાલુકાનું નામ | નર્સરીનું નામ | ઉછેરવામાં આવેલ રોપા (લાખમાં) | વિતરણ કરવામાં આવેલ રોપા (લાખમાં) |
|---|---|---|---|---|
| (તા. ૧/૬/૨૦૧૨ થી તા. ૩૧/૫/૨૦૧૩ ની સ્થિતિએ) | ગાંધીનગર | સે. ૧૭ નર્સરી | ૧.૮૧ | ૧.૭૦ |
| | | જ–૭ નર્સરી (વન ચેતના કેન્દ્ર) | ૭.૨૦ | ૭.૨૦ |
| | | રાજ ભવન | ૨.૦૦ | ૧.૬૫ |
| | | જી.ટી.એસ. | ૨.૦૦ | ૧.૭૦ |
| | | જી.ઈ.બી. | ૧.૨૦ | ૧.૨૦ |
| | | આદિવાડા | ૧.૫૫ | ૧.૫૫ |
| | | ચ–૦ | ૬.૬૫ | ૫.૯૨ |
| | | પાલજ | ૦.૭૦ | ૦.૭૦ |
| | | ચિલોડા | ૧.૧૪ | ૧.૧૪ |
| | | ચિલોડા–૧ | ૦.૧૭ | ૦.૧૭ |
| | | **કુલ** | **૨૪.૪૨** | **૨૨.૯૩** |
| | માણસા | માણસા | ૧.૫૦ | ૧.૨૨ |
| | | બીલોદરા | ૧.૨૫ | ૦.૯૮ |
| | | આજોલ | ૨.૮૩ | ૨.૧૬ |
| | | લાકરોડા | ૦.૫૯ | ૦.૨૦ |
| | | **કુલ** | **૬.૧૭** | **૪.૫૬** |
| | દહેગામ | ચાંપલપુર | ૧.૩૨ | ૦.૮૯ |
| | | ચાંપલપુર–૨ | ૦.૪૦ | ૦.૪૦ |
| | | બહિયલ | ૨.૧૭ | ૧.૮૯ |
| | | બહિયલ–૨ | ૦.૨૦ | ૦.૨૦ |
| | | કરોલી | ૧.૪૨ | ૧.૧૨ |
| | | **કુલ** | **૫.૫૧** | **૪.૫૦** |
| | કલોલ | નારદીપુર | ૧.૯૫ | ૧.૯૫ |
| | | શેરીસા | ૨.૮૮ | ૨.૦૦ |
| | | ઈસંડ | ૦.૬૪ | ૦.૬૪ |
| | | **કુલ** | **૫.૪૭** | **૪.૫૯** |
| | | **એકંદર કુલ** | **૪૧.૫૭** | **૩૬.૫૮** |
| (તા. | ગાંધીનગર | સે.૧૭ | ૨.૭૬ | **રોપા** |

| | | | | |
|---|---|---|---|---|
| ૧/૬/૨૦૧૩ થી તા. ૩૧/૫/૨૦૧૪ ની સ્થિતિએ) | | નર્સરી | | **વિતરણની કામગીરી બાકીમાં છે.** |
| | | જ-૭ નર્સરી (વન ચેતના કેન્દ્ર) | ૭.૬૦ | |
| | | રાજ ભવન | ૨.૯૦ | |
| | | જી.ટી.એસ. | ૩.૨૬ | |
| | | જી.ઈ.બી. | ૦ | |
| | | આદિવાડા | ૨.૨૪ | |
| | | ચ-૦ | ૮.૪૧ | |
| | | પાલજ | ૧.૫૦ | |
| | | ચિલોડા | ૧.૪૫ | |
| | | **કુલ** | **૩૦.૧૨** | |
| | માણસા | માણસા | ૧.૪૦ | |
| | | બીલોદરા | ૩.૧૨ | |
| | | આજોલ | ૩.૫૪ | |
| | | લાકરોડા | ૧.૦૧ | |
| | | **કુલ** | **૯.૦૭** | |
| | દહેગામ | દેવ મુવાડા | ૧.૨૨ | |
| | | ચાંપલપુર | ૧.૭૬ | |
| | | બહિયલ | ૩.૦૩ | |
| | | કલ્યાણજીના મુવાડા | ૧.૫૪ | |
| | | કરોલી | ૧.૭૩ | |
| | | **કુલ** | **૯.૨૮** | |
| | કલોલ | નારદીપુર | ૨.૭૦ | |
| | | શેરીસા | ૩.૬૫ | |
| | | ઈસંડ | ૧.૨૦ | |
| | | **કુલ** | **૭.૫૫** | |
| | | **એકંદર કુલ** | **૫૬.૦૨** | |
| **કુલ એકંદરે વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ (૪૧.૫૭ + ૫૬.૦૨)** | | | **૯૭.૫૯** | |

(વિતરણ કરેલ જાતવાર રોપાઓનું પત્રક આ સાથે સામેલ છે.)

(૨) નવીન રોપ ઉછેર-પ્રવૃત્તિ તથા વન વિભાગ હસ્તક ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં કેટલા માનવ દિવસ રોજગારી પુરી પાડવામાં આવી ?

(૨) બે વર્ષમાં કૂલ ૧,૨૩,૬૮૬ માનવ દિવસ રોજગારી પુરી પાડવામાં આવી.

**પત્રક**

**ગાંધીનગર જીલ્લામાં વન-મહોત્સવ હેઠળ તા. ૧/૬/૨૦૧૨ થી તા. ૩૧/૫/૨૦૧૩ની સ્થિતિએ નર્સરીવાર વિતરણ કરવામાં આવેલ રોપાની વિગત**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નર્સરીનું સ્થળ** | **નર્સરીની સંખ્યા** | **નીલગીરી** | **શરૂ** | **વાંસ** | **સાગ** | **સુબાવળ** | **લીમડા** | **ફળાઉ** | **ઈતર** | **કુલ રોપા** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | સેક્ટર-૧૭ | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૪૫ | ૧.૦૮ | ૧.૭૦ |
| | | વન ચેતના કેન્દ્ર | ૧ | ૦.૦૬ | ૦.૦૦ | ૦.૨૦ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૧૭ | ૦.૭૫ | ૬.૦૦ | ૭.૨૦ |
| | | રાજભવન | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૩ | ૦.૪૬ | ૦.૯૫ | ૧.૬૫ |
| | | જી.ટી.એસ. | ૧ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૮ | ૦.૪૫ | ૧.૦૪ | ૧.૭૦ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જી.ઈ.બી. | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૭૭ | ૦.૦૯ | ૦.૩૦ | ૧.૨૦ |
| | | આદિવાડા | ૧ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૧ | ૦.૨૫ | ૧.૦૬ | ૧.૫૫ |
| | | ચ–૦ સર્કલ | ૧ | ૦.૨૧ | ૦.૦૧ | ૦.૧૬ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૮ | ૦.૪૧ | ૫.૦૨ | ૫.૯૨ |
| | | પાલજ | ૧ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૦૬ | ૦.૫૫ | ૦.૭૦ |
| | | ચિલોડા | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૯ | ૦.૦૫ | ૦.૯૦ | ૧.૧૪ |
| | | ચિલોડા – ડી–૧ | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૦૩ | ૦.૦૭ | ૦.૧૭ |
| | | **કુલ ગાંધીનગર** | **૧૦** | **૦.૩૪** | **૦.૦૧** | **૦.૪૫** | **૦.૧૨** | **૦.૦૦** | **૨.૦૪** | **૩.૦૦** | **૧૬.૯૭** | **૨૨.૯૩** |
| ૨. | માણસા | માણસા | ૧ | ૦.૩૫ | ૦.૦૦ | ૦.૦૨ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૧૦ | ૦.૧૨ | ૦.૬૨ | ૧.૨૨ |
| | | બીલોદરા | ૧ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૨૦ | ૦.૧૦ | ૦.૬૦ | ૦.૯૮ |
| | | આજોલ | ૧ | ૦.૨૨ | ૦.૦૦ | ૦.૦૩ | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૨૩ | ૦.૧૭ | ૧.૪૬ | ૨.૧૬ |
| | | લાકરોડા | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૪ | ૦.૦૫ | ૦.૧૧ | ૦.૨૦ |
| | | **કુલ માણસા** | **૪** | **૦.૬૦** | **૦.૦૦** | **૦.૦૯** | **૦.૦૭** | **૦.૦૦** | **૦.૫૭** | **૦.૪૪** | **૨.૭૯** | **૪.૫૬** |
| ૩. | દહેગામ | ચાંપલપુર | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૦૪ | ૦.૭૦ | ૦.૮૯ |
| | | ચાંપલપુર–૨ | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૪૦ | ૦.૪૦ |
| | | બહિયલ | ૧ | ૦.૨૪ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૫ | ૦.૧૩ | ૧.૪૨ | ૧.૮૯ |
| | | બહિયલ–૨ | ૧ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૮ | ૦.૨૦ |
| | | કરોલી | ૧ | ૦.૦૩ | ૦.૦૦ | ૦.૦૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૨ | ૦.૦૬ | ૦.૮૩ | ૧.૧૨ |
| | | **કુલ દહેગામ** | **૫** | **૦.૨૭** | **૦.૦૦** | **૦.૨૩** | **૦.૦૦** | **૦.૦૦** | **૦.૨૪** | **૦.૨૩** | **૩.૫૩** | **૪.૫૦** |
| ૪ | કલોલ | નારદીપુર | ૧ | ૦.૦૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૪૨ | ૦.૨૦ | ૧.૨૬ | ૧.૯૫ |
| | | શેરીસા | ૧ | ૦.૦૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૯ | ૦.૧૫ | ૧.૫૯ | ૨.૦૦ |
| | | ઈસંડ | ૧ | ૦.૦૩ | ૦.૦૧ | ૦.૦૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૨ | ૦.૦૬ | ૦.૪૦ | ૦.૬૪ |
| | | **કુલ કલોલ** | **૩** | **૦.૧૭** | **૦.૦૧** | **૦.૦૨** | **૦.૦૦** | **૦.૦૦** | **૦.૭૩** | **૦.૪૧** | **૩.૨૪** | **૪.૫૯** |
| | | **કુલ એકંદરે સરવાળો** | **૨૨** | **૧.૩૮** | **૦.૦૨** | **૦.૭૯** | **૦.૧૯** | **૦.૦૦** | **૩.૫૮** | **૪.૦૮** | **૨૬.૫૩** | **૩૬.૫૮** |

———————————

**બનાસકાંઠા જિલ્લામાં શૌચાલયની સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓ**

૧૨૧૬૭ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટેની શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૨૩૧૫ પ્રાથમિક શાળાઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કન્યાઓ અને કુમાર માટે કેટલા શૌચાલયો તૈયાર કરવામાં આવ્યા છે, | (૨) કન્યાઓ માટે ૭૦૫<br>કુમાર માટે ૧૮૦ |
| (૩) કેટલી શાળાઓમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ શૌચાલયો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

—————————

**મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ગણિત–વિજ્ઞાનના શિક્ષકોની ઘટ**

૧૨૦૯૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૩/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની તાલુકાવાર કેટલી ઘટ છે,

(૧)

| તાલુકાનું નામ | શિક્ષકોની ઘટ |
|---|---|
| લુણાવાડા | ૨૦ |
| ખાનપુર | ૧૬ |
| કડાણા | ૩૩ |
| સંતરામપુર | ૬૧ |
| વિરપુર | ૧૨ |
| બાલાસિનોર | ૦૯ |
| **કુલ** | **૧૫૧** |

(૨) કેટલા સમયથી આ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૨) છેલ્લા એક વર્ષથી

(૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગો છો ?

(૩) જેમ બને તેમ જલ્દી

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

૧૨૭૮૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ શિક્ષકોની સામે કયા વિષયના કેટલા શિક્ષકોની ઘટ છે,

(૧) સામેલ **પત્રક–૧** થી ૪ મુજબ

(૨) આ શિક્ષકોની ઘટ પૂરી કરવા સરકારે શા પગલાં લીધા, અને

(૨) બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૧૯ ઉમેદવારોએ સ્થળ પસંદગી કરેલ છે. જેમાંથી ૧૭ ઉમેદવારો હાજર થયેલ છે જે પૈકી અરવલ્લી જિલ્લામાં ૧૧ તથા સાબરકાંઠા જિલ્લામાં ૦૬ ઉમેદવાર હાજર થયેલ છે.

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

(***પત્રકો** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવા અંગે**

૧૨૧૮૪ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે,

(૧) ૨૦૪

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને

(૨)

| વર્ષ | નિમણૂંકની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨ | ૦૦ |
| ૨૦૧૩ | ૩૭૦ |

(૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકો છે?

(૩)

| | |
|---|---|
| ગણિત–વિજ્ઞાન | ૨૪૬ |
| ભાષા | ૪૩ |
| સામાજિક વિજ્ઞાન | ૮૧ |

| | |
|---|---|
| **કુલ** | **૩૭૦** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં દરેક ગામમાં સસ્તા અનાજની દુકાનો**

૧૨૬૩૧ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો દરેક ગામમાં કે દરેક વોર્ડમાં નથી તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો આ દુકાનો દરેક ગામમાં ન હોય તો કયા ગામોમાં નથી અને તેના કારણો શાં છે, અને | (૨) બનાસકાંઠા જિલ્લામાં કુલ ૫૦૨ ગામોમાં સસ્તા અનાજની દુકાનો નથી જેનું *પત્રક આ સાથે સામેલ છે.<br>સસ્તા અનાજની દુકાનો ન હોવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) ગ્રામ્ય વિસ્તારમાં દર ૨૦૦૦ની જનસંખ્યા કરતા ઓછી સંખ્યા હોવાથી.<br>(૨) ગામ અને દુકાન વચેચેનું અંતર ૩ (ત્રણ) કિલોમીટર કરતાં ઓછું હોઈ તેમજ પોષણક્ષમતા જળવાતી ન હોવાને કારણે. |
| (૩) આ દુકાનો ગામદીઠ અને વોર્ડ દીઠ ન હોવાથી લોકોને દુર સુધી જવું પડતું હોવાથી આ દુકાનો દરેક ગામ દીઠ કે વોર્ડ દીઠ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) ખંડ (૨) માં જણાવ્યા મુજબ વાજબી ભાવની દુકાનો મંજુર કરવા માટે નિયત વસ્તી, ૩ કિ.મી. નું અંતર તેમજ પોષણક્ષમતા ન હોવાના કારણોસર જે ગામોમાં વાજબી ભાવની દુકાનો શરૂ કરી શકાય તેમ નથી તે ગામોના રેશનકાર્ડધારકોને જથ્થો લેવા દુર જવું ન પડે તે માટે નજીકના ગામોમાં કાર્યરત વાજબી ભાવની દુકાન સાથે જોડાણ કરી આપવામાં આવેલ છે. નિયમોનુસાર ચકાસણી બાદ જે ગામોમાં દુકાન ખોલવાપાત્ર હશે ત્યાં દુકાન ખોલવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. |

(* **પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજો માટે પસંદગી પામેલ આચાર્યોને પૂર્વ મંજૂરી આપવા માટેની પડતર દરખાસ્તો**

૧૨૮૩૫ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજો માટે પસંદગી પામેલ કેટલા આચાર્યોને પૂર્વ મંજૂરી આપવા માટેની દરખાસ્તો ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીમાં કેટલા સમયથી **પડતર**માં છે, | (૧) ૧ (એક)<br>તા. ૦૪–૦૭–૨૦૧૨ થી પડતર છે. |
| (૨) આ દરખાસ્તોને પૂર્વ મંજૂરી નહી આપવા પાછળના કારણો શાં છે, અને | (૨) પૂર્વ મંજૂરી આપવા માટેની દરખાસ્ત સમય મર્યાદામાં રજુ કરેલ ન હોઈ વહીવટી કારણોસર. |
| (૩) આ અંગે સરકાર સત્વરે ક્યારે નિર્ણય લેવા માંગે છે? | (૩) સત્વરે કાર્યવાહી કરવામાં આવનાર છે. |

---------

**નવસારી જિલ્લામાં આદિમ જૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે પ્રોજેક્ટ**

૧૨૧૬૩ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે | (૧) હા, જી. |

નાણાંકીય વર્ષમાં નવસારી જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને — (૨) ૨૭૭

(૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે? — (૩) રૂ. ૬૬.૦૨ લાખ

---------

## દાહોદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો

૧૨૧૬૦ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૩૦૦ (ત્રણસો). |

---------

## સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાની મંજૂરી

૧૨૩૫૩ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી, અને

(૧)

| ક્રમ | તાલુકો | મંજૂર શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
| ૧ | હિંમતનગર | ૦૩ | ૦૬ |
| ૨ | પ્રાંતિજ | ૦૧ | ૦૪ |
| ૩ | ખેડબ્રહ્મા | ૦૨ | ૦૦ |
| ૪ | વડાલી | ૦૦ | ૦૩ |
| ૫ | તલોદ | ૦૦ | ૦૧ |

(૨) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી?

(૨)

| ક્રમ | તાલુકો | નામંજૂર શાળાઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
| ૧ | હિંમતનગર | ૦૪ | ૦૨ |
| ૨ | ખેડબ્રહ્મા | ૦૫ | ૦૦ |
| ૩ | પ્રાંતિજ | ૦૦ | ૦૩ |
| ૪ | વડાલી | ૦૦ | ૦૨ |
| ૫ | તલોદ | ૦૦ | ૦૨ |
| ૬ | ઈડર | ૦૧ | ૦૧ |

---------

## અમદાવાદ શહેરમાં ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં મંજૂરી વગર બંધ કરવા અંગે

૧૨૦૩૧ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં જમીનોના ભાવ વધતા કેટલી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ મંજૂરી વગર બંધ કરવામાં આવેલ છે, | (૧) એક પણ નહિ. |
| (૨) જો હા, તો આવી કઈ શાળાઓ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારે ઓછી શાળાઓની જમીન પોતાના | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

હસ્તક લેવા અને સંચાલકો સામે શાં પગલાં લીધા?

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૩૫ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૫૨૩૬ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂ. ૫,૦૪,૭૨,૦૦૦/–. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ– ૮ શરૂ કરવા અંગે**

૧૨૧૫૯ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરૂ કરવામાં આવેલ છે,

(૧) ૨૨૧

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને

(૨)

| **વર્ષ ૨૦૧૨–૧૩** | **વર્ષ ૨૦૧૩–૧૪** |
|---|---|
| ૨૦૦ | ૨૧૭ |

(૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકો છે?

(૩)

| **ભરતીનું વર્ષ** | **ભાષા** | **ગણિત વિજ્ઞાન** | **સામાજીક વિજ્ઞાન** |
|---|---|---|---|
| ૧૨–૧૩ | ૪૦ | ૨૫ | ૧૩૫ |
| ૧૩–૧૪ | ૦૦ | ૨૧૭ | ૦૦ |
| **કુલ** | **૪૦** | **૨૪૨** | **૧૩૫** |

---------

**સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

૧૨૩૨૭ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ માં સાબરકાંઠા જિલ્લાના કયા તાલુકાઓમાં કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૧) વર્ષ ૨૦૧૩–૧૪ માં તાલુકાવાર કૂલ ૬.૬૩ લાખ રોપાનું વાવેતર કરેલ છે જે નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકો** | **વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં)** |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧.૪૪ |
| ૨ | ઈડર | ૧.૪૫ |
| ૩ | વડાલી | ૦.૫૧ |
| ૪ | પ્રાંતિજ | ૧.૩૩ |
| ૫ | તલોદ | ૦.૬૭ |
| ૬ | ખેડબ્રહ્મા | ૦.૫૨ |
| ૭ | પોશીના | ૦.૨૩ |
| ૮ | વિજયનગર | ૦.૪૮ |
| | **કૂલ** | **૬.૬૩** |

(૨) તે અન્વયે કૂલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને — (૨) કૂલ રૂ. ૨૦૭.૦૪ લાખ

(૩) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલા રોપાઓ જીવીત છે? — (૩) કૂલ ૫.૫૮ લાખ રોપા જીવીત છે.

---------

## વાવ અને દિયોદર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર

૧૨૨૪૯ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના વાવ અને દિયોદર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) વાવ અને દિયોદર તાલુકામાં અનુક્રમે ૨.૪૬ લાખ અને ૦.૮૬ લાખ મળી કૂલ ૩.૩૨ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૬૮.૦૯ લાખ |

------

## રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ

૧૨૧૭૬ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩માં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે, — (૧)

| અ.નં. | તાલુકાનું નામ | બોન્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | કોટડા–સાંગાણી | ૦૯ |
| ૨ | ગોંડલ | ૨૯ |
| ૩ | પડધરી | ૦૫ |
| ૪ | ધોરાજી | ૩૦ |
| ૫ | મોરબી | ૬૯ |
| ૬ | જસદણ | ૧૧૪૯ |
| ૭ | વાંકાનેર | ૫૬૨ |
| ૮ | માળીયા–મીયાણા | ૧૯૧ |
| ૯ | ઉપલેટા | ૧૯ |
| ૧૦ | રાજકોટ | ૧૯૫ |
| | **કુલ** | **૨૨૫૮** |

(૨) આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે, અને — (૨) રૂા. ૪૫,૧૬,૦૦૦/–

(૩) વિદ્યાર્થીનીઓ દીઠ કેટલી રકમના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે ? — (૩) રૂા. ૨૦૦૦/–

---------

## દાહોદ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ લાભ

૧૨૧૬૧ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૯૦૦ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૯૦.૦૦ લાખ |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દરિયાકિનારે ચેરનું વાવેતર**

૧૨૩૬૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં દરિયાકિનારે ચેરનું કેટલું વાવેતર થયું, અને

(૧)

| **વર્ષ** | **ચેરનું વાવેતર (હેકટરમાં)** |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૭૦૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ।. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૩૭.૭૩ |

---------

**આણંદ જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૨૦૩ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ૨ કોલેજો

(૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને

(૨) ૭૨૦ બેઠકો

(૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમાં ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે?

(૩) કુલ ભરાયેલ બેઠકો ૬૬૧
ખાલી બેઠકો ૫૯

---------

**દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૧૨૧૮૨ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા અને લીંબડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં કેટલા હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં અનુક્રમે ૭૦ હેકટર અને ૩૪૧ હેકટર મળી કુલ ૪૧૧ હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **વર્ષ** | **તાલુકો** | **વાવેતર હેકટરમાં** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | દસાડા | ૨૬ |
| ૨ | | લીંબડી | ૪૪ |
| | | કુલ | ૭૦ |
| ૧ | ૨૦૧૩-૧૪ | દસાડા | ૧૮૧ |
| ૨ | | લીંબડી | ૧૬૦ |
| | | **કુલ** | **૩૪૧** |
| | **એકંદરે કુલ** | | **૪૧૧** |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) કુલ રૂ.૧૧૧.૫૮ લાખ

---------

**નવસારી જિલ્લામાં સરકારી શાળાઓમાં કોમ્પ્યુટરોની ફાળવણી**

૧૨૦૨૮ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાઓમાં શાળાદીઠ કેટલા કોમ્પ્યુટરો ફાળવવામાં આવેલ છે અને કેટલી શાળાને ફાળવવાના બાકી છે, અને

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર સરકારી શાળાઓમાં શાળાદીઠ ૧૧ કોમ્પ્યુટરો ફાળવવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | મા.શા. કોમ્પ્યુટર ફાળવેલ | મા.શા. કોમ્પ્યુટર ફાળવવાના બાકી | પ્રા.શા. કોમ્પ્યુટર ફાળવેલ | પ્રા.શા. કોમ્પ્યુટર ફાળવવાના બાકી |
|---|---|---|---|---|---|---|
| નવસારી | ૧૦૩ | ૦ | ૦ | ૦ | ૮૦ | ૨૩ |
| જલાલપોર | ૧૦૧ | ૩ | ૩૩ | ૦ | ૯૩ | ૦૮ |
| ગણદેવી | ૧૧૪ | ૦ | ૦૦ | ૦ | ૮૬ | ૨૮ |
| ચીખલી | ૨૪૧ | ૦ | ૦૦ | ૦ | ૧૫૬ | ૮૫ |
| વાંસદા | ૧૮૩ | ૩ | ૨૨ | ૧ | ૧૨૩ | ૬૦ |

(૨) કોમ્પ્યુટર ફાળવેલ શાળાઓમાં તાલીમબદ્ધ શિક્ષકોની કેટલી ઘટ છે અને ઘટને નિવારવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ ફાળવેલ શાળાઓમાં ૫ (પાંચ) શાળાદીઠ એક સ્કુલ કો.ઓર્ડિનેટર છે જે કોમ્પ્યુટર દ્વારા શિક્ષણ બાળકોને આપે છે. કોમ્પ્યુટર લેબ ફાળવેલ તમામ શાળાઓમાં પાંચ શાળાદીઠ એક સ્કુલ કો. ઓર્ડિનેટર છે.

– માધ્યમિક શાળાઓમાં આઈ.સી.ટી. સ્કુલ પ્રોજેક્ટ અંતર્ગત એજન્સી દ્વારા અઠવાડીયામાં એક દિવસ કોમ્પ્યુટર ઓપરેટર શાળાની મુલાકાત લઈ શિક્ષકોને તાલીમ આપે છે.

---------

## કેન્દ્ર સરકાર દ્વારા બી.પી.એલ. કુટુંબોને ઘઉં અને ચોખાના જથ્થાની ફાળવણી

૧૨૧૫૭ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

કેન્દ્ર સરકાર દ્વારા બી.પી.એલ. કુટુંબોને ઘઉં અને ચોખાનું તા. ૩૧/૧૨/૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલો જથ્થો ફાળવવામાં આવેલ છે ?

તા. ૩૧/૧૨/૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા બી.પી.એલ. કુટુંબોને નીચેની વિગતે ઘઉં ચોખા ફાળવવામાં આવેલ છે. (આંકડા મે. ટનમાં)

| યોજનાનું નામ | ઘઉં | ચોખા |
|---|---|---|
| બી.પી.એલ. | ૫૭૫૭૧૯ | ૨૫૮૧૮૮ |
| એ.એ.વાય. | ૧૮૪૪૭૬ | ૧૫૫૬૦૪ |
| **કુલ** | **૭૬૦૧૯૫** | **૪૧૩૭૯૨** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો

૧૨૧૭૩ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

(૧) ૦૧ કોલેજ

(૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે,અને

(૨) ૨૪૦ બેઠકો

(૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે?

(૩) કુલ ભરાયેલ બેઠકો ૨૨૭
ખાલી બેઠકો ૧૩

---------

## ડાંગ જિલ્લામાં વનરક્ષક – વનપાલની ભરતી બાબત

૧૨૦૩૯ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૦૫/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં વન વિભાગમાં કેટલા વનરક્ષક–

(૧) વનરક્ષક ૧૬
વનપાલ ૧૩

વનપાલ અંગેની ભરતી કરવામાં આવી,

(૨) તે અન્વયે સ્થાનિક કેટલા ઉમેદવારોની ભરતી થયેલ છે, અને

(૨) વનરક્ષક ૧૬
વનપાલ ૧૩

(૩) સ્થાનિક ભરતી ન થઈ હોય તો તેના કારણો શાં છે અને સ્થાનિક ભરતી કરવા સરકારે શાં પગલાંઓ લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ડી સેગના હવાલે ફાળવેલ ગ્રાન્ટમાં ઉચાપત**

૧૨૭૦૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧/૫/૨૦૧૪ની સ્થિતિએ આદિવાસી વિભાગે છેલ્લા બે વર્ષમાં ડી–સેગના હવાલે કેટલી ગ્રાન્ટ ફાળવી,

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૧૪૬૬.૦૦ લાખ |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૩૮૫૬.૧૫ લાખ |

(૨) વર્ષવાર કેટલો ખર્ચ થયો અને કેટલી રકમ ડી–સેગ પાસે જમા રહી,

(૨)

| વર્ષ | ખર્ચ | જમા રકમ |
|---|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ. ૭૮૦.૪૮ લાખ | ૨૧૩૧.૦૬ લાખ (તા. ૩૧–૦૫–૨૦૧૪ અંતિત) |
| ૨૦૧૩–૧૪ | રૂ. ૪૦૧૯.૨૮ | |

(૩) ફાળવેલ ગ્રાન્ટમાં વર્ષવાર કેટલી રકમના ઉચાપતના કિસ્સા ક્યારે બન્યા,

(૩) ઉચાપતનો કિસ્સો બનેલ નથી

(૪) ઉચાપત થયેલ રકમ પૈકી કેટલી રકમ ડી–સેગમાં પરત જમા થઈ, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૫) ઉચાપત કરનાર કોણ હતા સરકારે તેમની સામે શાં પગલાં ભર્યા ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૩૪ **શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને

(૧) ૧૭૪૫

(૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ?

(૨) રૂ. ૩૪,૯૦,૦૦૦/–

---------

**જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૧૯૧ **શ્રી અરવિંદભાઈ કે. લાડાણી(કેશોદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં જુનાગઢ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૫ અને ૧૪ અરજીઓ મળી કૂલ ૧૯ અરજીઓ મંજુર કરી.

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કૂલ રૂ. ૫.૩૬ લાખ

---------

**પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૨૬૦ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? | (૨) ૯૦ (નેવું) |

---------

**પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૨૨૮ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં પંચમહાલ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૦૨ અને ૧૦ અરજીઓ મળી કૂલ ૧૨ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કૂલ રૂા. ૪.૧૯ લાખ |

---------

**ડાંગ જિલ્લામાં ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૧૭૧ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૧ કોલેજ |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૧૮૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીપ્લોમાં ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે. | (૩) કુલ ભરાયેલ બેઠકો ૧૭૧<br>ખાલી બેઠકો ૯ |

---------

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શાળાદીઠ શૌચાલયો**

૧૨૦૨૫ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો શાળાદીઠ બનાવવામાં આવ્યા, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર શાળાદીઠ બનાવવામાં આવેલ શૌચાલયોની વિગત નીચે મુજબ છે. |

| તાલુકો | શાળાની સંખ્યા | બનાવવામાં આવેલ શૌચાલયોની સંખ્યા |
|---|---|---|
| વલસાડ | ૭૩ | ૮૩ |
| પારડી | ૫૦ | ૫૮ |
| ઉમરગામ | ૫૦ | ૬૧ |
| ધરમપુર | ૮૮ | ૯૧ |
| કપરાડા | ૧૨૨ | ૧૪૩ |

(૨) તેની પાછળ ખર્ચ કેટલો થયો, | (૨) રૂા. ૫૩૫.૯૯ લાખ

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા શૌચાલયો બનાવવાના બાકી છે, અને | (૩) એકપણ નહીં

(૪) કેટલા સમયમાં તે બનાવવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિના પશુપાલકોને દૂધાળા પશુઓ ખરીદવા સહાય**

૧૨૭૨૨ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિના કેટલા પશુપાલકોને છેલ્લા બે વર્ષમાં દૂધાળા પશુઓ ખરીદવા તાલુકાવાર સહાય ચૂકવવામાં આવી,

(૧)

| **તાલુકા** | **પશુપાલકોની સંખ્યા** | **સહાયની રકમ** |
|---|---|---|
| ભિલોડા | ૧૯૩ | રૂા. ૭૦.૨૭ લાખ |
| મેઘરજ | ૭૨૦ | રૂા. ૨૬૬.૭૫ લાખ |

(૨) અને તે પાછળ વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨)

| ખર્ચ (રૂા. લાખમાં) | | |
|---|---|---|
| **વર્ષ** | **ભિલોડા** | **મેઘરજ** |
| ૨૦૧૨–૧૩ | ૧૦.૨૫ | ૧૯૮.૫૪ |
| ૨૦૧૩–૧૪ | ૬૦.૦૨ | ૬૮.૨૦ |

(૩) આ પશુઓ કઈ સંસ્થા દ્વારા આપવામાં આવ્યા ? | (૩) સાબર ડેરી હિંમતનગર

---------

**વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૨૨૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં વલસાડ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં અનુક્રમે ૦૨ અને ૪૪ અરજીઓ મળી કૂલ ૪૬ અરજીઓ મંજુર કરી.

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કૂલ રૂા. ૧૫.૪૭ લાખ

---------

**રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓ એક ઓરડામાં બેસાડવા અંગે**

૧૨૨૮૩ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) હા

(૨) જો હા તો, તમામ ધોરણના વિદ્યાર્થીઓ અલગ–અલગ ઓરડામાં બેસી શકે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માંગે છે કે કેમ, અને | (૨) હા, જી. આર.ટી.ઈ.ની જોગવાઈઓ મુજબ

(૩) નવા ઓરડાઓ બાંધવા સરકારે શું આયોજન કરેલ છે? | (૩) તબક્કાવાર બાંધવાનું આયોજન છે.

---------

**ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને દૂધાળા પશુ ખરીદી માટે લોન**

૧૨૨૫૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધાળા પશુ ખરીદી માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ભરૂચ જિલ્લામાં કેટલા આદિજાતિના લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૧૪૯ |
| (૩) તે પાછળ કેટલી રકમ લોન પેટે આપવામાં આવેલ છે? | (૩) રૂ. ૨૯.૮૦ લાખ. |

---------

**ભાવનગર જિલ્લામાં વિજળીની સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓ**

૧૨૨૧૭ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૧૧૭૧ શાળાઓમાં. |
| (૨) કેટલી શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) એક પણ નહીં. |
| (૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે અરજીઓ**

૧૨૨૦૮ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ માટે કેટલી અરજીઓ મળી?

**જવાબ**

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| વલસાડ | ૦૧ |
| ધમરપુર | ૦૩ |
| પારડી | ૦૩ |
| વાપી | ૦૨ |

---------

**સિધ્ધપુર અને પાટણ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૧૨૧૯૯ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાના સિધ્ધપુર અને પાટણ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સિધ્ધપુર અને પાટણ તાલુકામાં અનુક્રમે ૦.૮૩ લાખ અને ૦.૮૪ લાખ મળી કુલ ૧.૬૭ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૭૨.૪૩ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૧૨૧૭૫ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૮૫૧.

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી, અને | (૨) ૨૨૩.

(૩) સામાન્ય પ્રવાહની કેટલી ? | (૩) ૬૨૮.

---------

**સંતરામપુર કડાણા અને ખાનપુર તાલુકામાં પ્રાથમિક વિભાગમાં શિક્ષકોનું મંજુર મહેકમ**

૧૨૨૯૪ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર કડાણા અને ખાનપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ગણિત-વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકોની મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| વિષય | સંતરામપુર | કડાણા | ખાનપુર | કુલ |
|---|---|---|---|---|
| | મંજુર મહેકમ | મંજુર મહેકમ | મંજુર મહેકમ | |
| ગણિત વિજ્ઞાન | ૧૭૦ | ૮૪ | ૬૫ | ૩૧૯ |

(૨) મંજૂર થયેલી જગ્યા સામે ભરાયેલી જગ્યા કેટલી અને ખાલી જગ્યા કેટલી છે,

(૨)

| વિષય | સંતરામપુર | | કડાણા | | ખાનપુર | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલી | ખાલી | ભરાયેલી | ખાલી | ભરાયેલી | ખાલી |
| ગણિત વિજ્ઞાન | ૩૭ | ૧૩૩ | ૨૭ | ૫૭ | ૩૯ | ૨૬ |

(૩) ખાલી જગ્યા રહેવાના શાં કારણો છે, અને | (૩) વિદ્યાર્થી-શિક્ષકના ધોરણો બદલાવવાના કારણે.

(૪) ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે. | (૪) ભરતી કેલેન્ડર પ્રમાણે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે.

---------

**નવસારી જિલ્લામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ**

૧૨૧૬૪ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૬૫૩

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૩૮૨.૪૯ લાખ.

---------

**આણંદ તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૧૨૧૯૭ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું આવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૮૮,૦૦૦ રોપાનું વાવેતર કરેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૨૯.૩૬ લાખ.

---------

**જૂનાગઢ જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૧૭૭ **શ્રી જેઠાભાઇ દા. સોલંકી(કોડીનાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૦૪ કોલેજો. |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૧૭૪૦ બેઠકો. |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે. | (૩) કુલ ભરાયેલ બેઠકો ૧૨૯૩<br>ખાલી બેઠકો ૪૪૭ |

---------

**શિહોર અને ગારીયાધાર તાલુકામાં બી. પી.એલ. કાર્ડ**

૧૨૨૫૨ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના શિહોર અને ગારીયાધાર તાલુકામાં તા. ૩૧–૧૨–૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧૨–૧૩ અંતિત છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ૫૧૦ અને ગારીયાધાર તાલુકામાં ૦ (શૂન્ય) બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવ્યા. |
| (૨) કેટલા બી.પી.એલ. કાર્ડ કાઢી આપવાના બાકી છે? | (૨) ભાવનગર જિલ્લાના શિહોર તાલુકામાં ૨૨૫ અને ગારીયાધાર તાલુકામાં ૦ (શૂન્ય) બી.પી.એલ. કાર્ડ કાઢી આપવાના બાકી છે. |

---------

**નવસારી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૦૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી જિલ્લામાં વર્ષઃ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૬૬૨ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૧૩,૨૪,૦૦૦/– |

---------

**કચ્છ–ભૂજ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૧૫૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ–ભૂજ જિલ્લામાં વર્ષઃ૨૦૧૩–૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૬૫૩૭ |
| (૨) તે જિલ્લામાં કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૧,૩૦,૭૪૦/– |

---------

**જામનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૧૯૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં જામનગર જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૦૧ અને ૧૨ અરજીઓ મળી કુલ ૧૩ અરજીઓ મંજૂર કરી. |

પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ. ૩.૫૬ લાખ.

---------

**રોઝ–ભૂંડ અને વન્ય પ્રાણીઓ દ્વારા ખેતી પાકોને નુકસાન**

૧૨૮૧૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧– મે ૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં રોઝ–ભૂંડ અને વન્ય પ્રાણીઓ દ્વારા ખેતી પાકોને થતા નુકસાનને અટકાવવા શું આયોજન કરેલ છે ?

**જવાબ**

નીચે મુજબ આયોજન કરેલ છે.

૧. ખેડૂતોના પાકને રક્ષણ માટે સરકારશ્રી દ્વારા ખેડૂતોના ખેતર ફરતે કાંટાળા તારની વાડ માટે થનાર ખર્ચના ૫૦% સહાય આપવાની યોજના અમલમાં છે.

૨. જે વિસ્તારમાં રોઝનો ત્રાસ વધુ હોય તેવા વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ્ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણુંક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

---------

**ખેડા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને રેશનકાર્ડ**

૧૨૬૫૭ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કેટલા પરિવારોને રેશનકાર્ડ અપાયેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુલઃ ૩૨૮૯૪ પરિવારોને રેશનકાર્ડ અપાયેલા છે.
તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને અપાયેલ બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|
| કઠલાલ | ૬૬૨૮ |
| કપડવંજ | ૩૪૧૭ |
| ખેડા | ૨૪૮ |
| ગલતેશ્વર | ૫૯૨ |
| ઠાસરા | ૧૬૫૮ |
| નડીયાદ | ૫૮૫૫ |
| નડીયાદ સીટી | ૪૨૨ |
| મહુધા | ૩૫ |
| મહેમદાવાદ | ૧૨૧૯૯ |
| માતર | ૪૨૩ |
| વસો | ૧૪૧૭ |
| **કુલઃ** | **૩૨૮૯૪** |

(૨) તે અન્વયે માસિક કેટલું અનાજ આપવામાં આવે છે, અને

(૨) અંત્યોદય અને બીપીએલ રેશનકાર્ડ ધારકોને માસિક કાર્ડદીઠ ૩૫ કિલો અનાજ આપવામાં આવે છે.

(૩) અનાજના અપૂરતા જથ્થાને કારણે કાર્ડધારકોને પુરતું અનાજ નથી મળતુ તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૩) નિયત વિતરણ પ્રમાણ મુજબ કાર્ડધારકોને પુરતો જથ્થો વિતરણ કરવામાં આવે છે તેથી પગલા લેવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**ડાંગ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો-૮ શરુ કરવા અંગે**

૧૨૨૧૦ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધો-૮ શરુ કરવામાં આવેલ છે, | (૧) ૧૨૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણુંક કરવામાં આવી છે, અને | (૨) |

| વર્ષ | વિદ્યાસહાયકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨-૧૩ | ૮૪ |
| ૨૦૧૩-૧૪ | ૪૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે ? | (૩) |

| વિષય | વિદ્યાસહાયકોની સંખ્યા |
|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૪૭ |
| સામાજીક વિજ્ઞાન | ૫૭ |
| ભાષા | ૨૩ |

---------

**મહેસાણા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**

૧૨૨૨૦ **શ્રી ભરતસિંહજી ચં. ડાભી(ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ અંતિત મહેસાણા જિલ્લામાં કેટલી કસ્તુરબા ગાંધી વિદ્યાલય ચાલે છે, | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કુલ કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૧૫૦ |
| (૩) તે કયા વય જૂથની વિદ્યાર્થીનીઓ છે ? | (૩) ૧૦ થી ૧૬ વર્ષ |

---------

**નવસારી જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૨૪૧ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૪(ચાર) |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૩૩૭ (ત્રણ સો સાડત્રીસ) |

---------

**વિદ્યાસહાયકોને ફીક્સ પગારને બદલે પુરો પગાર મળે તે માટે રાજ્ય સરકારે વકીલો પાછળ કરેલ ખર્ચ**

૧૨૦૧૦ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદ્યાસહાયકોને ફીક્સ પગારને બદલે પુરો પગાર મળે તે માટે રાજ્ય સરકારે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ વકીલો પાછળ કર્યો, અને | (૧) શિક્ષણ વિભાગ દ્વાર ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૨) કરવામાં આવેલ ખર્ચ હાઇકોર્ટમાં કેસ પેટે કેટલી રકમ ચૂકવી અને સુપ્રિમ કોર્ટમાં કેસ પેટે કેટલી રકમ ચૂકવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૨૮૭૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ બે કે વધારે વર્ષથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સામેલ **પત્રક–૧** અને **૨** મુજબ

(૨)

| **જિલ્લો–આણંદ** | |
|---|---|
| માધ્યમિક | ૪૭ |
| ઉચ્ચતર માધ્યમિક | ૩૧૦ |
| **જિલ્લો–ખેડા** | |
| માધ્યમિક | ૯૩ |
| ઉચ્ચતર માધ્યમિક | ૨૨ |

(૩) જેમ બને તેમ જલ્દી.

**પત્રક–૧**

**આણંદ જિલ્લામાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

| **સંવર્ગનું નામ** | **મંજૂર મહેકમ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| **માધ્યમિક વિભાગ** | | |
| વર્ગ–૪ | ૮૭ | ૧૦ |
| જુનિયર કારકુન | ૧૧૩ | ૨૫ |
| શ્રેયાન કારકુન | ૩૩ | ૦૬ |
| મુખ્ય કારકુન | ૦૭ | ૦૨ |
| ઓ.એસ. | ૦૩ | ૦૧ |
| શિક્ષક | ૨૨૩૩ | ૧૩૪ |
| **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** | | |
| પટાવાળા+લેબ પ્યુન | ૬૫ | ૧૨ |
| ગ્રંથપાલ | ૩૦ | ૦૯ |
| લેબ.કો.ઓર્ડીનેટર | ૫૨ | ૧૧ |
| શિક્ષક | ૧૦૭૦ | ૩૨૯ |

**પત્રક–૨**

**ખેડા જિલ્લામાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

| **સંવર્ગનું નામ** | **મંજૂર મહેકમ** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| **માધ્યમિક વિભાગ** | | |
| વર્ગ–૪ | ૧૧૯ | ૦૨ |
| જુનિયર કારકુન | ૧૨૬ | ૩૪ |
| શ્રેયાન કારકુન | ૪૩ | ૦૬ |
| મુખ્ય કારકુન | ૦૮ | ૦૦ |
| ઓ.એસ. | ૦૦ | ૦૦ |
| શિક્ષક | ૮૫૨ | ૧૫૪ |
| **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** | | |
| વર્ગ–૪ | ૧૮ | ૨૦ |
| ગ્રંથપાલ | ૩૬ | ૦૨ |

| | | |
|---|---|---|
| લેબ.કો.ઓર્ડીનેટર+શિક્ષક | ૫૬૧ | ૨૧૩ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૨૦૬ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૬ કોલેજો |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમા ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૨૪૦૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમા ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૧૫૬૮<br>ખાલી બેઠકો ૮૩૨ |

---------

**દાહોદ અને દેવગઢ બારીયા તાલુકાઓમાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર**

૧૨૨૨૫ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ દાહોદ અને દેવગઢ બારીયા તાલુકાઓમાં તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં દાહોદ અને દેવગઢ તાલુકામાં અનુક્રમે ૫૪૯.૪૫ હેક્ટર અને ૫૮૩ હેક્ટર મળી કૂલ ૧૧૩૨.૪૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કૂલ રૂ.૪૫૦.૪૧ લાખ. |

---------

**પાટણ જિલ્લામાં ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૨૦૫ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) ૩ કોલેજો |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૧૮૬૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩–૧૪ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીપ્લોમાં ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૧૫૪૯<br>ખાલી બેઠકો ૩૧૧ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ**

૧૨૪૭૯ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ કેટલી છે, | (૧) ૨૮૩૮ |
| (૨) આ ઘટ પુરવા સરકાર તરફથી કોઇ કાર્યવાહી થઇ હોય તો તેવી કાર્યવાહીની વિગતો શી છે, અને | (૨) ૭૭ શિક્ષકોની ભરતી કરેલ છે. |
| (૩) જો કોઇ કાર્યવાહી થયેલ ન હોય તો તેનાં શાં કારણો છે ? | (૩) તબક્કાવાર ભરતી કરવામાં આવશે. |

---------

**ગરબાડા તાલુકામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારો દ્વારા ખાંડનો જથ્થો ન ફાળવવા અંગે**

૧૨૦૧૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં પંડિત દીન દયાળ ગ્રાહક ભંડારોમાં ૨૦૧૪ માં એપ્રિલ, મે અને જુન માસમાં માસવાર ખાંડનો જથ્થો ફાળવેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) આ હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો આ ખાંડનો જથ્થો નહીં ફાળવવાના કારણો શાં છે અને કેટલા સમયમાં આ જથ્થો ફાળવવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**321/p a g e > અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કુપન સિસ્ટમ**

૧૨૩૦૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કુપન સિસ્ટમ દાખલ કરવામાં આવેલ છે, પરંતુ કોમ્પ્યુટર નેટવર્ક બધી જગ્યાએ ચાલતું નથી, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કોઇ સુધારો સરકાર કરવા માંગે છે કે કેમ ? | (૨) રાજ્યમાં કુડકૂપનના આધારે કાર્ડ ધારકોને જથ્થો વિતરણ કરવામાં પડતી મુશ્કેલી દૂર કરવા માટે નીચે મુજબનાં પગલા લેવામાં આવેલ છે.<br>(૧) ગામમાંથી/તેમના વિસ્તારમાંથી બારકોડેડ કુડકૂપન મળે તે માટે કોઇપણ લેપટોપ ધરાવતી વ્યકિત રજીસ્ટ્રેશન કરાવે તો તેમને બારકોડેડ કુડકૂપન ઇસ્યુ કરવા અધિકૃત કરવામાં આવે છે.<br>(૨) કનેક્ટીવીટી હોય તેમજ ઇ–ગ્રામ કાર્યરત હોય અને ૮૦% થી વધુ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ ત્યાં જ કુડ કુપનથી જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.<br>(૩) કોઇ કારણસર કુપન ના નીકળી શકે તેવા કિસ્સાઓમાં મહિનાની ૨૦ તારીખ પછી કુપન વગર પણ વિતરણની વ્યવસ્થા અને મંજૂરી આપેલ છે.<br>(૪) કનેક્ટીવીટી અને ફિંગરપ્રિન્ટના પ્રશ્નોને ધ્યાને લઇ કુડકુપન પધ્ધતિથી વિતરણ કરવામાંથી કલેક્ટરશ્રી મુક્તિ આપી શકે છે.<br>(૫) ઇન્ટરનેટ કનેક્ટીવીટી તથા ઇ–ગ્રામ વ્યવસ્થા નથી ત્યાં હેન્ડ હેલ્ડ ટર્મીનલ યાંત્રિક ઉપકરણ વાજબીભાવના દુકાન સંચાલકો વસાવે તે બાબત વિચારણામાં છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની કોલેજો**

૧૨૨૦૪ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૩ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, | (૧) ૦૩ કોલેજો |

અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે,

| | |
|---|---|
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીગ્રી ઇજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૧૦૮૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઇ અને કેટલી ડીગ્રી ઇજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૮૧૬<br>ખાલી બેઠકો ૨૬૪ |

---------

**પાટણ જિલ્લાના ખેડૂતોના ઉભા પાકને જંગલી પ્રાણીઓથી રક્ષણ માટે ખેતરની આજુબાજુ વાયર ફેન્સીંગ કરવા માટેની અરજીઓ**

૧૨૪૫૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના ખેડૂતોને ઉભા પાકને જંગલી પ્રાણીઓથી બચાવવા ખેતરની આજુબાજુ વાયર ફેન્સીંગ કરવા માટે કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૮૯ |
| (૨) કુલ કેટલી અરજીઓ ક્યા કારણોસર પેન્ડીંગ રહી ? | (૨) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ કુલ ૪૩૭ અરજીઓ પેન્ડીંગ છે જે કામગીરી અગ્રતાક્રમ પ્રમાણે તેમજ ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદામાં કરવાની હોય તેવા કારણોસર પેન્ડીંગ છે. |

---------

**પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૩૫૯ **શ્રી જસાભાઇ ભા. બારડ(સોમનાથ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં પોરબંદર જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં અનુક્રમે ૦૬ અને ૦૯ અરજીઓ મળી કૂલ ૧૫ અરજીઓ મંજુર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કૂલ રૂ.૫.૨૩ લાખ. |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૩૪૩ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, | (૧) બનાસકાંઠા-૧(એક)<br>સાબરકાંઠા-૨(બે) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ? | (૨) બનાસકાંઠા-૩૩<br>સાબરકાંઠા-૧૬૧ |

---------

**વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં માઇક્રો ડેવલપમેન્ટ સમિતિઓ**

૧૨૭૫૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં વન વિભાગ દ્વારા માઇક્રો ડેવલપમેન્ટ સમિતિઓ કેટલી આવેલ છે, | (૧) કોઈ માઈક્રો ડેવલપમેન્ટ સમિતિ આવેલ નથી. |
| (૨) સરકારની યોજના અન્વયે આ સમિતિને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અને કેટલો ખર્ચ થયો?

---------

**તાપી જિલ્લામાં હળપતિ જાતિઓની છ પાયાની સુવિધાઓ**

૧૨૨૪૭ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં હળપતિ જાતિની છ પાયાની સુવિધાઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૨૬.૮૩ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તમામ ગ્રાન્ટ અમલીકરણ કચેરીઓના હવાલે ફાળવી આપેલ છે તે પૈકી રૂ.૯.૯૨ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓનું મંજૂર મહેકમ**

૧૨૭૭૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ આદર્શ નિવાસી શાળાઓ તથા એકલવ્ય શાળાઓનું કેટલું શૈક્ષણિક સ્ટાફનું મહેકમ મંજૂર થયેલ છે. | (૧) આદર્શ નિવાસી શાળામાં ૨૫ (પચીસ) અને એકલવ્ય શાળામાં ૭ (સાત) |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ભરેલી છે | (૨) આદર્શ નિવાસી શાળામાં ૧૯ (ઓગણીસ) અને એકલવ્ય શાળામાં ૪ (ચાર) |
| (૩) કેટલી જગ્યાઓ ખાલી છે અને તેના શાં કારણો છે, અને | (૩) ૯ (નવ), વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી પડેલ છે, જે ભરવાની બાકી છે. |
| (૪) આ તમામ ખાલી જગ્યા કયાં સુધી ભરવામાં આવનાર છે? | (૪) બનતી ત્વરાએ. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને દૂધાળા પશુ ખરીદી માટે લોન**

૧૨૨૫૫ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધાળા પશુ ખરીદી માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં સાબરકાંઠા જિલ્લામાં કેટલા આદિજાતિના લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૨૨૯ |
| (૩) તે પાછળ કેટલી રકમ લોન પેટે આપવામાં આવેલ છે? | (૩) રૂ. ૪૫.૭૭ લાખ |

---------

**કન્યાઓને કોલેજ સુધીનું શિક્ષણ મફત આપવા બાબત**

૧૨૮૩૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આટર્સ અને કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને કોલેજ સુધીનું શિક્ષણ મફત આપવાની યોજના તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ અમલમાં છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો જામનગર જિલ્લાના કાલાવડ ખાતેની આટર્સ અને કોમર્સ કોલેજની ગ્રાન્ટેડ કોલેજમાં અભ્યાસ કરતી કન્યાઓને મળવાપાત્ર અનુદાનની કેટલી રકમ મે-૨૦૧૪ની સ્થિતિએ સરકાર દ્વારા ચૂકવવાની બાકી છે, અને | (૨) શૂન્ય |
| (૩) આ બાકી રકમ કયાં સુધીમાં કોલેજને અનુદાન પેટે ચૂકવવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભરુચ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૭૨ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરુચ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૬૫ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે? | (૨) રૂા. ૯,૩૦,૦૦૦/- |

---------

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગુજકેટની પરીક્ષા માટે તાલીમ**

૧૨૩૪૧ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દાહોદ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને ઉક્ત યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૨૩૬ (બસો છત્રીસ) |

---------

**નર્મદા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૨૫૮ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૧ (એક) |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૧૨૨ (એકસો બાવીસ) |

---------

**કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વાંસદા અને નવસારી તાલુકામાં આદિજાતિ કન્યાઓને લાભ**

૧૨૨૬૩ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વાંસદા અને નવસારી તાલુકામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) વાંસદા - ૪૮૩<br>નવસારી - ૩૬ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૫૧.૯૦ લાખ |

---------

**મહેસાણા જિલ્લામાં જ્ઞાનપ્રજ્ઞા કાર્યક્રમ હેઠળ શાળાઓમાં બાળકોને શિક્ષણ**

૧૨૨૩૭ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સર્વશિક્ષા અભિયાન અન્વયેના પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન–પ્રજ્ઞા કાર્યક્રમ હેઠળ વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કેટલી શાળાઓમાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે, | (૧) ૪૫૧ |
| (૨) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને શિક્ષણ આપવામાં આવ્યું, અને | (૨) ૪૦૮૧૦ |
| (૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ કેટલા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો? | (૩) ધોરણ–૧–૨ અને ધોરણ ૩–૪નો સમાવેશ કરવામાં આવ્યો. |

---------

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો–૮ શરૂ કરવા અંગે**

૧૨૨૩૬ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ શરુ કરવામાં આવેલ છે,

(૧) ૩૦૫

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી છે, અને

(૨)

| વર્ષ | વિદ્યાસહાયકોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૧૪૧ |
| ૨૦૧૩–૧૪ | ૧૪૯ |
| **કુલ** | **૨૯૦** |

(૩) તેમાં વિષયવાર કેટલા વિદ્યાસહાયકો છે ?

(૩)

| વિષય | સંખ્યા |
|---|---|
| ગણિત વિજ્ઞાન | ૧૪૯ |
| સામાજિક વિજ્ઞાન | ૧૧૦ |
| ભાષા | ૩૧ |

---------

**ઉના, ગીર ગઢડા–કોડીનાર તાલુકામાં સ્ટોન અને લાઇમ સ્ટોન કેશર કાયદેસર અને ગેરકાયદેસર**

૧૨૭૫૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૨૦–૬–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના ઉના ગીરગઢડા કોડીનાર તાલુકાના ગીર અભ્યારણ્ય વિસ્તારમાં ૫ કી.મી. ની અંદર અને ૧૦ કી.મી. ની અંદર કેટલા સ્ટોન કેશર (ભરડીયા) અને કેટલી કવોરી લીઝો (લાઇમસ્ટોન) અન્વયે કેટલી કાયદેસર અને કેટલી ગેરકાયદેસર આવેલ છે, અને | (૧) ગીર અભ્યારણ્ય વિસ્તારમાં કોઈ સ્ટોન ક્રશર (ભરડીયા) અને કવોરી લીઝો (લાઇમસ્ટોન) આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્ટોન કેશર અને લાઇમસ્ટોન કાયદેસર અને ગેરકાયદેસરને બંધ કરાવવા કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જામનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજૂરી**

૧૨૩૫૬ **શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ(ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની મંજૂરી આપવામાં આવી ?

| | |
|---|---|
| માધ્યમિક શાળાઓ | – ૧૭ |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | – ૧૧ |
| **કુલ** | **– ૨૮** |

---------

**નવસારી જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન**

૧૨૩૪૦ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આદિજાતિ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો નવસારી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૧ (એક) |
| (૩) તે પાછળ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી છે ? | (૩) રૂ.૧૦.૦૦ લાખની લોન આપવામાં આવેલ છે. |

---------

**દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ**

૧૨૨૪૩ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૭૪૪.૧૪ લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ? | (૨) ૧,૧૦,૦૦૫ |

---------

**પોરબંદર જિલ્લામાં ડિપ્લોમાં ઈજનેર અભ્યાસક્રમની કોલેજો**

૧૨૩૫૫ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં કુલ કેટલી ડીપ્લોમાં ઇજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે. | (૧) ૧ કોલેજ |
| (૨) આ કોલેજોની મંજૂર થયેલ ડીપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, અને | (૨) ૬૩૦ બેઠકો |
| (૩) તે પૈકી સન ૨૦૧૩ની પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ અને કેટલી ડીપ્લોમાં ઈજનેરી બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૩) કુલ ભરાયેલ બેઠકો ૬૨૧<br>ખાલી બેઠકો ૯ |

---------

**દાહોદ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોથી બી.પી.એલ. કાર્ડ ધારકોને ખાંડ અને કેરોસીન ન મળવા અંગે**

૧૨૭૨૭ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા છ | (૧) આ હકીકત સાચી નથી. |

મહિનામાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર ગામોમાં સસ્તા અનાજની દુકાનો ઉપરથી બી.પી.એલ. કાર્ડ ધારકોને ખાંડ મળેલ નથી તેમજ કેરોસીન અપૂરતું મળેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, ખાંડનો જથ્થો નહીં ફાળવવાના કારણો શાં છે અને કેરોસીન પૂરતા પ્રમાણમાં મળે તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૨૫૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ? | (૨) ૧૮૦ (એક સો એંસી) |

---------

**કંપનીઓ દ્વારા મુંદ્રા ખાતે આવેલ વન વિભાગની જમીનની માગણી**

૧૨૮૫૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના મુંદ્રા ખાતે આવેલ વન વિભાગની જમીનની માગણી કઈ કંપનીઓ દ્વારા કરવામાં આવી, અને | (૧) તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના મુંદ્રા ખાતે કંપનીઓ તરફથી વન વિભાગની જમીનની કોઈ માંગણી કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે કઈ કંપનીને કેટલી જમીન શાં ભાવે આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નર્મદા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૭૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૪૧૬૩ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) ૩.૮૩,૨૬,૦૦૦/– |

---------

**પોરબંદર જિલ્લામાં માધ્યમિક શાળાઓની વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૩૫૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં સન ૨૦૧૩ ના વર્ષમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ માધ્યમિક શાળાઓમાં કેટલી વિદ્યાર્થીનીઓને બોન્ડ આપવામાં આવ્યા, અને | (૧) ૩૩૨ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા ? | (૨) ૩.૬,૬૪,૦૦૦/- |

---------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ**

૧૨૩૫૪ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩ માં પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૧) ૩૬૫૭૨ |
| (૨) નામાંકન વધે તે માટે સરકારે શાં પ્રયાસ કરેલ છે ? | (૨) દરેક ગામમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરેલ છે, વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના, કન્યાઓ માટે અલગ સેનીટિશનની વ્યવસ્થા ઉભી કરેલ છે તેમજ શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવામાં આવેલ છે. |

−−−−−−−−−

**આણંદ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ**

૧૨૦૦૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા.૩૧−૫−૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ મળી,અને

**જવાબ**

(૧) તા.૩૧−૫−૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટે ૨૭૫૨૨ અરજીઓ મળેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **કુલ** |
|---|---|---|
| ૧ | આંકલાવ | ૮૦૮ |
| ૨ | આણંદ | ૫૦૪૧ |
| ૩ | આણંદ શહેર | ૩૮૫૬ |
| ૪ | ઉમરેઠ | ૪૧૪૨ |
| ૫ | ખંભાત | ૬૩૬૨ |
| ૬ | તારાપુર | ૮૧૬ |
| ૭ | પેટલાદ | ૨૫૧૩ |
| ૮ | બોરસદ | ૩૨૭૯ |
| ૯ | સોજીત્રા | ૭૦૫ |
| | **કુલ** | **૨૭૫૨૨** |

(૨) તે અન્વયે કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા?

(૨) તે અન્વયે ૨૪૦૩૨ નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **કુલ** |
|---|---|---|
| ૧ | આંકલાવ | ૭૪૦ |
| ૨ | આણંદ | ૪૨૯૧ |
| ૩ | આણંદ શહેર | ૩૩૬૮ |
| ૪ | ઉમરેઠ | ૩૯૩૮ |
| ૫ | ખંભાત | ૫૦૬૮ |
| ૬ | તારાપુર | ૭૩૫ |
| ૭ | પેટલાદ | ૨૨૦૯ |
| ૮ | બોરસદ | ૩૦૩૮ |
| ૯ | સોજીત્રા | ૬૪૫ |
| | **કુલ** | **૨૪૦૩૨** |

−−−−−−−−−

**બાલાશિનોર અને વિરપુર તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ આપવા અંગે**

૧૨૧૪૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ બાલાશિનોર અને વિરપુર તાલુકામાં કેટલા રેશનકાર્ડ કાર્ડધારકોને બારકોડેડ આપવામાં આવ્યા,

(૨) જો આ બારકોડેડ રેશનકાર્ડ હજી સુધી ન અપાતા હોય તો તેના ક્યા કારણો છે, અને

(૩) બાકી તમામ કાર્ડધારકોને કેટલા સમય સુધીમાં આવા કાર્ડ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૧૪ ની સ્થિતિએ આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ–
બાલાશિનોર–૨૪૬૯૭
વિરપુર–૧૮૩૫૧

(૨) નીચે દર્શાવેલ કારણોસર પડતર છે.
૧. અરજીમાં અપૂરતી વિગતો હોય તો
૨. જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં આવ્યા ન હોય તો,
૩. અરજદાર દ્વારા બાયોમેટ્રીકસ અને ફોટા આપવામાં આવ્યા ન હોય તો,

(૩) વિતરણ પ્રક્રિયા સતત ચાલુ છે.
ખંડ–૨ માં દર્શાવેલ કારણોની પૂર્તતા થયેથી બનતી ત્વરાએ કાર્ડ આપવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડની ફાળવણી**

૧૨૮૮૧ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા બારકોડેડ રેશનકાર્ડની ફાળવણી કરવામાં આવેલ છે, અને કેટલા ફાળવવાના બાકી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૫–૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ તથા આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ | આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
|---|---|---|
| ઉંઝા | ૩૮૭૫૫ | ૧૩૭૨ |
| કડી | ૭૦૫૭૬ | ૨૦૮૯ |
| ખેરાલુ | ૨૯૦૧૯ | ૧૨૪૯ |
| બેચરાજી | ૨૧૦૧૮ | ૧૦૪૩ |
| મહેસાણા | ૧૦૦૪૫૫ | ૧૭૯૮૬ |
| વડનગર | ૨૯૨૫૦ | ૭૩૭ |
| વિસનગર | ૬૦૦૧૯ | ૧૭૯૩ |
| વીજાપુર | ૫૮૨૬૬ | ૨૫૯૫ |
| સતલાસણા | ૧૮૫૬૭ | ૭૭૦ |
| **કુલ** | **૪૨૫૯૨૫** | **૨૯૬૩૪** |

(૨) ઉક્ત સ્થિતિએ પડતર બારકોડેડ રેશનકાર્ડની ફાળવણીમાં વિલંબ થવાના કારણો શાં છે, અને આ વિલંબ નિવારવા માટે શાં પગલાં ભરવામાં આવશે, અને

(૨) પડતર બારકોડેડ રેશનકાર્ડની ફાળવણીમાં વિલંબ થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.
૧. અરજીમાં અપૂરતી વિગતો હોય,
૨. જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં આવ્યા ન હોય,
૩. અરજદાર દ્વારા બાયોમેટ્રીકસ અને ફોટા આપવામાં આવ્યા ન હોય,
ઉક્ત બાબતોની અરજદાર તરફથી પુર્તતા થયેથી બનતી ત્વરાએ બાકી બારકોડેડ રેશનકાર્ડ આપવા સ્થાનિક તંત્ર વારંવાર સમીક્ષા કરે છે અને જરૂરી વ્યવસ્થા તંત્ર ગોઠવેલ છે.

(૩) ઉપરોક્ત સ્થિતિએ ફાળવેલ બારકોડેડ રેશનકાર્ડની ક્ષતિ અંગેની કુલ કેટલી ફરિયાદો મળેલ છે. અને નિવારવા માટે શાં પગલાં ભરવામાં આવશે ?

(૩) ફાળવેલ બારકોડેડ રેશનકાર્ડમાં ક્ષતિ સુધારવા માટેની ૩૨૫૬૧ અરજીઓ મળેલ છે. તે પૈકી ૩૨૩૩૦ અરજીઓમાં ભૂલો/ક્ષતિ સુધારી નિકાલ કરેલ છે. ભૂલો અને

ખામીઓ વાળા રેશનકાર્ડ વિનામૂલ્યે સુધારી આપવામાં આવે છે.

---------

**જામનગર અને દ્વારકા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની ઘટ**

૧૨૦૧૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો દરેક ગામમાં કે વોર્ડમાં નથી તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો આ દુકાનો દરેક ગામમાં ન હોય તો ક્યા ગામોમાં નથી અને તેના કારણો શાં છે, અને | (૨) જામનગર જિલ્લામાં કુલ ૧૫૮ ગામોમાં સસ્તા અનાજની દુકાનો નથી. જેનું તાલુકા/ગામવાર યાદી તથા દુકાન ન હોવાના કારણો સહિતનું **પત્રક–૧** આ સાથે સામેલ છે.<br>દ્વારકા જિલ્લામાં કુલ ૭૪ ગામોમાં સસ્તા અનાજની દુકાનો નથી. જેનું તાલુકા/ગામવાર યાદી તથા દુકાન ન હોવાના કારણો સહિતનું **પત્રક–૨** આ સાથે સામેલ છે.<br>વાજબી ભાવની દુકાનો મંજુર ન કરવાના કારણો નીચે મુજબ છે.<br>(૧) ગ્રામ્ય વિસ્તારમાં દર ૨૦૦૦ ની જનસંખ્યા કરતા ઓછી સંખ્યા હોવાથી.<br>(૨) ગામ અને દુકાન વચ્ચેનું અંતર ૩(ત્રણ) કિલોમીટર કરતાં ઓછું હોઇ તેમજ દુકાનની પોષણક્ષમતા જળવાતી ન હોવાને કારણે. |
| (૩) આ દુકાનો ગામદીઠ અને વોર્ડ દીઠ ન હોવાથી લોકોને દુર સુધી જવું પડતું હોવાથી આ દુકાનો દરેક ગામ દીઠ કે વોર્ડ દીઠ ક્યાં સુધીમાં શરુ કરવામાં આવશે ? | (૩) ખંડ(૨) માં જણાવ્યા મુજબ વાજબી ભાવની દુકાનો મંજુર કરવા માટે નિયત વસ્તી, ૩ કિ.મી.નું અંતર અને પોષણક્ષમતા ન હોવાના કારણોસર જે ગામોમાં વાજબી ભાવની દુકાનો શરુ કરી શકાય તેમ નથી તે ગામોના રેશનકાર્ડ ધારકોને જથ્થો લેવા દુર જવું ન પડે તે માટે નજીકના ગામોમાં કાર્યરત વાજબી ભાવની દુકાન સાથે જોડાણ કરી વિતરણ વ્યવસ્થા ગોઠવેલ છે તેથી તે ગામોએ દુકાન ખોલેલ નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પોરબંદર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું વાવેતર**

૧૨૩૬૪ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૧.૩૭ લાખ અને ૦.૯૫ લાખ મળી ૨.૩૨ લાખ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કૂલ રૂ.૧૦૩.૧૯ લાખ. |

---------

**રાજ્યમાં સિંહોના મૃત્યુ**

૧૨૬૯૫ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા સિંહો હતા અને કેટલા કુદરતી, હત્યા અને કુવામાં પડવાથી મૃત્યુ પામ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦ માં સિંહોના છેલ્લા વસ્તી અંદાજ પ્રમાણે રાજ્યમાં કુલ ૪૧૧ સિંહો હતા અને તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ નીચે પ્રમાણે સિંહોના મૃત્યુ નોંધાયેલ છે.

| **અ. નં.** | **સમયગાળો** | **કુદરતી** | **હત્યા** | **કુવામાં પડી જવાથી** |
|---|---|---|---|---|
| ૧. | ૦૧–૦૬–૨૦૧૨ થી ૩૧–૦૫–૨૦૧૩ | ૫૧ | ૦ | ૨ |
| ૨. | ૦૧–૦૬–૨૦૧૩ થી ૩૧–૦૫–૨૦૧૪ | ૫૫ | ૦ | ૨ |
| | **કુલ** | **૧૦૬** | **૦** | **૪** |

(૨) આ સિંહો ક્યા વિસ્તારમાં મૃત્યુ પામ્યા,

(૨) ભાવનગર જિલ્લામાં ૫, અમરેલી જિલ્લામાં ૩૨, જૂનાગઢ જિલ્લામાં ૨૫ અને ગીર સોમનાથ જિલ્લામાં ૪૮ સિંહો મૃત્યુ પામ્યા.

(૩) આ મૃત્યુમાં બાળસિંહ–સિંહણ અને સિંહોની સંખ્યા કેટલી છે, અને

(૩) આ મૃત્યુમાં ૪૭ બાળસિંહ, ૩૨ સિંહણ અને ૩૧ સિંહોનો સમાવેશ થાય છે.

(૪) સિંહોની હત્યા નિવારવા સરકારે શાં પગલાં લીધા છે?

(૪) છેલ્લા બે વર્ષમાં કોઇ સિંહોની હત્યા થયેલ નથી.
સિંહોના સંરક્ષણ માટે તાબાના અધિકારી/કર્મચારીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સઘન ફેરણું, નાઇટ પેટ્રોલીંગ, દંગા ચકાસણી, વીજ ચેકીંગ તથા ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે તેમજ લોક જાગૃતિના કાર્યક્રમ કરવામાં આવે છે.

---------

**ટ્રાયબલ વિસ્તારમાં નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવા બાબત**

૧૨૮૭૩ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીના તથા અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી,

**જવાબ**

(૧) ખેડબ્રહ્મા–૦૨ નોન ગ્રાન્ટેડ શાળાઓ.

(૨) આ માધ્યમિક શાળાઓ પૈકી તાલુકાવાર કેટલી શાળા પોતાના મકાનમાં બેસે છે અને કેટલી ભાડાના મકાનમાં બેસે છે,

(૨) ઉપરોક્ત શાળાઓ પૈકી ૦૧ પોતાના મકાનમાં તથા ૦૧ ભાડાના મકાનમાં બેસે છે.

(૩) જે શાળાઓ ભાડાના મકાનમાં કાર્યરત છે તેના પોતાના મકાનની વ્યવસ્થા કરવા શું આયોજન કરેલ છે, અને

(૩) સ્વનિર્ભર શાળાઓ હોઇ ટ્રસ્ટે મકાનની વ્યવસ્થા કરવાની રહે છે. સરકારે આ અંગે કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૪) ક્યાં સુધીમાં પોતાના મકાનની સુવિધા પૂરી પાડવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ગોધરા તાલુકામાં સામાજિક વનીકરણ હેઠળ રોપાઓનું વાવેતર

૧૨૨૨૭ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં સામાજિક વનીકરણ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૬૧ હેક્ટર અને ૬૭ હેક્ટર મળી કુલ ૧૨૮ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) કૂલ રૂ.૪૪.૯૧ લાખ. |

---------

### રાજયમાં સિંહોના મૃત્યુ

૧૨૬૭૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં કેટલા સિંહો કુદરતી, હત્યા અને કુવામાં પડવાથી મૃત્યુ પામ્યા,

**જવાબ**

(૧) નીચે પ્રમાણે સિંહોના મૃત્યુ નોંધાયેલ છે.

| અ. નં. | સમયગાળો | કુદરતી | હત્યા | કુવામાં પડી જવાથી |
|---|---|---|---|---|
| ૧ | ૦૧–૦૬–૨૦૧૨ થી ૩૧–૦૫–૨૦૧૩ | ૫૧ | ૦ | ૨ |
| ૨ | ૦૧–૦૬–૨૦૧૩ થી ૩૧–૦૫–૨૦૧૪ | ૫૫ | ૦ | ૨ |
| | **કુલ** | **૧૦૬** | **૦** | **૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ મૃત્યુમાં બાળસિંહ–સિંહણ અને સિંહોની સંખ્યા કેટલી છે, અને | (૨) આ મૃત્યુમાં ૪૭ બાળસિંહો, ૩૨ સિંહણ અને ૩૧ સિંહોનો સમાવેશ થાય છે. |
| (૩) સિંહોની આ હત્યા નિવારવા સરાકારે શાં પગલાં લીધા છે? | (૩) છેલ્લા બે વર્ષમાં કોઇ સિંહોની હત્યા થયેલ નથી. સિંહોના સંરક્ષણ માટે તાબાના અધિકારી/કર્મચારીઓ દ્વારા તેમના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સઘન ફેરણું, નાઇટ પેટ્રોલીંગ, દંગા ચકાસણી, વીજ ચેકીંગ તથા ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે તેમજ લોક જાગૃતિના કાર્યક્રમ કરવામાં આવેલ છે. |

---------

### ગાંધીનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાન સિવાયના ગામો

૧૨૮૫૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાન નહી ધરાવનાર ગામોની સંખ્યા કેટલી છે, | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૯૩ ગામોમાં સસ્તા અનાજની દુકાન નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ક્યા ગામોમાં સસ્તા અનાજની દુકાનો કાર્યરત નથી, અને | (૨) ઉક્ત સ્થિતિએ ૫૫ ગામોમાં સસ્તા અનાજની દુકાનો કાર્યરત નથી તેવા ગામોની વિગતનું પત્રક આ સાથે સામેલ છે. |
| (૩) નવીન દુકાનો શરુ કરવા ક્યારે જાહેરાત આપવામાં આવી, નવીન દુકાનો ક્યારે શરુ કરવામાં આવશે? | (૩) કુલ ખોલવાપાત્ર ૩૫ નવીન દુકાનો શરૂ કરવા માટે તા. ૧૮–૩–૨૦૧૩થી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હતું, જે અન્વયે જુન–૨૦૧૪માં નિયમોનુસાર કુલ ૫ (પાંચ) વાજબી ભાવની દુકાનો મંજુર કરવામાં આવેલ છે. બાકીની ૩૦ દુકાનો માટે પાત્રતા ધરાવતા |

ઉમેદવાર/સંસ્થા ઉપલબ્ધ થયેલ નથી તેથી ફરીથી નવું જાહેરનામું બહાર પાડવા માટેની કાર્યવાહી ચાલુમાં છે. આમ નિયમોનુસારની કાર્યવાહી બાદ નવી દુકાનો ખોલી શકાશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં બારકોડેડ રેશનકાર્ડ આપવા અંગે**

૧૨૦૯૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં કેટલા રેશનકાર્ડ કાર્ડધારકોને બારકોડેડ આપવામાં આવ્યા,

(૨) જો આ બારકોડેડ રેશનકાર્ડ હજી સુધી ન અપાયા હોય તો તેના ક્યા કારણો છે, અને

(૩) બાકી તમામ કાર્ડધારકોને કેટલા સમયમાં આવા કાર્ડ આપવા માગો છો?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ લુણાવાડામાં ૫૧૯૧૮ અને ખાનપુરમાં ૧૭૧૭૧ રેશનકાર્ડ કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા.

(૨) બારકોડેડ રેશનકાર્ડ નીચે દશાર્વેલ કારણોસર આપી શકાયેલ નથી.
૧.અરજીમાં અપૂરતી વિગતો હોય તો
૨. જરૂરી આધાર પુરાવા પુરા પાડવામાં આવ્યા ન હોય તો,
૩. અરજદાર દ્વારા બાયોમેટ્રીક્સ અને ફોટા આપવામાં આવ્યા ન હોય તો,

(૩) અરજદાર દ્વારા ખૂટતી વિગતો, આધાર–પુરાવા તેમજ બાયોમેટ્રીકસ અને ફોટા આપ્યેથી બનતી ત્વરાએ.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના દર્દીઓને સહાય**

૧૨૭૮૨ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિના કેટલા દર્દીઓને ટી.બી., કેન્સર, રક્તપિત્ત અને એઇડ્સના રોગોમાં તાલુકાવાર સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લો

| તાલુકો | વર્ષ ૨૦૧૩–૧૪ દર્દીઓની સંખ્યા | વર્ષ ૨૦૧૪–૧૫ તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ભિલોડા | ૨૩૮ | ૨૮ |
| મેઘરજ | ૨૫ | ૦ |
| મોડાસા | ૧૦ | ૦ |

સાબરકાંઠા જિલ્લો

| તાલુકો | વર્ષ ૨૦૧૩–૧૪ દર્દીઓની સંખ્યા | વર્ષ ૨૦૧૪–૧૫ તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ખેડબ્રહ્મા | ૧૮૨ | ૩૧ |
| વિજયનગર | ૩૧ | ૦ |
| હિંમતનગર | ૦૨ | ૦ |
| ઇડર | ૦૮ | ૦ |

(૨) જિલ્લો — સહાયની રકમ
અરવલ્લી — રૂ. ૯.૪૮ લાખ
સાબરકાંઠા — રૂ. ૮.૦૦ લાખ

---------

અતારાંકિત પ્રશ્નો

## ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓ

૧૨૨૧૮ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે, | (૧) તમામ ૬૨૭ શાળાઓમાં. |
| (૨) કેટલી શાળાઓમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૨) એકપણ નહીં. |
| (૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બનાકસાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓ બંધ કરવા અંગે

૧૨૬૩૨ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી, | (૧) શૂન્ય. |
| (૨) જો હા, તો આવી પ્રાથમિક શાળાઓ બંધ કરવાના કારણ શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી તે શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી હતી અને આ વિદ્યાર્થીઓના ભણતર માટે કોઇ વ્યવસ્થા કરવામાં આવીલ હતી કે કેમ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજો માટે પસંદગી પામેલ અધ્યાપક સહાયકશ્રીઓને પૂર્વ મંજૂરી આપવા માટેની પડતર દરખાસ્તો

૧૨૮૩૬ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજો માટે પસંદગી પામેલ કેટલા અધ્યાપક સહાયકોને પૂર્વ મંજૂરી આપવા માટેની દરખાસ્તો કેટલા સમયથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીમાં પડતરમાં છે, | (૧) રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજો માટે પસંદગી પામેલ અદયાપક સહાયકોને પૂર્વ મંજૂરી આપવા માટેની કોઇ દરખાસ્તો ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીમાં પડતર છે. |
| (૨) આ દરખાસ્તોને સત્વરે મંજૂરી નહી આપવામાં કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં મંજૂરી આપવામાં આવેશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## નવસારી જિલ્લામાં હળપતિ જાતિની છ પાયાની સુવિધાઓ

૧૨૨૪૮ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ નવસારી | (૧) રૂ. ૩૯૫.૯૧ લાખ. |

જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં હળપતિ જાતિની છ પાયાની સુવિધાઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) તમામ રકમ અમલીકરણ કચેરીઓના હવાલે મુકવામાં આવેલ છે. તે પૈકી રૂ. ૧૩૮.૭૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવા અંગે**

૧૨૦૨૯ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કોઇ સરકારી પ્રાથમિક શાળા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે, | (૧) અમદાવાદ શહેર હા<br>અમદાવાદ જિલ્લો ના |
| (૨) જો હા, તો કયા તાલુકાની કેટલી શાળાઓ ક્યા કારણોસર બંધ કરવાનું નક્કી કરવામાં આવ્યું ? | (૨) અમદાવાદ શહેરની ૨૫ શાળાઓ બંધ કરવામાં આવી.<br>બંધ કરવાના કારણોઃ—<br>(૧) વિદ્યાર્થી સંખ્યા ઘટવાને કારણે<br>(૨) શાળાઓના વિલીનીકરણ કરવાના કારણે |

---------

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને દૂધાળા પશુ ખરીદી માટે લોન**

૧૨૨૫૪ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દુધાળા પશુ ખરીદી માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા આદિજાતિના લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૩૧૭ |
| (૩) તે પાછળ કેટલી રકમ લોન પેટે આપવામાં આવેલ છે? | (૩) રૂ. ૬૦.૫૦ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૨૬૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૩ (ત્રણ). |
| (૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ? | (૨) ૧૧૭ (એક સો સત્તર) |

---------

**જૂનાગઢ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૩૫૦ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૯૨૧ |
| (૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂ.૫૮,૪૨,૦૦૦ /— |

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

---------

**બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ**

૧૨૩૪૨ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૫૯૮.૨૧ લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ? | (૨) ૮૨૯૦૦ |

---------

**ડાંગ જિલ્લામાં વન વિભાગ હસ્તકના ડામરના રસ્તા**

૧૨૦૪૦ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વન વિભાગ હસ્તકના કેટલા ડામર રસ્તા છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં વન વિભાગ હસ્તકના ૧૧ રસ્તાઓને છેલ્લા બે વર્ષમાં ડામર કરવા માટેની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. |
| (૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા બાકી છે ? | (૨) ૧૧ રસ્તાઓનું કામ પૂર્ણ થયેલ છે, અને એક રસ્તાનું કામ પ્રગતિમાં છે. |

---------

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ખાંડનું વિતરણ બંધ કરવા બાબત**

૧૨૭૦૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં સરકાર માન્ટ દુકાનોમાથી હવે ખાંડનું વિતરણ થતું નથી તે હકીકત સાચી છે, | (૧) આ હકીકત સાચી નથી. |
| (૨) જો હા, તો ખાંડ વિતરણ નહીં કરવા પાછળના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત જિલ્લાઓમાં ખાંડનું વિતરણ સરકાર યથાવત રાખવા માંગે છે કે કેમ ? | (૩) ખાંડનું વિતરણ કરવામાં આવે છે. |

---------

**વલસાડ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને દૂધાળા પશુ ખરીદી માટે લોન**

૧૨૨૫૭ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધાળા પશુ ખરીદી માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં વલસાડ જિલ્લામાં કેટલા આદિજાતિના લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૧૨૫૮ |
| (૩) તે પાછળ કેટલી રકમ લોન પેટે આપવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૮૮.૭૦ લાખ. |

---------

**ધાનપુર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર**

૧૨૩૬૩ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ માં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં અનુક્રમે ૯૪૯ હેકટર અને ૫૩૫ હેકટર મળી કુલ ૧૪૮૪ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) કુલ રૂ.૩૭૨.૫૪ લાખ.

---------

**કડાણા અને ગોધરા તાલુકામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને સાયકલ**

૧૨૨૬૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કડાણા અને ગોધરા તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને

(૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કડાણા–૯૦૨
ગોધરા–૧૭૭

(૨) રૂ.૨૬.૫૬ લાખ.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વન ખાતા દ્વારા રોપાઓનો ઉછેર**

૧૨૮૮૩ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર વન ખાતા દ્વારા કેટલા રોપાઓ ઉછેરવામાં આવ્યા,

**જવાબ**

(૧) નીચેની વિગતે છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અનુક્રમે ૬૭.૪૧ લાખ અને ૬૯.૨૮ લાખ મળી કુલ ૧૩૬.૬૯ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા.

| **તાલુકો** | **વર્ષવાર ઉછેરવામાં આવેલ રોપા (લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **કુલ** |
| **સાબરકાંઠા જિલ્લો** | | | |
| હિંમતનગર | ૪.૮૮ | ૪.૦૦ | ૮.૮૮ |
| ઈડર | ૪.૦૮ | ૫.૦૮ | ૯.૧૬ |
| વડાલી | ૧.૭૨ | ૧.૨૧ | ૨.૯૩ |
| પ્રાંતિજ | ૧.૧૦ | ૧.૬૧ | ૨.૭૧ |
| તલોદ | ૧.૩૩ | ૦.૯૬ | ૨.૨૯ |
| ખેડબ્રહ્મા | ૧૮.૩૩ | ૯.૩૪ | ૨૭.૬૭ |
| પોશીના | ૦.૩૨ | ૦.૨૮ | ૦.૬૦ |
| વિજયનગર | ૮.૬૧ | ૪.૫૬ | ૧૩.૧૭ |
| **કુલ** | **૪૦.૩૭** | **૨૭.૦૪** | **૬૭.૪૧** |
| **અરવલ્લી જિલ્લો** | | | |
| મોડાસા | ૪.૪૨ | ૪.૩૯ | ૮.૮૧ |
| ધનસુરા | ૧.૧૭ | ૦.૯૧ | ૨.૦૮ |
| બાયડ | ૧.૪૯ | ૧.૧૦ | ૨.૫૯ |
| માલપુર | ૬.૨૯ | ૭.૭૯ | ૧૪.૦૮ |
| મેઘરજ | ૭.૫૬ | ૧૧.૧૮ | ૧૮.૭૪ |

| | | | |
|---|---|---|---|
| ભિલોડા | ૧૨.૭૯ | ૧૦.૧૯ | ૨૨.૯૮ |
| **કુલ** | **૩૩.૭૨** | **૩૫.૫૬** | **૬૯.૨૮** |
| **કુલ એકંદર** | **૭૪.૦૯** | **૬૨.૬૦** | **૧૩૬.૬૯** |

(૨) તે પૈકી જિલ્લાવાર અને તાલુકાવાર કેટલા રોપાઓ કેટલા હેકટર વિસ્તારમાં રોપવામાં આવ્યા,

(૨) નીચેની વિગતે સાબરકાંઠા જિલ્લામાં ૯૪૫૯.૬૨ હેકટરમાં ૬૭.૪૧ લાખ રોપા અને અરવલ્લી જિલ્લામાં ૭૬૬૨.૬૦ હેકટરમાં ૬૯.૨૮ લાખ રોપા મળી કુલ ૧૭૧૨૨.૨૨ હેકટરમાં ૧૩૬.૬૯ લાખ રોપાઓ રોપવામાં આવ્યા.

| **તાલુકો** | **વર્ષવાર રોપવામાં આવેલ રોપાનો વિસ્તાર (હેકટર) અને સંખ્યા** | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | | કુલ | |
| | (હેકટર) | સંખ્યા | (હેકટર) | સંખ્યા | (હેકટર) | સંખ્યા |
| **સાબરકાંઠા જિલ્લો** | | | | | | |
| હિંમતનગર | ૬૫૩ | ૪.૮૮ | ૪૮૫ | ૪.૦૦ | ૧૧૩૮ | ૮.૮૮ |
| ઈડર | ૪૬૫ | ૪.૦૮ | ૧૦૬૩ | ૫.૦૮ | ૧૫૨૮ | ૯.૧૬ |
| વડાલી | ૧૯૪ | ૧.૭૨ | ૨૩૯ | ૧.૨૧ | ૪૩૩ | ૨.૯૩ |
| પ્રાંતિજ | ૧૦૨ | ૧.૧૦ | ૧૪૮ | ૧.૬૧ | ૨૫૦ | ૨.૭૧ |
| તલોદ | ૧૨૪ | ૧.૩૩ | ૮૭ | ૦.૯૬ | ૨૧૧ | ૨.૨૯ |
| ખેડબ્રહ્મા | ૨૧૮૬.૬૨ | ૧૮.૩૩ | ૧૨૧૨ | ૯.૩૪ | ૩૩૯૮.૬૨ | ૨૭.૬૭ |
| પોશીના | ૩૨ | ૦.૩૨ | ૨૨ | ૦.૨૮ | ૫૪ | ૦.૬૦ |
| વિજયનગર | ૧૫૭૦ | ૮.૬૧ | ૮૭૭ | ૪.૫૬ | ૨૪૪૭ | ૧૩.૧૭ |
| **કુલ** | **૫૩૨૬.૬૨** | **૪૦.૩૭** | **૪૧૩૩** | **૨૭.૦૪** | **૯૪૫૯.૬૨** | **૬૭.૪૧** |
| **અરવલ્લી જિલ્લો** | | | | | | |
| મોડાસા | ૪૭૨ | ૪.૪૨ | ૪૩૯ | ૪.૩૯ | ૯૧૧ | ૮.૮૧ |
| ધનસુરા | ૧૦૯ | ૧.૧૭ | ૮૩ | ૦.૯૧ | ૧૯૨ | ૨.૦૮ |
| બાયડ | ૧૫૨ | ૧.૪૯ | ૧૦૭ | ૧.૧૦ | ૨૫૯ | ૨.૫૯ |
| માલપુર | ૫૭૮ | ૬.૨૯ | ૭૭૩ | ૭.૭૯ | ૧૩૫૧ | ૧૪.૦૮ |
| મેઘરજ | ૯૧૪ | ૭.૫૬ | ૧૧૭૯ | ૧૧.૧૮ | ૨૦૯૩ | ૧૮.૭૪ |
| ભિલોડા | ૧૫૨૨.૬૦ | ૧૨.૭૯ | ૧૩૩૪ | ૧૦.૧૯ | ૨૮૫૬.૬૦ | ૨૨.૯૮ |
| **કુલ** | **૩૭૪૭.૬૦** | **૩૩.૭૨** | **૩૯૧૫** | **૩૫.૫૬** | **૭૬૬૨.૬૦** | **૬૯.૨૮** |

(૩) ઉકત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે, અને

(૩) ઉકત સ્થિતિએ કુલ ૧૦૮.૫૮ લાખ રોપાઓ જીવંત છે.

(૪) તેની પાછળ વર્ષવાર જિલ્લા અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) નીચેની વિગતે છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં રૂ.૨૧૬૫.૭૫ લાખ અને અરવલ્લી જિલ્લામાં રૂ.૨૫૦૨.૬૪ લાખ મળી કુલ રૂ.૪૬૬૮.૩૯ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| **તાલુકો** | **વર્ષવાર થયેલ ખર્ચની રકમ (રૂ.લાખમાં)** | | |
|---|---|---|---|
| | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | **કુલ** |
| **સાબરકાંઠા જિલ્લો** | | | |
| હિંમતનગર | ૧૮૭.૦૭ | ૧૩૯.૧૬ | ૩૨૬.૨૩ |
| ઈડર | ૧૦૯.૭૩ | ૨૪૫.૨૯ | ૩૫૫.૦૨ |
| વડાલી | ૪૭.૫૫ | ૫૮.૦૫ | ૧૦૫.૬૦ |
| પ્રાંતિજ | ૩૪.૦૮ | ૪૮.૫૯ | ૮૨.૬૭ |
| તલોદ | ૪૦.૨૫ | ૨૮.૯૯ | ૬૯.૨૪ |
| ખેડબ્રહ્મા | ૪૨૧.૯૬ | ૩૫૦.૭૩ | ૭૭૨.૬૯ |
| પોશીના | ૧૦.૦૭ | ૭.૬૪ | ૧૭.૭૧ |
| વિજયનગર | ૨૩૧.૧૦ | ૨૦૫.૪૯ | ૪૩૬.૫૯ |
| **કુલ** | **૧૦૮૧.૮૧** | **૧૦૮૩.૯૪** | **૨૧૬૫.૭૫** |
| **અરવલ્લી જિલ્લો** | | | |
| મોડાસા | ૧૩૮.૭૫ | ૧૪૪.૫૭ | ૨૮૩.૩૨ |
| ધનસુરા | ૩૭.૭૧ | ૨૭.૬૭ | ૬૫.૩૮ |
| બાયડ | ૪૬.૪૨ | ૩૪.૪૭ | ૮૦.૮૯ |

| | | | |
|---|---|---|---|
| માલપુર | ૨૦૯.૭૮ | ૨૩૭.૬૨ | ૪૪૭.૪૦ |
| મેઘરજ | ૨૭૨.૦૨ | ૩૯૧.૬૧ | ૬૬૩.૬૩ |
| ભિલોડા | ૫૯૨.૦૭ | ૩૬૯.૯૫ | ૯૬૨.૦૨ |
| **કુલ** | **૧૨૯૬.૭૫** | **૧૨૦૫.૮૯** | **૨૫૦૨.૬૪** |
| **કુલ એકંદર** | **૨૩૭૮.૫૬** | **૨૨૮૯.૮૩** | **૪૬૬૮.૩૯** |

---------

**વલસાડ જિલ્લામાં હળપતિ જાતિની છ પાયાની સુવિધાઓ**

૧૨૨૪૬ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ તથા ૨૦૧૩-૧૪ માં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ હળપતિ જાતિઓની છ પાયાની સુવિધાઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૧) રૂ.૧૮૮.૭૮ લાખ.

(૨) ઉક્ત સ્થિતિએ તેમાંથી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) ફાળવેલ તમામ રકમ અમલીકરણ કચેરીઓના હવાલે મુકવામાં આવેલ છે તે પૈકી રૂ.૭૬.૫૦ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ધો-૮ શરુ કરવા અંગે**

૧૨૨૭૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરુ કરવામાં આવેલ છે,

(૧) ૨૦૩

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં કેટલા વિદ્યાસહાયકોની નિમણુંક કરવામાં આવી છે, અને

(૨)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨-૧૩ | ૧૧૭ |
| વર્ષ ૨૦૧૩-૧૪ | ૧૮૪ |

(૩) તેમાં વિષયવાર વિદ્યાસહાયકો કેટલા છે ?

(૩)

| વિષય | સંખ્યા |
|---|---|
| ગણિત વિજ્ઞાન | ૨૦૯ |
| સામાજીક વિજ્ઞાન | ૫૭ |
| ભાષા | ૩૫ |
| **કુલ** | **૩૦૧** |

---------

**પાટણ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

૧૨૨૩૦ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં પાટણ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં અનુક્રમે ૬ અને ૧૭ અરજીઓ મળી કુલ ૨૩ અરજીઓ મંજૂર કરી.

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ. ૮.૦૫ લાખ.

---------

તા. ૨૫મી જુલાઈ, ૨૦૧૪

અતારાંકિત પ્રશ્નો

## સંતરામપુર, ખાનપુર અને કડાણા તાલુકામાં ભૂમિ સંરક્ષણ અને ભેજ સંરક્ષણ કામો

૧૨૮૩૩ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના સંતરામપુર, ખાનપુર અને કડાણા તાલુકામાં વન વિભાગ મારફત રેંજવાર ભૂમી સંરક્ષણ અને ભેજ સંરક્ષણના છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કેટલા કામો શરૂ કરવામાં આવ્યા,

(૨) આ પૈકીના રેંજવાર કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ કુલ ૧૬૬ કામો શરૂ કરવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકો | રેંજ | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ (કામોની સંખ્યા) | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ (કામોની સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | સંતરામપુર | સંતરામપુર(પૂર્વ) | ૨૧ | ૩૧ |
| ૨ | | સંતરામપુર (પશ્ચિમ) | ૧૫ | ૧૧ |
| | | **કુલ** | **૩૬** | **૪૨** |
| ૩ | ખાનપુર | ખાનપુર | ૨૦ | ૧૦ |
| | | **કુલ** | **૨૦** | **૧૦** |
| ૪ | કડાણા | મુનપુર | ૧૬ | ૧૩ |
| | | ડીટવાસ | ૧૮ | ૧૧ |
| | | **કુલ** | **૩૪** | **૨૪** |
| | | **એકંદર કુલ** | **૯૦** | **૭૬** |

(૨) તે પૈકી રેંજવાર કુલ૧૬૬ કામો પૂર્ણ કરવામાં આવ્યા. જે નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | રેંજ | તા.૧–૬–૧૨ થી તા.૩૧–૫–૧૩ (કામોની સંખ્યા) | તા.૧–૬–૧૩ થી તા.૩૧–૫–૧૪ (કામોની સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | સંતરામપુર | સંતરામપુર(પૂર્વ) | ૨૧ | ૩૧ |
| ૨ | | સંતરામપુર (પશ્ચિમ) | ૧૫ | ૧૧ |
| | | **કુલ** | **૩૬** | **૪૨** |
| ૩ | ખાનપુર | ખાનપુર | ૨૦ | ૧૦ |
| | | **કુલ** | **૨૦** | **૧૦** |
| ૪ | કડાણા | મુનપુર | ૧૬ | ૧૩ |
| | | ડીટવાસ | ૧૮ | ૧૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | | **કુલ** | **૩૪** | **૨૪** |
| | | **એકંદર કુલ** | **૯૦** | **૭૬** |

(૩) આ કામોમાં રેંજવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) કુલ રૂા.૭૩.૪૮ લખનો ખર્ચ કરવામાં આવ્યો. જેની રેંજવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | રેંજ | તા.૧-૬-૧૨ થી તા.૩૧-૫-૧૩ સુધીનો ખર્ચ (રૂ. લાખમાં) | તા.૧-૬-૧૩ થી તા.૩૧-૫-૧૪ સુધીનો ખર્ચ (રૂ. લાખમાં) | કુલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | સંતરામપુર | સંતરામપુર(પૂર્વ) | ૧૦.૨૫ | ૧૬.૨૭ | ૨૬.૫૨ |
| ૨ | | સંતરામપુર(પશ્ચિમ) | ૭.૫૧ | ૨.૬૮ | ૧૦.૧૯ |
| | | **કુલ** | **૧૭.૭૬** | **૧૮.૯૫** | **૩૬.૭૧** |
| ૩ | ખાનપુર | ખાનપુર | ૬.૮૨ | ૬.૫૫ | ૧૩.૩૭ |
| | | **કુલ** | **૬.૮૨** | **૬.૫૫** | **૧૩.૩૭** |
| ૪ | કડાણા | મુનપુર | ૧૦.૪૯ | ૪.૦૫ | ૧૪.૫૪ |
| | | ડીટવાસ | ૬.૨૮ | ૨.૫૮ | ૮.૮૬ |
| | | **કુલ** | **૧૬.૭૭** | **૬.૬૩** | **૨૩.૪૦** |
| | | **એકંદર કુલ** | **૪૧.૩૫** | **૩૨.૧૩** | **૭૩.૪૮** |

---------

## આણંદ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી

૧૨૨૨૬ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં આણંદ જિલ્લામાં બળતણ બચાવ સારૂ ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં અનુક્રમે ૦૬ અને ૧૫ અરજીઓ મળી કુલ ૨૧ અરજીઓ મંજૂર કરી.

(૨) કુલ રૂ. ૫.૯૪ લાખ.

---------

## તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ

૧૨૨૪૨ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં તાપી જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ?

**જવાબ**

(૧) ૨૦૧૨-૧૩ રૂા. ૮૮.૨૭ લાખ
૨૦૧૩-૧૪ રૂા. ૧૦૮.૭૭ લાખ

(૨) ૨૬,૯૫૧

---------

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**પોરબંદર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૩૪૯ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં વર્ષઃ૨૦૧૩-૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૮૭ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૧,૭૪,૦૦૦/- |

---------

**જામનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

૧૨૨૩૩ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષઃ૨૦૧૩-૧૪માં કેટલી વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ છે, અને | (૧) ૧૭૬૧ |
| (૨) કુલ કેટલી રકમના બોન્ડ આપેલ છે ? | (૨) રૂા. ૩૫,૨૨,૦૦૦/- |

---------

**સુરત જિલ્લામાં ધો-૧૧ સળંગ એકમની મંજૂરી**

૧૨૨૭૦ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં જૂન-૨૦૧૩ થી તા.૩૧-૫-૧૪ સુધી ધો-૧૧ સળંગ એકમની મંજૂરી માટે કેટલી અરજીઓ આવી ? | ૧૦૯ |

---------

**જામનગર જિલ્લામાં રન ફોર યુનિટીમાં ભાગ ન લેનાર શાળાના બાળકોને દંડ**

૧૨૦૧૧ **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રન ફોર યુનિટીમાં ભાગ ન લેનાર શાળાના બાળકોને દંડ કરવાના હુકમો જામનગર જિલ્લાની શિક્ષણ કચેરીઓ દ્વારા થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલા દંડ કરવાના હુકમો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે થયા, અને | (૨) લાગુ પડતું નથી. |
| (૩) તે પૈકી કેટલો દંડ વસુલ કરવામાં આવેલ ? | () લાગુ પડતું નથી. |

---------

**આણંદ જિલ્લામાં નર્સરીઓ**

૧૨૮૭૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં વન વિભાગ દ્વારા તાલુકાવાર કેટલી નર્સરીઓ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવી, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કુલ ૨૩૬ નર્સરીઓ બનાવવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
| ૧ | આણંદ | ૨૨ | ૧૮ |
| ૨ | આંકલાવ | ૫ | ૫ |
| ૩ | બોરસદ | ૧૮ | ૧૯ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ખંભાત | ૧૪ | ૧૯ |
| ૫ | પેટલાદ | ૧૫ | ૧૬ |
| ૬ | સોજીત્રા | ૮ | ૮ |
| ૭ | તારાપુર | ૧૫ | ૧૯ |
| ૮ | ઉમરેઠ | ૨૫ | ૧૦ |
| | **કુલ** | **૧૨૨** | **૧૧૪** |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા રોપા ઉછેરવામાં આવ્યા અને કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને કેટલી આવક થઇ ?

(૨) નીચેની વિગતે કુલ ૬૧.૯૭ લાખ રોપા ઉછેરવામાં આવ્યા અને રૂા.૧૯૯.૧૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો તેમજ રૂા.૬.૮૭ લાખની આવક થઇ.

| ક્રમ | વર્ષ | ઉછેરલ રોપા (લાખમાં) | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | મળેલ આવક (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૩૦.૧૨ | ૧૦૬.૬૯ | ૩.૫૭ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩૧.૮૫ | ૯૨.૪૫ | ૩.૩૦ |
| | **કુલ** | **૬૧.૯૭** | **૧૯૯.૧૪** | **૬.૮૭** |

---------

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને દૂધાળા પશુ ખરીદી માટે લોન**

૧૨૨૪૫ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દૂધાળા પશુ ખરીદી માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં દાહોદ જિલ્લામાં કેટલા આદિજાતિના લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૫૭૪ |
| (૩) તે પાછળ કેટલી રકમ લોન પેટે આપવામાં આવેલ છે? | (૩) રૂા. ૧૧૪.૮૦ લાખ |

---------

**ખેડા જિલ્લામાં ખાનગી માલિકીની જમીનમાં ફાર્મ ફૉરેસ્ટ્રી હેઠળ વાવેતર**

૧૨૨૩૨ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં ખેડા જિલ્લામાં ખાનગી માલિકીની જમીનમાં કેટલા હેકટરમાં ફાર્મ ફૉરેસ્ટ્રી હેઠળ વાવેતર કરવામાં આવ્યું, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં અનુક્રમે ૨૧૩ હેકટર અને ૫૨૮ હેકટર મળી કુલ ૭૪૧ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું. |
| (૨) તેની પાછળ સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવી? | (૨) સરકાર દ્વારા કુલ રૂા. ૧.૧૮ લાખની સહાય કરવામાં આવી. |

---

**અંબાજી-બાલારામ સેન્ચ્યુરીની ત્રિજ્યામાં છૂટછાટની મંજૂરી માગતી દરખાસ્ત**

૧૨૪૮૦ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાની અંબાજી-બાલારામ સેન્ચ્યુરીની હદથી દશ કિલોમીટર સુધીની ત્રિજ્યા વિસ્તારમાં આવેલ ખનીજો ધરાવતા વિસ્તાર સંબંધે સરકાર તરફથી સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિ સમક્ષ કોઈ જાતની છૂટછાટ તા.૩૧-૦૫-૨૦૧૪ સુધીમાં છેલ્લા બે વર્ષમાં મંજૂરી માંગતી દરખાસ્ત કરવામાં આવી છે, ખરી, | (૧) ના જી. |
| (૨) જો હા, તો તેવી અરજી/દરખાસ્ત શા કારણે કયારે કરવામાં આવી છે તથા એ દરખાસ્તના પરિણામની વિગતો શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજ્યની અન્ય સેન્ચ્યુરીઓની હદથી દશ કિલોમીટર સુધીનો ત્રિજ્યા વિસ્તારમાં આવેલ ખનીજો ધરાવતા વિસ્તાર સંબંધ પણ તેવી છૂટછાટ મંજૂરી માંગતી દરખાસ્તો કરવામાં આવી છે કે કેમ અને જો ના, તો તેનાં શાં કારણો છે? | (૩) રાજ્યમાં અન્ય સેન્ચ્યુરીની હદથી ૧૦ કિ.મી. સુધીની ત્રિજ્યામાં આવેલ ખનિજો ધરાવતા વિસ્તારોમાં છુટછાટ આપવા માટે કોઈ દરખાસ્ત કરેલ નથી.<br>રાજ્યમાં આવેલ તમામ સેન્ચ્યુરીની હદથી ૧૦ કિ.મી. સુધીની ત્રિજ્યામાં ખનિજો ધરાવતા વિસ્તાર સંબંધે છુટછાટ મેળવવા માટેની દરખાસ્તો સેન્ટ્રલ એમ્પાવર્ડ કમિટિ સમક્ષ કરવાની થતી નથી. |

---

**દાહોદ, પંચમહાલ અને તાપી જિલ્લામાં આશ્રમશાળાઓ અને છાત્રાલયોમાં શિક્ષકોની ઘટ**

૧૨૦૨૦ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ, પંચમહાલ અને તાપી જિલ્લામાં તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ આશ્રમશાળાઓ અને છાત્રાલયોમાં શિક્ષકોની કેટલી ઘટ છે, અને | (૧) દાહોદ - ૬૨<br>પંચમહાલ - ૩૯<br>તાપી - ૧૮<br>છાત્રાલયોમાં શિક્ષકોની નિમણૂંક કરવાની ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ ઘટ સત્વરે ભરવા શાં પગલા લીધા? | (૨) જગ્યાઓ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |

---

**વલસાડ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૧૨૩૦૩ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કેટલી છે, | (૧) ૨૫ સરકારી શાળાઓ છે તે પૈકી ૭ (સાત) શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બંને વિભાગો છે અને ૨ (બે) શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ જ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે, અને | (૨) |

| ક્રમ | વિષય | માધ્યમિક વિભાગ | ઉચ્ચતર માધ્યમિક વિભાગ |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૧૩ | ૦૧ |
| ૨ | સામાજીક વિજ્ઞાન | ૨૨ | ૦૦ |
| ૩ | ગણિત/વિજ્ઞાન | ૦૬ | ૦૦ |
| ૪ | ગણિત | ૦૦ | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | રસાયણ વિજ્ઞાન | ૦૦ | ૦૨ |
| ૬ | ભૌતિક વિજ્ઞાન | ૦૦ | ૦૨ |
| ૭ | જીવ વિજ્ઞાન | ૦૦ | ૦૧ |
| ૮ | શારીરીક શિક્ષણ | ૦૧ | ૦૦ |
| ૯ | અર્થ શાસ્ત્ર | ૦૦ | ૦૪ |
| ૧૦ | મનોવિજ્ઞાન | ૦૦ | ૦૪ |

(૩) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શું આયોજન કર્યું છે?

(૩) આ ખાલી જગ્યાઓ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અન્વયે ભરવામાં આવશે.

---------

**પાટણ જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ ફાળવવા અંગે**

૧૨૪૫૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા કુટુંબોને બારકોડેડ રેશનકાર્ડ ફાળવવામાં આવ્યા અને કેટલા બાકી છે,

(૨) રેશનકાર્ડમાં થયેલ ભુલોને સુધારવા કુલ કેટલી અરજીઓ આવી અને કેટલાનો નિકાલ થયો, અને

(૩) તાંત્રિક કારણોને લીધે થતી ભુલોના કાયમી નિવારણ માટે સરકાર ધ્વારા શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર આપવામાં આવેલ અને આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડની વિગત નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ફાળવેલ બારકોડેડ રેશનકાર્ડ | ફાળવવાના બાકી રેશનકાર્ડ |
|---|---|---|
| ચાણસ્મા | ૩૦૨૭૫ | ૨૧૭ |
| પાટણ | ૧૦૯૦૪૮ | ૧૭૮૬ |
| રાધનપુર | ૩૧૪૨૩ | ૪૯૬ |
| સરસ્વતી | ૯ | ૦ |
| સાંતલપુર | ૨૪૬૫૬ | ૭૯૪ |
| સમી | ૪૧૪૨૦ | ૬૪૫ |
| સિધ્ધપુર | ૪૮૨૨૭ | ૪૮૦ |
| હારીજ | ૨૦૯૦૫ | ૧૪૪ |
| **કુલઃ-** | **૩,૦૫,૯૬૩** | **૪,૫૬૨** |

(૨) રેશનકાર્ડમાં થયેલ ભૂલોને સુધારવા કુલ ૨૮,૦૦૭ અરજીઓ આવી અને ૨૭,૮૫૩નો નિકાલ થયો.

(૩) કોઈપણ કારણથી રેસનકાર્ડમાં થયેલ ભૂલો વિનામૂલ્યે સુધારી આપવામાં આવે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને ૬૦ કિલો અનાજ આપવાની યોજના**

૧૨૭૭૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓને ૬૦ કિલો અનાજ આપવાની યોજનાનો અમલ તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ થઈ રહ્યો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો તમામ વિદ્યાર્થીનીઓને આ સહાયથી વંચિત ન રહે તે માટે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે,

**જવાબ**

(૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારની ધોરણ ૧ થી ૮માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મુલ્યે વાર્ષિક ૬૦ કિલોગ્રામ અનાજ વિતરણની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તે અનુસાર બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકા આદિજાતિ તાલુકા હોવાથી જિલ્લા પંચાયત હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓમાં તેનો અમલ કરવામાં આવે છે.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અને
(૩) ઉચ્ચ કક્ષાએ આ જવાબદારી કોને સોપવામાં આવી છે?

---------

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે સરકારે કરેલ આયોજન**

૧૨૨૫૦ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે તે માટે નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષમાં સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વલસાડ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને ઉક્ત યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે? | (૨) ૨૦૧(બસો એક) |

---------

**ગીર–સોમનાથ જિલ્લામાં રોપાનું વાવેતર**

૧૨૭૫૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૨૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સમુહ વન નિર્માણ સમાજિક વનીકરણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળ પ્લાન્ટેશન આર.ડી.એફ.એલ. યોજના નીચે કયા ગામોમાં કેટલા હેકટરમાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, | (૧) તા.૨૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૪૬૩ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું. (વિગતવાર *પત્રક–૧ આ સાથે સામેલ છે.) |
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલો ખર્ચ થયો, અને | (૨) તે પૈકી કૂલ ૮૬.૪૧ લાખનો ખર્ચ થયો. (તાલુકાવાર થયેલ ખર્ચની માહિતીનું *પત્રક–૨માં સામેલ છે.) |
| (૩) તે પૈકી કેટલા રોપાઓ જીવંત છે અને કેટલા નાશ પામ્યા? | (૩) કુલ ૩.૪૬ લાખ રોપાઓ જીવંત છે અને કુલ ૧.૧૭ લાખ રોપા નાશ પામ્યા. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દાહોદ જિલ્લામાં આદિજાતિ હસ્તકના છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં શિક્ષકોની ઘટ**

૧૨૭૨૮ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં શિક્ષકોની વિષયવાર કેટલી ઘટ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વિષયવાર ઘટ | | |
|---|---|---|---|---|
| | | પી.ટી.સી. | અંગ્રેજી | ગણિત |
| ૧ | દાહોદ | ૬ | ૧ | ૬ |
| ૨ | ગરબાડા | ૨ | ૨ | ૨ |
| ૩ | ઝાલોદ | ૪ | ૦ | ૩ |
| ૪ | દેવગઢબારીયા | ૩ | ૨ | ૧ |
| ૫ | ફતેપુરા | ૬ | ૧ | ૪ |
| ૬ | લીમખેડા | ૩ | ૨ | ૪ |
| ૭ | ધાનપુર | ૪ | ૩ | ૩ |

(૨) આ ઘટ પુરી કરવા સરકારે શાં પગલાં લીધા?

(૨) જગ્યાઓ સત્વરે ભરવામાં આવશે.

---------

**દાહોદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૩૪૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૮ (આઠ) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? | (૨) ૪૯૭ (ચારસો સત્તાણું). |

---------

**આણંદ જિલ્લામાં શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા**

૧૨૦૦૯ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા નથી, અને | (૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ફાયર સેફ્ટીની સુવિધા વગરની એકપણ શાળા નથી. |
| (૨) આ સુવિધા ઉભી કરવા સરકારે ક્યારે આદેશો બહાર પાડ્યા ? | (૨) આ સુવિધા ઉભી કરવા સરકારે કોઇ આદેશો બહાર પાડ્યા નથી. |

---------

**મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ઘટ**

૧૨૧૪૨ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર, જિલ્લામાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની તાલુકાવાર કેટલી ઘટ છે,

(૧)

| તાલુકાનનું નામ | શિક્ષકોની ઘટ |
|---|---|
| લુણાવાડા | ૨૦ |
| ખાનપુર | ૧૬ |
| કડાણા | ૩૩ |
| સંતરામપુર | ૬૧ |
| વિરપુર | ૧૨ |
| બાલાસિનોર | ૦૯ |
| **કુલ** | **૧૫૧** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા સમયથી આ શિક્ષકોની જગાઓ વણ પુરાયેલ છે, અને | (૨) છેલ્લા એક વર્ષથી. |
| (૩) ક્યાં સુધીમાં ખાલી જગાઓ પુરવામાં આવશે? | (૩) જેમ બને તેમ જલ્દી. |

---------

**જામનગર અને દ્વારકા જિલ્લામાં એક વ્યકિતના નામે એક કરતાં વધુ દુકાનો**

૧૨૦૧૫ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દ્વારકા જિલ્લામાં તાલુકાવાર એક વ્યક્તિ અથવા એકજ સંસ્થાના નામે એક કરતાં વધારે સસ્તા અનાજની દુકાન ચાલતી હોય તેવી કેટલી દુકાનો છે, અને | (૧) તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ એક વ્યક્તિ અથવા એક જ સંસ્થાના નામે એક કરતાં વધારે સસ્તા અનાજની દુકાન ચાલતી હોય તેવી તાલુકાવાર નીચે મુજબ છે. |

**જામનગર જિલ્લોઃ કુલ–૪ દુકાનો.**

| તાલુકાનું નામ | તા.૩૧–૫–૧૪ની સ્થિતિએ એક વ્યક્તિ કે એક સંસ્થાના નામે એક |
|---|---|

| | **કરતાં વધારે ફાળવાયેલી દુકાનો.** |
|---|---|
| જામનગર શહેર | ૪ |
| જામનગર ગ્રામ્ય | ૦ |
| ધ્રોલ | ૦ |
| જોડીયા | ૦ |
| કાલાવડ | ૦ |
| લાલપુર | ૦ |
| જામજોધપુર | ૦ |
| **કુલ** | **૪** |

**દ્વારકા જિલ્લોઃ શૂન્ય દુકાનો.**

| **તાલુકાનું નામ** | **તા.૩૧-૫-૧૪ની સ્થિતિએ એક વ્યક્તિ કે એક સંસ્થાના નામે એક કરતાં વધારે ફાળવાયેલી દુકાનો.** |
|---|---|
| ખંભાળીયા | ૦ |
| ભાણવડ | ૦ |
| કલ્યાણપુર | ૦ |
| દ્વારકા | ૦ |
| **કુલ** | **૦** |

(૨) આ એક વ્યકિત કે સંસ્થાની એક કરતાં વધારે દુકાનો રદ કરી શિક્ષિત બેકારોને આપવાનું કોઇ આયોજન સરકાર કરે છે કે કેમ?

(૨) જે સહકારી મંડળીઓને એક કરતા વધારે દુકાનોની ફાળવણી કરેલ છે તે સરકારશ્રીના જે તે વખતના પ્રવર્તમાન નિયમોનુસાર કરેલ હોઇ આ દુકાનો રદ કરી શિક્ષિત બેકારોને આપવાનું કોઇ આયોજન નથી.

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ચેકડેમો અને વન તલાવડીઓ**

૧૨૬૯૬ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમો અને વન તલાવડીઓ બનાવવા કેટલી રકમ મંજુર કરવામાં આવી હતી,

(૧) ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં નીચેની વિગતે કૂલ ૬ (છ) ચેકડેમ અને ૧૩ વન તલાવડીઓ બનાવવા કૂલ રૂ. ૭૭.૦૫ લાખ રકમ મંજુર કરવામાં આવી.

| **વર્ષ** | **જિલ્લો** | **તાલુકો** | **ચેકડેમો** | **મંજુર કરેલ રકમ (રૂ.લાખમાં)** | **વન તલાવડી** | **મંજુર કરેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ગાંધીનગર | માણસા | ૨ | ૭.૫૦ | ૦ | ૦ |
| | અમદાવાદ | બરવાડા | ૦ | ૦ | ૩ | ૧૩.૧૬ |
| | | ધંધુકા | ૦ | ૦ | ૪ | ૧૪.૮૪ |
| | | **કુલ** | **૨** | **૭.૫૦** | **૭** | **૨૮.૦૦** |
| ૨૦૧૩-૧૪ | ગાંધીનગર | માણસા | ૩ | ૧૧.૩૩ | ૦ | ૦ |
| | | દહેગામ | ૧ | ૩.૨૦ | ૦ | ૦ |
| | અમદવાદ | ધંધુકા | ૦ | ૦ | ૬ | ૨૭.૦૨ |
| | | **કુલ** | **૪** | **૧૪.૫૩** | **૬** | **૨૭.૦૨** |
| ૨૦૧૪-૧૫ (તા. ૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ | | | ૦ | ૦ | ૦ | ૦ |
| | | **એકંદરે કૂલ** | **૬** | **૨૨.૦૩** | **૧૩** | **૫૫.૦૨** |

(૨) આ ચેકડેમો કઇ એજન્સી દ્વારા કઇ

(૨) નીચેની વિગતે ચેકડેમ અને વન તલાવડી વાર કૂલ રૂ.

જગ્યાએ બનાવી ચેકડેમ વન તલાવડી વાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

૭૭.૦૫ લાખનો ખર્ચે કરવામાં આવ્યો.

| વર્ષ | ચેકડેમ/વન તલાવડી બનાવનાર એજન્સીનું નામ | ચેકડેમ | સ્થળ | ખર્ચ (રૂ. લાખમાં) | વન તલાવડી | સ્થળ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૨-૧૩ | ગાંધીનગર વન વિભાગ | ૧ | લાકરોડા, માણસા, જિ. ગાંધીનગર | ૩.૦૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦૧૨-૧૩ | ગાંધીનગર વન વિભાગ | ૧ | અનોડીયા તા. માણસા જિ. ગાંધીનગર | ૪.૫૦ | ૦ | ૦ | ૦ |
| | અમદાવાદ વન વિભાગ | ૦ | -- | ૦ | ૨ | હેબતપુર જંગલ તા. બરવાળા જિ. અમદાવાદ | ૯.૦૬ |
| | અમદાવાદ વન વિભાગ | ૦ | -- | ૦ | ૧ | સાગાસર જંગલ તા. બરવાળા જિ. અમદાવાદ | ૪.૧૦ |
| | અમદાવાદ વન વિભાગ | ૦ | -- | ૦ | ૪ | ગોગલા જંગલ તા. ધંધુકા જિ. અમદાવાદ | ૧૪.૮૪ |
| | **કુલ** | **૨** | | **૭.૫૦** | **૭** | | **૨૮.૦૦** |
| ૨૦૧૩-૧૪ | ગાંધીનગર વન વિભાગ | ૧ | ગલાજીની મુવાડી તા. દહેગામ જિ. ગાંધીનગર | ૩.૨૦ | ૦ | ૦ | ૦ |
| | ગાંધીનગર વન વિભાગ | ૨ | અનોડીયા તા. માણસા જિ. ગાંધીનગર | ૮.૩૩ | ૦ | ૦ | ૦ |
| | ગાંધીનગર વન વિભાગ | ૧ | લાકરોડા, તા.માણસા, જિ. ગાંધીનગર | ૩.૦૦ | ૦ | ૦ | ૦ |
| | અમદાવાદ વન વિભાગ | ૦ | -- | ૦ | ૬ | ગોગલા તા. ધંધુકા જિ. અમદાવાદ | ૨૭.૦૨ |
| | **કુલ** | **૪** | **--** | **૧૪.૫૩** | **૬** | **--** | **૨૭.૦૨** |

(૩) ચેકડેમો વન તલાવડી બનાવવા માટે ટેન્ડરો કઇ તારીખોએ ક્યા સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા, અને

(૩) કામગીરી ખાતાકીય રીતે કરવામાં આવેલ હોવાથી ટેન્ડર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ટેન્ડર દ્વારા કામગીરી ન કરવાના કારણો શાં છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સાબરકાંઠા જિલ્લામાં એક કરતા વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવા અંગે

૧૨૮૭૪ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં એક

**જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં એક કરતા

કરતા વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં સાથે બેસાડવામાં આવે છે,

વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં સાથે બેસાડવામાં આવે છે તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવતા હોય તેવી શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાયડ | ૨૦૪ |
| ૨ | ભિલોડા | ૨૦૭ |
| ૩ | ધનસુરા | ૧૧૯ |
| ૪ | હિંમતનગર | ૧૬૫ |
| ૫ | ઇડર | ૧૬૮ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૭૬ |
| ૭ | માલપુર | ૧૩૨ |
| ૮ | મેઘરજ | ૨૦૪ |
| ૯ | મોડાસા | ૧૭૯ |
| ૧૦ | પ્રાંતિજ | ૦૭૪ |
| ૧૧ | તલોદ | ૧૧૭ |
| ૧૨ | વડાલી | ૦૯૫ |
| ૧૩ | વિજયનગર | ૧૦૮ |

(૨) વિદ્યાર્થીઓના ભણતરમાં અવળી અસર ન થાય તે માટે તમામ ધોરણના વિદ્યાર્થીઓ અલગ-અલગ ઓરડામાં બેસી શકે તેવી વ્યવસ્થા કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૨) આર.ટી.ઇ. એક્ટ પ્રમાણે બાળકોની સંખ્યાને આધારે શિક્ષકોનું મહેકમ નક્કી કરવામાં આવે છે અને શિક્ષક દીઠ વર્ગ ખંડ બાંધવાનું આયોજન કરવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ ક્યાં સુધીમાં નવા ઓરડાની વ્યવસ્થા કરવામાં આવશે ?

(૩) આર.ટી.ઇ. એક્ટ મુજબ આગામી વર્ષોમાં તબક્કાવાર નવા ઓરડા બનાવવામાં આવશે.

---------

**પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને દુધાળા પશુ ખરીદી માટે લોન**

૧૨૨૫૩ **શ્રીમતી નિમીષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસૂચિત જનજાતિના લોકોને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દુધાળા પશુ ખરીદી માટે લોન આપવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં પંચમહાલ જિલ્લામાં કેટલા આદિજાતિના લોકોને લાભ આપવામાં આવ્યો, અને | (૨) ૯૪૫ |
| (૩) તે પાછળ કેટલી રકમ લોન પેટે આપવામાં આવેલ છે ? | (૩) રૂ.૧૭૨.૬૫ લાખ |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ**

૧૨૬૮૦ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમો અને વન તલાવડીઓ બનાવવા કેટલી રકમ મંજૂર કરવામાં આવી હતી,

**જવાબ**

(૧) નીચેની વિગતે કુલ ૨૧ ચેકડેમ અને ૧૪ વન તલાવડીઓ બનાવવામાં આવી, તે માટે રૂ.૬૫.૧૧ લાખની રકમ મંજૂર કરવામાં આવી.

| અ. નં. | વર્ષ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ચેકડેમ | | વન તલાવડીઓ | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | સંખ્યા | રકમ (રૂ. લાખમાં) | સંખ્યા | રકમ (રૂ. લાખમાં) |
| ૧ | ૨૦૧૨-૧૩ | રાજકોટ | ગોંડલ | ૨ | ૨.૨૭ | ૦ | ૦ |
| | | રાજકોટ | જસદણ | ૧ | ૧.૧૯ | ૦ | ૦ |
| | | મોરબી | વાંકાનેર | ૯ | ૩૦.૬૫ | ૦ | ૦ |
| | | કુલ | | ૧૨ | ૩૪.૧૧ | ૦ | ૦ |
| ૨ | ૨૦૧૩-૧૪ | રાજકોટ | જસદણ | ૬ | ૧૫.૯૧ | ૦ | ૦ |
| | | રાજકોટ | લોધિકા | ૧ | ૧.૭૫ | ૦ | ૦ |
| | | રાજકોટ | રાજકોટ | ૧ | ૪.૦૬ | ૦ | ૦ |
| | | રાજકોટ | ગોંડલ | ૦ | ૦.૦૦ | ૩ | ૦.૪૦ |
| | | મોરબી | વાંકાનેર | ૧ | ૩.૦૨ | ૧૧ | ૫.૮૬ |
| | | **કુલ** | | **૯** | **૨૪.૭૪** | **૧૪** | **૬.૨૬** |
| | **એકંદર કુલ** | | | **૨૧** | **૫૮.૮૫** | **૧૪** | **૬.૨૬** |
| ૩ | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ) શૂન્ય | | | | | | |

(૨) આ ચેકડેમો કઇ એજન્સી દ્વારા કઈ જગ્યાએ બનાવી ચેકડેમ વન તલાવડી વાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ ચેકડેમો વન ખાતા દ્વારા ખાતાકીય રીતે બનાવવામાં આવેલ છે. ચેકડેમ તેમજ વન તલાવડી વાર કુલ રૂ.૬૫.૦૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. વિગતવાર *પત્રક-૧,૨,૩, અને ૪ આ સાથે સામેલ છે.

(૩) ચેકડેમો- વન તલાવડી બનાવવા માટે ટેન્ડરો કઇ તારીખોએ કયા સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા, અને

(૩) કામગીરી ખાતાકીય રીતે કરવામાં આવેલ હોવાથી ટેન્ડર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ટેન્ડરો દ્વારા કામગીરી ન કરવાના કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર જિલ્લામાં વિજળીની સુવિધાથી વંચિત પ્રાથમિક શાળાઓ**

૧૨૨૩૯ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી પ્રાથમિક શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) કેટલી શાળાઓમાં વિજળીની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) તે ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તમામ ૬૨૭ શાળાઓમાં

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની રાજકોટ ખાતે પેટા પ્રાદેશિક કચેરી શરૂ કરવા માટેની દરખાસ્ત**

૧૨૮૩૭ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની રાજકોટ ખાતે પેટા પ્રાદેશિક કચેરી શરૂ કરવા માટેની દરખાસ્ત સરકારને ક્યારે મળી, અને | (૧) આવી દરખાસ્ત મળેલ નથી. |
| (૨) આ દરખાસ્ત કોણે ક્યારે મોકલી અને આ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનોમાં પુરવઠા વિતરણનો સમય**

૧૨૦૩૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ સસ્તા અનાજની દુકાનો પરથી પુરવઠાનું વિતરણ કરવાનો સમય કેટલો છે, | (૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતએ અમદાવાદ શહેરમાં આવેલ સસ્તા અનાજની દુકાનો પરથી પુરવઠાનું વિતરણ કરવા માટેનો સમય સવારના ૮–૩૦ થી સાંજના ૭–૦૦ વાગ્યા સુધીનો નિયત કરાયેલ છે. જેમાં વાજબી ભાવની દુકાનના દુકાનદાર ઇચ્છે તો બપોરના ૧૨–૦૦ થી ૩–૦૦ ના સમયમાં ગમે ત્યારે ૨ કલાક માટે દુકાન બંધ રાખી શકે છે. |
| (૨) શહેરમાં આવેલ સસ્તા અનાજના દુકાનધારકો દુકાનો સમય પ્રમાણે ખુલ્લી રાખી અને વિતરણ કરે છે કે કેમ તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અધિકારીઓ દ્વારા કેટલી દુકાનોની તપાસ કરવામાં આવી, અને | (૨) શહેરમાં આવેલ સસ્તા અનાજના દુકાનધારકો દુકાનો સમય પ્રમામે ખુલ્લી રાખી વિતરણ કરે છે કે કેમ તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અધિકારીઓ દ્વારા નીચે મુજબની તપાસ કરવામાં આવેલ છે. |

| અ.નં. | વર્ષ | કરેલ તપાસો |
|---|---|---|
| ૧. | પ્રથમ વર્ષ | ૪૨૦ |
| ૨. | બીજુ વર્ષ | ૧૯૯ |
| | **કુલ** | **૬૧૯** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તપાસ દરમ્યાન કેટલા દુકાનધારકો આ બેદરકારી દાખવતા પકડાયા અને જો અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં ન આવતી હોય તો તેના શાં કારણો છે ? | (૩) અધિકારીઓ દ્વારા સસ્તા અનાજના દુકાનધારકોની તપાસો કરવામાં આવેલ છે, તપાસ દરમ્યાન ૩૭ દુકાનધારકો બેદરકારી દાખવતા પકડાયા. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૧૨૭૦૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૫–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આવેલ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર કેટલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા.શાળા | મા.શાળાઓ | ઉ.મા.શાળા |
|---|---|---|---|---|
| ૧ | સંખેડા | ૨૯૭ | ૧૧ | ૦૫ |
| ૨ | જેતપુરપાવી | ૨૭૫ | ૧૯ | ૧૨ |
| ૩ | છોટાઉદેપુર | ૨૨૬ | ૪૯ | ૧૭ |
| ૪ | ક્વાંટ | ૨૦૪ | ૧૫ | ૦૫ |
| ૫ | નસવાડી | ૨૪૭ | ૧૧ | ૦૮ |
| ૬ | બોડેલી* | | ૧૪ | ૦૯ |

*બોડેલી તાલુકો નવો બનેલ હોઇ તે જિલ્લાની પ્રાથમિક શાળાઓ સંખેડા તથા જેતપુર પાવીમાં સમાવેશ થઇ જાય છે.

(૨) તેમાં કેટલા શિક્ષકોની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) પ્રાથમિક વિભાગમાં છેલ્લા એક વર્ષથી ૮૪૪ જગ્યાઓ ખાલી છે. જ્યારે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિકમાં ૫૦ જગ્યાઓ છેલ્લા બે વર્ષથી ખાલી છે.

(૩) ખાલી જગ્યાઓ ભરવા સરકારે શાં પ્રયત્નો કર્યા,

(૩) પ્રાથમિક વિભાગમાં ૧૮૮ વિદ્યાસહાયકોની નિમણૂક કરવામાં આવી,જ્યારે માધ્યમિકમાં ૧૪ ઉમેદવારોની શાળા પસંદગી કરેલ છે.

(૪) ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે, અને

(૪) પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગમાં તબક્કાવાર ભરતી કરવામાં આવશે.

(૫) ઉક્ત સ્થિતિએ શૂન્ય શિક્ષકવાળી પ્રાથમિક શાળાઓ કેટલી છે ?

(૫) એકપણ નહીં.

---------

**નવસારી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૩૪૪ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૩(ત્રણ)

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

(૨) ૩૩૫ (ત્રણ સો પાંત્રીસ)

---------

**શહેરા તાલુકામાં જંગલોને પુનર્જિવિત કરવા મંડળીઓની રચના**

૧૨૭૯૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ શહેરા તાલુકામાં જંગલોને પુનર્જિવિત કરવા કેટલી મંડળીઓની ક્યારથી નોંધણી કરી,

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થતિએ શહેરા તાલુકામાં જંગલોને પુનર્જિવિત કરવા ૪૨ મંડળીઓની તા.૨૪–૦૧–૯૭ થી નોંધણી કરેલ છે.

(૨) આ મંડળીઓ દ્વારા ક્યા પ્રકારની કેટલી ગ્રાન્ટો રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાળવી, અને

(૨)

| **વર્ષ** | **ફાળવેલ રકમ રૂ.** | |
|---|---|---|
| | **રાજ્યની ગ્રાન્ટ** | **કેન્દ્રની ગ્રાન્ટ** |
| ૨૦૧૨–૧૩ | ૫૫,૯૬,૭૦૪/– | ૦ |

(૩) તે પૈકી ક્યા કામો પાછળ ખર્ચ કરી ક્યા જંગલ વિસ્તારને પુનઃ જીવીત કરવામાં આવ્યા ?

(૩)

| **અ.નં.** | **કામની વિગત** | **ગામનું નામ** |
|---|---|---|
| ૧ | (૧) વનીકરણ (૨) વન સંવર્ધન (૩) ભૂમિ ભેજ સંરક્ષણ (૪) એન્ટ્રી પોઇન્ટ એક્ટીવીટી (૫) લોક જાગૃતી (૬) તાલીમ અને ક્ષમતા વર્ધન વગેરે કામગીરી કરવામાં આવે છે. | બોરીયા, મોર, રમજીની નાળ, મંગલીયાણા, ઘરોલાખુર્દ, દલવાડા, શેખપુર, ભોટવા, સદનપુર, બોડીદ્રાખુર્દ, પસનાલ, નવાગામ, મીઠાપુર, સંભાલી, વિજાપુર, બાહી, મીઠાલી, ભેંસાલ, સગરાડા, ખાંડીયા, નવાગામ, ભદ્રાલા, ગોકુળપુરા, માતરીયા, |

| | | વ્યાસ, સદનપુર |
|---|---|---|

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વન ખાતા દ્વારા તાર ફેન્સીંગનું કામ**

૧૨૮૮૪ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૫–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર તાર ફેન્સીંગનું કામ વન ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં કઇ જગ્યાએ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બંને જિલ્લાઓમાં તાલુકાવાર તાર ફેન્સીંગ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાર ફેન્સીંગનું કામ વન ખાતા દ્વારા કરવામાં આવેલ નથી. પરંતુ ખેડુત તરફથી વાડ તૈયાર કરવા માટે થતાં ખર્ચની ૫૦ ટકા રકમ સહાય તરીકે ચુકવવામાં આવે છે.

(૨) ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **સાબરકાંઠા જિલ્લો** | | **વર્ષ** | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **૨૦૧૨–૧૩ (રૂ.લાખમાં)** | **૨૦૧૩–૧૪ (રૂ.લાખમાં)** |
| ૧ | ઇડર | ૨.૦૦ | ૫.૦૦ |
| ૨ | હિંમતનગર | ૧૦.૦૫ | ૬.૭૮ |
| ૩ | તલોદ | ૧.૩૫ | ૧.૩૩ |
| **અરવલ્લી જિલ્લો** | | | |
| ૧ | મોડાસા | ૦.૪૩ | ૪.૮૮ |
| ૨ | માલપુર | ૦.૧૭ | ૨.૦૦ |

---------

**વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ**

૧૨૨૬૪ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૬૬૯

(૨) રૂ.૬૧.૧૦ લાખ.

---------

**સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

૧૨૩૪૬ **શ્રી રણછોડભાઇ મ. દેસાઇ(પાટણ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ)

(૨) ૨૦૩ (બસો ત્રણ)

---------

### ડાંગ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો

૧૨૩૪૫ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ? | (૨) ૧૬૫ (એક સો પાંસઠ) |

---------

### રાજ્ય સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીને ગ્રાંટની ફાળવણી

૧૨૦૧૨ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગુજરાત યુનિવર્સિટીને રાજ્ય સરકારે કેટલી ગ્રાંટ ફાળવી,

(૧)

| ક્રમ | સમયગાળો | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૨૮,૧૬,૩૫,૨૩૧/- |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૩૧,૧૪,૭૦,૯૨૮/- |

(૨) ગુજરાત યુનિવર્સિટીમાં ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારની ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) વર્ષ ૨૦૧૩ – ૧ (એક)
વર્ષ ૨૦૧૪– ૦ (શૂન્ય)

(૩) મળેલ ફરિયાદો અન્વયે શાં પગલા લીધા ?

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને તથા કુલપતિશ્રી, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને તપાસ કરી હકીકતલક્ષી અહેવાલ મોકલી આપવા જણાવેલ છે. યુનિવર્સિટીની ફાયનાન્સિયલ એડવાઇઝરી કમિટી દ્વારા ડો. આદેશ પાલના સમયગાળાના નિર્ણયો રદ કરવા નિર્ણય થયેલ છે.

---------

### બી.પી.એલ., અંત્યોદય અને એ.પી.એલ.કાર્ડ દીઠ અનાજનો જથ્થો

૧૨૮૭૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ. અંત્યોદય અને એ.પી.એલ. કાર્ડ દીઠ કેટલો અનાજનો જથ્થો આપવામાં આવે છે, | (૧) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ. તથા અંત્યોદય રેશનકાર્ડ ધારકોને માસિક કાર્ડ દીઠ ૩૫ કિલો અનાજ આપવામાં આવે છે.<br>એ.પી.એલ.-૧ રેશનકાર્ડ ધારકોને માસિક વ્યક્તિદીઠ ૨.૫૦૦ કિલો અને કાર્ડદીઠ મહત્તમ ૧૫ કિલો ઘઉં આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા કાર્ડ ધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા, કેટલાને આપવાના બાકી છે, અને | (૨) તા.૩૧-૫-૧૪ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૩,૭૮,૬૪૨ કાર્ડધારકોને બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા, અને ૧૫,૬૫૮ આપવાના બાકી છે. |
| (૩) બાકી રહેતા કાર્ડ કેટલા સમયમાં આપવામાં આવશે? | (૩) અરજદારો દ્વારા જરૂરી આધાર-પુરાવા તથા બાયોમેટ્રીક્સ અને ફોટા આપવામાં આવ્યેથી બનતી ત્વરાએ. |

---------

**દાહોદ અને ઝાલોદ તાલુકામાં અનુસુચિત જનજાતિની કન્યાઓને સાયકલ**

૧૨૨૬૬ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં દાહોદ અને ઝાલોદ તાલુકામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત વિદ્યા સાધના યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે, અને | (૧) દાહોદ - ૨૩૮૯<br>ઝાલોદ - ૪૬૬૭ |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂા. ૧૭૩.૬૪ લાખ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

૧૨૪૮૧ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકા દીઠ ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના શિક્ષકોની કેટલી ઘટ છે,

(૧)

| ક્રમ | તાલુકો | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | |
|---|---|---|---|---|
| | | | સામાન્ય પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ |
| ૧ | દાંતા | ૧૯ | ૪૪ | ૦૨ |
| ૨ | અમીરગઢ | ૦૫ | ૧૦ | ૦૦ |
| ૩ | ભાભર | ૦૦ | ૦૯ | ૦૦ |
| ૪ | કાંકરેજ | ૧૨ | ૫૪ | ૦૨ |
| ૫ | દિયોદર | ૦૪ | ૩૫ | ૦૦ |
| ૬ | વાવ | ૧૦ | ૩૭ | ૦૪ |
| ૭ | દાંતીવાડા | ૦૪ | ૧૯ | ૦૩ |
| ૮ | પાલનપુર | ૨૦ | ૬૦ | ૩૧ |
| ૯ | ધાનેરા | ૦૩ | ૨૭ | ૧૦ |
| ૧૦ | થરાદ | ૦૬ | ૩૬ | ૦૦ |
| ૧૧ | ડીસા | ૧૯ | ૬૩ | ૦૫ |
| ૧૨ | વડગામ | ૧૦ | ૬૭ | ૦૪ |

(૨) આ ઘટ પૂરવા સરકાર તરફથી કોઈ કાર્યવાહી થઈ હોય તો તેવી કાર્યવાહીની વિગતો શી છે, અને

(૩) જો કોઈ કાર્યવાહી થયેલ ન હોય તો તેનાં શાં કારણો છે?

(૨) અને (૩)

-બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૯૬ શિક્ષકોની ભરતીની કાર્યવાહી ચાલુ છે. ત્યાર પછી પણ ખાલી રહેતી જગ્યાઓ ભરવા અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. તાજેતરમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની ભરતી કરવા ઉપર મનાઈ હુકમ આપેલ છે.

-લઘુમતી શાળામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના કુલ-૧૩ શિક્ષકોની ભરતી થયેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં સહભાગી વન મંડળીઓ દ્વારા વાવેતર**

૧૨૩૦૪ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સહભાગી વન મંડળીઓએ કેટલા હેકટરમાં વાવેતર કરેલ છે,

(૧) સને ૨૦૧૨-૧૩માં ૩૮૮૪ હેકટર અને સને ૨૦૧૩-૧૪માં ૩૧૫ હેકટર મળી કુલ ૪૧૯૯ હેકટરમાં વાવેતર કરેલ છે.

(૨) તે વાવેતર માટે દરેક મંડળી દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૨) કુલ રૂા. ૯૨૨.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. (મંડળી વાઈઝ ખર્ચની વિગત દર્શાવતું *પત્રક-૧ અને *પત્રક-૨ સામેલ છે.)

(૩) દરેક મંડળીએ વાવેતર થયેલ કેટલા ઝાડ બચાવેલ છે, અને

(૩) ૨૫.૭૭ લાખ ઝાડ બચાવેલ છે (મંડળી વાઈઝ બચાવેલ ઝાડોની વિગત દર્શાવતું *પત્રક-૧ અને *પત્રક-૨ સામેલ છે.)

(૪) આ વાવેતર કરાયેલ ઝાડોને ઉનાળા દરમ્યાન પાણી આપવાનું કોઈ આયોજન છે કે કેમ?

(૪) કોઈ આયોજન નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**પાટણ જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષછેદનના કેસો**

૧૨૪૬૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૫-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેટલા કેસ બન્યા, અને

(૧) ગેરકાયદેસર વૃક્ષ છેદનના નીચે મુજબ કેસો બનેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **કેસોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | સિધ્ધપુર | ૧૦ |
| ૨ | પાટણ | ૦૮ |
| ૩ | ચાણસ્મા | ૦૫ |
| ૪ | હારીજ | ૦૨ |
| ૫ | રાધનપુર | ૦૦ |
| ૬ | સમી | ૦૬ |
| ૭ | સાંતલપુર | ૨૭ |
| | **કુલઃ-** | **૫૮** |

(૨) પકડાયેલ ઈસમો સામે રાજ્ય સરકારે પગલાં લઈને કેટલો જથ્થો અને રકમની વસુલાત લીધી?

(૨) પકડાયેલ ઈસમો સામે નિયમોનુસાર કાર્યવાહી કરી કુલ ૨૦૪.૬૭ કિવન્ટલ લાકડાનો જથ્થો પકડી કુલ રૂા.૧,૩૩,૭૫૦/-ની વસુલાત કરવામાં આવી.

---------

.

અધ્યક્ષશ્રી : હું પાંચમી અને છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો

## પાંચમી અતારાંકિત યાદી

**બિન નિવાસી ગુજરાતીઓની સંપત્તિ હડપ થતી અટકાવવા કામગીરી બાબત**

અતારાંકિતઃ ૨૫૬૦ (૨૫-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) બિન નિવાસી ગુજરાતીઓની સંપત્તિ હડપ થતી અટકાવવા રાજ્ય સરકારે સમિતિની તા.૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૩ ની છેલ્લા ૫ વર્ષમાં ક્યારે ક્યારે મીટીંગ થઈ,

(૨) કેટલા બિન નિવાસી ગુજરાતીઓની સંપત્તિ હડપ થતી અટકાવવા માટે મીટીંગમાં શા નિર્ણય થયાં,

(૩) આ નિર્ણય પૈકી શી નક્કર કામગીરી થઈ, અને

(૪) બાકી રહેલી કામગીરી ક્યારે પૂરી થનાર છે ?

**મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) **:** (૨૭-૬-૧૪)

(૧) બિન નિવાસી ગુજરાતીઓની સંપત્તિ હડપ થતી અટકાવવા રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાએ કોઈ સમિતિની રચના કરવામાં આવેલ નથી. પરંતુ બિન-નિવાસી ભારતીયોના પ્રશ્નોના નિરાકરણ માટે જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા સમિતિઓની રચના કરવામાં આવેલ છે, જેના અન્ય ઉદ્દેશો સાથે એક ઉદ્દેશ મિલ્કતને લગતી બાબતોમાં એન.આર.આઈ. ના હક્કોના રક્ષણ કરવાનો છે. જિલ્લા કક્ષાની સમિતિઓની રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૨ મીટીંગ મળેલ છે. આ પ્રશ્ન જિલ્લા કક્ષાએ સ્થાનિક હોઈ, રાજ્ય કક્ષાએ કોઈ સમિતિ રચાયેલ નથી. જેથી પેટા પ્રશ્ન (૨) થી (૪) માં માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨), (૩) અને (૪) **:** ખંડ-૧ મુજબ.

-------

**રાજ્યના જિલ્લાઓમાં સોસાયટી ફોર પ્રિવેન્સન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલની રચના બાબત**

અતારાંકિતઃ ૨૯૩૦ (૧૫-૬-૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૮-૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં સરકાર દ્વારા ક્યા જિલ્લાઓમાં સોસાયટી ફોર પ્રિવેન્સન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલની રચના કરી, અને કેટલા જિલ્લાઓમાં બાકી છે,

(૨) આ જિલ્લાઓમાં સોસાયટીની રચના બાકી રહેવાનાં શાં કારણો છે, અને

(૩) આ રચના ક્યારે કરવામાં આવશે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧-૭-૧૪)

(૧) રાજ્યમાં તા.૨૮-૨-૨૦૧૪ની સ્થિતિએ નીચે જણાવેલ કુલ-૨૪ જિલ્લાઓમાં દર્શાવેલ વિગત અનુસાર એસ.પી.સી.એ. ની રચના કરવામાં આવેલ છે.

(૧) બનાસકાંઠા (૨) મહેસાણા (૩) ખેડા (૪) આણંદ (૫) અમરેલી (૬) ભરૂચ (૭) પંચમહાલ–ગોધરા (૮) ડાંગ–આહવા (૯) નવસારી (૧૦) પાટણ (૧૧) પોરબંદર (૧૨) રાજકોટ (૧૩) વલસાડ (૧૪) સુરત (૧૫) ગાંધીનગર (૧૬) અમદાવાદ (૧૭) નર્મદા (૧૮) ભાવનગર (૧૯) જૂનાગઢ (૨૦) સાબરકાંઠા (૨૧) તાપી (૨૨)
Hb-259-1
૨૩) દાહોદ (૨૪) વડોદરા રાજ્યમાં નીચે જણાવેલ કુલ–૦૨ (બે) જિલ્લાઓમાં રચના કરવાની બાકી છે.

(૧) સુરેન્દ્રનગર (૨) જામનગર.

(૨) સોસાયટીની રચના અર્થે સભાસદોની અરજીઓ તથા સભાસદોની સભ્ય ફી જમા કરવામાં આવેલ છે, સભાસદોની મીટીંગ કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બોલાવીને રચના કરવાની કામગીરી પ્રગતિમાં છે.

(૩) સત્વરે.

–––––––

## જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડાની સુવિધા

અતારાંકિતઃ ૧૩૨૨ (૧૯–૬–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૪–૨૦૧૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉપરોક્ત સ્થિતિએ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડા અને બાળકોને જમાડવા માટે ખાસ સુવિધા (ખાસ ઓરડો) નથી,

(૩) ઉપરોક્ત સ્થિતિએ આ સુવિધા ન હોવાના શાં કારણો છે, અને

(૪) ઉપરોક્ત સ્થિતિએ આ સુવિધા સરકાર દ્વારા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૪–૬–૧૪)

(૧) તા.૩૦–૪–૨૦૧૩ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકાવાર નીચે દર્શાવ્યા પ્રમાણે ૧૪૧૨ સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે.

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાણવડ | ૧૨૩ |
| ૨ | ધ્રોલ | ૭૨ |
| ૩ | દ્વારકા | ૯૪ |
| ૪ | જામજોધપુર | ૧૨૧ |
| ૫ | જામકલ્યાણપુર | ૨૧૧ |
| ૬ | જામખંભાળીયા | ૨૧૧ |
| ૭ | જામનગર | ૨૫૧ |
| ૮ | જોડીયા | ૭૬ |
| ૯ | કાલાવાડ | ૧૧૯ |
| ૧૦ | લાલપુર | ૧૩૪ |
| | **કુલ** | **૧૪૧૨** |

(૨) ૩૦૫.

(૩) શાળાઓમાં મધ્યાહન ભોજન શેડ બનાવવાની જગ્યાનો અભાવ તેમજ વૈકલ્પિક વ્યવસ્થા ન હોવાના કારણે.

(૪) કેન્દ્ર સરકાર તરફથી પુરતી ગ્રાન્ટની ઉપલબ્ધી તેમજ જમીનની ઉપલબ્ધી થયેથી તુરત જ આ સુવિધા ઉપલબ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરી શકાય.

–––––––

## મોરબી શહેર તથા તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થી અનામતની જોગવાઈઓનું પાલન

અતારાંકિતઃ ૨૬૨૪ (૨૫–૧–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) મોરબી શહેર તથા તાલુકામાં તા.૩૦ જુન–૨૦૧૩ની સ્થિતિએ કઈ કઈ ખાનગી નોન ગ્રાન્ટેડ પ્રાથમિક તથા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બક્ષીપંચના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે અનામતની જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ નથી,

(૨) જોગવાઈઓનું પાલન ન કરનાર શાળાના સંચાલકો સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૩) આ જોગવાઈઓના પાલન માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૬–૬–૧૪)

(૧) **પ્રાથમિક–** નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ માટે જગ્યાઓ અનામત રાખવા રાજ્ય સરકારના ઠરાવ/પરિપત્ર ન હોઈ મોરબી શહેર તથા તાલુકાની નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બક્ષીપંચના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે અનામતની જોગવાઈઓનું પાલન કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**માધ્યમિક–** આવો કોઈ બનાવ બનેલ નથી.

(૨) ઉપર મુજબ પ્રાથમિક તથા માધ્યમિક બંનેમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રાથમિક – પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માધ્યમિક – સરકારશ્રીએ અનુદાન વગરની બિન સરકારી શાળાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બક્ષીપંચના વિદ્યાર્થીઓને અનુક્રમે ૭ ટકા, ૧૪ ટકા અને ૧૦ ટકાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. જે અનામતના વિદ્યાર્થીઓ પાસેથી ફી લેવામાં આવતી નથી તેવા અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પાસેથી ગ્રાન્ટ વગરની શાળા ફી લઈ શકશે. સરકાર તરફથી ફી પેટે કોઈ ગ્રાન્ટ ચૂકવવામાં આવશે નહી તે પ્રમાણેનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે.

–––––––

## સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કાર્યરત વર્ગો

અતારાંકિતઃ ૨૯૧૮(૨૧–૪–૧૪) **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ પ્રાથમિક શાળાઓમાં કેટલા વિદ્યાર્થીદીઠ કેટલા વર્ગો કાર્યરત છે, અને

(૨) તે અન્વયે તાલુકાદીઠ પ્રાથમિક શાળાઓમાં ઉકત સ્થિતિએ કેટલા વર્ગ ખંડો નવા બનાવવાની જરૂરીયાત છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૬–૧૪)

(૧) તા.૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની નીચે મુજબ વર્ગો કાર્યરત છે.

| ક્રમ | તાલુકો | વિદ્યાર્થીઓની સંખ્યા | કાર્યરત વર્ગખંડની સંખ્યા | ક્રમ | તાલુકો | વિદ્યાર્થીઓની સંખ્યા | કાર્યરત વર્ગખંડની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૨૫૯૬૨ | ૧૨૨૨ | ૮ | મેઘરજ | ૨૫૧૦૯ | ૧૧૯૨ |
| ૨ | ભિલોડા | ૩૧૮૨૧ | ૧૪૨૯ | ૯ | મોડાસા | ૨૨૭૭૭ | ૧૧૧૬ |
| ૩ | ધનસુરા | ૧૩૬૫૯ | ૬૮૫ | ૧૦ | પ્રાંતિજ | ૧૮૭૨૯ | ૭૮૪ |
| ૪ | હિંમતનગર | ૩૧૭૧૮ | ૧૨૩૬ | ૧૧ | તલોદ | ૨૦૨૬૬ | ૯૨૭ |
| ૫ | ઈડર | ૨૬૩૬૦ | ૧૧૭૬ | ૧૨ | વડાલી | ૧૦૭૫૮ | ૫૩૪ |
| ૬ | ખેડબ્રહ્મા | ૪૯૨૭૮ | ૧૫૪૩ | ૧૩ | વિજયનગર | ૧૫૦૭૪ | ૬૪૬ |
| ૭ | માલપુર | ૧૩૨૫૨ | ૬૯૬ | | **કુલ** | **૩૦૪૭૬૧** | **૧૩૧૮૬** |

(૨) તે અન્વયે તાલુકાદીઠ નીચે મુજબ વર્ગખંડો નવા બનાવવાની જરૂરીયાત છે.

| ક્રમ | તાલુકો | ખૂટતા વર્ગખંડોની સંખ્યા | ક્રમ | તાલુકો | ખૂટતા વર્ગખંડોની સંખ્યા |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૧૪૨ | ૮ | મેઘરજ | ૪૩ |
| ૨ | ભિલોડા | ૮૧ | ૯ | મોડાસા | ૧૪૪ |
| ૩ | ધનસુરા | ૯૩ | ૧૦ | પ્રાંતિજ | ૫૬ |
| ૪ | હિંમતનગર | ૧૫૮ | ૧૧ | તલોદ | ૮૦ |
| ૫ | ઈડર | ૯૦ | ૧૨ | વડાલી | ૪૦ |
| ૬ | ખેડબ્રહ્મા | ૨૮૩ | ૧૩ | વિજયનગર | ૫૪ |
| ૭ | માલપુર | ૨૫ | | **કુલ** | **૧૨૮૯** |

-------

**સરકસોમાં પ્રાણીઓના આરોગ્યની તપાસ કરવા બાબત**

અતારાંકિતઃ ૨૫૭૬ (૨૫-૧-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં સપ્ટેમ્બર-૨૦૧૩ની સ્થિતિએ ૩ વર્ષમાં ક્યા ક્યા સરકસોમાં પ્રાણીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી,

(૨) ક્યા ક્યા પ્રાણીઓની આરોગ્ય સ્થિતિ ખરાબ જણાઈ, અને

(૩) તે માટે વન વિભાગે શા પગલાં લીધા ?

**વન મંત્રીશ્રી :** (૧૫-૩-૧૪)

(૧) સપ્ટેમ્બર-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં મુનલાઈટ સરકસ, ગ્રેટ રોયલ સરકસ તથા ગ્રેડ ગોલ્ડન સરકસના પ્રાણીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી.

(૨) મુનલાઈટ સરકસના બે હાથીઓમાં ગોળકૃમી જણાયેલ તથા ગ્રેટ રોયલ સરકસના એક માદા હાથીની સ્થિતિ ખરાબ જણાયેલ.

(૩) હેલ્થ એડવાઈઝર/કમિટિ ટુ મોનીટરીંગ એનીમલ હેલ્થ ઈન ઝુ (જેમાં મુખ્ય વન સંરક્ષકશ્રી, વડોદરા અધ્યક્ષ છે તે) સમિતિની સલાહ મુજબ સ્થાનિક વેટરનરી ઓફીસર પાસે લોહીના સેમ્પલ લેવડાવી સંબંધિત માલિક દ્વારા જરૂરી દવાઓ અપાવાઈ હતી.

-------

**સાવરકુંડલા તાલુકાની સીમમાં સિંહણના મોત માટે જવાબદાર આરોપીઓ**

અતારાંકિતઃ ૨૯૭૫ (૨-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સાવરકુંડલા તાલુકાના ફીફાદ ગામની સીમમાં ફાંસામાં ફસાઈ જતાં સિંહણનું મોત નીપજાવ્યા બાદ ગુનાહીત શખ્સો તેને નવેમ્બર-૨૦૧૩ માં એક વાડીમાં નાંખી ગયા હતા તે હકીકત સાચી છે,

(૨) સિંહ માટે ગેરકાયદે ફાંસો ગોઠવનાર અને કૂવામાં ફેંકી દેનાર આરોપી કોણ હતા, અને

(૩) સાવરકુંડલા ખેતર/વાડીમાં ગોઠવાયેલા બીજા ફાંસાઓ શોધી કાઢવા શી વ્યવસ્થા થઈ છે તથા આ જવાબદારી કોને સોંપાઈ છે ?

**વન મંત્રીશ્રી :** (૨૬-૬-૧૪)

(૧) હા, જી.

(૨) આ ગેરકાયેદસર કૃત્ય કરનાર આરોપીઓ (૧) મુકેશભાઈ નાથાભાઈ કાછડીયા, રહે. ફીફાદ તથા (૨) શ્રી ભીમજીભાઈ લાખાભાઈ વાઘેલા રહે. ફીફાદ હતા.

(૩) આવા અન્ય ફાંસલા શોધી કાઢવા માટે સાવરકુંડલા રેંજ સ્ટાફ દ્વારા આજુબાજુના વિસ્તારોમાં સઘન ફેરણું કરી આવા કોઈ વધુ ફાંસલા ગોઠવાયેલ છે કે કેમ, તે બાબતની તપાસ કરાયેલ હતી.

-------

**વાંકાનેર તાલુકામાં મોરના મૃત્યુ પાછળ જવાબદાર આરોપીઓ**

અતારાંકિતઃ ૨૯૭૭ (૨-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના ગારીડા ગામ પાસે ડિસેમ્બર-૨૦૧૩ માં એકી સાથે ૬ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોર અકુદરતી રીતે મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યા હતા, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ઘટનાના આરોપીઓ કોણ કોણ છે, તથા તેની સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે, અને

(૩) ઉકત જિલ્લામાં રાષ્ટ્રીય પક્ષીને સંરક્ષણ આપવા વન વિભાગે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**વન મંત્રીશ્રી :** (૨૬-૬-૧૪)

(૧) ના જી, એકી સાથે ૬ જેટલા રાષ્ટ્રીય પક્ષી મોર મૃત્યુ થયેલ મળી આવેલ હતા પરંતુ ઉંડાણપૂર્વક તપાસ કરતાં મોરના મૃત્યુ કુદરતી રીતે થયાનું જણાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મોર સંરક્ષણ માટે વધુ લોક સંપર્ક રાખી, સ્થાનિક લોકોનો સહકાર મેળવી, વન્યપ્રાણી તથા પક્ષીઓના સંરક્ષણ કરવા વન વિભાગ દ્વારા જરૂરી સઘન પેટ્રોલીંગ કરી સંરક્ષણના પ્રયત્નો કરવામાં આવે છે.

-------

**કચ્છ જિલ્લામાં ખાદ્યતેલોમાં ભેળસેળ કરનારા ઈસમો**

અતારાંકિતઃ ૧૬૨૧ (૧-૯-૧૩) **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦-૬-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં વર્ષવાર કચ્છ જિલ્લામાં તાલુકાવાર ખાદ્ય તેલોમાં ભેળસેળ કરનારા કેટલા ઈસમો પકડાયા,

(૨) તે અન્વયે આવા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ખાદ્યતેલમાં ભેળસેળ અટકાવવા સરકારે શાં પગલાંઓ લીધા, અને

(૪) ઉકત સ્થિતિએ ખાદ્ય તેલમાં ભેળસેળ અટકાવવા વર્ષવાર કેટલી વખત દરોડા પાડી ચેકીંગ કરવામાં આવ્યું ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૩૦-૬-૧૪)

(૧) કુલ-૧ ઈસમ

| વર્ષ | તાલુકાનું નામ | ઈસમોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | -- | કોઈ નહી |
| ૨૦૧૦-૧૧ | -- | કોઈ નહી |
| ૨૦૧૧-૧૨ | -- | કોઈ નહી |
| ૨૦૧૨-૧૩ | અંજાર | ૧ |
| ૩૦-૬-૧૩ ની સ્થિતિએ | **કુલ** | **૧** |

(૨) ૧ કિસ્સામાં એડજ્યુડીકેશન માટે ફુડ સેફટી એકટ હેઠળ અરજી દાખલ કરવામાં આવી છે.

(૩) રાજ્યના તથા કોર્પોરેશનના ફુડ સેફટી ઓફિસરો દ્વારા વ્યાપક પ્રમાણમાં ખાદ્ય તેલના નમૂના લેવામાં આવે છે અને ખાદ્ય તેલની વેચાણ કરતી પેઢીઓની ઓચિંતી તપાસ કરવામાં આવે છે.

(૪) વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબ દરોડા પાડી ચેકીંગ કરવામાં આવ્યું.

| વર્ષ | ચેકીંગની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૩ |
| ૨૦૧૦-૧૧ | ૧૨ |
| ૨૦૧૧-૧૨ | ૧૩ |
| ૨૦૧૨-૧૩ | ૨૧ |

-------

**અમદાવાદ જિલ્લા પોલીસવડાની ગામોની સ્થળ, મુલાકાત**

અતારાંકિતઃ ૨૮૫૫ (૨૨-૪-૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) અમદાવાદ જિલ્લા પોલીસ વડાશ્રી દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યારે ક્યારે ક્યા ક્યા ગામોની મુલાકાત (વિઝીટ) લીધી,

(૨) સ્થળ મુલાકાતમાં ક્યા ક્યા પ્રકારના ગુન્હા, ગુનાહિત કનડગત તથા પોલીસતંત્રત સંબંધી સમસ્યાઓ ગેરરીતિઓની ફરિયાદો મળી, અને

(૩) મળેલ પ્રશ્નો, ફરિયાદો, ગેરરીતિઓના ઉકેલ માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧-૭-૧૪)

(૧) **પત્રક** મુજબ.

**પ ત્ર ક**

**તા.૧-૧-૨૦૧૧ થી ૩૧-૧૨-૨૦૧૧**

| તારીખ | ગામ | તારીખ | ગામ |
|---|---|---|---|
| તા.૧૩-૧-૧૧ | ધોલેરા | તા.૨૪-૬-૧૧ | ભાત |
| તા.૧૭-૧-૧૧ | ધોળકા | તા.૩-૮-૧૧ | થલતેજ |
| | બરવાળા | તા.૧૮-૮-૧૧ | મણીપુર |
| તા.૨-૨-૧૧ | અસલાલી | તા.૨૬-૮-૧૧ | નવાપુરા |
| તા.૯-૨-૧૧ | રીંબડી | | મોડાસર |
| તા.૨૧-૨-૧૧ | બોડીયા | તા.૨૭-૮-૧૧ | ધોળકા |
| તા.૨૬-૨-૧૧ | વિરોચનનગર | તા.૧-૯-૧૧ | બોપલ |
| તા.૨-૩-૧૧ | બોપલ | તા.૨૧-૯-૧૧ | સાલજડા |
| તા.૭-૩-૧૧ | રૂપગઢ | તા.૨૩-૯-૧૧ | ભાયલા |
| તા.૧૧-૩-૧૧ | નિધરાડ | તા.૪-૧૦-૧૧ | સરખેજ |
| તા.૧૮-૩-૧૧ | બોપલ | તા.૬-૧૦-૧૧ | ગ્યાસપુર |
| તા.૪-૪-૧૧ | કુબડથલ | તા.૧૮-૧૦-૧૧ | સરખેજ |
| તા.૯-૪-૧૧ | સાણંદ | તા.૨૦-૧૦-૧૧ | ઓગણજ |
| તા.૨૭-૪-૧૧ | ભોજવા ગામ | તા.૨૧-૧૦-૧૧ | ધંધુકા |
| તા.૧-૫-૧૧ | સાણંદ | તા.૧-૧૧-૧૧ | પીરાણા |
| તા.૬-૫-૧૧ | સરખેજ | તા.૫-૧૧-૧૧ | પીરાણા |
| તા.૮-૫-૧૧ | કૌકા | તા.૮-૧૧-૧૧ | વૌંઠા |
| તા.૧૦-૫-૧૧ | સીમેજ | તા.૧૬-૧૧-૧૧ | ખડોળ |
| તા.૧૮-૫-૧૧ | ચાંગોદર | તા.૧૮-૧૧-૧૧ | રજોડા |
| તા.૧૯-૫-૧૧ | સાણંદ | તા.૧૯-૧૧-૧૧ | સાણંદ |
| તા.૨૭-૫-૧૧ | મહમદપુરા | તા.૨૪-૧૧-૧૧ | કટોસણ રામપુરા |
| તા.૧૭-૬-૧૧ | ખોડા | તા.૨૩-૧૨-૧૧ | ગાંગડ |
| તા.૨૨-૬-૧૧ | રાણપુર | તા.૨૪-૧૨-૧૧ | બોપલ |
| તા.૨૩-૬-૧૧ | ધોળકા | તા.૨૯-૧૨-૧૧ | વિરમગામ રૂરલ |

**તા.૧-૧-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૨**

| તારીખ | ગામ | તારીખ | ગામ |
|---|---|---|---|
| તા.૧-૧-૧૨ | મીરોલી | તા.૧૯-૬-૧૨ | ધોળકા |
| તા.૬-૧-૧૨ | ગાણોલ | તા.૨૦-૬-૧૨ | બરવાળા |
| તા.૧૧-૧-૧૨ | હાથીજણ | તા.૨૭-૬-૧૨ | અણીયારી |
| તા.૧૯-૧-૧૨ | રામપુરા | તા.૨૯-૬-૧૨ | કાસીન્દ્રા, બારેજડી |
| તા.૨૪-૧-૧૨ | સાણંદ | તા.૩૦-૬-૧૨ | ગ્યાસપુર ભાટ્ઠા |
| તા.૨-૨-૧૨ | બાવળા | તા.૨૩-૭-૧૨ | રતનપુરા |
| તા.૧૫-૨-૧૨ | સરખેજ | તા.૨૪-૭-૧૨ | બાવળા |
| તા.૨૩-૨-૧૨ | શેલા | તા.૨૫-૭-૧૨ | સોકલી |
| તા.૨-૩-૧૨ | ધંધુકા | તા.૩૦-૭-૧૨ | રોજકા |
| તા.૨૭-૩-૧૨ | હીરાપુર | તા.૧૨-૮-૧૨ | રામપુરા |
| તા.૩૧-૩-૧૨ | વિરમગામ | તા.૧૪-૮-૧૨ | નળસરોવર |
| તા.૨-૪-૧૨ | વિરમગામ | તા.૧૮-૮-૧૨ | વિરમગામ |
| તા.૧૭-૪-૧૨ | સરખેજ | તા.૨૫-૮-૧૨ | બોપલ |
| તા.૧૯-૪-૧૨ | ઓડકી | તા.૨૮-૮-૧૨ | બાવળા |
| તા.૨૭-૪-૧૨ | ફેદરા | તા.૨૯-૮-૧૨ | સારંગપુર |
| તા.૧-૫-૧૨ | અસલાલી | તા.૩૦-૮-૧૨ | મૌરૈયા, ચાંગોદર |
| તા.૫-૫-૧૨ | સારંગપુર | તા.૯-૯-૧૨ | સાણંદ |
| તા.૯-૫-૧૨ | વિવેકાનંદ નગર | તા.૨૬-૯-૧૨ | જાળીયા |
| તા.૧૮-૫-૧૨ | માંડલ | તા.૧૭-૧૦-૧૨ | હાસલપુર |
| તા.૨૧-૫-૧૨ | ભડીયાદ | તા.૧૯-૧૦-૧૨ | હાસલપુર |
| તા.૨૭-૫-૧૨ | બોપલ, ખોડા, પાટીયા | તા.૨-૧૧-૧૨ | સરખેજ |
| તા.૨-૬-૧૨ | માંડલ | તા.૩-૧૧-૧૨ | ધોરી |
| તા.૪-૬-૧૨ | સરખેજ | તા.૬-૧૧-૧૨ | ગોતા |
| તા.૬-૬-૧૨ | શેલા | તા.૨-૧૨-૧૨ | બગોદરા |
| તા.૧૧-૬-૧૨ | સાણંદ | તા.૪-૧૨-૧૨ | રૂદાતલ |
| તા.૧૪-૬-૧૨ | છારોડી | તા.૨૯-૧૨-૧૨ | બરવાળા |
| તા.૧૭-૬-૧૨ | વિરમગામ | | |

**તા.૧-૧-૨૦૧૩ થી ૩૧-૧૨-૨૦૧૩**

| તારીખ | ગામ | તારીખ | ગામ |
|---|---|---|---|
| તા.૧૨-૧-૧૩ | ભાયલા | તા.૫-૭-૧૩ | વિરમગામ |
| તા.૧૪-૧-૧૩ | દોલપુરા | તા.૮-૭-૧૩ | ધોળકા |
| તા.૧૯-૧-૧૩ | ગણપતીપુરા | તા.૧૦-૭-૧૩ | વિરમગામ |
| તા.૨૪-૧-૧૩ | અમીયાપુરા | | ધોળકા |
| તા.૫-૨-૧૩ | માંડલ | તા.૧૧-૭-૧૩ | ગોતા |
| તા.૬-૨-૧૩ | બાવળા | તા.૬-૮-૧૩ | ભડાણા |
| | વિઠ્ઠલાપુર | તા.૧૦-૮-૧૩ | લોલીયા |
| તા.૧૧-૨-૧૩ | બોપલ | તા.૧૨-૮-૧૩ | હાસલપુર |
| તા.૧૩-૨-૧૩ | પીપળી | તા.૧૩-૮-૧૩ | સરખેજ |
| તા.૨૨-૨-૧૩ | ચાંગોદર | તા.૨૦-૮-૧૩ | હાસલપુર |
| તા.૨૫-૨-૧૩ | નાના ઉંભડા | તા.૨૧-૮-૧૩ | કાસીંન્દ્રા, બારેજડી |

| | | | |
|---|---|---|---|
| તા.૫–૩–૧૩ | શેલા | તા.૧–૯–૧૩ | વિરમગામ |
| તા.૧૨–૩–૧૩ | કણભા | તા.૨–૯–૧૩ | અસલાલી |
| તા.૧૬–૩–૧૩ | ખોખર | તા.૮–૯–૧૩ | ધંધુકા |
| તા.૨૧–૩–૧૩ | કોઠ | તા.૧૨–૯–૧૩ | વિરોચનનગર |
| તા.૧૦–૪–૧૩ | બોપલ | તા.૨૭–૯–૧૩ | ખડોળ |
| | વિવેકાનંદનગર | તા.૩૦–૯–૧૩ | સાણંદ |
| તા.૧૧–૪–૧૩ | કણભા | તા.૩–૧૦–૧૩ | ધંધુકા |
| તા.૨૦–૪–૧૩ | વિરમગામ | તા.૧૭–૧૦–૧૩ | રામપુરા |
| તા.૨૮–૪–૧૩ | ગોતા | તા.૩૧–૧૦–૧૩ | ઘીગડા |
| તા.૧૪–૫–૧૩ | ધોળકા | તા.૭–૧૧–૧૩ | ચાંગોદર, કોલટ |
| | ભડીયાદ | તા.૧૨–૧૧–૧૩ | વૌઠા, બાવળા |
| તા.૧૫–૫–૧૩ | બગોદરા | તા.૨૧–૧૧–૧૩ | કણભા |
| | છારોડી | તા.૧૮–૧૨–૧૩ | વિરમગામ રૂરલ |
| તા.૧૯–૫–૧૩ | સાણંદ | તા.૨૧–૧૨–૧૩ | હાસલપુર |
| તા.૨૬–૬–૧૩ | કૌકા, ઇંગોલી | તા.૨૨–૧૨–૧૩ | દોલતપુરા |
| તા.૧–૭–૧૩ | લોલીયા | તા.૨૭–૧૨–૧૩ | શીલજ |
| તા.૩–૭–૧૩ | બગોદરા | | |

(૨) સ્થળ મુલાકાત દરમ્યાન ગંભીર પ્રકારના ગુન્હા તેમજ મિલકત સંબંધીત ગુન્હાની ફરિયાદો મળેલ છે.

(૩) ગંભીર પ્રકારના ગુન્હા નિવારવા અસરગ્રસ્ત વિસ્તારમાં ગૃપ પેટ્રોલીંગ, વિલેજ વિજીટેશન તેમજ મોબાઈલ પેટ્રોલીંગ માટેની કાર્યવાહી કરવામાં આવે છે તથા મિલકત સંબંધી ગુન્હાઓ અટકાવવા માટે હાઈવે પેટ્રોલીંગ મોબાઈલ પેટ્રોલીંગ, ફિક્સ પોઈન્ટ, નાકાબંધી, નામીચા ગુન્હેગારો ચેક કરવા વિગેરે કાર્યવાહી કરવામાં આવે છે.

–––––––

**રાજ્યમાં જિલ્લાવાર ગેરકાયદેસર દારૂના વેચાણ બાબત**

અતારાંકિતઃ ૨૮૫૮ (૧૯–૪–૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૧૨–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ગેરકાયદેસર દારૂના વેચાણ અંગે વર્ષવાર કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ દરોડા દરમિયાન વર્ષવાર કેટલો દેશી દારૂ અને કેટલો વિદેશી દારૂ પકડવામાં આવ્યો અને તેની અંદાજીત કિંમત કેટલી છે,

(૩) ઉકત સમયગાળામાં દરોડા દરમ્યાન પકડાયેલ ઈસમો પૈકી એક થી વધુ વખત પકડાયા હોય તેવા ઈસમોની સંખ્યા વર્ષવાર કેટલી છે, અને

(૪) ઉકત સ્થિતિએ પકડાયેલ ઈસમો ઉપર શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧–૭–૧૪)

(૧) ***પત્રક–અ** પ્રમાણે.

(૨) ***પત્રક–બ** પ્રમાણે.

(૩) ***પત્રક–ક** પ્રમાણે.

(૪) ઉકત સ્થિતિએ પકડાયેલ ઈસમો ઉપર પાસા, હદપારી, પ્રોહીબીશન–૯૩ જેવા કેસો કરવામાં આવેલ છે. આવા ઈસમો વિરૂધ્ધ પકડયા બાદ ઝીણવટ ભરી તપાસ કરી પુરાવાઓ એકત્રિત કરી આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

-------

## રાજ્યમાં પકડાયેલ દારૂનો નાશ કરવા બાબત

અતારાંકિતઃ ૨૮૬૨ (૨૨-૪-૧૪) **ર્ડા. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧-૧૨-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલો દારૂ પકડવામાં આવ્યો,

(૨) પકડાયેલ દારૂની વર્ષવાર કેટલી રકમ અંદાજવામાં આવેલ,

(૩) તે પૈકી વર્ષવાર કેટલા દારૂનો નાશ કરવામાં આવ્યો, અને

(૪) પકડાયેલ દારૂનો સંપૂર્ણ નાશ ન થયો હોય તો ક્યાં સુધીમાં દારૂનો નાશ કરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧-૭-૧૪)

(૧) ***પત્રક-અ** પ્રમાણે.

(૨) ***પત્રક-બ** પ્રમાણે.

(૩) ***પત્રક-ક** પ્રમાણે.

(૪) જરૂરી કાયદાકીય કાર્યવાહી પૂરી થયેથી.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

-------

## દાહોદ જિલ્લામાં ધાનપુરા તાલુકાનાં ઝાબુ ગામમાં મહિલાને ડાકણ તરીકે જાહેર કરી જાહેરમાં માર મારવા બાબત

અતારાંકિતઃ ૨૯૬૫ (૨૨-૪-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકાના ઝાબુ ગામમાં તા.૧ થી ૧૫ જાન્યુઆરી-૨૦૧૪ દરમ્યાન એક નિર્દોષ મહિલાને ડાકણ જાહેર કરી ભુવા પાસે લઈ જવામાં આવી હતી. અને તેને માર મારવામાં આવ્યો હતો તેમજ તેને રસ્તામાં ઘસેડીને લઈ જવામાં આવી હતી અને આ મહિલા ગંભીર રીતે ઘાયલ થતાં તેનું કરુણ મૃત્યુ થયું હતું, તે ગંભીર હકીકતથી ગૃહ વિભાગ અને પોલીસ તંત્ર વાકેફ છે, કે કેમ,

(૨) આ ગંભીર ઘટનામાં મહિલાને ડાકણ જાહેર કરનાર ગુનાહિત ઈસમો કોણ છે, અને તેની સામે શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૩) આ જિલ્લામાં મહિલાને ડાકણ જાહેર કરવાના ચાલતા ક્રૂર રીત રિવાજ તોડી પાડવા અને નિર્દોષ મહિલાને સંરક્ષણ પૂરૂ પાડવા પોલીસતંત્ર તરફથી શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩૦-૬-૧૪)

(૧) હા, જી.

(૨) આ ગંભીર ઘટનામાં મહિલાને ડાકણ જાહેર કરનાર ઈસમો (૧) ભારતાભાઈ મનસુખભાઈ (૨) મંગાભાઈ અનસુભાઈ (૩) હેમરાજભાઈ (૪) શનીયાભાઈ અનસુભાઈ તમામ જાતે પરમાર રહે.ઝાંબુ તા.ધાનપુર નાઓ વિરૂધ્ધ ફરીયાદીની ફરીયાદ લઈ તા.૧૩-૧-૨૦૧૪ ના રોજ ધાનપુર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૪/૧૪ ઈ.પી.કો. કલમ-૩૦૨, ૩૦૪, ૩૪, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ક.૧૧-૩૦ વાગે ગુન્હો રજીસ્ટર કરી આરોપીઓને આ ગુન્હાના કામે તા.૧૪-૧-૨૦૧૪ ના ક.૧૫-૩૦ વાગે અટક કરવામાં આવેલ છે. અને તેઓની વિરૂધ્ધ તા.૨૮-૩-૨૦૧૪ ના રોજ ચાર્જશીટ કરવામાં આવેલ છે કેસ હાલ નામ. કોર્ટમાં પેન્ડીંગ છે.

(૩) જિલ્લામાં અંધ શ્રધ્ધા દૂર થાય તે સારૂ ગોધરા સ્થિત આનંદી સંસ્થા (એન.જી.ઓ.) દ્વારા દાહોદ સુરક્ષા સેતુ અંતર્ગત ''કોઈ બેન ડાકણ નથી'' તે નાટક આદીવાસી હાટ બજારમાં જાહેરમાં શો કરાવેલ છે. તેમજ ડાકણ સંબંધી વહેમ બાબતે કોઈ રજુઆત કે અરજી મળ્યેથી તાત્કાલિક તપાસ કરી જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

-------

**રાજકોટ શહેર તાલુકામાં ડીટેન થયેલ વાહનો**

અતારાંકિતઃ ૩૧૨૬ (૧૮-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ શહેર તાલુકામાં આવેલ પોલીસ સ્ટેશનોમાં વિવિધ ગુન્હાઓમાં ડીટેન થયેલા વાહનો કેટલા છે,

(૨) આ વાહનો ક્યા પ્રકારના છે, તેની કિંમત કેટલી અને કેટલા સમયથી ડીટેન કરેલા છે, અને

(૩) આ વાહનો મુળ માલીકને સોંપવા સરકાર કોઈ કાર્યવાહી કરવા માંગે છે ખરી ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૩-૭-૧૪)

(૧) રાજકોટ શહેર તાલુકામાં ૩૫૯ વાહનો વિવિધ ગુન્હામાં ડીટેન થયેલ છે.

(૨) આ વાહનો મોટર સાયકલ, કાર, ઓટોરીક્ષા, ટ્રક, મેટાડોર, છોટાહાથી, ટ્રેકટર, દ્વિચક્રી, થ્રીચક્રી વગેરે પ્રકારના છે. તેની કિંમત કુલ રૂ.૨,૭૨,૪૬,૩૦૦ જેટલી હતી. જે વાહનોમાં એક વર્ષ ઉપરના ૧૫૦ તથા એક વર્ષ અંદરના ૨૦૯ છે.

(૩) ડીટેન થયેલ વાહન તેના મૂળ માલીકો નામદાર કોર્ટમાં કાયદાકિય પ્રક્રિયા પૂર્ણ કરીને પરત મેળવી શકે છે.

-------

**જામનગર જિલ્લામાં પોલીસ દ્વારા આરોપીને માર મારવાની ઘટના**

અતારાંકિતઃ ૩૨૫૯ (૧૬-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૨ અને ૨૦૧૩ માં પોલીસ દ્વારા આરોપીને માર મારવાની અને ઢોરમાર મારવાની કેટલી ઘટના બની,

(૨) ગુનાહિત પોલીસ કર્મચારી સામે શા કાનુની પગલા લેવાયા, અને

(૩) આવી ઘટનાનું પુનરાવર્તન ટાળવા શા આદેશો થયાં છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૭-૬-૧૪)

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૨ અને ૨૦૧૩ માં પોલીસ દ્વારા આરોપીને માર મારવાની અને ઢોરમાર મારવાની કોઈ ઘટના બની નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**જામનગર જિલ્લામાં મહિલાઓને સ્ટેટમેન્ટ આપવા પોલીસ સ્ટેશનમાં બોલાવવા બાબત**

અતારાંકિતઃ ૩૨૬૯ (૧૮-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૨ અને ૨૦૧૩ માં કેટલા કિસ્સામાં પ્રતિબંધ હોવા છતાં મહિલાઓને સ્ટેટમેન્ટ આપવા પોલીસ સ્ટેશને બોલાવવામાં આવી,

(૨) તે માટે જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે શાં કાનુની પગલાં લેવામાં આવ્યાં, અને

(૩) આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૩-૭-૧૪)

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**પ્રાંતિજ અને તલોદ તાલુકામાં બ્લેકટ્રેપ કવોરી માટે રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ સરકારી જમીન**

અતારાંકિતઃ ૨૯૧૯ (૨૪-૪-૧૪) **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) :** માનનીય ખાણ-ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૨૮-૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાંતિજ અને તલોદ તાલુકામાં બ્લેકટ્રેપ કવોરી માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી સરકારી જમીન ફાળવવામાં આવી, અને

(૨) આ જમીન ક્યા ક્યા બ્લોકના સર્વે નંબરોમાં ફાળવવામાં આવી ?

**ખાણ-ખનીજ મંત્રીશ્રી :** (૨૫-૬-૧૪)

(૧) અને (૨) **:** રાજ્ય સરકાર દ્વારા બ્લેકટ્રેપ કવોરી માટે કોઈ સરકારી જમીન ફાળવવામાં આવી નથી, તેથી પ્રશ્ન રહેતો નથી.

-------

**રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને ભાવનગર જીલ્લામાં લીઝ માટેની માંગણીઓ**

અતારાંકિતઃ ૩૧૧૭ (૫-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૧-૧૨, સને ૨૦૧૨-૧૩ અને સને ૨૦૧૩-૧૪ ના નાણાકીય વર્ષમાં રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢ અને ભાવનગર જીલ્લામાં ખાણ અને ખનિજ ખાતામાં કઈ કઈ લીઝ માટેની કેટલી માગણીઓ આવેલ છે,

(૨) આ પૈકી કેટલી માગણીઓ મંજૂર થયેલ, કેટલી નામંજૂર થયેલ, અને

(૩) માગણીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૩-૭-૧૪)

(૧) અને (૨) **:** સામેલ **પત્રક** મુજબ.

**પ ત્ર ક**

| અ.નં. | જીલ્લાનું નામ | મળેલ અરજીઓ | | મંજૂર કરેલ અરજીઓ | | નામંજૂર કરેલ અરજીઓ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ | મુખ્ય ખનિજ | ગૌણ ખનિજ |
| ૧ | રાજકોટ | ૨૭ | ૧૮૫૨ | ૦ | ૧૭ | ૦ | ૧૬૧ |
| ૨ | સુરેન્દ્રનગર | ૨૦ | ૨૬૬૮ | ૦ | ૬ | ૦ | ૧૧૯૨ |
| ૩ | જુનાગઢ | ૧૨ | ૧૦૫૪ | ૦ | ૬૯ | ૦ | ૮૭૨ |
| ૪ | ભાવનગર | ૨ | ૪૦૯ | ૦ | ૪૫ | ૦ | ૧૫૯ |

(૩) લીઝ માટેની અરજીઓ નામંજૂર થવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

૧. મહેસૂલી/વન/તાંત્રિક અભિપ્રાય નકારાત્મક હોવાથી.

૨. માંગણીવાળા વિસ્તારમાં માંગણીવાળુ ખનીજ નહિ મળવાના ના કારણે.

૩. માંગણીવાળો વિસ્તાર ઓવરલેપ થવાના કારણે.

૪. અરજદારને રસ ના હોવાના કારણે.

૫. અરજી જાહેરાત ના સમયમર્યાદા બાદ આવેલ હોવાથી.

૬. અભ્યારણ થી પાંચ કિ.મી. ની ત્રિજયામાં આવતી હોવાથી.

૭. ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો–૨૦૧૦ ના નિયમ ૧૪ (૧) મુજબ માંગણીવાળો વિસ્તાર ૧ હેકટર કરતા ઓછો હોવાના કારણે તેમજ સાદી રેતી માટે ૦.૨૫ હેકટર થી ઓછો હોવાને કારણે.

–––––––

## રાજ્યમાં વસુલ કરવામાં આવેલ રોયલ્ટીની રકમ

અતારાંકિતઃ ૩૧૧૮ (૫–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં જીલ્લાવાર ખાણ અને ખનિજ વિભાગ દ્વારા કેટલી રકમની રોયલ્ટી વસૂલ કરવામાં આવી,

(૨) રોયલ્ટી ચોરી અંગે સરકારને કેટલી ફરીયાદો મળી, તે પૈકી કેટલી ફરીયાદોનો નિકાલ થયો, અને

(૩) સરકારે રોયલ્ટીની ચોરી અટકાવવા કેવા પગલાં લેવા માગે છે ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૩–૭–૧૪)

(૧) સામેલ **પત્રક** મુજબ.

**પ ત્ર ક**

| અ.નં. | જીલ્લાનું નામ | વસૂલ કરેલ રોયલ્ટી રૂ.લાખ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧૬૫.૬૮ |
| ૨ | અમરેલી | ૧૪૭૯૪.૨૧ |
| ૩ | કચ્છ | ૪૭૯૨૨ |
| ૪ | ખેડા | ૭૯૪૬.૧૩ |
| ૫ | આણંદ | ૧૩૦૬.૮૨ |
| ૬ | ગાંધીનગર | ૪૪૭૬.૯૫ |
| ૭ | જામનગર | ૧૭૬૨૭.૭૭ |
| ૮ | જુનાગઢ | ૧૬૮૪૮.૫૪ |
| ૯ | ગીર સોમનાથ | |
| ૧૦ | પોરબંદર | ૧૧૮૨૯.૪૩ |
| ૧૧ | પંચમહાલ | ૬૮૩૦.૭૪ |
| ૧૨ | દાહોદ | ૧૬૯૦.૨૪ |
| ૧૩ | બનાસકાંઠા | ૫૭૫૩.૨૩ |
| ૧૪ | ભરૂચ | ૯૮૨૫.૬૯ |
| ૧૫ | નર્મદા | ૫૪૧.૨ |
| ૧૬ | ભાવનગર | ૭૪૫૬.૩૭ |
| ૧૭ | બોટાદ | |
| ૧૮ | મહેસાણા | ૨૦૧૧.૦૧ |
| ૧૯ | પાટણ | ૪૫૩.૬૬ |
| ૨૦ | રાજકોટ | |
| ૨૧ | મોરબી | ૫૪૫૧.૯ |
| ૨૨ | વડોદરા | ૬૩૭૯.૦૩ |
| ૨૩ | છોટા ઉદેપુર | |
| ૨૪ | વલસાડ | ૨૭૫૫.૦૬ |
| ૨૫ | નવસારી | ૧૦૨૮૧.૮૫ |
| ૨૬ | સાબરકાંઠા | ૧૦૯૮૩.૯૩ |
| ૨૭ | અરવલ્લી | |
| ૨૮ | સુરત | ૧૭૭૪૪.૩૨ |

| અ.નં. | જીલ્લાનું નામ | વસૂલ કરેલ રોયલ્ટી રૂ.લાખ |
|---|---|---|
| ૨૯ | તાપી | ૪૯૨૬.૨૮ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૭૪૨.૪ |
| ૩૧ | મહીસાગર | ૧૪૩.૩૫ |
| ૩૨ | દેવભૂમી દ્વારકા | ૧૭૨૧.૦૨ |

(૨) મળેલ ફરિયાદો–૩૭૧૭

નિકાલ કરેલ ફરિયાદો–૩૨૫૨

(૩) નીચે મુજબ પગલા લેવામાં આવે છે.

(૧) રાજ્ય સ્તરે તથા જીલ્લા સ્તરે ટાસ્ક ફોર્સ તથા ગ્રીવાન્સ રીડ્રેસલ સેલની રચના કરવામાં આવેલ છે.

(૨) ૨૪ કલાક ગેરકાયદે ખનિજ વહન/ખોદકામની ફરીયાદો નોંધવા આઇ.વી.આર.એસ. સીસ્ટમનો ૨૪ કલાક ઉપયોગ કરવામાં આવે છે.

(૩) રેલ્વે, બંદર, કસ્ટમ ખાતા સાથે સંકલન સાધી ખનિજ હેરફેર અને ખનિજ ખોદકામ પર દેખરેખ રાખવામાં આવે છે.

(૪) ઓવરલોડીંગ ખનિજનું વહન અટકાવવા રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વજનકાંટાઓ અધિકૃત કરવામાં આવેલ છે.

(૫) ખનિજના ટ્રેડર્સોનું રજીસ્ટ્રેશન કરવામાં આવે છે.

(૬) તમામ લીઝોનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા સીસ્ટમ ઓડીટ કરાવવામાં આવે છે.

(૭) રોયલ્ટી પાસનો દુરુપયોગ અટકાવવા બાર કોડીંગ પદ્ધતિ અપનાવેલ છે.

(૮) તપાસ ટીમો સાથે એકસ–આર્મી મેનની ટીમ પણ ફાળવવામાં આવેલ છે.

–––––––

## માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી કાર્યક્રમો/ઉત્સવો પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૨૮૩૦ (૧૩–૨–૧૪) **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) માહિતી પ્રસારણ વિભાગ દ્વારા તા.૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી કાર્યક્રમો–સરકારી ઉત્સવો પાછળ જાહેરાત પેટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કેટલો ખર્ચ ક્યા ક્યા ટી.વી. પ્રેસ માધ્યમો પાછળ કરવામાં આવ્યો ?

**મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) **:** (૧૦–૭–૧૪)

(૧) તા.૨૦–૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જાહેરાતો પાછળ વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

(૧) તા.૨૧–૧–૨૦૧૨ થી તા.૨૦–૧–૨૦૧૩ કુલ ખર્ચ રૂ.૪,૭૬,૩૨,૨૪૫/–

(૨) તા.૨૧–૧–૨૦૧૩ થી તા.૨૦–૧–૨૦૧૪ કુલ ખર્ચ રૂ.૧૬,૯૯,૯૪,૪૭૭/–

(૨) ટી.વી. પ્રેસ માધ્યમો પાછળ સામેલ *પરિશિષ્ટ–અ મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

**(*પરિશિષ્ટ–અ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

–––––––

## રાજ્યમાં ઉત્સવો, મહોત્સવો અને મેળાઓનાં પ્રચાર માટે ખર્ચ

અતારાંકિતઃ ૨૯૬૮ (૯–૫–૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં સન ૨૦૧૨ અને ૨૦૧૩ ના વર્ષમાં માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તક જુદા જુદા ઉત્સવો, મહોત્સવો, મેળાઓના પ્રચાર માટે માહિતી ખાતા તરફથી કેટલો ખર્ચ જિલ્લાવાર કરવામાં આવ્યો,

(૨) આ ખર્ચ માટે કઈ ખાનગી એજન્સીઓને કેટલી રકમ જિલ્લાવાર ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત ખાનગી એજન્સીઓ પસંદ કરવા માટે શી શરતો નક્કી કરવામાં આવી હતી ?

**મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) **:** (૨૭–૬–૧૪)

(૧) વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ દરમિયાન માહિતી કમિશ્નર કચેરી તરફથી પ્રચાર–પ્રસાર માટે જિલ્લાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| જિલ્લાનું નામ | તા.૧–૧–૧૨ થી તા.૩૧–૧૨–૧૨ સુધીનો ખર્ચ રૂપિયા | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩ સુધીનો ખર્ચ રૂપિયા |
|---|---|---|
| અમરેલી | ૪૨,૯૯૭ | ૧,૩૩,૪૩૫ |
| પાલનપુર | ૧,૮૫,૦૮૨ | ૨,૧૭,૨૭૬ |
| ભરૂચ | ૧૩,૫૬૫ | ૩૮,૪૨૮ |
| ભાવનગર | ૩૧,૯૬૨ | ૬૨,૯૭૨ |
| જામનગર | ૨૦,૧૧૮ | ૮૫,૭૫૬ |
| જુનાગઢ | ૭૯,૫૧૬ | ૧,૯૬,૪૪૧ |
| ભૂજ | ૬૫,૫૦૯ | ૧,૪૬,૨૮૬ |
| મહેસાણા | ૨૪,૮૪૩ | ૨૪,૯૨૬ |
| રાજકોટ | ૧,૪૬,૩૫૦ | ૪,૮૮,૨૪૯ |
| સાબરકાંઠા | ૨૯,૨૦૭ | ૬૧,૧૫૨ |
| સુરત | ૫,૨૨,૪૨૬ | ૭,૦૦,૨૦૬ |
| સુરેન્દ્રનગર | ૪૨,૨૭૨ | ૭૭,૩૭૯ |
| વડોદરા | ૭૫,૬૪૫ | ૯૨,૧૨૧ |
| વલસાડ | ૬૭,૪૭૨ | ૬૦,૫૩૫ |
| દાહોદ | ૮૭,૪૮૨ | ૭૦,૫૨૮ |
| પાટણ | ૧,૪૭,૮૪૪ | ૮૭,૬૮૭ |
| આણંદ | ૧,૩૪,૪૧૬ | ૧,૦૪,૧૨૯ |
| નવસારી | ૨૪,૮૪૨ | ૬૪,૨૧૭ |
| ગાંધીનગર | ૨,૩૨,૯૦૦ | ૨,૬૬,૯૭૩ |
| અમદાવાદ | ૩૩,૫૮,૨૧૯ | ૪૫,૧૭,૬૯૭ |
| ગાંધીનગર–હોર્ડિંગ્સ | ૪૨,૦૦૦ | ––– |

(૨) નીચેની વિગતે ખાનગી એજન્સીઓને જિલ્લાવાર રકમની ચૂકવણી કરવામાં આવેલ છે.

| જિલ્લાનું નામ | એજન્સીનું નામ | તા.૧–૧–૧૨ થી તા.૩૧–૧૨–૧૨ સુધીનો ખર્ચ રૂપિયા | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩ સુધીનો ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| અમરેલી | અવધ ટાઈમ્સ | ૩૧,૮૩૯ | ૬૪,૮૮૪ |
| | ગીરીરાજ ટાઈમ્સ | ૩,૪૩૯ | ૧૮,૬૨૪ |
| | દીવ્ય પ્રકાશ | ૪,૨૮૦ | ૨૯,૮૯૯ |
| | વોટબેંક | ૩,૪૩૯ | ૨૦,૦૨૮ |
| પાલનપુર | પાલનપુર સમાચાર | ૨૯,૨૦૭ | ૨૪,૯૨૭ |
| | રખેવાળ | ૩૫,૧૪૪ | ૨૮,૩૩૩ |
| | બનાસસેતુ | ૧૭,૯૪૦ | ૨૯,૯૦૦ |

| જિલ્લાનું નામ | એજન્સીનું નામ | તા.૧-૧-૧૨ થી તા.૩૧-૧૨-૧૨ સુધીનો ખર્ચ રૂપિયા | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધીનો ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| | જનસેતુ | ૨૩,૪૬૭ | ૨૦,૦૨૮ |
| | ગુજરાત સેવા | --- | ૨૦,૦૨૯ |
| | ધ અલ્ટીમેટ | ૧૭,૭૪૫ | ૨૯,૯૦૦ |
| | બી.કે. ન્યુઝ | ૨૪,૮૪૨ | ૨૪,૯૨૬ |
| | ધી મેસેજ | ૧૮,૯૯૨ | ૨૪,૯૨૭ |
| | વિજય એકસ્પ્રેસ | ૧૭,૭૪૫ | ૧૪,૩૦૬ |
| ભરૂચ | આપ અને અમે | ૧૩,૫૬૫ | ૩૮,૪૨૮ |
| ભાવનગર | સૌરાષ્ટ્ર સમાચાર | ૯,૯૧૯ | ૩૯,૬૭૬ |
| | પગદંડી | ૫,૬૦૦ | ૨૩,૨૯૬ |
| | સૌરાષ્ટ્ર આસપાસ | ૧૬,૪૪૩ | -- |
| જામનગર | નોબત | ૮,૯૬૦ | ૩૫,૮૪૦ |
| | ભૂમી | ૪,૨૮૦ | ૧૭,૮૦૫ |
| | ગુડ ઈવનીંગ | ૩,૪૩૯ | ૧૪,૩૦૬ |
| | લોકવાત | ૩,૪૩૯ | ૧૭,૮૦૫ |
| જુનાગઢ | કેસરી | ૩૧,૩૨૮ | ૫૩,૨૯૫ |
| | સૌરાષ્ટ્ર ભૂમી | ૩૭,૪૪૬ | ૭૨,૪૬૭ |
| | જુનાગઢ ટુડે | ૨,૬૨૯ | ૨૦,૦૩૦ |
| | શરૂઆત | ૨,૬૨૯ | ૧૫,૩૦૯ |
| | લોકદૂત | ૨,૮૫૫ | ૨૦,૦૩૦ |
| | સમીક્ષા | ૨,૬૨૯ | ૧૫,૩૧૦ |
| ભૂજ | કચ્છમિત્ર | ૧૧,૬૦૪ | ૪૬,૪૨૪ |
| | વાવડ | ૫,૨૯૯ | ૨૨,૦૪૪ |
| | ચંચળ (ગુજરાતી) | ૪૩,૭૯૨ | ૫૭,૭૯૦ |
| | ચંચળ (હિન્દી) | ૪,૮૧૪ | ૨૦,૦૨૮ |
| મહેસાણા | સમાચાર મે આગે | ૨૪,૮૪૩ | ૨૪,૯૨૬ |
| રાજકોટ | દેશપરદેશની આજકાલ | ૫૬,૫૧૮ | ૧,૪૨,૨૭૬ |
| | ફુલછાબ | ૨૪,૬૪૦ | ૧,૦૨,૫૦૨ |
| | સાંજ સમાચાર | ૧૩,૯૩૦ | ૫૬,૮૩૪ |
| | નૂતન સૌરાષ્ટ્ર | ૧૯,૨૫૦ | ૫૫,૦૦૦ |
| | અકીલા | ૧૨,૫૪૦ | ૫૨,૧૬૬ |
| | કોમોડીટીઝ વર્લ્ડ | ૩,૬૮૦ | ૧૫,૦૪૦ |
| | જયહિંદ | ૧૫,૭૯૨ | ૬૪,૪૩૧ |
| સાબરકાંઠા | અરવલ્લી ટાઈમ્સ | ૨૯,૨૦૭ | ૬૧,૧૫૨ |
| સુરત | ગુજરાત મિત્ર | ૧,૧૪,૮૬૨ | ૯૨,૬૦૨ |
| | ધબકાર | ૪૨,૩૮૫ | ૩૬,૩૨૨ |
| | નવનિર્માણ | ૪૩,૭૪૧ | ૪૨,૪૪૦ |
| | ગુજરાત પ્રભા | ૫૪,૩૫૯ | ૫૦,૮૩૦ |
| | અટલ સવેરા | ૩૦,૯૧૯ | ૨૪,૯૨૭ |
| | સુરત સામના | ૨૪,૦૭૩ | ૫૫,૪૮૫ |
| | લોકતેજ | ૩,૬૮૧ | ૧૪,૭૨૨ |
| | પ્રતાપ દર્પણ | ૩૫,૯૩૭ | ૩૫,૨૬૪ |
| | નવગુજરાત ટાઈમ્સ | ૬૦,૪૮૦ | ૪૮,૩૮૪ |
| | આપલા ગુજરાત | ૩૫,૯૩૮ | ૩૬,૩૨૧ |
| | વોઈસ ઓફ ટ્રેડ | -- | ૨૯,૯૦૦ |

| જિલ્લાનું નામ | એજન્સીનું નામ | તા.૧-૧-૧૨ થી તા.૩૧-૧૨-૧૨ સુધીનો ખર્ચ રૂપિયા | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધીનો ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| | ગુજરાત મેસેજ | ૧૩,૫૬૫ | ૧૪,૩૦૬ |
| | જનભૂમિ હેરાલ્ડ | ૫,૧૩૪ | ૩૫,૨૬૩ |
| | ધ સત્યમ ટાઈમ્સ | ૨૧,૪૦૦ | ૧૭,૧૨૦ |
| | સામના | ૨૯,૯૬૦ | ૫૪,૪૧૦ |
| | જનતા સરકાર | ૫,૯૯૨ | ૫૪,૪૧૦ |
| | જનાદેશ | -- | ૨૮,૭૫૦ |
| | ઉપભોગતા | -- | ૨૮,૭૫૦ |
| સુરેન્દ્રનગર | કદમ | ૪,૮૧૫ | ૧૪,૩૦૬ |
| | ઝાલાવાડની આરસી | ૪,૮૧૫ | ૧૪,૩૦૬ |
| | યુગના એંધાણ | ૨૭,૮૨૭ | ૨૪,૩૨૦ |
| | જનયુગ | ૪,૮૧૫ | ૨૪,૪૪૭ |
| વડોદરા | વડોદરા સમાચાર | ૩૦,૧૩૪ | ૨૪,૨૯૪ |
| | બપોર સમાચાર | ૨૨,૦૮૫ | ૨૧,૩૫૭ |
| | યુગ પ્રભાવ | ૨૩,૪૨૬ | ૨૬,૪૪૧ |
| | લોક દર્પણ | -- | ૨૦,૦૨૯ |
| વલસાડ | દમણગંગા ટાઈમ્સ | ૨૧,૪૦૦ | ૧૭,૮૦૪ |
| | ગુજરાત ચિત્ર | ૨૪,૮૪૩ | ૨૪,૯૨૭ |
| | સત્ય ડે | ૨૧,૨૨૯ | ૧૭,૮૦૪ |
| દાહોદ | પ્રસારણ | ૪૩,૭૪૧ | ૩૫,૨૬૪ |
| | સાંધ્ય પ્રસારણ | ૪૩,૭૪૧ | ૩૫,૨૬૪ |
| પાટણ | હમલોગ | ૨૯,૨૦૭ | ૨૪,૯૨૭ |
| | સરહદનો સાદ | ૨૨,૦૮૪ | ૧૭,૮૦૪ |
| | નિભાવ | ૩૦,૯૧૯ | ૨૪,૯૨૭ |
| | બુનિયાદ | ૩૪,૭૧૫ | ૨૦,૦૨૯ |
| | નોબલમિત્ર | ૩૦,૯૧૯ | -- |
| આણંદ | નયા પડકાર | ૭૨,૪૮૫ | ૫૭,૯૮૮ |
| | પ્રાત કાલ | ૧૩,૩૫૫ | ૧૪,૦૩૧ |
| | સરદાર ગુર્જરી | ૨૨,૦૮૫ | ૧૪,૩૦૬ |
| | મધ્યાંતર સંચાર | ૨૬,૪૯૧ | ૧૭,૮૦૪ |
| નવસારી | લોકપ્રહરી | ૨૪,૮૪૨ | ૬૪,૨૧૭ |
| ગાંધીનગર | ગાંધીનગર સમાચાર | ૪૩,૧૨૭ | ૩૫,૨૬૪ |
| | પાટનગર ટુડે | ૨૯,૨૦૭ | ૧૭,૮૦૫ |
| | કેપિટલ ક્રાંતિ | ૧૮,૯૯૨ | ૩૭,૭૭૪ |
| | ધરતીના લાલ | ૧૩,૫૬૫ | ૨૧,૩૫૭ |
| | ઢળતી સાંજ | ૨૯,૨૦૭ | ૧૭,૮૦૫ |
| | લોકસંસાર | ૧૩,૫૬૫ | ૨૦,૦૨૮ |
| | અવતરણ | ૨૪,૮૪૩ | ૧૭,૮૦૫ |
| | ભારત ટાઈમ્સ | ૪૬,૮૨૯ | ૪૨,૪૩૯ |
| | અમન એ વતન | -- | ૨૦,૦૨૯ |
| | કિસાન રાજ | ૧૩,૫૬૫ | ૧૫,૩૧૦ |
| | કેપિટલ વર્તમાન | -- | ૨૧,૩૫૭ |
| અમદાવાદ | ગુજરાત સમાચાર | ૭,૫૨,૧૮૩ | ૭,૦૩,૯૫૩ |
| | સંદેશ | ૬,૮૬,૯૭૧ | ૬,૩૮,૫૩૨ |
| | દિવ્ય ભાસ્કર | ૪,૯૦,૩૩૦ | ૪,૬૦,૨૦૪ |

| જિલ્લાનું નામ | એજન્સીનું નામ | તા.૧-૧-૧૨ થી તા.૩૧-૧૨-૧૨ સુધીનો ખર્ચ રૂપિયા | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધીનો ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| | જયહિંદ | ૬૯,૬૫૦ | ૫૫,૭૨૦ |
| | જનસત્તા | ૧,૩૯,૩૯૫ | ૧,૧૧,૯૫૫ |
| | પ્રભાત | ૧,૨૪,૮૩૧ | ૧,૦૦,૬૩૯ |
| | વેસ્ટર્ન ટાઇમ્સ (ગુજરાતી) | ૧,૦૮,૬૦૩ | ૧,૨૭,૧૯૬ |
| | સમભાવ મેટ્રો | ૫૪,૭૭૧ | ૩૪,૯૮૩ |
| | ન્યુઝલાઇન | ૩૦,૯૧૮ | ૩૫,૨૬૪ |
| | ગુજરાત નીતિ | ૨૩,૪૬૭ | ૧૭,૮૦૫ |
| | સૂર્યકાલ | ૨૧,૭૪૨ | ૨૪,૭૦૪ |
| | ટાઇમ્સ ઓફ કર્ણાવતી | ૨૯,૨૦૭ | ૨૪,૯૨૭ |
| | ગુજરાત ટુ ડે | ૮૨,૭૮૭ | ૬૬.૭૪૩ |
| | ગુજરાત પ્રવાહ | ૩૨,૨૦૩ | ૭૮,૩૯૧ |
| | લોકમિત્ર | ૨૩,૪૬૫ | ૨૦,૦૨૬ |
| | ઈકોનોમિકસ ટાઇમ્સ (ગુ) | ૩૭,૩૭૬ | ૨૦,૦૨૯ |
| | કર્ણાવતી એકસપ્રેસ | ૨૨,૦૮૫ | ૧૭,૮૦૫ |
| | ફાયનાન્સિયલ એકસપ્રેસ | ૭૭,૬૫૮ | ૬૧,૪૦૪ |
| | ગુજરાત શતાબ્દી | ૨૩,૪૬૭ | ૨૦,૦૨૮ |
| | ક્રાઇમ સોલ્યુશન | ૧૭,૭૪૫ | ૧૪,૩૦૬ |
| | જય ગુજરાત | ૧૭,૭૪૫ | ૧૪,૩૦૬ |
| | પશ્ચિમ એકસપ્રેસ | ૧૩,૫૬૫ | ૧૪,૩૦૬ |
| | આપણું ગુજરાત | ૨૩,૪૬૭ | ૨૦,૦૨૮ |
| | નિર્મળ ગુજરાત | ૨૪,૮૪૪ | ૨૪,૯૨૭ |
| | બિંદુ | ૪૦,૫૦૬ | ૨૪,૯૨૭ |
| | ગરવી ગુજરાત | ૩૦,૯૧૯ | ૨૪,૯૨૭ |
| | માનવ મિત્ર | ૪૪,૫૦૫ | ૩૭,૭૭૪ |
| | મોહરા | -- | ૧૪,૩૦૬ |
| | મેટ્રો નરોડા | -- | ૨૪,૯૨૫ |
| | સ્ટાન્ડર્ડ હેરાલ્ડ | ૫૧,૬૪૧ | ૪૨,૪૩૯ |
| | સુકાન સમાચાર | ૧૭,૩૫૩ | ૧૫,૩૧૨ |
| | ચેનલ નાઈન નેટવર્ક | -- | ૨૦,૦૨૯ |
| | આજનો યુગ | -- | ૨૦,૦૨૯ |
| | ગુજરાત પ્રણામ | -- | ૧૪,૩૦૬ |
| | દિવ્ય ગુજરાત | -- | ૨૦,૦૨૮ |
| | જન સમસ્યા | -- | ૧૪,૩૦૬ |
| | પ્રચલિત | -- | ૩૫,૨૬૪ |
| | માધ્યમ | -- | ૩૫,૨૬૪ |
| | ગુજરાત પોઈન્ટ | -- | ૧૦,૯૩૭ |
| | ચંગલીડર | ૬૪,૦૩૪ | ૧,૨૦,૪૨૮ |
| | રાજસ્થાન પત્રિકા | ૮,૧૮૫ | ૩૮,૨૧૨ |
| | અલ્પવિરામ | ૭,૨૮૭ | ૪૨,૪૩૬ |
| | હેરાલ્ડ ચંગલીડર | ૫૦,૬૩૯ | ૨,૨૦,૧૬૪ |
| | મેટ્રો હેરાલ્ડ | ૩૩,૭૩૩ | ૧,૪૫,૮૩૯ |
| | ગુજરાત વૈભવ | ૩૪,૪૧૨ | ૧,૭૫,૪૧૯ |
| | ચૌપાલ ક્રોનિકલ | ૪,૨૮૦ | ૨૪,૯૨૬ |
| | જનહિતૈષી | ૧૦,૮૦૬ | ૩૪,૦૪૮ |

| જિલ્લાનું નામ | એજન્સીનું નામ | તા.૧-૧-૧૨ થી તા.૩૧-૧૨-૧૨ સુધીનો ખર્ચ રૂપિયા | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધીનો ખર્ચ રૂપિયા |
|---|---|---|---|
| | નેસ્ટઈન્ડીયાહોટલાઈન | ૧૩,૬૦૨ | ૩૫,૨૬૩ |
| | જીંદગી સમાચાર | ૫,૯૯૨ | ૨૪,૯૨૭ |
| | હિન્દુ-સિંધી | ૧૧,૮૫૦ | ૬૯,૦૧૪ |
| | ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા | -- | ૧,૨૬,૩૩૦ |
| | ધ ઈકોનોમીક ટાઈમ્સ | -- | ૭૫,૧૩૦ |
| | અમદાવાદ મીરર | -- | ૨૦,૦૯૮ |
| | ડી.એન.એ. | -- | ૪૨,૪૩૯ |
| | ઈન્ડીયન એકસપ્રેસ | -- | ૧,૨૬,૯૬૧ |
| | ફાઈનાન્સીયલ એકસપ્રેસ | -- | ૧૫,૦૧૭ |
| | બિઝનેશ સ્ટાન્ડર્ડ | -- | ૧૪,૭૨૪ |
| | ફ્રી પ્રેસ ગુજરાત | -- | ૨૦,૦૨૬ |
| | વેસ્ટર્ન ટાઈમ્સ (અંગ્રેજી) | -- | ૫૮,૪૧૫ |
| | એરાઉન્ડ ધ ટાઈમ્સ | -- | ૨૪,૯૨૭ |
| **હોર્ડિંગ્સ-ગાંધીનગર** | | | |
| | જગદીશપ્રોસેસ સ્ટુડીયો | ૨૧,૦૦૦ | -- |
| | સોનલ ઓફસેટ | ૨૧,૦૦૦ | -- |

(૩) પ્રિન્ટ મીડીયાની જાહેરખબર માહિતી અને પ્રસારણ વિભાગના તા.૩-૧૦-૨૦૦૬ અને તા.૨૩-૮-૨૦૦૭ ના ઠરાવથી નિયત થયેલ નીતિ અન્વયે પેનલ ઉપરના અખબારોને આપવામાં આવેલ છે.

હોર્ડિંગ્સ માટે ખાનગી એજન્સી પસંદ કરવા માટે ટેન્ડર મુજબ નીચેની શરતો નક્કી કરવામાં આવી હતી.

(૧) હોર્ડિંગ્સની સાઈઝ ૨૦X ૧૦, ૨૦X ૨૦, ૩૦X ૧૫, ૪૦X ૨૦, ૪૦X ૩૦, ૪૦X ૪૦ હોવી જોઈએ.

(૨) ઉપરોકત દર્શાવેલ સાઈઝ ઉપરાંત ફ્રન્ટલીટ હોર્ડિંગ્સ, બેકલીટ હોર્ડિંગ્સ, લાઈટવાળા કિઓસ્ક, લાઈટ વગરના કિઓસ્ક અને બસ શેલ્ટરના ભાવો પણ દર્શાવવાના રહેશે.

(૩) હોર્ડિંગ્સ મહાનગરપાલિકા, જિલ્લા/તાલુકા મથકો, અગત્યના સ્થળો અને પ્રવાસન સ્થળોએ આવેલા હોવા જોઈએ.

(૪) ટેન્ડર સાથે અર્નેસ્ટ મની તરીકે રૂ.૧૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા દસ હજાર પુરાનો) ડીમાન્ડ ''ડ્રાફટ માહિતી કમિશનરશ્રી ગાંધીનગર'' ના નામનો ડીમાન્ડ ડ્રાફટ મોકલવાનો રહેશે.

(૫) ટેન્ડરના કવર ઉપર ''જાહેરાતના હોર્ડિંગ્સ માટેના ભાવ'' એમ સ્પષ્ટ લખીને સીલબંધ કવરમાં મોકલવાનાં રહેશે.

(૬) નિયત તારીખ પછી મળેલી અધુરી વિગતોવાળા કે ડીમાન્ડ ડ્રાફટ વગરના ટેન્ડરો માન્ય ગણાશે નહીં.

(૭) જે સ્થળ પર હોર્ડિંગ્સ હોય તે સ્થળ પર હોર્ડિંગ્સ મૂકવાની મહાનગરપાલિકાનાં સમક્ષ અધિકારીશ્રીની મંજૂરી પેઢીએ મેળવેલી હોવી જોઈએ.

(૮) દર્શાવેલ સ્થળોએ હોર્ડિંગ્સ સ્વચ્છ અને સાફસુથરી જગ્યાએ હોવા જોઈએ.

(૯) જે સ્થળે હોર્ડિંગ્સ આવેલ હોય તે જગ્યાએ કોઈપણ પ્રકારની ગંદકી ન હોવી જોઈએ.

(૧૦) એરપોર્ટ/રેલ્વે સ્ટેશન જેવા સ્થળોની આસપાસ જોઈ શકાય તેવી જગ્યાએ હોર્ડિંગ્સ હોવા જોઈએ.

(૧૧) મહાનગરપાલિકાઓમાં ટેન્ડર ભરનાર પેઢીના પોતાની માલિકીના હોર્ડિંગ્સ હોવા જોઈએ.

(૧૨) પ્રિન્ટ મિડીયાની ડીસ્પ્લે જાહેરખબરના ડિઝાઈનના દર પ્રતિ ચો.સે.મી. ના બ્લેક એન્ડ વ્હાઈટ તથા કલર ડિઝાઈનના દર તથા અંગ્રેજી અને હિન્દીમાં ભાષાંતર સહીતના આપવાના રહેશે.

(૧૩) ટેન્ડર મંજુર કે નામંજુર કરવા અંગેની સમગ્ર સત્તા માહિતી કમિશનરશ્રીની રહેશે.

-------

**શ્રમ અને રોજગાર વિભાગ માટે સને ૨૦૧૩-૧૪ ના વર્ષનું મંજૂર કરેલ બજેટ**

અતારાંકિતઃ ૨૯૫૩ (૧૯-૪-૧૪) **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સને ૨૦૧૩-૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં શ્રમ અને રોજગાર વિભાગ માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૩) માર્ચ-૨૦૧૪ સુધીમાં મંજૂર રકમ પૈકી મહત્તમ રકમનો ઉપયોગ થાય તે માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૧-૭-૧૪)

(૧) સને ૨૦૧૩-૧૪ ના વર્ષના રાજ્યના બજેટમાં શ્રમ અને રોજગાર વિભાગ માટે કુલ રૂ.૧૦૭૬૭૬.૧૨ લાખ મંજૂર કરવામાં આવ્યા છે.

(૨) મંજૂર કરવામાં આવેલ રકમમાંથી ડિસેમ્બર-૨૦૧૩ સુધીમાં કુલ રૂ.૫૧૪૧૨.૭૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) માર્ચ-૨૦૧૪ સુધીમાં મંજૂર કુલ રકમ રૂ.૧૦૭૬૭૬.૧૨ લાખ જોગવાઈ પૈકી ફાળવેલ ગ્રાન્ટ રૂ.૯૦૮૬૦.૧૮ લાખની સામે રૂ.૮૮૨૫૮.૯૫ લાખ ખર્ચ કરવામાં આવેલ છે, જેથી મહત્તમ ઉપયોગ કરવામાં આવેલ છે.

-------

**શ્રમિકો માટે માઈગ્રેશન રેકર્ડ**

અતારાંકિતઃ ૩૨૪૮ (૫-૬-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં બહારથી આવતા અને જતા શ્રમિકોનો માઈગ્રેશન રેકર્ડ જ રાખવામાં આવતો નથી તે ગંભીર ફરીયાદથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે,

(૩) તે માટે કોણ જવાબદાર છે,

(૪) જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે, અને

(૫) શ્રમિકોનો માઈગ્રેશન રેકર્ડ રાખવા શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૨૭-૬-૧૪)

(૧) ના, જી. આવી કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) અન્ય રાજયોમાંથી પોતાની રીતે કામે આવતા શ્રમિકો માટે માઈગ્રેશન રેકર્ડ રાખવાની જોગવાઈ શ્રમિક કાયદાઓમાં નથી. અન્ય રાજ્યોમાંથી કોન્ટ્રાકટર મારફતે કામે આવતા પાંચ અથવા વધારે સ્થળાંતરીત શ્રમિકો માટે સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા શ્રમિકોની ભરતી અને રોજગારની વિગતો આંતર-રાજ્ય સ્થળાંતરીત કામદાર (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ-૧૯૭૯ હેઠળ નિર્દિષ્ઠ સત્તા અધિકારીને આપવાની જોગવાઈ કરવામાં આવી છે, જેનો રેકર્ડ રાખવામાં આવે છે.

-------

**રાજ્યમાં જિલ્લાવાર કોર્ટોમાં પડતર કેસો**

અતારાંકિતઃ ૩૦૬૬ (૧૬–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવારની કોર્ટમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલા કેસો પડતર છે,

(૨) ઉકત સ્થિતિએ આ કેસો ક્યા કારણોથી પડતર છે, અને

(૩) પડતર કેસોના નિકાલ ક્યા સુધીમાં કરવામાં આવશે ?

**કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૫–૭–૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવારની કોર્ટમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષવાર નીચે જણાવ્યા મુજબના કેસો પડતર છે.

| **ક્રમ** | **જિલ્લા/તાલુકા કોર્ટ** | **તા.૩૧–૧૨–૧૧ ના રોજ પડતર કેસો** | **તા.૩૧–૧૨–૧૨ ના રોજ પડતર કેસો** | **તા.૩૧–૧૨–૧૩ ના રોજ પડતર કેસો** | **તા.૩૧–૩–૧૪ ના રોજ પડતર કેસો** |
|---|---|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ | ૩૩૧૫૯૧ | ૩૧૩૬૮૬ | ૩૦૭૮૪૦ | ૩૧૦૩૬૬ |
| ૨ | તાલુકા કોર્ટ | ૧૮૫૧૪૩૫ | ૧૮૬૧૦૦૫ | ૧૯૧૮૫૩૧ | ૧૯૪૦૭૫૬ |
| ૩ | ઔદ્યોગિક કોર્ટ | ૧૧૩૭૨ | ૧૧૧૯૮ | ૧૧૭૦૬ | ૧૧૬૫૯ |
| ૪ | લેબર કોર્ટ | ૯૧૧૮૧ | ૮૭૫૩૯ | ૮૩૮૩૧ | ૮૨૭૪૦ |
| | **કુલ** | **૨૨૮૫૫૭૯** | **૨૨૭૩૪૨૮** | **૨૩૨૧૯૦૮** | **૨૩૪૫૫૨૧** |

(૨) ઉકત સ્થિતિએ આ કેસો નીચેના કારણોથી પડતર છે.

૧. દિવાની અને ફોજદારી કોર્ટોમાં નક્કી થયેલ કામના ભારણની સરખામણીમાં જજોની સંખ્યા ઓછી છે.

૨. નવા કાયદાઓ વધવાથી અને પ્રજા પોતાના હક્ક માટે જાગૃત થતાં લીટીંગેશનમાં વધારો થયેલ છે.

૩. ઘણાં કેસોમાં સમન્સ/વોરંટો/નોટીસોનો અમલ થયા વગર આરોપી/સાક્ષીઓ પાસેથી પરત આવે છે. ઘણા સમયે પ્રોસેસી બજવણી થયા વગર પરત આવે છે.

૪. પબ્લીક પ્રોસીક્યુટર અને આસીસ્ટંટ પબ્લીક પ્રોસીક્યુટરની સંખ્યા અપૂરતી હોવાના કારણે.

૫. ટ્રાયલ હેઠળ કેદીઓના કેસો અગ્રતાના ધોરણે આપવાની જરૂરીયાત.

૬. પોલીસ તરફથી મુદ્દામાલ અને એફ.એલ.એલ. રીપોર્ટ ન મળવાને કારણે ફોજદારી કેસોમાં કોર્ટની કાર્યવાહી થઈ શકતી નથી.

(૩) પડતર કેસોના નિકાલની બાબતે કોઈ ચોક્કસ સમય નક્કી કરી શકાતો નથી પરંતુ પડતર કેસોના ઝડપી નિકાલ માટે હાઈકોર્ટ દ્વારા શકય પગલાં લેવામાં આવે છે.

–––––––

**રાજકોટ અને સુરત ખાતે હાઈકોર્ટની બેચ આપવા મળેલ રજુઆતો**

અતારાંકિતઃ ૩૦૬૮ (૧૮–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) :** માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજકોટ અને સુરત ખાતે હાઈકોર્ટની બેચ આપવા કોના કોના તરફથી ક્યારે ક્યારે રજુઆતો મળી, અને

(૨) રજુઆત પરત્વે સરકારે શી કાર્યવાહી કરી ?

**કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૫-૭-૧૪)

(૧) **પત્રક**

| ક્રમ | કોના તરફથી રજુઆત મળી | ક્યારે મળી | સ્થળ |
|---|---|---|---|
| ૧ | શ્રી અશ્વિનકુમાર એન.કારીયા, માન.રાજયપાલશ્રી મારફત | તા.૧૯-૭-૨૦૧૨ | રાજકોટ અને સુરત |
| ૨ | શ્રી ભોળાભાઈ બી.ગોહેલ, માન.ધારાસભ્યશ્રી, જસદણ | તા.૨૯-૧૧-૨૦૧૩ | રાજકોટ |
| ૩ | શ્રી ભોળાભાઈ બી.ગોહેલ, માન.ધારાસભ્યશ્રી, જસદણ, મુખ્ય સચિવશ્રી મારફત. | તા.૨૯-૧૧-૨૦૧૩ | રાજકોટ |
| ૪ | શ્રી ભોળાભાઈ બી.ગોહેલ, માન.ધારાસભ્યશ્રી, જસદણ, માન.મુખ્યમંત્રીશ્રી મારફત | તા.૨૯-૧૧-૨૦૧૩ | રાજકોટ |
| ૫ | શ્રી ભોળાભાઈ બી.ગોહેલ, માન.ધારાસભ્યશ્રી, જસદણ, માન.મંત્રીશ્રી, કાયદા અને ન્યાયતંત્ર મારફતે. | તા.૨૯-૧૧-૨૦૧૩ | રાજકોટ |
| ૧ | અમદાવાદ | તા .૦૪-૦૭-૨૦૧૧ |
| ૨ | બનાસકાંઠા | તા ૧૬-૧૦-૨૦૧૧ |
| ૩ | ગાંધીનગર | તા .૧૫-૦૧-૨૦૧૪ |
| ૪ | ખેડા | તા .૦૮-૧૦-૨૦૧૦ |
| ૫ | કચ્છ | તા .૦૨-૦૧-૨૦૦૯ |
| ૬ | પંચમહાલ | તા .૧૧-૧૦-૨૦૧૦ |
| ૭ | રાજકોટ | તા .૦૮-૦૯-૨૦૦૮ |

)૩( એડહોક ધોરણે ભરતી કરાયેલ ફિમેલ હેલ્થ વર્કરોને નિયમિત કરવાની જિલ્લાઓની મોકલેલ દરખાસ્તો બાબતે તા .૨૦-૭-૨૦૧૦ ના નામદાર હાઇકોર્ટની ડીવીઝન બેંચના ચુકાદા મુજબ ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

---------

**કલેક્ટરશ્રીઓએ ગ્રામ્ય કે તાલુકા કક્ષાએ કરેલ રાત્રી રોકાણ**

અતારાંકિતઃ ૩૨૩૪ (૧૬-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** )મહેસુલ(જણાવવા કૃપા કરશે કે-.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લા-વર્ષવાર કેટલા કલેક્ટરશ્રીઓએ તેમના તાબા હસ્તકના ગામ કે તાલુકા કક્ષાએ રાત્રી રોકાણ કર્યુ,

)૨( રાત્રી રોકાણ અંગેનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો હતો તથા તેના હેતુ-ઉદ્દેશો શાં હતાં ,અને

)૩( રાત્રી રોકાણ ન કરતા કલેકટરશ્રીઓ સામે સરકારે શા પગલાં ભર્યા ?

**મુખ્ય મંત્રીશ્રી**) મહેસુલ(:) ૧૪/૭/૨૦૧૪ (:

)૧( તારીખ ૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા વર્ષ દરમ્યાન જિલ્લા-વર્ષવાર કલેક્ટરશ્રીઓએ તેમના તાબા હસ્તકના ગામ કે તાલુકા કક્ષાએ રાત્રી રોકાણ કર્યા અંગેની માહિતી **પત્રક** સ્વરૂપે સામેલ છે) .સને ૨૦૧૨-૧૩ અને સને ૨૦૧૩-૧૪(

)૨( સરકારશ્રીના મહેસુલ વિભાગના તા .૧૭-૧-૧૯૯૦ના પરિપત્ર ક્રમાંકઃ પીડીએ/૧૦૯૦/૨૬૦/ડી થી રાત્રિ રોકાણ ધોરણમાં ફેરફાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

**હેતુઓ-ઉદ્દેશો :**

જિલ્લાના મહેસુલી અધિકારીઓ તેમની કામગીરીના સંદર્ભમાં તેમના કાર્યક્ષેત્રના વિસ્તારના સ્થાનિક પ્રજાજનોના પ્રશ્નો તેમજ યોજનાકીય કામોની જાણકારીની વિગતો મેળવે અને તેનો ઝડપથી નિકાલ થાય તે માટે રાત્રિ રોકાણ કરવામાં આવે છે.

)૩( મહેસુલ તપાસણી કમિશનરશ્રી દ્વારા કલેકટરશ્રીઓની માસિક ડાયરીમાં રાત્રિ મુકામની માહિતી મેળવી તેની સમીક્ષા કરી દર માસે રીમાર્કસ પાઠવવામાં આવે છે .તેમજ જિલ્લા કલેકટરશ્રીઓની યોજવામાં આવતી કોન્ફરન્સમાં રૂબરૂમાં સમીક્ષા કરવામાં આવે છે અને કામગીરીમાં સુધારો કરવા સુચના આપવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | સને ૨૦૧૨-૧૩ | સને ૨૦૧૩-૧૪ | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૧૪ | ૩૧ | |
| ૨ | વડોદરા | ૩૬ | ૪૫ | |
| ૩ | સુરત | ૧૭ | ૩૮ | |
| ૪ | ગાંધીનગર | ૨૦ | ૨૯ | |
| ૫ | ભાવનગર | ૨૧ | ૩૪ | |
| ૬ | રાજકોટ | ૪૩ | ૨૯ | |
| ૭ | જામનગર | ૩૫ | ૨૧ | |
| ૮ | કચ્છ | ૧૪ | ૩૭ | |
| ૯ | આણંદ | ૪૩ | ૨૭ | |
| ૧૦ | અમરેલી | ૬૩ | ૪૩ | |
| ૧૧ | બનાસકાંઠા | ૩૭ | ૩૭ | |
| ૧૨ | ભરૂચ | ૨૬ | ૧૫ | |
| ૧૩ | ખેડા | ૨૪ | ૨૮ | |
| ૧૪ | મહેસાણા | ૩૨ | ૩૨ | |
| ૧૫ | પાટણ | ૪૦ | ૨૭ | |
| ૧૬ | પોરબંદર | ૩૫ | ૧૯ | |
| ૧૭ | પંચમહાલ | ૫૪ | ૪૩ | |
| ૧૮ | સાબરકાંઠા | ૩૦ | ૧૯ | |
| ૧૯ | સુરેન્દ્રનગર | ૪૧ | ૩૭ | |
| ૨૦ | નવસારી | ૩૯ | ૪૫ | |
| ૨૧ | જુનાગઢ | ૩૯ | ૩૭ | |
| ૨૨ | દાહોદ | ૩૪ | ૪૨ | |
| ૨૩ | વલસાડ | ૩૪ | ૪૨ | |
| ૨૪ | ડાંગ | ૩૭ | ૨૩ | |
| ૨૫ | નર્મદા | ૩૭ | ૩૬ | |
| ૨૬ | મહીસાગર | ૦ | ૧૮ | |
| ૨૭ | તાપી | ૩૯ | ૩૬ | |
| ૨૮ | અરવલ્લી | ૦ | ૦ | |
| ૨૯ | છોટાઉદેપુર | ૦ | ૨૨ | |
| ૩૦ | બોટાદ | ૦ | ૯ | |
| ૩૧ | દ્વારકા | ૦ | ૨૪ | |
| ૩૨ | ગીર સોમનાથ | ૦ | ૩૬ | |
| ૩૩ | મોરબી | ૦ | ૯ | |
| | **કુલ** | **૮૮૪** | **૯૭૦** | |

------------

**રાજકોટ તાલુકાના જર્જરિત હાલતના રસ્તાઓ**

અતારાંકિતઃ ૩૧૪૫ (૪–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષથી રાજકોટ જિલ્લામાં તાલુકાના કયા કયા રસ્તાઓ રાજ્ય અને પંચાયત હસ્તકના જર્જરિત હાલતમાં છે .

)૨( આ રસ્તાઓની મરામત કામગીરી રસ્તાવાર ક્યારે કરવામાં આવશે ,અને

)૩( મરામત કામગીરી પાછળ રસ્તાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**) ૯/૭/૧૪( **:**

)૧) ,(૨ (અને )૩(

રસ્તાઓને મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**રાજકોટ જિલ્લામાં રિસરફેસીંગ ન થયેલ રસ્તાઓ**

અતારાંકિતઃ ૩૧૪૭ (૫–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને રાજ્ય હસ્તકના ડામર કર્યા વગરના અને ત્રણ વર્ષથી વધુ સમયથી રીસરફેસીંગ ન થયેલ હોય ,તેવા કેટલા રસ્તાઓ અને કયા કયા રસ્તાઓ છે ..

)૨( સરકારે આ રસ્તાઓને કયાં સુધીમાં ડામર કરવાનું આયોજન કર્યું છે અને

)૩( આ માટે સરકારને કેટલો ખર્ચ થનાર છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**) ૧૬/૭/૧૪( **:**

)૧( ડામર કામ કર્યા વગર રસ્તા ***પરિશિષ્ટ–૧** મુજબ તેમજ ત્રણ વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ રસ્તાઓ ***પરિશિષ્ટ–૨** મુજબ.

)૨( અને )૩( ૪૨ રસ્તાઓની કામગીરી ` ૩૮૧૭.૦૦ લાખની અંદાજીત રકમથી ૩૧/૧૨/૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે .રસ્તાઓને દર ત્રણ વર્ષે રીસરફેસીંગ કરવાનું કોઈ ધોરણ નથી .રસ્તાઓનું રીસરફેસીંગ રસ્તાઓની સપાટીની સ્થિતિ ,ટ્રાફીકનું ભારણ ,નાણાકીય ઉપલબ્ધતા ,અને આંતરિક અગ્રતા ક્રમ વિગેરેને ધ્યાને લઈ કરવામાં આવે છે.

જ્યારે ડામરકામ કર્યા વગરના રસ્તાનું ડામરકામ નાણાંકીય ઉપલબ્ધતા ,તાંત્રિક જરૂરિયાત તથા આંતરિક અગ્રતાક્રમને ધ્યાને લઈ ભવિષ્યમાં આયોજન કરવામાં આવશે.

)***પરિશિષ્ટ** ,સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે(.

---------

**રાજકોટ જિલ્લામાં ડામર કરવામાં આવેલ રસ્તાઓ**

અતારાંકિતઃ ૩૧૪૮ (૧૮–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લાના રાજ્ય અને પંચાયત હસ્તકના કઈ કઈ યોજનાઓમાંથી કયા નવા રસ્તાઓ ડામર કરવામાં આવ્યા.

)૨( કેટલો ખર્ચ રસ્તાવાર કરવામાં આવ્યો ?

)૩( ઉક્ત સમય દરમ્યાન કયા કયા રસ્તાઓના કામો મંજુર થવા છતાં શરૂ કરવામાં આવ્યા નથી**,** તેના કારણો શા છે ,અને

)૪(    આ રસ્તાના કામો ક્યારે શરૂ કરી ક્યારે પુરા કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** :) ૯/૭/૧૪( :

)૧( અને )૨( **પરિશિષ્ટ–૧** મુજબ

)૩ ( અને )૪( **પરિશિષ્ટ–૨** મુજબ

**પરિશિષ્ટ–૧** **રકમ**

**રૂા.લાખમાં**

| **યોજના** | **રસ્તાનું નામ** | **થયેલ ખર્ચ** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ખાસ મરમ્મત | નવા ગામ સોમલપુર રોડ | ૭૭.૮૧ |
| બ.ઉ.જો | કાલેશ્વર મહાદેવ એપ્રોચ રોડ જોઈનીંગ મોજીરા ભાંખ રોડ | ૧૦.૭૩ |
| બ.ઉ.જો | ભંગડા એપ્રોચ રોડ )ભંગડા ગામમાં જવાનો મુખ્ય રસ્તો( | ૧૪.૮૩ |
| બ.ઉ.જો | ઓળ માણેકવાડા રોડ | ૧૨.૬૭ |
| બ.ઉ.જો | નવી કલાવડી પ્રતાપગઢ રોડ | ૧૨.૧૫ |
| બ.ઉ.જો | રણજીતગઢ બોઘરાવદર રોડ | ૧૩.૧૬ |
| બ.ઉ.જો | જીવાપર ગુંદાળા )જામ (એપ્રોચ રોડ | ૨૦.૬૦ |
| બ.ઉ.જો | ધ્રોલીયા એપ્રોચ રોડ જોઈનીંગ મીતાણા નેકનામ પડધરી રોડ | ૩૩.૧૨ |
| બ.ઉ.જો | માધવીપુર કાળાસર રોડ | ૫૦.૪૫ |
| બ.ઉ.જો | ગુંદાણા )જામ (ગરણી રોડ જિલ્લા હદ સુધી | ૨૭.૧૭ |
| બ.ઉ.જો | મેઘપર એપ્રોચ રોડ જોઈનીંગ સાણથલી વસાવડ | ૧૬.૩૪ |
| બ.ઉ.જો | સણથલી વાસાવડ રોડથી થોરખાણ રોડ જિલ્લા હદ સુધી | ૩૫.૯૩ |
| બ.ઉ.જો | રૂપાવટી રોડ જોઈનીંગ ટુ થોરીયાળી પીપરડી રોડ | ૩૧.૦૪ |
| ખાસ અંગભૂત | ખજુરડા એપ્રોચ રોડ જોઈનીંગ જામકંડોરણા ટીંબડી રોડ | ૫.૮૭ |
| ખાસ અંગભૂત | ખાટલી બાલાપર રોડ | ૩૨.૦૮ |
| ખાસ અંગભૂત | ચાવંડી ભંગડા રોડ જિલ્લા હદ સુધી | ૧૩.૮૮ |
| ખાસ અંગભૂત | ભાડેર વેલારીયા ચીચોડ રોડ )કી.મી .૨/૫૦ થી ૪/૦( | ૧૨.૮૮ |
| ખાસ અંગભૂત | વાડોદર નાનીમારડ રોડ | ૪૭.૩૫ |
| ખાસ અંગભૂત | પાટણવાવ તલંગણા રોડ | ૮.૮૩ |
| ખાસ અંગભૂત | મુ .જી .મા .થી )આરબટીંબડી (રૂપાવટી બોરડી સમઢીયાળા રોડ | ૧૦૫.૪૭ |
| ખાસ અંગભૂત | વડોદ ગોંડલાધાર રોડ | ૨૯.૯૪ |
| ખાસ અંગભૂત | વીછીયા રેવાણીયા રોડ | ૨૮.૫૯ |
| ખાસ અંગભૂત | અમરગઢ )ભીચરી (ખેરડી રોડ | ૫૧.૭૫ |
| ખાસ અંગભૂત | કુવાડવા ગુંદા રોડ | ૨૬.૦૨ |
| ખાસ અંગભૂત | ગઢકા ઢાંઢણી રોડ | ૩૪.૫૨ |
| ખાસ અંગભૂત | ચીભડા એપ્રોચ રોડ જોઈનીંગ લોધીકા ચીભડા ખીરસરા રોડ | ૭.૮૧ |
| ખાસ અંગભૂત | વડોદ આંબરડી રોડ | ૪૭.૧૪ |
| ખાસ અંગભૂત | માલીયાસણ ધમલપર પીપળીયા રોડ | ૭૧.૮૧ |
| ખાસ અંગભૂત | ખાખરેચી જડેશ્વર મંદીર એપ્રોચ રોડ | ૬.૩૯ |
| ખાસ અંગભૂત | કાગદડી કોઠારીયા રોડ | ૧૧૩.૧૩ |
| ખાસ અંગભૂત | પડવલા પારડી રોડ | ૬૬.૦૨ |
| ખાસ અંગભૂત | મશીતાળા એપ્રોચ રોડ જોઈનીંગ જેતપુર દેરડી લીલાખા રોડ | ૨૨.૭૮ |
| ખાસ અંગભૂત | દડવા હમીરપરા )મોટાદડવા (હલેન્ડા રોડ | ૫૯.૭૮ |
| ખાસ અંગભૂત | કોઠારીયા લાપાસરી રોડ | ૮.૦૨ |
| ખાસ અંગભૂત | વીડીભોજપરા એપ્રોચ રોડ | ૧૭.૪૪ |
| ૧૩મું નાણાંપંચ | હાથસણી જનડા રોડ | ૪૮.૦૧ |

| યોજના | રસ્તાનું નામ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| નાબાર્ડ | વનાળા–સરતાનપર રોડ | ૫૫.૦૫ |
| ખાસ અંગભૂત | બળધોઇ દડવા હમીરપરા રોડ ૨/૦૦ થી ૪/૮૦ | ૮૪.૭૯ |
| બ.ઉ.જો | કમળાપુર–ઢોકળવા રોડ | ૧૦૭.૮૮ |
| બ.ઉ.જો | સરતાનપર–દેવધરી એપ્રોચ રોડ | ૫૪.૮૮ |
| ખાસ અંગભૂત | વડીયા એપ્રોચ રોડ જોઇનીંગ કોટડા સાંગાણી રામોદ રોડ | ૫૨.૮૨ |
| ખાસ અંગભૂત | ભાડવા સુકીસાજડીયાળી રોડ | ૭૮.૧૩ |
| બ.ઉ.જો | કોટડા શેમડા રોડ | ૧૮૯.૯૮ |
| ખાસ મરામત | લોંઠડા ભાયાસર રોડ કી.મી .૨/૯૦ થી ૫/૩૦ | ૪૫.૬૨ |
| નાબાર્ડ | વીઠલપર એપ્રોચ રોડ કી.મી .૦/૦ થી ૨/૦ | ૩૩.૭૬ |
| નાબાર્ડ | પલાસડી એપ્રોચ રોડ કી.મી .૦/૦ થી ૧/૦ | ૪૫.૪૭ |
| ખાસ અંગભૂત | હસનપર જાલી રોડ કી.મી .૦/૦ થી ૫/૫૦ | ૭૯.૩૪ |
| બ.ઉ.જો )૨૫૦–૪૯૯( | વાંકીયા થી વાંકીયા ૦/૦ થી ૧/૭૦ | ૪૦.૪૮ |
| બ.ઉ.જો | લુણસરીયા થી નવા લુણસરીયા | ૪૬.૩૯ |
| ખાસ મરામત | વાંકાનેર સરધારકા રસ્તાથી નવા લુણસરીયા એપ્રોચ રોડ કી.મી .૦/૦ થી ૧/૪૦ | ૨૭.૬૧ |
| ખાસ મરામત | ભરતનગર એપ્રોચ રોડ | ૧૬.૦૭ |
| ખાસ મરામત | અમરનગર એપ્રોચ રોડ | ૧૯.૪૯ |
| ખાસ મરામત | લક્ષ્મીનગર એપ્રોચ રોડ | ૧૧.૩૫ |
| નાબાર્ડ | ચાચાપર ગાંધીનગર રોડ | ૧૬૬.૭૪ |
| બ.ઉ.જો | માળીયા જાજાસર રોડ થી જખરીયા રોડ કી.મી .૦/૦ થી ૦/૫૦૦ | ૬૭.૧૮ |
| બ.ઉ.જો | અર્જુનનગર એપ્રોચ રોડ કી.મી .૦/૦ થી ૦/૩૫૦ | ૧૬.૮૪ |
| બ.ઉ.જો )૨૫૦–૪૯૯( | એસ .એચ .થી જયનગર રોડ | ૩૫.૬૦ |
| બ.ઉ.જો )૨૫૦–૪૯૯( | નવા સજનપર રોડ જોઇનીંગ લખધીરનગર અદેપર રોડ )કી.મી .૦/૦ થી ૧.૬( | ૬૩.૧૭ |
| બ.ઉ.જો | નેસડા )ખા (ધુનડા )ખા (રોડ | ૧૭૪.૭૪ |
| નાબાર્ડ | નાના ઇટાળા નાનાવડા રોડ. | ૭૪.૬૦ |
| નાબાર્ડ | રોજયા એપ્રોચ રોડ જોઇનીંગ મકાજ મેઘપર જલરીયા રોડ | ૬૫.૨૪ |
| ખાસ મરામત | પીપરડી ચારણ પીપળીયા રોડ ,જિલ્લા હદ સુધી કી.મી .૦/૦ થી ૧/૦૦. | ૨૮.૦૫ |
| ખાસ મરામત | સજ્જનપર એપ્રોચ રોડ જોઇનીંગ લજાઇ જડેશ્વર રોડ | ૭૯.૯૫ |
| બ.ઉ.જો | પડધરી અડબાલકા રોડ કી.મી .૦/૦ થી ૯/૨૦. | ૨૪૫.૯૬ |
| બ.ઉ.જો | ઈશ્વરીયા અમરેલી રોડ | ૧૫૦.૬૮ |
| ખાસ મરામત | રામરાજનગર એપ્રોચ રોડ | ૧૬.૨૦ |

**પરિશિષ્ટ–૨**

| યોજના | રસ્તાનું નામ | શરૂ ન થવાનું કારણ | ક્યારે પુરું કરવામાં આવશે. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| બ .ઉ .જો. )૨૫૦–૪૯૯( | ગણોદ માવાવદર રોડ કી.મી .૦ થી ૨ | જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ | જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ થયે , જમીનનો કબજો ખાતાને મળ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ટેન્ડરની સમય |

| યોજના | રસ્તાનું નામ | શરૂ ન થવાનું કારણ | ક્યારે પુરૂં કરવામાં આવશે. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | | છે. | મર્યાદામાં. |
| બ .ઉ .જો. | મોટા ભાદરા જોગાપીપળીયા )રંગપર ( રોડ | જમીન સંપાદનની કાર્યવાહી ચાલુ છે. | જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ થયે , જમીનનો કબજો ખાતાને મળ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ટેન્ડરની સમય મર્યાદામાં. |
| બ .ઉ .જો. | ઢોકળીયા–ઇશ્વરીયા રોડ | ટેન્ડર સ્ટેજે | ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી ટેન્ડરની નિયત સમયમર્યાદામાં. |

---------

**રાજકોટ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી રિસરફેસીંગ ન થયેલ રસ્તાઓ**

અતારાંકિતઃ ૩૧૪૯ (૫–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં પંચાયત અને રાજ્ય હસ્તકના રસ્તાઓમાં ડામર કર્યા વગરના અને છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી રિસરફેસીંગ ન થયેલા કુલ કેટલા રસ્તાઓ અને કયા કયા રસ્તાઓ છે, અને

)૨( સરકારે આ રસ્તાઓને કયાં સુધીમાં ડામર કરવાનું આયોજન છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી** :) ૧૬/૭/૨૦૧૪(:

)૧( ડામર કામ કર્યા વગરના રસ્તા ***પરિશિષ્ટ –૧** મુજબ તેમજ પાંચ વર્ષથી વધુ સમયથી રીસરફેસ ન થયેલ રસ્તાઓ ***પરિશિષ્ટ–૨** મુજબ.

)૨( અને (૩) ૪૨ રસ્તાઓની કામગીરી તા .૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે . રસ્તાઓને દર પાંચ વર્ષે રીસરફેસીંગ કરવાનું કોઇ ધોરણ નથી, રસ્તાઓનું રીસરફેસીંગ રસ્તાઓની સપાટીની સ્થિતિ, ટ્રાફિકનું ભારણ, નાંણાકીય ઉપલબ્ધતા અને આંતરિક અગ્રતા ક્રમ વિગેરેને ધ્યાને લઇ કરવામાં આવે છે.

જ્યારે ડામર કામ કર્યા વગરના રસ્તાઓનું ડામર કામ નાણાકીય ઉપલબ્ધતા તથા આંતરિક અગ્રતાક્રમને ધ્યાને લઇ ભવિષ્યમાં આયોજન કરવામાં આવશે.

)***પરિશિષ્ટ** સચિવશ્રીની કચેરીમા રાખવામાં આવેલ છે(.

-----------

**રાજકોટ જિલ્લામાં રસ્તાઓના જોબ નંબર આપવા બાબત**

અતારાંકિતઃ ૩૧૫૦ (૪–૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : નનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલી રકમના કેટલા અને કયા કયા રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા.

)૨( તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા તથા કેટલા ચાલુ છે.

)૩( પૂર્ણ અને ચાલુ કામો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

)૪( કેટલો ખર્ચ કરવો બાકી છે ?

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**) ૧૫/૭/૨૦૧૪(:

)૧( ` ૩૫૫૯૬.૦૯ લાખના ***પરિશિષ્ટ-૧** મુજબના ૩૬૯ રસ્તા.

)૨( ૨૭૭ કામો પૂર્ણ અને ૭૩ કામો પ્રગતિમાં.

)૩( ` ૨૨૮૧૨.૫૩ લાખ.

)૪( અંદાજે ` ૧૨૭૮૩.૫૬ લાખ.

(***પરિશિષ્ટ** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------------

**રાજ્યમાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમોની સંખ્યા**

અતારાંકિતઃ ૩૧૭૩ (૫-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા અને તાલુકાવાર સરકારી અને ખાનગી ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમો કયાં અને કેટલા આવેલ છે.

)૨( તે પૈકી સરકારી અને ખાનગી ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમમાં દર વર્ષે કેટલી રકમ કઇ કઇ શરતોને આધીન રહી ફાળવવામાં આવે છે.

)૩( આ વૃધ્ધાશ્રમોમાં પુરુષ અને મહિલાઓની સંખ્યા કેટલી અને કયા અધિકારીઓએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કયા વૃધ્ધાશ્રમોની મુલાકાત લીધી અને,

)૪( મુલાકાત દરમ્યાન કોઇ ફરીયાદ મળી હોય તો તે સામે શાં પગલા ભરવામાં આવ્યા ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**) ૯/૭/૧૪( :

)૧( સરકાર દ્વારા સંચાલિત કોઇ વૃધ્ધાશ્રમ નથી, ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમ ***પત્રક-૧** મુજબ છે.

)૨( સામેલ **પત્રક-૨** મુજબના ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ હેઠળ માન્ય વૃધ્ધાશ્રમોને અંતેવાસી દીઠ ભોજન ખર્ચ પેટે માસિક ` ૧૦૦૦/- તથા સંસ્થાના કર્મચારીઓના પગાર ભથ્થાના ૧૦૦ ટકા કન્ટીજન્સી ખર્ચ માન્ય ખર્ચના ૯૦ ટકા પ્રમાણે આપવામાં આવે છે .**પત્રક-૨**) ક (મુજબની શરતોએ ગ્રાન્ટ-ઇન એઇડ કોડ હેઠળ માન્ય વૃધ્ધાશ્રમોને ગ્રાન્ટ આપવામાં આવે છે .

)૩( ***પત્રક-૩** મુજબ.

)૪( કોઇ ફરિયાદ મળેલ નથી.

)***પત્રક** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે(.

-----------

**રાજ્યમાં શાળા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે રમત પ્રમાણે ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૩૧૦૪ (૫-૭-૨૦૧૩) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** )રાજ્યકક્ષા (જણાવવા કૃપા કરશે કે-.

અતારાંકિત પ્રશ્નો

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લાત્રણ વર્ષ દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા કઇ કઇ રમત માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

)૨( તે પૈકી ક્યા કયા જિલ્લામાં કઇ રમતમાટે અને કયા હેતુ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો.

)૩( વિદ્યાર્થીઓને ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે આ હેતુ માટે કઇ કઇ સુવિધાઓ આપી, અને

)૪( રમત ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સરકારે શાં પગલાઓ ભર્યા ?

**રમત ગમત મંત્રીશ્રી :**) રાજ્ય કક્ષા) (૧૫/૭/૧૪( :

)૧( તા .૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા શાળાકીય રમતો બાળ રમતો મહિલા રમતો ગ્રામિણ રમતો અન્ય નવી રમતોની વિવિધ રમત સ્પર્ધાઓના આયોજન સંચાલન માટે ` ૧૩,૭૬,૫૬,૩૦૩/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વર્ષવાર, જિલ્લાવાર અને રમતવાર વિગતો દર્શાવતા ***પત્રકો** આ સાથે સામેલ છે.

)૨( આ સાથેના ***પત્રક** અનુસાર જિલ્લાઓમાં તેની સામે દર્શાવેલ વિવિધ રમત સ્પર્ધાઓના આયોજન-સંચાલન માટે પ્રવાસ, નિવાસ, ભોજન, મેદાન વિગેરે હેતુ માટે ફાળવેલ ` ૧૩,૭૬,૫૬,૩૦૩/- ની પૂરે પૂરી રકમનો ખર્ચ કરવામાં આવ્યો .

)૩( વિદ્યાર્થીઓને છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે રમત સ્પર્ધાઓના આયોજન-સંચાલન માટે પ્રવાસ, નિવાસ, ભોજન, મેદાન, ગણવેશ વિગેરે વિવિધ સુવિધાઓ આપેલ છે.

)૪( રમત ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા સરકારે નીચે મુજબ પગલાં ભરેલ છે.

)૧ ( રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્દિઓ હાંસલ કરેલ ખેલાડીઓને વિવિધ એવોર્ડ જેવા કે રાજ્ય રમતવીર એવોર્ડ, એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ, જુનિયર એવોર્ડ, એકલવ્ય જુનિયર એવોર્ડ, સરદાર પટેલ જુનીયર એવોર્ડ, જયદિપસિંહજી જુનિયર એવોર્ડ, આપવામાં આવે છે .વિવિધ એવોર્ડ મુજબ એવોર્ડ ખેલાડીઓને પુરસ્કાર, મોમેન્ટો અને બ્લેઝર/ક્રેસ્ટ આપવામાં આવે છે.

)૨ ( આંતરરાષ્ટ્રીય કક્ષાએ રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લેવા જતાં ખેલાડીઓને પ્રવાસ ખર્ચ, નિવાસ ખર્ચ, ભોજન ખર્ચ, વિસા ખર્ચ, રમતગમતની કીટ ખર્ચ, ગણવેશ ખર્ચ અને અન્ય આનુસાંગિક ખર્ચ માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

)૩ ( રમતગમત ક્ષેત્રે વિવિધ રમતોમાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રમાણપત્રો આપવામાં આવે છે.

)૪ ( રમતગમત ક્ષેત્રે વિવિધ રમતોમાં ભાગ લેનાર ખેલાડીઓને શિષ્યવૃત્તિ, વૃત્તિકા અને સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે.

)***પત્રકો** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે(.

------------

**ગાંધીનગરને સોલર સીટી બનાવવાના પ્રોજેકટનો ખર્ચ**

અતારાંકિતઃ ૩૨૧૦ (૫-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-.

)૧( તા .૩૧/૦૩/૨૦૧૪ની સ્થિતિએ પાટનગર ગાંધીનગરને સોલર સીટી બનાવવાના પ્રોજેકટની જાહેરાત કોણે અને ક્યારે કરી હતી,

)૨( આ માટે કેટલી રકમ ફાળવવમાં આવી અને આ કામગીરી પાછળ તા .૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો.

)૩( આ પ્રોજેકટ કયાં સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે, અને

)૪( આ કામગીરી કયા કયા વિભાગના અધિકારી મારફતે થાય છે ?

**ઉર્જા મંત્રીશ્રી :**) ૯/૭/૨૦૧૪( **:**

)૧( પાટનગર ગાંધીનગરને સોલર સીટી બનાવવાના પ્રોજેકટની જાહેરાત રાજ્ય સરકાર દ્ધારા વર્ષ ૨૦૦૮-૦૯માં કરવામાં આવી હતી.

)૨( ગાંધીનગર સોલાર સીટી બનાવવા માટે રાજ્ય સરકાર દ્ધારા ફાળવવામાં આવેલ રકમ ` ૧૦૫.૬૭ કરોડ અને ખર્ચ ` ૬૯.૨૮ કરોડ થયેલ છે.

)૩( ગાંધીનગર સોલર સીટી પ્રોજેકટની આશરે માર્ચ-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે.

)૪( ગાંધીનગરને સોલર સીટી પ્રોજેકટની કામગીરી સરકારના કલાયમેટ ચેન્જ વિભાગ અને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્ધારા થાય છે.

-----------

**ઘરેલું હિંસા નિવારણ અધિનિયમ અન્વયે રાજ્યના તમામ જિલ્લાઓમાં પ્રોટેકશન ઓફીસરોની નિમણૂક**

અતારાંકિતઃ ૨૯૦૧ (૫-૫-૨૦૧૪) **ડૉ. શ્રીમતી તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :**
**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** )રાજયકક્ષા (જણાવવા કૃપા કરશે કે-.

)૧( ઘરેલું હિંસા નિવારણ અધિનિયમ ,૨૦૦૫ અન્વયે નામદાર ગુજરાત હાઇકોર્ટે રાજ્યના તમામ જિલ્લાઓમાં પૂરતા પ્રોટેકશન ઓફીસરો નિમવા વર્ષ ,૨૦૧૩ માં ચુકાદો આપ્યો હતો તે હકીકત સાચી છે.

)૨( જો હા ,તો આ ચૂકાદા અન્વયે કેટલા સમયમાં પ્રોટેકશન ઓફીસરો નિમવાના હતા અને રાજ્ય સરકારે તારીખ ૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ શી કાર્યવાહી કરી,

)૩( ઉક્ત સ્થિતિએ કેટલા જિલ્લામાં પ્રોટેકશન ઓફીસરોને નિમણૂક આપી ,કેટલા જિલ્લામાં બાકી છે,

)૪( બાકી રહેતા જિલ્લાઓમાં ક્યાં સુધીમાં નિમણૂંક કરવામાં આવશે ,અને

)૫( નામદાર હાઇકોર્ટના ચુકાદાનું સમય મર્યાદામાં પાલન ન થયુ હોય તો જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી**) રાજયકક્ષા (**:**) ૧૪/૭/૧૪( **:**

)૧( હા, જી.

)૨( આ ચૂકાદા અન્વયે આઠ અઠવાડીયામાં પ્રોટેકશન ઓફિસરો નિમવાના હતા અને રાજ્ય સરકારે તા . ૩૧-૧૨-૧૩ ની સ્થિતિએ તમામ ૨૬ જિલ્લામાં પ્રોટેકશન ઓફિસરોને નિમણુક આપેલ છે.

)૩( ઉક્ત સ્થિતિએ તમામ ૨૬ જિલ્લામાં નિમણૂકના હુકમ કરવામાં આવેલ .હાલ ૧૮ જિલ્લાઓમાં પ્રોટેકશન ઓફિસર ફરજ બજાવે છે .બાકીના ૮ જિલ્લામાં પ્રોટેકશન ઓફિસર હાજર થયેલ નથી.

)૪( બાકી રહેતા જિલ્લાઓમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રોટેકશન ઓફિસર તરીકે ફરજ બજાવે છે.

)૫( નિયમિત ભરતી માટે વિભાગ કક્ષાએથી આયોગને માંગણીપત્રક મોકલી આપવામાં આવેલ છે .આમ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો.**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૨૦૨ | ૧ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૩૦૨૨ ,૩૦૫૦ | ૨ |
| ૩ | અન્ન ,નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૨૯૯૭ ,૩૦૯૩ ,૩૦૯૬ ,૩૦૯૭ | ૪ |

| | | | |
|---|---|---|---|
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૧૯૭ ,૩૨૬૪ | ૨ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૦૦૪ ,૩૦૦૫ ,૩૦૦૯ ,૩૦૧૦ ,૩૦૧૩ ૩૦૧૮ ,૩૦૨૪ ,૩૦૨૫ ,૩૦૨૮ ,૩૦૨૯ | ૧૦ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૧૨૮ ,૩૧૩૦ ,૩૨૨૨ ,૩૨૫૬ | ૪ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૧૦૨ | ૧ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૧૧૩ ,૩૨૨૦ | ૨ |
| ૯ | નર્મદા ,જળસંપત્તિ ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૨૮૫૧ ,૩૧૦૩ ,૩૧૮૦ ,૩૧૮૨ ,૩૧૮૪ , ૩૨૭૧ | ૬ |
| ૧૦ | પંચાયત ,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૨૯૨૧ ,૨૯૨૨ ,૨૯૨૪ ,૨૯૨૫ ,૩૦૭૬ , ૩૦૭૭ ,૩૦૮૫ ,૩૨૨૩ | ૮ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૩૨૩૪ | ૧ |
| ૧૨ | માર્ગ અને મકાન વિભાગ | ૩૧૪૫ ,૩૧૪૭ ,૩૧૪૮ ,૩૧૪૯ ,૩૧૫૦ | ૫ |
| ૧૩ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૧૭૩ | ૧ |
| ૧૪ | રમતગમત ,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૩૧૦૪ | ૧ |
| ૧૫ | ઊર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૨૧૦ | ૧ |
| ૧૬ | મહિલા અને બાળવિકાસ વિભાગ | ૨૯૦૧ | ૧ |
| | | **કુલ** | **૫૦** |

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

**પાંચમી અને છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના બાબત

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૨ પાસ થયેલા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અભ્યાસક્રમોમાં આર્થિક, સામાજિક અને ભૌગોલિક વિકાસને કારણે વિદ્યાર્થીઓ આર્થિક મુશ્કેલીને કારણે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતાર્થે 'માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ' ની નવીનતમ યોજના અમલમાં મૂકેલ છે. જે માટે સરકારે કરેલ નિર્ણયની ટૂંકી વિગતો નીચે મુજબ છે.

(૧) રૂ. ૪ લાખ ૫૦ હજાર સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો શિષ્યવૃતિ માટે લાયક ગણાશે.

(૨) આ યોજના હેઠળ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળવાપાત્ર થશે.

(૩) આ યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા અન્ય માન્ય બોર્ડના ગુજરાત રાજ્યમાંથી ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળ થયેલા વિજ્ઞાન પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા ચાર પર્સેન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓને અને સામાન્ય પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા એક પર્સેન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓને મેરીટના આધારે મળવાપાત્ર થશે.

(૪) ગુજરાત રાજ્યના વતની હોય અને યુદ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી વિકલાંગ થયા હોય તેવા ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજ્યના અર્ધલશ્કરી દળોના, કેન્દ્રીય કે રાજ્ય અનામત પોલીસદળના જવાનોના સંતાનોને ધોરણ-૧૨ની પરીક્ષામાં ૭૫ ટકા કે

તેથી વધુ ગુણ મેળવ્યા હશે તો આવકની મર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃતિ મળવાપાત્ર થશે. ''આ માટે નિયામકશ્રી, સૈનિક વેલ્ફેર બોર્ડનું/સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.''

(૫) ૫૦૦ શિષ્યવૃતિઓ રાજયના ૫૦ ટકાથી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની શાળાઓમાંથી ધોરણ ૧૨ ની પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવીને પાસ થનાર કન્યાઓને તેઓના માતા-પિતાની આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મેરીટના આધારે નીચે મુજબ અભ્યાસક્રમવાર શિષ્યવૃતિ મળવાપત્ર થશે.

(૬) આ યોજનામાં ગુણવતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂ. ૫૦૦૦/- થી રૂ. ૨,૦૦,૦૦૦/- સુધીની શિષ્યવૃતિ આપવાનું આયોજન છે.

(૭) શિષ્યવૃતિની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી જમા કરાવવાનું પણ સરકારે નકકી કરેલ છે. જેથી વાલી તથા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ ઘટશે અને પારદર્શકતા સાથે ''શિષ્યવૃતિ'' ઉપલબ્ધ થશે.

(૮) આ યોજનાના સુચારુ અમલ માટે રાજયના વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ કરી ઘરેથી ''ઓનલાઇન'' અરજી કરી શકે તે માટે એક અલાયદુ વેબ પોર્ટલ બનાવવામાં આવનાર છે. જેનાથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે તમામ માહિતી અને ફોર્મ ''સીંગલવિન્ડો'' થી ઉપલબ્ધ થશે. આ પોર્ટલ આગામી દિન-૧૫માં કાર્યરત થશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

નાણા વિભાગ

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૩,૩૬,૬૫,૦૦૦ની માગણી ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી હિરાભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૧૬**

શ્રી સૌરભભાઇ પટેલ **(નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ નાણા વિભાગની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૬૦,૨૬,૬૧,૦૦૦ની માગણી ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીભાઇ વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૧૭**

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટની સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૮૫,૫૬,૬૯,૦૦૦ની માગણી ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

**માગણી ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૧૮**

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ સેવાને લગતી નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૪૧,૦૮,૬૧,૪૭,૦૦૦ની માગણી ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **શુક્રવાર-તા.૨૫-૭-૨૦૧૪ (પહેલી બેઠક) બારમો અને છેલ્લો દિવસ**ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **નાણા વિભાગ<br>માગણી નં ૧૫** | | |
| ૧ | ૨૦૫૨- સચિવાલય.... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ. ૧૯, ૯૨, ૨૯, ૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૫-૬૬ | ૧૦૦ | બોનસનો લાભ વર્ગ-૨ સંવર્ગ સુધીના કર્મચારીઓને મળે તે રીતે પગાર મર્યાદા વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા (ઇશ્વરભાઇ પટેલ) |
| ૨ | -- " -- | ૧૦૦ | સેક્શન અધિકારી સંવર્ગ અને નાયબ સેક્શન અધિકારી સંવર્ગનો એકસરખો પે ગ્રેડ સુધારવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઇ પણદા (મંગળભાઇ ગાવિત) |
| ૩ | -- " -- | ૧૦૦ | સેક્શન અધિકારી (વર્ગ-૨) માં સીધી ભરતી અને બઢતીના અધિકારીઓ માટે અલગ-અલગ પગારધોરણ હોવા અંગેની વિસંગતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (જીતુભાઇ ચૌધરી) |
| ૪ | -- " -- | ૧૦૦ | ઉપસચિવ સંવર્ગના પગાર ધોરણનો ગ્રેડ પે સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (પરેશ ધાનાણી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | -- " -- | ૧૦૦ | ફિક્સ પગારના કર્મચારીઓને પૂરો પગાર આપી શોષણમુક્ત વહીવટ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (પ્રવિણસિંહ રાઠોડ) |
| ૬ | -- " -- | ૧૦૦ | નાગરિકો ઉપર દર વર્ષે વધતું દેવું ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ (ચન્દ્રીકાબેન બારીયા) |
| ૭ | -- " -- | ૧૦૦ | વિભાગોને ફાળવવામાં આવતી રાજ્ય અને કેન્દ્ર સરકારની રકમનો સમયસર ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી (અમિત ચૌધરી) |
| ૮ | -- " -- | ૧૦૦ | અંદાજપત્રોના અંદાજો અને વાસ્તવિક ખર્ચ વચ્ચે રહેતો મોટો તફાવત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જશુભાઈ બારડ (પૂનમભાઈ પરમાર) |
| ૯ | -- " -- | ૧૦૦ | નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિનાના વધારાના ખર્ચને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (ધીરૂભાઈ ભીલ) |
| ૧૦ | ૨૦૫૨- સચિવાલય.... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂઈ ૧૯, ૯૨, ૨૯, ૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૬૫-૬૬ | ૧૦૦ | રાજ્યના વધતા જતા દેવાં અને તેના પરના વ્યાજને નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર (મહેશકુમાર પટેલ) |
| ૧૧ | -- " -- | ૧૦૦ | સરકાર હસ્તકના બોર્ડ નિગમોના વાર્ષિક હિસાબો સમયસર તૈયાર થાય તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ (પ્રહલાદભાઈ પટેલ) |
| ૧૨ | -- " -- | ૧૦૦ | રાજ્યના સરકારી કર્મચારીઓની છઠ્ઠા પગારપંચની પડતર માગણીઓનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (નટવરસિંહ ઠાકોર) |
| ૧૩ | -- " -- | ૧૦૦ | રાજ્યના વર્ગ-૪ના કર્મચારીઓને સમયસર બોનસ આપવામાં તથા નવા મંત્રીમંડળના બોનસથી વંચિત રહેતા કર્મચારીઓને બોનસ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર (રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૧૪ | -- " -- | ૧૦૦ | તા.૧-૬-૧૯૮૮ના ઠરાવમાં સુધારો કરી મંત્રીમંડળના કર્મચારીઓને મળતા સ્પેશ્યલ-પેમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ (ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ) |
| ૧૫ | -- " -- | ૧૦૦ | બજેટમાં રકમો મંજૂર થયા બાદ મોટા ખર્ચાઓ પૂરક બજેટમાં લેવાય છે તેને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (જોઈતાભાઈ પટેલ) |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | -- " -- | ૧૦૦ | ઉત્સવો-મેળાઓ અને મહોત્સવો પાછળ થતા બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા (મહંમદજાવીદ પીરઝાદા) |
| **માગણી નં ૧૬** | | | | |
| ૧૭ | ૨૦૪૦- વેચાણ..... કરવેરા<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૧- વાણિજ્યિક....આયુક્ત<br>રૂ. ૧૭,૪૩,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં.૯- ૧૦ | ૧૦૦ | ઘર વપરાશ માટે પાઇપ લાઇન દ્વારા અપાતા ગેસ પરનો વેરો સંપૂર્ણ નાબૂદ કરી મધ્યમ વર્ગની જનતાને આર્થિક રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત (ભોળાભાઇ ગોહેલ) |
| ૧૮ | -- " -- | ૧૦૦ | રાસાયણિક ખાતરો ઉપર લેવાતો વેટ સંપૂર્ણ માફ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ વાઘેલા (અશ્વિન કોટવાલ) |
| ૧૯ | -- " -- | ૧૦૦ | જિલ્લા વેચાણવેરા કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ પટેલ (કરમશીભાઈ પટેલ) |
| ૨૦ | -- " -- | ૧૦૦ | વેચાણવેરાના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા વેપારીઓને થતી ખોટી હેરાનગતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ (મંગળભાઈ ગાવિત) |
| ૨૧ | -- " -- | ૧૦૦ | કરવેરાના દરોમાં ઘટાડો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી (હર્ષદકુમાર રીબડીયા) |
| ૨૨ | -- " -- | ૧૦૦ | વેટ-સેલટેક્ષની વરસો જૂની કરોડો રૂપિયાની બાકી રહેતી રકમ સત્વરે વસૂલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ (ગૌતમભાઈ ચૌહાણ) |
| ૨૩ | ૨૦૪૦-વેચાણ...કરવેરા<br>૦૦૧ - નિદેશ અને વહીવટ<br>૦૧- વાણિજ્યિક...આયુક્ત<br>રૂ. ૧૭,૪૩,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં.૯- ૧૦ | ૧૦૦ | એસ્સાર કંપની પાસેથી અંદાજે ૪૧૩૯.૪૮ કરોડના વેરાની રકમ વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (મહેન્દ્રસિંહ બારૈયા) |
| ૨૪ | -- " -- | ૧૦૦ | વેરાઓ ભરવામાં વેપારીઓને સરળતા રહે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી (આનંદભાઈ ચૌધરી) |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫ | -- " -- | ૧૦૦ | વેચાણવેરાની ચોરીઓ પકડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા (કાંતિભાઈ ખરાડી) |
| | | **માગણી નં ૧૭** | | |
| ૨૬ | ૨૦૫૪- તિજોરી.... વહીવટ<br>૦૯૫- હિસાબ.. કચેરી<br>રૂ. ૭,૪૫,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.ન. ૬૮ થી ૭૦ | ૧૦૦ | હિસાબ નિયામકની કચેરી અને જિલ્લાની કચેરીઓના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા (ગેંદાલભાઈ ડામોર અને ધારશીભાઈ ખાનપુરા) |
| ૨૭ | -- " -- | ૧૦૦ | શહેર અને જિલ્લા સહાયક નિરીક્ષક સ્થાનિક હિસાબ ભંડોળ, જામનગર ખાતે પડતર રહેલ ૩૭૭ જેટલા ઉચ્ચતર પગાર ધોરણના કેસો વધારાનો સ્ટાફ મૂકી મંજૂર કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (રાઘવજી પટેલ) |
| | | **માગણી નં ૧૮** | | |
| ૨૮* | ૨૦૭૧- પેન્શન...લાભો<br>૦૧ -મુલકી<br>૧૦૧ - વય નિવૃત્તિ<br>.....ભથ્થા રૂ.<br>૩૫,૪૦,૦૦,૦૦, ૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પા.નં. ૮૦ | ૧૦૦ | નિવૃત્ત થતા કર્મચારીઓના નો-ડ્યુ સર્ટીફિકેટો પુર્તતા કર્યા હોવા છતા પેન્શન વિલંબથી અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઈ ચાવડા |
| ૨૯* | -- " -- | ૧૦૦ | નિવૃત્ત થતા કર્મચારીઓને મળવાપાત્ર લાભોની રકમ સત્વરે મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. મીતેષ ગરાસીયા |
| ૩૦ | -- " -- | ૧૦૦ | કર્મચારીઓના નિવૃત્તિના કિસ્સાઓમાં રજૂ થયેલ પેન્શન પેપરમાં ભૂલ રહેલ હોય તો તે સમય મર્યાદામાં પૂર્તતા કરાવી મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચાનો સમય નક્કી કરવા અંગે

અધ્યક્ષશ્રી : અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય સવારના ૮-૩૦ થી બપોરના ૧-૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ ૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજે બપોરના ૧૨-૦૦ વાગ્યે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે

માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલ બીજી તમામ માગણીઓ એકી સાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

હવે માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર એકી સાથે ચર્ચા કરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પાંચ માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

ખાસ કરીને આજની ચર્ચા ખૂબ જ મહત્વની છે. કારણ કે માનનીય મંત્રીશ્રી નાણા વિભાગની માગણી લઇને આવ્યા છે ત્યારે તેઓની પાસે અપેક્ષા ઘણી બધી હોય. જે જૂના ટેકસ છે એ ઓછા થાય જેથી લોકોને કરની રાહત થાય એવી અપેક્ષા અમારા તરફથી અને ગૃહ તરફથી હોય છે. દેશનું કોઇપણ રાજય હોય કે ગુજરાત હોય એની આર્થિક સ્થિતિ શું છે એનો વિકાસ કેટલો થયો છે એના ઉપર બહુ મહત્વનો ભાર રહેલો છે. પણ આજે શરૂઆતમાં જ કોઇ માણસ આવે અને ત્યારે પહેલાં જૂએ અને તેને ખ્યાલ આવે કે ખરેખર ગુજરાતની આર્થિક પરિસ્થિતિ કેટલા અંશે કથળી છે કે ૨૦૦૪-૦૫માં કેગના રિપોર્ટમાં જે દેવાનો વધારો થઇ રહ્યો છે તે બાબતે કેગમાં પણ સરકારે રાજય સરકારનું ધ્યાન દોર્યું હતું. આજે વાતને નિરંતર વર્ષોથી ચાલતી આ પ્રક્રિયામાં દર વર્ષે માનનીય સભ્યશ્રીઓએ પણ રાજયની પરિસ્થિતિ માટે ઘણી બધી ચર્ચાઓ કરી છે. આજે બીજાં ૧૦ વર્ષ થયા તો પણ આ સરકારમાં ગમે તે કારણસર દેવામાં ઘટાડો કરવાના બદલે દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે. સમગ્ર ભારતમાં એમ કહી શકાય કે ગુજરાત એક વિકાસ મૉડેલ છે પણ કદાચ આ બાબતમાં જોઇને એમ થાય કે વિકાસ મૉડેલ દેવા માટેનું વિકાસ મૉડેલ છે એવી સ્થિતિ થઇ રહી છે. ૧૨ વર્ષમાં જે દેવાની સ્થિતિ હતી અને ધીમે ધીમે ૨૦૧૪-૧૫માં ૧૮૫ લાખ કરોડ રૂપિયે પહોંચ્યું છે. એ બતાવે છે ગુજરાતમાં વાસ્તવિક પરિસ્થિતિ શી છે. ગુજરાતમાં બાળક જન્મે એ ૩૦,૦૦૦ ના દેવા સાથે જન્મે એવી આ ગુજરાતમાં વાસ્તવિક પરિસ્થિતિ છે. તેનાથી દુઃખ સાથે કહેવાય કે બાળક જન્મતાની સાથે વિચારે કે હું ગુજરાતમાં જઇ રહ્યો છું. ત્યારે ૧૦,૦૦૦ના કર સાથે હું જઇશ. એવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. આ પરિસ્થિતિ ગુજરાત સરકારની હોય. પહેલાં આપણે વ્યાજથી પૈસા લાવતા હતા. ૨૦૦૫માં માત્ર ૨૫ ટકા લાવતા હતા. આજે ધીમે ધીમે વધારીને ૧૦ વર્ષમાં ૨૫ ટકાના બદલે ૫૫ ટકાથી વધુ લાવવાની પરિસ્થિતિ ઊભી થઇ છે. એ આ ગુજરાતની પરિસ્થિતિ બતાવે છે કે આપણે રાજયથી બીજાં બાહ્ય દેવામાં ડબલથી વધારો કર્યો છે. આટલું મોટું દેવું હોય, દેવાના પૈસા વિકાસ માટે વપરાયા હોત, નર્મદાના વિકાસ માટે વપરાયા હોત તો અમને આનંદ થાત પણ આ સરકારને માત્રને માત્ર વ્યાજ ભરવાની પરિસ્થિતિ ઊભી થઇ છે. આજે આ દેવા પેટે ૧૫થી ૨૦ હજાર કરોડ રૂપિયા દર વર્ષે વ્યાજ ચૂકવાય છે એવી સ્થિતિ થઇ છે. આ ૨૦ હજાર કરોડ રૂપિયા નર્મદાના વિકાસ માટે આ દેવું ન હોત અને કદાચ વાપર્યા હોત તો આ ગુજરાતની અંદર ૧૦ વર્ષ પહેલાં ખેડૂતો ન્યાલ થઇ ગયા હોત અને ગુજરાતનો વાસ્તવિક વિકાસ આપણને દેખાતો હોત.

રાજય સરકાર એક બાજુ દેવું કરે અને કેટલાય વર્ષોથી સરકારને જે વસૂલાત કરવાની હોય અને કેટલા કરોડ રૂપિયા? તો ૨૯,૪૬૨ કરોડ રૂપિયા લોકો પાસેથી લેવાના હોય. આ બાજુ સરકાર આટલું મોટું વ્યાજ ભરે અને આટલા બધા પૈસા બાકી હોય, તેની ઉઘરાણી ન થાય. આ કેવા મોટા મોટા લોકોના પૈસા બાકી છે તે પૈસા તેમાંથી લેતાં નથી એ દુઃખદ બાબત છે. કદાચ આ બાકીના પૈસા આવી ગયા હોત તો રાજય સરકારને ઘણો ફાયદો થાત. આપણને એમ થાય કે બીજાં રાજયોની સરખામણી ઘણાં બધા મંત્રીશ્રીઓ કરતા હોય છે. મને એમ થાય કે આપણાં ગુજરાતનું બીજાં લોકો ઉદાહરણ લે તેના કરતાં બીજાં રાજયોનું આપણે ઉદાહરણ લેવું પડે. આપણાં ગુજરાતના ૨૦૧૩-૧૪ના મહેસૂલ ખર્ચમાં ૧૭ ટકા આવક છે એ વ્યાજમાં ચૂકવાય છે. તમે બિહાર જૂઓ. બિહારની સરખામણીમાં આપણને એમ લાગે કે આપણાં કરતા બિહાર કેટલું આગળ? કેટલું વિકસિત કે જેના કારણે તેની મહેસૂલી આવકના માત્ર ૮ ટકા વ્યાજમાં ચૂકવાય છે. ઉત્તર પ્રદેશ જૂઓ. ગુજરાત વિકાસ મૉડેલની વાત ચોક્કસ થાય, વિકાસના મોડલના નામે સમગ્ર ભારતમાં ડંકો વગાડીને વાત કરાય.વાસ્તવિકતામાં વિકાસનું મોડલ કેવું છે? ઉત્તર પ્રદેશમાં ૧૦ ટકાની રકમ એની અંદર

વપરાય છે અને છેલ્લા દસ વર્ષમાં શું વિકાસ કર્યો? વ્યાજમાં ૧૭૬ ટકાનો વધારો કર્યો એવી સ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે.

ઘણી વખત એમ થાય કે, ગુજરાતીઓ આખા વિશ્વમાં વખણાય છે. વિશ્વમાં જઇને જોઇએ તો ગુજરાતીઓ એકે એક વેપાર ધંધામાં હોય, દરેક ક્ષેત્રમાં આગવી સિસ્ટમ હોય છે. પણ ગુજરાતના નાણાનું મેનેજમેન્ટ કેવું થાય છે? ૨૦૧૪-૧૫માં રૂ.૨૪૮૮૯/- કરોડ લોન દેવા પેટે લીધા એમાંથી રૂ.૧૭૦૦૦/- કરોડની ખાદ્ય પૂરી કરી, રૂ.૫૫૦૦/- કરોડ દેવા પેટે ચૂકવ્યા અને બાકીના રૂ.૨૪૦૦/- કરોડ ક્યાં વાપરવા એની સિસ્ટમ બની શકતી નથી. એનું વ્યાજ ચાલુ રહે અને એ આપણે ક્યાં વાપરીશું એ નક્કી કરી શકતા નથી. એ કઇ પરિસ્થિતિમાં વાપરવાના છે. આવી પરિસ્થિતિનું નિર્માણ ગુજરાતમાં થયું છે. આપણને એમ થાય કે, સરકારનો એક એક પૈસો બહુ મહત્વનો હોય છે. આ પ્રજાના પૈસા છે, પ્રજાના ટેક્સમાંથી આવેલા પૈસા છે. કદાચ ગરીબોને રાહતમાં આપવાના હોય તો એમાં અનેક પ્રકારે ઘટાડો કરતા હોઇએ છીએ. ગુજરાતની જનતાએ આ સરકારને દસ-દસ પંદર વર્ષ સુધી શાસન આપ્યું. ગુજરાતની જનતાને એમ થતું હશે કે, આ સરકાર અમારી ચિંતા કરે, કાંઇક કરે. છેલ્લા ૧૩ વર્ષમાં આ સરકારે શું આપ્યું? કુલ આવકમાં ૧૬૦ ટકાનો વધારો થયો, કરવેરામાં ૬૯૯ ટકાનો વધારો થયો. સેલ્સ ટેક્સ અને વેટની આવકમાં ૬૭૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને આયોજનનું ખર્ચ ૨૦૦૫-૦૬માં ૨૭.૯૫ ટકા વધ્યું હતું. આજે આયોજન કરવાનું હોય એના ખર્ચમાં ઘટાડો થાય, આટલા બાધા ટેક્સ નંખાય અને ગુજરાતની જનતાને એના પૈસા મળ્યા હોત તો ચોક્કસ આનંદ થાત. પણ આપણે જોયું હશે કે, એ ઘટીને ૨૦૧૪-૧૫માં ૨૧.૦૮ ટકા છે. એટલે આવું આજની પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. ૨૦૦૪-૦૫ના વર્ષમાં વેટમાં અને ૨૦૧૩-૧૪માં ૨૧ ટકા, દર વર્ષે ગુજરાત ઉપર ભારણ વધતું જાય છે.

છેલ્લા બે વર્ષમાં વિકાસલક્ષી ખર્ચમાં પણ ગુજરાત સરકારે ઘટાડો કર્યો છે. એકબાજુ આટલી બધી આવક થતી હોય અને બીજી બાજુ આપણે ઘટાડો કરીએ. મને એ જ સમજાતું નથી કે, સરકારની આવકો વધે છે પણ વિકાસના ખર્ચમાં કેમ ઘટાડો થાય છે? બીજી બાજુ બીજા ખર્ચમાં અનેક પ્રકારે વધારો થાય છે. આજે પગારમાં ૧૩ ટકાનો વધારો થયો અને પેન્શનમાં ૧૮ ટકાનો વધારો થયો. મારે આ સરકારને કહેવું છે કે, ૧૩ ટકા પગાર વધ્યા છે અને રૂ.૫૩૦૦/-માં શિક્ષકો ભરવાના? આજે દરેક જગ્યાએ રૂ.૫૦૦૦/- કે રૂ.૬૦૦૦/- ના દરથી પગારદારો ભરેલા છે. એ લોકોને વાસ્તવિકતા જોઇને વધારે આપવું જોઇએ, એ લોકોને પૈસા આપી શકતા નથી અને આપણા બીજા અનેક ખર્ચા વધ્યા છે એવી સિસ્ટમ થઇ રહી છે. ઘણી વખત આ ગૃહમાં વાતો કરવામાં આવે છે અને જોશ જોશથી વાતો કરવામાં આવે છે કે કેન્દ્ર સરકાર તરફથી ભૂતકાળમાં ગુજરાતને બહુ અન્યાય કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીઓ પણ આ વાત કરતા હોય છે. પરંતુ વાસ્તવિકતામાં આપણે આંકડા જોઇએ તો ખ્યાલ આવશે કે, છેલ્લા દસ વર્ષમાં ૨૦૦૧-૦૨થી ૨૦૧૪-૧૫માં કેન્દ્ર સરકારે ગુજરાતને જે સહાય આપી છે એમાં ૫૩૧ ટકાનો વધારો થયો છે. જે બાબતને બિરદાવવાની વાત તો બાજુએ રહી, બીજા બધા રાજ્યોની હરોળમાં સમગ્ર ભારતના રાજ્યો આપ જોતા હશો. એની અંદર ગુજરાતને ૧૫ રાજયો કરતા વધારે પૈસા મળે છે એ આપણા આંકડા કહે છે. ગુજરાતને અન્યાય નહીં ગુજરાતને સૌથી સારામાં સારા પૈસા આપ્યા હોય તો કેન્દ્ર સરકારે આપ્યા છે. ૨૦૦૧-૦૨માં માત્ર ૩ હજાર કરોડ રૂપિયા મળતા હતા અને આજની તારીખે એમ કહી શકાય કે ૨૦૧૩-૧૪માં ૧૯૧૬૫ કરોડ રૂપિયા એટલે કેટલા ટકા વધારો થયો એ આપણે બધા સૌ સારી રીતે જાણી શકીએ છીએ. સરકારમાં ઘણી વખત એવી પરિસ્થિતિ થાય, આંકડા જોઇને એમ લાગે કે ગુજરાત સરકાર કઇ સિસ્ટમમાં ચાલે છે? કોના પ્રતાપે ચાલે છે. સરકાર ૭.૫ ટકાના દરે પૈસા લે, કોઇપણ વેપારી હોય, કોઇ પણ કંપની હોય, કોઇપણ સરકાર હોય, કોઇપણ રાજ્ય હોય એ ૭.૫ ટકાના દરે પૈસા લે અને આપવાના કેટલા? તો ૦.૨૫. મને સમજાતું નથી ૭.૫ ટકાએ આપણે પૈસા લેવાના અને ૦.૨૫. ૨૦૧૨-૧૩માં બેન્કો હોય, જોઇન્ટ સ્ટોક કંપની હોય, કોર્પોરેટ ટાટા નેનો હોય, મારૂતિ સુઝુકી હોય કે અદાણી જેવી અન્ય કંપની હોય ૩૯,૧૭૯ કરોડ રૂપિયાની લોન ૦.૨૫ પૈસે આપી. મારે પૂછવું છે આ કેવી પરિસ્થતિનું નિર્માણ છે? આપણે એક બાજુ ૨૦-૨૦ હજાર કરોડ રૂપિયા વ્યાજ ભરતા હોઇએ અને આટલા પૈસા જયારે આપતા હોઇએ ત્યારે આપણને

ચોકકસ ચિંતા થાય કે સરકાર આ બાબતે કંઇક વિચારે. ઉદાહરણરૂપે ઘણી વખત એવું થાય કે કેન્દ્ર પાસે આપણે કરોડો રૂપિયા લેવાના હોય, સરકારે કેવું કામ કરવું જોઇએ, સરકારે કઇ કઇ બાબતમાં ધ્યાન રાખવું જોઇએ એ બહુ મહત્વનું છે એટલે હું જે કહેવા માગુ છું કે આપણે કેન્દ્ર સરકાર પાસેથી ઘણી વખત પૈસા લેવાનું મન થાય પણ ૨૯૨ કરોડ રૂપિયા, શિક્ષણનું એક ઉદાહરણ આપું એમાં ૨૯૨ કરોડ રૂપિયા વણવાપર્યા આપણા પડયા રહ્યા એક સર્ટીફીકેટ આપવાને કારણે અનેક વખત આ પૈસા કેન્દ્ર સરકાર પાસેથી પણ મળતા નથી. આટલા કરોડો રૂપિયા આપણા કેન્દ્ર સરકાર પાસે ખાલી પેપરના કારણે નથી મળતા હોતા અને સૌથી વધારે જયાંથી કર આવે છે, વેટમાંથી. મારે એ કહેવું છે એક વખત આ જ ફોરમ ઉપર મેં ૨૦૦૬-૦૭માં મેં કીધું હતું કે ગુજરાતમાં અમારી યુ.પી.એ.સરકાર જે વેટ સમગ્ર દેશમાં લાવી રહી છે એના કારણે આપણી આવક વધશે. એક જમાનો હતો, માત્ર ૬હજાર કરોડ રૂપિયા આવક હતી અને આજે ૪૭હજાર કરોડ રૂપિયા આવક થઇ છે.

આ જે આવક થઇ એ ગુજરાતના વેપારીઓની પારદર્શકતા, એમની કુનેહ કે ટેકસ ભરે અને વ્યવસ્થા થાય. પણ આજે સ્થિતિ આ સરકારની કેવી છે, આ વેટના બોજાના કારણે સમગ્ર ભારતની અંદર એક ટકો ટેકસ જો કોઇએ સૌથી વધાર્યો હોય તો આજે ગુજરાતમાં એક ટકો ટેકસ વધાર્યો છે. આટલો મોટો ટેકસ, પૈસા વધતા હોય એક ટકો આપણા ત્યાં ટેકસ વધાર્યો હોય અને મારે કહેવું પડે કે ઘણી વખત સરકાર એમ કહેતી હોય, આ વખતના બજેટની અંદર ઘણા બધા કારખાનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો, આજે મારે દુઃખ સાથે કહેવું પડે કે ૬૫ હજાર જેટલા નાના મોટા ઉદ્યોગો ગુજરાતમાં બંધ થયા છે. અને બંધ થવાનું સૌથી મોટું કારણ હોય તો આ વેટનું ભારણ અને રીફંડના જે પૈસા મળે છે રીફંડમાં એ આજે પણ હું તમને કહી શકું પેપર ઉપર કે એનો રીફંડનો જે જી.આર. છે એ રીફંડમાં ૯૦ દિવસે પૈસા આપવાના હોય અને ૧૦ ટકા પૈસા જયારે એનું એસ્ટીમેટ થાય ત્યારે એના પૈસા ખરેખર મળી જવા જોઇએ એની જગ્યાએ આજે પણ ટેકસના રીફંડમાં ૨૦૦-૨૦૦ દિવસ સુધી આપણને રીફંડ નથી મળતું. ઘણી વખત નાણામંત્રીઓને વેપારી એસોસીએશન, અને મેં પણ પર્સનલી માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબને વાત કરેલી છે કે આ રીફંડના કારણે ઉદ્યોગોને નુકસાન થાય છે., આજે રાજસ્થાનમાં ૧૫ દિવસે મળી શકે છે અને આજે અહીંયા ૨૦૦-૨૦૦ દિવસ સુધી ના મળે એ ટેકસ ૪ ટકાએ, ૧ ટકાએ અને ૨ ટકા બીજો થઇ જાય જેના કારણે ૭-૭ ટકા આ ગુજરાતની જનતા ઉપર ભારણ પડે છે માટે આ કારખાનાઓ આજે બંધ થયા છે. એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે બેન્ક ગેરંટીનો જી.આર. છે, બેન્ક ગેરંટી લઇને એક પોલિસી બનાવીને ગુજરાતના આટલા વેપારીઓને રાહત થાય એવો જી.આર. છે એનો અમલ કરવો જોઇએ. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે હમણાં જ મેં ૩-૪ દિવસ પહેલાં અમારા ઉત્તર ગુજરાતના પ્રાણપ્રશ્નો છે એમાં ઇસબગુલ હોય, કસ્ટર્ડ ઓઇલ હોય એનું ૧૦૦ ટકા એક્સપોર્ટ થાય છે. ભારતમાં ૧૦૦ ટકા એક્સપોર્ટ થતું હોય એવા કોમોડિટી વાળાને, એના કારખાના આજે રાજસ્થાન જવા માંડ્યા છે. ૧૦૦ ટકા એક્સપોર્ટ થતું હોય અને ૫૦-૧૦૦ કરોડના રિફંડના કારણે એ પૈસા પકડાઇ રહે છે. ૧૦૦ ટકા એક્સપોર્ટ થતી હોય એવી આ બે આઇટમોમાં ખરેખર સરકારે વેટ કાઢી નાખવો જોઇએ.

માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે પેટ્રોલના દર બીજા રાજ્યોમાં કેટલા બધા ઓછા છે? ગુજરાતમાં સૌથી મોટું ભારણ હોય તો એ પેટ્રોલ અને ડિઝલનું છે. આપણે પેટ્રોલ ઉપર ૨૩.૨ અને ડિઝલ ઉપર ૨૧.૩ ટકા વેરો લઇએ છીએ. ત્રિપુરામાં ૧૫ ટકા, ઓરિસ્સામાં ૧૮ ટકા, દિલ્હીમાં ૨૦ ટકા છે અને હમણાં કેટલાય રાજ્યોએ ઘટાડો કર્યો છે. આંધ્ર, ગોવા, કેરાલા અને ઓરિસ્સા જેવા રાજ્યોએ પેટ્રોલ અને ડિઝલમાં ભાવ ઘટાડ્યા છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે પેટ્રોલ અને ડિઝલની મોટી આવક છે. સૌથી મોટું ભારણ આ બન્ને વસ્તુ ઉપર છે એમાં ટેક્સ ઘટાડે એવી મારી વિનંતી છે. બીજા અનેક ટેક્સમાં પણ રાહત આપે એવી મારી વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ કર્યું કે ૩૯ હજાર કરોડ રૂપિયા ૦.૧ ટકાએ ૪-૫ કંપનીઓના નામ બોલ્યા એ લોકોને લોન પેટે આપ્યા છે. મારે જાણવું છે કે એ માહિતી ક્યાંથી લાવ્યા? એ માહિતી ટેબલ ઉપર મૂકે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આ માહિતી લોન અંગેની છે એના આંકડા મારી પાસે ટેબલ ઉપર મૂકજો.

શ્રી અજયકુમાર જ. ચોક્સી(સુરત (ઉત્તર)) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ સંસ્થા હોય, રાજ્ય હોય એને કોઇપણ આર્થિક, નાણાકીય વ્યવસ્થા સાથે કાર્યક્ષમ રીતે ગોઠવવામાં આવે તો ચોક્કસ જે તે સંસ્થાનો વિકાસ થઇ શકે. ગુજરાત સરકારમાં પણ છેલ્લા કેટલાય વર્ષોથી નાણાકીય વ્યવસ્થાપન એટલું સરસ કાર્યક્ષમ રીતે ગોઠવાઇ રહ્યું છે, જેના કારણે આપણને ગુજરાતનો વિકાસ દેખાઇ રહ્યો છે. એનું પ્રતિબિંબ આપણને ગુજરાતની વાર્ષિક યોજના હોય, વિકાસલક્ષી ખર્ચ હોય, પંચવર્ષીય યોજના હોય કે કોઇપણ આંકડાઓ તમે જોશો તો નાણાકીય વ્યવસ્થાપન સારું હોવાના કારણે આજે ગુજરાત વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. જ્યારે નાણાકીય વ્યવસ્થા બરાબર કાર્યક્ષમ રીતે ગોઠવવાની હોય ત્યારે સ્વભાવિક એની આવક ઉપર પણ દ્રષ્ટિપાત કરવો પડે. ગુજરાતના ૭૦ ટકા વેરાની આવક વેટ અને સેલ્સટેક્સમાંથી આવે છે. આપણી સરકારની આવક વ્યવસ્થિત રીતે એના સારા ગ્રોથ રેટ સાથે વધતી રહે એના માટે આયકર વિભાગ અને સેલ્સ ટેક્સ વિભાગની અંદર જે જીસ્વાનની મદદથી જે ઇ-ગવર્નન્સનો અભિગમ આપણે અપનાવ્યો છે એના કારણે આજે વેટ ડિપાર્ટમેન્ટ અને સેલ્સે ટેક્સ ડિપાર્ટમેન્ટની અંદર ખૂબ જ સારી રીતે એનું વહિવટી માળખું ગોઠવાયેલું છે. જે રીતે કોઇપણ નવા વેપારી જે પોતાનો ધંધો શરૂ કરવા માગે તો ઓન લાઇન અરજી કરવાની વ્યવસ્થા છે જેથી એને પ્રોવિઝનલ નંબર ફક્ત ત્રણ જ દિવસની અંદર મળી જાય છે અને કાયમી નંબર એને ૩૦ દિવસની અંદર મળી જાય છે. ખાતા તરફથી જણાવવામાં આવે કે ના આવે એના કારણે વેપારીને અગાઉ નંબર મેળવવામાં તકલીફ થતી હતી અને એના કારણે પોતાના આર્થિક વહેવાર અટકી જતાં હતાં એ મુશ્કેલીમાંથી એને રાહત આપવામાં આવી છે. એવી જ રીતે રિટર્ન ભરવામાં પણ વારંવાર એમને ઓફિસે જવું પડતું હતું, માનવ કલાકો અને દિવસો બગડતા હતા એના બદલે હવે 24X7ની ઇ-રિટર્નની વ્યવસ્થા આપણી સરકાર તરફથી કરવામાં આવી છે જેનો લાભ વેટના ૩,૦૯,૪૯૦ વેપારીઓએ ૧૦.૨૮ લાખ ઇ-રિટર્ન ભરીને આ ઇ-રીટર્ન ઓન લાઇનનો લાભ લીધો છે. તેવી જ રીતે સીએસટીમાં ૨,૩૭,૮૭૧ વેપારીઓએ ૮.૪૨લાખ ઇ-રિટર્ન ભરીને આ યોજનાનો લાભ લઇને લાખો માનવ કલાકો આમાં બચ્યાં છે. તેવી રીતે ઇ.પેમેન્ટની વ્યવસ્થા કરવામાં આવી છે. એના કારણે આ 24X7ની સુવિધામાં ૧૩-૧૩ જેટલી બેંકોમાં વ્યવસ્થા કરવામાં આવી છે અને તેની અંદર અત્યાર સુધીમાં ૩૦,૦૯૪ કરોડ રૂપિયા નવેમ્બર-૨૦૧૩ અંતિત સુધી આવક થઇ છે તે પૈકી ૭૭% જેટલી આવક આ ઇ.પેમેન્ટ દ્વારા રાજ્ય સરકારને મળી છે તેના કારણે રાજ્ય સરકારને પણ આવકની દષ્ટિએ રાહત છે અને વેપારીઓનો પણ સમય બચ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે જુદા જુદા ફોર્મ જે વેપારીઓને મેળવવામાં મુશ્કેલી પડતી હતી. આંતર રાજ્ય જે વ્યવહાર હોય એના માટે 'સી' ફોર્મ, શાખાઓ ટ્રાન્સફર થતી હોય તેના માટે 'એફ' ફોર્મ અને નિકાસ કરવા માટે જરૂરી 'એચ' ફોર્મ એ પણ ઓન લાઇન અવેલેબલ હોવાના કારણે અને તે પણ 24X7ના સમય પ્રમાણે અવેલબલ રહે છે અને એને કારણે ૨૦૧૨-૧૩ દરમ્યાન ૧૨.૫૮ લાખ જેટલા ફોર્મ ઓન લાઇન પ્રિન્ટ થયેલા. તેવી રીતે બોર્ડર પર પણ ચેકપોસ્ટ પર જે એના માટે જરૂરી ફોર્મ નંબર ૪૦૨ અને ફોર્મ નંબર ૪૦૩ એ પણ એસએમએસ બેઇઝ ઓન લાઇન મળતા હોવાના કારણે બોર્ડર પર તેનો ઘણો સમય બચે છે અને ૨૦૧૩-૧૪ દરમ્યાન આવા ૧૬.૩૮ લાખ જેટલા ફોર્મ ઇશ્યુ કરવામાં આવેલા હતા. એવી રીતે રીફંડ માટે પણ એટલી સરસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન રીફંડમાં વેપારીઓને ૨,૩૬૯ કરોડ જેટલી રકમ રીફંડ ઓન લાઇન ચૂકવવામાં આવી છે જે વેપારીઓને મળી જાય છે એને કારણે વહિવટમાં પણ ટ્રાન્સ્પેરન્સી જોવા મળે છે અને વેપારીનો સમય પણ બચે છે. તેવી રીતે ઓડિટની અંદર વેપારીઓને વારંવાર ડર રહ્યાં કરે છે એ ડર નીકળી જાય એટલા માટે રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે રેન્ડમલી ૧૦ થી ૧૨ ટકા જેટલી સંખ્યામાં આ ઓડિટ કરવાના કારણે અત્યાર સુધીમાં ૯૦% જેટલા વેપારીઓ આ ટેન્શનમાંથી મુક્ત થઇ જાય છે. વેપારીઓને કોઇપણ ટેક્સ સંબંધી ફરિયાદ હોય તો તેના માટે

રાજ્ય સરકારે વ્યવસ્થા કરેલી છે. ઇ–નિવારણ અને એમ–નિવારણ દ્વારા અને ઇ–મેઇલ અને મોબાઇલ દ્વારા પણ ફરિયાદ થઇ શકે છે અને આવી ફરિયાદોનો ૭ દિવસની અંદર નિકાલ કરવામાં આવે છે. આમ આ ઇ–ગવર્નન્સના કારણે રાજ્ય સરકારને આ VAT Information System માટે Enterprises driving growth and excellence through I.T, Mumbai દ્વારા ૨૦૧૩માં આ રાજ્ય સરકારને એવોર્ડ પણ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આ આવકની વ્યવસ્થા વેટ અને સેલ્સ ટેકસની ગોઠવવામાં આવી છે તેના કારણે છેલ્લા પાંચ વર્ષની અંદર આપણે જોઇએ તો એવરેજ ૨૫% કરતા વધારે આ કરની અંદર આવકનો જે ગ્રોથ છે એ ગ્રોથના કારણે આપણું વાર્ષિક બજેટનું કદ વધ્યું છે. આપણી વાર્ષિક યોજનાઓ વધી છે, વિકાસલક્ષી ખર્ચ વધ્યો છે એની આપણે જો થોડીક માહિતી જાણીએ તો છેલ્લા ૫૦ વર્ષ, આપણું ગુજરાત અસ્તિત્વમાં આવ્યું ત્યારથી અગાઉના ૫૦ વર્ષની અંદર કુલ પંચવર્ષીય યોજનાની ફાળવણી ૨,૩૦,૭૫૬ કરોડની થઇ હતી. જ્યારે આપણી ચાલુ પંચવર્ષીય યોજનાનું કદ આપણે જોઇએ તો ૨,૮૩,૬૨૩ કરોડ છે. એટલે કે ૫૦ વર્ષમાં જે કાંઇ એની યોજનામાં ફાળવણી થઇ એના કરતા પણ વધારે છેલ્લા પાંચ વર્ષની અંદર આવું કરવામાં આવ્યું છે. હવે તો એવી પરિસ્થિતિ છે કે પંચવર્ષીય યોજનાનું જે કદ છે તેના કરતા તો વાર્ષિક યોજનાનું કદ વધારે જોવા મળે છે. દસમી પંચવર્ષિય યોજનાની અંદર ૨૦૦૨ થી ૨૦૦૭માં ૪૭ હજાર કરોડનો જે અંદાજ હતો એની સામે ૨૦૧૨–૧૩ની યોજના ૫૧ હજાર કરોડ, ૨૦૧૩–૧૪ની યોજના ૫૯ હજાર કરોડ અને ચાલુ વર્ષની ૨૦૧૪–૧૫ની ૭૭ હજાર અને ૬૧ કરોડની જે યોજના છે. એ જોતાં આપણને લાગે છે કે, આપણો આર્થિક વિકાસ કેટલી ઝડપથી વધી રહ્યો છે. હું એવું માનું છું કે, આખા દેશમાં આટલા ઝડપથી આર્થિક વિકાસ અને પંચવર્ષિય યોજનાઓની અંદર આટલી મોટી રકમ જે ઝડપે વધે છે, કદાચ શાયદ જ કોઇ રાજ્ય આ દેશમાં હશે.

તેવી જ રીતે મિત્ર શ્રી બલવંતસિંહભાઇએ દેવાની વાત કરી. દેવું તો એક સાપેક્ષ હોય છે. તમારી પોતાની કેપેસિટી કેટલી છે એના પ્રમાણે તમારે દેવું કરવાનું હોય છે અને રાજ્ય સરકારે મને એ કહેતાં આનંદ થાય છે કે, જાહેર દેવું જે છે એ વર્ષો વર્ષ એની એસીડીપીના..

અધ્યક્ષશ્રી : આપનું પૂરું થાય છે. શ્રી દુષ્યંતભાઇ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંદાજપત્ર લોકોથી રચાયેલી સરકારનું, લોકો માટે અને લોક વિકાસ માટેનું આ અંદાજપત્ર છે. ત્યારે મને કૃષ્ણ ભગવાનની એ લાઇન યાદ આવે છે. "Value your commitments, it will create your own value". જે વચનો આપ્યા છે, એ પૂરા કરવા પડશે. અને આ અંદાજપત્ર બતાવે છે. જેમ માનનીય સભ્યશ્રી કહેતા હતા, તેર તેર વર્ષની વાત કરી ત્યારે મને પેલી શૂન્ય પાલનપુરીની બે લાઇન યાદ આવે છે.

**"બક્ષ દેતા હૈ ખુદા, જીનકી કિસ્મત ખરાબ હોતી હૈ,**
**બક્ષ દેતા હૈ ખુદા, જીનકી કિસ્મત ખરાબ હોતી હૈ,**
**વો હરગીઝ નહીં બક્ષે જાતે, જીનકી નિયત ખરાબ હોતી હૈ".**

માનનીય અધ્યક્ષશ્રી, આ નિયત આ સરકારની સારી છે. તેર વર્ષથી જે બજેટ રજૂ કર્યું અને લોકોએ વિશ્વાસ વ્યક્ત કર્યો. વિશ્વાસ આ ગુજરાતની પ્રજાનો, આજે જ્યારે છેલ્લો દિવસ છે તો જેટલો આભાર માનું એટલો ઓછો છે. કારણ કે, "**વિશ્વાસ**", એ શબ્દ છે, જેને વાંચીએ તો એક સેકન્ડ લાગે, વિચારવામાં એક મિનિટ લાગે, સમજવામાં દિવસ લાગે અને હાંસલ કરવામાં જિંદગી લાગી જાય છે અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આ દેશના વડાપ્રધાનશ્રીએ જે પ્રકારનો આ ગુજરાતમાં વહીવટ કર્યો છે. Best governed state of India, model state of India, growth engine of India. માનનીય અધ્યક્ષશ્રી, આ એમ ને એમ નથી મળ્યું ત્યારે ચાણક્યની પેલી વાત યાદ આવે છે કે, "**સુગંધનો પ્રસાર હવાની રુખનો મોહતાજ હોય છે**". સારાઇ

બધી દિશામાં ફેલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુગંધને હવા જોઇએ તો પ્રસરે. રાજ્યએ જે સારા કામ કર્યા છે એ આખા દેશમાં ફેલ્યા અને આ હમણાં લોકસભાની ચૂંટણી ગઇ, કેવો હાલ થયો છે? મારે એના વિશે કાંઇ કહેવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દેવાની વાત કરતા હતા. મારે ખાલી એટલુંજ કહેવું છે કે, કેટલું દેવું લેવું એ કેન્દ્ર સરકાર અને આર.બી.આઇ. નક્કી કરે છે. કાયમ અહીંયા આંકડા આપીને ભ્રમિત કરવાનો આ હાઉસને સીલસીલો કેટલા દિવસથી જોઇ રહ્યા છીએ. એક રૂપિયો દેવું લેવું હોય આ સિદ્ધાંતની બધાયને ખબર છે. તો આર.બી.આઇ.ને પૂછ્યા વગર એક રૂપિયો દેવું લઇ શકાતું નથી. મને એ દિવસ પણ યાદ છે કે, જ્યારે અંબાજી ટ્રસ્ટમાંથી, પગાર કરવા સરકારે પૈસા લીધેલા છે ઉધાર અને મારે ગર્વ સાથે પણ કહેવું છે (અંતરાય) અને સાહેબ, આ સરકારે આજ દિન સુધી, તેર–તેર વર્ષ થયા, એક વખત ઓવર ડ્રાફ્ટ લીધો નથી. આવું સુચારુ આયોજન, આ સરકારે કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહનો આજે છેલ્લો દિવસ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ સલામ કરું, આ જગ્યાએથી આપે આઠ–આઠવાર આ બજેટ રજૂ કર્યું છે.

અધ્યક્ષશ્રી : તમે બજેટ ઉપર જ આવો ને અત્યારે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ તો વાત કરી એટલા માટે એ યાદ આવી ગયું. ગુડ ગવર્નન્સનો સિલસિલો આખા રાજ્યની અંદર, આખા દેશની અંદર જ્યારે ફેલ્યો છે ત્યારે આનું મૂળ જો શોધીએ તો પહેલાં શું હતું ? પૈસા આવતા હતા, ગુજરાત આ જ હતું, જમીન પણ આ જ હતી, જંગલો પણ આ જ હતા. બધું જ આ હતું પણ તિજોરીમાં કાણા હતા. ૨૦૦૨ પછી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીસાહેબ આવ્યા. આ બધા કાણાને થીગડા મારી દીધા અને તિજોરી ભરાઇ અને આજે જે સુવ્યવસ્થાપન છે, બજેટ આજે જે જોઇએ છે, પહેલાં શું હતું? પહેલાંના વર્ષોનું બજેટ આજે એક વિભાગનું બજેટ છે, વિભાગનું આયોજન છે. આજે જે એક વિભાગમાં બજેટની રકમ ફાળવાય છે, પહેલા આખા વર્ષની બજેટની જોગવાઇઓ હતી એના પરથી ખ્યાલ આવે છે કે આ સરકારે કેવી કામગીરી કરી છે. વર્ષ ૨૦૧૨–૧૩ અને વેચાણવેરાની આવકમાં વૃદ્ધિ દરની સરખામણી ૨૦૧૩–૧૪ ની કક્ષાએ વેલ્યુએડેડ ટેક્ષ અને સેલ્સ ટેકસની અંદર લગભગ ૩.૮૩ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. રાજ્ય સરકારે આની ઉપર સતત મોનીટરીંગ રાખ્યું છે. કોણ ભરે છે, કોણ નથી ભરતું?, એની ઉપર કેટલો લક્ષ્યાંક છે, એનો ટાર્ગેટ કેટલો છે એની સમીક્ષા સતત મોનીટરીંગ આ વિભાગ કરતું રહ્યું છે ત્યારે આ પરિસ્થિતિ આપણને જોવા મળી છે. આ સરકારનો એઇમ રહ્યો છે આ સરકાર લક્ષ્ય સાથે કામ કરે છે. Development with justice સમાનતાના આધારે પ્રગતિ. Growth with equality અને ટેકનોલોજી વીથ હયુમન ફેઇસ આ સરકારને અનેક એવોર્ડ પણ મળ્યા છે. ગઇકાલના ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં એક લેખ હતો કે ગુજરાતનું મોડલ જે રીતે કામ કરે છે એની પ્રશંસા વર્લ્ડ બેંકના ચેરમેને કરી છે આનાથી મોટું બીજું સર્ટીફીકેટ બીજું કોઇ ન હોય અને એનાથી મોટું સર્ટીફીકેટ આ દેશની જનતાએ જે ચુકાદો આપ્યો છે આનાથી મોટું બીજું કોઇ સર્ટીફીકેટ હોતું નથી. અટલ બિહારી બાજપાઇજીના શબ્દો યાદ આવે છે એ કહેતા કે ગુજરાત એ ભારતનું કોહીનૂર છે અને એ શબ્દો આજે સાચા પડ્યા છે.

અધ્યક્ષશ્રી : દુષ્યંતભાઇ, તમારા પ્રવચન ઉપર આવો. તમે ઉલ્લેખ કરશો તો પછી બીજા લોકો પણ પોતાના પ્રવચનમાં ઉલ્લેખ કરશે. કેન્દ્રની વાત નહીં અહીંની, રાજ્યની વાત કરો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : પહેલા એવું હતું કે સરકારની ડીપેન્ડન્સી એટલે સરકાર જેના ઉપર આધાર રાખે કે યુ.પી.એ.ની સરકાર હતી ૧૦ વર્ષ, સરકારની ડીપેન્ડન્સી કેન્દ્ર સરકાર પર, માનનીય સભ્યશ્રી બોલતા હતા માત્ર ૧૬ થી ૨૦ ટકા બળવંતસિંહજી, આપે કીધું કે બહુ પૈસા આપ્યા છે ગુજરાતને. ગુજરાત પોતે પોતાના પગ પર ઉભેલું રાજ્ય છે. મેં કહ્યુંને કે ૧૬ થી ૨૦ ટકા ડીપેન્ડન્સી હતી ખાલી. અને ગુજરાતે પોતે પોતાની રેવન્યુ જનરેટ કરી. ગુજરાત એક ઇન્ડસ્ટ્રીયલ સ્ટેટ છે, એક મેન્યુફેકચરીંગ સ્ટેટ છે.

બીજી મારે ખાસ વાત કરવી છે કે રાજ્ય સરકારે વેચારણવેરા ખાતાની ટોર્પેન્ટ સેલની વ્યવસ્થા કરી છે અને એની અંદર જેમાં રાજ્યની ટોચની સો કંપનીની આકારણીની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મેં અગાઉ પણ કહ્યું આનું સતત મોનીટરીંગ, સતત એની સમીક્ષા અને દર મહિને આ મોનીટરીંગ કરવાથી

કેટલી રાજયને આવક થઇ, કેટલો ખર્ચ થયો, કેટલો વધારાનો ખર્ચ કરી શકીએ છીએ, ટારગેટ પૂરો થયો કે નહીં એની હરહંમેશ સમીક્ષા થતી આવી છે. જેમ અજયભાઇ માનનીય સભ્યશ્રીએ કહ્યું કે રાજયની કુલ ટેક્ષની આવક એ વેટ હોય, સેલ ટેક્ષ હોય, ૭૦ ટકા વાણિજય વેરાની આવક હોય રાજયના વિકાસ કાર્ય માટે આવકનો વૃદ્ધિ દર જળવાઇ રહે તે માટે વાણિજય વેરા ખાતું સઘન પ્રયત્નશીલ છે આ સુવિધા માટે આ રાજય ઇપેમેન્ટ કરી શકે તે માટે આ રાજયે વધુ ને વધુ સવલત આપવા માંડી આજે રાજયની અંદર ૧૬ જેટલી નેશનલાઇઝ બેંક મારફતે ઇ-પેમેન્ટ કરી શકાય છે કે જેના કારણે વેપારીએ કચેરીઓમાં જવાનું રહેતું નથી. આનાથી દલાલો, વચેટીયા આ બધા નાબુદ થયા છે અને આજે વેપારી પારદર્શક રીતે કોમ્પ્યુટરથી પોતાના વેરા ભરી શકે છે. વર્ષ ૨૦૧૩-૧૪માં વેટ હેઠળ ત્રણ લાખ નવ હજાર જેટલા વેપારીઓએ દસ લાખ અઠયાવીસ હજાર લાખ ઇ-રીટર્ન ભરેલા છે. આનાથી મોટું કોઇ ઉદાહરણ ન હોય કે આ ઇ-પેમેન્ટ, ઇ-ગવર્નન્સથી આ રાજયને શું ફાયદો થયો છે. ગુજરાત સરકાર નાણા વિભાગ વહીવટી નિયંત્રણ હેઠળ વાણિજય વેરાની આયાત કચેરીનો મહેસૂલમાં મોટો ફાળો રહ્યો છે. મારે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો. રાજયની કરવેરાની આવકમાં વાણિજ્ય વેરા ખાતાનો મહત્વનો હિસ્સો રહેલ છે. અને જે ફીની વાત કરતા હતા ૧૦૦ રૂપિયા આવકની સામે ૫૫ પૈ.ની કર વસૂલાતનો ખર્ચ થાય છે. માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ માગણી ક્રમાંક-૧૫, ૧૩,૩૬,૬૫,૦૦૦ ની લઇને આવ્યા છે, તેને સમર્થન સાથે સૂર પુરાવું છું. •(xxxxxx)

અધ્યક્ષશ્રી : એ જે દિવસે જનરલ ચર્ચા થાય, ત્યારે પોલિટિકલ ઓબ્ઝર્વેશન થાય. અત્યારે ઉપયોગ ન કરતા અત્યારે સબજેક્ટ ઉપર જ બોલો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : જી. સાહેબ. (xxxxxx)

અધ્યક્ષશ્રી : આ કોઇ કહેવત, કવિતાઓ કહેવાનું રહેવા દો. આ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. તમારી વાત શરૂ કરો. માગણીઓ ઉપરની વાત શરૂ કરો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માગણી ઉપરની વાત શરૂ કરતા પહેલા સભાગૃહ અને આ રાજયના લોકોને...

અધ્યક્ષશ્રી : ના, ના, કથા કરવી હોય તો પ્રસ્તાવના કરવી પડે. અહીં તમે તમારો વિચાર રજૂ કરો છો. તમારી વાતની શરૂઆત કરી દો.

શ્રી ભુષણ અ. ભટ્ટ : નાણા વિભાગ એ મનુષ્ય સમાનના શરીરની અંદર જેટલા અંગો આવે છે, એટલું જ અગત્યતા ધરાવે છે. સમગ્ર રાજયની અંદર નાણા વિભાગ એ હૃદય જેવી વાત છે. હૃદય બંધ પડી જાય તો શું પરિસ્થિતિ થાય? કીડની ફેઇલ થઇ જાય તો શું પરિસ્થિતિ થાય? એમ રાજયના જુદા જુદા વિભાગની અંદર માનવીના શરીરની અંદર જે અંગો કામ કરતાં બંધ થઇ જાય તેમ જો નાણાં રાજયના જુદા જુદા વિભાગોને ન મળે તો શું પરિસ્થિતિ થાય? એની ચિંતા છેલ્લાં ૧૩ વર્ષથી રાજયના મુખ્યમંત્રી અને નાણામંત્રી કરતા આવ્યા છે. આ વિભાગને પેરાલીસીસ પણ ન થવો જોઇએ તેવી વાત મારે કહેવી જોઇએ. રાજયનું દેવું રાજયના વિકાસ કાર્ય માટે મૂડીનું સંશોધન છે. ૧૩માં નાણ પંચની ભલામણ અનુસાર વધુ આકરા માપદંડો નક્કી કર્યા મુજબ રાજયનું કુલ દેવું એકંદરે ઘરગથ્થું ઉત્પાદનનના ૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવાનું રહેશે તેવું ૧૩માં નાણા પંચની ભલામણ હતી. વિનિયોગની ખાધના આધારે રાજયના ઉત્પાદનના ૩ ટકાની મર્યાદામાં રાખવાની રહેશે અને મહેસૂલી ખાધ નાબૂદી કરી મહેસૂલી પૂરાંત હાંસલ કરવાની રહેશે. ૨૭.૧૦ ટકાની મર્યાદા લક્ષ્યાંકની સામે રાજયનું કુલ દેવું ૨૦૧૩-૧૪ માં ૧૯.૪૦ ટકા ૨૦૧૪ના અંદાજ પ્રમાણે ૧૯.૧૩ ટકા અંદાજેલ છે. ૩ ટકાના મર્યાદાને લક્ષ્યાંકની સામે વિનિયોગ ખાધ ૨૦૧૩-૧૪ માં ૨.૧૦ ટકા અને ૨૦૧૪-૧૫ ના અંદાજ મુજબ ૨.૪૫ ટકા રહેશે. આ રાજયના નાણાની વાત કરવામાં આવી છે, ત્યારે મને કહેવાનું મન થાય છે કે ૨૦૧૩ માં મહેસૂલી ખાધ શૂન્ય લક્ષ્યાંકની સામે ગુજરાતમાં ૯૪૧૮

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

કરોડની મહેસૂલી પુરાંત સિદ્ધ કરી છે. ૨૦૧૪ અને ૨૦૧૫ ના અંદાજમાં ૬૮૩૭ કરોડની મહેસૂલી પૂરાંત અંદાજેલ છે. આમ આ રાજયનું દેવું નિયત કરેલ મર્યાદાની અંદર રહેવા પામેલ છે. રાજયના લક્ષ્યાંકને સિદ્ધિ સતત પ્રાપ્ત થતી ગઈ છે અને સાથે દેવાનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે. રાજયે ઉર્જા વિકાસને જાળવી રાખવાની સાથે સાથે દેવાની ક્ષમતા પણ જાળવી રાખી છે. શિસ્તતાનું પાલન કરવાના કારણે લક્ષ્યાંકની પ્રાપ્તિની સાથે સ્થિરતા અને સાત્યતા પણ જાળવેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ દુષ્યંતભાઇએ વાત કરી તે પ્રમાણે સૌથી અગત્યની બાબત અને ગૌરવની વાત એ છે કે આ રાજયએ દેવાની ચુકવણીમાં કયારેય ચૂક કરી નથી. પહેલાં તો પગારના પૈસા, ફંડના પૈસા કોઇ કર્મચારી નિવૃત્ત થયો હોય તો તેને તેના પેન્શનના નાણાં મેળવવા માટે, ગુજરાતના ગામડાંમાંથી પોતાના હકકના નાણાં લેવા માટે કોઇકની ભલામણો કરાવવી પડતી હતી. તેવા દિવસો આ રાજયની અંદર હતા. અસરકારક નાણાકીય સંચાલન અને કુશળ નાણાકીય વ્યવસ્થાને કારણે ૨૦૦૪-૦૫ થી ૨૦૧૩-૧૪ સુધીના દસ વર્ષના ઈતિહાસમાં રાજય એ એકપણ પૈસાનો ઓવરડ્રાફટ લીધો નથી અને નવ વર્ષમાં સાધનપયોગી પેશગી પણ લીધી નથી. રાજય સરકારના કુશળ વહીવટના કારણે જાહેર દેવા પર વ્યાજની ચૂકવણી સામે મહેસૂલી આવકનું પ્રમાણ પણ જળવાઇ રહ્યું છે. મહેસૂલી આવકની સામે જાહેર દેવાનું વ્યાજ ૨૦૦૪-૦૫માં જે ૨૬.૮૨ ટકા હતું તે ૨૦૧૪માં ૧૩.૩૩ ટકા સુધી ઘટેલ છે. જે ૨૦ ટકાની મર્યાદા નકકી કરેલ છે તેના કરતાં ઘણું જ ઓછું છે. રાજય સરકારની કુશળ વ્યવસ્થાને કારણે આજે રાજયની નાણાકીય પરિસ્થિતિ અને ગતિશીલતા વધી છે. તેમજ વર્ષ દરમ્યાન તેમાં સતત સુધારો થતો રહ્યો છે. આ રાજયને કોઇ પૈસા ધીરવા તૈયાર ન હતું. કોઇ ઊભું રાખવા તૈયાર ન હતું. આજે વિશ્વ બેંક હોય તે રાજયની આ પરિસ્થિતિ જોઇને વેલકમ કરવાની અને રેડ કાર્પેટ પાથરવાની સ્થિતિમાં આવ્યું છે. પાછલા નાણાકીય વર્ષ દરમ્યાન જે પરિસ્થિતિનું નિર્માણ થયેલ અને રાજય સરકારે સુનિશ્ચિત કરેલ કે જાહેર દેવુ વિવેકપૂર્ણ મર્યાદામાં જી.એસ.ડી.પી.ની સાથે દેવા પ્રમાણે જે નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫માં....

અધ્યક્ષશ્રી : માનનીય ભૂષણભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જીતુભાઇ સુખડીયા.

શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ તેમના નાણાં વિભાગની માગણી નં. ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે તે પૈકી માગણી નં.૧૭ એટલે કે તિજોરી અને હિસાબ વહીવટ ઉપર હું મારા મંતવ્યો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫નું બજેટ અનેક રીતે વિશિષ્ટ છે. આ બજેટને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા બે શબ્દોમાં ઓળખાણ આપવામાં આવી છે. આ બજેટ જેન્ડર બજેટ છે. એટલે કે આ બજેટમાં રાજયની મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે પગભર કરવા માટેના ભરપૂર પગલાં લેવામાં આવ્યા છે. કેટલાક લોકો આ બજેટને ગતિશીલ બજેટ કહે છે. કારણકે તેમાં ગુજરાતના વિકાસને તેજ ગતિએ આગળ ધપાવવાના પગલાં લેવાયા છે. જેવા કે નવા રચાયેલા સાત જેટલા જિલ્લાઓ માટે વહીવટી ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવું, શિક્ષણ તથા આરોગ્ય ક્ષેત્રમાં નવી સંસ્થાઓ ઊભી કરવી અને તેનો વિસ્તાર કરવો તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેવી કે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકઓની ગ્રાન્ટ વધારવી કે જેથી લોકોને વધુ સારી નાગરિક સેવાઓ પ્રાપ્ત થાય. ૨૦૧૪-૧૫ના આ બજેટને હું સૌનું બજેટ કહીને બિરદાવું છું. તેનું કારણ એ છે કે આ બજેટમાં સમાજના દરેક વર્ગને મદદરૂપ થવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. તે રીતે આ બજેટ એક વિશિષ્ટ બજેટ છે. જેમાં મહિલાઓ, બાળકો, યુવાનો, વંચિતો, ગરીબો, બેરોજગારો, મજદુરો, કારીગરો, બસ મુસાફરો, ખેડૂતો, વેપારીઓ અને લઘુ ઉદ્યોગકારો જેવા તમામ વર્ગના લોકોને આવરી લેવામાં આવેલ છે.

આ સામાન્ય જન માટેનું બજેટ છે. વંચિતોને આગળ લઇ જવા માટેનું આ બજેટ છે. આ દરેક લોકોનું જીવન ધોરણ સારુ બને તે માટે નકકર પગલાં આ બજેટમાં સૂચવવામાં આવ્યા છે. મારી દ્રષ્ટિએ આ તમામ પગલાંઓના લીધે હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષમાં ખૂબ ઝડપથી સુધારો થશે. આ વિષયોના અમલ માટે સાબિતીરૂપે બજેટનો એક આંકડો હું આપવા માગું છું કે રાજયના વર્ષ ૨૦૧૪-૧૫ના કુલ ખર્ચમાં વિકાસ માટેનું વિકાસલક્ષી ખર્ચ ૭૧ ટકા જેટલું થશે. જે દેશમાં સર્વશ્રેષ્ઠ થશે. માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભે હું એમ પણ કહીશ કે રાજયની ૨૦૧૪-૧૫ની વાર્ષિક યોજનામાં સામાજિક ક્ષેત્રો તથા ખેતી અને ગ્રામિણ વિકાસમાં ૭૬ ટકા જેટલો એટલે કે પોણા ભાગનો યોજનામાં ખર્ચ થશે. જે દર્શાવે છે કે માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આ સરકાર લોકોના જીવન ધોરણને ઉપર ઉઠાવવા માટે થઇને તથા એમણે નક્કી કરેલા હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષને ઝડપથી સુધારવા માટે કટિબદધ છે. રાજયના નાણાકીય વ્યવહારોમાં કરોડરજ્જુ સમાન કામ કરતું ખાતું એટલે હિસાબ અને તિજોરી ખાતુ. આ ખાતામાં ૨૬ જિલ્લા તિજોરી કચેરી, ૧૪૫ જેટલી પેટા તિજોરી કચેરી, ૨ પગાર અને હિસાબની કચેરી તથા ૨ પેન્શન ચૂકવણી કચેરી મારફત કામગીરી કરે છે. આજનો જમાનો ઇન્ફર્મેશનનો અને ટેકનોલોજીનો જમાનો છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરનાર ગુજરાત રાજય દેશના અન્ય રાજયોની તુલનામાં અગ્રેસર છે. નાણા વિભાગ દ્વારા ઇન્ફર્મેશન ટેકનોલોજીનો એટલો સુંદર ઉપયોગ કરવામાં આવે છે કે જેને કારણે રાજયનું આખું બજેટ ઓન લાઇન તૈયાર થાય છે. ગ્રાન્ટ ઓન લાઇન આપવામાં આવે છે અને તિજોરી કચેરીના બિલો ઓન લાઇન રજૂ થાય છે. આમ નાણાકીય વ્યવહારોને કોમ્પ્યુટરાઇઝેશન સાથે સાંકળીને તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં સમગ્ર ચૂકવણાઓ ઇ-પેમેન્ટથી થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગમાં ત્રણ નાણા મંત્રીશ્રીઓએ ઉત્તરોતર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ દ્વારા આ વિભાગની કામગીરીને શ્રેષ્ઠ બનાવવાની કોશીશ કરી છે. કોમ્પ્યુટરાઇઝેશનના ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ માટે થઇને આપના દ્વારા જ આપ જ્યારે નાણા મંત્રી હતા ત્યારે વિશેષ પ્રયત્નો કરવામાં આવ્યા, માનનીય નીતિનભાઇ પટેલ જ્યારે નાણા મંત્રી હતા ત્યારે વિશેષ માવજતથી આ કામ પૂર્ણ કર્યું અને આજે માનનીય સૌરભભાઇ પટેલ પોતાની આગવી વહીવટી સૂઝથી આ વિશિષ્ટ કામગીરીને વિકાસના મુગટ ઉપર મોરપીંછ લગાવવાનું કામ કરી રહ્યાં છે એવું આ બજેટમાં દ્દષ્ટિપાત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ૧૪ હજાર સરપંચો જે તમામ ગ્રામ પંચાયતોના મુખિયા છે એમનું એક મહાસંમેલન બે વર્ષ પહેલા ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલ હતું તેમાં જે ગ્રામ પંચાયતોએ વિવિધ ક્ષેત્રે જે સુંદર કામગીરી કરેલ હતી તેમનું સન્માન કરી કેશ એવોર્ડ એટલે કે ઇનામો આપવાના પ્રસંગે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા દેશના માનવંતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ એવોર્ડ પ્રદાન કરતી વખતે તેમના વક્તવ્યમાં સરપંચશ્રીઓને કહ્યું કે, અત્યારે તમારા કેશ એવોર્ડ જાહેર કરાય છે ત્યારે આજે જ એવોર્ડની રકમ ગુજરાતભરની તિજોરી ઓફીસ દ્વારા તમામ પંચાયતોના બેન્ક ખાતામાં જમા થઇ ગયેલ છે. હાજર સૌએ માનનીય શ્રી નરેન્દ્રભાઇની આ જાહેરાતને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી એના આપણે સૌ સાક્ષી છીએ. ગુજરાત સરકારના નાણા ખાતા દ્વારા આપણી તિજોરી ઓફીસો આટલું સુંદર અને ઝડપી કામ કરતી હોય તેને જ્યારે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ બિરદાવ્યું એ જ એક મોટું સર્ટિફિકેટ આ ગુજરાતના નાણા ખાતાની કામગીરીનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના લાખો કર્મચારીઓ, અધિકારીઓ અને મંત્રીશ્રીઓ તથા ધારાસભ્યશ્રીઓ સૌને તેઓના પગાર ભથ્થાની રકમ ઇલેક્ટ્રોનીક કલીયરીંગ સિસ્ટિમ દ્વારા સીધે સીધી તેમના બેન્ક ખાતાઓમાં જમા થઇ જાય છે અને બેન્ક ખાતેદારોને એસ.એમ.એસ.દ્વારા તેમની લેવડ-દેવડની જાણ કરે છે. દેશના અન્ય રાજયોના નાણા ખાતાની તિજોરી અને હિસાબ વહીવટી શાખાઓની તુલનામાં આપણું નાણા ખાતું સર્વ શ્રેષ્ઠ કામગીરી કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તિજોરીની સાથે સાથે ગુજરાત સરકારનું નાણાકીય વ્યવસ્થાપન ફિસ્કલ મેનેજમેન્ટ આજે દેશમાં એક મોડેલ બની રહ્યું છે. નાણાકીય શિસ્તને લગતો કાયદો ફિસ્કલ રેસ્પોન્સિબિલિટી એન્ડ બજેટ મેનેજમેન્ટ એક્ટ જેને ટૂંકમાં એફ.આર.બી.એમ. એક્ટ કહેવાય છે તેમાં

નાણાકીય શિસ્તને લગતા ચાર લક્ષ્યાંકો નક્કી કરેલા છે. તે પ્રમાણે એક રાજયની નાણાકીય ખાધ જી.ડી.પી.ના ૩ ટકાથી ઓછી હોવી જોઇએ, મહેસૂલી ખાધ ના હોવી જોઇએ પણ રાજયનું દેવું રાજયની જી.ડી.પી.ના ૨૭ ટકાથી ઓછું હોવું જોઇએ અને રાજય સરકારે આપેલી ગેરન્ટીઓ ચોક્કસ લિમિટમાં હોવી જોઇએ. જે લિમિટ આજે રૂપિયા ૧૬ હજાર કરોડ નક્કી થયેલ છે. વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટ પ્રમાણે ગુજરાતે આ ચારેય લક્ષ્યાંકો સિદ્ધ કરી લીધા છે અને આ માટે નાણા પ્રધાનશ્રી અને નાણા ખાતાને અભિનંદન આપું છું અને આ માગણીને હું મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થાય છે.

**(વિ રા મ સવારે ૧૦-૩૦ થી ૧૧-૦૦)**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ અતિ મહત્વનો વિભાગ છે, બધાજ વિભાગો ઉપર કન્ટ્રોલની જવાબદારી પણ આ વિભાગની છે. એવું પણ કહેવાય છે કે નાણાં નહિ પણ ના ના વિભાગ, ક્યાંય પણ ખોટું થતું હોય તો એક કરતાં વધારે વખત આ વિભાગની ના પાડવાની જવાબદારી છે. દરેક વિભાગમાં આપના ફાયનાન્સિયલ એડવાઇઝર બેઠાં હોય છે. એમની એ જવાબદારી છે કે એક પણ રૂપિયો કે જે પ્રજાની તિજોરીનો છે એ ગેરવલ્લે ન જાય. આવક વધે છે ત્યારે આપણે એની વાહ વાહ કરીએ છીએ. મારે કેટલાક દાખલાઓ સાથે વાત કરવી છે. ૨૦૦૪-૦૫માં વેટની કુલ આવક ૮૩૦૯ કરોડ રૂપિયા હતી આજે આપણે ૨૦૧૩-૧૪માં આવ્યા, ૨૦૦૪-૦૫માં જે ૮૩૦૯ કરોડનો ટેક્સ ગુજરાતની જનતા વેટ પેટે ભરતી હતી આજે એ જ ગુજરાતની જનતા આ સરકારની તિજોરીમાં ૪૫૩૦૭ કરોડ રૂપિયાનો ટેક્સ ભરે છે. આ આવેલા નાણાનું આપ વ્યવસ્થાપન કેવી રીતે કરો છો?, હું બહુ દૂર જવા માગતો નથી. હું આપને આપણી આ વિધાનસભામાં રજૂ થયેલા પી.એ.સી. ના પ્રથમ અહેવાલના પાના ૪૨ ઉપરના પૅરેગ્રાફ ૮૯નું કન્કલુઝન વાંચવા માગું છું. આ શું કહે છે. "The administrative departments of the Government have been completely avoiding the control over expenditure and financial discipline". આ સરકાર જો નાણાકીય અંકુશ ના રાખતી હોય, આ સરકાર જો નાણાકીય શિસ્ત ના રાખતી હોય અને આગળ વધીને કહે છે કે "exceeding the amounts authorized by the Legislative Assembly" આ વિધાનસભાનું ગૃહ એ સર્વોપરી છે, આપને જે ઓથોરાઇઝ કર્યા છે એના કરતાં વધારે નાણાંનો ખર્ચ આપ કરો અને પછી આપણે એમ કહીએ કે અમારો વહીવટ એ તો ઉત્તમ વહીવટ છે. આનો જવાબ આપે આપવો પડશે. મને દુઃખ એ વાતનું છે કે જ્યારે મેં રિપોર્ટ, પાના નંબર અને પૅરેગ્રાફ નંબર કહ્યા પછી જો વર્ષ પૂછવું પડતું હોય તો એનો અર્થ એ થયો કે માનનીય નાણા મંત્રીશ્રીએ પી.એ.સી.ના રિપોર્ટને પણ વાંચ્યો નથી. પ્રથમ અહેવાલને જો વાંચ્યો હોત તમે, તો તમે આ સવાલ ના કર્યો હોત. કારણકે તમે •(xxxxxx)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દ હું કાઢી નાંખું છું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલઃ ના, માનનીય અધ્યક્ષશ્રી, એ પૂછે છે.

અધ્યક્ષશ્રીઃ એના ઉપર પૂરતું ધ્યાન નહિ દીધું હોય એવું ચાલે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, તો એમણે કહેવું જોઇએને?

અધ્યક્ષશ્રીઃએક મિનિટ, (xxxxxx) એવું કહેવું એ યોગ્ય નથી આપ આગળ ચલાવો

શ્રી શક્તિસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારનો આપણે ટેક્સ લઇએ છીએ. કયા પ્રકારનો ટેક્સ લેવાય છે એનો પૅરેગ્રાફ ૮૯ છે પ્રથમ અહેવાલનો અને હું એમને મોકલી આપીશ જો એમની

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પાસે બૂક પણ ના રહેતી હોય તો એ સેવા પણ હું કરીશ. હું એ કહેવા માગું છું કે આ વિધાનસભા ગૃહ જે નાણાની મંજૂરી આપે છે આપ કર જે લો છો એમાં કયા પ્રકારે કર લો છો ? માણસના આરોગ્ય માટે, માણસ મુસાફરીએ બહાર નીકળ્યો હોય, આજે ગરીબ માણસ પણ બહાર શુદ્ધ પાણી પીવે એની ચિંતા રાખતો હોય છે, કારણકે સૌથી વધારે જો ડીસીઝ ક્યાંયથી પેદા થતાં હોય તો એ પાણીથી થાય છે. પાણીજન્ય રોગો થતાં હોય છે. તામિલનાડુ હોય કે મહારાષ્ટ્ર હોય પેક્ડ મિનરલ વોટર ઉપર કોઇ ટેક્સ લેતું નથી, ઝીરો ટેક્સ છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે એ પેક્ડ મિનરલ વોટર ઉપર ૧૫ ટકા ટેક્સ લે છે. મારા દંડક અહીંયા કહેતા હતા. એમણે કેટલાક આંકડાઓ આપ્યા ડિઝલ અને પેટ્રોલ ઉપરના આપ જવાબ આપજો. હું કહેવા માગું છું કે આપે સેસ પણ નાંખ્યો છે મારી માહિતી પ્રમાણે if I am wrong you may correct me. એક રૂપિયો અને સિત્તેર પૈસા જેટલો ડિઝલમાં ફરક આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશની બોર્ડર ઉપરથી જે વાહનો આવે છે તે બહાર ડિઝલ પૂરાવીને આવે છે ગુજરાતમાં ડિઝલ નથી પૂરાવતાં કારણ કે આપણું ડિઝલ મોંઘુ પડે છે. સી.એન.જી.ઉપર આખા દેશમાં ૦ થી લઇને ૫ ટકાનો વેટ છે આપ સી.એન.જી.ઉપર ૧૫ ટકા વેરો લો છો. મોટા માણસો જે વસ્તુ વાપરે તેના ઉપર ટેકસ લો પણ સામાન્ય માણસ જે વસ્તુ ઉપયોગીતામાં લેતો હોય તેના ઉપર ટેકસ ના હોવો જોઇએ અથવા ઓછો હોવો જોઇએ. અહીંયા તો ઊંધુ ચાલે છે સોના ઉપરનો ટેકસ એક ટકો અને ગરીબ માણસ જે ઇમિટેશન જવેલરી વાપરે તેના ઉપરનો ટેકસ ૫ ટકા.

માનનીય અધ્યક્ષશ્રી, ખજૂર તે પૌષ્ટિક આહાર તરીકે આમ આદમી ખાતો હોય છે. તે મહારાષ્ટ્ર હશે, મધ્યપ્રદેશ હશે કે રાજસ્થાન હશે, કોંગ્રેસનું શાસન હશે કે ભાજપનું શાસન હશે તેની ઉપર વેટ નથી. આપણે અહીંયા પાંચ ટકાનો ટેકસ, વેટ તે ખજૂર ઉપર આપણે લઇએ છીએ. આખું નાણામંત્રીશ્રીનું બજેટ મેં જોયુ (અંતરાય) કૂપોષણનું કારણ પણ આ જ હોઇ શકે, સાચી વાત છે. હું સમજી શકુ છું કે આપ બજેટ રજૂ કરો અને પછી કોઇ ઘટના બને આપ તેમાં ઉલ્લેખ ના કરો સમજી શકુ છું. આપ નાણાં વિશેની શું જોગવાઇ ના બોલો , સમજી શકાય. પણ બજેટ રજૂ કરતા પહેલાં જે વસ્તુઓ અતિ સંવેદનશીલ હોય અહીંયા માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર ઉલ્લેખ થયો કયાં જનમ્યા, અને કયાં ગયા ? મહાત્મા ગાંધીજી ગુજરાતમાં જનમ્યા હતા અને આફ્રિકામાં ગયા. પણ તેમની સંવેદનાઓ એટલી બધી મજબૂત હતી કે આફ્રિકામાં જન્મેલા કોઇ પણ કરતા વધારે સારું નેતૃત્વ આપીને આફ્રિકાને આઝાદી અપાવી. ત્યારે **કહીં પે નિગાહે, કહીં પે નિશાના** કરીને પણ કોઇ પાટણથી અમદાવાદ આવ્યું હોય તો એને ના કહી શકાય તો મને કહે, કોઇ બોટાદથી વડોદરા ગયું હોય એને ના કહી શકાય તો મને કહે. મારું કહેવાનું એ છે કે, કોણ કયાંથી ગયો એ મહત્વનું નથી ત્યાંના માટેની સંવેદના તમારી શું છે એ મહત્વનું છે અને એ જોવામાં આવે છે. પછી ગુજરાતથી કોઇ વારાણસી ભલે ગયો હોય કે કોઇ ભાવનગરથી કચ્છ ભલે ગયો હોય. કચ્છમાં માનનીય અધ્યક્ષશ્રી, બે તાલુકાઓ અને બન્ની વિસ્તાર. અર્ધ અછત આપે જાહરે કર્યા. બજેટ રજૂ થતાં પહેલાંના જાહેર થયેલાં છે. શું આપણી જવાબદારી નથી કે બજેટમાં થોડીક સંવેદનાઓ તેના માટે રજૂ થાય? ઘાસચારાની વ્યવસ્થા, આજે લોકો ત્યાં મુશ્કેલીભરી પરિસ્થિતિમાં જીવે છે અને જયારે ફોન કરીને કોઇ માલધારી કહે માલધારી માટે ઢોર એ ઢોર નથી એ એના કુટુંબનું સભ્ય છે અને એ કહે પૈસા તો કરું પણ ઘાસ મળતું નથી અને મારા ડોબા મરી રહ્યાં છે. આવું જયારે માણસ કહે ત્યારે એનો અવાજ તમારી ઉંઘ ડિસ્ટર્બ કરે એ પ્રકારનો હોય જો તમારી સંવેદનાઓ જાગૃત હોય તો. મારી માગણી છે કે નાણામંત્રીશ્રીએ ભલે પ્રવચનમાં ના કહ્યું હોય નાણાંની જોગવાઇ અછતગ્રસ્ત વિસ્તાર માટે આપ એવી કરો કે ઢોરવાડામાં સાત દિવસે એને પહેલા મળતાં હતા એના પૈસા મળવા જોઇએ. ગ્રાન્ટ આવી નથી, પૈસા આવ્યા નથી આવા શબ્દો અછતગ્રસ્તના લોકોને ના સાંભળવા પડે એની વ્યવસ્થા થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મોટા માણસો હોય તેના ટેકસ વસૂલ કરવામાં કોઇ તત્પરતા નહીં. નાના માણસ ઉપર તો બિલકુલ બળજબરીથી ચડી બેસવાનું કે ટેકસ લાવો આજે અને આજે. મારે એક દાખલો આપવો છે અહીં એક કંપની છે. જેની ઉપર ટેકસની રકમ નાની મોટી નહીં ૮૫૪ કરોડ રૂપિયા મે.બાયોટેક ઇન્ડસ્ટ્રીઝ પાસે ૮૫૪.૫૧ કરોડ લેવાના હતા. મને ખબર છે માનનીય મંત્રીશ્રી કયાંક મોડું થાય અપીલો

હોય, સ્ટે હોય સાહેબ, આની તમામ અપીલો ખારીજ થઇ અને બી.આઇ.એફ.આર.એ.તેનો કેસ કાઢી નાંખ્યો અને એ પછી મહિનાઓ સુધી તમે ૮૫૪.૫૧ કરોડ રૂપિયા જેના બાકી છે તેની પ્રોપર્ટીની હરાજી નથી કરી કારણ કે તે તો મોટો માણસ છે. આવા એક દાખલા નથી ૨૩ યુનિટોના ૫૦ ડિલરોના ૧૩૯ કેસોમાં કરોડો રૂપિયા લેવાના બાકી નીકળે છે. આ પૈસા બાકી નીકળતાં હોય તેમાં આપણે ચિંતા નહીં કરવાની ? મારે તા. ૩૧-૩-૨૦૧૨ની સ્થિતિએ આપને કહેવું છે કે, આ સાલ કે તારીખ સાથે કહેશો તો એ સાલ કે તારીખ સાથે કહીશ. (અંતરાય) એ બુકલેટ છે અને એક વર્ષના નથી પાંચ વર્ષના છે એ હું આપને અત્યારે જ મોકલી આપીશ વાંધો નહીં. હવે મારે એની જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૩-૨૦૧૨ની સ્થિતિએ ૧૬૫૬૬.૪૫ કરોડ રૂપિયા રિકવરીના બાકી છે તો આપનું તંત્ર કરે છે શું? પાંચ વર્ષ પહેલાંની રિકવરીનો આંકડો કાઢું તો ૪૮૨૮.૫૬ કરોડ રૂપિયા, પાંચ વર્ષથી વધારે સમયથી રિકવરી કરવાના બાકી છે. કોઇ નાનો પાનના ગલ્લાવાળો કે નાનો માણસ હોય તો એની પાસે આપણે કેવું કરીએ છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, વેટની વાત કરીએ તો, એક અધિકારી એક હોસ્પિટલમાં ગયા, એમને વીવીઆઇપી વેલકમ ના મળ્યું. અમદાવાદની તમામ પ્રાઇવેટ હોસ્પિટલો ઉપર રેડ મોકલી કે તમે ઇન્જેક્શન મેડીકલ સ્ટોરમાંથી લો છો અને દર્દીને આપો છો એટલે તમારો વેલ્યુએડેડ ટેક્સ ગણાય, અને તમારે રજીસ્ટર હોસ્પિટલમાં રાખવા પડે. હવે સાહેબ, એ વ્યવસાય વેરો ભરે છે અને જો આવો જ ટેક્સ લેવાતો હોય તો તમારી જે સરકારની હોસ્પિટલો છે ત્યાં આપણે આવા રજીસ્ટર રાખીએ છીએ ખરા? આ જ પ્રકારે કોઇ ઇન્સ્ટીટ્યુટ આપની હાર્ટની હશે કે કીડનીની હશે કે કેન્સરની હશે, શું એ દર્દીને ડોક્ટર ઇન્જેક્શન આપે છે, જો મેડીકલ સ્ટોર સુધીનો એના પૈસાનો વેટ આપણે વસૂલ કરી લીધો છે, એ ટ્રીટમેન્ટના ભાગરૂપે આપે છે તો એમાં પણ નજર બગડે કે મારે આમાંથી પણ વેટ લેવો છે માનનીય અધ્યક્ષશ્રી, આ અસંવેદનશીલતા નહીં તો તંત્રનું શું કહી શકાય?

વ્યવસાય વેરાની આવક સાવ નજીવી આવક છે. મેં રફ એસ્ટીમેટ જે કર્યો છે એ પ્રમાણે ૦.૦૦૬ જેટલો માંડ છે. આખું તંત્ર વ્યવસાય વેરા માટે રહે છે અને એક ઇન્સ્પેકટર રાજ ઊભું થયું છે. મારી વિનંતી છે આપના મારફતે કે, એ વ્યવસાય વેરો નાબૂદ કરવો જોઇએ અને એ રાખવાની જરૂર ન રહેવી જોઇએ.

ઇંટ પકવતા નાના કુંભારો છે. ૫ લાખના ટર્નઓવર સુધી ઇંટ ઉપર ઝીરો વેટ કરવો જોઇએ અને પાંચ લાખ કરતાં વધારે પેદા થતી હોય તો માત્ર ૨ ટકા વેટ રાખવો જોઇએ એવું મારું સૂચન છે. કોટાસ્ટોન સામાન્ય માણસ વાપરે છે. આપણા મંદિરોમાં મારબલ અને ગ્રેનાઇટ વપરાય છે. રાજસ્થાનમાં સાડા બાર ટકા વેટ હતો, રાજસ્થાને સાડા બાર ટકામાંથી પાંચ ટકા કર્યો, આપણે વેટ ઘટાડ્યો નહીં. પરિણામે અહીંયા જેને કોટાસ્ટોન લેવો હોય છેને એ રાજસ્થાનથી લઇ આવે છે તેથી તમારી વેટની આવકને પણ નુકસાન થાય છે અને અહીંના વેપારીઓના વેપારને પણ નુકસાન થાય છે. પાડોશી રાજ્યો સાથે સરખામણી કરીને વેટનું ધ્યાન રાખવું જોઇએ કે જેથી કરીને આપણા વેપારીને ક્યાંય મુશ્કેલી ન પડવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, કર અને ફી વચ્ચેનો ઘણો ફરક છે. ફી છે એ સેવાઓના ભાગરૂપે હોય છે એને કર તરીકે ના લઇ શકાય. ટ્રસ્ટ ફાળો છે એ કર નથી. ટ્રસ્ટ ફાળો છે એ ફી છે. આ સરકાર શું કરે છે એ મારે આપને કહેવું છે. મહારાષ્ટ્રની સરકારે હમણાં જ કાયદામાં સુધારો કરીને ટ્રસ્ટ ફાળો એ સેવાઓને અનુરૂપ થતા ખર્ચાને અનુરૂપ જ રાખવાનો નિર્ણય કર્યો. આપણે આ કરવા માગીએ છીએ ખરા? તા. ૨૮-૫-૨૦૧૪ની સ્થિતિએ મેં આર.ટી.આઇ. કરી હતી એમાં મને જવાબ આપ્યો છે કે, ૧૩૩ કરોડ રૂપિયાની રકમ ટ્રસ્ટ ફાળામાં આપની પાસે પડી છે. આપ એનું વ્યાજ ગણોને તો એનું વ્યાજ ૮ કરોડ રૂપિયા મળે છે અને છતાં દર વર્ષે ટ્રસ્ટ ફાળો રૂપિયા ૧૨ કરોડ લો છો. ૨૦ કરોડ રૂપિયા દર વર્ષે ઉઘરાવો છો અને એની સામે ખર્ચ માત્ર ૯ કરોડ રૂપિયા જ થાય છે. મારી લાગણી અને માગણી છે કે ટ્રસ્ટના કામ કરનારા લોકો એ સમાજ સેવા કરે છે એના ઉપર કર તરીકે પૈસા નહીં ફી છે. તો આ ટ્રસ્ટ ફાળો ઘટાડવો પડે. નાણા વિભાગની એ જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસસી. અને એસ.ટી.ના લોકોને વધારેમાં વધારે નાણાં મળે એવું આયોજન કરવું પડે. ગૌણ સદર એનું હોવું જોઇએ કે જેથી આપણને ખબર પડે કે એના માટે કેટલા પૈસા વપરાયા છે. ૭ ટકા રકમ એમની પાછળ વપરાવી જોઇએ એ વપરાતી નથી અને એટલા માટે મારી માગણી અને લાગણી છે કે આ ગૌણ સદર ખોલવામાં આવે અને સાથો સાથ જેના માટે જે નાણાંની જોગવાઇ કરી છે એ નાણાં ત્યાં પૂરેપૂરાં વપરાય એ માટેની વ્યવસ્થા કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, નેકી ઔર વો ભી પૂછ પૂછકે. પહેલાં કહ્યું હતું કે ત્યાં કેન્દ્ર સરકાર જે ફેરફાર કરે છે એને અનુરૂપ અમને નુકસાની આપતા નથી માટે અમારે ર ટકા રાખવા પડે છે અને હવે ર ટકામાંથી આજે હું બજેટનો ભાગ-ખ છે એમાં તમે ૧ ટકો કરો છો, પરંતુ તમે ઝીરો શા માટે કરતા નથી. અન્ય રાજયોની સ્પર્ધામાં ટકવું હશે તો ઝીરો કરવો પડશે કારણ કે અન્ય રાજય ર ટકા કે ૧ ટકો લેતાં નથી. આપ કહેતા કે કેન્દ્ર સરકારે ૨૦૦૮ માં આમ કર્યુ છે એને સરભર કરી આપે હું રિફંડ કરી દઇશ. એ આપનું જ પ્રવચન હતું. આપ નાણાંમંત્રીશ્રી નહોતા, પરંતુ આપે ઇન્ટરવીન થઇને કહ્યું હતું. તો મારી લાગણી અને માગણી છે કે હવે તો બધું જ અપનેવાલે જેવું છે. મામાના ઘરે લગ્ન અને મા પીરસનાર હોય તો તમે લઇ આવો એ પૈસા અને આપો એમને અને એ ઝીરો કરી નાંખો.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણીબધી બાબતો એવી છે કે જેમાં તમે વેટ ઘટાડી શકો છો. સેલ્સ ટેકસમાં મોચી જાતે જૂતાં બનાવતો એવા નાના લોકો ઉપર અમે સેલ્સ ટેકસ નહોતો નાંખ્યો. વેટમાં મોચી જાતે જૂતાં બનાવે તો ૫૦૦ કે ૮૦૦ સુધીની રકમ ઉપર વેટ ન હોવો જોઇએ. જે ગુજરાતનાં નાણાં આવે છે એનું યોગ્ય આંકલન અને સંકલન કરવામાં આવે એ જ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી નંબર ૧૮ ના સમર્થનમાં હું બોલવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી સ્થાપી છે જેમાં વર્ગ-૧ થી વર્ગ-૪ ના તમામ સરકારી કર્મચારીઓ, માન્ય ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓ અને કોલેજો અને યુનિવર્સિટીના કર્મચારીઓનાં પેન્શન માટેની કામગીરી થાય છે. પંચાયતના કર્મચારીઓ અને પંચાયત હસ્તકના પ્રાથમિક શાળાના શિક્ષકો , ખાનગી માન્ય સંસ્થાઓના કર્મચારીઓને સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી મારફતે પેન્શનની કામગીરી થાય છે. અગાઉ એવું બનતું હતું કે કર્મચારી કે અધિકારી નિવૃત્ત થયા બાદ પણ પેન્શન લેવા માટે ખૂબ જ તકલીફ પડતી હતી.રાજય સરકારે આના માટેનો આખો જે પ્રોસેસ છે એ ખૂબ જ સરળ કર્યો છે. કર્મચારી કે અધિકારી નિવૃત્ત થાય એના ૨૪ મહિના પહેલાં એનાં પેન્શન પેપર બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવે છે. ૧૨ મહિના પહેલાં સંબંધિત નિયામકશ્રીની કચેરીને એના કાગળો મોકલી આપવામાં આવે છે અને નિવૃત્તિના ૬ મહિના પહેલાં જ આ પેન્શન પેપર મંજૂર કરવામાં આવે છે. તા. ૩૧-૩-૨૦૧૪ ની સ્થિતિએ રાજયમાં ૩,૯૬,૧૮૬ પેન્શનરો પેન્શન મેળવી રહ્યા છે જેમાં મારો પણ સમાવેશ થાય છે.

રાજય સરકારે પેન્શનનાં જે ફોર્મ છે એ પહેલાં ખૂબ અઘરાં હતાં એનું સરળીકરણ કર્યુ છે.માનનીય અધ્યક્ષશ્રી, જે દર હોય છે એ વખતોવખત વધતા હોય છે એનો જે તે કર્મચારીઓ અને અધિકારીઓને મળવાપાત્ર લાભ છે એ પણ સમયસર મળતો થઇ જાય અને જે લાભ આપવામાં આવે છે એ પણ પતિ પત્નીના સંયુકત ખાતામાં જયારે બેંકમાં ખાતું ખોલાવે એને જ મળે છે. અગાઉ એવું હતું કે દર વર્ષે માણસ હયાત છે કે નહીં એની ખરાઇ કરવા માટે જાતે ત્યાં કચેરીમાં જવું પડતું હતું.એના બદલે બેંકની અંદર દર જૂન મહિનામાં ફકત ફોર્મ ભરીને બેંકના મેનેજરને મોકલી આપે એટલે વાર્ષિક ખરાઇ થઇ જાય છે. રાજય સરકાર ૧૫ વર્ષ બાદ જે રૂપાંતર કરેલ જે પૈસા હોય તેના પુનઃસ્થાપન માટે કોઇ પણ જાતની અરજીની જરૂર રહેતી નથી અને આપો આપ થઇ જતું હોય છે. વખતો વખત પગાર પંચના લાભો પણ આપવામાં આવે છે. છઠ્ઠા પગાર પંચનો લાભ ૧-૧-૨૦૦૬ પહેલા નિવૃત થયા હોય તેવા ૩,૦૪,૦૪૪ કેસોના રીવીઝન કરવામાં આવ્યા છે અને ૨૦૦૬ પછી નિવૃત થયા છે તેવા ૬૯૪૦૬ કેસોમાં પણ ઓન લાઇન રીવીઝન કરવામાં આવ્યું છે. આ બધું એટલા માટે શકય બન્યું છે કે ગુજરાત સરકાર ઇ-ગવર્નન્સમાં માને છે અને નાણા

વિભાગે પોતે ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમનો લાભ ઊભો કરેલો છે અને તેના દ્વારા આઇ.એલ. પદ્ધતિ દ્વારા બારોબાર પેન્શનના પૈસા બેંકમાં જમા થતા હોય છે. નાણા વિભાગે પેન્શન માટેનું એક પોર્ટલ પણ ઊભું કરેલું છે અને એમાં વ્યકિત પોતે એના વાર્ષિક ખરાઇના દાખલાઓ, માસિક પેન્શનની સ્કીમ, ત્રિમાસિક, અર્ધવાર્ષિક અને વાર્ષિક ચૂકવણાની વિગતો અને તબીબી સારવાર લીધી હોય તો તેના બિલોની વિગતો પોર્ટલમાં ઉપલબ્ધ હોય છે. તમામ પેન્શનરના ફોન નંબર ઇ-મેઇલની વિગતો પણ આ પોર્ટલમાં હોય છે. જે કર્મચારી અને અધિકારીઓ ૧-૪-૨૦૦૦ પછી નોકરીમાં દાખલ થયા છે તેના માટે રાજય સરકારે નવ વર્ધિત પેન્શન યોજના દાખલ કરી છે એમાં કાયમી પેન્શન નંબર આપવામાં આવે છે અને બેઝીક પગાર અને ગ્રેડ પે તથા મોંઘવારી ભથ્થાંની કુલ રકમના ૧૦ ટકા જેટલી રકમ રાજય સરકાર પોતે આપે છે અને દસ ટકા રકમ કર્મચારી પાસેથી મેળવાતી હોય છે. તા. ૩૦-૧૧-૨૦૧૩ની સ્થિતિએ ૬૯૮૫૭ જેટલા લોકોની ઓન લાઇન પેન્શન માટે નોંધણી કરેલ છે અને એના ખાતાઓ ખોલેલ છે. જે રકમ ઉપલબ્ધ થાય છે એને ગુજરાત ફાઇનાન્સીયલ સર્વિસની અંદર રોકાણ કરવામાં આવે છે. આજે આપની મંજૂરીથી એ પણ કહું કે રાજયસરકારે જે ગરીબ અને જરૂરિયાતમંદ એમ.એલ. એ. છે, એમને પણ પેન્શન મળે તે માટે પણ વિચારણા કરે તેવી મારી વિનંતી છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગની ૧૫ નંબરની માગણી લઇને નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ આવ્યા છે એમાં મારો સૂર પૂરાવવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

નાણા વિભાગ એટલે સરકારનું મહત્વનું અંગ છે. આ વિભાગ દ્વારા સરકારશ્રીની અનેક યોજનાઓ ગુજરાતની અંદર ચાલે છે અને એના કારણે આજે ગુજરાત વિકાસમાં આગળ વધીને એક મોડેલ સ્ટેટ બન્યું છે, જેને દેશે સ્વીકાર્યું છે. ગુજરાત સરકાર દ્વારા નાણા વિભાગ અંતર્ગત, નાણા વિભાગ હસ્તકનો એક પ્રભાગ, વીમા નિયામકની કચેરી, આ યોજના દ્વારા ગુજરાત રાજયની અલાયદી કચેરીની સ્થાપના કરવામાં આવી. રાજયના વીમા નિયામક અધિનિયમ ૧૯૩૮ની કલમ ૩ હેઠળ નોંધાયેલ સામાન્ય વીમા વ્યવસાય રાષ્ટ્રીકરણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૩૬ હેઠળ મળેલી મુકિતના આધારે ભારત સરકારના નાણા મંત્રાલયના હુકમ ક્રમાંક ૧/૫૧/૨ ઇન્સ્યોરન્સ આઇ. ૭૮ મુજબના ૧૯૭૯ના અને ગુજરાત સરકારના નાણા વિભાગના પરીપત્ર ક્રમાંક વીએનએમ-૧૦૮૬/૩૪૬૩,૩૧-૩-૧૯૮૯. અને ઠરાવ ક્રમાંક ૧૦૯૪/૧૧૧૭/બી (૧) તથા ૧૯૯૫માં કરેલ જોગવાઇઓ અનુસાર રાજય સરકારના કાર્યક્ષેત્ર હેઠળ સામાન્ય વીમા વિભાગની વ્યવસાયની કામગીરી પૂર્ણ રીતે સંભાળવા અધિકૃત કરેલ છે. ત્યારબાદ રાજય સરકાર દ્વારા આ યોજનાને વીમા ક્ષેત્રનું ખાનગીકરણ કરવામાં આવ્યા બાદ કચેરી દ્વારા ગુજરાત સરકારની માલિકીની માલ મિલકતના રક્ષણની કામગીરી કરવામાં આવે છે. આ માટે જાહેર તેમજ ખાનગી ક્ષેત્રની કંપની જોડે વીમા નિયામકની કચેરીએ વીમા કરાર કરેલા છે તે મુજબ રાજયની વીમા નિધિનો સહ વીમા ફાળો ૪૫ ટકા પ્રિમિયમ અને દાવા સહિત સબંધિત વીમા કંપનીનો ફાળો ૫૫ ટકા નક્કી કરવામાં આવેલ છે. આ યોજનાના ઉદ્દેશો રાજય સરકારની માલ મિલકતોને યોગ્ય વીમા રક્ષણ પૂરું પાડવા માટે રાજય સરકારની પ્રિમિયમની આવક રાજય સરકારની પાસે રાખવાનો ઉદ્દેશ છે. રીઝર્વ ફંડ ઊભું કરવા બાબત, રાજય સરકારના બોર્ડ/કોર્પોરેશનને યોગ્ય વીમા માર્ગદર્શન પૂરું પાડવા માટેના ઉદ્દેશો છે.

હમણાં વિરોધપક્ષના સભ્યશ્રી ગરીબ લોકોની આરોગ્ય માટેની ખૂબ ચિંતા કરતા હતા. આ દેશમાં અને રાજયમાં વાત કરવી સહેલી છે. સારી સારી વાતો થઇ શકે પણ અમલવારી કરવી અને એનું અનુકરણ કરવું એ મહત્વની બાબત છે. ગુજરાત સરકાર દ્વારા આ વીમાનો ઠરાવ ૧૯૯૫માં જાહેર હિત માટે કરવામાં આવેલ છે અને આ યોજના દ્વારા રાજય સરકારે વીમા નિધિ દ્વારા વધુ સારી સેવાઓ મળી રહે તે માટે ખાનગી અને જાહેર વીમા કંપનીઓ જોડે સહ વીમા કરાર કરીને વીમા રક્ષણ પૂરું પાડવા માટે આ યોજના નીચે મુજબના કર્મચારીઓને વીમા સંરક્ષણ મળે તે માટે ફાયરમેન, મરીન, ઇજનેરી, હવાઇ વગેરેને વીમા રક્ષણ પૂરું પાડવાની કામગીરી કરી છે. અન્ય સીધા વીમાની ધંધાની કામગીરી સહ વીમાની કામગીરી, મકાન વીમાની કામગીરી અને ગુજરાત રાજયની અંદર મહત્વની જૂથ જનતા અકસ્માત વીમા યોજના દ્વારા

ગુજરાતની લગભગ ૫૦ ટકા વસતિને આવરી લેવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂત ખાતેદારોને સાંકળી લેવામાં આવેલ છે.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યશ્રીઓએ નાણા વિભાગની માગણીઓની ચર્ચામાં ભાગ લીધો. સરકારે છેલ્લા દસ વર્ષમાં અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનના નેતૃત્વ નીચે ગુજરાતે સર્વાંગી વિકાસ કર્યો અને આજે કોઇપણ જગ્યાએ જાવ તો રાજયની પ્રજાની અંદર જૂઓ, તમે કોઇપણ વ્યકિત કામ કરતી હોય તો તમે એનું ડેવલપમેન્ટ જોશો.

અહીંયા સન ૨૦૦૪-૦૫ના આંકડા આપ્યા છે. મારે ખાલી એકજ આંકડો આપવો છે. જે સ્પષ્ટ બતાડશે કે દેશની સરખામણીમાં ગુજરાતને વ્યકિતદીઠ, માથાદીઠ કેટલો લાભ મળ્યો. ગુજરાતમાં પર કેપીટા ઇન્કમ ૨૦૦૪-૦૫ માં ૩૨ હજાર હતી અને દેશની ૨૪ હજાર હતી. એટલે માત્ર બેની વચ્ચે આઠ હજાર રૂપિયાનો તફાવત હતો. આજે સન ૨૦૧૨-૧૩ની વાત કરું તો દેશની ૨૪ હજારની સામે ૬૭૮૩૯ રૂપિયા થઇ જયારે આપણી ૩૨ હજારની સામે ૯૬ હજાર રૂપિયા થઇ. એટલે આપ કલ્પના કરો કે આઠ હજારનો ડિફરન્સ હતો એ ડિફરન્સ વધીને ૩૦ હજારનો થયો છે. તમારા દંડકશ્રી બેઠા નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિરોધપક્ષના દંડકશ્રી અહીં બેઠાં નથી. નહીં તો દંડકશ્રીને ચોક્કસ આ વાતનો આનંદ થાત કે વ્યક્તિની આવક વધે અને ગ્રામિણ વિસ્તારમાં આવક વધે તો સીધો ફાયદો લોકોને થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેવાની વાત કરી. ઘણા વર્ષોથી આ વિષય આવે છે અને બહુ ડિટેઇલમાં અમારા વિરોધપક્ષના દંડકશ્રીએ વાત કરી. મારે તેમને સ્પષ્ટપણે કહેવું છે. ઘણી વખત કહ્યું છે. પણ હજુ પણ એક વાર વધારે કહેવું પડશે એવું લાગે છે અને હવે જરૂર પડશે તો એકવાર વન ટુ વન બેઠક આપીને હું એમને સમજાવીશ કે દેવું કેવી રીતે ગણાય? આપણે અહીં કોઇ પણ નાના વ્યક્તિને પકડો. વ્યક્તિ નાનો હોય તો એની આવક પ્રમાણે દેવું લેતો હોય. નાનો ઉદ્યોગ હોય, શરૂ કરે તો લાખ રૂપિયાથી શરૂ કરે. મોટું થાય તો દસ લાખ લે. તેનાથી મોટું થાય તો કરોડ લે. તેનાથી મોટું થાય તો દસ કરોડ લે. રાજય સરકાર પણ દેવું લે અને કેન્દ્ર સરકાર પણ દેવું લે. આજે રાજય સરકારનું દેવું કેન્દ્ર સરકારના દેવા સાથે કમ્પેરીઝન થાય? ન થાય, સ્વાભાવિક છે ન થાય. પણ અગત્યનું શું છે કે તેના પેરામીટર્સ શું છે. આપણે વ્યક્તિ તરીકે હેલ્થના પેરામીટર્સ જોઇએ છીએ ને? તેનું બ્લડપ્રેશર કેવું, તેનો ડાયાબિટીસ કેવો, તેનો કાર્ડીયોગ્રામ કેવો આ હેલ્થના પેરામીટર્સ હોય છે તેમ આમાં પણ પેરામીટર્સ હોય છે અને આની અંદર જી.એસ.ડી.પી. એટલે એનો બહુ દેશી ભાષામાં અર્થ સમજાવું તો સ્ટેટ ઇનકમ એટલે ત્રણ સેકટર છે. પ્રાયમરી, સેકન્ડરી અને સર્વીસ સેકટર. એટલે આની અંદર ખેડૂતોની આવક પણ આવી ગઇ. ઉદ્યોગોની આવક પણ આવી ગઇ. સર્વીસીસ એટલે બેંકીંગ સેકટરની આવક થઇ. આવી રીતે આપણે રાજયની દર વર્ષે ટોટલ સ્ટેટની ઇન્કમ થાય એ જી.એસ.ડી.પી. ગણાય અને જી.એસ.ડી.પી.ના કેટલા ટકા તમારું દેવું છે એ પેરામીટર જોવાય. આપણે આ વિધાનસભામાં ૨૭.૧ ટકાનો કાયદો બનાવ્યો છે અને ૨૦૦૪-૦૫માં આપણે ૨૮.૪૮ ટકા હતા. એ કેમ હતા? કારણ કે ભૂકંપ થયો હતો અને એટલે આપણે દેવું લીધું હતું અને આજે ૨૭.૧ ટકાનો કાયદો બનાવ્યો છે તેની જગ્યાએ ૨૦૧૪-૧૫માં ૧૯.૧૩ પહોંચી ગયા છીએ. તમે આ જ કમ્પેરીઝન યુ.પી.એ. સરકાર જયારે કેન્દ્રમાં હતી ત્યારે આંકડા કેટલા હતા? ત્યારે ફીસ્કલ ડેફીસીટ ગણો કે દેવાનો આંકડો ગણો કે કોઇ પણ આંકડો ગણો, એ આંકડાના પ્રમાણની અંદર આપણાં પેરામીટર્સ ખૂબ સારા છે. એ લોકોનું દેશના જી.એસ.ડી.પી.ના પ્રમાણમાં ૩૦ ટકા જેટલું હતું. એટલે આ અને ગુજરાતના પેરામીટર્સ સ્પષ્ટ થાય છે.

બીજાં પેરામીટર્સ શું જોવાય છે કે હાલમાં જી.એસ.ડી.પી. જૂઓ, પછી વ્યાજનું માનનીય સભ્યશ્રીએ કહ્યું. મારે સભ્યશ્રીને કહેવું છે કે ઇન્ટરેસ્ટ પેમેન્ટ, કેટલી આવક છે તેની કમ્પેરીઝન કરો. ૨૦૦૪-૦૫માં આપણી કુલ રેવન્યુ રીસીપ્ટની ૨૬.૮૨ ટકા હતી એ આજે ૨૦૧૪-૧૫માં ૧૩.૩૩ ટકા થઇ છે. એટલે વ્યાજનો હિસ્સો દિવસે દિવસે ઘટતો જાય છે. એટલે મારે આપને કહેવું છે કે આપણે જયારે Public Debt નું ઇન્સ્ટ્રુમેન્ટ જેવું ઓકશનમાં મૂકીએ છીએ રીઝર્વબેંકમાં, એ સમયમાં કોઇ પણ રાજયનું ઓકશન હોય અને એક જ દિવસ ઓકશન કરો તો આપણને 0.10, 20, 30 પર્સન્ટેજનો લાભ મળે છે. એ શું બતાવે છે? એ ગુજરાતની Capacity to Pay વધારે છે અને એ જ એની તાકાત છે. એવી જ રીતે

Public Debt અને આવકનું સીધું પણ એક કમ્પેરીઝન હોય છે. જે ૩ ટકાથી નીચે હોવું જોઇએ. એ આપણે કાયદામાં જોગવાઇ કરી છે. એ ૨૦૦૪-૦૫માં ૨.૮૬ હતું. આ ૨૦૧૪-૧૫માં ૧.૬૫ થયું છે.

સૌથી અગત્યનું આ વિધાનસભામાં આપણે દેવું પસાર કરીએ છીએ પણ જરૂર નથી કે લેતા હોઇએ. ૨૦૧૨-૧૩માં ૨૨ હજાર કરોડ રૂપિયા વિધાનસભાએ મંજૂર કર્યા તેની સામે માત્ર ૧૯ હજાર કરોડ લીધા. એવી જ રીતે ૨૦૧૩-૧૪માં ૨૬ હજાર કરોડ મંજૂર કર્યા તેની સામે ૧૯,૩૪૩ કરોડ લીધા. એટલે એક બાજુ આવક વધતી હોય અને બીજી બાજુ આપણે દેવું મંજૂર કરાવીએ છીએ પણ જરૂર પડે ત્યારે જ દેવું લઇએ છીએ. આવી કોઇ રાજયની નાણાકીય પરિસ્થિતિ બતાવો. એક રાજ્ય પણ નહીં મળે. આજે મારે આપની સાથે ઓપન ચેલેન્જ આપવી છે કે, તમે ઇતિહાસ કાઢો બધા કોંગ્રેસશાસિત રાજ્યોના અને એમણે નાણાંમંત્રીશ્રી દિલ્હી, આ ૩ ટકા, ૨૭.૧ ટકાના કાયદામાં સુધારો કરીને વધારવા માટે કેટલી દરખાસ્ત કરી? આ ગુજરાત જ એક એમ્પાવર્ડ કમિટિમાં કહેતું આવ્યું છે કે, દેવું વધારો. આ પેરામિટર બરાબર છે અને કેન્દ્ર સરકારે પણ એમ્પાવર્ડ કમિટિના સજેશન હોવા છતાં કોઇ રાજ્યનું દેવું વધારવા માટેનો એમણે રિસ્પોન્સિબિલિટી એક્ટમાં એમ રાખ્યું નથી. એટલે મારે કહેવું છે કે, સભ્યશ્રીઓએ આવકની વાત કરી. અરે ભાઇ તમે વર્ષો સુધી રાજ્ય કર્યું અને અમે દસ-બાર વર્ષ કે પંદર વર્ષથી રાજ્ય કરીએ છીએ. કમ્પેરીઝન કરી લો, ટેક્સેસનના પોઇન્ટ ઉપર અને આખો ઇતિહાસ કાઢો.

૧૯૬૦થી ગુજરાતની સ્થાપના પછી જેટલી કોમોડિટી કાઢો અને એનું આ સભ્યશ્રીઓએ રીડીંગ કરવું જોઇએ. કમિટિ બેસાડવી જોઇએ અને આપણે કરીશું. એટલે કાયમ માટેનો વિષય બંધ થઇ જાય. ૧૯૬૦ પછી ૨૦૦૨ સુધીમાં અને અમારી સરકાર આવી ત્યારથી વિધાનસભાની અંદર કેટલીવાર ક્યા પ્રોડક્ટમાં ટેક્સ વધાર્યો અને તમે કેટલો વધાર્યો. તમે વધારેલો છે એને અમે ઘટાડતા ગયા છીએ. અત્યારે આંકડા આપું. ઇલેક્ટ્રીસીટી ડયૂટી મેક્સિમમ ૬૦ ટકા હતી અમે ૨૫ ટકા કરી. ઇલેક્ટ્રીસીટી ડયૂટી ૪ ટકા હતી, આજે ઘટાડીને ઝીરો કરી છે. કોઇપણ ટેક્સ પકડો. આજની તારીખમાં સભ્યશ્રીને એટલો ખ્યાલ આવી ગયો. બધાની વાત કરું છું કે, એમ્પાવર્ડ કમિટિ ટેક્સેસનનુ સ્ટ્રક્ચર નક્કી કરે છે અને પછી તમે જુઓ એની અંદર મોટા ભાગના રાજ્યો એ ડિસિપ્લીનમાં રહે છે અને એના કારણે ગુજરાત પણ રહે છે. તમે વિચાર કરો કે, તમે અહીંથી સૂચનો કર્યા. આટલો બધો ટેક્સ લો છો, આટલી બધી આવક લો છો. અરે ભાઇ, સભ્યશ્રીને ખ્યાલ હોવો જોઇએ કે, આવક થઇ છે એ અમારી એફિસિયન્સીના કારણે થઇ છે. ટેક્સ વધારીને નથી થઇ. ટેક્સ નથી વધાર્યો. આ બજેટની અંદર જુઓ. આ બજેટની અંદર ઇનપુટ ક્રેડિટ ટેક્સ ઘટાડ્યો, એસ.ટી.ના દરો ઘટાડ્યા, આ બધું ઘટાડ્યા છતાં અમે આવકમાં વધારો કર્યો છે. આ શું બતાવે છે? અમારા એક્સપેક્ટેડ રેવન્યૂ એ એકચ્યુઅલ રેવન્યૂનો ટાર્ગેટ અમારો ઊંચો છે કારણ કે, અમારે લૂપ હોલ્સ કાઢ્યા છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે. આજે મેડિકલ ક્ષેત્રે અમે છેલ્લા ત્રણ મહિનામાં એકે એક સેક્ટરમાં ચોરી થતી હતી એ બધા સેક્ટરને હાઇલાઇટ્સ કરીને અમે ચેકીંગ શરૂ કર્યા છે. અરે વિચાર કરો કે, આજે હોસ્પિટલમાં જાય છે. દવાના રૂ.૧૦૦/-ની લે છે અને એ જ ડોક્ટર એ જ હોસ્પિટલમાં એના રૂ.૧૫૦/- લે છે અને એ ટેક્સ ન ભરે. તો એની જવાબદારી ન બને. તમે એમ કહો કે, ૧૦૦ ના ૯૮ લે છે. આજે મેડિકલ એમ્પ્લાયન્સમાં ટેક્સ નથી. પરંતુ એ ખરીદી કરે છે રૂ.૧૦૦ માં ખરીદી કરે છે અને રૂ.૧૧૦/- લે છે તો એણે રૂ.૧૦/- ઉપર ટેક્સ ભરવો પડે અને એનો દર પાંચ ટકા છે. એના માટે અમે આ ચેકીંગ ડ્રાઇવ કરી છે. અત્યારે આપને કહું કે, લિગલ એડવાઇઝ લીધી છે અને એના કારણે હોસ્પિટલે ભરવાનું ચાલુ કર્યું છે. અમે જો ખોટા હોત તો તરત જ હોસ્પિટલવાળાઓ કોર્ટમાંથી સ્ટે લઇ આવ્યા હોત. એટલે મહેરબાની કરીને •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, (xxxxxx) શબ્દ રદ કરીએ છીએ. (xxxxxx) એ શબ્દો કાઢી નાંખીએ છીએ. સાચા લોકોને મદદ કરો છો એમ કહો. તમે જજમેન્ટ દેતા હોવ તો હું બંધ કરી દઉં. પાછળવાળા, તમે શાંતિ રાખો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, નેચરલ ગેસના ટેક્સેસન બાબતે વાત કરી. નેચરલ ગેસમાં એમ.પી.માં ૧૩ ટકા, મહારાષ્ટ્રમાં ૧૨.૫ ટકા, ઝારખંડમાં ૧૪ ટકા, બિહાર ૨૦ ટકા, ઉત્તરાખંડમાં ૨૦ ટકા, ઓરિસ્સામાં ૧૩.૫ ટકા. સી.એન.જી.માં એક જ ટેક્સ હોય. ટોટલ નેચરલ ગેસના ટેક્સેસનની વાત કરું છું. અને એ જ પ્રમાણે મિત્રો ડીઝલ અને પેટ્રોલની વાત કરતા હતા. બે-ત્રણ વિષયની એમણે વાત કરી એ અમારા બલવંતસિંહ આવ્યા એટલે ટેકસેશનની પછી વાત કરું છું. અમારા બલવંતસિંહે વાત કરી કે કેન્દ્રમાંથી ઘણી બધી આવકો આપે છે. અરે માનનીય બલવંતસિંહજી, બાજપાઇજીએ ઓઇલ રોયલ્ટી વિશે વાત કરી હતી. આપને ખ્યાલ હોવો જોઇએ બાજપાઇજીએ ઓઇલ રોયલ્ટીમાં દેશને આઝાદી પછી ન્યાય અપાવ્યો હોય તો બાજપાઇજીએ ઓઇલ રોયલ્ટીમાં અપાવ્યો અને આપની યુ.પી.એ. સરકારે કેબીનેટમાં પસાર થયેલો ઓર્ડર કેન્સલ કર્યો અને દસ હજાર કરોડની રોયલ્ટી ગુજરાતને ન મળી, આ અન્યાય કેન્દ્ર સરકારે કર્યો. હવે તમે જોજો, અમે કેવી રીતે લાવીએ છીએ. એ.આઇ.ડી.પી. એની અંદર ગુજરાતને ડેઝર્ટ?, ડેઝર્ટ નહીં. ગુજરાતને દુષ્કાળ? દુષ્કાળ નહીં. અને પંજાબમાં આપો, બીજા રાજયને આપો, એક જ નીતિ હોવી જોઇએ દેશમાં. એના કારણે ગુજરાતને કરોડો રૂપિયાનું એ આઇ.ડી.પીમાં આપણને ફન્ડિંગ ઓછું મળ્યું. યોજના કેવી બનાવી છે, ગુજરાતના ગામડાઓમાં રોડ થઇ ગયા. પ્રધાનમંત્રી સડક યોજનાઓ થઇ ગઇ. ગુજરાતને થઇ ગઇ એટલે ગુજરાત બાકાત. ગુજરાતની અંદર શિક્ષકોની ભરતી થઇ ગઇ એટલે સર્વ શિક્ષા અભિયાનમાં કહે કે તમારે ત્યાં તો કામ થઇ ગયું છે હવે તમારે પૈસાની જરૂર નથી એમ કરીને સર્વ શિક્ષણ અભિયાન યોજનાની અંદર પણ ગુજરાતને બાકાત રાખવામાં આવ્યું. એટલે કયા ક્ષેત્ર એવા હતા અને જે લાવ્યા છીએ એ અમારી તાકાતથી લાવ્યા છીએ અને તમે એટલું જોઇ લેજો,

અધ્યક્ષશ્રી : તમારી તાકાતમાં ખૂબ વધારો થાય, હજી લઇ આવો. નાણાં વધારો એવી તાકાત વધારો. નીતિનભાઇ, તમે જાવ તો તરત જ મળે. તમારા તો પડોશી હતા.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને કહેવું છે કે આજની તારીખમાં તમે સેન્ટ્રલની અને યુ.પી.ની અને બિહારની સરખામણી કરી, મારે એ પૂછવું છે કે સેન્ટ્રલ અને યુ.પી. બિહારને કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટો મળે છે? અને એની સરખામણીમાં ગુજરાતને કેટલી? તમે આજે જોશો તો કેન્દ્ર સરકારની અંદર આપણા ત્યાં •(xxxxxx) આ શું બતાડે છે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ફાયનાન્સ કમિશન ઇન્ડિપેન્ડન્ટ ઓથોરીટી છે. કેન્દ્ર સરકાર એને કંટ્રોલ નથી કરતી.

અધ્યક્ષશ્રી :એની ભલામણો હોય એ સ્વીકારવી ન સ્વીકારવી એ કેન્દ્ર નકકી કરે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એના ઉપર ટીકા ટીપ્પણી કરવી કે (xxxxxx) આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : સૌરભભાઇ એ જવા દો. એટલું ફાયનાન્સ કમિશનનું કાઢી નાખીએ છીએ.

શ્રી સૌરભ પટેલ : ફાયનાન્સ કમિશનની ભલામણો કેન્દ્ર સરકારે સ્વીકારી અને (xxxxxx)

અધ્યક્ષશ્રી : ટીકા નથી આ પોઝીટીવ છે.

શ્રી સૌરભ પટેલ : ટીકા નથી આ વાત જ કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાંખ્યા છે. હવે સારા શબ્દો રાખ્યા છે. કહેતા હોવ તો એ કાઢી નાખું.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે ટેકસીસ વધારવાની વાત કરી, મેં એનો જવાબ આપ્યો કે ટેકસીસ એફીસીયન્સી હોય એનાથી ટેકસીસ વધે, વિકાસની વાત કરી, તો વિકાસની અંદર ગુજરાત એક માત્ર રાજય છે કે જેનો ગ્રોથ દસ ટકા થવો જોઇએ. તમે ૧૯૯૨-૯૩ ના પિરિયડ થી ૨૦૦૨ના પિરિયડમાં જોઇ લો, તો વિકાસનો દર પાંચ સાડા પાંચ ટકા થયો છે. એની કમ્પેરીઝનમાં છેલ્લા દસકાનો અમારો જોઇ લો, એનો વિકાસ દર જોઇ લો, તમે સી.એ.જી.ના પેરાની વાત કરી, માનનીય અધ્યક્ષશ્રી, મારે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

સભ્યશ્રીઓનું ધ્યાન દોરવું છે, માનનીય વિરોધ પક્ષના માજી નેતાશ્રીએ કીધું, આ પબ્લિક એકાઉન્ટસ કમિટીની ચોપડી મને મોકલવામાં આવી, **presented before the House on 3rd October, 2013,** ૨૦૧૩માં આ હાઉસની અંદર આપી અને આના નેતા એ વિરોધ પક્ષના સભ્ય હોય છે. (અંતરાય) બાવકુભાઈ અમારે ત્યાં આવી ગયા એ વખતે તમારે ત્યાં હતા. આ **Public Accounts Committee** નું જે પહેલું પાનું છે એમાં લખ્યું છે કે માનનીય સભ્યશ્રીએ એમ સ્પષ્ટ કીધું કે તમે ઓવર એકસપેન્ડીચર કર્યો છે અને આ બધા વિશે વાત કરી. મેં એટલું જ પૂછ્યું કે કયા વર્ષના આંકડાના હિસાબો બોલો છો. એમણે ચોપડી મોકલી દીધી. હું એમનો આભાર માનીશ કે એના કારણે આ હાઉસમાં હું સ્પષ્ટતા કરી શકું છું. સ્પષ્ટતા એ છે કે Financial accounts for the year 1999-2000 to 2002-2003. (અંતરાય) Shaktisinh, Please don't get excited.

અધ્યક્ષશ્રી : સૌરભભાઈ, એમણે જે પાના નંબર ટાંકીને કહ્યું છે એ જ કહો.

શ્રી સૌરભ પટેલ : પહેલા પાનામાં લખ્યું છે કે, (અંતરાય) પહેલા પાનાના પહેલા પૅરેગ્રાફમાં સ્પષ્ટ બતાવ્યું છે કે The fact that the excess expenditure had been incurred as stated in Annexure 1, 2, 3 & 4 of the voted and charged grants of the appropriation account for the year 1999-2000, 2000-2001, 2001-2002 & 2002-2003 which is required to be regularized by the Legislative Assembly as per provision of Article 205 of the Constitution. મારે એક જ વસ્તુ કહેવી છે કે ૧૦ વર્ષ પછી આજે જ્યારે હાઉસમાં ૨૦૧૪-૧૫ની ચર્ચા કરે છે ત્યારે એમના પ્રવચનમાં નથી કહેતા કે ચાર વર્ષના આંકડાની અંદર આ વિધાનસભાની આ સમિતિએ જે અહેવાલ આપ્યો છે એ ૧૯૯૯ થી ૨૦૦૩નો આપ્યો છે. જે પ્રમાણે વિષય મૂકતા હતા એ એવી રીતે મૂકતા હતા કે છેલ્લા બે-ત્રણ વર્ષનું હોય. આની અંદર એક પણ પાનું ૨૦૦૩ પછીનું હોય તો હું સભ્ય તરીકે રાજીનામું આપી દઉં. (અંતરાય) સભ્યશ્રી અછતગ્રસ્ત વિસ્તારની વાત કરતા હતા. મેં તો •(xxxxxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxxxxx) એ શબ્દો કાઢી નાખીએ છીએ. પ્રશ્ન પોઈન્ટ ઓફ ઓર્ડરનો નથી પણ પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનનો છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અછતગ્રસ્ત વિસ્તારની વાત કરી, કચ્છની વાત કરી. આ બજેટના પાના નં. ૨૭ ઉપર સ્પષ્ટ લખ્યું છે કે કચ્છ જિલ્લાના અછતગ્રસ્ત લખપત અને અબડાસા તાલુકાના પીવાના પાણીના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા રી-મોડેલીંગ પાણી પુરવઠા યોજના પ્રોજેક્ટનું આયોજન હાથ ધર્યું છે. (અંતરાય) એમના દંડકશ્રીએ રીફંડ વિશે વાત કરી. રીફંડ ૨૦૦૬-૦૭માં ૬૩૦ કરોડ હતું એ ૨૦૧૩-૧૪માં ૩૩૦૯ કરોડ થયું. આજની તારીખમાં ટોટલ એપ્લીકેશનો ૧૧૨૪ પેન્ડીંગ છે. આ ૩૦મી તારીખની વાત છે. ૯૦ ટકા રીફંડ પતી ગયા છે. ૨૨૦૦ એપ્લીકેશનો જે ઇસ્યુ પ્રોબ્લેમ છે એ એક વર્ષ જૂના છે. ૧૧૨૪ માંથી ૬૯૧ ત્રણ મહિનાની નીચેના છે. જે આક્ષેપો કર્યા એ બાબતે મારે કહેવું છે કે રીફંડ અમારી પ્રાયોરિટી છે અને એ પ્રાયોરિટી હોવાના કારણે ચોક્કસપણે હજી પણ એમાં ટેકનોલોજી લાવીશું. અને ટેકનોલોજી લાવ્યાં પછી એમાં વધારે કામ સુધરે. ડિઝલના ટેક્સીસની તમે વાત કરી. તમે ગણી લો, એમ.પી., મહારાષ્ટ્ર, રાજસ્થાન જે કાંઇ ગણાવો એ ખાલી બે-ત્રણ રાજ્યોને છોડી બાકીના બધા રાજ્યોના ડિઝલ અને પેટ્રોલ ઉપર ટેકસીસ હાઇ છે. આ હરિયાણા અને પંજાબ જે basically agriculture oriented છે એટલે એના રેટ્સ થોડા નીચા છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ભાઇ, અંતમાં કહુ, ફાયનલ બેલેન્સશીટ – રેવન્યુનું સરપ્લસ ૨૦૦૫-૦૬માં (–)૩૯૮ અત્યારે ૬૮૩૭ કરોડ રેવન્યુ સરપ્લસ – આ બેલેન્સશીટ કહેવાય. તમારી કંપનીનું બેલેન્શીટ નફા ઉપર જોવાય. આ સરપ્લસનો એક ભાગ અને ધંધાદારી માણસોને વધારે સારી ખબર પડે કે રેવન્યુ સરપ્લસનો લાભ શું થઇ શકે. બીજું, Fiscal Deficit to GSDP ૨.૫૬નું ૨.૪૫, Outstanding Public Debt to GSDP ૨૭.૫૬નું ૧૯.૧૩, Interest Payment to Revenue Receipts - ૨૧.૭૫નું ૧૩.૧૩ અને માનનીય અધ્યક્ષશ્રી, development expenditure - એમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે. એના કારણે ૭૦% ઉપર આપણું development expenditure પહોંચ્યું છે. તો માનનીય અધ્યક્ષશ્રી, જેટલા સવાલો મોટાભાગના સભ્યશ્રીઓએ કીધા એના મોટાભાગના સભ્યશ્રીઓને એના જવાબ આપ્યાં છે. અંતમાં એટલું જ કહીશ કે આ સરકાર ટેક્સ વધારીને આવક વધારવા માગતી નથી. લોકોની expenditure કેમ વધે? આજે મારી આવક ૫૦,૦૦૦/– ની હોય એ ૬૦,૦૦૦/– ની થાય તો સ્વાભાવિક છે કે હું ૧૦,૦૦૦/– રૂપિયા વધારે ખર્ચીશ અને ૧૦,૦૦૦/– રૂપિયા મારો ખર્ચ વધે એનાથી પણ આ ફીગર વધે એજ મારું લક્ષ્યાંક છે. એટલે તમે જોજો ઉત્તરોત્તર ટેક્સ ઘટતા ગયા છે અને એના કારણે સતત વેટની આવક વધતી ગઇ છે અને આ વખતે પણ અમારા રેટનું પ્રમાણ VAT - ૧૫% ની આસપાસ અત્યારે ગ્રોથ અમે જોઇ રહ્યાં છીએ અને બીજું આખા બજેટમાં તમે જોશો તો standard is motto of social sector. આજે ૪૮% ૧૯૬૦થી એક બજેટ તો બતાવો કદાચ ૪૮% social spending થયું હોય. અને અમારા નીતિનભાઇમાં S.T. માં ૧૦%, આજે મારી વિનંતી છે કે ૧૦% બિલ આવે છે તો શાંતિથી સાંભળજો અને મારે જોવું છે કે તમે એમાં શું બોલવા માગો છો. તમે નેગેટિવ બોલશો કે પોઝિટીવ બોલશો કે ગૃહ છોડીને જતાં રહેશો?

અધ્યક્ષશ્રી : જે બોલે એ પોઝિટીવ જ બોલ્યાં કહેવાય.

શ્રી સૌરભ પટેલ : અરે પોઝિટીવ બોલે તો પ્રજાને ખબર પડવી જોઇએ. તમે સાડા સત્તરના સાડા દસ કર્યા તો આવકારે છે કે નથી આવકારતા. તો મિત્રો.. (સમય સૂચક ઘંટડી)

અધ્યક્ષશ્રી : છે કાંઇ?

શ્રી સૌરભ પટેલ : ના.

અધ્યક્ષશ્રી : એક મિનિટ એક એક જ સવાલ. બધાને સવાલ પૂછવા દઇશ. બોલો શક્તિસિંહ.

શ્રી શક્તિસિંહ ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, આપ એમ કહો છો કે અમે social sector માં ખર્ચ કર્યુ છે જોઇ લેજો. આપના ૧૧માં પ્લાનમાં social sector માં આપે જે પૈસા ફાળવેલા હતા એના કરતા ૩,૨૦,૦૦૦ લાખ રૂપિયા આપે ઓછો actual ખર્ચ કર્યો છે. ફાળવણીના આંકડાઓથી રાજી થઇ જઇએ, actual expenditure ઓછો થયો છે આ આપના બજેટ પ્રકાશનમાં પુસ્તકના પાના ૧૬ ઉપરથી reflect થાય છે તો social sector માં ફાળવેલા પૂરેપૂરા પૈસા ખર્ચવામાં વપરાય, દેખાવ માટે નહિ, ખરેખર વપરાવા જોઇએ અને ખરેખરમાં આમાં લાખો રૂપિયા ઓછા વપરાયા છે તો ભવિષ્યમાં આના માટે કોઇ કાળજી લેવા માગો છો કે નહિ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલું તો social sector નો ખર્ચો total plan expenditure માં આવી જાય છે. આમાં તમે રાજ્યનો ઓવરઓલ પ્લાન જોશો તો plan expenditure નો ખર્ચો જનરલી ૮૫, ૯૦, ૯૫, ૯૭ ટકાનો ખર્ચો થતો જાય છે. માનનીય સભ્યશ્રી એ કહે છે કે social sector માં એમાં કોઇ કારણ હશે, કોઇ જગ્યાએ મંજૂરી ના મળી હોય, ભરતી ના થઇ હોય આવા કારણે spending ના થયું હોય.

અધ્યક્ષશ્રી : એમનું સૂચન જ છે કે ભવિષ્યમાં વપરાય એની તકેદારી રાખો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, CAG નો રિપોર્ટ ગૃહમાં મૂકવો જોઇએ. આપણા નિયમો છે પણ આજની તારીખ સુધી મૂક્યો નથી તો નહિ મૂકવાના કારણો શું?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર આવતું નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી પાસે મારી રજૂઆત છે કે, રાજસ્થાનની અંદર ગુજરાત કરતાં પોણા બે રૂપિયા એક લિટરે ડિઝલ સસ્તુ મળે છે. રાજસ્થાનની સરકાર જે ભાવે ડિઝલ આપે છે એ ભાવે ગુજરાતના લોકોને આપ ડિઝલ આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, મોટા ઉદ્યોગપતિઓનો કરોડો રૂપિયા ટેક્સ બાકી છે પણ નાણાકીય ખાદ્ય ઘટાડવા માટે સરકારે ગત વર્ષે ઘણી ટ્રેઝરી ઓફિસો બંધ કરી છે. એમાં મારા મત વિસ્તારની તલોદ તાલુકાની ટ્રેઝરી ઓફિસ પણ બંધ કરી છે. આ બાબતે મેં અગ્રસચિવશ્રીને અને નાણા મંત્રીશ્રીને રજૂઆત કરી તો નાણાકીય ખર્ચ ઘટાડવાનું જે કારણ બતાવી અને હજુ સુધી ટ્રેઝરી ઓફિસ ચાલુ કરી નથી. જેના કારણે વેપારીઓ, ખેડૂતોને સ્ટેમ્પ લેવામાં ખૂબ જ મુશ્કેલીઓ પડે છે ત્યારે આ ટ્રેઝરી ઓફિસ ફરીથી ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, બંધ થઇ તો એના ઘણા કારણો હશે. હું કારણો જોઇ લઇશ અને એક વખત એ શું કારણે બંધ થઇ, હું તપાસ કરી લઇશ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, હાલનું ગુજરાતનું જાહેર દેવું કેટલું અને ૨૦૧૩-૧૪માં કેટલું વ્યાજ ભરવામાં આવ્યું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારી પાસે આંકડો નથી, અંદર લખેલો જ છે ફિગર, બજેટની બૂકમાં છે જ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું ધ્યાન દોરવા માગુ છું કે, ૨૦૧૩-૧૪થી અમે આવ્યા ત્યારથી બધી કમિટીઓની ચર્ચા અમે જોઇ. તો ૨૦૦૨-૦૩ની સાલની ચર્ચાઓ એટલે દસ વર્ષ પહેલાંની ચર્ચાઓ જ જો અત્યારે કમિટીઓમાં થતી હોય તો સ્વાભાવિક છે કે, શક્તિસિંહભાઇ ૨૦૧૩ની ચર્ચા અત્યારે જ ગૃહમાં લાવે ને ૨૦૦૨ની? તો કમિટીઓ વહેલું કામ કરી અત્યારે રિસન્ટ ચર્ચાઓ કમિટીમાં આવે તો જ(અંતરાય)

અધ્યક્ષશ્રી : કાંઇ વાંધો નહીં. તે તમારું ધ્યાન નહીં, મારું ધ્યાન દોરે છે. ધ્યાનમાં લઇશું. અરે, તમારા ભેગા મને પણ ઝપટમાં લે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રાજ્યમાં કોઇ આપત્તિજનક સ્થિતિ ના હોય અને આપણે જો વિકસીત રાજ્ય હોઇએ તો દેવું કરવાની કોઇ જરૂરિયાત ખરી ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વિગતવાર વાત કરી કે, દેવું પગારના ખર્ચામાં નથી જતું. આપણે ડેવલપમેન્ટમાં ખર્ચા કરીએ છીએ અને ડેવલપમેન્ટના ખર્ચામાં લોકોને લાભ થતો હોય એ સરકારની જવાબદારી છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ વહેલા રકમ વસૂલ કરવા માટે, ટેક્સ વસૂલ કરવા માટે કામ કરીએ છીએ તો બળજબરીપૂર્વક કહેવામાં આવે છે. અને બીજી તરફ એવું કહે છે કે, રિકવરી માટે હવે કરો છો શું ? એ જ પ્રમાણે દાઉદ ઇબ્રાહિમની પ્રોપર્ટીને હાથ પર લેતા એ લોકોના કોંગ્રેસ પાર્ટીના ..(અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ સવાલ જ નથી. બસ,બસ, બેસી જાઓ. આ સવાલ જ નથી.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૧૫, ૧૬, ૧૭, અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪

મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૪–૧૫ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. એમાંથી ૫૪ માગણીઓ આ ગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ ગઇ છે. આથી બાકીની ૫૪ માગણીઓ પૈકી બે માગણીઓ બિન મત પાત્ર હોવાથી તે સિવાયની ૫૨ માગણીઓ ક્રમાંક: ૧, ૭, ૮,૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગિલોટનની માગણીઓ મંજૂર થાય ત્યાં સુધી સભાગૃહ લંબાવવામાં આવે તેવી હું દરખાસ્ત કરું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ ) સભાગૃહનું કામકાજ ગિલોટનની માગણીઓ મંજૂર થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપણે મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવીએ છીએ.

**માગણી ક્રમાંકઃ ૧, ૭, ૮,૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૧, ૭, ૮,૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હવે હું રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ રજૂ કરવામાં આવી.**

**માગણી કર્માંકઃ ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૦૧ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૧–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪**
**શ્રાવણ ૩, ૧૯૩૬ શાકે**
**બીજી બેઠક**
**અધ્યક્ષશ્રી વજુભાઇ વાળા અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે મળ્યું .**

પોઇન્ટ ઓફ ઓર્ડર
સભાગૃહમાં ઓડિટ અહેવાલ રજૂ કરવા અંગે

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આપનો ટાઇમ પેલો એ ન રહે એટલા માટે અગત્યના નિર્ણયો ૨૦૦૮ થી ૨૦૧૨ માં પાન નં.૯૩ અને ૯૫ ઉપરના નિર્ણય તરફ ધ્યાન દોરું છું કે વિપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ સાહેબે તા. ૨૬–૩–૨૦૦૮ ના રોજ કામકાજની યાદી ક્રમાંકમાં જે ક થી માંડીને જ સુધી જે ઓડિટ રિપોર્ટ જે મૂકવાનો સી.એ.જી.નો અહેવાલ સત્રના છેલ્લાં દિવસે આજે મૂક્યો છે, એમાં ભૂતકાળમાં પણ માનનીય અશોકભાઇ ભટ્ટ સાહેબે સ્પષ્ટ રૂલિંગ આપેલ છે અને કહેલ છે કે સ્પષ્ટપણે અઠવાડિયે અથવા અઠવાડિયા પહેલા આ રિપોર્ટ મૂકી શકાય. તો આજે છેલ્લા દિવસે આ રિપોર્ટ મૂક્યો છે.

શ્રી શક્તિસિંહ ગોહિલ: માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના ભૂતકાળના નિર્ણયોમાં મારા માનનીય દંડકશ્રીએ જે નિર્ણય ક્રમાંક ટાંકયો એના સિવાય પણ ૧૯૭૦ માં માનનીય મનોહરસિંહ જાડેજાએ મુદ્દો ઉપસ્થિત કરેલ, જે પાનાં નં. ૨૯ નિર્ણય ક્રમાંક ૩૨ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ માં. અમારા માટે એક બંધારણીય સંસ્થા કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનું ઓડિટ. એક ઇન્ડિપેન્ડન્ટ એજન્સી. આ સરકાર સામે ઓડિટ કરે. પી.એ.સી. એને ચકાસે છે. પી.એ.સી. પારાઓ પછી અહીંયા આવે, પરંતુ એની સાથે સાથે આ ઓડિટ અહેવાલમાં કેટલાક એવા પત્રકો હોય છે, જે ફેક્ટ એન્ડ ફીગર હોય છે. અમને બજેટ પ્રકાશનમાંથી જેટલા આધારભૂત નથી મળતા એટલા આ અહેવાલમાંથી મળે. હવે બજેટ ઉપરની ચર્ચા શરૂ થાય. ભૂતકાળના બંને માનનીય અધ્યક્ષશ્રીઓએ સંપૂર્ણ પણે ગંભીરતાને ધ્યાને લઇને બજેટ રજૂ થાય એના એક અઠવાડિયાથી મોડું નહિ. હવે આ આપણે રેગ્યુલર બજેટ સત્ર નથી. વોટ ઓન એકાઉન્ટ કરીએ છીએ, તે સમયે એટલે કે બીફોર ૩૧ માર્ચ આ અહેવાલો સરકાર પાસે આવી ગયા હતા. તે પછી આ બજેટ સત્ર શરૂ થાય છે. જે વોટ ઓન એકાઉન્ટ થયા પછીનું છે. આખું બજેટ સત્ર પૂરું થાય છેલ્લા દિવસની છેલ્લી બેઠકમાં લાવવું. આ એક અત્યંત ગંભીર બાબત છે. •(xxxxxx) એનું કારણ પણ એના માટેની.

અધ્યક્ષશ્રી : એ (xxxxxx) શબ્દો કાઢી નાખું છું.

શ્રી શક્તિસિંહ ગોહિલ : આનું પરિસ્થિતિનું નિર્ણય(અંતરાય) શું આપણે કહીશું કે અચ્છે દિન આ ગયે હૈ. શું આપણે કહીશું કે (xxxxxx) પરિસ્થિતિનું કારણ..

અધ્યક્ષશ્રી : અહેવાલ કયારે રજૂ કરવો એ (xxxxxx) (અંતરાય)તમે બીજું બોલો.

શ્રી શક્તિસિંહ ગોહિલ : ભૂતકાળમાં પણ આ પ્રકારના અવલોકનોની સંપૂર્ણ છૂટ મળી છે. આપનો કડક આદેશ ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીના આદેશોનું આ સરકાર પાલન ન કરતી હોય.( અંતરાય) શું ગણપતભાઇ શું છે? આમ, આમ શું કરો છો?(અંતરાય) માનનીય મંત્રીશ્રી બેઠા બેઠા આમ આમ કરે એટલે શું?

અધ્યક્ષશ્રી : રાકેશભાઇ શું કરવાને?

શ્રી શક્તિસિંહ ગોહિલ : કોને શું? શું કરાવું છે?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : તમારું પૂરું કરો.

શ્રી શક્તિસિંહ ગોહિલ :આ સંજોગોમાં હું આપની પાસેથી રક્ષણ માગું છું અને બે વખતના માનનીય અધ્યક્ષશ્રીઓના નિર્ણયોનું આ સરકારે પાલન નથી કર્યુ, એની ગંભીરતાપૂર્વક નોંધ લેવાય એ અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : કોઇને કંઇ કહેવું છે? એક મિનિટ હવે. આ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં (xxxxxx) આવે છે(અંતરાય) તો મને ખબર નથી. આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો છે એનો મુદ્દો સાંભળવો છે કે નહીં. કોઇ સવાલ નથી. માનનીય બલવંતસિંહ રાજપૂતે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊઠાવ્યો છે અને માનનીય શક્તિસિંહે સમર્થન આપ્યું છે તે બંને બાબત જે તે વખતે જે તે અધ્યક્ષશ્રીએ તેને સૂચનના રૂપમાં કહ્યું છે અને હંમેશાં હાઉસની અંદર છેલ્લે અધ્યક્ષે જે આદેશ આપ્યો હોય તે માન્ય ગણવાનો રહે છે. આ સને ૨૦૦૮ થી ૨૦૧૨, ગુજરાત વિધાનસભામાં માનનીય અધ્યક્ષશ્રીએ આપેલા અગત્યના નિર્ણયો, તેમાં નિર્ણય નં.૬૦ પાના નં.૯૫ ઉપર, તેમાં સ્પષ્ટ કહ્યું છે કે પૂરોગામી અધ્યક્ષશ્રીનો નિર્ણય સૂચનાના ભાગરૂપે છે. બંધારણ કે વિધાનસભાના નિયમો હેઠળ સી.એ.જી.ના અહેવાલો ચોક્કસ કેટલા સમયમાં ગૃહના મેજ ઉપર મૂકવા તે અંગે કોઇ જોગવાઇ નહીં હોવાથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલા મુદ્દાનો સ્વીકાર કરી અહેવાલ વિલંબથી ગૃહ સમક્ષ મૂકવામાં કોઇ નિયમ કે સંસદીય પ્રણાલિકાનો ભંગ થતો નથી. મારી પહેલાંના અધ્યક્ષે આપેલો આ સ્પષ્ટ નિર્ણય છે. આને કોર્ટની અંદર જાઓ અને આપણી પણ પ્રણાલિકા છે કે અધ્યક્ષશ્રીએ જે નિર્ણય આપ્યો હોય તે માન્ય રહે છે એટલે તે પ્રમાણે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. એકવાર રૂલીંગ આપી દીધું છે. તે બીજો છે. તે પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં પણ ઔચિત્ય ભંગનો છે. ઔચિત્ય ભંગ અને પોઇન્ટ ઓફ ઓર્ડર એ બે મુદ્દા હતા. પોઇન્ટ ઓફ ઓર્ડર માટે આ નિર્ણય આપ્યો છે અને ઔચિત્ય ભંગ માટે જુદો નિર્ણય આપ્યો છે. મેં વાંચ્યું છે.

શ્રી શક્તિસિંહજી ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પાન નં.૯૩ અને ૯૪ ઉપર છેલ્લો પેરેગ્રાફ.

અધ્યક્ષશ્રી : તે બે રીતે છે.

શ્રી શક્તિસિંહજી ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, પાન નં.૯૪માં લાસ્ટ પેરેગ્રાફ. આપે મને એલાઉ કર્યો છે. આપ સમજવાનો પ્રયત્ન કરો. માનનીય વિરોધપક્ષના દંડકશ્રીએ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. હું એ વાતનો સ્વીકાર કરું છું...

અધ્યક્ષશ્રી : એક મિનિટ તમે સાંભળો. તમે બેસો. એક મિનિટ. (સતત અંતરાય) એક મિનિટ તમે બેસો. આમાં જે લખ્યું છે તે તમે વાંચો. એક મિનિટ સાંભળો. એક મિનિટ મને રૂલીંગ આપવા દો. હું ઊભો હોઉં ત્યારે બધા બેસી જાઓ. હું ઊભો હોઉં ત્યારે બધા બેસી જાઓ. આની અંદર માનનીય સંસદીય બાબતના મંત્રી એટલે દિલીપભાઇ પટેલ હતા અને અધ્યક્ષે નિર્ણય કર્યો છે કે મંત્રીએ ઉપસ્થિત કરેલા પોઇન્ટ ઓફ ઓર્ડર તેમજ ઔચિત્ય ભંગના મુદ્દાઓનો માનનીય અધ્યક્ષશ્રીએ સ્વીકાર કર્યો છે. હું સ્પષ્ટ કહું છું કે આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. આગળના અધ્યક્ષશ્રીએ સ્પષ્ટ નિર્ણય આપ્યો છે. કોઇ સવાલ નથી. આમાં લખેલું વાંચું છું. (સતત અંતરાય) મારે કાંઇ સાંભળવું નથી. આમાં કેવી રીતે સાંભળી શકાય? મેં મારો નિર્ણય આપી દીધો છે બાકીની વિગતો લખી છે એ આગલા જે અધ્યક્ષશ્રી છે, એના અનુસંધાનમાં છે. મારા પૂરોગામી અધ્યક્ષે આટલું જ સ્પષ્ટ કહ્યું કે, આમાં પ્રણાલિકાનો ભંગ થતો નથી. આમાં લખ્યું છે એમાં કોઇ નિયમનો ભંગ નથી થતો. (અંતરાય)પાના નંબર ૯૪ શા માટે, મારે ૯૪ ને બદલે જે ૯૬ ઉપર આપ્યો છે, એ નિર્ણય વાચવાનો હોય, ૯૪માં તો આગળના અધ્યક્ષનો છે. ૯૪માં મારા પહેલાના પૂરોગામી અધ્યક્ષનો નિર્ણય નથી એ એની પહેલાના અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. જે આખરી નિર્ણય આપ્યો છે અધ્યક્ષે, એના આધારે એ હું કહું છું અને એ મને બંધનકર્તા રહે છે. મારે આ નિર્ણય નથી ફેરવવો. (અંતરાય) તમે શાંતિ રાખો. એક મિનિટ, પહેલા પ્રદર્શન બંધ કરો અને બેસી જશો તો હું સાંભળીશ. તમારે નિયમનો ભંગ કરવો છે, ને બોલવું પણ છે. બેય વાત કોઇ રીતે ન ચાલે. તમે બધા બેસી જાવ તો હું શાંતિથી સાંભળવા તૈયાર છું. માનનીય શંકરસિંહ આપે જે કહેવાનું હોય તે કહો. માનનીય શક્તિસિંહ, આ અંગે મેં મારું રૂલિંગ આપી દીધું છે એટલે એ સિવાય જે હોય તે કહો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હા જી, માનનીય અધ્યક્ષશ્રી, આપે મને પરમીટ કર્યો છે. હું આપને માત્ર ભૂતકાળના નિર્ણયો છે કે, અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં પણ સ્પષ્ટતા થઇ શકે. હું આપને માત્ર એટલું જ ધ્યાન દોરું છું સાહેબ, બે મુદાઓ હતા, આપની વાત સાચી છે, આપની વાત સંપૂર્ણ સાચી. જો ઔચિત્ય ભંગનો અમે મુદ્દો ઊઠાવીએ, જેમાં અધ્યક્ષે રૂલિંગ આપ્યું છે એ આપની વાત સાચી. ઔચિત્ય ભંગ નથી કહેતા અમે, અમે આપને એમ કહીએ છીએ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદામાં જે આપ માત્ર પાનું ૯૪ જે રીલેવન્ટ જજમેન્ટ છે એના એક છેલ્લા પેરેગ્રાફની માત્ર ચાર લાઇન હું વાંચુ એ મને સાંભળો પછી આપને જે નિર્ણય આપવો હોય એ આપજો. માનનીય અધ્યક્ષશ્રી, પાના નં.૯૪, છેલ્લો પેરેગ્રાફ. હું વાંચુ સર? "માનનીય વિરોધ પક્ષના નેતાએ ખૂબ જ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, માનનીય મંત્રીશ્રીની વાતનો પણ સ્વીકાર કરું છું, પૂર્વ અધ્યક્ષશ્રીના રૂલિંગમાં સૂચન છે, સરકારને સૂચન કરી શકાય. તેમ કરી શકાય શબ્દ છે. સરકારે રૂલિંગનો અને તેના હાર્દનો સ્વીકાર કરવો જોઇએ. બજેટ બેઠકના પહેલા અઠવાડિયાની અંદર અહેવાલ રજૂ કરી શકાય. બજેટ ઉપરની ચર્ચામાં સી.એ.જી.ના ઓડિટ અહેવાલના અવલોકનો ખૂબ જ ઉપયોગી થઇ પડે છે. બજેટ બેઠકને ખૂબ જ ગંભીરતાપૂર્વક આપણે લઇએ છીએ કારણ કે, રાજયનું અંદાજપત્ર મંજૂર કરતી વખતે રાજયના આયોજનોની સંપૂર્ણ ચર્ચા આપણે ગૃહની અંદર ગંભીરતાપૂર્વક કરીએ છીએ ત્યારે એ અંગેનું જે કાંઇ સાહિત્ય હોય તે આપણને મળે અને અગાઉના રૂલિંગને પણ આપણે ધ્યાનમાં રાખીએ તો સરકારે બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયામાં આવા અહેવાલો રજૂ કરવા જોઇએ. હું અગાઉના રૂલિંગને યથાવત રાખીને, આ નોંધી લેજો. ભૂતકાળનો પણ આ જ નિર્ણય હતો અને એને યથાવત રાખીને માનનીય અધ્યક્ષ કહે છે, નાણા વિભાગ અને સરકારને કહું છું, આ મારા શબ્દો નથી સર, માનનીય અધ્યક્ષશ્રીએ એમ કહ્યું છે કે, હવે પછીના વર્ષની અંદર (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ સાંભળોને તમે, એક મિનિટ મેં એમને પરવાનગી આપી દીધી છે, સાંભળો તમે, મારે શું કરવું તે હું નક્કી કરીશ તમે કોઇ સુપિરિયર નથી, મેં એમને પરવાનગી આપી છે તમારે આના માટે જે બોલવું હોય તેના માટે હું તમારા મંત્રીશ્રીને તક આપીશ. અત્યારે કોઇ નહિ. મેં પહેલાં જ કહ્યું કે આ અંગેનો મેં મારો નિર્ણય આપી દીધો છે એમાં કોઇ ફેરફાર નથી. છતાંય આગલો નિર્ણય કરીને એ કન્વીન્સ કરવાનું કહે છે એનો જવાબ આપવો હશે તે હું આપીશ, તમે શાંતિ રાખો, આપ સભ્યશ્રીને શાંતિથી સાંભળો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બે ત્રણ લાઇન વાંચું છું. આપ સાહેબને મારું નમ્રતાપૂર્વક નિવેદન છે કે, આપ એને ધ્યાનથી વાંચો, હવે પછીના વરસોની અંદર ઓડિટ રિપોર્ટ બજેટ બેઠકમાં રજૂ કરવાનો હોય તે બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયાની અંદર મેજ ઉપર મૂકવામાં આવે તો રાજ્યની નાણાકીય ચર્ચાઓની અંદર તેની જે ઉપયોગીતા છે તેમાં ઉપયોગ થઇ શકે છે, સર હવે પંચાણુંમાં પાના ઉપર,

અધ્યક્ષશ્રી : બરાબર છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : જી, ઓડિટ રિપોર્ટના મૂલ્યાંકનો, સમીક્ષાઓ વિધાનસભાની સમિતિઓની અંદર થતાં હોય છે, પરંતુ તે ખૂબ લાંબા ગાળાની પ્રક્રિયા છે અને સમિતિઓમાં ખૂબ ઝીણવટભર્યુ કાર્ય કરવાનું હોય છે. આ ગૃહના અભ્યાસુ સભ્યો જેમને નાણાકીય અભ્યાસો કરવા છે અને તે સંબંધે આ ગૃહની અંદર અવલોકનો કરવાના છે તેમના માટે ખૂબ જરૂરી છે. તેથી બજેટ રજૂ થયા બાદ એક અઠવાડિયામાં આ અહેવાલને મેજ ઉપર મૂકવામાં આવે તેવી પ્રણાલિકા પાડવાની આપણે શરૂઆત કરીએ. આ પ્રણાલિકા નહિ પાડવામાં એક અધ્યક્ષશ્રીએ જ્યારે કહ્યું છે, આપ જે વાંચતા હતા તે ૬૦ નંબરનો નિર્ણય ક્રમાંક, હું એને પણ જોઇ ગયો છું. કોઇ વસ્તુ બહાર લિક થઇ કે નથી મૂક્યું એની સામે પ્રણાલિકાનો ભંગ થયો છે, એની સામે શિષ્ટાચારના પગલાં લેવા નહિ લેવા અમે એ બાબતે કંઇ વિવાદમાં પડવા માગતા નથી. અમારે એવું પણ નથી કહેવું કે આમાં પ્રીવિલેજ આવે છે, અમારું માત્ર એટલું જ કહેવું છે કે ભૂતકાળના માનનીય બે અધ્યક્ષશ્રીઓએ એક ૧૯૭૦માં અને બીજું આ રૂલીંગમાં અમને રક્ષણ આપીને કહ્યું છે આપ સૂચનાત્મક એવી તો સૂચના આપી શકોને સાહેબ, આપે ભૂતકાળમાં નાણાં મંત્રીશ્રી તરીકે સ્વીકાર્યું હતું અને

અમલ પણ કરવાનો પ્રયત્ન કર્યો હતો કે અઠવાડિયામાં સી.એ.જી.નો રિપોર્ટ બજેટ રજૂ થયા પછી અમને મળે આમાં ઇગો ક્યાં આવે છે એ મને સમજાતું નથી.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, થઇ ગઇને તમારી ચર્ચા? હવે..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપને લેખિતમાં વિનંતી કરેલી કે, આ સત્રમાં સી.એ.જી.નો રિપોર્ટ વહેલા મૂકાય તો સારું. હું માનું છું ત્યાં સુધી ચર્ચા માટે મેજ ઉપર પેપર્સ મૂકવામાં આવતા હોય છે, આની ચર્ચા અમારે ક્યારે કરવાની? ટેકનીકલ આપ ભૂલી જાઓ કે આ પક્ષ કે પેલો પક્ષ, હકીકતમાં સી.એ.જી.ના રિપોર્ટનું જો સરકાર પણ મહત્વ સમજતી હોય અને એની ચર્ચા પ્રમાણિકતાથી થવી જોઇએ તો ચર્ચા હવે થવાનો સવાલ જ નથી. તો શા માટે એ છૂપાવવાની કોશિશ કેમ થાય છે? પહેલાં અઠવાડિયામાં કેમ ન મૂકાય? માટે અમે આપનું રક્ષણ માંગીએ છીએ.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હું સમજું છું. જે કંઇ આની અંદર ટેબલ ઉપર મૂકાય એ બધા બોર્ડ નિગમના અહેવાલો પણ હોય છે એની ચર્ચા માટે પણ વાત કરી છે, આની અંદર સી.એ.જી.નો જે રિપોર્ટ મૂકાય, આ જે રિપોર્ટ મૂકાય એ જાહેર હિસાબ સમિતિને સોંપવામાં આવે છે, હાઉસે એની ચર્ચા કરવાની હોતી નથી, કમિટીની અંદર એની ચર્ચા થાય અને પછી કમિટી એનો આખરી રિપોર્ટ આપે છે. આપે જે કહ્યુંને કે ૨૬ માર્ચ ૨૦૦૮ના દિવસની કામકાજની યાદી એના ઉપર આપેલો નિર્ણય છે અને ૨૦૦૮ પછી તારીખ ૨૮-૩-૨૦૧૨ના રોજ સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઇ સંઘાણીએ ભારતના બંધારણની અને એની જે વાત કરી છે એટલે આ નિર્ણય છે એ તારીખ ૨૮-૩-૨૦૧૨નો છે અને એમાં માનનીય અધ્યક્ષશ્રીએ મુલતવી રાખેલા નિર્ણય આપતા જણાવ્યું કે, સી.એ.જી.ના અહેવાલો ભારતના બંધારણના અનુચ્છેદ ૧૫૧ની જોગવાઇ મુજબ રાજ્યપાલને રજૂ કરવામાં આવે છે અને રાજ્યપાલ તે અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની કાર્યવાહી કરાવે છે, સુપ્રસ્થાપિત થયેલ સંસદીય પ્રણાલિઓ અનુસાર સી.એ.જી.ના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂકાય કે તરત જ ગૃહની જાહેર હિસાબ સમિતિને સોંપાયેલા ગણાય છે. અને તેના ઉપર આ સમિતિ ચર્ચા-વિચારણા કરી તેનો અહેવાલ સભાગૃહને રજૂ કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સી.એ.જી.ના અહેવાલો ઉપર ગૃહમાં ચર્ચા થતી નથી. પૂરોગામી અધ્યક્ષનો નિર્ણય સૂચનાના ભાગરૂપે છે બંધારણ કે વિધાનસભાના નિયમ હેઠળ સી.એ.જી.ના અહેવાલો ચોક્કસ કેટલા સમયમાં ગૃહના મેજ ઉપર મૂકવા તે અંગે કોઇ જોગવાઇ નહીં હોવાથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી એટલે દિલીપભાઇ પટેલે ઉપસ્થિત કરાયેલા મુદ્દાનો સ્વીકાર કરી અહેવાલો વિલંબથી ગૃહ સમક્ષ મૂકવામાં કોઇ નિયમ કે સંસદીય પ્રણાલિકાનો ભંગ થતો નથી એમ જણાવ્યું. આ ત્યાર પછી તા. ૨૮-૩-૧૨નો છે અને આપે કહ્યું તે તા. ૨૬મી માર્ચ,૨૦૦૮નો છે એટલે મેં આપેલો નિર્ણય એ બરાબર યોગ્ય છે. (અંતરાય)

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત સરકારના સન ૨૦૧૨-૧૩ના વર્ષના નાણાકીય હિસાબો(અંગ્રેજી તથા ગુજરાતી)

શ્રી સૌરભભાઇ પટેલ **(** નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું

(ક) ગુજરાત સરકારના સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) ( અંગ્રેજી તથા ગુજરાતી )

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી )

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી )

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી )ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રી : તમારી જગ્યાએ બેસી જાઓ પ્લીઝ, ભાઇ, તમામ સભ્યશ્રીઓને વિનંતી આપની જગ્યાએ બેસો અને સભાગૃહનું કામ ચાલવા દો. આપે પોઇન્ટ ઓફ ઓર્ડર લીધો એનો મેં ચુકાદો પણ આપેલો છે (અંતરાય) એટલે આવી રીતે કાર્ડ બતાવાય નહીં. બધા પોતાના કાર્ડ નીચે રાખી દો, કોઇ સવાલ નથી. તમે કાર્ડ નીચે રાખો નહીંતર મારે આ અશિસ્ત માટે પગલાં લેવા પડે તે વાજબી વાત નથી. (અંતરાય) અહીં અત્યારે મોંઘવારીનો મુદ્દો જ નથી તેની ચર્ચા આટલા દિવસ સુધી તમે ખૂબ કરી. કોઇ સવાલ નથી ભાઇ, તમે ખાલી ઊભા રહ્યા હોત તો ના કહેત પણ તમે હાથમાં પ્લે કાર્ડ લઇને ઊભા છો અને તે તમે અંદરથી લઇ આવ્યા છો એટલે સ્પેસિફિક ઇરાદા સાથે આ તમે જે કૃત્ય કરો છો તે કોઇ રીતે વાજબી નથી. તમામ તમારા આ દેખાવના પ્લે કાર્ડ છે, કાગળો છે તે તમે નીચે રાખી દો નહીંતર મારે પગલાં લેવાં પડશે. (અંતરાય ) તમને શું છે? તમે નીચે બેસોને પ્લીઝ. ભાઇ, (અંતરાય ) આ ગળામાં હાર પહેરીને તમે આવ્યા છો? આ પ્રદર્શન કરવું તે કોઇ રીતે વાજબી નથી. હું આ ઊભા રહેલા તમામ સભ્યો, માનનીય શંકરસિંહજી અને શકિતસિંહજી સિવાય તમામને આજના દિવસ માટે સસ્પેન્ડ કરું છું. પ્લીઝ, તેમને નીકળી જવા દો. માનનીય તમામ સભ્યશ્રીઓને હું સસ્પેન્ડ કરું છું આપ મહેરબાની કરીને બહાર નીકળી જાઓ. (અંતરાય) (આ તબક્કે કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ ગૃહ છોડીને બહાર નીકળી ગયા) મેં જે બે બેઠેલા હતા તેમને બાદ કર્યા છે. (આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યાં. ) પ્લીઝ શાંતિ રાખો, તે જાય છે તેમાં તમને કોઇને નડે છે. તમે શાંતિ રાખો. કોઇનું ઈરીટેશન કરોમાં..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર માનું છું કે, આ સત્રમાં બહુ સારી રીતે આપે સંચાલન કરીને આખા ગુજરાતને બહુ સારો એવો દાખલો પૂરો પાડ્યો છે. ટેકનીકલી મારે પણ જવું પડશે એટલે વિપક્ષના નેતા તરીકે આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : એ તો મારું કર્તવ્ય અને ફરજ છે છતાં પણ આપને કહું છું કે, કાયદાકીય બાબતમાં તમે ગમે ત્યારે આવી શકો છો, જે કંઇ પણ ભૂલ રહી ગઇ હોય એ પણ ભવિષ્યમાં સુધારવાનો પૂરેપૂરો ચાન્સ છે. ન હોય તો સરકાર પક્ષના વકીલ અને આપના જે હોય એ, એ બંને વચ્ચે જે રીતે જે હશે એ, પણ મારું કામ કાયદા મુજબ વર્તવાનું છે. આ પક્ષ કે આ પક્ષ કોઇ મારા મતે મોટો નથી કે કોઇ નાનો નથી. તમામ સમકક્ષ છો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : છેલ્લો દિવસ છે આપનો આભાર.

( આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી પણ સભાગૃહની બહાર ગયા.)

અધ્યક્ષશ્રી: કોણ બોલ્યું એ? પ્લીઝ, ધ્યાન રાખો. જેને બહાર જવાનો શોખ હોય એ જ બોલજો. મર્યાદા ઓળંગવાની કોઇએ જરૂર નથી.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો (ક્રમશઃ)

ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ કંપનીનો

વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ફાઉન્ડેશન ફોર મેન્ટલ હેલ્થ એન્ડ એલાઇડ સાયન્સીસ કંપનીનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ

અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા (સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

બાયસેગ સેટેલાઇટ કોમ્યુનીકેશન કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ.ચુડાસમા ( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બાયસેગ સેટેલાઇટ કોમ્યુનીકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૨–૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાયનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન(ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૨–૨૦૧૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રજનીકાન્ત સો. પટેલ(રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૨–૧૩ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ,ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત હાઉસિંગ બોર્ડના વાર્ષિક અહેવાલો

શ્રી નીતિનભાઈ ર. પટેલ (શહેરી ગૃહનિર્માણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૦-૧૧ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૧-૧૨ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અહેવાલો

શ્રી રમણલાલ વોરા(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના વાર્ષિક અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પ્રદૂષણ બોર્ડના અહેવાલો

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૦-૧૧ નો ઓડિટ અહેવાલ અને સન ૨૦૧૩-૨૦૧૪ નો વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૧૦-૨૦૧૧ નો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, વાર્ષિક અહેવાલ, અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૦-૧૧ નો ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન, વાર્ષિક હિસાબો તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ, વાર્ષિક હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૨-૨૦૧૩ નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત ગ્રામગૃહ નિર્માણ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રાજયકક્ષાના ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૨-૨૦૧૩ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, વાર્ષિક હિસાબો, અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

માર્ગ અને મકાન વિભાગની અધિસૂચના

શ્રી નીતિનભાઇ ર. પટેલ(માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને મકાન વિભાગની સન ૨૦૦૬ ના ગુજરાત પ્રોફેશનલ સિવિલ એન્જિનિયર્સ એકટ અન્વયેની તા. ૩૧-૦૫-૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક-ડબલ્યુબીપી/૧/૨૦૧૪/૧૦૨૦૦૬/૭/પાર્ટ-૪/સી સભાગૃહ ના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

શિક્ષણ વિભાગનું તા.૧૬-૭-૨૦૧૪ નું જાહેરનામું

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગના-સન ૨૦૦૭ ના ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ અન્વયેના તા. ૧૬-૭-૨૦૧૪ ના જાહેરનામા ક્રમાંક-જીએચ/એસએચ/૨૪/૨૦૧૪/પીવીએસ/૧૦૨૦૧૩/૨૮૦/એસ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો ઓડિટ અહેવાલ તથા નિવેદન

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્થાનિક ભંડોળ હિસાબ નિરીક્ષકનો સન ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૮૭૫૨ (અગ્રતાક્રમ-૫)ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૭-૭-૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાના "સાબરકાંઠા જિલ્લામાં વીજ પુરવઠા માટે ફીડરોનું વિભાજન" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૭૫૨ (અગ્રતાક્રમ-૫) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૭૦૦ (અગ્રતાક્રમ-૧૧) ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૭/૭/૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી અશોકકુમાર પટેલના "ગાંધીનગર જિલ્લામાં રૂર્બન પ્રોજેકટ હેઠળ ગટર યોજનામાં આવરી લીધેલ ગામો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૮૭૦૦ (અગ્રતાક્રમ-૧૧)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૧૩૩ ના અનુસંધાને વધારાની માહિતી**

શ્રી સૌરભભાઇ પટેલ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૪-૭-૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાના "સાબરકાંઠા જિલ્લામાં વીજ બિલના નાણાની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૧૩૩ (અગ્રતાક્રમ-૯) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૧૩૨ (અગ્રતા ક્રમ-૧૦)ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૧૪-૭-૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કેશુભાઇ નાકરાણીના ''ભાવનગર જિલ્લામાં વીજ બિલના નાણાની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૧૩૨ (અગ્રતા ક્રમ-૧૦)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૫૯૭ (અગ્રતા ક્રમ-૧૩)ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી નીતિનભાઇ ૨. પટેલ ( વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૩-૭-૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શંભુજી ઠાકોરના ''ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીનું

મંજૂર મહેકમ'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૫૯૭ (અગ્રતા ક્રમ–૧૩)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૫૮૮ (અગ્રતા ક્રમ–૧૬)ના અનુસંધાને વધારાની માહિતી

શ્રી નીતિનભાઈ ર. પટેલ ( વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૨૩–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી મોહનભાઈ ઢોડિયાના ''સુરત આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૫૮૮ (અગ્રતા ક્રમ–૧૬)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સરકારી વિધેયક**

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૨૪**

# ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૧૪

**સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ વિધેયક આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૨૪–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તેને પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧૭**

# ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૧૪

સન **૨૦૦૦ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

---

*વિધેયક તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪ના રોજ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી :વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૮

## ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ)(દ્વિતિય) વિધેયક, ૨૦૧૪

### સન ૨૦૦૧ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી :વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) (દ્વિતિય)વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૧૮-સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ)(દ્વિતિય) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

---

* વિધેયક તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

** વિધેયક તા. ૧૮મી જુલાઇ, ૨૦૧૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ)(દ્વિતિય) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૧૪નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (દ્વિતિય) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૯

# ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયક,૨૦૧૪

### સન ૨૦૦૨ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

શ્રી સૌરભભાઇ પટેલ **(**નાણામંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૧૯, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (તૃતિય) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

---

• વિધેયક તા. ૧૮મી જુલાઇ,૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૦**

**ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયક,૨૦૧૪**

**સન ૨૦૦૩ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.**

શ્રી સૌરભભાઇ પટેલ (નાણામંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા વિધેયક ક્રમાંક-૨૦, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૨૦, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૨૦, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧ દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૨૦, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક-૨૦, સન ૨૦૧૪ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) (ચતુર્થ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૩**

## ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૨૦૧૪

**ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્ય કક્ષાના માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૩ સન ૨૦૧૪નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૩ સન ૨૦૧૪નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

---

• વિધેયક તા. ૧૮મી જુલાઇ,૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

* વિધેયક તા.૧૮મી જુલાઇ ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રના ભાગ-ખમાં સૂચવેલ કરવેરાની દરખાસ્ત પૈકી એક દરખાસ્ત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિકાસના કામો હાથ ધરવા માટે કરવેરાના નવા સ્ત્રોત પેદા થાય એ માટે કેબલ ટી.વી. ઉપર હાલ રાજ્ય સરકાર કર ઉઘરાવે છે અને ઉઘરાવેલા નાણાં પોતાની પાસે રાખે છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આ કર સુપરત કરવાની આ દરખાસ્ત છે. અંદાજપત્રમાં કરેલી ભલામણોને કાયદાકીય સ્વરૂપ આપવા માટે ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૨૦૧૪ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરવાના કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આવકમાં આશરે આઠથી નવ કરોડ રૂપિયા જેટલી રકમમાં વધારો થશે. પહેલાં આ અધિનિયમ ૧૯૯૩માં દાખલ કરવામાં આવ્યો હતો અને પહેલાં શહેરી વિસ્તારોમાં રૂ.૧૨૦/- અને ગ્રામિણ વિસ્તારોમાં કનેક્શન દીઠ રૂ.૬૦/-નો દર રાખવામાં આવ્યો હતો. ૧૯૯૫માં એની અંદર ૫૦ ટકા જેટલો ઘટાડો કર્યો છે. એના કારણે આ દર અનુક્રમે રૂ.૭૨/- અને રૂ.૩૬/- થયો હતો. ૧૯૯૭માં ગ્રામ્ય વિસ્તારને એમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપી હતી અને શહેરી વિસ્તારમાં રૂ.૭૨/- અને શહેરી વિસ્તારની પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા વિસ્તારો માટે આ કર રૂ.૩૬/- રાખવામાં આવ્યો હતો. ૧૯૯૭ પછી આ દરની અંદર કોઇપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. ગયા વર્ષે ૨૦૧૩-૧૪માં આ કર દ્વારા રાજ્ય સરકારને રૂ.૮.૭૯ કરોડની આવક પ્રાપ્ત થઇ હતી. એટલે હવે આ સુધારો લાવવાથી આ આવક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને થશે. જેના કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પોતાના વિકાસના કામોમાં આ રકમ વાપરી શકશે. આ ફેરફારને પરિણામે ગત વર્ષની આવકના જો અંદાજો બાંધીએ તો અમદાવાદ મહાનગરપાલિકાને રૂ.૧.૨૦ કરોડનો ફાયદો થશે, સુરતને રૂ.૧.૮૫ કરોડનો, રાજકોટને રૂ.૬૭/- લાખનો, વડોદરાને રૂ.૬૧/- લાખનો, જામનગરને રૂ.૩૨/- લાખનો, ભાવનગરને રૂ.૨૫/- લાખનો, જૂનાગઢને રૂ.૧૮/- લાખનો અને ગાંધીનગરને રૂ.૩.૬૨ લાખ જેટલો ફાયદો થશે. આ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પોતે એનો કર ઉઘરાવીને પોતાના વિકાસના કામોની અંદર વાપરી શકે એ પ્રકારનું સુધારા વિધેયક લઇને હું આવ્યો છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૩ સન ૨૦૧૪નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ) : હું પ્રસ્તાવ રજૂ કરૂં છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૧૪નું ગુજરાત મનોરજંન કર (સુધારા) વિધેયક-૨૩નું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી: સને ૨૦૧૪નું વિધેયક ક્રમાંકઃ૨૩-સન ૨૦૧૪નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૨

## ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયક, ૨૦૧૪

### ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (મહેસૂલ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સને ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ૨૨- સન ૨૦૧૪નું ગુજરાત સ્ટેમ્પ(સુધારા) વિધેયકને હું આપની

* વિધેયક ૧૮મી જુલાઇ, ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૨–સન ૨૦૧૪નું ગુજરાત સ્ટેમ્પ( સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૨–સન ૨૦૧૪નું ગુજરાત સ્ટેમ્પ( સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧ દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૨–સન ૨૦૧૪નું ગુજરાત સ્ટેમ્પ ( સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **:** સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંકઃ ૨૨–સન ૨૦૧૪નું ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

## સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૧

# ગુજરાત મોટર વાહન (ઉતારૂ વેરા) (સુધારા) વિધેયક, ૨૦૧૪

## ગુજરાત મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઈ ર. પટેલ (વાહન વ્યવહાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા વિધેયક ક્રમાંકઃ ૨૧ –સન ૨૦૧૪નું ગુજરાત મોટર વાહન (ઉતારૂ વેરા) (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૨૧–સન ૨૦૧૪ના મોટર વાહન (ઉતારૂ વેરા) (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ માનનીય આનંદીબેન પટેલના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકાર એ હંમેશાં ગુજરાતની પ્રજાના નાના મોટા પ્રશ્નોના નિરાકરણ માટે ગુજરાતની પ્રજાનો સર્વાંગી વિકાસ થાય, ગુજરાતની પ્રજાને દરેક રીતની સગવડો મળે, ગુજરાતની પ્રજાને બધી જ રીતની મદદ સરકાર તરફથી જેટલી શક્ય હોય એટલી કરવા માટે સતત પ્રયત્નશીલ રહી છે. ગુજરાત રાજ્યમાં લાખો નાગરિકો જે આપણી એસ.ટી. બસ, જેને ખાલી એસ.ટી. કહીએ તો પણ નાનામાં નાનું બાળક કે વડિલમાં વડિલ વૃદ્ધ પણ સમજી જાય કે આ ગુજરાત સરકારની માર્ગ વાહન વ્યવહાર નિગમની એસ.ટી. બસની વાત કરે છે, એવી એસ.ટી.ની લોકપ્રિયતા આપણે બધા જાણીએ છીએ. ગુજરાત સુખી થયું, સમૃદ્ધ થયું, વિકાસ થયો એની સાથે સાથે લાખો નાગરિકો પોતાના વેપાર ધંધા, સામાજિક, આર્થિક, ધાર્મિક પ્રવૃત્તિઓ માટે સતત મુસાફરી કરતા હોય છે. ગુજરાતમાં ૭ લાખ જેટલા વિદ્યાર્થીઓ એસ.ટી. બસની સેવાઓનો શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ માટે લાભ મેળવતા હોય છે. આવા પેસેન્જરો અને તમામ મુસાફરોને અમારી એસ.ટી. નિગમની લગભગ ૮ હજાર જેટલી બસો દ્વારા લાખો કિલોમિટરની દરરોજની મુસાફરી દ્વારા આપણે મુસાફરી કરાવીએ છીએ, ત્યારે સ્વાભાવિક છે કે મોંઘવારી વિશે કોઇ હારડા પહેરીને વાતો કરે, મોંઘવારી વિશે કોઇ ગળામાં જાતજાતના આભુષણો પહેરીને વાતો કરે અને ફકત દેખાવો

---

* વિધેયક તાઃ ૧૮મી જુલાઇ, ૨૦૧૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરે એવું નહીં પણ પ્રજાને, મુસાફરોને સતત મદદરૂપ થવાની ભાવના રૂપે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અમે જ્યારે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ બજેટ બનાવતા હતા ત્યારે સરકારમાં, ગુજરાતની એસ.ટી. બસમાં જે લાખો મુસાફરો દરરોજ મુસાફરી કરે છે એમને ટિકીટ ઉપર ૧૭.૫ ટકા પેસેન્જર ટેક્સ લાગતો હતો. જુદા જુદા કારણોસર ડિઝલના ભાવો વધ્યા, એસ.ટી.માં વપરાતા સ્પેર-પાર્ટસ જેવા કે ટાયર-ટ્યૂબનો ખર્ચ વધ્યો, બસના બોડી અને ચેસીસ મોંઘા થયા, કર્મચારીઓ, ડ્રાયવરો-કન્ડકટરોનો પગાર ખર્ચ મોટા પ્રમાણમાં વધ્યો, આ બધું વધ્યું હોવા છતાં પેસેન્જરોને એસ.ટી. દ્વારા કેવી રીતે મદદરૂપ થઇ શકાય એની જ્યારે અમે ચર્ચા કરી ત્યારે અમારા વાહન વ્યવહાર વિભાગે માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અમે દરખાસ્ત કરી કે એસ.ટી.માં દરરોજ જે ૨૮ લાખ કિલોમિટરનું સંચાલન કરીને અમારું એસ.ટી. નિગમ દર વર્ષે ૨૮૦૦ કરોડ રૂપિયાનું જે ટર્નઓવર ધરાવે છે એના મુસાફરો મધ્યમવર્ગના અને મોટાભાગે ગરીબ વર્ગના લોકો જ્યારે આ એસ.ટી.ની બસનો આખા ગુજરાતમાં ઉપયોગ કરતા હોય તો આપણે કેવી રીતે મદદરૂપ થઇ શકીએ અને એ ચર્ચા-વિચારણામાં અમે નક્કી કર્યું કે ૧૭.૫ ટકા જે પેસેન્જર ટેક્સ છે એમાં રાજ્ય સરકાર ઘટાડો કરે અને ૧૦ ટકા જેટલો માતબર ઘટાડો કરી ૧૭.૫ ટકાના બદલે હવે ફક્ત ૭.૫ ટકા પેસેન્જર ટેક્સ લેવાશે અને ૧૦ ટકા પેસેન્જર ટેક્સ રાજ્ય સરકાર પોતે જે ટિકીટોની ઉપર પેસેન્જર વેરો લેતી હતી અને ભૂતકાળમાં કોંગ્રેસ પક્ષની સરકાર હતી ત્યારે પણ આ ટેક્સ લેવાતો હતો અને અત્યારે પણ લેવાય છે. આપણી સરકારે નક્કી કર્યું કે આવા મધ્યમવર્ગને, લાખો નાગરિકોને આપણે મદદરૂપ થઇએ. સરકારે નાણામંત્રીશ્રીના પ્રવચનમાં એનો ઉલ્લેખ કરેલો કે ૧૭.૫ ટકાના બદલે ૧૦ ટકા ઘટાડો કરી હવે ૭.૫ ટકા જ ટેક્સ લેવો. સાડા સાત ટકા જ ટેકસ લેવો એનો સુધારો બિલમાં રજૂ કરવાનું આ સાહેબ અમે આ બિલમાં જોગવાઇ કરી છે. રાજ્ય સરકાર કેટલી મોટી આવક જતી કરે છે એ પણ મારે માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી જે ટેકસ લેતા હતા એની દર વર્ષે ૨૭૦ કરોડ રૂપિયા આ સાડા સત્તર ટકા ટેકસ લઇએ તો રાજ્ય સરકારને ૨૭૦ કરોડ રૂપિયાની આવક થતી હતી અને હવે આ આપણે જે માફી આપીએ છે એના કારણે લગભગ ૧૫૦ કરોડ રૂપિયાનો ગુજરાતના પેસેન્જરોને આપણે ટેકસ માફીનો લાભ જ્યારે આપીએ છીએ ત્યારે આ કામ સાહેબ ગુજરાતની ભારતીય જનતા પક્ષની મુખ્યમંત્રી માનનીય આનંદીબેનના નેતૃત્વવાળી સરકાર તરફથી ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગના અને જેટલા નાગરિકો અમારી એસ.ટી. સેવાનો લાભ લે છે એ તમામને અમે નોટિફિકેશન કરી, વિધાનસભા મંજૂર કરે અને તરતજ નોટિફિકેશન કરી અને સીધો  સાહેબ, અમે નિર્ણય કર્યો છે કે કોઇ જગ્યાએ અમે મજરે નહિ લેવાના. જેટલો ટેકસ સરકાર ઘટાડે એ બધો જ ટેકસ સીધેસીધો પેસેન્જરની ટિકિટમાં મજરે લાભ આપવાનો, એટલે કેવી રીતે લાભ થશે? થોડા દાખલા આપીને મારી વાત પૂરી કરું.

માનનીય અધ્યક્ષશ્રી, દા.ત. અમદાવાદથી વડોદરા એક્સપ્રેસ બસમાં જે મુસાફરો જતા હતા ૧૧૪ કિલોમિટરનું અંતર છે. અત્યારનું ભાડું ૯૭ રૂપિયા થતું હતું. હવે એમાં ૮ રૂપિયા ઘટાડો થશે અને ૮૯ રૂપિયા થાય. કોઇ લગ્ન પ્રસંગે ગયું હોય, કોઇ સામુહિક ધાર્મિક પ્રસંગ હોય અને આખો પરિવાર મુસાફરી કરતો હોય તો સેંકડો રૂપિયાનો આવવા-જવાની મુસાફરીમાં ફાયદો થશે. અમદાવાદથી પાલનપુર લોકલ બસમાં જે મુસાફરીએ જતા હતા એમેને ૭૯ રૂપિયા ભાડું થતું હતું. હવે એમાં ૭ રૂપિયા પેસેન્જર દીઠ ઘટાડો કરવામાં આવશે અને મુસાફરોને લાભ થશે. એવી રીતે માનનીય અધ્યક્ષશ્રી અમદાવાદથી ગોધરા ૧૩૬ કિલોમિટર થાય, ૧૦૮ રૂપિયા એક્સપ્રેસ બસનું ભાડું થતું હતું એ ૯૯ રૂપિયા થશે. એટલે એમાં ૯ રૂપિયાનો ઘટાડો થશે. અમરેલી અને સુરતનો બહુ મોટો વ્યવહાર છે. અમરેલીથી સુરતનું અંતર ૪૯૬ કિલોમિટર થાય છે. એક ટિકિટનો એક્સપ્રેસનો દર ૨૫૦ રૂપિયા હતો. હવે ૨૨૯ રૂપિયા થશે એટલે એક પેસેન્જર દીઠ અમરેલીથી સુરત જનાર પેસેન્જરને ૨૧ રૂપિયાનો ફાયદો થશે. એવી રીતે કચ્છ હોય, સોમનાથથી અમદાવાદ શ્રાવણ મહિનો ચાલુ થાય છે હજારો લોકો ભગવાનના દર્શન કરવા માટે આખા ગુજરાતમાંથી જવાના છે તો અમદાવાદથી સોમનાથ ૪૨૮ કિલોમિટર થાય એનું એક્સપ્રેસનું ભાડું ૨૨૬ રૂપિયા હતું હવે ૨૦૭ રૂપિયા થશે. એટલે એક પેસેન્જર દીઠ એમાં પણ ૧૯ રૂપિયાનો ઘટાડો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજીથી ઉંમરગામ અંબાજી આપણું યાત્રાનું પવિત્ર સ્થળ છે તો એના ૬૨૨ કિલોમિટર એક ગુજરાતનો દક્ષિણનો છેડો અને ગુજરાતનો ઉત્તરનો છેડો, એવી રીતે અંબાજીથી ઉંમરગામ ૬૨૨ કિલોમિટરની મુસાફરી એક્સપ્રેસનું ભાડું ૨૯૯ રૂપિયા હતું એમાં ૨૫ રૂપિયા સીધો ઘટાડો થશે અને ૨૭૪ રૂપિયા એનું ભાડું થશે. એમ માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતના તમામ મુસાફરોને આ ૧૦ ટકાનો લાભ આપણે તાત્કાલિક નોટિફિકેશન બહાર પાડી વહેલામાં વહેલી તકે મુસાફરોને મળે એવું કરીશું.એટલે માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, ભલે બીજા મોંઘવારીની વાતો કરી, જુદા જુદા દેખાવો કરીને ગળામાં હારડાં પહેરીને જતા રહેતા હોય તો અહીં બેઠેલા સભ્યો તેને સમર્થન આપે એવી મારી સૌને વિનંતી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષ સાહેબ, માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ, આ જે સુધારા બિલ લઇને આવ્યાં છે એને હું મારું સમર્થન આપું છું અને ટૂંકમાં મારી વાત રજૂ કરું છું. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ.. ૧૬ વિભાગો દ્વારા, ૧૨૫ ડેપો દ્વારા, ૪૯,૯૭૨ કર્મચારીઓ દ્વારા, ૭,૯૧૪ વાહનો દ્વારા, ૬,૧૧૮ શિડ્યુલ દ્વારા, ૧૪,૪૮૪ રૂટો દ્વારા, ૪૪,૪૦૦ ટ્રીપો દ્વારા, દૈનિક૧૮ લાખ કિલો મિટરના સંચાલન દ્વારા, રાજ્યના ૧૮,૧૮૬ ગામડાઓને આવરી લઇ રોજના ૨૩ લાખ જેટલા મુસાફરોને સેવા પૂરી પાડે છે. આ બિલના અમલીકરણથી ગુજરાત રાજ્યના ૧૮,૧૮૬ ગામો અને ૨૩ લાખ મુસાફરોને સીધો ફાયદો થશે. ટૂંકમાં આ બિલ અંગે કહેવું હોય તો એટલું જ કહી શકાય કે, આ સરકાર દેતી હૈં તો છપ્પર ફાડકે દેતી હૈં. વાત વામન છે પણ ફાયદો વિરાટ છે એવું આ બિલ છે. આ બિલની વાત નથી પણ દીલની, દીલ જીતવાની વાત લઇને આદરણીય શ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે આવ્યા છે. આ બિલ રજૂ કરવા બદલ, આ બિલ લઇને આવવા બદલ ગુજરાતની છ કરોડની જનતા વતી આ રાજ્ય સરકાર, રાજ્યના મુખ્યમંત્રીશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ સરકાર પાસે અપેક્ષા રાખું છું કે, આગામી દિવસોમાં આવા દીલ જીતવાવાળા બિલ લાવતા રહેશો તો આગામી ૨૦૧૭ની સાલમાં ગુજરાત વિધાનસભામાં ૧૫૧ સીટો જીતતાં દુનિયાની કોઇ તાકાત આપણને રોકી નહીં શકે. જય જય ગરવી ગુજરાત.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ)) : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી જે આ બિલ લઇને આવ્યા છે, એ બિલને હું હ્દયપૂર્વક આવકારું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ લક્ષી બિલ અને સાડા સત્તર ટકામાંથી ભાડામાં દસ ટકા જેવો ઘટાડો એટલે કે, ઘટાડો પણ ૬૦ ટકાથી વધારે ઘટાડો કહેવાય એટલો મોટો ઘટાડો લઇ અને ગરીબો લક્ષી જે આ બિલ છે એમાં આ સુધારો કરીને જે લઇને આવ્યા છે એને આવકારું છું. સુવિધાના વધારા સાથે ટેક્સનો ઘટાડો એ આ સરકાર જ કરી શકે. હું યાદ કરાવું છું અગાઉ કે, આ ખખડધજ બસો અને ક્યાં આજની લકઝરી બસો, કયાં તૂટેલી ગાદીવાળી સીટો અને ક્યાં આજની પુશબેક સીટો, કયાં ખડ ખડ ખડ ખડ અવાજ કરતી બસો અને કયાં આજે એલ.સી.ડી., ટી.વી.વાળી મનોરંજન દર્શક બસો, ક્યાં હોર્ન વગરની, લાઇટ વગરની બસો અને ક્યાં આજની વોલ્વો બસો, ક્યાં ટિકીટ ખરીદીને પણ ટિકિટ વગર ભયમાં મુસાફરી કરતા મુસાફરો અને આજે ઇ–ટિકિટિંગથી ટિકિટ ખરીદે અને નિશ્ચિંત મુસાફરી કરતા મુસાફરો.

માનનીય અધ્યક્ષશ્રી, મને એવું યાદ છે કે, વરાળથી ચાલતા એન્જીનો જે છે ને રેલવેના એને એક જગ્યાએ પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે. તો આવી કોંગ્રેસના સમયમાં, અગાઉના પક્ષના સમયમાં જે આવી ખખડધજ બસો હતી. જેમાં કાચ નહતા, લાઇટ નહતી, પંખા નહતા, કાંઇ જ નહતું. એવી એકાદી બસ જો ક્યાંક પ્રદર્શનમાં મૂકવામાં આવે, તો આ લોકોને ખબર પડે કે એ લોકોના સમયમાં કેવી બસો હતી. એવી બસ પ્રદર્શનમાં મૂકવી જોઇએ એવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર દ્વારા ઘણી બધી પ્રક્રિયાઓ જે છે એ પ્રમાણિકતાથી કરી અને સરકારની તિજોરીને લાભ આપવામાં આવ્યો છે. અગાઉના સમયમાં કન્ડકટરો અને ડ્રાયવરોની ભરતીમાં જે ભ્રષ્ટાચાર થતો હતો અને લોકોના ખિસ્સા ભરાતા હતા અને સરકારની તિજોરી તળિયા ઝાટક થતી હતી એના બદલે આ સરકાર દ્વારા ડ્રાયવરોના જે ટેસ્ટ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવે છે, સેન્સર આધારિત

કોમ્પ્યુટરાઇઝ ઓટોમેટિક ડ્રાયવીંગ ટેસ્ટીંગ સિસ્ટમથી આ ભરતી કરવામાં આવે છે. ૨૦૧૩–૧૪માં ૧,૧૦૫ ડ્રાયવરોની ભરતી કરી છે અને કન્ડક્ટરોની જો વાત કરીએ તો ઓ.એમ.આર. સિસ્ટમ એટલે કે, ઓપ્ટિકલ માર્કસ રેકગ્નાઇઝ સિસ્ટમ દ્વારા આ કન્ડકટરોની ભરતી કરી છે એમાં ૧,૨૬૩ કન્ડકટરો અને મારે ગૌરવ સાથે કહેવું છે કે, એમાં ૫૧૬ મહિલા કન્ડકટરોની પણ ભરતી કરવામાં આવી છે.

આ સરકારે આ કામગીરી ભારત સરકારના રોડ એન્ડ હાઇ–વેના નેજા હેઠળ ચાલતા એસોશિએશન ઓફ સ્ટેટ ટ્રાન્સપોર્ટ, અન્ડર ટેકીંગ, નવી દિલ્હી દ્વારા માત્ર એક વર્ષ નહીં ૨૦૦૯–૧૦માં, ૨૦૧૦–૧૧માં અને ૨૦૧૧–૧૨માં રાષ્ટ્રીય એવોર્ડ આ નિગમ દ્વારા આ કામગીરીને કારણે મળ્યો છે. આવી ઉત્તમ કામગીરી કરતાં સાથે સાથે લોકોની સગવડ વધારતા અને સાથે સાથે આ ટેક્સમાં પણ ઘટાડો કરી ગરીબોના કામને, ગરીબોને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડવા, ગરીબોને દર્શનાર્થે પહોંચાડવા, પોતાના પરિવાર પાસે પહોંચાડવા માટે આ જે એક અદભૂત બિલ લઇ આવ્યા છે એને હું આવકારું છું અને સમર્થન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક – ૨૧નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧ દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિના વિરોધે વિધેયકનો ભાગ બની.**

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૨૧ નું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન –૨૦૧૪ના વિધેયક ક્રમાંક–૨૧નું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે.

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રિસેસ ન પાડીએ અને પ્રસ્તાવ હાથ પર લઇએ અને કાર્યવાહી ચાલુ રાખીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

મહિલા સશકિતકરણ અંગે

શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સશકિતકરણના મૂળ આપણી ભારતીય સંસ્કૃતિમાં રહેલા છે અને આપણા વૈદિક સાહિત્યમાં પણ મહિલાઓને સન્માનભર્યું સ્થાન આપવામાં આવ્યું છે. વેદની ઋચાઓમાં લોપામુદ્રા, મૈત્રેયી અને ગાર્ગી વગેરે સમર્થ સ્ત્રીઓનો સન્માનજનક ઉલ્લેખ એ હકીકતની પ્રતીતિ કરાવે છે કે મહિલા પ્રત્યેનો તિરસ્કાર આપણા ભારતીય સમાજ જીવનમાં સ્વીકૃત હતો જ નહિ પરંતુ કાળક્રમે આપણા સામાજિક મૂલ્યોનું ધોવાણ થયું અને સમાજમાં મહિલાનું સ્થાન નીચું ઉતરતું ગયું. જેના પરિણામે મધ્યકાલીન ભારતમાં સતીપ્રથા, દહેજ તેમજ મહિલા પ્રત્યે વિવિધ સ્વરૂપના ભેદભાવો વધતા જવાથી સમાજની તંદુરસ્તી પર તેની અવળી અસર થવા લાગી. આ પરિસ્થિતિમાં સામાજિક સુધારકોએ સમાજ જીવનમાં મહિલાઓનું સ્થાન યોગ્ય રીતે પુનઃ સ્થાપિત થાય તે માટે પ્રયાસો હાથ ધર્યા અને સ્વાતંત્ર પ્રાપ્તિ બાદ આપણા દેશના બંધારણમાં પણ સ્ત્રી–પુરુષ વચ્ચે સમાનતાની જોગવાઇ કરવામાં આવી છે. હવે એકવીસમી સદીમાં સૌથી વધુ ચર્ચાતો જો કોઇ વિષય હોય તો તે સ્ત્રી સશકિતકરણનો છે અને આ વિષયે સમગ્ર વિશ્વમાં વિશેષ ઝુંબેશનું સ્વરૂપ ધારણ કર્યું છે. રાજય સરકારે આ દિશામાં પહેલ કરીને સ્ત્રીઓના સર્વાંગી વિકાસ માટે અનેક પ્રયાસો હાથ ધર્યા છે. આ પ્રયાસો

સફળ બનાવવા માટે અનેકવિધ યોજનાઓ અને કાર્યક્રમોનો અમલ કરવામાં આવ્યો છે. મહિલાઓ સ્વમાનભેર સમાજમાં જીવી શકે તે માટે રાજય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણની દિશામાં અનેક નક્કર પગલાં લેવામાં આવ્યાં છે. રાજયમાં મહિલાઓનો સામાજિક, આર્થિક, રાજકીય તથા સરકારી સેવાઓના ક્ષેત્રોમાં સર્વાંગી વિકાસ થાય તેમજ સમાજમાં સ્ત્રી–પુરુષ સમન્યાય સ્થપાય તે માટે નારી ગૌરવ નીતિનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. રાજય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણની દિશામાં અનેકવિધ પગલાં ભરવામાં આવ્યાં છે. જેમાં મિશન મંગલમ યોજના, ગ્રામીણ સ્વસહાય જુથો, કન્યા કેળવણી, સખી–મંડળોની રચના વગેરે યોજનાઓના કારણે ગુજરાતની મહિલાઓ વધુ સ્વાવલંબી અને નીડર બની છે અને તેમનામાં નેતૃત્વના ગુણો ખીલ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સખી મંડળોની રચનાથી મહિલાઓની આર્થિક સમૃદ્ધિમાં પણ વધારો થયો છે અને તેમના ઉત્થાનની નવી ક્ષિતિજો ખૂલી છે. ખાસ કરીને મિશન મંગલમ્ યોજનાને કારણે મહિલાઓ આર્થિક રીતે પગભર બનતાં તેમનામાં સામાજિક પરિવર્તન આવ્યું છે. મહિલા સશક્તિકરણના કારણે સમાજના જુદા જુદા વર્ગોની મહિલાઓ વચ્ચે વધુ સમન્વય સધાતા જ્ઞાતિઓ વચ્ચેનું અંતર ઘટ્યું છે. સખી મડળો થકી ગરીબ બહેનોને સંગઠિત કરી તેમને આર્થિક, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક અને રાજકીય રીતે પગભર કરવા માટે રાજય સરકારે આયોજન કર્યુ છે. વિવિધ યોજનાઓથી બહેનોમાં જાગૃતિ વધશે અને સરકારની વિકાસલક્ષી યોજનાઓનો તેઓ લાભ મેળવી શકશે. મહિલાઓને વિવિધ પ્રકારની કૌશલ્યવર્ધક તાલીમ આપીને બેંકો પાસેથી નાણાકીય ધિરાણની સવલત આપીને તેમજ મહિલા જુથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે બજાર સાથે જોડી તેમને ગરીબીમાંથી બહાર લાવવાનો સરકારનો ઉદ્દેશ છે. વધુમાં વનબંધુ યોજના અંતર્ગત સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમને ૧૦૦ ટકા મહિલાલક્ષી કાર્યક્રમ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. રાજયમાં કાર્યરત ૨૬૧ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો દ્વારા સામાજિક, કૌટુંબિક અને કાયદાકીય માહિતી સાથે રોજગાર માટે મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવે છે તેમજ ગ્રામ્ય સેવા ક્ષેત્રોમાં રોજગારીની તકો ઊભી કરવા કૃષિ બાગાયત અને પશુપાલન ક્ષેત્રે પેદાશ વધારવા તથા મહિલાઓના જુથોને સ્વસહાય જુથોમાં સામેલ કરી, મહિલા સશક્તિકરણનો કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. મહિલાઓ માટે ૩૦ ટકા આરક્ષણ અને વયમર્યાદામાં ૫ વર્ષની છૂટછાટ આપી સરકારી નોકરીઓમાં તેમને અગ્રતા મળે તે માટે સરકારે સંનિષ્ઠ પ્રયાસ કર્યા છે. આમ મહિલાઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે મહિલા સશક્તિકરણનું જે કદમ ઉઠાવ્યું છે, તેને વધુ અસરકારક બનાવવા માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે તેવી વિનંતી સાથે હું આ પ્રસ્તાવ રજૂ કરું છું.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી સભ્ય શ્રી માનનીય વલ્લભભાઇ જે વુમન એમ્પાવરમેન્ટનો સંકલ્પ લઇને આવ્યા છે. ખરેખર મને બહુ ખુશી છે કે એક પુરુષ સભ્ય વુમન એમ્પાવરમેન્ટનો સંકલ્પ લઇને આવ્યા છે. એમને અભિનંદન આપું છું.

સમગ્ર વિશ્વની અંદર વુમન એમ્પાવરમેન્ટની વાતો થતી હોય છે અને વર્ષોથી થતી હોય છે.માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ જયારે શાસનધુરા સંભારી ત્યારે સૌથી પહેલાં જ મહિલાઓના વિકાસની ચિંતા કરી તથા મહિલા અને બાળ વિકાસનો અલગ વિભાગ ઊભો કર્યો. તેના મંત્રી તરીકે આજના આપણા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ બન્યા ત્યારે તેમણે અનેક યોજનાઓ મહિલાઓ માટેની મૂકી. ભાષણ કરવા, અલંકારિક ભાષાઓ વાપરવી તે અલગ વિષય છે. રીયલમાં રીયાલીટીમાં કામ કરવું તે બહુ મહત્વની વસ્તુ હોય છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા જે યોજનાઓ મૂકવામાં આવી તે યોજનાઓની વાત કરું તો સૌથી પહેલાં હું એમ કહીશ કે આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન વુમન એમ્પાવરમેન્ટનું એક જબરજસ્ત ઉદાહરણ છે અને પ્રેરણામૂર્તિ સમાન છે. તેમણે જે રીતે કામગીરી કરી છે, જે ધ્યેય લીધો છે કે વુમન એમ્પાવરમેન્ટ કરવું તથા તેના માટે જે રીતે આગળ વધી રહ્યા છે તેના માટે તેમનું ડેડીકેશન, ડીટરમીનેશન અને ડેરીંગ અને તેનાથી વધારે કહું તો પરિશ્રમની પરાકાષ્ઠા કહી શકીએ તેવી તેમની મહેનત છે તે બધાને

પ્રેરણા આપે તેવી છે. આપણે વાતો કરતા હોઇએ છીએ જેન્ડર ઇકવાલીટીની. જેન્ડર ઇકવાલીટી બોલવું ખૂબ સારું લાગે છે. એમ પણ આપણે કહીએ કે મેન એન્ડ વુમન આર ઇકવલ પાર્ટનર ઓફ ધી લાઇફ એન્ડ ધે આર કોમ્પ્લીમેન્ટરી એન્ડ સપ્લીમેન્ટરી. ભાષણમાં ખૂબ સારુ લાગે છે પણ વાસ્તવિક મૂકવું તે કેટલું બધું અઘરું હોય છે. આ રાજય સરકારમાં મહિલા મુખ્યમંત્રી આપણને મળ્યા અને જે બજેટ રજૂ થયું તેને જેન્ડર બજેટ કહેવાય. જેમાં ૭૨ જેટલી યોજનાઓ મહિલાઓ માટે મૂકવામાં આવી.

મહિલા અને બાળ વિકાસ વિભાગે ખૂબ યોજનાઓ મૂકી. લગભગ ૬૮ જેવી યોજનાઓ છે. મુખ્ય યોજનાઓની વાત કરું તો મહિલાઓ માટે નારી ગૌરવ નીતિ બનાવવામાં આવી. આ નારી ગૌરવ નીતિની અંદર મહિલાઓ સ્વમાનભેર જીવી શકે તેના માટે યોજનાઓ મૂકી છે, તેને તેમના અધિકારો પ્રાપ્ત થાય અને તેમના અધિકારોનું રક્ષણ થાય, તેની સુરક્ષા થાય તેના માટેની અનેક યોજનાઓ મૂકવામાં આવી. નારી અદાલતો બનાવવામાં આવી. રાજયમાં ૧૪૨ જેટલી નારી અદાલતો, ૫૦ આપણે નવી બનાવવાના છીએ. ૧૦૨ થઇ ગઇ છે. તે નારી અદાલતોમાં જઇ બહેનો, પીડિત મહિલા હોય તે પોતાની વાત પરિવાર સાથે બેસી તાલીમબદ્ધ કાઉન્સિલર હોય તેની સાથે બેસી પોલીસની મદદ લઇને બિનખર્ચાળ પદ્ધતિથી તેમને તેમાં ન્યાય મળી શકે છે. તેનું કાઉન્સિલીંગ થઇ શકે છે. તેનો સુલેહ થઇ શકે છે.

તેવી જ રીતે મહિલા આયોગની ૨૦૦૨માં રચના કરવામાં આવી. આ મહિલા આયોગ દ્વારા અનેક મહિલાઓને આપણે સુરક્ષા આપી છે. તેમાં અનેક કાયદા બન્યા અને તેમાં સમય પ્રમાણે ફેરફારો પણ થયા છે. આ કાયદાઓનું અમલીકરણ અને મહિલાઓને તેમના અધિકારો મળે તેવું થઇ શકતું ન હતું. એટલા માટે પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ બનાવવામાં આવ્યો. આ સુરક્ષા સેતુની અંદર અનેક યોજનાઓ મૂકવામાં આવી. મહિલાઓને સ્વરક્ષણ માટે તાલિમબદ્ધ કરવા માટે જુડો, કરાટે, માર્શલ તેવી એક્ટિવીટીની અંદર બે લાખ જેટલી મહિલાઓ અત્યારે તાલીમબદ્ધ થઇ ગઇ છે. ૧૮૧ની હેલ્પલાઇન મૂકવામાં આવી. તે ૧૮૧ હેલ્પલાઇન દ્વારા મહિલાઓ તાત્કાલિક મદદ લઇ શકે છે. જયારે કોઇપણ તકલીફ હોય ત્યારે સહાય અને માર્ગદર્શન મળે છે. પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સિસ્ટમ બનાવવામાં  આવી છે. આની અંદર મહિલાઓ પરિવાર અને પોલીસ સાથે બેસી તેમના બધા જ કામો, અત્યાચારો હોય તે દૂર થાય છે. બહેનો જયારે જોબ કરતી હોય છે ત્યારે તેને ઘણીબધી સમસ્યાઓ પરિવારની અંદર થતી હોય છે. આ રીતે પોલીસ બેઇઝડ સપોર્ટ સેન્ટર છે તેમાં મહિલાઓ જાય તો ઘીના ઠામમાં ઘી પડી જાય અને આરામથી તેનો ઘર સંસાર ચાલે, એટલે આવી અનેક યોજનાઓ મૂકી છે. મહિલાઓને સશક્ત બનાવવા માટે સબલા યોજના, કિશોરી યોજના આવી અનેક યોજનાઓ છે. ત્યારે માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના મારા સાથી સભ્યશ્રી આદરણીય વલ્લભભાઇ મહિલા સશક્તિકરણનો સંકલ્પ લઇને આવ્યા છે તેમાં સો ટકાથી પણ વધારે એટલે કે સવાયું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશની સંસ્કૃતિ કે ઇતિહાસનું આપણે અધ્યયન કરીએ તો આપણને જાણવા મળે છે કે તે સમયે મહિલાઓનું સ્થાન સમાજની અંદર સન્માનનીય એવમ્ પૂજનીય હતું. માનનીય અધ્યક્ષશ્રી, કાળક્રમે સામાજિક મૂલ્યોનું ધોવાણ થતું ગયું અને મહિલાઓનું સમાજમાં સ્થાન નીચે ઉતરતું ગયું. મોટા ભાગની મહિલા વર્ગને શિક્ષણથી વંચિત રહેવું પડ્યું અને તેને લીધે અનેક કૂપ્રથાનો ભોગ માત્રને માત્ર મહિલાઓ બની. આઝાદી પછી ઘણાં વર્ષો સુધી ગુજરાત રાજયમાં જેમનું શાસન હતું એમણે મહિલાઓ માટે યોજના બનાવી, મહિલા દિન આવે એટલે એકાદ કાર્યક્રમ ઉજવીને મહિલાઓ માટે બહુ મોટું કામ કર્યું છે એવો સંતોષ માનીને બેસી ગયા પરંતુ મહિલાઓ નિરક્ષર હતી તેને ભણાવવાની ક્યારેય દરકાર કરી નહીં. કુલ વસતિના જ્યારે ૫૦ ટકા મહિલાઓ હોય ત્યારે આ અવગણના કેવી રીતે ચલાવી શકાય? માનનીય અધ્યક્ષશ્રી, મારું માનવું છે કે મહિલા સમાજનું એક અભિન્ન અંગ છે. માત્ર મહિલાઓ માટે વાતો નહીં પરંતુ એનું જરૂરી સન્માન જળવાય તે માટે પણ અનેક પ્રયત્નો થવા જોઇએ.

મહિલા સશક્તિકરણ એટલે શું?  મહિલા સશક્તિકરણ એટલે મહિલાને તેના અધિકારોથી જાગૃત થવું, મહિલાઓ પોતાની જાતે સ્વતંત્ર નિર્ણય લઇ શકે અને મહિલાની અંદર જે ક્ષમતા રહેલી છે એને તકોની

અંદર વિક્સાવીને તેની ઉપલબ્ધિઓ પૂરી પાડવી એ સાચું મહિલાઓનું સશક્તિકરણ છે. ગુજરાત સરકારે મહિલા સશક્તિકરણના મહાયજ્ઞમાં શિક્ષણને ખૂબ મહત્વ આપ્યું છે. આ યુગના રાષ્ટ્ર પુરુષ અને આ દેશના વડા પ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ દિકરીને ભણાવવા માટે ભિક્ષા માગી, ભિક્ષા. માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણી રથ દ્વારા દિકરીઓને શોધી શોધીને કન્યાઓને શાળાઓ સુધી પહોંચાડી છે. આ દિકરીને જગત ઉપર અવતરવા દો, બેટી બચાવો, બેટી વધાવો, બેટી ભણાવો એ સાથે સમાજને જોડીને રાજય સરકારે ભગીરથ પુરુષાર્થ ઉપડ્યો અને એટલા માટે એક દશકાની અંદર નોંધપાત્ર મહિલા સાક્ષરતા દરમાં વધારો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ એના હિમાયતી છો અને આપના પ્રવચનમાં આપ સદાય બોલ્યા છો કે, "દિકરી ભણશે તો બે કુળ ઉજાળશેને સુસંસ્કૃત સમાજનું નિર્માણ થઇ શકશે."

માનનીય અધ્યક્ષશ્રી, સશક્ત નારી એ સમાજનું પ્રતિબિંબ છે ત્યારે મહિલા એ કોઇ વ્યક્તિ નથી મહિલા એક સંસ્થા છે અને મહિલા કુટુંબની ધરી સમાન છે ત્યારે જે રીતે કુદરત કાંઇ જ હોબાળો કર્યા વગર બધું આપણને આપે છે એજ રીતે મહિલા પણ મુંગા મોંઢે ઘરની અંદર દિવસ રાત કામ કરતી હોય છે ત્યારે આ રાજય સરકારે એજ કામને રચનાત્મક યોજનાઓ બનાવીને આજ મહિલાઓના ઉત્થાન માટે અને સશક્તિકરણ માટે અનેક યોજનાઓની સાથે જોડીને મહિલાઓને સામાર્થ્યવાન બનાવવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, "જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે" સાહેબ, આ પંક્તિ બહુ સાંભળી હતી પણ આજે સાચા અર્થની અંદર સાર્થક બની છે. મહિલાને ભણાવો, મહિલાને કામ આપો, એને સ્વાવલંબી બનાવો, સ્વનિર્ભર બનાવો તેમજ મહિલાઓને હક અને ન્યાય આપો એવા આગ્રહી અને સંસ્કારનું સિંચન કરનારા આ રાજયની ધૂરા સંભાળનારા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના વડપણ નીચે હજારો મહિલાઓ સશક્ત બની છે અને એટલે જ કહેવાનું મન થાય છે કે, આજે સોનામાં સુગંધ ભળી છે અને મહિલાઓ સ્વમાન અને સ્વાભિમાનનો સ્વાદ સાચા અર્થમાં અનુભવી રહી છે. આજે આપણા રાજયની ગ્રામ્ય અર્થ વ્યવસ્થા મહિલા કેન્દ્રી બની છે એનો મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દૂધ મંડળી હોય, સખી મંડળ હોય, પશુપાલનનો વ્યવસાય હોય કે પાણી સમિતિ હોય એમાં તમામમાં મહિલાઓને ભાગીદાર બનાવી છે આ અભુતપૂર્વ પગલાં માટે આ સરકારને હું અભિનંદન આપુ છું. રાજયનો શિક્ષણ વિભાગ હોય કે કૃષિ વિભાગ હોય, રાજયનો સહકાર વિભાગ હોય કે શ્રમ રોજગાર વિભાગ હોય, રાજયનો ગૃહ વિભાગ હોય કે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હોય એ તમામે તમામ વિભાગની અંદર મહિલાઓને સશક્ત કરવા માટે અનેક યોજનાઓ બનાવી અને મહિલા બે પૈસા વધુ કમાય અને સ્વાવલંબી બને એ પ્રકારે તેની ચિંતા કરવામાં આવી છે. આજે સત્રની અંતિમ બેઠકમાં આપણે બેઠા છીએ ત્યારે સત્ર દરમ્યાન વિપક્ષમાંથી એક પણ સભ્યશ્રીએ મહિલાઓના વિકાસ માટે આ સરકારમાં ઉત્તમ કામગીરી થઇ છે એવા વખાણ તો ઠીક પણ એવું એક પણ મહિલાઓ બાબતમાં સૂચન પણ નથી કર્યું એનું મને દુઃખ છે પણ સાહેબ એ દુઃખ હવે એટલે નથી લાગતું કે અમારા એકે હજારા એવા રાજ્યના માનનીય મુખ્યમંત્રી જ્યારે અમને મળ્યા છે અને મહિલા અને બાળ કલ્યાણનો વિભાગ અમારા વસુબેન જ્યારે સંભાળી રહ્યા છે ત્યારે મહિલાઓની સવિશેષ ચિંતા અને સવિશેષ લાભો મળવાના છે જેની મને ખાતરી છે, માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં જે થયું તે થયું, વિતેલો સમય કદી પાછો આવતો નથી પણ ભવિષ્ય આપણા હાથમાં છે ત્યારે એકવીસમી સદીની એક પણ મહિલા નિરક્ષર ન રહે અને એક પણ મહિલા પોતાની જાતને અસુરક્ષિત ન સમજે અને આ રીતે મહિલાઓના વિકાસ માટે મહિલા સશક્તિકરણ કરીને આ એકવીસમી સદીમાં નારીને ઉન્નત મસ્તકે જીવવાની આ રાજ્ય સરકારે તક આપી છે અને આ છેલ્લાં દિવસનો પ્રસ્તાવ લઇને માનનીય વલ્લભભાઇ જ્યારે આવ્યા છે ત્યારે તેમને મારું સંપૂર્ણ સમર્થન છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજનું આ જે સત્ર છે, આ તેરમી વિધાનસભાનું સત્ર છે એના છેલ્લાં દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે જેના વડા આ ગૃહના નેતા મહિલા તરીકે મુખ્યમંત્રી આનંદીબેન હોય અને એનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ સ્ત્રી સશક્તિકરણનો હોય અને એ પ્રસ્તાવ જ્યારે એક ભાઇ લઇને આવે ત્યારે અમારા બહેનોની છાતી ગજગજ ફુલે છે. અત્યારે એવું લાગે છે કે આ બજેટ સત્ર પછી મુખ્યમંત્રી આનંદીબેન એવી અપીલ કરતા હોય કે

**"ચાલો આજ બહના લગાવી દો લંગર, ચલાવી દો કસ્તી સમંદરની અંદર,**
**સલામત કિનારાના ભયને ત્યજી દો, તૂફાંને કહી દો કસી છે મેં કમર "**

આ રીતે મહિલાઓના માટે અપીલ કરી, મહિલાઓને ઉપર ઉઠાવવા અને મહિલાઓ માટે થઇને વિશિષ્ટ આયોજન, પ્રથમ મુખ્યમંત્રી, પ્રથમ બજેટ, એ પણ જેન્ડર બજેટ જ્યારે રજૂ થયેલ છે ત્યારે મારે જૂની કહેવતો યાદ કરાવડાવવી છે એવું કહેવાતું હતું કે "દીકરી સાપનો ભારો" પરંતુ અત્યારે આપણે બધા જ જાણીએ છીએ કે દીકરી સપનાનો ભારો છે, એની પાસે સપનાનો ભાર છે એટલા બધા સપનાઓ એની પાસે છે કે, ઘર આખાને એ સપનાઓ આપી શકે છે અને એ સપના સાકાર પણ કરે છે. મારે કહેવું છે કે Son is son till the wife, but daughter is daughter till the life.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિકાસની જો વાત કરીએ તો રાજ્યનો વિકાસ આર્થિક વિકાસ અને માનવ સૂચકાંકના આધારે નક્કી થતો હોય છે, આ માનવ સૂચકાંક નક્કી કરવા માટે પણ મહિલાઓના સશક્તિકરણ અને મહિલાઓના વિકાસનું ધ્યાન આપવાનું રહેતું હોય છે. ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે જો જોવામાં આવે તો કુલ વસતિના ૪૭.૯૦ ટકા મહિલાઓ આ રાજ્યની અંદર છે, એટલે કે ૨૮૯.૪૮ લાખ મહિલાઓ આ રાજ્યની અંદર છે. આ મહિલાઓ સ્વમાનભેર જીવી શકે, ગૌરવપૂર્ણ પોતાનું જીવન નિર્વાહ નિભાવી શકે એ માટેની અનેક યોજનાઓ આ બજેટની અંદર આપી છે અને સાથે સાથે ૨૦૧૪–૧૫ના બજેટની અંદર સ્ત્રી પુરુષની સમાનતા અને સશક્તિકરણની ભાવિ યોજનાઓને આ બજેટની અંદર સમાવેલ છે અને એની પૂર્તતા આખા વરસની અંદર પરિપૂર્ણ કરવામાં આવશે, એવો મને વિશ્વાસ છે આ જેન્ડર બજેટની અંદર જે વાત કરવામાં આવી છે એ માત્ર મહિલાલક્ષી જે વિભાગ છે એ જ નહિ પરંતુ આખી સરકાર આ બજેટની અંદર મહિલા સશક્તિકરણની પૂર્તતા માટે એને ફાળવેલા નાણાંનો ખર્ચ થાય, એની દેખરેખ રખાય, એનું મૂલ્યાંકન થાય એની પણ ચકાસણી રાખનાર છે અને આ સરકાર સમગ્ર રીતે આખા રાજ્યની મહિલાઓનો વિચાર કરનાર છે. ૨૦૧૪–૧૫નું જે બજેટ છે એને બે રીતે જેન્ડર બજેટમાં ફાળવવામાં આવેલ છે, "એ" એટલે કે એવી કેટેગરી કે જેની અંદર સો એ સો ટકા યોજનાઓ, સો એ સો ટકા લાભાર્થી મહિલાઓ છે અને "બી" કેટેગરી એટલે કે એવી યોજનાઓ કે જ્યાં ૩૦ ટકાથી ૯૯ ટકા મહિલાઓને લાભ મળે છે, સો ટકા મહિલાઓની જે યોજના છે એ એ કેટેગરીમાં એ ૮૭ જેટલી યોજનાઓના લાભાર્થી સો ટકા મહિલાઓ હોય એવી છે અને ૩૦ થી ૯૯ ટકા જે લાભ મળતો હોય તેવી યોજનાઓ ૪૦૮ છે એટલે કે કુલ ૪૯૫ યોજનાઓ આખા રાજ્યની અંદર મહિલાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. એટલે એ રીતે મહિલાનું જેન્ડર બજેટ એ સાર્થક થઇ રહ્યું છે. ૨૦૧૩–૧૪ના ખર્ચની જો વાત કરીએ તો ૧૪૯૮ કરોડ સો ટકા મહિલાઓના કામમાં વપરાયા છે, અને ૩૪૬૪ કરોડ રૂપિયા બી કેટેગરીમાં ૩૦ થી ૯૯ ટકામાં છે. ૨૦૧૪–૧૫ના જો આયોજનની વાત કરીએ તો ૧૦૮૦ કરોડ અને બી કેટેગરીમાં ૪૩૩૭ કરોડ એટલે કે કુલ ૪૫૨૫ કરોડનું આયોજન આ ૨૦૧૪–૧૫ માં થવાનું છે.

મારે એ યાદ કરાવવું છે કે આ રાષ્ટ્રની અંદર મહિલાઓના સશક્તિકરણની મેં ગઇકાલે પણ વાત કરી છે પણ મારે કહેવું છે કે, અનામત વગર પણ આ રાષ્ટ્રની અંદર વડાપ્રધાન પદ હોય, રાષ્ટ્રપતિ પદ હોય, સ્પીકર પદ હોય, વિપક્ષના નેતાનુ પદ હોય કે છથી વધુ રાજયોની અંદર મુખ્યમંત્રીનું પદ હોય આ બધાજ પદો અનામત વગર મહિલાઓએ પોતે સાર્થક રીતે આની ઉપર કામ કરી અને પોતાની સશકિતકરણ અને શકિત બતાવી છે, ત્યારે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી અને અત્યારના મુખ્યમંત્રી આનંદીબહેને આ રાજયની અંદર પોતાના સમયગાળાની અંદર ઘણી બધી યોજનાઓ એવી અગાઉ પણ કરેલી છે કે જેને કારણે અનામત વગર પણ ઘણી બધી મહિલાઓ આગળ આવેલી છે. અહીંના સભાગૃહની અંદર જોઇએ તો એની અંદર સંખ્યાઓ જે અગાઉ હતી તેના કરતા વધારવામાં આવી છે અને આ સરકારે ૫૦ ટકા સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં અનામતનું બિલ પણ પાસ કરીને મૂકેલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર જે male dominating એરિયા કહેવાય male dominating area કે જયાં પુરુષો જ મોટાભાગના હોય એવો male

d o mi n a t i n g a r e a એટલે ગૃહ વિભાગ. ગૃહ વિભાગની જો હું વાત કરું તો અત્યારે હાલમાં ગૃહ વિભાગમાં આઇ.જી.પી.તરીકે ૩ મહિલાઓ છે, એસ.પી.તરીકે ૫ મહિલાઓ છે, ડી.સી.પી.તરીકે ૪ મહિલાઓ છે, એ.એસ.પી.તરીકે ૪ મહિલાઓ છે અને ડી.વાય.એસ.પી.તરીકે ૨૧ મહિલાઓ અત્યારે છે આ બધી અનામત વગર પોતાની શકિત ઉપર આવેલી છે. જો આ મહિલાઓનો હાથ પકડવામાં આવશે, વધારે ઉઠાવવામાં આવશે તો એ ઘણી બધી આગળ નીકળી શકે એમ છે અને રાષ્ટ્રની અંદર પોતાનું નામ, રાજયનું નામ અને દેશનું નામ આગળ કરી શકે તેમ છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે અડધી મિનિટ છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે કોર્ટની અંદર જો હું વાત કરું તો હાઇકોર્ટના એ.જી.પી. તરીકે અત્યારે ૧૨ થી ૧૫ મહિલાઓ છે અત્યારે હાઇકોર્ટની અંદર છે અને સુપ્રીમ કોર્ટમાં સરકારના એડવોકેટ ઓન રેકોર્ડ હેમંતીકાબેન વાહી પણ એક મહિલા સુપ્રીમ કોર્ટની અંદર પણ આ ગુજરાતના દ્વારા નીમાયેલા એક વ્યકિત તરીકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું યાદ કરાવુ છું કે આ રાજયની અંદર જે કંઇ પણ કામગીરી થઇ છે તેમાં મિલકતોની અંદર માફી આપી. અગાઉના સમયમાં ઘરની અંદર બહાર કાઢી મૂકવા માટેનું માત્ર સાધન રાખ્યુ હતુ મારા ઘરની બહાર નીકળી જા. આ મહિલાઓને આ ઘર મારું છે અને આ ઘરમાંથી મને કોઇ નહીં કાઢી શકે એવો વિશ્વાસ આ સરકારે આપ્યો છે. ૨૦૦૪ થી આજસુધીમાં લગભગ ૧૫,૫૦,૦૦૦ મહિલાઓ મિલકતની માલિકણ બની છે અને ૧૪,૫૦,૦૦૦ મિલકતો મહિલાઓના નામે થઇ છે અને સરકારે ૬૬૪.૩૫ કરોડની આવક જતી કરી છે આટલુ બધુ અગાઉના સમયમાં કર્યુ છે. અત્યારે આ જેન્ડર બજેટ છે અને આ જે પ્રસ્તાવ આવ્યો છે તેમાં મને વિશ્વાસ છે કે આ પ્રસ્તાવ દ્વારા સરકાર આ બધીજ યોજનાઓ સંપૂર્ણ રીતે લાગુ કરી અને મહિલાના ઉત્થાન માટે કાર્ય કરશે. અસ્તુ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વલ્લભભાઇ કાકડીયા મહિલા સશકિતકરણ માટે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર મહિલાઓના સર્વાંગી વિકાસ માટે તેમજ સામાજિક, આર્થિક, શૈક્ષણિક,રાજકીય વિકાસ માટે અનેક પગલાંઓ લઇ રહી છે. તેમાં ખાસ કરીને આરોગ્યના ક્ષેત્રમાં અને પોષણના ક્ષેત્રમાં રાજય સરકારના પ્રયાસો અંગે હું વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર ૧૪ લાખ જેટલી મહિલાઓને પૂર્વ પ્રસુતિ તથા ૧૨ લાખ જેટલી મહિલાઓને સહાય આપવામાં આવી છે. ભારત સરકારની જનની સુરક્ષા યોજના નીચે જે બી.પી.એલ.મહિલા હોય તેને ૫૦૦ રૂપિયા સહાય અને ૨૦૦ રૂપિયા મુસાફરી ખર્ચ અને શહેરમાં ૫૦૦ રૂપિયા સહાય અને ૧૦૦ રૂપિયા મુસાફરી ખર્ચ આપવામાં આવે છે. આપણે સમગ્ર દેશમાં જે ગુજરાત મોડેલની વાત કરીએ છીએ તેમાં જે ચિરંજીવી યોજના આવી તે જનની સુરક્ષાની સરખામણીમાં ઘણી ઉચ્ચ પ્રકારની વ્યવસ્થા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે બી.પી.એલ.મહિલાઓ હોય, અનુસૂચિત જાતિ, જનજાતિની મહિલાઓ હોય તે લોકોને ખાનગી તબીબો મારફતે તપાસ માટે, લેબોરેટરી ટેસ્ટીંગ માટે, પ્રસુતિ માટે, ઓપરેશન માટેની વિના મૂલ્યે સેવાઓ ખાનગી ડોકટરો મારફતે ઉપલબ્ધ કરી છે. ૪૩૩ જેટલા ખાનગી નિષ્ણાતો મારફતે ૯,૩૫,૦૭૫ બહેનોને ચિરંજીવી યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. આજે ઇ.મમતા પોગ્રામ નિમિત્તે ૩૨ લાખ જેટલી મહિલાઓની નોંધણી કરવામાં આવી છે. અને દર બુધવારે ગામડાંઓની અંદર મમતા અભિયાન અંતર્ગત સારવારની તપાસણી વ્યવસ્થા કરવામાં આવી છે. ઇ–મમતા પોર્ટલ મારફતે આખુ ફોરમેટ બનાવવામાં આવ્યું છે એની અંદર તમામ પ્રકારની મહિલાને લગતી માહિતી રજૂ કરવામાં આવી છે. રાજયની અંદર ૨૦૦૫–૦૬ની અંદર જે સંરથાગત પ્રસુતિ છે એ ફકત ૬૩ ટકા હતી. આજની તારીખે ૯૬ ટકા જેટલી બહેનો પ્રસુતિ માટે સંસ્થાગત પ્રસુતિનો લાભ લે છે અને ફકત ચાર ટકાથી ઓછી બહેનો ઘરેલુ પ્રસુતિ કરાવતી હોય છે. ૧૦૮ની જે એમ્બ્યુલન્સ છે, એ સેવાની અંદર પણ ૪૩ લાખ જેટલા જે કોલ મળ્યા એમાંથી ૧૪ લાખ જેટલા જે કોલ છે એ પ્રસુતિ માટે આવેલા હતા અને મને કહેતાં આનંદ થાય છે કે,

૪૫,૫૦૫ જેટલી પ્રસુતિઓ આ એમ્બ્યુલન્સમાં થયેલી છે. રાજય સરકારે આ મા અમૃત્તમ યોજનાનો લાભ છે એ અત્યાર સુધી બી.પી.એલ. કુટુંબોને આપવામાં આવતો હતો એની સાથે સાથે હવે જે કુટુંબોની વાર્ષિક આવક ૧ લાખ ૨૦ હજારથી ઓછી હશે એ તમામ મહિલાઓને, ૨૧ વર્ષના બાળકોને પણ મા અમૃત્તમ યોજનાનો લાભ આપવામાં આવશે જેના થકી ગંભીર બિમારીઓની અંદર બે લાખ સુધીની સારવાર કુટુંબદીઠ દર વર્ષે મેળવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાવો અભિયાનના અંતર્ગત ખાનગી ડોકટરો જે પરિક્ષણો કરતા હતા એ અટકાવવામાં આવ્યા છે અને એના કારણે ૨૦૦૧માં જે હજારે ૮૦૦ જેવો મહિલાઓનો જે રેશિયો હતો એ સુધરીને અત્યારે ૯૦૨ થયો છે. રાજય સરકારે આપણી બહેનોનું જ અપેક્ષિત આયુષ્ય છે એમાં પણ ગણનાપાત્ર સુધારો થયો છે. ૨૦૧૬ થી ૧૮ વચ્ચે જે પુરુષોનું આયુષ્ય ૭૦.૭ નું વર્ષનું છે એની સામે બહેનોનું આયુષ્ય ૭૩.૭ અંદાજવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પોષણ માટે ઘણાં બધાં પગલાં લીધાં છે જે પગલાંઓ લેવામાં આવ્યાં છે એ માટે હું રાજય સરકારને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : હવે કોને બોલવું છે? કોઈ બહેનને નથી બોલવું?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી(રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સત્રના છેલ્લા દિવસના પ્રસ્તાવને લઇને આદરણીય શ્રી વલ્લભભાઇ કાકડીયા મારા વિધાનસભા સાથી લઇને આવ્યા છે એને હું ખૂબ ખૂબ આવકારું છું અને એમને ખૂબ ખૂબ અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમના પ્રસ્તાવમાં આ રાજયના વિકાસમાં મહિલાઓના સશકિતકરણ માટે જે કદમ રાજય સરકારે ઉઠાવ્યું છે એને આવકારી અને વધુ અસરકારક બનાવવા માટેની વાત કરી છે. બેન શ્રી નીમાબેન આચાર્ય, વર્ષાબેન દોશી, વિભાવરીબેન, આર.એમ. પટેલ વગેરેએ પોતાના વિચારો અને જેન્ડર બજેટ માટેની ખૂબ સારી વાત આ રાજય સરકારને વિકાસની ધરા પર દોડવા માટેની વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે, ૨૦૧૪નું આ વર્ષ છે. ૧૪નો આંક પૌરાણિક મહત્વ ધરાવે છે. સમુદ્ર મંથનમાંથી ૧૪ રત્ન પ્રાપ્ત થયાં હતાં. ભગવાન રામને ૧૪ વર્ષ વનવાસ થયો હતો અને એને પરિણામે આસુરી શકિતનો નાશ કરી સ્ત્રી શકિતની પુનઃસ્થાપના કરી હતી અને એ જ રીતે ૨૦૧૪ નું વર્ષ એટલા માટે મહત્વનું રહ્યું કે કેન્દ્રમાં પણ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વરેલી ભારતીય જનતા પાર્ટીની સરકારની વરણી થઇ અને વડાપ્રધાન આપણા નરેન્દ્રભાઇ મોદી બન્યા. નારીથી વિશેષ ૨૦૧૪ માં આ રાજયના સક્ષમ પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલની પણ નિયુકતિ થઇ. એક સક્ષમ નારી આ ગુજરાતની નારીઓને સમર્થ અને સશકત બનાવવા હેતુથી આ રાજગાદી ઉપર આવી છે એમ અમને બધાને લાગી રહ્યું છે. એટલા માટે કે પોતાના જીવનમાં સક્ષમ બનવા માટેના અનેક આયામો ગ્રામીણ જીવનમાંથી લઇને છેક અત્યારના મુખ્યમંત્રીશ્રી સુધીનું જીવન, તેમનું શિક્ષણ, તેમનો વિકાસ આ સમગ્ર ગુજરાતની નારી જગતને એક પ્રેરણાદાયી બની શકે એ માટેના ઉદાહરણરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, **''ચંદન હૈ ઈસ દેશકી મિટ્ટી, તપોભૂમિ હર ગ્રામ હૈ, હર બાલા હૈ દેવીકી પ્રતિમા, બચ્ચા બચ્ચા રામ હૈ.''** આ દેશની સાંસ્કૃતિક પરંપરામાં સ્ત્રીને ભગવાનના સ્વરૂપમાં જોવામાં આવતી હતી એવું મારા અનેક સાથી મિત્રોએ કહ્યું છે . આ વિશ્વમાં અનેક પંથો છે અને એ પંથોમાં એક મહાન ભારતીય સંસ્કૃતિ જેમાં સ્ત્રીઓને પૂજનીય સ્થાન મળ્યું છે તેમાં રાધા કૃષ્ણ, શિવ પાર્વતી, સીતા રામ અને લક્ષ્મી નારાયણએ રીતે દરેકમાં ભગવાન સાથે મહત્વ સ્ત્રીનું વણાયું છે. સ્ત્રી વિના પુરુષ અધૂરો છે અને સ્ત્રી વગર જગતનું કલ્યાણ પણ શકય નથી. સ્ત્રીઓ માટે કહેવાયું છે કે બીજાના કલ્યાણ કરનાર મા એ સશકત મા હોય અને એ માટેના વિચારો આ રાજય સરકારે કરેલ છે. સ્વામી વિવેકાનંદે બહુ સરસ વાત કરી છે કે જેમ પંખી એક આંખથી ઉડી શકતું નથી તેમ મહિલાઓની સ્થિતિમાં એકલી મહિલાઓની સ્થિતિમાં સુધારો કરવામાં ન આવે તો આ દુનિયામાં કલ્યાણની કોઇ તક રહેતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ત્રીના સ્થાનનું મહત્વ સ્વીકારીને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલે સર્વસ્પર્શી દીર્ઘદ્રષ્ટિ અપનાવીને આ રાજય સરકારે મહિલા અને બાળ વિકાસ વિભાગના અલગ વિભાગ તરીકે રચના કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઇતિહાસમાં પહેલી વખત જેન્ડર બજેટ આ વખતે

અમને મળ્યું છે. ઇતિહાસ એનો સાક્ષી છે કે અત્યારસુધી દેશમાં પણ હું માનું છું કે કોઇ રાજયના ઇતિહાસમાં આવું જેન્ડર બજેટ મળ્યું હોય મહિલાઓ માટે એ શકય બની શકયું નથી. પહેલી વખત અમને આટલું બજેટ મળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અનેક સાથીઓએ કહ્યું છે કે ૪૦૦ સ્કીમો, ૨૦૦ સ્કીમો, સો સ્કીમો મહિલાઓ માટેની છે. મહિલા બચપણથી મા ગર્ભસ્થ હોય ત્યારથી એ પોતાના સમાજ જીવનમાં આગળ વધે, લગ્ન જીવનમાંથી આગળ વધે, અનેક પ્રકારની સ્કીમો અનેક પકારના વિભાગમાં આ સરકારે કરી છે. અમે પણ નાના હતા ત્યારે કહેતા હતા કે નારી જીવન ઝૂલેકી તરહ, ઇસ પાર કભી ઉસ પાર કભી, પરંતુ આજે રાજય સરકારે જે આયામો મહિલાઓ માટેના કર્યા છે અને આજે તો નારીના સ્વાભિમાનને કારણે અમે બધા એમ કહેવા માંડયા છીએ કે મૈ નારી કભી નહીં હારી. એવું પણ બહેનો કહેતી થઇ છે. આખા વિશ્વ કે દેશમાં કોઇ અમારો પરિચય પૂછે તો અમે એટલું જ કહીએ કે મેરા પરિચય ઇતના હૈ કી મૈં ગુજરાતકી નારી હૂં. સમગ્ર રાષ્ટ્રમાં ગુજરાત એક પહેલું રાજય છે, એક આગવું રાજય છે એટલા માટે કે જન જાગરણ કાર્યક્રમ થયો ત્યારે મારું ગુજરાત, મારી બહેનો, મારાં બાળકો આ વિશેનું મહત્વ આપવામાં આવતું હતું. આજની કિશોરીઓ ભવિષ્યની માતા છે તેથી ગુજરાત સમર્થ બને તે માટે માતા સમર્થ હોય તે અનિવાર્ય છે. સમર્થ માતા સમર્થ બાળકને જન્મ આપે એટલે સમર્થ ગુજરાતનું નિર્માણ થાય અને સમર્થ ગુજરાત થકી સમર્થ ભારતનું નિર્માણ થશે એ વાત મારા વિભાગના મહિલા અને બાળ કલ્યાણ વિભાગમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એ.પી.એલ. કે બી.પી.એલ. નહીં,પરંતુ સમાજની તમામ કિશોરીઓ એ કુપોષિત ન રહે એના માટે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો અમલમાં છે.એના માટે ફોલીક એસીડની ટીકડીઓ આપીને એ કુપોષિત ના રહે એના માટેના પ્રયત્નો રહ્યા છે. એક સરસ વાત આ ગૃહને કરતાં મને આનંદ થાય છે કે રાજય સરકારે દેશની પહેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી આપણે ત્યાં સ્થાપી છે અને એ યુનિવર્સિટીને તપોવન કેન્દ્ર મારફત ૧૨હજાર કરતાં વધારે બહેનોને ચિલ્ડ્રન સાયકોલોજી અને ચાઇલ્ડ ડેવલપમેન્ટની માહિતીથી શિક્ષિત કરે છે. એક ભિવષ્યની મા એ એક સમર્થ મા બને અને એના થકી જન્મ લેનાર સમર્થ બાળકો જે આ દેશ કે રાજયમાં નેતૃત્વ કરી શકે એના માટેના આયામો અમે તપોવન કેન્દ્ર મારફતે કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર મહિલા આઇ.ટી.આઇ.ની સ્થાપના કરી, કહેવાતું હતું કે બહેનો અમુક ક્ષેત્રમાં કામ ન કરી શકે પરંતુ આઇ.ટી.આઇ.માં ટ્રેઇનિંગ લઇને બહેનો આજે મશીનો સાથે કામ કરતી થઇ છે. એક પણ ક્ષેત્ર એવું નથી કે જયાં બહેનો કામ ન કરતી હોય. અને હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોલીસ દળમાં ૩૩ ટકા મહિલાઓ માટે અનામતની વાત કરી હતી. ત્યારે સમગ્ર ગુજરાતની નારી આનંદથી ભાવવિભોર બની ગઇ હતી. ગઇકાલે મારા અંદાજપત્રના પ્રવચનમાં આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય અને પોષણલક્ષી સલામતી અને સહાયના સંદર્ભમાં રાજય સરકારનાં પ્રયાસોની વિગતવાર માહિતી મેં આપી હતી. પણ મારે આજે કહેવું છે કે, આ ગૃહની અંદર બેટી બચાવોના નવ જાગરણના કાર્યક્રમની શરૂઆત કરી ત્યારે હાલના આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેને ડો. રસેલે કરેલી અલ્ટ્રા સોનોગ્રાફીની વાત અહીંયા કરી હતી, કે માતાના ગર્ભમાંથી દીકરી કઇ રીતે જુદી થાય છે, કઇ રીતે કાપ–કુપ થાય છે, અને મને યાદ છે કે આખા ગૃહની આંખમાં આંસુ હતા અને આવી વાત સમગ્ર સમાજની સામે મૂકીને ગુજરાત દેશમાં પહેલું રાજય બન્યું છે કે જયાં બેટી બચાવોના અભિયાનની શરૂઆત થઇ અને પછી કેન્દ્ર સરકારે આની શરૂઆત કરી હતી. અને મુખ્ય મંત્રીશ્રી જયારે ચરૈવેતી ચરૈવેતીના દ્રષ્ટીકોણથી કામ કરી રહ્યા છે ત્યારે મને લાગે છે કે પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને સાંસ્કૃતિક પ્રદૂષણનો ભોગ આપણી બહેનો બને છે તે ન બને તેના માટેની કાળજી રાખીને એક સૂરે રાષ્ટ્રવાદની વિચારધારાના માધ્યમથી ભારત માતાને પરમ વૈભવના સ્થાને પહોંચાડવાની નેમ લેવાની આવશ્યકતા છે.

વિપક્ષના એક સભ્ય કાલે સેકસ એજયુકેશનની વાત કરતા હતા, મને લાગે છે કે પશ્ચિમ સંસ્કૃતિની આ વાતને આપણે જરા અલગ દષ્ટિકોણથી સમજવી જોઇએ. ચારિત્ર્ય નિર્માણ થકી સાંસ્કૃતિક દિપક પ્રગટાવવાની આવશ્યકતા છે. અને આજના શિક્ષણની અંદર પણ સાંસ્કૃતિક ધરોહરના પાયામાં ચારિત્ર્ય નિર્માણની આવશ્યકતા સમજીને આ રાજય સરકારે શિક્ષણમાં પણ યોગ જેવી મહત્વની વાતનું નિરૂપણ કર્યું

છે. મહિલાઓની ગરિમા અને પાયાઓની સગવડ માટે રાજય સરકાર અને સમાજ સાથે પ્રયાસ કરે એટલા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક વિષય આપણી સામે મૂક્યો છે. સમગ્ર ગુજરાતમાં ટોયલેટ ક્રાંતિ થાય, એકે એક ગામમાં, એક એક શહેરમાં એક પણ ઘર ટોઇલેટ વિનાનું ન રહે તેના માટેના સંકલ્પો સૌ લોકોને કરાવવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. શાળા હોય, પંચાયતો હોય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય, આંગણવાડી હોય કે જાહેર સ્થળો હોય તમામ જગ્યાએ ટોઇલેટની આવશ્યકતા સમજીને સમગ્ર સમાજને આહવાન કર્યું છે. ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ અને પ્રખર વિદ્વાન ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના શબ્દો, સ્ત્રી પુરુષની સહભાગી, તેના ધર્મની રક્ષક, તેની ગૃહલક્ષ્મી અને દેવત્વ સુધી પહોંચાડનારી સાધિકા જો કોઇ હોય તો એ સ્ત્રી છે. અને એટલા માટે આ રાજય સરકારે પાયાની વાત પકડી છે. નારી ગરિમા પૂર્ણ બને, નારીનું સન્માન જળવાય, નારી પર થતા અત્યાચારોની સામે નારી અદાલતો, મહિલા આર્થિક વિકાસ નિગમ, નારી સુરક્ષા સમિતિ જેવા આયામો કરીને ગુજરાતે એક નવી દિશા દેશ અને દુનિયાને આપવાનું કર્યું છે ત્યારે મહિલા સશકિતકરણ માટે સમગ્ર ગૃહને હું આહ્વાન કરીને વિરમું છું. હું ખાતરી આપું છું કે જે પ્રસ્તાવ લઇને ભાઇશ્રી વલ્લભભાઇ આવ્યા છે તેમાં રહેલી તમામ બાબતો આ રાજય સરકાર બહેનોના વિકાસ માટે આગળ વધારવા કટ્ટીબદ્ધ છે.

અધ્યક્ષશ્રી : ચર્ચા પૂરી થાય છે.

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમિયાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીઓને મોકલી શકાયા નથી તેવા ૪૪ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો, નિયમ ૮૭(ક) અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની હું રજા લઉં છું.

# અતારાં શ્નો

# તેરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

## અતારાંકિત પ્રશ્નોતરી

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૭(ક) અન્વયે તા. ૨૫મી જુલાઈ, ૨૦૧૪ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની યાદી**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શ્રી મણીલાલ વાઘેલા | ૨૯૪૮ | ૦૧ |
| ૨ | શ્રી રમેશભાઈ ચાવડા | ૩૨૮૦ | ૦૧ |
| ૩ | ડૉ. તેજશ્રીબેન પટેલ | ૨૭૯૪, ૨૯૦૩, ૨૯૦૭ | ૦૩ |
| ૪ | શ્રી કરમશીભાઈ પટેલ | ૩૨૨૬ | ૦૧ |
| ૫ | શ્રી ભોળાભાઈ ગોહેલ | ૨૯૯૨, ૩૦૧૨, ૩૦૩૦, ૩૦૩૭, ૩૦૩૯, ૩૦૫૨, ૩૦૬૫, ૩૦૭૧, ૩૦૭૩, ૩૦૮૦, ૩૦૮૨, ૩૦૮૪, ૩૦૮૬, ૩૦૮૯, ૩૦૯૧, ૩૦૯૫, ૩૦૯૮,૩૧૦૫, ૩૧૨૦, ૩૧૨૯, ૩૧૩૧, ૩૧૪૪, ૩૧૫૯, ૩૧૬૯, ૩૧૭૦, ૩૧૭૨, ૩૨૦૦, ૩૨૦૧, ૩૨૧૩, ૩૨૩૩, ૩૨૩૫ | ૩૧ |
| ૬ | શ્રી રાઘવજી પટેલ | ૨૬૪૦, ૩૨૪૬, ૩૨૫૨, ૩૨૬૮ | ૦૪ |
| ૭ | શ્રી પરેશ ધાનાણી | ૧૦૨૯, ૨૭૦૨, ૨૭૪૨ | ૦૩ |

| | | | |
|---|---|---|---|
| | | કુલઃ | ૪૪ |

------------

**રાજ્યમાં જિલ્લાવાર ખેડૂતોના આપઘાત બાબત**

અતારાંકિતઃ ૩૨૦૦ (૧૬–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા ખેડૂતોએ આપઘાત કર્યા અને

(૨) આવા કેસોમાં સરકાર દ્વારા કેટલી સહાયો આપવામાં આવી?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૫–૭–૨૦૧૪)

(૧) આ સાથે સામેલ પત્રક મુજબ

(૨) રાજ્ય સરકાર દ્વારા સહાય આપવા માટેની આવી કોઈ જોગવાઈ નથી.

**પત્રક**

| **અનુ.** | **જિલ્લો** | **આત્મહત્યાનું કારણ** | | | | **જિલ્લાનો સરવાળો** |
|---|---|---|---|---|---|---|
| | | **ખેતીમાં થયેલ નુકશાન** | | **ખેતી સિવાય** | | |
| | | **પાક નિષ્ફળ જવાના કારણે** | **ખેતીમાં દેવુ વધી જવાથી** | **અન્ય કારણ** | **દેવુ વધી જવાથી** | **કુલ** |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨ | ખેડા | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૩ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | મહેસાણા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૮ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | જામનગર | ૦ | ૦ | ૪૩ | ૩ | ૪૬ |
| ૧૦ | રાજકોટ | ૦ | ૦ | ૫ | ૧ | ૬ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૨ | ૧ | ૩ |
| ૧૨ | કચ્છ–ભુજ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૧૩ | અમરેલી | ૧ | ૧ | ૮ | ૦ | ૯ |
| ૧૪ | ભાવનગર | ૦ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૫ | જુનાગઢ | ૦ | ૦ | ૧૨ | ૩ | ૧૫ |
| ૧૬ | પોરબંદર | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૧૭ | વડોદરા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૮ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | નર્મદા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૦ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | સુરત | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૩ | વલસાડ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૫ | તાપી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| અનુ. | જિલ્લો | આત્મહત્યાનું કારણ | | | | જિલ્લાનો સરવાળો |
|---|---|---|---|---|---|---|
| | | ખેતીમાં થયેલ નુકશાન | | ખેતી સિવાય | | |
| | | પાક નિષ્ફળ જવાના કારણે | ખેતીમાં દેવુ વધી જવાથી | અન્ય કારણ | દેવુ વધી જવાથી | કુલ |
| ૨૬ | ડાંગ | ૦ | ૦ | ૩ | ૧ | ૪ |
| | **કુલઃ** | **૧** | **૧** | **૮૫** | **૯** | **૯૬** |

-----------

## રાજ્યમાં જિલ્લાવાર દૂધાળા ઢોર ખરીદવાની અરજીઓ

અતારાંકિતઃ ૩૨૦૧ (૧૬-૬-૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલી વ્યક્તિઓની દુધાળા ઢોર ખરીદવાની અરજીઓ આવી.

(૨) આ પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી, રકમ ચૂકવવામાં આવી, અને

(૩) કઈ કઈ બેંક પાસે કેટલી અરજીઓ તા. ૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ પડતર છે અને

(૪) આ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૬-૭-૨૦૧૪)

(૧) માહિતી શૂન્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાં જિલ્લાવાર સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફાળવેલ ગ્રાન્ટ

અતારાંકિતઃ ૩૦૩૭ (૨૩-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં જિલ્લાવાર સર્વ શિક્ષા અભિયાન હેઠળ સને ૨૦૧૧-૧૨ અને ૧૨-૧૩ અને ૧૩-૧૪ ના માર્ચ-૩૧ ના અંત સુધી કયા કયા હેતુ માટે કુલ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(૨) ફાળવેલ ગ્રાન્ટ પૈકી જિલ્લાવાર તાલુકાવાર કયા કયા હેતુ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વાપરવાના કારણો શાં છે, અને

(૪) ફાળવેલ ગ્રાન્ટમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૩-૭-૨૦૧૪)

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ જિલ્લા કક્ષાએ હેતુ (પ્રવૃત્તિ) વારની ગ્રાન્ટ ન ફાળવતા ઉચ્ચક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. સને ૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૦૩-૧૪) ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ફાળવેલ ગ્રાન્ટનું પત્રક આ સાથે સામેલ *એનેક્ષર-એ મુજબ છે.

(૨) માનવ સંશાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા નિયત થયેલ નાણાંકીય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને જિલ્લાવાર એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ ભારત સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવે છે તે મુજબ જિલ્લા કક્ષાએ હિસાબો રાખવામાં આવે છે. આમ તાલુકાવાર હિસાબો

નિભાવવામાં આવતા નથી સને ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩, તેમજ ૨૦૧૩-૧૪ માં તા. ૩૧-૦૩-૧૪ની સ્થિતિએ એસએસએ અંતર્ગત જિલ્લાવાર પ્રવૃત્તિવાર મુજબનો ખર્ચ કરવાનો બાકી *એનેક્ષર-બી (૧ થી ૩૦) માં દર્શાવવામાં આવેલ છે.

(૩) ફાળવેલ ગ્રાન્ટ વર્ષવાર પૂરેપૂરી ન વાપરવાના કારણો *એનેક્ષર-સી મુજબ છે.

(૪) ફાળવેલ ગ્રાન્ટમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો નીચે મુજબ છે.

| યોજના | ૨૦૧૧-૧૨ | | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | |
|---|---|---|---|---|---|---|
| | કેન્દ્ર | રાજ્ય | કેન્દ્ર | રાજ્ય | કેન્દ્ર | રાજ્ય |
| એસએસએ | ૬૫ ટકા | ૩૫ ટકા | ૬૫ ટકા | ૩૫ ટકા | ૬૫ ટકા | ૩૫ ટકા |

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**ભારત સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

અતારાંકિતઃ ૩૦૩૯ (૨૩-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ સને ૧૧-૧૨ તથા ૧૨-૧૩ અને ૧૩-૧૪ના વર્ષ દરમ્યાન ભારત સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાન્ટ કયા પ્રકારની કામગીરી પાછળ વર્ષવાર ખર્ચ કરવામાં આવી અને કેટલો ખર્ચ કરવો બાકી છે, અને

(૩) કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન અંતગર્ત ફાળવવામાં આવતી ગ્રાન્ટ કયા કયા પ્રકારના કામો પાછળ વાપરી શકાય?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૯-૭-૨૦૧૪)

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ સને ૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ના વર્ષ દરમ્યાન ભારત સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

(રૂ. લાખમાં)

| યોજના | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ (તા. ૩૧-૩-૧૪) |
|---|---|---|---|
| એસએસએ | ૮૯૭૦૮.૦૪ | ૧૧૮૨૮૫.૭૯ | ૬૨૦૯૬.૮૦ |

(૨) ફાળવેલ ગ્રાન્ટ એનેક્ષર-એ પ્રકારની કામગીરી પાછળ વર્ષવાર ખર્ચ કરવામાં આવી અને એનેક્ષર-બી મુજબ ખર્ચ કરવાની બાકી છે.

**એનેક્ષર–એ**

(રૂ. લાખમાં)

| પ્રવૃત્તિ (કામો) | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| એસએસએ | | | |
| ટ્રાન્સપોર્ટ/એસકોર્ટ | ૦.૦૦ | ૭૨૫.૨૬ | ૮૩૯.૫૭ |
| ન્યુ ટીચર્સ સેલેરી (શિક્ષક પગાર) | ૯૦૪૧.૩૦ | ૧૩૮૦૨.૪૦ | ૧૮૩૯૩.૫૧ |
| બ્લોક રીસાર્સ સેન્ટર (બ્લોક સંસાધન કેન્દ્ર) | ૧૬૫૪.૯૩ | ૨૫૩૩.૯૦ | ૩૦૯૬.૪૮ |
| કલ્સ્ટર રીસાર્સ સેન્ટર (કલસ્ટર સંસાધન કેન્દ્ર) | ૪૩૧૪.૦૯ | ૫૧૪૬.૧૯ | ૬૨૬૮.૭૦ |
| કેલ ઈન ઈનોવેશન | ૦.૦૦ | ૧૦૦૧.૨૦ | ૯૪૧.૯૦ |
| લાઈબ્રેરી | ૦.૦૦ | ૧૩૯૪.૪૪ | ૦ |
| સીવીલ વર્કસ (બાંધકામ વિભાગ) | ૪૩૪૭૮.૦૧ | ૭૯૯૫૮.૪૫ | ૧૨૮૩૨.૩૯ |
| ઈજીએસ/એઆઈઈ શિક્ષણ ગેરંટી યોજના | ૧૫૭૯.૬૦ | ૦ | ૦ |
| સ્પેશિયલ ટ્રેનિંગ | ૧૩૮૫.૧૧ | ૨૮૦૮.૩૫ | ૫૧૫૮.૪૯ |
| ફ્રી ટેક્ષ બુક | ૪૦૯૯.૮૦ | ૭૨૦૯.૨૪ | ૧૧૩૦.૨૩ |
| ઈનોવેટીવ | ૧૭૦૫.૭૨ | ૦ | ૦ |
| આઈ.ડી.ડી. (વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ) | ૨૦૩૮.૯૦ | ૨૨૧૬.૬૮ | ૧૫૧૧.૫૨ |
| સ્કુલ મેઈન્ટેનન્સ | ૨૬૫૩.૦૮ | ૨૨૮૧.૪૪ | ૨૬૬૩.૫૭ |
| મેનેજમેન્ટ અને એમ.આઈ.એસ. | ૩૯૬૯.૮૧ | ૬૮૪૨.૩૨ | ૪૧૭૦.૭૨ |
| આર એન્ડ ઈ (સંશોધન, મૂલ્યાંકન, સંચાલન અને નિરીક્ષણ) | ૫૦૭.૩૨ | ૧૩૩.૫૦ | ૨૪.૨૮ |
| સ્કુલ ગ્રાન્ટ | ૨૧૫૨.૭૫ | ૨૧૫૯.૬૩ | ૨૧૪૯.૮૦ |
| ટીચર્સ ગ્રાન્ટ | ૬૪૪.૫૭ | ૬૬૩.૯૩ | ૦ |
| ટીચર્સ ટ્રેનિંગ | ૨૯૧૮.૬૩ | ૩૪૫૦.૯૧ | ૧૩૨૯.૮૦ |
| ટી.એલ.ઈ. (શિક્ષકોને શીખવવાના સાધનો) | ૪૭૪.૫૯ | ૫૪૫.૩૨ | ૫૭.૬૦ |
| કોમ્યુનિટી મોબીલાઈઝેશન | ૧૨૦૨.૫૨ | ૦ | ૦ |
| એસ.એમ.સી. / પી.આર.આઈ. ટ્રેનિંગ (શાળા પ્રબંધન (વ્યવસ્થાપક) મંડળ) | ૦ | ૧૨૭૨.૮૨ | ૩૬૩.૮૬ |
| મેજર રીપેરીંગ | ૦ | ૦ | ૦ |
| ઈનોવેટીવ હેડ | ૦ | ૨૯૦.૫૮ | ૮.૫૫ |
| સ્ટેટ કંમ્પોનેન્ટસ | ૧૪૪૪.૨૮ | ૧૪૬૩.૦૨ | ૧૭૮૪.૦૦ |
| એનપીઈજીઈએલ પ્રારંભિક સ્તરે કન્યાઓના શિક્ષણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ | ૬૩૬.૯૩ | ૪૮૩.૪૪ | ૦ |
| કે.જી.બી.વી. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૧૩૪૯.૮૬ | ૧૨૭૫.૩૭ | ૧૯૯૮.૨૨ |
| **કુલઃ** | **૮૭૨૫૨.૧૯** | **૧૩૭૬૫૮.૩૯** | **૬૪૭૨૩.૧૯** |

(૩) કેન્દ્ર સરકાર તરફથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ફાળવવામાં આવતી ગ્રાન્ટ એનેક્ષર–એ માં દર્શાવેલ કોલમ
નં. ૧ મુજબ (પ્રવૃત્તિ) કામો પાછળ વાપરી શકાય.

**એનેક્ષર–બી**

(રૂ. લાખમાં)

| પ્રવૃત્તિ (કામો) | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|
| એસએસએ | | | |
| ખર્ચ કરવાની બાકી રહેતી રકમ | ૨૪૫૫.૮૫ | ૦.૦૦ | ૦.૦૦ |

----------

**રાજ્યના જિલ્લાવાર સર્વ શિક્ષા અભિયાનની ગાઇડ લાઇન મુજબ તૈયાર બજેટ ભારત સરકારને મોકલવા બાબત**

અતારાંકિતઃ ૩૦૫૨ (૨૩-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ ની સ્થિતિએ સને ૧૧-૧૨ તથા સને ૧૨-૧૩ નાણાંકીય વર્ષ દરમ્યાન સર્વ શિક્ષા અભિયાનની ગાઇડ લાઇન મુજબ રાજ્યમાં જિલ્લાવાર કેટલી રકમના બજેટ તૈયાર કરી ભારત સરકારને મોકલવામાં આવેલ હતાં,

(૨) તે પૈકી ભારત સરકારે કેટલી રકમના બજેટને જિલ્લાવાર મંજુરી આપી, અને મંજુર કરેલ એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ મુજબ કઈ કઈ પ્રવૃત્તીઓને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) મંજૂર કરેલ પ્રવૃત્તીઓ મુજબ છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન જિલ્લાવાર કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલો ખર્ચ કરવો બાકી છે?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૯-૭-૨૦૧૪)

(૧) એનેક્ષર-એ મુજબ

(૨) જિલ્લાવાર મંજુરી એનેક્ષર-બી (૧) (૨) અને (૩) મુજબ તેમજ એન્યુઅલ વર્ક પ્લાન એન્ડ બજેટ એનેક્ષર-બી (૪) મુજબ

(૩) એનેક્ષર-સી (૧ થી ૩૦) મુજબ.

(*એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**રાજ્ય સરકાર હસ્તકના ખોટ કરતા બોર્ડ કોર્પોરેશનો બંધ કરવા બાબત**

અતારાંકિતઃ ૨૯૯૨ (૨૩-૬-૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર હસ્તકના કયા કયા કોર્પોરેશન કેટલી રકમની ખોટ કરે છે, અને

(૨) ખોટ કરતાં બોર્ડ/કોર્પોરેશનો અંગે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) સતત ખોટ કરતાં બોર્ડ/કોર્પોરેશનને સરકાર બંધ કરવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યારથી?

**નાણા મંત્રીશ્રી :** (૧૮-૬-૨૦૧૪)

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ ના હિસાબો ફાઈનલ કરવાનો સમય તા. ૩૦-૦૯-૨૦૧૪ સુધી ઉપલબ્ધ હોવાથી તે વર્ષની સંકલિત માહિતી ઉપલબ્ધ નથી. તેના પહેલાના બે વર્ષની જાહેર સાહસોની ખોટની વિગત પત્રક-૧માં આપેલ છે. રાજ્ય સરકારના પ્રયત્નોના કારણે ખોટ કરતાં નિગમોને સંખ્યામાં સતત ઘટાડો થયેલ છે. ૨૦૦૧-૦૨માં બધા જાહેર સાહસોનું નુકસાન
રૂ. ૨૭૦૨.૦૦ કરોડ હતુ તેની સામે ૨૦૧૨-૧૩માં કુલ નફો રૂ. ૪૦૪૧.૦૦ કરોડનો થવા જાય છે.

(૨), (૩) અને (૪) રાજ્ય સરકાર દ્વારા વિવિધ હેતુઓને ધ્યાને રાખીને જાહેર સાહસો ચલાવવામાં આવે છે. જેમાં જાહેર સાહસોનું કાર્યક્ષેત્ર અને કલ્યાણકારી પ્રવૃત્તિઓ ધ્યાને લઈ કેટલાક કિસ્સાઓમાં નાણાકીય ખોટ થાય છે. છતાં સરકાર દ્વારા શક્ય અને યોગ્ય જણાય તે પ્રમાણે આવા જાહેર સાહસોને નાણાકીય તેમજ વહીવટી પીઠબળ પૂરૂ પાડવામાં આવે છે.

**પત્રક–૧**

| અ.નં. | બોર્ડ–કોર્પોરેશનનું નામ | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કરેલ ખોટની રકમ (રૂ. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૧–૧૨** | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** |
| ૧ | ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ | ૧૯૩.૮૫ | ૧૫૧.૬૭ | – |
| ૨ | ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ | ૧૯.૦૦ | ૫.૨૧ | – |
| ૩ | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ | ૧૮૬૩૪.૦૦ | ૨૯૮૭૬.૦૦ | – |
| ૪ | ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ | ૫૪.૫૮ | ૨૧૧.૩૨ | – |
| ૫ | ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ લી. | ૨૦૮૯૧.૯૫ | ૧૧૩૧૬.૩૨ | – |
| ૬ | ગુજરાત રાજ્ય ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લી. | – | ૧૮.૧૬ | – |
| ૭ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. | – | ૨૩૫૧.૮૭ | – |
| ૮ | ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ | ૬૯૨.૦૯ | ૬૧૦.૦૦ | – |
| ૯ | ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લી. | ૧૧.૩૦ | ૭૬.૧૮ | – |
| ૧૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડ | ૬૫.૩૭ | ૬૧.૯૫ | – |
| ૧૧ | મેટ્રો–લીંક એક્સપ્રેસ ફોર ગાંધીનગર–અમદાવાદ (MEGA) કંપની લી. | ૧૬૭.૩૭ | ૯૬૨.૭૯ | – |

- વર્ષ ૨૦૧૩–૧૪ના હિસાબો ફાઈનલ કરવાનો સમય તા. ૩૦–૦૯–૨૦૧૪ સુધી ઉપલબ્ધ હોવાથી તે વર્ષની સંકલિત માહિતી ઉપલબ્ધ નથી.

----------

**રાજ્યમાં જિલ્લાવાર આવેલ વ્યાજબી ભાવની દુકાનો**

અતારાંકિતઃ ૩૦૮૯ (૬–૬–૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવાર વ્યાજબી ભાવની કેટલી દુકાનો આવેલી છે,

(૨) દુકાન ધારકોને હાલ સરકાર કેટલું કમીશન આપે છે, કમિશન વધારવા છેલ્લા બે વર્ષમાં સરકારને કોઈ દરખાસ્ત મળી છે કે કેમ,

(૩) જો હા તો ક્યારે અને કોના તરફથી અને

(૪) સરકારે તે પરત્વે શું નિર્ણય કર્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૮–૭–૨૦૧૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા/તાલુકાવાર કુલ ૧૭૨૫૮ વ્યાજબી ભાવની દુકાનો આવેલ છે, જે અંગેનું *પત્રક એનેક્ષર–એ આ સાથે સામેલ છે.

(૨) (એ) વાજબી ભાવની દુકાનના સંચાલકોને અનાજના વિતરણ પર પ્રતિ ક્વિન્ટલ રૂા. ૬૦/–નું કમિશન તારીખ ૩–૭–૨૦૧૩ના ઠરાવથી આપવામાં આવે છે.

(બી) સહકારી મંડળી સંચાલિત વાજબી ભાવની દુકાન આદિજાતિ વિસ્તારમાં હોય તો પ્રતિ ક્વિન્ટલ રૂા. ૬/– અને આદિજાતિ વિસ્તાર સિવાય પ્રતિ ક્વિન્ટલ રૂા. ૩/– વધારાનું કમિશન આપવામાં આવે છે.

(સી) વાજબી ભાવની દુકાનના સંચાલકોને ખાંડના વિતરણ ઉપર પ્રતિ ક્વિન્ટલ રૂા. ૬૦/–નું કમિશન તારીખ ૬–૨–૨૦૧૪ના ઠરાવથી તારીખ ૧–૮–૨૦૧૩ની અસરથી કમિશન આપવામાં આવે છે.

(ડી) વાજબી ભાવની દુકાનના સંચાલકોને ગોડાઉનથી વાજબી ભાવની દુકાન સુધી અનાજનો અને ખાંડનો જથ્થો લઈ જવાનો પરિવહન ખર્ચ ઉઠાવવો ન પડે તે માટે તા. ૨૭–૨–૨૦૧૨ના ઠરાવથી ડોર સ્ટેપ ડીલીવરી યોજના અમલમાં મુકી છે. જેથી વાજબી ભાવની દુકાનના દુકાનદારને ભોગવવાના થતા ટ્રાન્સપોર્ટ ખર્ચની બચત થવા પામી છે.

(ઈ) વાજબી ભાવની દુકાનના સંચાલકોને કેરોસીનના વિતરણ ઉપર પ્રતિ લીટર ૦૦–૨૨ પૈસા કમિશન ચુકવવામાં આવે છે.

કમિશન વધારવા છેલ્લા બે વર્ષમાં સરકારને કુલ ૫ (પાંચ) રજુઆતો મળેલ છે.

(૩) કમિશન વધારવા નીચે જણાવ્યા મુજબ રજુઆતો મળેલ છે.

(એ) સૌરાષ્ટ્ર–કચ્છ પ્રમાણિત સસ્તા અનાજ દુકાન એસોસીએશનની તા. ૨૮–૪–૨૦૧૩ની રજુઆત.

(બી) પંચમહાલ જિલ્લા ફેર પ્રાઈસ શોપ એસોસીએશનની તા. ૧૪–૫–૨૦૧૩ની રજુઆત.

(સી) ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસીએશનની તા. ૮–૪–૨૦૧૩ની રજુઆત.

(ડી) ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસીએશનની તા. ૨૧–૨–૨૦૧૪ની રજુઆત.

(ઈ) ભાવનગર જિલ્લા રેશનશોપ વિકાસ એસોસીએશનની તારીખ વગરની રજુઆત.

(૪) ખંડ–૨ મુજબ સરકારે કમિશન વધારવા નિર્ણય કરેલ છે, સમયાંતરે પોષણક્ષમતા ધ્યાને લઈ કમીશન વધારવાનો નિર્ણય લેવાય છે.

(*પત્રક એનેક્ષર સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં જિલ્લાવાર રદ કરવામાં આવેલ બી.પી.એલ. કાર્ડ**

અતારાંકિતઃ ૩૦૯૧ (૬–૦૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા–તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલા બી.પી.એલ. કાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) બી.પી.એલ. કાર્ડ રદ કરવાના કારણો શા છે,

(૩) રદ થયેલા બી.પી.એલ. કાર્ડ ફરી આપવા કોના કોના તરફથી કેટલી અરજીઓ આવી, અને

(૪) આ અરજીઓ આવ્યા પછી કેટલા બી.પી.એલ. કાર્ડ આપવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૭–૭–૨૦૧૪)

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વર્ષવાર રદ કરવામાં આવેલ બી.પી.એલ. રેશનકાર્ડની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | રદ કરેલ બી.પી.એલ. રેશનકાર્ડ |
|---|---|
| ૨૦૧૧–૧૨ | ૩૮૩૦ |
| ૨૦૧૨–૧૩ | ૧૯૭૨ |
| ૨૦૧૩–૧૪ | ૫૨૮૭ |

રદ કરવામાં આવેલ બી.પી.એલ. રેશનકાર્ડની જિલ્લા–તાલુકાવાર પત્રક–'અ' સામેલ છે.

(૨) બી.પી.એલ. કાર્ડ રદ કરવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

– સ્થળાંતર

– અવસાન

– સ્થળ તપાસ કરતાં મળી આવેલ ન હોવાને કારણે

– ફરિયાદ તપાસ તેમજ કાર્ડ વિભાજનમાં કુટુંબોના સભ્યોની આવક તથા તેને આનુસાંગીક બાબતો, બી.પી.એલ.ના ધોરણો મુજબના ન હોવાથી

– સ્વૈચ્છિક રીતે માથાદીઠ આવક વધવાના કારણે પાત્રતા કરતાં આવક વધવાથી કાર્ડધારક દ્વારા કરાયેલ કેટેગરી બદલવાની અરજીઓ

– ડેટા એન્ટ્રીની ભૂલ

– નવું રેશનકાર્ડ મેળવવા કાર્ડધારક લાંબા સમયથી બાયોમેટ્રીક આપવા હાજર થયેલ ન હોવાથી

(૩) રદ થયેલા બી.પી.એલ. કાર્ડ ફરી આપવા ૫૫૫ અરજીઓ મળેલ. જેની જિલ્લા–તાલુકાવાર વિગતનું *પત્રક–'બ' સામેલ છે.

(૪) રદ થયેલા બી.પી.એલ. કાર્ડ ફરી આપવા મળેલ અરજી પૈકી ૩૯૮ બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવ્યા. જેની જિલ્લા–તાલુકાવાર વિગતનું *પત્રક–'બ' સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં જિલ્લાવાર નવા બારકોડેડ રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજન માટે મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૩૦૯૮ (૦૬–૦૬–૨૦૧૪) **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લા–તાલુકાવાર નવા બારકોડેડ રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજન માટેની કેટલીક અરજીઓ સરકારને મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી મંજુર કરવાની બાકી છે,

(૩) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને

(૪) લાંબા સમયથી અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૧૭–૭–૨૦૧૪)

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન જિલ્લા–તાલુકાવાર નવા બારકોડેડ રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજન માટે મળેલ અરજીઓની વિગતનું *પત્રક–'અ' સામેલ છે.

(૨) નવા બારકોડેડ રેશનકાર્ડ અને રેશનકાર્ડ વિભાજન માટે મળેલ અરજીઓ પૈકી મંજૂર કરવામાં આવેલ અને મંજૂર કરવાની બાકી/પડતર અરજીઓની વિગતનું *પત્રક–'અ' સામેલ છે.

(૩) કાર્ડધારકો દ્વારા આધાર–પુરાવા રજુ કર્યેથી તથા કાર્ડ ધારકો દ્વારા બાયોમેટ્રીક્સ અને ફોટા આપ્યેથી બનતી ત્વરાએ પડતર અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

(૪) અરજીઓ પડતર રહેવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. અરજીમાં અપૂરતી વિગતો હોય.

૨. જરૂરી આધાર–પુરાવા પુરા પાડવામાં આવ્યા ન હોય.

૩. અરજદાર દ્વારા બાયોમેટ્રીક્સ અને ફોટા આપવામાં આવ્યા ન હોય.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તા. ૨૫મી જુલાઇ, ૨૦૧૪
અતારાંકિત પ્રશ્નો

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં મંજૂર થયેલ મહેકમ

અતારાંકિતઃ ૨૬૪૦ (૪–૦૧–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૩ની સ્થિતિએ રાજ્યમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને તેના તાબા હેઠળની તમામ કચેરીઓમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

